ACCOUNT OF CHINA;

COMPRISING

A VIEW OF THE

TOPOGRAPHY, HISTORY, MANNERS, CUSTOMS, LANGUAGES,

LITERATURE, ARTS, MANUFACTURES, COMMERCE, RELIGION, JURISPRUDENCE, ETC. ETC.

OF THE

CHINESE EMPIRE.

TOGETHER WITH

A GENERAL SKETCH OF THE LATE BRITISH EXPEDITION IN CHINA.

BY

COWASJEE SORABJEE COWASJEE PATELL.

IN TWO VOLUMES.

VOL. I.

BOMBAY:

..TED AT THE COURIER PRESS,
BY JEEJEEBHOY BYRAM..EE.

1844.

..e Rs. 10½.

દીબાચો.

આએ છૂપીઓગી અને અગતનું પુસતક પરજાની સેવા
માં જાહેર કરતી વખતે, હમો મોહોટી નમનતાઇથી કેહેવા
ની રજા લીજીઇયે, કે હમોએ એ પુસતક હમારા દેસીઓનાં
ફાએદાને સીજે પરવરતાવીઊંછે. કાંકે, જે દેશ સાથે આપણાં
લોકો મોહોટો વેહેવાર રાખેછે, અને જેથી આપણાં ઘણાંખ
રા લોકો મોહોટો લાભ મેલવેછે,—તે દેશનાં એહેવાલથી જાં
ણીતા થાવું એ તેઓને મોહોટી અગતનુંછે; તોપણ આપણાં
લોકો હેવા અગતનાં દેશથી ઘેણાં અનજાણા રેહેછે, એટલું
જ નહીં પણ આપણાં ઘણાંએક સાહેબો લાંબી સફર કરતાં
પોતાનાં વેપારનાં કારણસર તે તરફનાં મુખીઅ બંદરોની
મુલાકાત કરવાને જાએછે, તેઓબી લગાલગ સંઘલી પાં
તીએ બેખબર રેહેછે, તેથી તેઓને ઘણીવાર માતર પોતા
નાં અનજાનપણાંને લીધે પોતાનાં લાભકારી ધંધામાં મોહો
ટી અડચણ ભોગવવી પડેછે, અને જે પરમાંણે જુરોપી
આંન લોકો તે તરફ પોતાની માહીતકારીથી સંઘલી પાં
તીનો વેહેવાર ચલાવી સકેછે, તે પરમાંણે કરવાને આપ
ણાં લોકો પંછાત પડેછે. એ પરમાંણેની અડચણો તાંહાંનાં
ઘણાંએક સાહેબોને મોહોડે સાંભલીઆથી તથા હમારી પો

દીબાચો.

તાની સફરમાં હમોએ હમારી પોતાની નજરે જોઆથી હમોએ આએ પુસતક બનાવાનું કાંમ હમારે માથે લીધું. હમોએ એ કાંમ જે હમારો મૂલ ભરેલો અગતનો વખત રોકીને હમારે માથે લીધું, તે માતર એજ મતલબ ઉપરથી કે હમારા દેસી ભાઈબંદો એ ચીન જેવા અગતનાં દેશથી વાકેફ થાએ, અને તેઓ પુરતી રીતે સારી માહીતકારીથી તે દેશ સાથે લાભ ભરેલો વેપાર ચલાવામાં સામરથવાન થાએ ❀

હમો હમારા દેસીઓને જણાવીએચ કે આજનાં વખતમાં પરથવી ઉપર ચીન જેવો વેપારનો મુલક તેઓને બીજો કોઈ મલનાર નથી. અને એ મુલકનાં લાભ ભરેલા વેપારથી આપણાં લોકો હાલમાં મોહોટા દરવવાન થાઈ પડીઆછે, એટલુંજ નહી પણ જે દેશનાં અને જે ગનેઆતનાં લોકો એ વખણાએલા દેશ સાથે વેપાર ચલાવેછે, તેઓ મોહોટો દરવ મેલવેછે. વલી એ મુલક સંધલી પાંતીથી એજાએબ સરીખોછે, અને હેનાં જેવો આબાદ અને ફેલવાંન મુલક પરથવી ઉપર ઘણાંજ થોડા હશે. અસલનાં ઘણાં દેક મોહોટા અને નાંમીચાં રાજ્ય થાઈ ગીઆંછે, પણ તે સંધલાં આજનાં વખતમાં માતર તવારીખમાંજ રેહેલાંછે, પણ ચીનનો મુલક જે છે તે અસલનાં વખતનો એખલો એકજ નમૂનો આપણાં જોવામાં આવેછે. હેવો અગતનો, નાંમીચો વખણાંએલો, અને પૂરાતન દેશ જે હાલમાં આપણાં વેપારીઓને દરવની ખાનની મીશાલે થાઈ પડીઓછે, તેથી તેઓ ભારે જોખમ ભરેલી લાંબી સફરને ખાતરમાં લાવીઆ વગેરે તેની મુલાકત કરવાને જાએછે,—તે

દીબાચો*

કે હાલમાં આપણાં લોકો જેટલો કીશા કાહાણીની ચોપડી
ઓ વાંચવા ઉપર શોક રાખેછે, તેટલો શોક હાવી જાત
નાં પુસતકો કે જેમાં ખરી અને અગતની બાબતો હોએ
છે, તેઓ ઉપર રાખતા નથી—તેથી હમારા પુસતકને લા
એકનો આસરો, જે હમો હમારા દેસીઓથી ઉમેદ રાખતા
હતા તે મલીઓ નંહી—તે સબબથી એ પુસતકથી હમા
રી મેહેનત છોડતાં હમોને નુકસાની ખમવી પડશે. તોપણ
જો એ પુસતક પરજાની સેવામો પસંદ પડશેતો, અને જે
મતલબથી હેને બનાવીઉછે તે મતલબ હાંસેલ થાશેતો, હ
મો મોહોટી ખૂશીથી હેવું સમજશું, કે હમોએ જે એ પુસ
તક ઉપર હમારો મૂલભરેલો વખત ખોઓછે, તથા હમો
ને જે નુકસાની થાશે, તેનો બદલો હમોને પૂરતી રીતે મ
લીઓ *

• હાલમાં આપણાં ઘણાખરા દેસીઓ જે ચીનની સફર
કરવાને જાએછે, તેઓને આએ હમારૂં પુસતક કેહેવી અ
ગતનું થાઇ પડશે, એ વીશે તેઓને અજમાએશ કરવાને
પૂરતી રીતે બની આવશે. એ પુસતકમાં સંબંધલી બીનાં
ઓ જે આવેલીછે, તે તેઓને વાંચવા તથા વાકેફ થાવા લા
એકનીછે, તે સાથે વેપાર વીશેની બીનાં જે તેઓને તથા
અતરેનાં લોકોને ઘણી અગતનીછે, તે ઉપર સંબંધલી પાંતી
એ પૂરતું ધેઆન પોહોચાડીઉંછે, તે હેવી રીતે કે એ બી
નાં હરેક કોઇ અનજાણે ઘણી વાંચશેતો—તે ઘણી જાણે
ચીનની સફર કરી આઓ હોએ, એ રીતે તેને સંબંધનું તાં
શ્નાં વેપાર વીશે જાણીતું થાશે. વલી ફિશીઆ ખંડનાં વસ
લાં મુલકો કે જેઓનું વરણન અંગરેજીમાંથી કોઇ કોઇ જ

દેશનાં એહવાલથી જાણીતા થાઆથી હમો ટુંકામાં કેહી
એચ કે આપણાં લોકોને મોહોટો ફાએદો હાંસેલ થાઆ વ
ગેરે રેહેનાર નથી

હમોએ હમારા પુસતકમાં ચીનનાં રાજને લગતી સંધ
લી અગતની બીનાંઓ દાખેલ કરવામાં મોહોટી મેહેનત
લીધીછે, તે સાથે તે સંધલાનું વરણન સેહેલી અને સાફ
એબારતે કીધુંછે ; પણ હમો કેહેવાને ઘણાં દલગીર છેઇએ
એકે, આપણી બોલીની ખામીને લીધે હમો જેવું એ પુસત
ક બનાવાને ચાહાતા હતા, તેવું બનીઉં નથી ; કાંકે સંધ
લી તરેહની બાબતો ઉપર પૂરતી રીતે બેઆંન કરવાને હ
જુરશુધી આપણી જુબાંન અધુરી રેહેલીછે, તે સાથે વલી હે
વી જાતનું પુસતક આપણી બોલીમાં થણુંકરીને પેહેલવેહેલું
જ થાએઉંછે. તેથી હમો હમારા દેશીઓને અરજ કરીએચ કે
જો હમારી લખેલી એબારતમાં કાંએ તેઓને ખામી દીસે તો
મેહેરબાંની કરીને કમતરીનની ચૂકને વગાર એબ પકડ
વે શુધારવી. હવે એ પુસતકની હદ હેમાં સંધલી અગત
ની બીનાંઓ દાખેલ કરતાં હમારી ધારણાથી ઘણી વધારે
થાએ ગેઇછે, તેથી હમોને હેનાં બે વાલમ અથવા દફતર
કરવાની જરૂર પડીછે, તે સાથે હેની કીમતમાંબી કાંએ વ
ધારો કરવો પડીઓછે,—તેથી હમો હમારા ઘરાકોને જાહેર
કરીએચ કે હમેઈ હેની અસલ કીમત જે રૂ ૯ ની લેવી કી
ધી હતી, તેને બદલે હાલમાં રૂ ૧૦॥ ઠરાવીઆછે ; પણ હમો
ભરોસો રાખીએચ કે હમારા પુસતક પુરમાંણે હમારાં ઘરાકો
ઈ. જુજવી વધારાને કસી ખાતરમાં નહીં લાવશે. હવે એ રી
તે કરતાં છતાંબી હમો આએ કેહેવાની રજા લીજીએચ,

ગોએ મલી આવેછે—તેઓ વીશેબી સારો ખોલાશો કીધો છે, વાસતે હમારા વાંચનારાઓને પરથવી ઊપરનાં ઘણાંજ થોડા જાણીતા મુલકો વીશે જાણવાને સારીપખે બની આવશે. એ વગર જગા જગાએ બીજી ઘણીએક અગતની અને ઊપીઓગી બીનાંઓ દાખેલ કરીઆમાં કસી કસૂર કીધી નથી—તેથી હમોને ભરોસોછે કે એ પુસતક હમારા દેસીઓને મોહોટી અગતનું થાઇ પડશે. હમોએ એ પુસતક બનાવામાં જે જે નાંમીચાં અંગરેજી પુસતકોની મદદ લીધીછે, તે મધેનાં આએ નીચે લખેલા પુસતકો મુખીઅછે :—

ચાએનાં ઓપનડ, જે ચીનનું એક ઘણું ઊપીઓગી અને અગતનું પુસતકછે, અને તે ઊપરથી હમોએ હમારા પુસતકમાં ઘણીએક બીનાં દાખેલ કીધીછે

ચ્રીનીજ ચીરેસટોમાથી.

ચીનીજ રીપાજીતોરી.

બારોસ ટરાવેલસ ઇન ચાએના.

માકલકસ કમરશીઆલ ડીકશનેરી.

એનસાઇકલોપેડીઆ અમેરીકાના.

મરે તથા મેકનજીની બનાવેલી ભૂગોલ વીદીઆની એનસાઇકલોપેડીઆઓ.

માકફરસનનું બનાવેલું ચીનની હમણાની લડાઇનાં અહવાલ વીશેનું પુસતક.

સાંકલીહું

દફતર પેહેલાંનું

પાનું

સાંકલીઊં

ફેહરીસ્ત.

બાબ નવમો.

બાબ દશમો.


ચીનાઈ રાજનો
તથા
જાપાનનો નકશો

સીંગાપોરનો અહવાલ*

હમો પરથમ મુંબાઈથી નીકલેલા ઈસવી સને ૧૮૩૯ નાં વરશનાં જુન મહીનાની ૨૧ મી તારીખે સીંગાપોર મધે આવી ઊતરેઆ. અને હીંદોસતાન તરફથી ચીન તરફ જનારા વેપારીઓનાં વાંહાંણો ઘણુંખરાં એ સીંગાપોરનું બંદર કરેછે, અથવા તેની પડોસમાં થાઈને જાએછે, વાસતે હમો હમારા વાંચનારાઓને સારૂં થોડોએક જાણવા જોગ સીંગાપોરનો અહવાલ અંહીઆં લખી કાહાડીઓછે *

સીંગાપોરનું ટાપૂ મલાકાની ઈસટરેટઆંછે. તે ૨૭ મેલ લાબું અને ૧૫ મેલ પોહોલુંછે; અને ભરતમાં ૨૭૦ ચોરસ મેલછે: તે મધેથી ૧૦૦ ચોરસ મેલ જમીન અંગરેજ લોકોને સવાધીનછે. અને તેની આસેપાસે આસરે ૧૦ મેલની વેગલાઈ ઊપર નહાના નહાના ૫૦ ટાપૂઓછે. સીંગાપોરનું ગાંમ ૧ અંશ, ૧૭ કલા, અને ૨૨ વીકલા ઊતર ચોરાણમાં છે; અંને ૧૦૩ અંશ, ૫૧ કલા, અને ૪૫ વીકલા પૂરવ લંબાંનમાં આવેલુંછે. સીંગાપોરની દખણ તરફ ૯ મેલ દૂર ઘણીએક ટાપૂઓ આવેલીછે; પણ તે ટાપૂઓ ઊજાડછે, અને તેઓમાં જંગલી માણસો વસેછે. અને તેની દખણ દશાએ સીંગાપોરનું ગાંમ વસેલુંછે; તેમાં એક નહાની ખાડી આ

વેલીછે તે ઉપર નહાનાં બારકશો કરેછે. અને તે બારકશો કીનારાથી પોણો મેલ દુર લંગડવાર થાએછે; અને મોહોટાં વાહાંણો એક અથવા બે મેલની વેગલાઇ ઉપર રેહેછે, અને તેઓની પાસે મછવાઓ જાઇને માલ ખાલી કરેછે; અને તે મછવાઓમાંથી માલ છેક સર અને દુકાંનોનાં ઓટલાઓ ઉપર ઉતારેછે. સને ૧૮૧૯ નાં ફેબરવારી મહીનામાં અંગરેજ લોકોએ સીંગાપોર મલાઇનાં રાજા જોહોર પાસેથી લીધું; પણ સને ૧૮૨૫ નાં વરશથી અંગરેજ લોકોની પૂર હુકૂમત તેમાં થાઇછે. અને જેઆરે મલાઇનાં હાતમાં એ ટાપૂ હતું તેઆરે તેમાં ઘણાખરા દરીઆઇ ચોરો અને માછીમાર લોકો વસતા હતા. સને ૧૮૨૪ માં સીંગાપોરની વસતી ૧૦૬૮૩ માણસની હતી; સને ૧૮૨૮ માં ૧૫૮૩૪ માણસની હતી; સને ૧૮૩૦ માં ૧૬૬૩૪ માણસની હતી. સને ૧૮૪૦—૪૧ નાં વરશમાં સીંગાપોરની વસતીનો હીસાબ કાહાડીઓછે તે મધે ૨૭૩૦૫ મરદો તથા ૭૯૮૪ ઓરતોછે, તેની વીગત—

	મરદો	ઓરતો
યુરોપીઆન લોકો	૪૦૫	૬૭
ગાંમડી અંગરેજો	૮૭	૭૧
આરમાની લોકો	૧૯	૧૭
તાહાંનાં કરીસતી ધરમમાં વટલાઇલા લોકો	૨૭૨	૨૦૮
મલાઇ લોકો	૫૧૨૮	૪૧૯૦
ચીના લોકો	૧૫૯૭૬	૧૭૨૮
બંગાલી લોકો	૩૬૭	૧૮૯
કલીંગ લોકો	૨૫૨૬	૧૫૭

આરબ લોકો	૨૧	૭
જાવાના લોકો	૬૬૯	૩૯૭
બાલીનનાં લોકો	૫૩૯	૧૪૧
બગી લોકો	૧૨૫૬	૯૦૨
યહુદી લોકો	૯	૨
સીઆમનાં લોકો	૧૯	૮
પારસી લોકો	૧૨	૦
જુમલે	૨૭૩૦૫	૭૯૯૪

એ હીસાબમાં લશકર તથા લશકરની સાથેનાં કાલતુ માણસો અને બંદીવાનોને દાખલ કીધા નથી.

સીંગાપોર મધે વેપારીઓ—અંગરેજ, પારસી, યહુદી, અને આરબોછે. અને તાંહાંનો પૂરાનો અરમાની વેપારી નામે જકરીઆ છે તેની આડત મુંબાઈ વાલા વેપારીઓ ઉપર ઘણી ખરીછે; અને તે ઘણી તે તરફ આવનારા પારસી સફરીઓ સાથે સારી મીતરાચારીનો રૂક રાખે છે. સીંગાપોરમો અંગરેજી દુકાનો અંગરેજ અને પારસીઓનીછે; અને તાંહાંની બજારમાં સંઘલી દુકાનો મલાઈ અને ચીના લોકોનીછે. તાંહાંનાં મછવાવાલા મધરાજી લોકો છે; અને માછીમાર સઘલા મલ લોકોછે. અને તેઓ જંગલમાંથી લાકડાં કાપી લાવેછે. અને તાંહાં બંદીવાન લોકો પાસે રસતા બાંધવાનું તથા કુંઆરો ખાંજવાનું કામ કરાવે છે. અને તાંહાંની બજાર દાહાડામાં બે વાર ભરાએછે.

સીંગાપોરમો કાંઈ માલની આમદ રફતની જગાત લેતાં નથી, તથા માંડવીનો અને દીવાદાંડીનો કશો ખરચ ન

મી ; પણ માંડવીમો સંઘલો તેનો હીસાબ રાખેછે, અને જે આરે વાંહાંણ તાંહાં લંગાડવાર થાએછે તેઆરે કપતાંનને માંડવીમાં પોતાનાં વાંહાંણમાંનાં માલની વીગત સંઘલી જાહેર કરવી પડેછે. સીંગાપોરનો વેપાર પીનાંગ, મલાખા, તથા મલાઈ કોસતા સાથે, અને ચીન સાથે ઘણો ચાલેછે. અને તેમાં આસરે આઠ વરહ થઆં એક અંગરેજી વરતમાન પતર નાંમે સીંગાપોર ફરી પરેસ પરગટ થાએછે, તે સાથે સને ૧૮૪૨ નાં વરશથી એક બીજું વરતમાન પતર ઈસટરેટ મેસેનજર નાંમે નીકલેછે; તેમજ મલાખા અને પીનાંગમાં પણ એકકું અંગરેજી વરતમાન પતર છપાએછે. સીંગાપોરમાં ચીના અને મલાઈ લોકોનાં છોકરાઓને અંગરેજીની કેળવની આપવાને સારૂ સીંગાપોર ઈનસટીટીઊશન ફરી ઈશકુલ નાંમની એક નીશાલ ઊઠી ઊભી કીધીછે; અને તે નીશાલમો સને ૧૮૩૯—૪૦ માં ૨૦૮ છોકરાઓ હતા, તેમો ૧૫ મકાઊના ફરંગીનાં, ૪ અરમાનીનાં, ૧ ઈસપાનીશનો, ૨ ઈહુદીનાં, ૨૫ અંગરેજનાં, ૧૩ કલીંગાનાં, ૨ પારસીનાં, ૨ કોચીન ચીનાનાં, ૨૩ ફરંગીનાં, ૫૦ મલાઈનાં અને ૭૦ ચીનાનાછે. સીંગાપોરમો હમણાંજ ચીનનાં પારસી વેપારીઓએ ઊધરાતથી એક ઘેર ચીન તરફ જનારા પારસી સફરીઓને ઊતરવાને સવલ પડીઆને સારૂ બંધાવા માંડીઊંછે, તે હાલમાં તઈઆર થવા આવીઊંછે, અને તેમાં પારસી ચાકર સુધાં સરવે ઘેરનો સામાંન પણ તઈઆર રાખશે *

સીંગાપોરમાં જે મેહેસુલની ઊપજ થાએછે, તેની વીગતનો હીસાબ અંહીઆં લખીઆ પરમાણેછે—

સને ૧૮૪૧—૪૨ માં મેહેશુલની ઉપજ

અફીમ ઉપરથી....................	ડાલર	૬૨૫૦
દારૂ ઉપરથી....................	„	૩૭૫૦
સીરીહ અથવા પાન ઉપરથી....	„	૭૧૫
માલ ઉપર નાણું ધીરનારા સરાફો પાસેથી•	„	૨૯૫
ચીનાઓ જાહાં રેહેછે તાંહાંની બજારમાંથી•	„	૭૫૦
કાંમપોંગ ગલામ નામની બજારમાંથી	„	૯૦
તાડી અને ભાંગ ઉપરથી.............	„	૧૮૪

મળીને દાહાડે ઉપજ થાએછે, ડાલર ૧૨૦૩૪

શીલબામાંની જમીન મુદતની બોલી પરમાણે વેચાતી આપેછે. તે મુદત પછી જે બોલી ઠરાવેછે તેની વીગત—

બે વરશ સુધી વગર ભાડે જમીન આપેછે •

તરીજે વરશે ૧ એકર જમીનનું ભાડું ૪ આના લીએછે •

પાંચમે વરશે ૧ એકર જમીનનું ભાડું ૮ આના લીએછે •

દશમે વરશે ૧ એકર જમીનનું ભાડું ૧ રૂપીઓ લીએછે •

એ પરમાણે વીસ વરશની મુદત પૂરી થાઆ પછી નવે નામે ફેરવેતો ૩૦ વરશની મુદતે રૂપીઆ ૩ ને હીસાબે એક એકર જમીન આપેછે •

સીંગાપોરની બજારમાં જેજે સીકાઓનું ચલણછે તેની વીગત•

કંપનીનાં રૂપીઆ ૨૨૪॥ ના..........	ડાલર	૧૦૦
જાવાના જુનાં રૂપીઆ ૧૬૦ ના	„	૧૦૦
મદરાજી રૂપીઆ ૨૨૪॥ ના..........	„	૧૦૦
મુંબાઇનાં રૂપીઆ ૨૨૪॥ ના........	„	૧૦૦
સીક્કા રૂપીઆ ૨૧૦ ના.............	„	૧૦૦
જાવાના રૂપીઆ ૨૧૦॥ ના..........	„	૧૦૦
૧૦૦ દોકડાનો....................	„	૧

સુંનાના ચલણનાં ભાવની વીગત—

૭ મૂતૂનાં.. .... ૨૨ થીતે ૨૪ ડાલરે બંકાલ

૮ મૂતૂનાં.. .... ૨૫ થીતે ૨૬ ડાલરે બંકાલ

૯ મૂતૂનાં.. .... ૩૦ થીતે ૩૪ ડાલરે બંકાલ

હેવું માલમ પડેચ કે સુંનાંનું ચલણ મલાઇ લોકોથી ચાલતું નહીં હશે. ઇરાની દરહેમો કદી કદી મલેછે, પણ તે ઘરેણાં દાખેલ માતર કામ આવેછે. અગાઉનાં વખતમાં જેજે હીંદોસતાનનાં લોકો જાવામાં જાઇ રેહા હતા, તેઓ પોતાનો સીકકો પોતાની સાથે ચોકસ કરીને લેઇ આવ્યા હશે. કેટલીએક સદીની અગાઉ જોહોર અથવા સીંગાપોરનાં લોકો પોતાનાં નહાનાં નહાનાં સીકાઓમાં કલાઇ.કામ લાવતા હશે. કાંએકે, સીંગાપોરમાં એક સીકાથી ભરેલું વાસણ ખોદી કાહાડીહૂં હતું, તેમાં હલકી જાતની ધાતુનાં સીકાઓ હતા; અને તે સીકાઓની એક બાજૂએ સહીનો આકાર કાહાડેલો હતો, અને બીજી બાજૂ પર એક કટાર કાહાડેલી હતી. અને જે જે લખતો અહીંઆથી હાત લાગાંછે તે ઉપરથી ચોકસ માલમ પડેચ કે હીંદૂ લોકોએ, સીંગાપોર જાવા અને હીંદોસતાનની વચેનું બંદરછે, હેવું સમજીને પોતાનાં હાતમાં રાખીહૂં હશે; ઇઆતો એ ટાપૂનાં રેહેવાશીઓ ઉપર હીંદૂ લોકોનો અમલ ચાલતો હશે

સીંગાપોરમાં જાંહાં સુધી તોલ માપ વગેરે ચોકસ ઠરાવેલાં નહીં હતાં, તાંહાં સુધી લોકો ઠગાઇ ઘણી કરતા હતા;

કાંકે તેનો ઠરાવ કરવાને કાંઇ ચોકસ ધારો બાંધેલો નહી હતો ઃ

વેપારનાં કામમાં જેજે તોલો આવેછે તેની વીગત—

૧૬ તાહીલ	એટલે	૧ કેઆતી
૧૦૦ કેઆતી	એટલે	૧ મલાઇ પીકલ
૩ મલાઇ પીકલ	એટલે	૧ બારો
૪૦ ચીનાઇ પીકલ	એટલે	૧ કોઇઆન
૨ તેલ	એટલે	૧ ચીટક

ચીનઇ પીકલ

૧૬ તાહીલ	એટલે	૧ કેઆતી
૧૦૦ કેઆતી	એટલે	૧ ચીનઇ પીકલ
૪૦ પીકલ	એટલે	૧ કોઇઆન

ચીનઇ પીકલ બજારમાં કાંમ આવેછે, પણ ચીના અને બીજા તાહાંનાં વેપારીઓ મરી, ચોખા, કાફી, વગેરે બીજું ઘણી બારકસોમાંથી મલાઇ પીકલને હીસાબે ખરીદ કરેછે, પણ બજારમાં તે માલ ચીનઇ અથવા બજારૂ પીકલે વેચેછે ઃ

સોનીનાં તોલની વીગત—

૧૨ સાગા	એટલે	૧ માઇઆમ
૧૬ માઇઆમ	એટલે	૧ બાંકાલ
૨૦ બાંકાલ	એટલે	૧ કેઆતી

સીંગાપોરમાં ૧ માઇઆમને બદલે ૧૬ નાધલા સાગા કામ આવેછે

ભરત માપની વીગત—

૪ ચપા	એટલે	૧ ગાંતાંગ
૧૦ ગાંતાંગ	એટલે	૧ પરી

૮૦ પરક અથવા ૪૦ પીકલ અથવા સાનનો ૧ કોઆન અથવા ૪૦ કોયલા થાએછે. ચપાનાં અરધ અને ભાગો પણછે

ભાતનું ભરત ગાંતાંગ અથવા પરકથી થાએછે—૮૦૦ ગાંતાંગનો એક પરક અથવા ૪૦ કોયલા

ચોખા હમેશાં પીકલે વેચાએછે

ચૂનાનું ભરત પરક પરમાણે કરેછે

કલાઇ, કાઇકૂ લાખ, અને દામર એ જીનસોનો ૩ મલાઇ પીકલનો ૧ ભારો થાએછે

અગાર અગાર અને આબનૂસ એ જીનસોના ૧૨ પીકલનો ૧ ભારો થાએછે. જાવાનો તંબાકુ કોરજથી વેચાએછે.—બાલીની દસ ટોપલી તંબાકૂ પીકલથી વેચાએછે

જમીનનાં માપની વીગત—

૪ હસતા	એટલે	૧ ડેપ
૨ ડેપ	એટલે	૧ જંબા
૨૦ જંબા	એટલે	૧ ઓરલોંગ

સીંગાપોર, પીનાંગ, અને મલાખા એઓની ઉપજ અને ખરચ વગેરેનો હીશાબ જે તારીખ ૨૭ મી અકટોબર સને ૧૮૪૨ માં સીંગાપોર ફ્રી પરેસ નામના વરતમાન પતરમો પરગટ થાઓછે તેનો ટુંકો સાર હમોએ અહીઆં ઉતારી લીધોછે—તે ઉપરથી જોવામો આવેચકે એ તરણડે જગાઓ

માં સંઘલી મલીને કંપનીનાં રૂપીઆ ૧૬૪૯૩૦—૧૧ આના—૧૧ પાઈની ખોટછે, પણ લશકર તથા બંદીવાન લોકો ઉપરનો ખરચ કે જે એ જગાઓના મેહેસૂલ ઉપર લાગુ પડે એવું કાંઈ કેહેવાઈ સખાતું નથી, તે જો આપણે એ હીસાબમાં નહીં ગણીએતો રૂપીઆ ૫૬૬૯૧ અને ૧૫ આનાનો વધારો માલમ પડેછે ❁

એ જગાઓનો જુદો જુદો હીસાબ જોઈએ તો—પીનાંગમો લશકર તથા બંદીવાનોનો ખરચ નહીં દાખીલ કરતાં, તે જગોનાં મેહેસૂલમો રૂપીઆ ૫૫૭૦૯—૧ આના—૫ પાઈની ઘટ નજર આવેછે ; તેજ પરમાણે મલાખામો પણ રૂપીઆ ૯૧૧૭૯—૧૪ આના—૮ પાઈની ખોટ માલમ પડેછે : પણ સીંગાપોરમો લશકર તથા બંદીવાનનો ખરચ નહીં ગણીએતો રૂપીઆ ૨૦૩૫૭૯—૧૫ આના—૧ પાઈનો વધારો રેહેછે ❁

એ ઉપરથી માલમ પડેચ કે સીંગાપોરમો વધારો થાતો જાએછે. અને હમો કેહી શકીએચ કે હાલમાં મેહેસૂલ લેવાનાં જે મારગોછે તેમો સુધરાઈ થાઈછે, તથા મેહેસૂલ ઉપજાવવાનાં બીજા નવા મારગો ખોલલા થાઆછે; તે ઉપરથી સને ૧૮૪૨—૪૩ નાં વરશની સીંગાપોરની ઉપજ મધેથી ગાંમ ખાતાનો ખરચ નીકલતાં તથા બંદીવાનોનો ખરચ બાદ કરતાં પણ વધારો રેહેશે, અને જે જમીન ઘર બાંધવા સારૂ લોકોને પટાથી વેચીછે તેવી જમીનનાં મેહેસૂલમો આસરે રૂપીઆ ૩૦૦૦૦ નો તથા ઓએ ભાડામો આસરે રૂપીઆ ૫૦૦૦ નો વધારો થાએ હેવી ઉમેદ લાગેછે. જો હેવો ઠરાવ

થાએ કે સીંગાપોરમાંની વાંસની જમીન ૫૦ વરશનાં મુદતનાં પટાથી વેચવાને બદલે એમની એમ વેચી નાખેતો, તેવી જમીનનાં વેચાંનથી રૂપીઆ ૩૦૦૦૦ મલી આવે.—એ પરમાણે મેહેસૂલ ઉપજાવવાની બીજી ઘણીએક રીતીઓછે, કે જેથી કરીને ઉપર કહેઆ જેવોજ મોહોટો વધારો થાઆ વગરે રેહેનાર નથી. હવે વીચારવું જોઇએચ કે આટલું બધું મેહેસૂલ એ ટાપૂનાં મોહોટા વેપારની આમદ રફતનાં માલ ઉપર જગાત લીધા વીનાએ પેદા થાએછે *

સીંગાપોરમો જે અનજાણે ધણી આવે તે તાંહાની આબાદી તથા સંઘલે ઠેકાણે શુધરાઇ થાતી જોઆથી અચરત પાંમીઆ સીવાએ રેહેશે નહી. અને તે સખશ જેવો વાહાણ ઉપરથી ઉતરશે તેવાંમાંજ તેને વેપારીઓની વખારની સાંમનેનાં રસતાઓ દાગીનાઓમી ભરેલા જોવામો આવશે. અને તે વખારોમોની હરેક વખારોમાં તે શખશ પોતાની નેગાહ કરશેતો તેની અંદર દુનીઆનાં સંઘલા ભાગોમાંથી આવેલા માલની ગાંસડીઓ તથા દાગીનાઓ જોવામો આવશે. અને તે જો તાંહાંનાં ગાંમડીઓની દુકાનો ઉપર જાશેતો તે જગાએ કામમાં ગુતેલા લાંબી ચોટલી વાલા ચીના લોકોને શાદા કરતાં દેખશે. અને આગલ ચાલી તુરંગાની નજદીક આવેતો તાંહાંની પડત જગા ઉપર દુકાનો મંડાએલી નજર આવશે; અને તે સંઘલી દુકાનો થોડી ઘણી બંધાએલી અથવા બંધાતી જોવામો આવશે. જો સીંગાપોરનાં કોટમાંથી તે સખશ બાહેર નીકલશે તો સીંગાપોરની નદી ઉપરનો પૂલ તેની નજરે પડશે; અને તે પૂલ ઉપરથી તેને આ

વધું પડશે. તે પૂલ બે વરશ થીંઆં બંધાઓછે, અને તે કાંઇ સારી ચતરાઇથી બાંધેલો નથી ; કાંએકે, તે પૂલ ઘણો ઉંચો બાંધેલોછે, અને તે ઉપરથી જતાં ગાડીઓ આચકા ખાએછે. તે પૂલ વટી ગીઆપછી વલી સંઘલું નવી તરેહેનું દેખાર્આંમાં આવેછે.—તાંહાંની સાંકડી ગલીઓમાં ધીચ વસતી જોવા મો આવશે ; અને તે હરેક ગલીઓમો આસેપાસે જાડો વાવેલાં અને તેની વચે બેઠક કરેલી નજર આવશે. સીંગાપોરની દાંબી બાજુએથી એક નાહાની ટેકડી ઉપર તાંહાંનાં ગાવરનર અથવા અંગરેજી હાકેમને રેહેવાનું ઘેરછે. અને તે ટેકડી ઉપરથી ગાંમ તથા બંદર સારીપખે દેખાએછે, અને વાવટા કાઠી પણ તે ઉપરજછે ; અને સંઘલા દેશાવરોથી આવતાં બારકશો જાણવાને સારૂં સારો દાહડો તે કાઠી ઉપર વાવટા ચહડાવેલા જોવામો આવેછે. અને વલી પેલો સખશ જો આએ ટાપૂની આસપાસનાં ગાંમડાંઓમાં ફરવા જાએતો તે જગોએ તેને ગરમ મશાલાનાં તથા બીજી ચીજોનાં ઘણાંએક જાડો અને ખેતરો જોવામો આવશે. અને તે તરફ સેરડીનાં એક બે ઘણાં મોહોટાં બનોછે, તે ઘણાં સોભેતાં દીસેછે. હવે, એ સંઘલા ઉપરથી હેવું લાગેછેકે એ ટાપૂની આબાદાની સારી હાલતથી ઘણી મુદત સુધી ચાલુ રેહેશે ❀

સરકારી હીસાબ પરમાણે સને ૧૮૪૧—૪૨ માં પરીનસ આવ વેલસ અથવા પીનાંગાનાં ટાપૂમાં તથા સીંગાપોરમાં તથા મલાખામાં જે મેહેસૂલ ઉપજીછે તથા જે જે ખરચ થાઓછે, તેની વીગત—

પરીનસ આવ વેલસનાં ટાપૂનો હીસાબ.

	રૂપીઆ	આના	પાઈ
ગાંમખાતાનો ખરચ............	૨૫૩૩૬૪	૧૪	૧
લશકરનો ખરચ............	૨૬૨૨૭૪	૬	૦
બાહેરનાં ગાંમોથી આવેલા બંદીવાનોનો ખરચ..............	૩૧૦૭૧	૯	૫
જુમલે ખરચ.......	૫૪૬૭૧૦	૧૩	૬
તે મધેથી બાદ—			
પરીનસ આવ વેલસનાં ટાપૂની ઉપજ	૧૯૭૬૫૫	૧૨	૮
પરીનસ આવ વેલસના ટાપૂની ખોટ	૩૪૯૦૫૫	૦	૧૦

સીંગાપોરનો હીસાબ.

	રૂપીઆ	આના	પાઈ
ગાંમખાતાનો ખરચ............	૨૬૪૦૪૯	૫	૧૦
લશકરનો ખરચ............	૨૩૪૨૧૫	૨	૭
બાહેરનાં ગાંમોથી આવેલા બંદીવાનોનો ખરચ....	૪૬૬૧૭	૫	૧
જુમલે ખરચ....	૫૪૪૮૮૧	૧૩	૬
તે મધેથી બાદ—			
સીંગાપોરની ઉપજ....	૪૬૭૬૨૯	૪	૧૧
સીંગાપોરની ખોટ....	૭૭૨૫૨	૮	૭

મલાખાનો હીસાબ.

	રૂ૰	આના	પઇ
ગાંમખાતાનો ખરચ..........	૧૫૧૭૫૫	૯	૩
લશકરનો ખરચ..............	૧૩૬૩૪૯	૯	૦
બાહેરનાં ગાંમોથી આવેલા બંદીવાનોનો ખરચ....	૧૦૯૯૫	૧૦	૧૦
જુમલે ખરચ....	૨૯૯૦૯૯	૧૩	૧
તે મધેથી બાદ—			
મલાખાની ઉપજ.........	૬૦૫૭૬	૧૦	૭
મલાખાની ખોટ......	૨૩૮૫૨૩	૨	૬
એ હીસાબ પરમાણે સને ૧૮૪૧--૪૨ માં પરીનસ આવ વેલસનાં ટાપૂમાં તથા સીગાપોરમાં તથા મલાખામાં જુમલે ખોટ.. ..	૬૬૪૮૩૦	૧૧	૧૧

ચીનના આખા રાજનો અહવાલ.

બાબ ૧ લો.

ચીનનાં આખા રાજનાં વરણનનો સાધારણ ખોલાસો.

એ ચીનનું મુલક અથવા રાજ જેછે તે ઘણુંજ પુરાતમ છે; અને તેમો મનુશ જાતની સંઘલી વસતીમાંનાં તરીજા હીસા જેટલાં લોકો વસેછે. અને તે મોહોટાઇમાં ભૂગોલ ઉપરનાં વસતા ભાગમાંના દસમાં હીસા જેટલુંછે; અને તેમાં ચીન દેશ વગરે ચીનઇ તાતારી અને તીબેતનો મુલક દાખેલ થાએલોછે. તેની હદ ઉતર દશાએ સીબીરીઆ દેશછે, કે જેથી તે ઇસતાનેવાએનાં પાહાડોની એક દગાલ જેને દૌરીઆન કરીને કેહેછે તેના આઆથી તથા સએમીનાએ, લીટલ આલટે, અને અલક તાગાનાં પાહાડોનાં આઆથી જુદું પડીને, ૫૩ અંશની ચોરણ શ્રુધી પોંહોચીઉંછે. તેનાં પૂરવ તરફનાં કોસતાએ ૩૬૦૦ મૈલ શ્રુધી માહાસમુદર લાગેલોછે; તેમાં સેગાલીએનનું ટાપૂ કે જે ઉપર માનચૂ તાતાર લોકોનો ખાલી નામનો અમલ ચાલેછે તે દાખેલ કરતાં, પરથવી ઉપરનાં કોઇ દેશમાં હેવો મોહોટા ફેલાવનો કોસતો હેવી તરેહ તરેહની હવાઓમાં આવેલો નથી. અને તે ગરીનીચની પૂરવ દશાથી ૧૪૪ અંશ

અને ૪૦ કળાની લંબાનમાં ગીઓછે; અને તેમાં વલી ઘણાં સારાં સારાં અખાટો અને બંદરો આવેલાંછે ❁

તેનાં વાજબ્રુ કોણા તરફથી તે સેગાલીઅનની બસટરેટથી જુદુ પડેછે; અને તાતારીની ખાડી અને જાપાનનો સમુદર તેની અને જાપાનનાં ટાપૂઓની વચે આવેલોછે. તે તરફ નાં સમુદર આગલનાં કોસતો પર કોરીઆનો દ્રુપદવીપ આવેલોછે, કે જેથી કરીને માનચૂરીઆની નૈરૂત કોણાની હદ થાએછે. અને ચીનનાં કોસતા પર પીચીલીનો દ્રુપસાગર અને પીલો સમુદર આવેલોછે; અને ફારમોસાની ખાડીથી તાઇવાનનું ટાપૂ તે દેશથી જુદું પડેછે. તેનાં દખણ તરફનાં કોસતાએ ચીનાઇ સમુદર આવેલોછે ❁

તેની દખણ તરફની હદ તનક્રીનનો દ્રુપસાગર, તનક્રીનનો મુલક, લાઓસાનો મુલક, બરમાનું રાજ, હીંદોસતાન અને કશમીરછે. તે તનક્રીન અને લાઓસાનાં મુલક સાથે એક નહાંની નદી અને બાંધેલી હદથી જુદું પડેછે. અને બરમાનાં નાકાંઓ પરની હદ ચોકસ થાઇ નથી, પણ હીમાલાનાં પાહાડો ચીનાઇ રાજની તથા આસામ, ભોટાન, નેપાલ, અને અંગરેજ લોકોનાં હાતમાંનાં હીંદોસતાનનાં મુલકો અને આફગાનીસતાનની વચે બરાબર એક હારની મીશાલે આવેલાંછે. તેનો ઘણોજ દખણ તરફનો છેડો હઇનાનનું ટાપૂછે, કે જે આસરે ૧૮ અંશાની ચોરણ માંછે, પણ લૂઇચૂનાં દ્રુપદવીપની જમીનની નોક માતર ૨૦ અંશ અને ૩૦ કલા સુધી ચાલેલીછે ❁

તેની પશચમ તરફની હદ કાંઇ પૂરી ચોકસ થાઇ ન

થી; પણ તે તરફ સવતંતર તાતાર લોકોનો દેશ અથવા નહાનું બખેરીઆછે; અને બીજૂર અને અલકાનાં પાહ્ડો, અને પલકાટી સરોવર એ હ્દનાં એક ભાગે આવેલો છે; પણ હ્સાક અથવા કીરઘી લોકોનાં નાકાંપરની હ્દ પૂરીજ અટકલા ભરેલીછે. તે ગરીનીચની પૂરવ દશાથી આસરે ૭૦ અંશની લંબાંનમાં ગીએલુંછે ❋

હ્વે એ પરમાંણે તેની ઘણાંમો ઘણી પોહ્લાઇ, માનચૂરીઆમાંના સેઘાલીએનનાં પૂરવ તરફનાં છેડાથી તે તૂરકસતાનનાં નાકાં પરનાં બીજૂરનાં પાહ્ડો શુધી, ૭૪ અંશ અને ૪૦ કલાની લંબાંન વેર ગણાએછે, એટલેજે શુમારે ૩૪૬૦ મૈલ થાએછે. અને તેની લંબાઇ હ્સતેંવાએનાં પાહ્ડોથી તે લૂઇચૂના ઘણાંજ દખણ તરફનાં છેડા શુધી આસરે ૩૩ અંશની ચોરણમાંછે, અથવા આસરે ૨૦૦૦ મૈલછે. તેઆરે તેની સપાઇમાં ૭૦ લાખ ચોરસ મૈલ જમીનછે, હ્વો ખોલલી રીતે અરસટો કાણાએછે. અને તેમાં, એ ઊપરથી માણસની વસતીનો શુમાર ૩૬ કરોડનો ગણાએછે ❋

ચીનાઇ રાજ, ચીન અને ચીનને તાબેનાં મુલકોમાં વેહ્ચાએલુંછે. અને જોકે તેનાં તાબેનાં મુલકો મોહ્ટાઇમાં ચીનથીબી સરસછે, તો પણ તેઓ બીજી ઘણીએકપાંતીએ ચીનથી ઘણાં ઊતરતાંછે; કાંકે તે મુલકોમાં ઘણાંખરાં રાંનો છે, અને માણસની વસતીબી ઘણી છુટી છુટી વીખરાએલી અને લૂટફાટ કરનારીછે. પણ એ રાજનાં સંભાલને સારૂ ચીનનાંશાહ્ંશાહ્નાં તાબા હ્ઠલ તે ભટકતા ફરનારા લોકોનાં રેહ્આથી ઘણું સારૂંછે; અગર નંહીતો તે તરફનાં

નાંકા પરનાં ચીનનાં મુલકોમાં અગાઊની કાંની બલવો, લડાઈ અને લૂટફાટ ચાલીઆ કરતે. અને જેઆરે તે તરફ કાંઈ લડાઈ ફીરઆદ ઊઠેચ, અથવા તે લોકો કાંઈ શરકશી દેખાડેછે, તેઆરે ચીનની સરકાર તેઓ સાથે લડાઈ કરતી નથી, પણ ફરમાનો અને હોકમનામાંઓ મોકલીને તદબીરથી કાંમ ચલાવેછે. પણ જો હેવી ગોઠવણે કીધાથીબી તે તુંદ અને જાહેલ લોકો નરમ પડતા નથી તો, પછી એક ફોજને ધીમે ધીમે લડાઈને સારૂં મોકલેછે, અને ખાલી નામની અથવા ખરેખરી લડાઈ અગાત પડેચ તો કરેછે. અને જો તે ફરમાણે કીધાથીબી તે બલવાખોરો નહી જેર આવતા તો, પછી સોના રૂપાની તેઓનાં સરદારોને લાલચ દેખાડેછે; અને હેવું કીધાથી જેઆરે તેઓ સપડાએછે, તેઆરે તેઓની ઊપર સવરગી રાજની સતા ચલાવેછે. અને, પછી માંડરીનો પોતાનુ શુરાપણું દેખાડવાને સારૂ થોડાએક બંદવાઓને ગરદન મારેછે, અને તેઓમાંનાં થોડાએક પરસીધ આગલ પડનારઓને પીકીન મોકલાવી દીએછે, કે તાંહાં તેઓને શાહેનશાહ પોતાનો દસત બટાવાને સારૂ કઠણ સજા કરે. અને મોંગોલ લોકો સાથે પણ હેવી રીતની દોસતી રાખીને, શાહેનશાહી કુટબમાં સગાઈનો હક મેલવીને તેઓનાં મુખીઅ સરદારોને ચીનનાં રાજને તાબે કરેછે. તીબેતનાં લામાબી ચીનની સતા હેઠલ બંધાએલા રેહેછે, કાંએજે શાહેનશાહી કુટંબ તે લોકોનાં ધરમને કબૂલ રાખેચ, અને મહાલામાને ઘણુંજ આદરમાન આપેછે ❀

ચીનનાં રાજમાં ઘણી તરેહ તરેહની ઊપજની અથવા ઊજાડ અને વેરાન જગાઓ જોઆમાં આવેછે. જેમકે કોબી

નાં રાનને કીઆંગ નાનનાં ઊપજ ભરેલાં મેદાનો સાથે સ
રખાવીએતો કેટલો તફાવત પડી જાએછે. અને માનચૂરી
આ અને મોંગોલીઆનાં ઊજાડ મુલકોને તથા કુવાંગટંગ
અને હુનનાનનાં ગરમી ભરેલા સંસથાને ઊતર અને પ
શચમ તરફનાં ભાગોનાં ખાલી વેરાન મેદાનો કે જાંહાં કાંઇ
જ ઝાડપાન થતા નથી, તે સાથે સરખાવીએતો કેટલો ફર
ક માલમ પડેછે. અને દખણ તરફનાં સંસથાનો ઝાડીઓ
અને જંગલોથી ભરેલાંછે. વલી એક તરફ મોહોટાં મોહો
ટાં સરખાં ખાલી મેદાનોછે, કે જાંહાં એક પાણીનું ટીપૂ
બી મલતું નથી, અને એક અનાજનો દાનો પણ થતો ન
થી; અને બીજી તરફ ભીની અને નરમ જમીનનાં મોહો
ટાં મોહોટાં મુલકો અનાજનાં તર થાએલાં ખેતરોથી ખૂશ
નુમાં જોઆમાં આવેછે, કે જાંહાં એકુબી જગા ખેડાઆ વ
ગરની રેહેલી નથી. વચલા સંસથાનો ઘણાજ ઊપજાઊછે;
પણ બીજા ભાગોમાં ઘણી વધારે મેહેનત કરતા છતાંબી
કાંઇ ઊપજતું નથી. અને એક તરફ કેટલાએક શો મૈ
લ સુધીનાં મોહોટાં મોહોટાં મેદાનોછે, અને વલી બીજી કે
ટલીએક તરફ મોહોટા મોહોટા પાહાડો ભરેલાં પરાંતો જો
આમાં આવેછે. વલી આખાં સંસથાનમાં માણસની વસતી
નું રેહાણ વગરે બીજું કાંઇ નજર આવતું નથી; અને તે કે
વી રીતે કે એક ઘેરની સાથે બીજું ઘેર જોડાએલું તેથા ગાં
મો પછવાડે ગાંમો લાગેલાં, અને મોહોટાં મોહોટાં શેહેરો જાણે
એકાએક નીકલી આવેલાં હોએ તે પરમાણે લાગેછે; અને વ
લી બીજા ભાગોમાં જુલમે એકુ ભરવાડનું ઝૂંપડુંબી જોઆ
માં આવશે, તથા તે તરફ ગાંમો અને શેહેરોબી કાંઇજ મુ

તલક નથી, અને એક ઇનશાનનું પગલુ પણ કદીજ માલ
મ પડેછે. વલી એક તરફ મેહેનતુ કુણબી લોકો પોતાની
જમીન ખેડીઆનાં કામોમાં ચાલુ ગુતેલા જોઆમાં આવે
છે; અને બીજી તરફ નદી નાલાંઓ ઉપર હજારો હજાર હો
ડીઓ પડેલી અને કોસતાઓ પર ઘણાએક જુંકો જગો
જગોએ ફરતા જોઆમાં આવેછે; અને વલી બીજા ભાગો
મા આલશુ ભરવાડો પોતાના ઢોરોને ચરાવેછે, અને જુંકો
અને હોડીઓને બદલે ઉઠોને કામમાં લીએછે. કેટલાએક
પરગણાંઓમાંનાં પાહાડવાશી લોકો માતર શેકાર ઉપર પો
તાનું ગુજરાન ચલાવતાં જોઆમાં આવેછે, અથવા માનચૂ
લોકો જીનસેંગ નામની જડીની ખોલમાં ભટકતા ફરતા
દીસેછે; પણ બીજા પરગણાંઓમાં એક જંગલી જનાવર
બી જોઆમાં આવતું નથી, અને શેકાર મારવાનું કામબી
કાંઇ ચાલતું નથી. હવે જો આપણે જંગલી પાહાડવાશી
લોકો જેઓ અનઘડ અને મજબુત સવતંતર પણાંમા રેહેછે,
તથા પાહાડોનાં ઉંચા કરારાઓ ઉપર વસેછે, તેઓને સુધરે
લા ચીનાઓ સાથે બરાબર કરીએતો કેટલો બધો તફાવ
ત આપણાં જોઆમાં આવશે. કેટલો મોહોટો ફરક એક
જુની તુરકમાન અથવા લડાએક મોંગોલની અને ચીનના
સુલેહ ભરેલા ખેડુત અથવા નરમ માંડરીનની વચે પડેછે. અ
ને તેજ પરમાણે વસવસા ભરેલા તીબેતનાં લોકો અને ધર
મ ઉપર ચુસત રેહેનારા મોંગોલ સાથે વીદીઆરથી ચીના
ઓની નાસતકી ગનેઆતને સરકાવીએતો કેવી રીતનો
તફાવત માલમ પડેછે. એ સંઘલી જુદી જુદી ગનેઆત
ના લોકો પોત પોતાનાં જુદાં જુદાં ચાલા ચલણ સુધાં એ

ક ચીનનાં શાહંશાહનાં અમલ તલે એકઠા આવેલાછે *
હવે, એ પરમાણે સંઘલી પરકારનો જુદો જુદો તફાવત ચીનનાં રાજમાં જોઆમાં આવેછે; તોપણ ચીન દેશમાં જેવું સંઘલી પરકારે એકશાન જોઆમાં આવેછે, તેવું કોઇ બીજા દેશોમાં નહી હશે. કાંકે તે દેશમાં એકજ જુબાન અને એકજ તરેહના અખેરછે, તથા તાંહાંનાં લોકોની એકજ રીતની ચાલ ચલણ અને ક્રીરીઆ તથા એકજ પરકારનાં હુદીઓગ અને વીચારોછે. અને વલી ચીનો લોકો થઇ કરીને પોતાની ચાલુ ઠરવિલી રીત પરમાણે કશી નવી કલપનાં કાહાડતા નથી, અને જે તેઓનાં અસલનાં લોકથી ચાલતું આઇહૂંછે, તેને ખોટું પણ માનતા નથી. અને તે આખા મુલકમાં સેહેરો, ગાંમો, મંડીરો, વગેરે પણ કાંઇ જુજ તફાવતથી એક સરીખાંજછે. હેવું ઘણીવાર બોલીઆમાં આવેછેકે ચીનની હાવી તરેહવાર હવા અને જમીન ઉપરથી તેમાં જે જોઇએ તે પૂશકલ ઉપજેછે; તોપણ ચીનની વસતી પરમાણે તેમાં અનાજ અને બીજી કેટલીએક ચીજો પૂશકલ ઉપજતી નથી, તેથી કરીને તે બીજા દેશાવરો ખાતેથી લાવવું પડેછે. અને જો ચીનની સંઘલી વસતીને પૂરો પડે એટલો અનાજ પકાવેતો બીજી જીનસો જેવીકે ખાંડ, રૂ, ચાહ, મેવો, તરકારી, અને એ વગેરે બીજું ઉપજાવા થકી જમીન મલી નંહી આવેક
ચીનનો દેશ મોહોટાઇમાં તેને લગતાં મુલકોની મોહોટાઇમાંનો માતર તેરમો હીસોછે; તો પણ તેની વસતી તે મુલકોની વસતી કરતાંને ૩૦ અથવા ૪૦ ગણી વધારેછે, કાંકે તેને તાબેનાં જે મુલકો આવેલાંછે તેમાંનાં ઘ

ણીંખરાં પરથવી ઉપર ઘણુંજ ઉજાડ અને વેરાન મુલકોછે,
તેની જાતી હદ પાહાડો, નદીઓ, અને રાનોથી સારીપ
એ મજબુતછે, તે ઉપરાંત ચીનાઓએ ઉતર તરફથી મો
હોટી દેવાલ અથવા કોટ જે બાંધી લીધોછે તેથી કરીને
ઘણી મજબુતી થાએછે. એ પરમાણે તે પરથવીનાં એક ખુ
નામો રેહેઆથી, અને પરાએ ગનેઆતવાલા લોકોની સાથે
વેહેવાર નહીં ચાલીઆથી, ચીનનું રાજ ઘણી સારી હાલ
તમાં ચાલીઊં ગીઉ, તે છેક ચીનમાં માંહેમાંહે બલવો ઊ
ઠીઓ તાંહાં સુધી તેવીજ સારી અવસથામાં રેહીઊં; પણ
અંતે તે બલવો થાઆથી તેની પડોસના રાનનાં જંગાલી
લોકોએ તેમાં પોતાનો પગ પેસારો કરી લીધો. તોપણ
એ રીતે થાઆથીબી તે તરફનાં લોકો ચીનનાં રાજની હુ
કુમત હેઠલ આઆછે, એટલુંજ નહીં પણ તે ખુની અને લુ
ટારા લોકોનાં ઊદમ અને સવભાવમાં પણ તેથી કરીને ફેર
ફાર થાએઊંછે. અને તેઓ સાથે એવોતો સબંદ કરી લીધોછે,
કે ચીનની હદ ઉપર બીજી પરાએ ગનેઆત વાલા લોકોથી
હુમલો કરવાનું બની નહીં સખે. ચીનના મુલકમાં જે હ્આં
ગજી કીઆંગ નામની નદી ચાલેલીછે, તેથી કરીને તેનાં બે
લગભગ સરખા ભાગો થાએલાછે. તેનાં દખણ તરફનાં સં
સથાનો જે હ્ઊનનાન, કવેચૂ, કુવાંગસી, કુવાંગટંગ, અને
તોકીએનછે, તેઓ હીમાલીઆ પાહાડોની એક દગાલ જે
ઊતર તરફથી ચાલેલીછે તેથી જુદાં પડેછે. અને હવાંગહો
અને હ્આંગજીકીઆંગની વચે જે જગા આવેલીછે, તે
ચીનનો વચલો ભાગ કેહેવાએછે. ઊતર તરફની હદો હવાં
ગહો નદીથી થાએલીછે, અને પશ્ચમ દશામાં સજીચુએ

ન અને શેનશી એ સંસથાનોછે, કે જેઓ મોહોટાં નાલાથી
અથવા પાહાડોની નહાની નહાની હારો જે હોનાન અને
કુકવાંગનાં નાંકાંઓ પરથી ચાલેલીઓછે તેથી જુદાં પડેછે.
હેવી જાતી હદો ઉપરથી ચીનાઓએ પોતાનાં આખાં દેશ
ને સંસથાનોમાં વેંહેંચી આપીછેં. હવે જાંહાં ચીનનાં ફો
સતાઓ પાહાડો ભરેલાછે તાંહાં ટાપૂઓ ઘણાં આવેલાંછે;
અને તે ટાપૂઓ ઘણુ કરીને પરચમમાં દુરથી તો ઘણાં ઉજા
ડ સરીખાં માલમ પડેછે, પણ જેમ જેમ આગલ આવિતા જ
ઇએચ તેમ તેમ તેઓ ફલવાંન અને પેદાસત ભરેલાં જો
આમાં આવેછે. અને જો સમુદરનાં પાંણી હટતાં ચાલીઆં જા
એતો, તાઇવાન અને હૈનાન એ બંધે ટાપૂઓ કદાચ એક
બીજાં સાથે જોડાઆમાં આવશે, કાંકે વરશો વરશ બંધે
તરફની જમીન વધતી જાએછે; પણ હેવું થાવાને હજુર ઘ
ણી મુદત જોઇએ. અને પુરવ તરફનાં ભાગોની જમીન પશ
ચમ તરફનાં ભાગો કરતાંને ઘણી વધારે નીચીછે, કાંકે તે
તરફની જમીન જે સમુદરની તરફ ચાલેલીછે તે થોડી થોડી
ઉતરતી આવીછે. એ પરમાણે ચીનનો દેશ પોતાની લાખો
લાખ માણસની વસતીનું પાલણ થવાને સારુ જે હાવી શરત
ર ભરેલી રીતે આવેલોછે, તે પરમાણેનો દેશ આખા એશી
આ ખંડમાં નથી, અને તેવાં દેશો દુનીઆમાં પણ ઘણ
થોડાંજ હશે *

ચીનનાં દેશ સાથે ઘણોજ ઉપજ ભરેલો પણ ઘણોંજ ઓછો
લાભ ભરેલો ભાગ જે જોડાએલોછે તે માનચૂરીઆછે. અને
તેનો દખણ તરફનો ભાગ ઉતર તરફના ભાગમાંથી જે પા
હાડોની હાર ચાલેલીછે તેથી કરીને જુદો પડેછે; અને તે ઉ

ખજમાં કીઆંગાનાનનાં જેવોછે; અને તેની સાંબેનાં કોસતા
પર રેહેનારા ચીનાઓએ તેને થોડું થાઈડૂં ખેડીને પેદાશત
બરેલો કીધોછે. ચીતચીહાર જે ઈસાણ કોણું તરફનું સંસથાન
છે, તે એક ઘણી મોહોટી ઊજાડ પડી રેહેલી જમીનછે, કે
જેનાં ખેડીઆ ઊપર માણસનો હાત પણ જુલમે લાગો હશે.
અને કીરીનનું પરગણુ પણ એજ પરમાણેનુંછે, અને તે ચીત
ચીહારનાં સંસથાન સાથે પાહાડોની એક હારથી જુદું પ
ડેછે; અને તેજ પાહાડો કોરીઆનાં આખા ઊપદવીપમાં
ઊતર થીતે દખણ સુધી ચાલીને જાપાનનાં ટાપૂઓ થાએ
બાંછે. લીઆનતુંગ જે દખણ તરફનું સંસથાનછે, તે ચીનનો
એક બાગછે એમ ઘણાંજ અગાઊનાં વખતથી ગણાએછે,
પણ તેથકી તાતાર અને ચીનાં લોકો વચે હંમેશાં ટંટો ચા
લીઆ કરતો હતો; પણ જેઆરથી ચીનનાં હમણાંનાં પાદ
શાહનાં વડાવોએ ચીન દેશ સાથે માનચૂરીઆનાં મુલુકને
એકઠુ કીધું તેઆરથી તે ટંટાનું સેવટ આવીઊંછે; એ પરમા
ણે થાઆથી ચીનની રાજકુઆરી હુકુમતમાં ઘણો ફાએ
દો થાઓછે; કાંકે જો ચીનાં લોકોનો પાદશાહ તખત ઊપર
બેશે, અને તાતારની ઓલાદનાં પાદશાહને હાંકી કાહાડેતો
એકેદમ તે તરફ ચાલૂ લડાઈઓ ઊઠી ઊભી થાએ ❀
જેમ અગાઊનાં લોકો સંઘલાં તાતાર લોકોને એકદમ જં
ગલી લોકો કેવા શબદથી બોલતા હતા, અને હમણાંનાં વ
ખતનાં દાનાવ ચીનાઓ પણ તેઓ સંઘલાઓને તેવાંજ સ
કબથી બોલેછે, તેજ પરમાણે તેઓ સંઘલા લોકોને આપણે
બી એકેદમ તાતાર લોકોને નામે બોલીએછે. પણ વચ
સાં એશીઆ ખંડનાં રેહેવાશીઓ જેઓ જોકે એક બીજાથી

જુદી જુદી ગનેઆતનાં લોકોછે, અને જુદી જુદી બોલી બોલેછે, તો પણ તેઓ ઘણું કરીને એક સરખા માલમ પડેછે, તે ઉપરથી તેઓ સંઘલાઓને એકદમ તાતાર લોકો કરીને કેહેછે; પણ તેઓ વીશે જેઆરે જુદું જુદું બોલીઆમાં આવે તેઆરે સમજવું કે, જેમ ઇઊરોપ ખંડની ગનેઆતો એક બીજાથી જુદી જુદીછે, તેજ પરમાણે તેઓમાંબી જુદી જુદી ગનેઆતોછે *

એશીઆ ખંડનાં વચલા ભાગમાં તીબેતનો દેશ° દાખેલ કરીઆ વગરે તેનાં પાંચ મોહોટા ભાગો થાએછે,—૧ સીબીરીઆની દખણ તરફનો મોહોટો પરાંત; ૨ મોંગોલીઆ; ૩ શૂનગોરીઆ, જે મોંગોલીઆની પશચમ તરફ છે; ૩ તુરકસતાન, જે મોહોટું બખેરીઆની પૂરવ દશાએછે; ૪ તાનગૌત અથવા કોકોનોર, જે તીબેતની ઉતર દશાએછે; અને, ૫ એ મુલખોની વચોવચમાં કોબીનું રાન આવેલુંછે તે તથા તે સાથે હમિલ અને લોપછે. હવે એ દેશો જેછે તે ચોકસ કરીને તાતાર લોકોનું રેહઠાણછે, અને હુંસ, તુરક, અને મોંગોલ લોકોનું અસલી મહક છે; અને અંહીંઆંથીજ એ લોકો નીકલી આવીને, સંઘલો એશીઆ ખંડ જેર કરી નાખીઓ તથા ઇઊરોપ ખંડનો ઘણેએક ભાગ જીતી લીધો, અને રોમન લોકોનાં રાજને તારાજ કીધું તથા નવા મુલખો વસાવીઆ, એને પર થવી ઉપરનાં ઘણાંખરા દેશોમાં પોતાનો દોર ચલાવીને પાછાં ગુમ થાઇ ગીઆ; અને હાલમાં એ લગાલગ સંઘલી ગનેઆતો ચીનનાં તાએબા હેઠલ રેહેછે. જેઆરથી તેઓ જે નધીસખાનની સરદારી હેઠલ ઇઊરોપ ખંડ ઉપર ચહડી આ

આ હતા તેઆરથી તેઓને તાતાર લોકો એમ બોલેછે, અને તેઓનાં દેશને તાતારી કરીને કેહેછે. તો પણ, એ દેશનાં કેટલાએક ગરંથકારોએ ચીનઈ તાતારી, રૂશીઆન તાતારી, અને સવતંતર તાતારી, એવા તરણ ભાગો કીધાછે; કાંકે તેમાંનો કેટલોએક ભાગ રૂશીઆન લોકોને તાબૂકેછે, અને માતર થોડોએક ભાગ સુવતંતર અથવા મુખતીઆર છે, એટલેજે તે ભાગનાં લોકો કોઈનાં તાએબામો નથી, અને બાકીનો બધો ભાગ ચીનના સવરગી રાજને તાબુ કેછે, કે જે ચીન દેશનાં કરતાંને લગાભગ તરણઘણો મોહોટોછે ❀

હવેં, ચીનનાં તાએબામાં મોંગોલીઆ અથવા મોંગોલ (અથવા મુંગાકૂ) લોકોનો દેશ જેછે તે પેહેલે વાંધેલોછે; અને તેનાં ભાગો કોબીનું રાન જે ચોકસ કરીને તેને લગાસુંછે તેનાં ઠેકાણા ઊપરથી બરોબર કીધેલાછે. કાલકા લોકોનો દેશ આલટે પાહાડોની વચે કોબીનાં રાનની ઊતર દશાએ આવેલોછે; અને તે રાનની અગાની કોણા તરફથી એક બીજું પરગણું હસસાક (અથવા કોસાક) લોકોનાં દેશ શુધી આવેલુંછે; અને કોકોનોરનો મુલક ચીન, મોહોટું બખેરીઆ, અફગાનીસતાન, અને તીબેત એ દેશોની વચેછે; અને ઔલીઆશુટૈનો મુલક પશચમ તરફનાં કાલકા લોકોનાં દેશની ઊતર દશાએ આવેલોછે. એ પરમાણેનાં ભાગો ચીના લોકોએ પાડેલાછે, અને હેવું માલમ પડેચ કે તેઓ આપણા કરતાને એ વેરાન રાન વીશે વધારે જાંણીતાછે ❀

સોંગોરીઆ હમણાં એક નહાનું પરગણુંછે, કાંકે ઓરોમ
ચી અને બારકોલ એ બે તેમાંનાં પરગણાંઓને ચીના લો
કોએ કાનશૂનાં પરગણાંમાં દાખેલ કીધાંછે. તે ચીન, મોં
ગોલીઆ, અને મોહોટું બખેરીઆંની વચે આંવેલુંછે; અને
એ જુદાં જુદાં દેશો સાથે પાહાડોથી જુદું પડેછે. અને તુરક
સતાનનો મુલક કોબીનાં રાનની ઊતર દશાએછે, અને
તે બીલૂરનાં પાહાડોથી નહાંનું બખેરીઆ સાથે જુદું પડેછે,
અનેં હસાક લોકોનાં દેશનાં નાકાઓ પર આવેલુંછે.
જેઆરથી ચીનનાં શાહંશાહઓએ ઘાત ભરેલી લડાઈઓ ક
રીને એ ભાગોનાં અસલનાં રેહેનારા લોકોને જેર કીધા
છે, તેઆરથી તાંહાં ઘણાંખરા ચીના લોકોબી આવી રેહે
લાછે *

હવે ચીનને તાબુકે જે તીબેતનો દેશછે, તે આપુણને ઘણે
જ થોડો જાણીતોછે; પણ તેમાંના લોકોનાં ધરમ ઊપરથી
તથા તેનાં પાહાડો અને તેની હવાની સકતી ઊપરથી તે
પરસીધછે. તીબેતનાં કોઈબી હાકેમો પરાઆ રાજ ઊપર ક
ધી ચહડી નથી આઆ, તેમ તેને કોઈ બીજા દેશનાં પાદ
શાહઓએ ફતેહ બી નથી કીધું; પણ ચીનાં લોકોએ જે
તે દેશને પોતાને તાબુકે કીધુંછે તે હીકમતથી કીધુંછે. તે
નાં ભારે ઊંચા પાહાડો અને તે ઊપર ચાલૂ બરફ પડેછે તે
થી તથા તેની કઠણ સરદ હવાથી, તે સાથે તેમાંના રેહેના
રાઓની મુશ્કેલી ઊપરથી, તે દેશનાં લોકોની મુખતીઆ
રી અથવા સવતંતરપણાનો ઘણે સારો સંભાલ થાએછે.
વલી તેથી ઘણાંજ મજબૂત કોટ કરતાનેબી સરસ ચીન
નો સંભાલ થાએછે. તે દેશ આફગાનીસતાન, બખેરીઆં,

હીંદોસતાન, કોકોનોર અને ચીન, એ દેશોનાં નાંકાંઓ પર આવેલોછે; પણ તે દેશ ચીન દેશ કરતાંનેબી એક તદન જુદીજ તરેહનોછે. અને તેને ચીના અને યુરોપીઆન એ બંધે લોકો બે ભાગમાં વેહેંચેછે,—બાહારનું અને માંહેલું તીબેત અથવા મોહોટું અને નહાનું તીબેત ❀

ચીનને તાબુકેનાં મુલખોમાં કોરીઆનો ભૂપદવીપ અને લૂચૂનાં ટાપૂઓ કાંઇ ચોકસ કરીને દાખેલ થતા નથી: પણ ચીનાં લોકોતો એ બે મુલખોનેજ માતર પોતાને તાબુકે ગણતા હોએ એટલુંજ નથી, પણ પરથવીનો ઘણોખરો ભાગ તેઓનાં તાબુકામાં હોએ હેવું બોલેછે ❀

હવે દુનીઆનાં ઘણાંજ મોહોટાં તરણ રાજો એશીઆ ખંડમાં એક બીજાંને લગતાં આવેલાંછે; કાંકે રૂશીઆન અને અંગરેજ એ બંધે લોકોનું રાજ ચીનનાં રાજની પડોસમાં આવેલાંછે. અને તેઓ બંધેમાંથી હરકોઇ રાજ વાલો ચીનનાં રાજને જેર કરી શકે; પણ તેઓ બંધે એક બીજાને મલે નહીં તાંહાં શુધી તેવા કશદ ઊપર તેઓ ખાલી પોતાનું બલ તોડે એટલુંજ થાએ. એ પરમાણે શુલેહ ભરેલા ચીનાઓને કસી પાંતીથી બાહેરની ધાસતી નથી; અને તેઓનાં રાજને કાંઇ કૂદરતી બનાવથી ધોકો લાગીઆ સીવાએ તે તારાજ થાએ હેવું કાંઇ દીસતું નથી ❀

બાબ બીજો.

ચીન દેશનાં અહવાલનો સાધારણ ખોલાસો

એ દેશનું નામ તસીન, ચીન, અને સીન જે આપણી તરફનાં લોકો બોલેછે, તે તસીન ચી હવાંગ તી નામનાં એક ચીનનાં શાહંશાહનાં નામ ઉપરથી પડીઊં હોએસે હેવું, ઘણું કરીને માલમ પડેછે, કાંકે તે શાહંશાહની વખાણ અને કીરતી એશીઆ ખંડનાં ઘણાંખરા મુલખોમાં પરસીધ થાએલીછે. અને એ નામો આજ સુમારે બે હજાર વરશથી બોલીઆમો આવેછે. પણ ચીના લોકોએ તે શાહંશાહની ઓલાદનાં લકબ ઉપરથી પોતાનાં દેશનું નામ પાડવાને કધી ધારીઊંબી નંહી હશે, કાંકે તેઓ તે શાહંશાહને તેની ઓલાદ સુધાં ઘણો જુલમગાર અને જબરદશત કરી લેખેછે. તેઓ પોતાનાં દેશને હાંન અને તાંગ એ શાહંશાહોની ઓલાદનાં લકબ ઉપરથી નાંમ આપવાને ખૂશી થાએછે, પણ ઘણું કરીને ચુંગકવા એટલે જે વચલું રાજ એમ બોલીઆમો લાવેછે. અને ચીનનાં શાહંશાહ તખતે બેસતી વખતે પોતાનાં દેશને પોતાનાં વડાવાવોના નામનો લકબ આપતા આવેછે; જેમકે, હમણાંનાં શાહંશાહની ઓલાદનાં લકબ ઉપરથી ચીનને તાતસીંગકુવા એટલે મોહોટી સફાઈ અથવા પાકી ભરેલું રાજ કરીને કેહેછે; અને તેની અગાઊનાં શાહંશાહની ઓલાદનાં લકબ ઉપરથી તેને ચીનતામીંગકવા અથવા મોહોટી ખબરદારી ભરેલું રાજ કરીને બોલ

ના હતા. પણ સરકારી દસતાવેજોમાં ચીનનાં રાજને તીન ચાકુ એટલે સવરગી રાજ અથવા સલતનત એમ લખેછે; કાંકે તેઓ પોતે હેવું સમજેછે કે ખોદાએ એ મોહોટા રાજને પરથવી ઊપર અમલ ચલાવાને સારૂ બનાવીઊંછે; અને તેને ચલાવાનાં કારણ સર સવરગાવાશી છોકરાને તે ઊપર મુકરર કરી આપીઓછે ॥

તે દેશની પૂરવ અને દખણ તરફની હદ જે અહીઆં ચીનનાં રાજની બતાવીછે, તેજ થઇ કરીને આવીછે. તેનાં ઊતર તરફનાં નાકાંઓપર ઓરતુ લોકોને તાલુકેનાં મોંગોલ તાતારનાં પરાંતોછે; અને ઇસાન કોણએ લીઆનતાંગ અને મોહોટી દેવાલ આવેલીછે. અને પશ્ચમ તરફની બોરકુએ, શ્રુંગોરીઆ, કોકોનોર, અને તીબેતનો દેશ અને સીફાન લોકોનો પરાંતછે; અને અહીઆં ચીન અને તેની પડોસનાં દેશોની વચે પાહાડોની નહાની નહાની દગાલો આવેલીછે ॥

તે દેશ શુમારે ૪૨ અંશની ચોરણથી તે ૨૦ અંશ અને ૪૦ કલાની ચોરણ શુધી હૈનાનું ટાપૂ વગારે ચાલેલુંછે; અને ગરીનીચની પૂરવ દશાથી ૯૭ અંશની લંબાણથી તે ૧૨૨ અંશની લંબાણ શુધી ગીએલુંછે. એ પરમાણે તેની ૨૨ અંશની ચોરણ અને ૨૫ અંશની લંબાણ થાએછે; અને તેમાં ૫૩૭૦૦૦ ચોરસ મૈલ જમીનછે ॥

એ ચીનનો દેશ સંઘલી પાંતીએ સારો રચના ભરેલોછે. પણ જેવા આપણે તે દેશનાં નાંકાંઓ મુંકીને આગલ ગીઆ, એટલે તે સંઘલી રચનાં તાબરતોબ મલે નહીં થાઇ જાએછે. મોહોટી દેવાલ મુંકી ગીઆ પછી દરામની શરદ અને વે

રાન જગાઓ આવેછે. અને વાઇવ્ય કોણાં તરફ એશીઆ ખંડનો રેતીનો સમુદરછે, કે જાંહાં માણસનાં ચાલૂ આધારની જીનસો પણ તદન મલતી નથી. અને પશચમ તરફ દરાંમના પાહાડો અને કરારાઓ તથા ઉંચા પથરનાં ટેકડાઓ અને થાટો અથવા અથડી અને લઓલરેલી વાટો છે; તે સાથે તે તરફના દેશની હવા પણ સખતછે, અને તેમાં જુલમે કાંઇ ઉપજેછે ॰

હવે ચીનનાં પેદાસત ભરેલાં અને સારીપખે ખેડાએલાં સસથાનો જોઆથી તેઓની પડોસનાં બીજાં સંઘલા દેશો પણ વગર ખેડાએલા અને જંગલી જેવા લાગેછે. બલકે કોરીઆનો ઉપદવીપ કે જેની હવા મધીઅમછે, અને જેમાંનાં લોકોની ચાલચલણ પણ ચીનાં લોકોનાં જેવીછે, તે બી ચીનનાં ઉપજ ભરેલાં મુલક આગલ ઉજાડ સરીખો દીસેછે. હવે, એ ઉપરથી માલમ પડેચ કે ચીનાઓ પોતાનાં દેશની જે વખાન કરેછે, તથા બીજાં દેશોને પોતાના દેશથી ઉતરતા કરી લેખેછે, તે કાંઇ તાજુબ સરીખું નથી ॰

આએ ખોલતું માલમ પડેચ કે ચીનાઓથી અસલમાં જંહાં જાંહાં જમીન ખેડાઇ શકી હશે, તાંહાં તાંહાં તેઓ આવી વશીઆ; અને તેથી કરીને તાંહાંનાં જંગલી લોકોને પાહાડો અને જંગલોમાં નીકલી જવું પડીઉં; તોપણ તેઓ પાછા આવીને પોતાનાં વડાવાની જગાઓમાં જે ચીનાઓ વસેલા હતા, તેઓની સખત મેહેનતથી જે પેદા થાતું હતું તે લૂટી લેઇ જવા લાગા; પણ ચીનાઓનાં હાથમાંથી તેઓ પોતાનાં મુલકો લેઇ નહી સકીઆં. અને તેઓનાં હાતમાં પોતાનાં મુલકો પાછાં આઆને બદલે ચીનાઓએ તેઓને

આસતે આસતે દૂર છેક પશચમ તરફ હાંકી કાહાડીઆ. અને જો એશીઆ ખંડના વચલા ભાગનાં મુલકો ચીનાં લોકોની સખત મેહેનતથી ખેડાઇ સકાતે તો તેઓ છેક કાકેજસનાં પાહાડો સુધી, બલકે ઇઉરોપ ખંડમાંબી ફેલાઇ વલતે; કાંકે તેઓ હેવીતો પેદાસત ભરેલી અથવા જલદીથી વધી જાએ હેવી જાતછે, કે તેઓમાં જલદીથી ઘણીએક ગનેઆતો ભેલાઇ જાતે. અને જોકે મોંગોલ અને માનચૂ લોકો કે જેઓ ચીનનાં સવરગી રાજનાં ધણી થાઇ બેઠા, તોપણ તેઓ ચીના લોકોથી જુદા પડી સકીઆ નંહી, પણ એ મોહોટી ગનેઆતમાં ભેલાઇને એકઠા મલી ગીઆછે ❀

ચીનનાં જાતી ભાગો વીશે કાંઇએક ઇશારો હમો આગલ બતાવી ગીઆછે. હવે પાહાડોની જે હાર ઇઉનનાન, કવાંગસી, અને કુવાંગતંગ, એ પરગણાઓનાં ઊતર તરફનાં નાંકાઓ આગલથી ચાલેલીછે, અને જેથી કરીને કીઆંગસીનું પરગણું ફોકીએન અને ચીકીઆંગ એ પરગણાઓથી જુદું પડેછે, તે સરવેથી ઘણી મોહોટીછે. પણ તે પાહાડો તીબેત અને કાકેજસનાં પાહાડો જેવા મોહોટા અને દરામનાં નથી. કવેચૂ એ પરગણામાં થોડાએક મેદાનોછે, પણ તે થીનમાં ઘણાંજ પાહાડો ભરેલું મુલકછે. અને પાહાડોની બીજી નહાની હાર કુવાંગતંગનાં પરગણામાંથી ઊતર તરફ ચાલેલીછે; અને તેથી કરીને હુપીહ અને હુનાન એ પરગણાઓ કીઆંગસીનાં પરગણાથી જુદાં પડેછે. સજીચુએનનાં પરગણાની હદ ઊપર પાહાડોની એક હાર આવેલીછે, તે ઊતર તરફ ચાલીને પૂરવ દશાએ ગીઆ પછી ઇઆંગતંગી કીઆંગનાં મેદાનની ઊતર તરફની હદ થાએછે. શ

નસી અને શેનસીનાં પરગાણાઓમાંથી પાહાડો આવેલા છે; તેમેજ ફાનશુહ અને શાંનટંગાનાં પરગાણાઓમાં પણ છે. પણ હોનાન અને કીઆંગશૂ એ બંધે પરગાણાઓ સરખા મેદાનનાં જેવાંછે; અને તે હેવાંતો નીચાંછે કે તાંહાંનો કો સતાઓ પર સમુદરનાં પાંણી ચહડી આવેછે, અને તેઓનાં આંહેલા ભાગોમાં હવાંગાહો અને યઆંગ તસીકીઆંગ એ નદીઓનાં પાંણીની રેલ ચહડી આવવાથી ભારે ખરાબી થાએછે.

હવે અશલમાં ચીનાઓ પશચમ તરફ જાઇ વસીઆથી તેઓની પેહેલી નીશાન શેનસી અને શાનસીનાં પરગાણાઓમાં માલમ પડેછે. પણ તેઓ જલદી યઆંગ તસીકીઆંગ અને હવાંગાહો એ નદીઓ આગાલનાં ઉપજ ભરેલા મેદાનો જોઇને તાંહાં આવ્યા હશે, અને તેઆર પછી પીચીલી, હોનાન, અને શાંનટંગ તથા હુપીહ અને હુનાન, એ પરગાણાઓમાં આવી વશીઆ હશે. અને પછી આસતે આસતે તેઓ આખા ચીનનાં મુલકમાં ફેલાઇ ગીઆ હશે; તોપણ તેઓ પરથમમાં સી રીતે ચીનમાં આવી વસીઆ, એ હજુર ચોકસ જાણીઆમાં આવતું નથી.

હવે, એશીઆ ખંડનાં ઘણાંએક બીજાં મુલકો કરતાંને ચીન દેશનું વરણન આપણાં જાણીઆમો વધારે આવેછે; કાંએકે ચીનાઓ જાતે વીદીઆ ભણેઆશીછે, તેથી કરીને તેઓએ પોતાનાં દેશને વરણનવા વીશે ઘણી મેહેનત લીધીછે. જગતમાં મોહોટી રેલ આવીઆ પછી હીએ શાહંશાહની ઓલાદમાંનાં વખનાએલા તાઇઉ શાહંશાહે ૪૦૪૯ વરશ ઉપર ચીનનાં મુલકની તપાસ લેઇને તેને નવ સંવસથાન

અથવા પરગાણાઓમાં વેહેંચીલું હતું. અને તે નવે પરગાણા ઓનાં જુદા જુદા નકશાઓ પીટલની તખતીઓ ઊપર બનાવીને રાજની ખબરદારીને સારૂ મેહેલમાં રાખીઆ હતા. તે નકશાઓ હજુર સુધી ચીનમાંછે; તે ઊપરથી મોહોટી રેલનાં આવીઆ પછીનો ચીનનો કાંઇએક અસલી અહેવાલ માલમ પડેછે. અને તેમાં નદીઓ અને કોસતાઓ જે કાહાડેલાછે તે સાથે હમણાં ઘણો તફાવત પડેછે; અને જોકે તે નકશાઓ ચોકસ ઊતારેલા હોએ હેવું કાંઇ દીસતું નથી, તોપણ આપણાં માનીઆમો આવેછે કે આજ સુમારે ચેઆર હજાર વરશ ગુજરી ગીઆથી ચીનમાં હેવું થહુંએક ફેરફાર થાઇ ગીલું હશે.

તાઇવુ શાહંશાહની પછે તેની પછીનાં ઘણાંએક શાહંશાહોએ માતર તેમાં થોડોએક વધારો કીધો; કાંકે તેઓની હેવી ચાલછે કે અગાઊનાં લોકો કરતાને વધારે દાનાવ કેહેવાવું એ મોહોટી નાદાની સરીખુંછે. પણ કુબલાએ અને કાંગહી એ બંધે પરગાનેઆતી ચીનનાં શાહંશાહોએ તે અસલી ચાલને પડતી મુકીને તેમાં ઘણોએક વધારો કીધો છે. અને કાંગહી શાહંશાહ પોતે જે મુલક ઊપર અમલ ચલાવતો હતો, તેથી વાકેફ થવા વીશે ઘણો વધારે અભિઆસ રાખતો હતો, અને રોમથી મોકલેલા કરીસતી ધરમનો ફેલાવ કરનારા યુરોપીઆનો જે ભુગોલ વીદીઆમાં કાબેલ શાખશો હતા, તેઓ પાસે તેણે ફરીથી ચીનનાં મુલકની તપાસ કરાવી; પણ તેની પછીનાં શાહંશાહોએ એ બાબત ઊપર કાંઇ બરોબર ધેઆન પોહોચાડીલું નહી. અને તેઓનાં કીધેલા નકશાઓ બરોબર ઊતારેલા નથી હેવું સમજીને તેને પડતાના

ખીઆ, તે સાથે ચીનાઓ પોતાનાં ધરમ આચારના મત પરમાણે પરથવીને ચોરસ લેખેછે, તેથી કરીને તે દેશના વરણનો સારી પખે વધારો થાઓ નહી. થોડુંએક થાઇડૂં ચીનનાં શાહંશાહનાં હોકમથી જે નકશાઓ છપાઆછે, તેમાં ચીનને ઘણુંજ મોહોટું લેખેછે; અને આપરીકા, રૂશીઆ, અને ઇંગલેંડને વાઇડૂં કોણામાં કાહાડેલાંછે, અને તેઓને જેમ ટાપૂઓનાં કેટલાએક કટકાઓ ખાડીઓથી જુદા પડેલા હોએ તે પરમાણે મુકેલાંછે. ચીનનાં મુલકનાં નકશાઓનું એક પુસતક તે સાથે તેનો થોડોએક અહવાલ જે કંતાનમાં એક ઉપાધીઆએ આસરે દસ વરશ થાઆ જાહેર કીધેછે, તે જોકે કેટલીએક પાંતીએ અધુરોછે, તોપણ ચીના. લોકોએ જે નકશાઓ બનાવીઆછે તે કરતાંને ઘણો સરસછે. થોડુંએક થાઇડૂં ચીનનાં દરીઆવરદી ખાતાનાં એક સરદારે ચીનનાં કોસતાઓ ખેડીઆ વીશેનું એક પુસતક જાહેર કીધુંછે, અને તેમાં તેણે તે તરફનાં સંઘલા નકશાઓ આપીઆછે; પણ તેમાંબી ઘણીએક જગાઓ અને ટાપૂઓનાં ઠેકાણા ફેરફાર થાઇ ગીઆંછે. હવે ચીન અને તેને તાલુકેનાં મુલકોનાં વરણન વીશેની ચોપડીઓની કાંઇ ચીનમાં કમતી નથી; તે સાથે હરેક જુદાં જુદાં પરગણાઓનાં સારીપખે લખેલાં વરણનની ચોપડીઓબી ઘણીછે; અને જો કોઇ અમસથું ચીનનાં મુલકનાં વરણનની ચોપડીઓ એકઠી કરવા માગસેતો સેહેજમાં તેને તરણ હજાર દપતરો મલી આવશે ❀

ચીનનો દેશ અઢાર સંસથાનો અથવા પરગણાઓમાં. વેહેંચાએલોછે. ઉતર તરફનાં સંસથાનો—પીચીલી, શાનસી,

શેનસી, કાંનશુહ, અને શાંનતંગછે. વચલાં સંસથાનો—હો નાન, કીઆંગશૂ, ગાનહવઇ, હુપીહ, હુનાન, કીઆંગસી, સજીચુએન, અને ચીકીઆંગછે. અને દખણ તરફ આવેલાં સંસથાનો—ઇઊનનાન, કવેચૂ, કુવાંગસી, કુવાંગટંગ, અને ફોકીએનછે. હરેક પરગણાંઓ કુ, ચૂ, અને હીનમાં ઘણી સારી ચોકસાઇથી વેહેંચાએલાંછે. એ પરમાણે તેમાં ઘણી સારી રીતે ભાગો થાએલાછે; અને તેથી કરીને સંઘલે ઠે કાણે કાએદા સર હુકુમત ચલાવાને ઘણું સવલ પડેછે.

હવે ચીનનાં જે પાહાડોની મુખીઅ હારો ચાલેલીછે તે વીશે કેટલુંએક આગલ કહેલુંછે; અને વલી જુદાં જુદાં સંસથાનોનાં અહવાલમાં એ બાબત ઊપર વધારે ખોલીઆ મો આવશે: તેથી કરીને અંહીઆ નદીઓની બીનાં લખી આમો આવીછે. ઇઆંગ તજીકીઆંગ જે એશીઆ ખંડની સંઘલી નદીઓ કરતાંને ઘણીજ મોહોટી નદીછે, તે ૨૯૯૦ મૈલ લાંબીછે. અને તે મોંગોલીઆનો દખણ તરફનો ભાગ જે કોકોનોર અથવા તસીંગહાઇછે, તેનાં પશચમ તરફનાં ભાગમાંથી ઊપજીછે; અને તાંહાં તેને મુરહૂશૂ કરીને કેહે છે. તેનો ઓગાન માલમ પડીઓ નથી; પણ તે પીકીનની પશચમ દશાથી શુમારે ૨૬ અંશ ને ૩૦ કલાની લંબાન માં અને ૩૦ અંશની પોહોલાણમાંછે. તેની તરણ જુ દી જુદી દગાલો પૂરવ તરફ કાટીને વુશૂતૂસજીતુ નાંમ ની જગા આગલ ૩૬ અંશની ચોરણમાં એકઠી થાએ છે. અને તાંહાંથી તે નદી અગાની કોણ તરફ ચાલીને સ જીચુએનનાં સંસથાનમાં જાએછે. તસીંગહાઇમાં પણ તે નાં કાંઠાઓ પર ઘણીએક જગા વસેલીછે; તે ઊપરથી મા

લમ પડેચ કે લગાભગ એ આખી નદી વાંહાંણે ખેડીઆ જો
ગા હશે. સજીચુએનમાં ઇઆલાંગાકીઆંગ નાંમની નદી
તેમાં મલીઆ પછી, તેને કીનશા (એટલે શ્રુનેરી રજ)કરી
ને કેહેછે; કાંએજે તેમાંથી એ ધાત કદાચ મલી આવતું હ
શે. એ જગોએથી તે બરોબર દખણ દશાએ ૨૮ અંશની
ચોરણ શ્રુધી ચાલીને, તાંહાંથી થોડોએક કાવો લેઇને પાછી
દખણ દશા તરપ જાએછે. તે છેક ઇઊનનાનનાંનાંકાં શ્રુધી ૨૬
અંશની ચોરણ વેર ચાલીને, મીઆઔજી લોકોનાં દેશાંમાં થા
ઇને ઉતર તરપ પરેછે. અને પછી એકાએક પશચંમ તરપ પા
ટીને માકુકુ કેજે તેનાં કાંઠાઓ પર પેહેલ વેહેલું મોહોટું સેહેર
આવેલુંછે તેમાથી ચાલી ગીઆ પછી, શ્રૂચૂ આગલ ઇઆંગ
કીઆંગ નાંમે એક ઘણી મોહોટી નદીનોં પાણી તેને મલેછે. હ
વે તે ઇસાન કોણ તરપ ચાલેછે; અને તે તરપનાં કાંઠાઓ પર
ચીલીલીઊચૂ અને કીઆંગકઇહઇન એ સેહેરો બાધેલાંછે. ચુ
ગકીગાકુ આગલ ૨૯ અંશ અને ૪૯ કલાની ચોરણમાં અ
ને ગરીનીચની પૂરવ દશાથી ૧૦૬ અંશ અને ૪૦ કલાની
લંબાનમાં તેને કીઊહો અથવા તુંગકીઆંન નાંમે એક ઘણી
મોહોટી નદી મલેછે. તેને સજીચુએનમાંથી નીકલતાં તેનાં
કાંઠાઓ પર ઘણાંએક મોહોટાં મોહોટાં સેહેરો વસેલાંછે; અ
ને તેની આસપાસનો સઘલો મુલક ચીનનાં રાજમાં ઘણો
જ ઊપજ ભરેલો ગણાએછે. અને જેવી તે કવેચૂ કુનો શેહેર
આગલ પોહોચેછે, તેઆરે તેકુપીહનાં પરગણામાં જાઇને તે
ની અને કુનાનના પરગણાની વચે તેઓની હદ થાએછે. હવે
તે લગભગ પૂરવ દશાએ ચાલેછે; અને તે તરપનાં કાંઠાઓ
પર વેચુ, ઇલીનચૂ, અને કીનચૂ એ શેહેરો બાંધેલાંછે. તે તુંગ

તીંગ સરોવર અને એ તરફનાં બીજાં કેટલાએક સરોવરો સાથે મલેછે, અને હાનઆંગફુ આગલ ગરીનીચની પૂરવ દશાથી ૧૧૪ અંશ અને ૧૦ કલાની લંબાનમાં તથા ૩૦ અંશ અને ૪૦ કલાની ચોરણમાં હાંગકીઅંગ નદી સાથે જોડાએછે. અને તે ગાનહ્વઈના સંસથાનમાં જાંહાં તલક દાખેલ થાએછે, તાંહાં શુધી વૂચાંગફુ, વાંગચૂફુ, અને કીચૂ એ પરગણાઓમાંથી જાએછે. અને તેને આટલી બધી નદીઓ જે આવી મલેલીછે, તેથી કરીને તે એ જગોએ ઘણી મોહોટી નદી થાએછે. અને નગાનકીંગફુ, ચીચૂફુ, ઠુઇચૂ, હોચૂ, તાઇપીંગફુ, અને બીજાં પરગણાઓમાંથી જતાં વલી તે ઇસાન કોણ તરફ ચાલેછે. અને નાનકીંગ આગલથી તે બરોબર પૂરવ દશાએ જાએછે; અને કવાચૂ, ચીંગકીઆંગફુ, અને બીજી ઉતરતી જગાઓ નાનકીંગની પૂરવ દશા તરફથી તેનાં કાંઠાઓ પર આવેલીછે. હવે તે ૩૧ અંશ અને ૩૪ કલાની ચોરણમાં તથા ગરીનીચની પૂરવ દશાથી ૧૨૦ અંશ અને ૩૨ કલાની લંબાનમાં સમુદર સાથે આવી મલેછે; અને એ જગોએ તેની પોહોલાઇ ૧૫ થીતે ૨૦ મેલ શુધીનીછે, અને તેમાં ઘસડાઇ આવેલાં મટોડા અથવા કાદવથી તશુંગમીંગનું ટાપૂ અને ઘણાંએક ટેકડાઓ થાએલાછે. એ નદી સાથે નાલાંઓ જોડાઆથી આખા રાજમાં સંધેસો ચાલેછે; અનેતે ચીન અને વચલા એશીઆ ખંડના મુલકોની કુંચીછે. અને જો સારીપખે ખોલ કીધામાં આવેતો એ નદી ઉપરથી બંગાલા અને બરમાહ તરફ આવવાનો મારગ મલી આવે *

ચીનની તવારીખમાં ઘણીજ મશહુર થાએલી નદી

વહાંગહો અથવા પીલી નદીછે, કે જેને ચીના લોકો મોહોટા આદરમાનથી માંનેછે. તેનો ઓગાન ઇઆંગાતજીકીઆંગાનાં ઓગાનની પડોસમાં સીગાશુહુહાઇનાં પરગાણામાં વધારે ઉતર તરફથીછે; પણ હજુર શુધી માલમ પડીહૂં નથી કે તે કેઇ જગાઓમાંથી ઉપજેછે. તેની લંબાઇ ૨૬૨૫ મૈલછે, અને તે ભૂગોલ ઉપરની બીજે વાંધેની નદીઓમાં ગણાએછે. તે કાનશુહ તરફ જતાં છેક સજીચુએનનાં નાંકાં વેર ચાલીછે, અને તાંહાંથી જાંહાં શુધી શેનસીનાં સંસથાન વેર પોહોચેછે, તાંહાં શુધી તે ઇસાન કોણાં તરફ ચાલેછે. અને શેનસીથી તે બરોબર ઉતર દશાએ ઓરતુસ મોંગોલ લોકોનાં પરાંતમાં જાએછે. તે છેક કોબીનાં રાન આગલ આવીને પાછી દખણ દશાએ શેનસી અને શાનસીની વચે ચાલેછે; અને પછી પૂરવ તરફ ફરીને હોનાન, શાનટંગ, અને કીઆંગાશૂ એ પરગાણાઓમાં થાઇને પીલા સમુદરમાં જાએછે. તેની ચાલ ઘણી ઉતાવલીછે, અને તેનાં પાણીમાં પીલી મટોડી ભેલાએલીછે; તેથી કરીને તે ઉપર વાંહાંણો ખેડવાને ઘણું મુશકેલ પડેછે, અને તેનાં મોહોડાં આગલ જે મટોડાનાં ટેકડાઓ થાઆછે, તે લગાભગ કેંસી મૈલ શૂધી સમુદરમાં ચાલેલાછે, તેથી કરીને તેમાં પેસતાંજ ઘણી અડચણ અને જોખમ ભરેલુંછે. હવાંગહો અને ઇઆંગાતજીકીઆંગા એ બંધે નદીઓનાં પાંણી ઘણીવાર ઉભરીને ભારે નુકસાની ભરેલી રેલ ચહડી આવેછે; અને જોકે ચીનાઓએ ઘણીએક મેહેનત કરીને તેનાં કીનારાઓ પર પાણીનાં અટકાવને સારૂં મોહોટી મોહોટી પાલો બાંધેલીછે, તે પણ ભાંજીને ફરતા ૩૦ મૈલ શુધીનાં મુલકમાં પાંણી ચહડી આવેછે *

હ્યાંગતજ્ઞીઆંગ અને વહાંગહો એ નદીઓની વચે હ્વઇહો નાંમે નદી હોનાનનાં સંસથાનમાંથી પૂરવ તરફ જાએછે. યૂઞીઆંગ નદી જે ફતાન આગલ સમુદરમાં મલેછે, તે હ્રૂનનાન આગલથી નીકલીને કુવાંગાસી અને કુવાંગ તંગ એ સંસથાનોમાંથી પૂરવ તરફ જાએછે; તેની લંબાઇ ૫૦૦ મૈલ ગણાએછે. હોલીઞીઆંગ નદીબી હ્રૂનનાનમાં થી રૂપજેછે, અને તેનાં પાણીથી તોનકીનનાં મેદાનો તર થાએછે. સાલુએન નદી જે બરમા અને પેગુમાં થાઇને દખણ તરફ જાએછે, તે કોકોનોર માંથી રૂપજેછે, પણ હ્રૂનનાંનનાં સંસથાનમાં ચાલેલીછે *

એ નદીઓ સાથે જે ચીનાઓએ નાલાંઓ ખોડીને જોડી આંછે, તેથી કરીને બારકસો ખેડવાને અને જમીનને પાણીથી તર કરવાને ઘણું સારી રીતે સવલ પડેછે. ચીનમાંનુ મોહોટું નાલું જે શુમારે ૬૬૦ મૈલ લાંબુંછે, તે કુબાલાઇ શાહેશાહની કોશેશ અને ચાલાકીની સદા ચાલુ રેહે હેવી નીશાન છે; અને તેને ચીના લોકો હ્રૂનહો (શેતારાને જવાનો મારગ) અથવા હ્રૂહો (પાદશાહી નદી) કરીને કેહેછે. તે નાલું હાંગચૂ જે ચીઞીઆંગનું પાએતખત સેહેરછે, તાંહાંથી શુરૂ થાએછે; અને હ્યાંગતજ્ઞીઆંગ અને હ્વાંગહો એ બંધે નદીઓમાં તેઓનાં મોહોડાં આગલથી થાઇને આખા ઞીઆંગશૂનાં પરગણામાં ચાલીને શાંનતંગમાં દાખેલ થાએછે, અને તાંહાંથી નીકલીને પીહો નદીમાં મલેછે, કે જે પીચીલીમાં તીનતસીન આગલથી સમુદરમાં જાએછે. ઞીઆંગશુનાં પરગણામાં તેને વાનહો અને હ્વઇ હો નાંમે હોનાનનાં પરગણામાંની નદીઓનાં પાંણી મલેછે. તેને સંસથાનોમાંનો

અનાજ પાએતખતનાં સેહેરમાં લેઇ આવવાને સારૂં અગાત
કરીને ખોડીલૂંછે, પણ તેની સાથે બીજાં નહાનાં નાલાંઓ
જોડાઆથી નદીઓ પર ફરનારી સંઘલી તરાહની હોડી
ઓને આવા જવાનો ઉઘાડો મારગ થાઓછે ❁

હ્વાંગહો નદીનાં પાંણીનાં જોરથી તેને કાંઇ નુકશાન ન
હી પોહોંચવાને સારૂ તથા તેમાંથી અનાજના જંુકો લેઇજવા
ને સારૂં પુગતું પાંણી પોહોચાડીઆ ઉપર ઘણી મેહેનત અ
ને ખબરદારી લીધીછે, તોપણ જેઆરે વરશાદ પડતો નથી
તેઆરે તેમાં ઘણીએક જગોએ ૩ ફુટથી વધારે પાંણી રેહે
તા નથી, અને તેથી ફરીને બારકસો ખેડવાને ઘણી અડ
ચણ પડેછે. તેનાં પાણી કાહાડવાનાં દરવાજાઓ અને તેનાં
કીનારાઓ પરની પાલો ઘણી સારી રીતે બાંધેલીછે, અને
તેથી ફરીને એ નાલુ બાંધનાર ધણીની ચતરાઇ માલમ પ
ડેછે. કીઆંગસીનાં પરગાણામાં બે નહાની નદીઓ એક બી
જી સાથે જોડેલીછે, તે મધેની એક નદી કુનાનનાં પરગાણા
માં થાઇને ઇઆંગતજીકીઆંગ નદીમાં જાએછે, અને બી
જી નદી ચુકીઆંગ (અથવા કનતાનની) નદીમાં જાએછે,
અને તે કુવાંગટંગનાં પરગાણામાં ચાલેલીછે ; તેથી ફરીને કં
નતાન થીતે છેક પીકીંગ શુધી પાણીને મારગે જવાઇ શકા
એછે, તોપણ મૈલીનનાં મારગોથી ઘણું ફરીને જાએછે, કાંકે
તે રસતો ટુંકો પડેછે. એ પરમાંણે ચીનનું આખું રાજ તેનાં સં
ઘલા સંસથાનોનાં નાલાં નદીઓથી જોડાએછે, અને તેથી
ફરીને માલ બાવા લેઇજવાને તથા ચોખાનાં ખેતરોને પાણી
થી તર કરવાને ઘણું સવલ પડેછે ❁

ચીનનાં વચલા ભાગમાં કેટલાએક મોહોટાં મોહોટાં સ

રોવરો આવેલાછે; અને કુનાન અને કુપીહ એ સંસથાનો જે તે સરોવરોની દખણ અને ઉતર દશાએ આવેલાંછે, તે ઉપ રથી તેઓના નાંમો પડીઆંછે. તે સરોવરોમાં મુખીઅ સ રોવર જે તુંગતીંગહુ નાંમે કુનાનનાં સંસથાનમાંછે, તે વીશે કહેછે કે ૨૨૦ મૈલનાં ઘેરાવામાંછે. અને તેમાંથી કેટલીએ ક નહાંની નદીઓ યાઆંગતજીકીઆંગામાં જાએછે. પો યાઆંગ નાંમે કીઆંગાસીનાં સંસથાનમાં જે સરોવરછે, તે હેવો મોહોટો નથી, પણ તેમાંથી ચાર નદીઓ વેહેછે; અને તે નદીઓ તેમાંથી યાઆંગતજીકીઆંગા નદીમાં જાય મ ળેછે. અહીંઆં જોકે યાઆંગતજીકીઆંગા નદી સમુદરથી તરણ સો મૈલ દુરછે, તોપણ તેમાં ભરતી ઓટ લાગેછે. અ ને તેનાં સોભીતા કાંઠાઓ પર બેશીને ચીનાં શાએરો પોતા નાં ખેઆલ ભરેલા કવેતો બનાવેછે. એ પોયાઆંગાનાં સરો વરમાં જે એકાએક તોફાન થાય આવેછે, તેથી કરીને બા રકસો ખેડવાને નુકસાની ભરેલુંછે. તાયહુ નાંમે સરોવર જે કીઆંગશૂમાંનાં શૂચૂની અને ચીકીઆંગામાંનાં હુગચૂની વચેછે, તે પોતાની સારી સોભા ઉપરથી વખાનાએલોછે. હુંગસીહુ નાંમે સરોવર જે કીઆંગશૂમાંછે, તે પીલી નદી અને મોહોટાં નાલાનાં સંજોગ આગલ આવેલોછે. અને તે ઘ ણી સારી જગોએછે, તેસાઉ તેમાં નદીઓ પરની હોડી ઓ ઘણી ફરેછે ❀

હવે ચીનનાં સંસથાનોના નાંમો જે પાડેલાંછે, તે વીશેનો કાંય ખુલાશો આપીએછે. આગલ કહેલુંછે કે કુપીહ અને કુનાન એ સંસથાનોના નાંમો જે તેઓમાં સરોવરો આવેલાછે તે ઉપરથી પડીઆંછે. કુવાંગસી અને કુવાંગટુંગ એ સંસથા

નોની પોહોલાઇ ઉપરથી તેઓનાં નાંમોનો અરથ પશ્ચમ અને પૂરવ તરફની પોહોલાનનો થાએછે. કીઆંગસીનો અરથ નદી (કાંનકીઆંગ) ની પશ્ચમ તરફનો થાએછે. અને હોનાંનનો અરથ નદી (પીલી નદી) ની દખણ તરફનો થાએછે. ચીકીઆંગનાં સંસથાનનું નાંમ એજ નાંમની નદી ઉપરથીછે. કીઆંગશૂ એટલે ખૂશાલ કરનારી નદી એમ મોહોટી ઇઆંગતજીકીઆંગ નદી ઉપરથી પડીઉંછે. શાનસી, એટલે પાહાડોની પશ્ચમ તરફ, અને શાંનટંગ, એટલે પાહાડોની પૂરવ તરફ, એમ તેઓની વચે જે પાહાડો આવેલાછે, તે ઉપરથી તેઓનાં નાંમો પડીઆંછે. સજીચુએન એટલે ચાર નેહેરો એમ ચાર નદીઓ જે સરખીની સરખી કીનશા અથવા ઇઆંગતજીકીઆંગ નદીમાં વેહેછે તે ઉપરથીછે. કવેચૂ એટલે દરવવાન પરગણું એમ તેમાં જે ધાતુની ખાનોછે, તે ઉપરથી તેનું નાંમ પાડીઉંછે. અને ઇઊનનાન એટલે પાહાડોની દખણ તરફ એમ તે પાહાડોની ઉપર જે હમેશાં વાદલાનો ઘેરો રેહેછે તે ઉપરથીછે; અને તે પાહાડો ઇઊનાન અને કવેચૂનાં સંસથાનની વચે આવેલાછે. એ પરમાંણે બીજાં ચાર સંસથાનોના નાંમોબી ઘણાં ખેઆલ ભરેલાંછે; અને તેઓનો ખુલાસો જુલેમ બેરાબર ઉતરેછે *

ચીનનાં દેશની આબોહવા થોડા તફાવતથી એશીઆ ખંડની આબોહવાને લગતીછે. માનશૂનનો વાઇઊ અથવા સોસો કંનતાનના શેહેરથી વધારે આગલ વધતો નથી. ટેફુનનાં ભારી તોફાંનો ઘણું કરીને જુલાઇ મહીનાનાં પખવાડીઆમો તથા અકટોબર મહીનાનાં પેહેલાં અઠવાડીઆ

ઓ થાએછે. અને તે તોપાંનો ઘણાંજ ભએઅંકાર અને નુકસાંની ભરેલાંછે, પણ તેઓ કંનતાનથી વધારે દૂર પોહોંચતાં નથી. કોસતાઓ આગલ પવન ઘણું કરીને બરાબર ફુંકેછે. ફારમોસાની ખાડીમાં વરશમાં નવ મહીનાં શુધી ઇસાન કોણ તરફથી પવન ફુંકેછે; અને તેથી વધારે ઉતર તરફ ઘણોખરો વાઇવૂ કોણનો પવન નીકલેછે. ચીનના માંહેલા ભાગોમાં પાહાડોની હારો અને હેવા બીજા જાતી અટકાવોનાં શુમાર પરમાંણે પવન ફુંકેછે. અને તે દેશની આબોહવા ઘણું કરીને સારી અને શૂખાકારી ભરેલી તથા ઉમરદરાજીને મોઆફકછે ❀

ભાગ તરીજો ◆

ચીનનાં આખા રાજની જાતી પેદાએશ ◆

જનાવરો વીશે ◆

ચીનનાં દેશમાં પાલવાનાં જનાવરો કાંઇ ઘણું પુશકલ નથી. ચીના લોકો જનાવરોનાં ખોરાક કરતાને જાડપાન નો ખોરાક વધારે પસંદ કરેછે, અને વલી તે સાથે તેઓ દુધ માખણનો ખોરાક પસંદ કરતા નથી; તેથી કરીને તેઓને કેવી આધારની જીનસોને સારૂ ઢોરો પાલવાની કાંઇ અગાત નથી. સંઘલા જનાવરોનાં ખોરાક કરતાને ગાએનું ગોસત તેઓમાં કાંઇ જુજવીજ કામ આવેછે; કાંએ જે ઘણાખરા ચીના લોકો ધરમ આચારના સબબ ઉપરથી તેને મુતલક ખાતા નથી. પણ ચીનને તાબુકેનાં ઉતર અને પશચમ તરફના મુલકોમાં તેથી સંઘલું ઉલટુંછે, અને તે તરફનાં ભટકતા ફરનારા લોકો માંસનાં ખોરાક ઉપર પોતાનું ઘણુંખરૂં ગુજરાન ચલાવેછે; અને દુધ તેઓનાં ખાધા પીધામાં ઘણું કામ આવેછે. ચીનનાં દેશમા જંગલીજનાવરો ઘણાં જુજવીછે; કાંકે લગાલગ સંઘલો દેશ તેનાં પાકાડો ભરેલા પરગાણાઓ સીવાએ જંગલ જાડીથી સાફ થએલોછે, તેથી કરીને તેમાં તે જનાવરોને આસરો મલતો નથી ◆

ચીનનાં ઘોડાઓ ઘણા નહાના અને ઠંડાછે; પણ તેઓ
ને પાલવામાં બરોબર ખબરદારી લેતા નથી તેથી ફરીને હે
વા થાએછે. માનચૂ ઘોડાઓ ઘણાં વધારે મોહોટા નથી, પણ
તેઓ ઘણાં મજબૂતછે, અને જમીન ખેડીઆનાં કામમો
આવેછે. શાંનટંગ અને સેંજીચુએનનાં ઘોડાઓ ઘણા વખ
ણાએલાછે. ચીનનાં રાજનાં દખણ તરફનાં મુલકો કરતાને
ઉતર તરફનાં મુલકોમાં ઘોડાઓ ઘણાંછે; અને બરશો વરશ
મોંગોલીઆમાંથી ઘણાએક હજાર ઘોડાઓ ઉતર અને પ
શચમ તરફનાં સંસથાનોમાં જાએછે. તાતારી ઘોડાઓ અ
રબી ઘોડા કરતાને ઘણાં ઉતરતાછે, કાંકે તેવો અરબી
ઘોડા જેવા તેજ નથી તથા તેઓની ચાલ અરબી ઘોડાની
કાંની ચલાકી ભરેલી નથી; પણ તેઓ ઘણાં મેહેનતુછે,
અને ભૂખ ઘણી સોસી શકેછે ❀

ઉંઠો તાતારીનાં મેદાનોમાં ઘણાંછે, અને થોડાંએક વલી
ઉતર તરફના સંસથાનોમાંબી મલેછે. ઉંઠના ગોશતમાંથી
જે ચરબી નીકલેછે તે ખોરાકમાં કામ આવેછે. જેકે ઉંઠો
જે પરમાણે આરબસતાનનાં રાંનમાં કામ આવેછે, તેજ પર
માણે કોબીનાં રાંનમાં પણ કામ આવેછે. તોપણ અરબ લો
કો કરતાંને તાતાર લોકો તેઓ ઉપર થોડુજ ધેઆંન પો
હોચાડેછે ❀

નાંધલી જાતનાં બલદો ચીનમાં ઘણાંછે, અને તેઓ હે
ડ ખેડીઆનાજ કામમાં આવેછે. ભેંસ દખણ તરફનાં સંસ
થાનોમાં સંઘલે ઠેકાંણે મલેછે. ડુકરો પાલવામાં ચીના લો
કો ઘણી સારી ખબરદારી કરેછે; કાંકે તેઓને ચીના લો
કો ઘણાં પસંદ કરેછે ❀

મેંઢાંઓ જોકે ચીનમાં મલેછે, તોપણ તેઓ ઉપર કાંઇ ખબરદારી લેતા નથી. માનચૂરીઆમાં મેંઢાંઓનાં ઘણાં મોહોટાં ટોલાંઓછે; અને તાતારીનાં પશ્ચમ તરફનાં પરાંતમાં લાંબી પુછડી વાલાં મેંઢાંઓ ઘણાં મોહોટાં થાએછે. અને તીબેતનાં મેંઢાંઓની ઉન ઘણી જાડી અને ભારી થાએછે, અને તેઓ બોજો ઉઠાવી શકે હેવાં મોહોટાં અને મજબુતછે ॰

બકરાંઓ ઘણું કરીને ચીનનાં પાહાડો ભરેલા પરગણાંઓમાં ઘણાં પુશકલછે; પણ તેઓ નહાનાં થાએછે, અને દુધ કદીજ આપેછે. જે બકરાંઓનાં બાલની શાલ બનેછે, તે તીબેતનાં દેશમાંજ થાએછે. તે બકરાંઓ કાલાં, સફેદ, અને આસમાંની રંગનાંછે; અને તેઓનાં સીંગડાં સીધાં હોએછે. શાલ બનાવાનાં કામમાં જે ઉન આવેછે, તે તેઓનાં ચામડાં પરનાં નરમ રૂઉંઆંછે, અને લાંબા બાલોથી ઢંકાએલાં રેહેછે. અને જોકે ઘણીએક અજમાએશ કીધામાં આવીછે, તોપણ એ જનાવરો દુનીઆના બીજા ભાગોમાં પલતાં નથી ॰

તીબેતમાં વલી ભરાલ જનાવર જે થાએછે, તે હરણ અને મેંઢાંનાં જેવુંછે; અને તેનાં ચાંમડાં પરનાં બાલ નરમ અને ભોલા રંગનાંછે. તીબેતમાંનાં ઉનવાલાં જનાવરો દુનીઆના બીજા ભાગો કરતાને ઘણાં તરેહે તરેહનાં રંગનાં હોએછે. અને તાંહાંનાં લોકો વલી ઉનનાં કપડાં સારી રીતે વણી જાણેછે; અને ચીન દેશ ખાતે મોકલવાને સારૂ ચામડાંઓ પણ તઇઆર કરી જાણેછે. તેઓ ઘણીજ સરસ જાતનાં ચાં

ગડાંઓ બકરાંની ગાલણ માદીઓને મારીને તેમાંનાં ગાલ અથવા બચાં ઉપરથી કાહાડેછે. ચીનનાં આખા મુલકમાં એક જ જાતનાં કુતરાંઓછે; અને તે કુતરા ઘણા ગરીબ અને પાલેલા હોએછે. ચીનમાં ઘોડા કાંઇ ઘણાં નથી; અને તે ઓરતોને બેશી ફરવાને કાંમ આવેછે ❁

ચીનનાં મુલકમાં સંઘલાં જંગાલી જનાવરો કરતાંને વાઘ ઘણાંજછે; તોપણ તેઓ વસતી ભરેલાં પરગાણાઓમાં જે આમાં આવતાં નથી. અને એ જનાવરો વીશે કેહેછે કે તાતારીની ઉતર તરફની રેહેછે. વાઘનું કાબરચીતરું ચામડું લશકરી સીપાહીઓ ઘણું પસંદ કરેછે; અને તેનો પીતો અને હાડકાં તેઓ પોતાનાં ખાવાનાં ખોરાકમાં મેલવેછે, કાંએકે તેઓ હેવું સમજેછે જે તે ખાધાથી તેઓ વાઘનાં જેવા હીમતવાન થાએ. ચીનમાં ચીતા અને રીછો બી કદી કદી મલેછે; અને તાંહાંનાં લોકો રીછના પંજાને ખાધામાં ઘણોજ લેજતદાર લેખેછે. જંગાલી ઘોડાંઓ જે રૂશીઆનની તરફનાં નાંકાંઓ પર રેહેછે, તે ઘણાંજ મજબૂતછે, અને હેવાંતો તુંનદછે કે તેઓ પલતાં નથી. તાંહાં કેટલીએક જાતનાં સાંબરોછે; અને તેઓ માનચૂ તાતારીના જંગાલોમાં ઘણાંછે, પણ ચીનમાં કદીજ મલેછે ❁

કસતૂરી મરૂગ, તીબેત તથા પશચમ તરફની તાતારીમાં અને તેઓની પડોસનાં ચીનનાં સંસથાનોમાં મલેછે. તે હરણની જાતનું જનાવરછે; અને આસરે ડુકરનાં જેટલું મોહોટું થાએછે. અને તેનું નહાનું માંડું અને પછવાડેથી ગોળ પુઠું હોએછે; અને તેનાં પગો નાજુક અને પાતલાછે. તેને પુછડું નથી તથા તેનાં અંગ ઉપર કાંટા સરીખા લાં

બા બાલ હોએછે; અને તેની ઉપલી દાહાડમાંથી બે વાં
કા દાંતો ઉતરતા નીકલેલા હોએછે. અને તે જનાવરનાં
નરનાં ડુંટા આગલથી ગ્મસડાંનાં જેવી પોટલીજે થાએછે,
તેમાંથી કસતૂરી નીકલેછે. અને તે જીવતું હોએ તેજવખ
તે તે પોટલીને તાબરતોબ બાંધી લેઇને કાહાડવી જો
ઇએચ; અગર નહીંતો કસતૂરી તેનાં ચામડામાં સોસા
ઇને તેમાંથી વાસ ઉડી જાએછે. તીબેતમાં તે જનાવરો
તાંહાની સરકારને તાબુકે ગણાએછે. અને તેઓને સરકા
રનાં હોકમ વગરે પકડતા નથી. તે જનાવરો ઘણાંજ ઠંડા દેશનાં
પાહાડો પર સારીપખે રેહેછે, અને માણસનાં હાતમાં આ
વવાં ઘણાં મુશકેલ પડેછે ❀

ચીનનાં દખણ તરફનાં ભાગોમાં ફેટસીએક° જાતનાં
વાંદરાઓ મલેછે. અને તાતારીનાં મોહોટાં મેદાનો જે સારી
પખે વસતી ભરેલાં નથી, તેથી કરીને તેમાં સંઘલી તરેહ
નાં હરણની જાતનાં તથા બાલદાર ચામડાંનાં જનાવરો ઘ
ણાં પૂશકલ રેહેછે ❀

ચીનમાં પંખેરૂ જનાવરો ઘણી તરેહ તરેહના નથી;
તોપણ તે વીશે આપણને થોડુંજ માલમ પડીઊંછે. ચીનનાં
હરેક પરગણાઓમાં મરઘાં બટકાંની જાતનાં પાલવાનાં
જનાવરો ઘણાં પૂશકલછે. ફોકીએન અને ચીકીઆંગનાં
પરગણાઓમાં ઘણાં સારાં અને મોહોટાં હાંસો મલેછે. ન
દીઓની પડોસમાં લોકો ખાખશ્રૂસ બટકાં પાલવાને સારૂં
પોતાની હોડીઓ રાખેછે; અને તે જનાવરોને હવાંતો સીક
વેછે કે સીસોરીની ઇશારતથી તેઓ પાછાં આવેછે; ઠંડીમી

મોસમમાં ઘણાંએક ટોલાંનાં ટોલા જંગલી બટકો અને હં
સોનાં મલેછે; કાંકે તેઓ વસંત રૂતમાં માનચૂરીઆ અ
ને સીબીરીઆ તરફ જાએછે, અને જેઆરે પાછી ઠંડ બેસેછે
તેઆરે તેઓ પાછાં પોતાનાં અગાઉનાં ઠેકાણાં તરફ આવે
છે. એક જાતનાં ઘણાં નેહાનાં બટકો કંતાનનાં સંસથાન
માં ઘણાંજ પૂશકલ આવેછે; અને ખાધામાં ઘણાં સારાં હો
એછે. પાહાડો ભરેલાં પરગણાઓમાં ઓકાબ પખસી ઘણાંછે.
હાઇટસીન નાંમે એક જાતનો બાજ પખસી કે જે પાદશા
હને તાબુકે ગણાએછે, તે ચીકીઆંગામાંનાં હંગચૂકુમાંજ મા
તર મલેછે. ચીનમાં કાગડા ચલીઆંબી બીજાં દેશોની કા
ની ઘણાંછે ॥

હેવી એક જાતની સોરી કે જેને ચીના લોકો પાંણીમાં
ડુબકી મારીને માછલી પકડવા સીખવેછે, તે ઘણી કાંમ આ
વેછે. તે જનાવરનાં ગલામાં એક લોહોડાની કડી પેહેરાવે
છે, કે તેથી કરીને તેનાંથી માછલી ગરાઇ નહી શકાએ. અ
ને તેને હેવું તો કેરવેછે કે તે કદીજ પોતાનાં ધણી પાસે આ
વીઆ વગાર રેહેછે; અને તેનાં બદલામાં તે જે શેકાર પક
ડી લાવેછે, તેમાંથી તેને થોડુંએક ખાવાને નાખેછે. ચીન
માં હેવીએક જાતનાં શુનેરી અને રૂપેરી રંગનાં જંગલીમ
રઘાઓ ઘણાંજ સોભીતા થાએછે; અને તેઓ કેટલાંએક
પરગણાઓમાં એટલાંતો પૂશકલ મલેછે, કે ઘણાંખરાં ગરીબ
લોકોનાં ખાધામાં પણ આવેછે. ખબુતરોબી ચીનમાં ઘણાં
છે; પણ તેઓને ચીનાં લોકો કદીજ પાલેછે. માંનદરીન નાં
મનાં બટકો જેઓને ચીનાં લોકો પરીતનાં સંબંધની ઇધા
ણી કરી લેખેછે, તેઓ પોજઆંગ સરોવરની પડોસમાં રે

કેછે. અને તેઓના પીછ ઘણાં સોભેતાંછે, પણ તેઓ ઘણાં ચોકેસછે ; તોપણ તેઓ ઊતાવલેથી પલેછે. શ્રુનેરી મરઘી જે માતર સજીચુએનનાં પરગણાંમાંજ મલેછે, તે ઘણું સોભેતું જનાવરછે, તે સાથે તેનાં પીછ શ્રુનેરી મરઘાનાં પીછ કરતાંનેભી ઘણાં સરસછે ; પણ કેહવું માલમ પડેચ કે તે જનાવરસે ચીનનાં રાજનાં બીજા ભાગોમાં પણ રેહી શકતાં નથી. હવે ચીનમાં ઘણાં થોડાં જંગલેછે, તે સાથે ઘણાં સારા વસેલાં પરગણાઓમાં પણ ઘણાં ઝાડો નથી ; તેથી ફરીને ગાએનવાલાં પંખેરાં કાંઇ જુજવીજ જોઆમો આવેછે.

ચીનમાં ઘણીએક જાતની માછલી મલેછે. શ્રુનેરી અને રૂપેરી રંગાની માછલી જે એક આંગલ જેટલી મોહોટી થાએછે, તેને ચીનાં લોકો કાચનાં વાસણમાં સોભાને સાંરૂ રાખેછે. તે માછલીનાં નરનો રંગ માથાંથી તે અરધી પીઠ શ્રુધી ઘણો સોભેતો રાતોછે ; અને બાકીનો સંઘલો ભાગ શ્રુનેરીછે. અને માંદી સંઘલી રૂપેરી રંગાની થાએછે. એ બંધે માછલીઓ ઘણી નાજુકછે ; અને માતર પાંણીમાંનાં ઝીનાં જીવ ખાઇને રેહેછે, અને ગરમી સરદી પણ જુજવીજ ખમી સકેછે. ઇઆંગતજીક્રીઆંગ નદીની પડોસમાં પીલા રંગાની માછલી મલેછે, તેને જો તાજી ખાધી હોએતો ઘણી બેસવાદ મારેછે; પણ બરફમાં રાખીઆથી ઘણી લેજતદાર થાએછે. બીજી જાતની માછલીઓ ઘણીછે, પણ તેઓ વીસે લખવાને કાંઇ જરૂજ અગત નથી. કેટલાએક કોસતાઓ આગલ ખાધામાં આવે હેવાં કાબુઓ ખુશકલ થાએછે ; અને ચીનાં લોકો તેઓને રેહેવાની જગા કરવામાં ઘણાં ખબરદારછે. માંનચૂરીઆમાંની નદીઓમાં મોટીનાં

કાલુઓ મલેછે, પણ તેઓને પકડવાની જગો સંઘલી ચીનનાં પાદશાહને તાબેછે ❁

ચીનમાં ઘણીએક જાતનાં જેહેરી સાંપો, વીછુ, કાનકચૂરા જોઆમાં આવતા નથી. અને કેટલાએક પરગણાઓમાં તેઓ મુતલક છેજ નહીં. પણ તીર એ જનાવરથી અનાજની એવી તો ખરાબી થાએછે, કે જેથી કરીને હજારો હજાર માણસો ભૂખે મરેછે. અને જોકે તે જનાવરો ઘણું કરીને પશ્ચમ તરફનાં સંસથાનોમાં નીકલેછે, તોપણ તેઓ ઘણીવાર શાકાંટંગ અને પીચીલીનાં સંસથાન સુધી જાએછે, અને સો સો મૈલનાં ઘેરાવા સુધીનો દેશ ઉજાડ કરી નાખેછે. તેટલા સાંરૂ લશકરનાં માણસો અને સંઘલા રેહેવાશીઓ તેઓને મારવાને સાંરૂ એકઠા થાએછે ; અને તેઓને હાંકી કાહાડવાને સાંરૂ થાલીઓ અને ઢોલો વજાડેછે ; તોપણ તે સંઘલી મેહેનત ઘણીવાર અકારથ જાએછે ❁

સંઘલાં જીનાં જનાવરોમાં રેશમનો કીડો ઘણોજ કામ આવેછે. અને ચીનનો દેશ ઘણોંજ અગાઊનાં વખતથી પોતાનાં રેશમ થકી પરસીધ થએલોછે ; અને રેશમનાં કીડાનો અસલ રેહેવાસ પણ ચીનમાંછે, અને તાંહાંથી દુનીઆનાં બીજા ભાગોમાં તેઓને લેઈ ગીઆછે. તે કીડાઓને પાલવામાં અને તેઓની ખબરદારી રાખવામાં ચીનાઓ બીજાં દેશનાં લોકો કરતાંને ઘણોંજ ખબરદારછે. ચીનનાં સંઘલાં સંસથાનો કરતાને ચીકીઆંગનાં સંસથાનોમાં એ મૂલદાર જીનસની ઉપજ ઘણીજ થાએછે ; અને તાંહાંથી કૂતાનતે મારફતે વરશો વરશ કેટલાએક હજાર પીકલ રેશમ જાએછે, અને ઘણાંએક પરગણાંઓમાં કાચું રેશમ વ

ણવાનાં કાંમને સારૂં પૂરૂં પડછે. તે કીડાઓને જે ઓરડા
ઓમાં રાખેછે તે ઉંચી અને શૂકી જગોએ બાંધેછે; અને તે
માં હવી રીતે કાગજની જાલીઓ મુકેછે, કે જેટલો જોઇ
એ તેટલો ઉજાસ આવે. અને તે ઓરડાઓને તાતવેલી
કહડાઇઓથી અથવા તંદૂરનાં જેવી ભઠીઓથી તેઓ જીવ
તા રેહે એ પરમાણે ગરમ રાખેછે. કાંકે, તે નાજૂક કીડા
ઓને માતર આતશનાં ચમકાહટથી બી નુકસાની પોહો
ચેછે, અને તેથી કરીને આતશની આંચને ધીમી રાખવામાં
ઘણી ખબરદારી લેવી પડેછે. સાદરીઓ ઉપર સાટીપખેપેં
ડો નાખીને કાગજ પાથરેછે, અને તે ઉપર રેસમનાં કીડા
નાં બંધે જાતનાં પતંગીઆં મુકેછે. તે જનાવરો ચોવીસ ક
લાક શુધી સાથે રેહેછે, પછી તેઓને જુદા પાડેછે, અને મા
દાઓને ઇડાં મુકવાને સારૂં મેલેછે, પણ જેવાં તેઓ ઇડાં
મુકી રેહેછે તેવાંજ તેઓને નકામાં જાંણીને જમીનમાં દાટે
છે. પછી તે ઇંડાંઓને કાગજ ઉપર મુકીને શુકવેછે, અને
થોડોએક વાર રેહીને પેલું કાગજ ઇંડાં શુધાં લપેટી લીએ
છે. અને પછી તેઓને બે દાહડા શુધી તાહડા પાંણીમાં
મેલી રાખેછે, અને પેલું લપેટી લીધેલું કાગજ તંગ કરતા
જાએછે, અને કોઇ કોઇવાર તરફે મુકેછે. હવે જેવાં શેતૂ
તનાં ઝાડનાં પાતરાંઓ ફુટેછે, તેવાંજ તે ઇંડાંઓને ઘણી
ખબરદારીથી ખોલલી હવામાં લાવીને શૂરજનાં તાપથી તે
ઓને ગરમ કરીને તથા મધીઅમ ગરમ કીધેલા ઓરડા
ઓમાં રાખીને ફોડેછે. અને થોડોએક વાર પછી તેમાંથી ન
હાની કીડીનાં જેવા આકારનાં કીડાઓ નીકલેછે. અને તે
કીડાઓ જેવા નીકલેછે તેવાજ શેતૂતનાં પાતરાં ઘણાંજ ખા

વા માંડેછે; અને જલદીથી તેઓ મોહોટા થાએછે, અને પોતાનો આકાર બદલેછે. તોપણ જો તેઓની ઉપર ઘણી જ ખબરદારી લીધામાં નહી આવેતો તેઓ જલદીથી મરેછે, અથવા નકામા થાઇ જાએછે. તેવીસ અથવા ચોવીશ દાહાડાની અંદર તેઓ ભૂખતા થાએછે; અને પછી આસતે આસતે ખાવાનું ઘણું કંમ કરેછે, અને પોતાનું જાળું ગુંથવા માંડેછે. એ પરમાણે તે સાત દાહાડામાં પોતાની આસે પાસે પોતાનું જાળું ગુંથી લીએછે, અને બીજા સાત દાહાડામાં.તે કીડાઓ પોતાનું જાળું ફાડીને પતંગીઆં થાઇ નીકલેછે. પણ માણસ તેની આગલથી જાણીને તે કીડાઓ પોતાનું જાળું ફાડે તેની અગાઊ ગરમ પાંણીની કીટલીઓમાં નાંખીને ઘણી સેહેલ રીતે તે ઉપરનું રેશમ કાહાડી લીએછે, અને માતર થોડુંએક રેશમ તેઓને ફરીથી ઉપજાવવાને સારૂ રાખેછે ॥

ઝાડપાન વીશે ॥

એ ચીનનાં રાજનાં સંઘલા ઝાડપાન વીશે બરોબર વરણન કરવાને મુશકેલછે. કાંએકે ઘણાંએક ઝાડપાનો હજુર શુધી યુરોપીઆન લોકોને પણ તદન માલમ પાડીઆં નથી; અને બીજાં ઘણાંખરાં વીશે અંહીઆં લખવાની અગત નથી. વલી ચીનાં લોકો કામમાં આવે હેવાં ઝાડો ઉપર પોતાનું ધ્યેઆન પોહોંચાડેછે, બાકી બીજાંઓની તપાસ કાંઇ લેતા [illegible] તોપણ તેઓ દવાઇઓમાં જડી બુટી યુરોપીઆન લોકો કરતાંને વધારે વાપરેછે, અને તેને પીછા

નવા ઉપર વધારો ઘણી મેહેનત લીએછે. ચીનનાં ઘણાંખરાં ઝાડો ઘણાં ઉંચાં અને સારીપખે ડાલ પાતરાંથી ભરેલાં થતાં નથી; પણ વલી કેટલાંએક ઝાડો એ દેશમાંજ સારીપખે થાએછે, અને તેઓને બીજા દેશોની જમીન માફક આવતી નથી. ચીનને તાલુકેનાં મુલકોનાં રાનોમાં કાંઇ ઘણી એક જાતનાં ઝાડપાન મલતાં નથી; પણ તીબેટનાં પાહાડો ઉપર અને માનચુરીઆનાં મેદાનોમાં ઘણી તરેહ તરેહનાં ઝાડપાનો થાએછે ❀

ચીનમાં લાકડાં ઘણું કરીને ઘણાં થોડાં મલેછે. જે જે પાહાડો ઉપર સનોબરનાં ઝાડો ઉગી શકેછે, તાંહાં તેજ ઝાડો વાવેછે; પણ પાહાડો ભરેલાં પરગણાંઓ વગર તે દેશમાં ઝાડોનાં જંગલો ઘણાં થોડાંછે; કાંકે તાંહાંની એક તરફ ભાર જગા પણ ખેડાએલી હોએછે. તોપણ માનચૂ તાતારીમાં ઘણાંએક ઝાડોનાં જંગલોછે, તેઆરે પીચીલીમાં ઘેરનાં છાપરાંનાં વાસાંઓ થાએ એટલું પણ લાકડું મલતું નથી. અને પ્રોકીએનમાં ઘેરો સઘલાં પથરનાં બાંધેલાં હોએછે, અને તેઓમાં એક લાકડાંનો કટકો પણ માલમ પડતો નથી. લોહલકડ અથવા સંચારાનું લાકડું જે વાહાણનાં લંગાડનાં કાંમમાં આવેછે તે ચીનમાં મલેછે, પણ સાગનું લાકડું તાંહાં થતું નથી. લીપીહલાશૂ નાંમે મીણનું ઝાડ જે થાએછે તે ઘણું કેહેઆ જોગછે. તે ઝાડનાં મોહોર મીઠા થાએછે, તેથી કરીને તેની ઉપર મધમાખનાં જેવાં ઝીણાં જનાંવરો ઘણાં આવેછે; અને તેની ઉપર જાંહાં સુધી ... રહેછે, તાંહાં સુધી તે જનાવરો મીણ બનાવેછે; અને ... મીણ ... તે થકી ચીનાં લોકો તે ઝાડ ઉપર બેસો જનાવરો: સાકુ આ

લા બનાવેછે, કે તેમાં તેઓ આવીને તે વસ્તુ એકઠી ક
રે. તે મીન ઘણું સરસ થાએછે, તે સાકું જેટલું તે નીકલે
છે તેટલું શાહેંશાહ પાસે મોકલેછે; અને તેને શાહેંશાહ મો
હોટા તેહેવાર ઉપર મીનબતીની ફાંની વાપરેછે. વૃક્ષીઉસુ
હ અથવા ચરબીનું ઝાડ પણ કેહુંજ વખાણાએલુંછે; તેની
છાલ સફેદછે, તેનાં ડાંખરાં પાતલાં થાએછે, અને પાતરાં
ઘેરા લીલા રંગનાંછે. તેનાં ફલનાં ઝૂમખા થાએછે; અને
તે ફલો ઉપર ભોરા રંગની છાલનું ફોટલું હોએછે; અને
તેમાંથી તરણ બીજો નીકલેછે, તે સંધલા ઉપર ચરબી હો
એછે. અને તે બીજોમાં તેલ ઘણું હોએછે, તે કાહાડીને ચેરાગ
બાલવાનાં કામમાં લાવેછે. તે ઝાડો ચીઆંગાસી, ચીઆંગ
નાન, અને ચ્ચીઝીઆંગ એ સંસ્થાનોમાં થાએછે, અને તે
ઓ ઘણાં કામમાં આવેછે; પણ તેઓમાંથી જે ચરબી ની
કલેછે, તે જલદીથી પીગલી જાએછે, અને સારીપખે ખો
લલી બલતી નથી. તેની જે મીનબતીઓ બનાવેછે, તેને
ઘણું કરીને લાલ રંગેછે, અથવા તે ઉપર સુનેરી વરખ ચ
હડાવેછે, અને ફુલોનો ચીતાર કાહાડેછે *

લીતુનશ્રૂ, લીતુનછૂ, અને લીચાછૂ, એ ઝાડોનાં ફલો
માંથી પણ ટેલ ઘણું સાકું નીકલેછે; અને તે બાલવા
ના કામમાં આવેછે, અથવા તેને ટરપીટન ટેલની ફાંની પ
ણ વાપરેછે. તસી, અથવા વારનીશ (રોગાન) નું ઝાડ, ચી
આંગાસી અને સજીચુએન એ પરગણાઓમાં થાએછે; અને
તે ૧૫ ફુટ સુધી [illegible] વધેછે. તે ઝાડ જેઆરે પૂરું મોહોટું થા
એછે, તેઆરે તે [illegible]ડમાં ચીનાઓ કેટલાએક આડા ચીરા
પાડેછે; અને તે [illegible]ઓમાં કાલની સીપ મૂકેછે તેમાં રા

તનાં વારનીશનું ટેલ નીકલીને અેકઠું થાઅેછે. પણ તે જા ડમાંનો રસ અથવા ટેલ કાહાડવાને ઘણી નુકસાની ભરેલું છે, કાંઅેજે તે અંગ ઉપર લાગીઆથી ઘણોજ ખરાબ ખુજ લીનાં જેવો મરજ થાઅેછે, તેથી કરીને તેને કાહાડતી વખતે ઘણીજ ખબરદારી રાખવી જોઇઅેચ. કુરૂ અથવા કાગ જનું જાડ, અંજીરનાં જાડનાં જેવું થાઅેછે; અને તે ઉપર કે વી જાતની છાલ થાઅેછે કે, તે પટીની કાની છોલી કા હાડીઆથી નીકલી આવેછે, અને તેનાં ચીનાઇ કાગજ બ નેછે. કપૂરનું જાડ ચીન અને જાપાનમાંજ થાઅેછે; અને તે ને ચીના લોકો ચુંગ કરીને કેહેછે. તે જાડ ઘણું ઉંચું વધેછે, તથા તેની છાલ ઘણી જાડી થાઅેછે, અને તેનાં પાતરાં થો ડાંઅેક ગોલ ખુલભા રંગનાંછે, તથા તે ઉપર સફેદ ફુલ આ વેછે, અને તેનાં ફલ કાલાં જેવા રંગનાં જીના થાઅેછે. તે માંથી કપૂર કાહાડવાને સારૂં, તેની ડાહાલીઓ કાપીને તેને પાણીમાં ભીંજવી રાખેછે, અને પછી તેને ઉકાલેછે. અે પરમાણે કીધાથી કપૂર ઘરાની કાંની થાઇને નીકલેછે, પ છી તેને સાફ કરીને બજારમાં વેચવાને સારૂં લાવેછે. કપૂર નાં જાડનાં લાકડાંનો વાપરવાનો સામાંન ઘણો સારો બનેછે; અને તે સડી જાતું નથી તથા બીજાં ઘણાં વાપરવામાં કા મમાં આવેછે, તે જાડો ચીનમાંથી થોડાઅેકજ પરગણાંઓ માંછે; પણ ફારમોસામાં તેનાં આખા બનનાં બન થાઅેછે.

ચીનમાં જે જાડો થાઅેછે તેઓમાં બાંબુનાં જાડનાં જેવું કોઇ ઘણું કામ આવતું નથી, તે [illegible] ડાખરે ડાખરૂં પ ણ હરેક કાંઇ કામમાં આવેછે. ચીના[illegible]ના ઘેરો, બાંધે છે, તથા કદેગ, બાસન, પેટી, ખુરસી [illegible]ગેરે સઘલી જાત

નો વાપરવાનો સામાંન બનાવેછે; અને વલી તેના નહાં
નાં ડાંખરાંનાં કાગજ બનાવેછે, તથા કુંમલાં ડાંખરાઓ ખા
ધામાં લાવેછે. એ બાંબૂ ઘણીએક જાતનાં થાએછે. અને
તે ઘણાં વખાનાએછે, તેથીકરી તે ઉપર ચીનનાં ઘણાએ
ક શાએરોએ શલોકો બનાવેઆછે ⊕

હવે હમો ચાહનાં જાડવીશે લખીએછે, કે જેનાં પાતરાં
માતર ચીનમાંજ પૂશકલ ખપેછે, એટલુંજ નહી પણ તે આ
સતે આંસતે અમેરીકા અને ઇઊરોપ ખંડમાં અને અગત
કરીને ઇંગલંડમાં મનુશનાં એક આધારની જીનસ થાઇ
પડીછે. અને તે પાતરાંઓથી ઘણાંએક મોહોટાં મોહોટાં
વાહાંણો ભરાએછે; અને તેને તઇઆર કરવાનાં કાંમ ઉપ
ર કેટલાએક હજાર લોકો ખપેછે. તેને ચીનાં લોકો ચા ક
રીને કેહેછે—તે ઉપરથીજ આપણી તરફનાં ઘણાંખરા લો
કોમાં પણ એમજ બોલાએછે. એ ચાહનાં ઝાડો બે થીતે
સાત ફુટ શુધી ઉંચાં વધેછે, અને તે મેદીનાં ઝાડનાં જેવાં
થાએછે, અને તે ઉપર ઝીનાં સફેદ ફુલ આવેછે, અને તે
નાં ફલ નહાનાં ચીકાસ ભરેલાં થાએછે. ઝાડપાનની વીદી
આ જાણનારા ઇઊરોપીઆનોને ચાહનાં બે જાતનાં ઝાડો
ની ખબરછે; પણ ચીનમાં ચાહ વીશેનું જે પુસતક પરગટ
થાઇઉછે, તેમાં ઓછામાં ઓછી બસો જુદી જુદી જાતની
ચાહ લખેછે. ચાહનાં ઝાડો ડુંગરો ઉપરની ઘણીજ ઉજાડ
જગાઓમાં ઘણુંકરીને ૨૫ અને ૩૦ અંશની ચોરણની વ
ચે ફોકીએન, ચીકીઆંગ, અને કીઆંગાશૂ એ સંસથાનો
માં ઉગેછે; પણ તે લગાલગ ચીનનાં આખા રાજમાં પણ
થાંએછે. તેઓને કેઆરાઓમાં બીજ નાખીને અંખવા

કલમ કરીને વાવેછે, અને તેઓ ડુંગરોની દખણ દશા તરફની કઠણ અથવા ટેંકો પર કાંકરીની જમીનમાં ઘણાંજ સારીપખે ઊગેછે. એ ઝાડનાં બી જમીનમાં નાખીઆ પછી જલદીથી સડી જાએછે, તેથી કરીને છ થીતે દસ બીજા એક ખાડામાં નાખેછે; અને તે ખાડાઓને હારની હાર કરીને પાંચ થીતે છ ફુટ એક બીજાથી જુદા જુદા રાખેછે. અને પછી તેઓનાં પીલા ફુટેછે તેઆરે તેઓ ઊપર કાંઇ વધારે મેહેનત લેવી પડતી નથી, એક માતર તાંહાં ઘાસ ઊગી નીકલે તેથી સાફ રાખેછે. અને જેઆરે તેઓ એક અથવા બે વરશનાં મોહોટાં થાએછે, તેઆરે તેઓને કાહાડીને બીજી જગાએ રોપેછે, અને તેઆર પછી એક વરશે તેઓ ઊપરથી પાતરાં તોડવા માંડેછે—તે છેક તે ઝાડો મરવા આવે તાંહાંશુધી તોડેછે; પણ સાત આઠથી વધારે વરશનાં મોહોટાં થાએલાં ઝાડો નકામાં થાએછે, અને તેઆરે તેઓને થડમાંથી કાપી નાખેછે, તેથી કરીને ફરીથી નવા પીલા ફુટી નીકલેછે. દરાખનાં ઝાડોની મીશાલે તેઓનાં પાતરાંનો ખવાસ પણ ઘણુંકરીને જમીનનાં ગુણ ઊપરથીછે; અને કુંમળાં પાતરાંઓ જે વસંત ઋતમાં તોડેછે, તેની લેજત મોહોટાં થાએલાં પાતરાંઓ કરતાંને જાતેજ સરસ હોએછે. તે ઝાડો ઊપર ઘણાં પાતરાં આવવાને સારૂ તેઓને રીત પરમાંણે ચોકશાઇથી છાંટી નાંખેછે; અને તે ફલવામાં તેઓનાં ખેડનારાઓની મૂખીઅ મતલબછે. તેઓ પરનાં પાતરાં તોડી કાહાડવાની તરણ મોસમોછે,—પેહેલી વસંત ઋત બેશતાંમાંજ; બીજી વસંત ઋતની આખરીમાં; અને તરીજી ગરમીની ઋત બેસતાંમાંજછે. પેહેલી વખતનાં

તોડેલાં પાતરાંની શાહ્ંશાહ્ી ચાહ્ બનેછે. તેઓનાં ચોકશા ઈથી મુથા કરીને જુદી જુદી રીતે શ્રૂકવેછે, અને પછી તેઓને પેક કરેછે ❀

નવી ચાહ્ ઘણુંકરીને વાપરવામાં નથી લાવતા, કાંએકે તેથી કરીને ઘેન ચહ્ડેછે; તેની લેજત અને કીમત દેશાવરો ખાતે મોકલીઆથી વધેછે; પણ જેઆરે ઘણું શુધી રેહ્છે તે આરે નકામી થાએછે. બાહ્રનાં દેશાવરો ખાતે વુઈઓઈ, અથવા બલાક (કાલી) ચાહ્, અને સંગલો, અથવા ગરીન (લીલી) ચાહ્, એ બે જુદી જુદી જાતની ચાહ્નો ઘણો ખરો ખપછે. કાલી ચાહ્નું નાંમ વૂઈનોં ડુંગર જે ફોકીએનમાં એક ઘણી સારી દેખામણી જગાછે, તે ઉપરથી પડીઊંછે. તેમાં જે જુદી જુદી જાતની ચાહ્ આવેછે, તેના નાંમો—કીઈનપે, જેને ઈઉરોપીઆન લોકો કાંપાઈ કરીને કેહ્છે; કુંગફુ, જેને કાંગો ચાહ્ કેહ્છે; પીહ્હ્ાઓ, જેને પીકો ચાહ્ કેહ્છે; પાઓચુંગ, જેને પોચાંગ ચાહ્ કેહ્છે; સીઆવોચુંગ, જેને સોચાંગ ચાહ્ કેહ્છે; સવાંગચી, જેને સોચી અથવા કેપર ચાહ્ કેહ્છે; અને તાચા, જે બોહ્ીઆ ચાહ્છે ❀

સંગલો અથવા લીલી ચાહ્નું નાંમ કીઆંગનાનમાંનાં એક ડુંગરૂ ઉપરથી પડીઊંછે. અને તેમાં જે જુદી જુદી જાતની ચાહ્ આપણ જોવામાં આવેછે, તેનાં નાંમો—કામન અથવા બજારૂ સંગલો ચાહ્; હીચુન, જેને હૈસન ચાહ્ કેહ્છે; પીચા, જેને હૈસનઈસકીન કરીને કેહ્છે; ચુનકી, જેને તવાનકે ચાહ્ કેહ્છે; ચૂચા, જેને ગનપાઊદર ચાહ્ કેહ્છે; અને ઈઉસીઈન, જેને ઈઆંગ હૈસન ચાહ્ કેહ્છે.

તેને વધારે લેજતદાર કરવાને સારૂં ચીનાઓ તેમાં કોઈકો ઈ વાર ચાહનાં ઝાડનાં મોહોરો અને બીજા ખુશબોદાર ફુલો મેલેછે. હ્યૂગાન અને પૂહહૂનહ, એ બે જાતની ઘણી સરસ ચાહ જે હૂનનાનમાં થાએછે, તેને બાહારના દેશાવરો ખાતે મોકલવાને સારૂં લાવતા નથી. તાતાર લોકોને ચીનાઓ ઘણીજ જાડી અથવા મોહોટાં પાતરાંની ચાહ વેચેછે; અને તેને કુટીને રોટલીના જેવા તેનાં ચકાં બનાવી મુકેછે, અને તેને કઈલચા અથવા ઈતરડીની ચાહ કરીને કહેછે. તે ચાહનો મોહોટો વેપાર ચાલેછે; અને તે વચલા એશીઆ ખંડનાં સઘલા મુલખોમાં ફેલાએલોછે. ઈઊનાનની ચાહ, જે બરમાહમાં બી જાએછે, તેનો કસ કાહાડીને તેની ટાંકલીઓ બનાવેછે; અને તેજ પરમાંણે બીજી જાતની ચાહને બી કરછે. તેમાંથી થોડોએક ભૂકો લેઈને જો ગરમ પાંણીમાં નાખીએતો, ઘણી સારી પીવાની ચાહ બનેછે. ચીના લોકો આખો દાહાડો ચાહ દુધ, શાકર અથવા હરેક કાંઈ ચીજ તેમાં ભેલીઆ વગરે પીએછે; અને તેઓ ઘણા સરસ ચાહનો ખવાસ પારખનારાછે. જે જે પરગણાઓમાં ચાહ થતી નથી, તાહાનાં ગરીબ લોકો તેને બદલે બીજા ઝાડોનાં પાતરાં અથવા ચાહનાં ઘણાંજ મોહોટાં પાતરાં જે ઘણા સસતા મલેછે તે કામમાં લાવેછે. દુનીઆનાં બીજા મુલખોમાં ચાહનાં ઝાડો ઊગારવા વીશેના જે જે કસદ કીધાછે, તે ઘણું કરીને ફલદરૂપ થાએઆ નથી. અને, આપણે ખરાં કારણ વગરે હેવું સમજીએચ કે ચાહનો પાક એખલો ચીનમાંજ થાએછે. જાવામાં અને બરાઝીલમાંબી ચાહનાં ઘણાં ઝાંડો ઊ

ગાડી જોઆછે, પણ તેથીકાંઇ જેવું જોઇએ તે પરમાણે પાર ઉતરીઉં નથી. ચીનમાં એક બીજી જાતનું ઝાડ થાએછે, તે ચાહનાં ઝાડને ઘણું મલતું આવેછે, અને તેનાં ફળમાંથી ટેલ ઘણું નીકલેછે ❁

તજનું ઝાડ (કવેશ્ર.) ઇઊનતાનનાં સંસથાનમાં પૂશકલ થાએછે. તે ઝાડની ડાલો ઉપર છરીનાં લાંબાના લાંબા કાપો પાડીને તે ઉપરની છાલ થોડી થોડી જુદી પાડેછે. પછી તેને કાપાડીને ચોવીસ કલાક શુધી રેહવા દીએછે, તે આરે તે પરની પાતલી છાલ જલદીથી નીકલી જાએછે. અને પેલી છાલ શુકાઇને બરૂનાં જેવી જલદીથી ગોલ થાઇ જાએછે. પછી તેનાં ભારા સાદરીમાં સીવીને વેચવાને સારૂં તઇઆર કરી મુકેછે ❁

ચીનનાં આરંજો ઘણાં સારાં હોએછે, અને તેઓ દખણ તરફનાં સંસથાનોમાં ઘણીજ તરેહ તરેહનાં થાએછે. પણ બીજી જાતનાં ફલો કાંઇ ઘણાં સારાં થતાં નથી; અને કેટલાંએક પરગાણાઓમાં ફલનાં ઝાડો પણ ઘણાંજ જુજવી મલેછે. ચીનમાં લાચી નામનું જે ફલ થાએછે, તે ઘણું ભેજતદાર હોએછે, અને તેને શુકવેછે તોપણ તેમાં ભેજત સારી રેહેછે; પણ તેનો ઠડીઓ મોહોટો હોએછે, તે થીકરીને તે ઉપર માવો અથવા ગર ઘણો થોડો થાએછે. તેનાં ઝાડો જે બંગાલામાં ઉગાડીઆંછે, તે ઉપર ચીનનાં કરતાંને કાંઇએક સરસ ફલ આવેછે. લાચીનાં જેવું લોગીન નામનું ફલ થાએછે, તેનો માવો લાચીનાં કરતાંને ઘણો મીઠો હોએછે; તે ફોકીઅનમાં ઘણાંજ સારાં થાએછે, અને તેને ચીનાઓ ઘણાં પસંદ કરેછે. એ બધેથી સરસ

તસીતસી અથવા તેટસીનું ફલછે, તે પીલા જેવા રંગાનું થાએછે, અને જેઆરે પાકેછે તેઆરે તેનો રંગ રાતો થાએછે; તેનો સવાદ મીઠો હોએછે, અને તે ખાધામાં ઘણુંજ લેજતદારછે: તે ચીનનું ઘણુંજ મીઠું ફલછે, અને તેને શુકવીઆ પછે તે મોહોટાં અંજીરનાં જેવું લાગેછે. હલુ, અથવા ફોક્રીઅનનાં પપરનાસનો સુવાદ ઘણો સારો હોએછે; પણ તે હીંદોસતાનનાં પપરનાસ કરતાંને ઘણું નરાનું થાએછે. શેતુતનાં તરાહ તરાહના ઝાડો ચીનમાં ઘણુંજ સારીપખે થાએછે. ઉતર તરફનાં સંસથાનોમાં અને લીઆઓટંગમાં દરાખનાં ઝાડો થાએછે, અને તે પર દરાખ સારી આવેછે, પણ ચીનાં લોકો તેનો દારૂ બનવતા નથી. ઘણાંએક ફલો જે મનીલલામાં અને તેની પડોસનાં ટાપુઓમાં થાએછે, તે કુવાંગટંગ અને કુવાંગસી એ સંસથનોમાં મલેછે.

ચીનમાં ઘણીએક જાતની તરકારી થાએછે; શલગામ અને ગાજર ઘણાં સારાં આવેછે; અને પટેટા સારીપખે થાએછે, પણ તેને ખેડીઆમાં કાંઈ ઘણો વધારો કરતા નથી. ચીનાં લોકો શકરકંદ ઘણો ખેડેછે; કાંકે જેઆરે ચોખાની તંગી પડેછે, તેઆરે ગરીબ લોકોનાં ખાધામાં એખલો તેજ ખોરાક આવેછે; તે સાંરૂ તે લોકો તેનો આટો કરીને અથવા તેને શુકવીને રાખેછે. ભાજીની જાતીની તરકારીમાં પીહતસાઈ, અથવા સફેદ કોબીજ ઘણીજ સરસ થાએછે. તે ઉતર તરફનાં સંસથાનોમાં ઘણી થાએછે, અને તાહાડની મોસમમાં ગરીબ અને તાલેવાન લોકો એ બંધેનો મુખીઅ ખોરાક થાઈ પડેછે.

કીઆંગનાનનાં સંસથાનમાં રૂ ઘણો ખેડેછે; તેજ પરમાણે દખણ તરફનાં સંસથાનોમાં સેરડીનો પાક કરેછે, તેમાં અગાત કરીને કારમોસામાં ઘણો થાએછે, કે જાંહાં આખા એશીઆ ખંડમાં ઘણીજ શારી ખાંડ ઊપજેછે. તંબાકૂનાં ઝાડો ઘણી ખબરદારીથી વાવેછે; કાંકે ચીના લોકો ઘણો ફુકો પીધાનો શોક રાખેછે ❀

ચીનમાં અનાજ ઘણી જાતનો થાએછે. ચોખા તાંહાં માણસનાં આધારનો એક ઘણોજ મોહોટો ટેકોછે; તે ચીનનાં ઘણાંખરાં સંસથાનોમાં પાકેછે, પણ જે ઠંડા સંસથાનોછે તાંહાં ચોખાને બદલે ઘઊં અને જવ થાએછે. પીચીલીમાં અને શાંનટંગમાં બી ઘણાંખરાં લોકો ચોખાને બદલે બાજરા (કાઓલીઆંગ) ઊપર પોતાનું ગુજરાન ચલાવેછે, કાંકે ચોખા ઘણાં મોંઘા મલેછે. જોકે ચીના લોકો ઘઊંનો આટો બનાવેછે, તોપણ તેઓ તેની રોટલી પકાવી જાણતા નથી, પણ તેનું સંઘલું પકવાન બનાવેછે. ચીનાં લોકો સંઘલી જાતનો અનાજ ખેડીઆમાં ચોકસ કરીને ઘણાં ખબરદારછે; અને તેનાં જેવો માન ભરેલો ઊડીઓગ તેઓમાં બીજો કંઇ નથી ❀

ચીનમાં જે જડીબુટીઓ થાએછે, તેમાં જીનસેંગને તાંહાંનાં લોકો સરવે કરતાંને સરસ લેખેછે; તો જોકે તે ઇઊરોપીઆન લોકોનાં દવાઇનાં પૂસતકમાં દાખેલ પણ નથી થાઇ. તે ચોકશ કરીને માનચૂરીઆમાં છાંઆંદાર એખલી જગાઓમાં થાંએછે; તેમાંથી સારાં પાતરાંની એક ડાલી નીકલેછે, અને તે પૂરી વધી રેહેછે તાંહાંસુધી આસતે આસતે ઊગેછે. મે મહીનામાં તેની ઊપર મોહોર આવેછે, અ

ને તેનું ફલ વટાણાનાં જેટલું મોહોટું થાએછે. તેની જડ માણસનાં આંગલાં જેટલી લાંબી થાએછે; અને તેને ચાખી જોઇએચ તેઆરે તેનો લસલસતો અથવા ચીકાસ ભરેલો મીઠો સવાદ આરેછે. તે જડીના ફાએદા વીશે ચીનાં લોકો કેહું સમજેછે, કે સંઘલા મરજ ઉપરે કાંમ આવે એવી દવાઇછે. તેઓ હરેક દવાઇમાં જો જીનસેંગ ભેલેલું નહી હોએ તો તેને કારી લાગે એવી ગણતા નથી. શાહશાહનાં માણસો તે જડીને જે માનચૂરીઆમાંથી મોહોટી ખબરદારીથી લેઇ આવેછે, તે તેની વજનનાં જેટલાં સોનાંની કીમત પાંમેછે. તીવાંગ, જેનું ઝાડ જેઠીમધનાં ઝાડ સરખું ઘણું કરીને થાએછે, તેને ચીનાં લોકો એક ઘણી કવી દવા લેખેછે; તે હોનાનમો ઉગેછે, પણ તેથી ઇઉરોપીઆન લોકો નાવાકેફકારછે *

રેવંદચીની એ માનચૂરીઆમાં મલેછે; તેને વસંત રૂતમાં ભોએમાંથી ખોદી કાહાડેછે, અને તેનાં લાંબા અને ચપટા કટકાઓ કાપીને, તેને શ્રુકવીને બજારમો વેચવાને સારૂં તઇઆર કરેછે. ચોબચીનીનાં ઝાડનો વેલો થાએછે, અને તેને ચીના લોકો તુહલીગ કરીને કેહેછે. તે સજીચુએનના સંસથાનમાં ઘણું કરીને ઉગેછે; અને તેની જડ ગાંઠ ભરેલી તથા જાડી અને ભોલા રંગની થાએછે: તે જડીનાં ગુણ ઉપરથી તેનો દેશાવરો ખાતે સારો ખપ થાએછે. કુલીનજન, એ એક ઝાડ જે ૭ ફુટ ઉંચું થાએછે, તેની જડછે; તેમાં મોહોટી અને નહાની એવી બે જાતછે, તે મધે નહાની જાતની જડ વધારે કીમતનીછે, અને તે રાતા જેવા રંગની થાએછે. તે દવાનાં કામમાં આવેછે, તેથી કરીને તે દેશાવરો ખા

તે જાએછે. તેનાં પાતરાંમાંથી જે ટેલ કાહાડેછે તે ઘણી કીમત પામેછે, પણ આપણે તેનાં દવાનાં ગુણથી અનજાણાં છેઈએ. ચીનમાં આફુ ઘણું સરસ થાએછે, અને તેનો મુરંબો બનાવીને દેશાવરો ખાતે મોકલેછે. હેવી એક જાતની ખસખસનાં ઝાડનો રસ જે બંગાલી અફીમ સાથે મેલવીઆ વગારે ખાધાનાં કામમાં આવતો નથી, તે ચીનની વસતીમાં એક નાસ કરનારી કેફની વસતુછે; તો જોકે તે બંગાલી અને તુરકી અફીમનાં જેવી જોરાવર નથી. તેને ખેડવા વીશે સરકારની સંઘલી મનાઈ છતાં પણ તેનો બોહોલી રીતે પાક થાએછે. હવે હમોએ જે દવાનાં કામમો આવે હેવી અગાતની જડી બુટીઓ વીશે કેટલુંએક લખીઉંછે તે બસછે; કાંકે સંઘલી જડી બુટીઓ વીશે બેઆન કરવાને ઘણું લંબાન થાએછે, અને તેથી કરીને વાંચનારાઓને પણ થોડોજ ફાએદો હાંસેલ થાએ

ધાતુઓ વીશે.

કવૈચૂ અને ઇઊનનાન એ પાહાડો ભરેલાં પરગણાંઓ ધાતુની પેદાસતમાં ઘણાં દરવ ભરેલાંછે; પણ ખાંનોમાંથી ધાતુ કાહાડવા વીશે કાંઈ ઘણો ઉદીઓગ કરતા નથી, કાંકે તેથી કરીને લોકો ખેતીવાડીનાં કામમાં સારીપખે ગુંતેલા રેહે. હજુર સુધી ઘણોખરો ધાતુનો દરવ જમીનમાં છુપો રેહેલોછે. અને તાંહાં જે સોનાની ખાંનોછે તે કેહેરી જગોએછે, તે વીશે કોઈ ઇઊરોપીઆનોને બી માલમ નથી. ચી

નમાં શુમારે ૪૪૦ રૂપીઆની કીમતનાં સોનાંનાં લાહાનું જે ચલણછે, તે ઘણાં પૂશકલ ચાલેછે. તે ચલણ પીકીનથી અને શાંનટંગાનાં સંસથાનમાંથી નીકલેછે, પણ જે જગોએથી તે લાહા આવેછે તે જાહેર પડવા દેતા નથી. ચીનમાં મોહોટી મોહોટી રૂપાની ખાંનો પણછે, તે વીશેબી કોઇને માલમ નથી. વલી તીબેતમાંબી ધાતુનો દરવ ઘણોછે; પણ તાંહાંનાં રેહેવાશીઓ તેથી શું લાભ મેલવેછે, તે કેહેવાઇ સકાતું નથી. પેહેલે વાંચેની ચીનાઇ સાઇસી અથવા ચાંદી જે તે દેશનું જાતી રૂપુંછે તેમાં કેટલોએક ભાગ સોનાનો હોએછે, અને બીજા સઘલાં દેશોનાં ચલણ કરતાંને ઘણું સોજું અને ચોખુંછે. સોનાંની રજ યુજીચુએનનાં પરગણામાં ઇઆંગતજીકીઆંગ નદીમાંથી અને ઇહૂનનાનની કેટલીએક નદીઓમાંથી મલેછે; અને તે વલી ચીનમાં લાઓસ, બરમા, અને બારની ઓચી આવેછે. લોહોડું ચીનનાં આખા રાજમાં મલેછે, પણ ઘણુંખરું બાહારનાં દેશાવરો ખાતેથી આવેછે. સીશું બી ઇહૂનનાનનાં પરગણામાં થાએછે, પણ તે ખપનાં જેટલું નથી ઉપજતું; તેજ પરમાણે કલાઇ મલેછે. તરાંબૂ જાપાનથી શાહુશાહી જુંકોમાં ઘણુંએક લેઇ આવેછે; અને થોડું ઘણું ઇહૂનાનમાં થાએછે. ટીહૂટેનાગ જે ચીનાઓએ બીજી ધાતુઓની મેલવણીથી ઉતપન કીધુંછે, તે અગાઊ હીંદોસતાનમાં બલકે ઇઊરોપમાંબી ઘણું જતું હતું, પણ હમણા તે બીજા દેશાવરો ખાતે કાંઇ ઘણુંજ જુજવીજ જાએછે: એ ધાતુ વીશે બીજાઓ કેહેછે કે તે જાતી પેદા થાએછે. પાડાની ધાતુ ઘણી મલેછે; પણ તેમાંથી જે હીંગલો બનીને દેશાવરો ખાતે પૂશકલ જાએછે, તે

ઉપરથી માલમ પડેછે કે તે ધાતુનો મોહોટો જથ્થો બાહેર થી આવતો હશે ❀

કોલશાની ખાંનો ચીનનાં રાજનાં જુદાં જુદાં પરગણાઓ માંછે. તેનાં પશ્ચમ તરફનાં પરગણાઓમાં સારા સોલેતા રાજવરફ મલેછે, અને તે વલી ચીનને તાબુકેનાં મુલકોમાં થી બી આવેછે. જવાહરનાતમાં બીલોર, લાલ, જઆકુત, નીલમ, અને પોખરાજ મલેછે, પણ કાંઇ પૂશકલ મલતા નથી. હેવું માલમ પેડચછે હીરાની ખાંનો એ તરફ મુતલક નથી, અને એ જવાહેર તાંહાંનાં લોકોમાં ઘણું મૂલદાર ગણાતું નથી. ચીનનાં જુદાં જુદાં પરગણાઓમાં સંગેમરમર, સલેટ, ફટકડી, શુરોખાર, સોમલ, હરતાલ, વગેરે મલેછે. મીઠું દરીઆનાં પાંણીમાંથી ગાલી કાહાડેછે, અથવા જે મીશાલે સજીચુએનમાં ઘણાં ઉંડા ખાડા ખોદીને કાહાડેછે, તે પરમાણેબી મલેછે. હેવી એક જાતનો પથર જેને ઠોકીઆથી અવાજ નીકલેછે, તે ઘણાંજ અગાઊનાં વખતથી વાજંતરનાં કાંમમાં આવેછે. તે પથરો તરેવાર રંગનાં થાએછે, અને ઘણીએક જગોએ મલેછે; તોપણ તેઓ ઘણાં તોફો ગણાએછે, અને સારૂં મુલ પામેછે. બીજા ઘણીએક તરેહનાં પથરો મલેછે; પણ તે વીશે લખવાની કાંઇ અગત નથી. ❀

બાબ ચોથો

ચીન દેશનાં સંસથાનોનું વરણન

ચીનનો દેશ આગલ ફેરીઆ પરમાણે હમણાં અઢાર સંસથાનોમાં વેહેંચાએલોછે. તે સંસથાનોની મોહોટાઈ, વસતી, અને ખેડીઆજોગ જમીન એ વગેરેનો કોઠો નીચે પરગટ કીધોછે; તે મધે જમીનનું મેહેસૂલ જે હમણાનાં શાહેંશાહની આબાદનાં ઘણાંજ સારા વખતમાં ઉપજતું હતું, તે હીસાબ પરમાણે મુકીછૂંછે. હવે આએ જાણવું જોઈએચ કે પાંચ શીહ (૧૪$\frac{૫}{૬}$ ઈનચ) નો એક પૂ થાએછે, ૨૪૦ ચોરસ પૂ એટલે લંબાઈમાં સોલ પૂ અને પોહોલાઈમાં પંદર પૂનો એક મોવ અથવા એકર થાએછે, અને ૧૦૦ મોવનો એક કીંગ થાએછે. એક શીહ ભરતમાં ૩૧૬૦ કીઊબીક પેતછે, અને તેલની આવરેજ પરમાણે કીમત શુમારે તરણ રૂપીઆ થાએછે ❀

સંસથાનોના નાંમો*	મોહોટાઇમાં ચોરસ મૈલ*	માણસની વસતી*	ખેડીઆજોગ જમીન*		જમીનનું મેહેશૂલ જે દર વરશે તેલ અને અનાજમાં ઉપજેછે તે*	
			ઍીગ	માવ	તેલ	શીહ ચોખા
ચીહલી	૫૮૯૪૯	૨૭૯૯૦૮૭૪	૬૫૭૦૯૧	૮૭	૨૪૧૦૨૮૬	૧૦૦૨૨૯
શાગટંગ	૬૫૧૦૪	૨૮૯૫૮૭૬૫	૯૭૦૦૫૪	૭	૩૩૪૬૨૭૫	૩૦૭૬૮૦
શાનસી	૫૫૨૬૮	૧૪૦૦૪૨૧૦	૩૨૯૫૮૬	૨૧	૨૯૭૦૨૬૬	૧૬૯૨૪૦
ફોકીએન	૫૩૪૮૦	૧૪૭૭૭૪૧૦	૧૨૮૨૭૦	૮૭	૧૧૭૭૮૯૯	૧૬૮૪૫૩
ચીકીઆંગ	૩૯૧૫૦	૨૬૨૫૬૭૮૪	૪૫૯૭૮૭	૭૦	૨૮૧૨૪૪૯	૧૧૩૪૮૧
હુપીહ	૧૪૪૭૭૦	૨૭૩૭૦૦૯૮	૫૬૬૯૧૩	૪૯	૧૦૧૮૧૫૩	૨૮૬૫૫૪
હુનાન		૧૮૬૫૨૫૦૭	૩૧૨૨૮૭	૯૦	૧૧૬૩૦૬૩	૨૨૭૬૪૧
શેનસી	૧૫૪૦૦૮	૧૦૨૦૭૨૫૬	૨૫૨૩૭૧	૩	૧૫૩૦૯૦૭	૧૬૮૪૫૩
કાનશૂહ		૧૫૧૯૩૧૨૫	૧૭૭૮૩૧	૩	૨૫૭૭૨૩	૫૦૩૪૭૬
કીઆંગશૂ	૯૨૯૬૧	૩૭૮૪૩૫૦૧	૬૮૯૮૮૪	૪૫	૩૩૭૦૩૩૪	૨૧૫૫૦૨૧
ગાનહવઇ		૩૪૧૬૮૦૯૫	૩૩૮૦૨૦	૯૩	૧૬૮૮૦૦૦	૮૪૫૨૪૮
કીઆંગસી	૨૭૧૭૬	૩૦૪૨૬૯૯૯	૪૭૯૨૦૭	૬૨	૧૮૭૯૮૧૦	૮૯૯૬૩૨
કુવાંગટંગ	૭૯૪૫૬	૧૯૧૭૪૦૩૦	૩૨૮૮૩૨	૯૩	૧૨૫૭૨૮૬	૩૪૮૯૦૫
કુવાંગસી	૭૮૨૫૦	૭૩૧૩૮૯૫	૮૭૪૦૦	૬૦	૩૮૨૫૯૭	૧૩૦૩૭૫
સજીચુએન	૧૬૬૮૦૦	૨૧૪૩૫૬૭૮	૪૫૯૦૪૬	૬૭	૬૫૯૦૭૫	૧૪૩૨૯
હોનાન	૬૫૧૦૪	૨૩૦૩૭૧૭૧	૭૨૨૮૨૦	૩૬	૩૩૦૩૦૮૦	૨૪૮૮૬૫
ઇહૂનનાન	૧૦૭૯૬૯	૫૫૬૧૩૨૦	૬૯૪૯૯	૮૦	૧૫૩૭૫૦	૨૩૦૮૪૮
કવૈચૂ	૬૪૫૫૪	૫૨૮૮૨૧૯	૨૫૬૮૧	૭૬	૧૦૧૫૬	૧૪૫૫૯

ચીન દેશની સંઘલી મોહોટાઇ જુમલે ૧૨૯૭૯૯૯ ચોરસ મૈલછે, તે સાથે ૩૬૦૪૪૧૬૧૧ માણસોની વસતી, ઘણીજ નવા હીસાબ પરમાણે ૭૯૧૫૨૧૮ ક્રીગ અને ૯૮ મોવ (શુમારે ૧૪૧૬૨૨૮૫૭ અંગરેજી એકર) ખેડીઆજોગ જમીન ઉપર વસેછે. જમીનનાં મેહેસુલમાંથી હમણાં ૪૩૫૬૩૮૨ શીક અનાજ અને ૩૨૮૪૫૪૭૪ તેલ શાહેશાહનાં ખજાનામાં વસૂલ થાએછે; બાકીનું જે રેહેછે તે સંસથાનના ખરચમાં જાએછે ❀

એ ઉપરથી હરેક સંસથાનોની ઉપજનો ચોકસ શુમાર માલમ પડી આવેછે. જે જે પરગણાંઓ સમુદરનાં કોસતા પર આવેલાંછે, તેઓ ઘણું કરીને ઘણીજ સારીપખે વસેલાં અને દરવ ભરેલાંછે. અને યાંગતજીકીઆંગ નદી.આગલનો મુલક ઘણોજ ઉપજ ભરેલોછે, અને તેમાં ઘણી અગતની જીનસોનો પાક થાએછે. જાંહાં રાજનાં બીજા ભાગો સાથે પાંણીનાં મારગથી વેહેવાર ચાલી શકેછે, તે તરફ મોહોટાં મોહોટાં અને આબાદ શેહેરો ઘણું કરીને વસેલાં હોએછે ❀

સંઘલાં શેહેરો એકજ તહરાંથી બાંધેલાં જોએઆમો આવેછે. મોહોટાં મોહોટાં શેહેરોમાં થોડાએક રસતાઓ સારીપખે પરસબંદી કીધેલાછે, અને તેઓની બાજુઓપર દુકાનો કાહાડેલી હોએછે; પણ ઘણાંખરા રસતાઓ ઘણાં સાંકડા અને ગલીજછે, તે સાથે તેઓની આસેપાસે ઝુંપડાં સરીખાં ઘેરોછે. નહાનાં ગાંમો અને ગાંમડાંઓ દુરથી ઘણાં સોભેતાં લાગેછે; પણ તેઓમાં દાખેલ થાઆથી ખીચોખીચ ઘેરો વગરે બીજું કાંઇ જોઆમાં આવતું નથી; અને તે ઘે

રો બાહેરથી દેખાતાં સારાં લાગેછે, પણ અંદરથી ઘણાંજ ગલીચ અને સરસામાન વગરનાં ખાલી હોએછે. એ પરમાણેનું કાંઇ એકજ પરગણામાં નથી, પણ ઘણાંખરાં પરગણાઓમાં હોએછે. ખેતરો અને બાગો ઘણાં સારા હોએછે, પણ તેઓમાં સુઘરાઇ અને આસાએશ પાંમવા જેવું કાંઇ દીસતું નથી. અનાજ પકાવવાનાં ઉદીઓગ ઉપર તાંહાંનાં સંઘલા લોકોનું ધેઆન લાગેલું રેહેછે; અને હરેક જગા જે ઘણી મેહેનતથી ખેડાઇ સકાએછે, તેમાં પણ ચોખા અથવા બીજા અનાજનો પાક કરેછે. ચીનનાં પાહાડો, નદી નાળાઓ, વગેરે જોએઆમાં ઘણાં સારાં રોનકદાર અને સોહામણાછે. ઘણી સારી અને નાકાં પર આવેલી જગાઓ ઉપર દેહેડાંઓ બાંધેલાં હોએછે; અને તે દેહેડાંઓ વલી તમાશાની તથા દારૂ પીવાની જગા અને જુવો રમવાનાં અખાડાની મીશાલે કાંમ લાગેછે. રેહેવાનાં ઘેરો કાએદા પરમાંણેનાં ધારાથી વધારે મોહોટાં બાંધવાની મના કીધેલીછે. અને શેહેરની મોહોટી મોહોટી ઇમારતો બાંધવા ઉપર થોડુંજ ધેઆન પોહોચાડેછે; કાંકે ચીના લોકો રેહેવાનાં ઘેરો બાંધવાની કલા જાંણેછે, પણ મોહોટા મોહોટા મેહેલો બાંધવાનાં કાંમમાં તેઓ થોડાજ માહેર થાએલાછે *

ચાંહલી અથવા પીચીલનાં સંસથાનનું વરણન.

એ સંસથાનની હદ—ઉતર દશાએ માનચુરીઆછે, કે જેથી તે મોહોટી દેવાલથી જુદું પડેછે; દખણ દશાએ શાં

નટંગા અને હોનાનછે; પૂરવ દશાએ માનચૂરીઆ, પીચી
લીનો ઉપસાગર અને શાંનટંગછે; અને પશચમ દશાએ શાં
નસી અને હોનાનછે. તે ૪૧ અંશ અને ૨૫ કલાની ચોરણ
શુધી પોહોંચેલુંછે, અને ૩૫ અંશ શુધી દખણ તરફ ગીએ
લુંછે; તેઆરે તેની પૂરવ થીતે પશચમ દશા શુધીની મો
હોટાઇ—પીકીંગની પૂરવ દશાથી ૩ અંશ અને ૩૦ કલા અ
ને પીકીંગની પશચમ દશાથી ૨ અંશ અને ૪૦ કલા શુધીછે.
તે ભરતમાં ૫૮૯૪૯ ચોરસ મેલછે, તે સાથે તેમાં ૨૭૯૯૦૮૭૧
માણસની વસતીછે; અને તે શોલ પરગણાઓમાં વેહેંચાએલુંછે.

એ સંસથાનનાં પશચમ તરફનાં ભાગો ઘણાં સપાટ અ
થવા સરખાછે, અને સમુદર આગલ ઉતરતા આવેલાછે;
તેઆરે શાનશી તરફનો ભાગ થોડો થોડો ચઢતો ચાલેલો
છે, અને તેમાં ડુંગરો ઘણાંછે. તેમાં બે સરોવરોછે, એક
એ સંસથાનની વચોવચમાંછે, અને બીજો દખણ દશાએ
આવેલોછે. તેનાં પૂરવ તરફનાં ભાગમાંથી મોહોટું નાલું ચા
લીને, ૩૯ અંશ અને ૧૧ કલાની ચોરણમાં અને પીકીનની
પૂરવ દશાથી ૪૮ કલાની લંબાનમાં પીહો નદીમાં જાએ
છે. એ નાલા ઉપરથી અનાજનાં જુંકો પીકીનની પડોસમાં
છેક તુંગચૂ શૂધી જાઇ સકેછે; પછી તેમાં પાંણી ઘણું થો
ડું રેહેછે, તેથી ફરીને જુંકોને તોહાં ખાલી કરવા પડેછે. પી
હો, એ નદી મોહોટી દેવાલની પછવાડેથી નીકલેછે, અને
પીચીલીનાં ઉપસાગરમાં જાએછે. તેમાં ભરતી ઓટ લા
ગતી નથી, અને કોઇવાર ઘણી ભારી તાણ ચાલેછે, તે કે
થીકે હોડીઓ અને જુંકોને તાણનાં મોહોડાં પર જવાને
સાહુ કીનારેથી ખેંચવા પડેછે. પણ એ નદી ઉપરથી પાએ

તખતનાં શેહેરમાં જવાએછે, તેથી કરીને તેમાં હોડીઓ ઘણી ફરેછે, અને તીનતસીન આગલ ઘણાંએક જુંકો ફરતા દીસેછે ✲

એ સંસથાનની જાતી ઊપજ ઘણી થોડીછે; માતર મેહેનતનાં જોરે કરીને તેમાં કેટલીએક જાતનો અનાજ અને થોડોએક ચોખાનો પાક થાએછે. તાંહાંનાં લોકોનાં મુખીઅ ખોરાકમાં બાજરીછે, કે જે તેમાં ઘણી પુશકલ થાએછે. એક જાતનો ખજુર જેને તાઓ કરીને કેહેછે, તે અહીઆં ઘણો સારીપખે પાકેછે; તેને શુકવીને બીજાં ગામો ખાતે મોકલેછે. કોલસાની ખાંનોબી સારી ઊપજ ભરેલીછે, અને જશમનો પથર પણ કેટલીએક જગોએ મલેછે. ઘણીએક જગાઓમાંથી શુરોખાર નીકલેછે, તેથી કરીને જમીન ઘણીજ બીગડેછે, અને હવા ઘણી ગરમ અને સખત થાએછે. સરદીની મોસમ અકટોબર મહીનાંથી શુરુ થાએછે; અને ઠંડ ઘણું કરીને કઠણ પડેછે, તોપણ તેથી પીચ અને દરાખનાં પાકને નુકસાની થાએ હેવી નથી. જેઆરે ઊતરનો પવન ફુંકેછે, તેઆરે હવામાં રેતી ઘણી ઊડેછે, અને તેથી કરીને આંખને ઘણી હેરાનગતી થાએછે ✲

ચીહલીનાં લોકો શૂરા અને મજબુતછે; પણ તેજ પરમાણે તેઓ બુધીવાલા નથી. સીપાહીનાં કાંમમાં તેઓએ તાતાર લોકોની સાંબે ઘણીવાર શૂરાપણાથી લડાઇઓ કીધીછે; અને જો સારી રીતે કવાએદ આપીઆમાં આવેતો તેઓનું લશકર હજૂરબી લડાઇનાં કાંમમાં સારી રીતે કાંમ આવે. એ ચીહલીનાં સંસથાન ઊપર જંગલી અથવા તાતાર લોકોને ચહડી આવવાને ફાવતું હતું, તેથી કરીને તેમાં બ

ણું એક વરશ શુધી વારે વાર ખૂનરેજી અને લુટફાટ થાતી હતી. અને તે થાતકી લોકોનાં હુમલાનો અટકાવ કરવાને સારૂં ચીનની મોહોટી દેવાલ બાંધીછે.

એ સંસથાનમાંનાં પીકીંગ (ઊતર તરફનું પાએતખત) નાં શેહેરમાં ચીનની દરબારછે. એ શેહેર એક મોહોટાં મેદાનમાં ૩૯ અંશ અને ૫૫ કલાની ચોરણમાં અને ગરીનીચની પૂરવ દશાથી ૧૧૬ અંશ અને ૪૫ કલાની લંબાનમાં ઊભેલું છે. અને કેટલાએકોનાં કેહેઆ પરમાણે તે વીશ મૈલ વધારે પશચમ તરફછે, અને શુનતીહનફુને તાલુકેછે. તે શુમારે મોહોટી દેવાલથી ૬૦ મૈલ અને સમુંદરથી ૧૦૦ મૈલ દુરછે. પીહો નદી એ શેહેરની પશચમ દશાએ થોડેએક દુર વેહેછે; અને તેની સાથે તુંગહવઇ નામે એક નહાની નદી. ચીનાઓએ નાલાઓ અને તલાવો ખોદીને જોડેલીછે, તેથી કરીને પાએતખતનાં શેહેર સાથે પાણીનાં મારગે સંઘેસો ચલાવાને સવલ પડેછે.

ચીનની દરબાર ઘણીવાર રાજનાં એક ભાગમાંથી બીજા ભાગમાં લેઇ ગીઆછે. મોંગોલની ઓલાદનાં કુબલએ શાહેંશાહે પેહેલાં શેનસીનાં સંસથાનમાં ચીનની દરબાર કીધી હતી, અને તેઆર પછી તેણે પીકીંગમાં મુકરર કીધી. એ એક પૂરાતમ શેહેરછે, અને હાન શાહેંશાહનાં અમલમાં બંધાએલુંછે. મીંગ શાહેંશાહની ઓલાદે નાનકીંગ (દખણ તરફની દરબાર)નાં શેહેરમાં પોતાનું રેહાણ કીધું હતું, પણ તેની પછીનાં શાહેંશાહોમાંના હવૂંગલો શાહેંશાહે સને ૧૪૧૧ માં રાજની હુકુમતનું મંઠક પીચીલીમાં કીધું; તેઆરથી તે હમણાં શુધી પીકીંગનું શેહેર ચીનનાં રાજની

રાજધાની કેહેવાએછે. એ શેહેરને ચીનાં લોકો ઘણીવાર કીંગતુ અથવા કીંગસજી (દરબારની જગા) કરીને કેહેછે. અને તેઓ એ જગાને ઘણી પવીતર જાણીને સવરગમાં જવાનો ઘણોજ નજીક મારગછે, એવું સમજેછે. એ શેહર જે આરથી બંધાઇલુંછે તેઆરથી તેમાં ઘણુંએક ફેરફાર થાઇલુંછે. અને હમણાં તે જુનું અને નવું શેહેર એમ બે ભાગમાં વેંહેંચાએલુંછે; નવું શેહેર જે ઉતર તરફછે, તે તાતાર લોકોએ બાંધીલુંછે, અને તેમાં શાહંશાહનો મેહેલછે, તે ઉપરથી તેને નુઇચીંગ (માંહેલું શેહેર) એમ કેહેછે; જુનું શેહેર જે દખણ દશા તરફછે, તેને વાઇચીંગ (બાહેરનું શેહેર) કરીને કેહેછે. તે ૨૭ મૈલનાં ઘેરાવામાં તેનાં બાહેરના પરાંઓ દાખલ કરીઆં વગરેછે. તેની ચોમેર દેવાલ બાંધેલીછે તે ૩૦ ફુટ ઉંચીછે, અને પાઆ આગલથી ૨૫ ફુટ જાડી છે, અને તેની આસેપાસે એક પરતી ખાઇ ખોડેલીછે. તે દેવાલ અથવા કોટનાં નવ મોહોટા મોહોટા દરવાજાઓછે; અને જગો જગોએ ઉંચાં બરુજો અને બતેરીઓ બાંધેલીછે. અને જે મોહોલાઓ નવે દરવાજાને લાગેછે, તે ઘણાં મોહોટા અને પોહોલાછે, પણ તેઓની આસેપાસે નીચાં ઘરોછે, અને રસતાઓની પરસબંદી કીધેલી નથી, તેથી કરીને વરશાદનાં દાહાડામાં જવા આવાની ઘણી અડચણ પડેછે. પીકીંગમાં દાખેલ થાઆથી આપણ ધારીઆ પરમાણે તેની રોનક મારતી નથી; પણ માતર ઘણી સારી સણગારેલી દુકાનો અને રસતાઓમાં લોકોની મોહોટી ભીડ ચાલુ જતી આવતી જોઆમો આવેછે. તેમાં માણસની વસતી તેનાં સંઘેલાં પરાંઓ દાખેલ કરતાં શુમારે ૨૦ લાખ રેહેવાશીઓ

નીછે. અને તે વેપારની એક ઘણી મોહોટી જગાછે, અને જો તેમાં બાહેરનાં દેશનાં લોકોને વેપાર કરવાને સારૂં આવવા દીએતો હજુર વધારે મોહોટી થાએ *

ઉતર તરફનું શેહેર ચોરસ પણ બે બાજુએથી લાંબું બાં ધેલુંછે, અને તેની ચારે બાજુએ ચારે દશા તરફ આવેલી છે. તેમાં તરણ દેવાલબંદી કીધેલા ભાગો એકેકની અંદર આવેલાછે; તે મધેનાં ઘણાંજ અંદરનાં ભાગામાં શાહંશાહ નો મેહેલછે, કે જેમાં શાહંશાહનું સંઘલું કુટંબ રેહેછે; બી જો ભાગ જોકે શાહંશાહની આગલનાં અમલદારો અને ચા કરોને રેહેવાની જગાછે, તોપણ હમણાં તેમાં ધંધાદારી ચી નાંઓ આવી રેહેઆછે; અને તરીજો ભાગ બીજા સંઘ લા લોકોને રેહેવાનું શેહેરછે. શાહંશાહી દરબારની આસે પા સે દેવાલ પીલી ઇંટનીછે, તે સાથે તે ઉપર ઉંચા બરૂજો બાં ધેલાછે, અને તેનું કાંમ સારી રીતે કીધેલુંછે, તેથી કરીને ઘ ણી સારી સોભેતી દીસેછે. મોહોટાં દેવાંનખાંનાંઓમાં જવા નાં સંઘલા મારગો સફેદ અને કાબરચીતરા પથરની મોહો ટી લાદીઓથી જડેલાછે. વાઓમુન (વચલો દરવાજો) સર વેથી ઘણોજ રોનકદારછે, અને તે દરવાજેથી શાહંશાહ વગા રે બીજાં કોઇથી જવાતું નથી; અને જેઆરે શાહંશાહ તે માંથી જાએછે, તેઆરે તે દરવાજાનાં બરૂજ ઉપરથી ઘાંટ અને થાલ વજાડેછે, અંહીઆંથી શાહંશાહ બાહેરનાં મુલકો નાં એલચીઓને નજરાનું કરેછે, લડાઇમાં પકડાએલા કેદી ઓને જોએછે, અને જેઆરે કોઇ ઉપર મેહેરબાંની કરવા નો હોએચ તેઆરે પોતાનો દેખાવ દીએછે. તાઇહોમુન (મો હોટા મેલાપનો દરવાજો) જે ચીનની એક સારી સોભેતી

એમારત ૧૧૦ ફુટ ઉંચીછે, તેમાં શાહેંશાહ મુબારકબાદી અને મોહોટાં માંનની મુલાકાત લીએછે. ચુંગહોતીઅન અ ને પાઓહોતીઅન એવી મુલાકાત લેવાનાં દેવાંનખાંનાંઓ છે; પણ કોઇથી કીઅનતસીંગકુંગમાં ખાખશ્રૂસ બોલાવી આ વગરે મુલાકાતને સારૂં જવાબ સકાએ નહી. તે સવ રગી આસાએશનો મેહેલછે, કાંકે તેનાં નાંમનો અરથ એ જછે; અને તાંહાં મોહોટા પરધાંનોની સભા રાજકુવારી કાં મનો વીચાર કરવાને સારૂં જાએછે. કુવાંગનીગકુંગ મહારાં ણીને રેહેવાની જગાછે, અને તેની પાસે વલી એક ફુલવા ડીછે. માંહારાંણીનાં મેહેલની પડોસમાં એક પૂસતક ખાંનું છે, કે જેમાં જે જે પૂસતકો ચીનનાં રાજમાં પરગટ થયાં છે તેમાંનાં ઘણાંખરાં પૂસતકોછે. કુંગસીઅનતીઅનમાં શાહેં શાહનાં ગુજરેલા વડાવાની યાદગારીની તખતીઓ રાખે છે, અને અંહીઆંજ શાહેંશાહ પોતાનાં વડાવાનાં રૂહથી એ નાએત પાંમવાને સારૂં કુનશ કરેછે. ૭ મેહેલોમાં શાહેંશા હની ઓરતો રેહેછે, અને એક મેહેલ શાહેંશાહનાં ખાનસા માનને રેહેવાનોછે ❀

બીજા ભાગનું શેહેર જેને હવાંગચીગ (ઉમદા શેહેર) ક રીને કેહેછે, તે ૭ મૈલનાં ઘેરાવામાંછે, અને તેની આસપા સે ૨૦ ફુટ ઉંચી દેવાલ બાંધેલીછે. તેમાં ઘણાંએક દેહેડાંઓ છે. શાઇતસેહતાંન, એ દેહેડું જમીન અને અનાજનાં દેવ તાનુંછે; અને તે દેવતાઓથી હેવું સમજેછે કે દેશની સંઘલી આબાદાંની ઉતરેછે, જે મીશાલે કે, પૂશકલ અનાજનો પાક, જાડો મોહોરોથી ભરેલાં, અને અનાજનાં કોઠારો ભરપૂર થા એછે. પણ તેઓની મુરતીઓ ઉપર શાહેંશાહ પોતાનો સંઘલો

જરુ સો રાખતો નથી ; કાંકે તેઓની પડોસમાં તેને એક મો
હોટું સીલાખાનું દેશનો સંભાલ કરવાને સારું તઇઆર રા
ખેલુંછે. અંહીઆં સંઘલી પરાગાતથી જુદાજુદા મતો ચાલે
છે ; કાંકે રૂશીઆંન લોકોનાં ઉપાધીઆઓ તીબેતનાં લા
માઓથી જાહાજા દુર રેહેતા નથી ; તેઆરે મેગરાજ અને
વાઇરૂ દેવતાઓની મુરતીઓ પડોસનાં દેહેડાંઓમાં એકઠી રે
હેછે. વલી એક દેહેડાંમાં ઞારે મોહોટી બુધની મુરતી બે
સાડેલીછે ; અને તે મુરતી ચીનનાં રાજકુઆરી લોકોનાં આ
ચાર પરમાંણે બાતેલ થાએલીછે, તોપણ તે સંઘલી મનાઇ
છતાં અંહીઆં ઉંઘાડી રેહેછે, એ એક અચરત સરીખુંછે. શા
હંશાહ પોતાનો ફુરસાતનો વખત હીકમતથી બનાવેલા શે
કારગાહ, બાગો, અને વાડીઓમાં ગુજારેછે. તેઓમાં ઘણે
જ ફેહેઆજેગ ઝીગારાંગ નાંમે સરવનાં ઝાડોથી સણગા
રેલો એક ડુંગરછે ; અને સીઇઉએત, અથવા પશચમ તરફ
નું શેકારગાહ જે છે, તેમાં હીકમતથી બનાવેલા પાહાડો,
તલાવો, બાગો, ઘુંબજો વગેરેછે. હવે અંહીઆં સંઘલી ઇ
મારતો વીશે લખવાને ઘણું લંબાન થાએછે, કાંકે એખલા
મેહેલો ૨૦૦ થી વધારેછે, પણ તેમાંનાં કેટલાએક માતર નાં
મનાંજ મેહેલોછે. તેમાં ઓશાડશાલ, જોતીશીઓનું મંડલ, અ
ને પાદશાહી ડુદરમાલ પણછે : અનેવલી હાનલીનઇઉન નાં
મે એક મોહોટી મદરેશાછે, તે ચીનાઓનાં સંઘલાં એલમ
અને હુનરનું મઠકછે ; અને તેમાં માંનચૂ, ચીનાં, અને રૂ
શીઆંન લોકોની ચોપડીઆનો સારીપખે ફેલાવ થાએછે *

હમો તાઇહોતીઇન (મોહોટા મેલાપનું દેવાનખાનું) એ
વીશે આગલ કેટલુંએક બોલી ગીઆછે, પણ હવે તે

માં જે શાહંશાહનું તખત અને મોહોટી દરબારછે, તે વી
શે કાંઇ બેઆન કરીએછે. એ દેવાનખાનું ૧૩૦ ફુટ લાં
બુંછે, અને લગાલગા તેટલુંજ સમચોરસછે; અને તેના લી
બા ધોરે ચહડાવેલાં છત ઉપર એક મોહોટો ઉડતો અજદા
કાહાડેલોછે, કે જે ચીનનાં શાહંશાહ અથવા સરવગી છો
કરાની ખાસ અલામતછે; પણ દેવાલો માતર સફેદજ રા
ખેલીછે, અને તેથી હેવું સમજેછે કે ખરી મોહોટાઇ ઘણી
જ સાદા સણગારથી સારીપખે માલમ પડેછે. એજ પરમાણે
નું તખતમે પણ લાગેછે, કે જે લોએથી કેટલીએક ફુટ ઉ
ચી હેવી એક બેઠક કીધેલીછે, અને તે ઉપર માતર શી
ગા પાક અથવા બુજુરંગા એમ લખેલુંછે. તે ઉપર શાહંશા
હ બેઠેલો હોએ યા નહીં, તોપણ માંદરીનો જમીન ઉ
પર પોતાનુ માથું નાખીને તેને શેજદો કરેછે. જેઆરે દર
બાર ભરાએછે તેઆરે મોહોટી ભીડ થાએછે, તેથી સંઘ
લું કાએદા પરમાણે રાખવાને સારૂં પીતલની તખતીઓજ
મીન ઉપર જડેલીઓછે, અને તે ઉપર જુદા જુદા અમલ
દારોનાં નામો અને તેઓનો દરજો લખેલો હોએછે, તેથી
કરીને સંઘલાઓની લગતી જગાઓ માલમ પડી આવેછે.
અને એ પરમાણે સંઘલાઓ વગર અડચણે પોત પોતાની
જગાએ આવીને ઉંધા પડીને કોતાઉ, અથવા સર જમીન
ઉપર નાખેછે. એ મેહેલની આગલ મોહોટી મોહોટી વખારો
ભરીને કીમતી જીનસો, જેવીકે સોનું, રૂપું, હાથીદાંત, બા
લનાં ચાંમડાંઓ, વગેરે રાખેછે, અને તે જેઆરે શાહંશાહ
તખતે ચહડેછે, અથવા ઓરતને મહારાણીને દરજે ચહડા
વેછે, તેઆરેજ માતર ઉંધાડેછે.

શાહંશાહની હ્વૂએનમીંગહ્વૂએન નાંમે એક ઘણી સોભેતી વાડી પાએતખતનાં શેહેરથી ૧૦ અથવા ૧૨ મૈલ દૂરછે. તેમાં ૧૨ મૈલ ફરતી જમીન રોકાએલીછે; અને ઘણાં સારા સોભેતા બાગો અને કીમતથી બનાવેલાં જંગલો તથા ઘણાં સારીપખે ખેડાએલાં ખેતરો અને જગો જગોએ ખોલલાં મેદાંનો વીખરાએલાંછે, તેથી કરીને સંધલું અજાએબ તરેહેથી ખૂશનુંમાં લાગેછે. અને હેવું કેહેછે કે શાહંશાહને રેહેવાને સારૂં એ જગોએ તરીસ જુદા જુદા મેહેલો બાંધેલાછે. અહીઆં અંગરેજી એલચીને જેમુખીઅ દેવાંનખાંનાંમાં દાખેલ કીધો હતો, તે એક પથરનાં ચોતરા ઊપર બાંધેલુંછે, અને તેને ફરતાં લાકડાંનાં મોહોટા મોહોટા થાંભાઓ આપેલાછે. તે અંદરથી ૧૧૦ ફુટની લંબાઇમાં તથા ૪૨ ફુટની પોહોલાઇમાંછે, અને ૨૦ ફુટ ઊંચુંછે. તેમાં કસી રીતે સંણગાર કીધેલો નથી, કાંકે તેની ઘણીજ સારી રોનક માતર શાહંશાહી દબદબાથી મારેછે.

હવે હમો એ સંસથાનમાંની કેટલીએક બીજી જગાઓ વીશેનાં વરણન કરવાની રજા લીજીએછે.

તીહ્વનતસીનકુ, એટલે સવરગી ઓવારો, એમ તેમાંથી જે સવરગી રાજનાં પાએતખતમાં જવાએછે, તે ઊપરથી તેનું નાંમ પાડીઊંછે. તે પીહો નદીની જમની બાજુનાં કાંઠા આગલથી કેટલાએક મૈલ શ્રુધી ચાલેલુંછે; અને તેમાં તરણ ચાર રસતાઓ તેની આખી લંબાઇ શ્રુધી ચાલેલાછે; તે ઊપરથી કેટલાએકો હેવું સમજેછે, કે તેની લંબાઇ બરોબ

ર પોહોલાઇ ભી હશે. એ પાએતખતનાં વેપારનું મોહોટું શેહેરછે, તેથી ફરીને આખા રાજમાં ઘણીજ દરવવાંન જગા ગણાએછે. દખણ તરપથી અથવા ક્રીઆંગાનાન અને શાનટંગાથી અંહીઆં એટલા બધા તો જુંફો આવેછે, કે તેથી ફરીને નદી સંઘલી ભરાંઇ જાએછે, અને બારફસોને જવા આવવાની ઘણીજ અડચણ પડેછે. શેહેરથી થોડેએક દુર પીહો નદી સાથે મોહોટું નાલું મલેછે, અને તેથી ફરીને અનાજનાં જુંફોબી તાંહાં આવેછે. વેપારની ધુમધામ જુલાઇ મહીનાથી શુરૂ થાએછે, તે છેક અકટોબર મહીનાં શુધી ચાલેછે; પણ તેઆર પછી સંઘળું સમસાન સરીખું થાઇ જાએછે. અંહીઆં ચાલુ વેપારની જીનસ નીમકછે. અને તેનાં મોહોટા મોહોટા ઘણાંએક ઢગો નદીનાં દાબા કાંઠા પર મારેલા હોએછે; અને તે ઢગોને મટોડી અને સાદરાંઓ વટે ઢાંકીને, ઘણાંએક વરશો શુધી રાખી મુકેછે. કેટલીએક હજાર હોડીઓ તે નીમકને સમુદર આગલથી માંહેલા ભાગમાં લેઇ જાવાને સારૂ કામ લાગેછે. નીમકનાં વેપારીઓ શાહંશાહ પાસેથી તેને રેંદે લીએછે; અને તેઓ ઘણાં તાલેવાન થાએલાછે. તે ઉપર એટલુંતો જગાત લીએછે, કે તીઇનતસીનની વખારો આગલ પોહોંચીઆની અગાઊ, તેની કીમત લગભગ બમણી થાએછે. નદી ઊતરી જતા સંઘલુ શુનું થાઇ ગીએલું દેખાએછે; અને જમીન ઉપર કબરસતાન વગરે બીજું કાંઇજ દીસતું નથી. વલી તેથી આગલ જતાં કાંઠાંઓ પર નહાનાં નહાનાં ગાંમડાંઓ ઘણાં આવેછે; અને વાડીઓ પીચનાં અને દરાખનાં ઝાડોથી ભરેલી દીસેછે. દારૂ વેચવાના

પીઠાંઓ મંડીઆં ઘણાંએકછે; અને તીએનતસીન આગળ
શાહેંશાહની એક પડત વાડીછે. ઘેરો ઝુંપડા સરીખાં ના
હાનાં અને કાદવથી બાંધેલાંછે; પણ અંદરથી સારાં સોને
રાં ચીતારેલાં કાગળો જડેલાં હોએછે. રસતાઓ ઘણાં સાં
કડાંછે, અને વરશાદની મોસમમાં એટલોતો કાંદવ થાએ
છે, કે ઘોડેસવાર થઆ વગેરે ઘણીવાર લોકો કાદવમાં ફ
સી જાએછે. દુકાનોમાં ઘણી તરેહ તરેહનો માલ સારી
પઠે ભરેલોછે, તેમાં અગત કરીને બાલનાં ચામડાં, રેશમ,
એ વગેરે બીજી જીનસો ઘણી હોએછે; પણ તાંહાંની બ
નાવટની જીનસો ઘણી જુજવીછે, અને બાહેરથી જે માલ
આવેછે, તે લગભગ સંઘલો ચાંદી આપીને લીએછે; કાંકે
એ ઉજાડ પરગણાઓમાં સારા ભાએગથી રૂપું ઘણું મળે
છે.

તાંહાંનાં વાઇસરાએ (શુબેદાર અથવા નવાબ)ની ગાદી
રાજનાં વાએવૂ કોણ તરફનાં નાકાંઓપર પાઉતીંગફુમાં
છે. સીઉએનહવાફુ, એક સારી દેખામણી પાહાડો ભરેલી
જગામાં મોહોટી દેવાલ તરફથી વસેલુંછે. તેની પડોસમાં જે
દરવાજાઓછે, તાંહાંથી શાહેંશાહ અને તાતાર લોકો શી
કાર રમવાને સારૂ જાએછે. તે તરફ કેટલાએક નાકાંઓપર
નાં કીલાછે, તે સાથે કેટલાએક નહાનાં ગડોછે. પુરવ તરફ
નાં નાકાંઓ આગળથી મોહોટી દેવાલ જે સમુદરમાં ગએ
લીછે, તે તરફ શાનહાએવીનો કીલ્લોછે. ચીંગતીંગફુ, એ
ક ઘણી મોહોટી જગાછે, અને તેની પડોસમાં જે જડીબુ
ટી અને વસાનાઓ થાએછે, તે ઉપરથી તે પરસીધ થએ
લુંછે. હવે હમો બીજાં કેટલાંએક જુનાં મોતર નાંમોજ લ

ખી જણાવીએછે: —ઈહૂંગજુંગફુ, હોશીઈનફુ, શુનતીહફુ, કવાંગજુંગફુ, તામીગફુ, અને ચીગંટીગફુ. એ પરગણાઓનાં મુખીઅ શેહેરો વીશે પણ કાંઈ કેહઆજોગ નથી ❀

એ સંસથાનને ભાગો પરતો અનાજ જે મેહસૂલ ખાતે આપવો પડેછે, તે વતરોગે પેંડાનું પણ જગાત લોકો પાસેથી લીએછે. નીશાલો, દેહડાંવો, વગેરેનાં ખરચને સારૂ ૧૪૨૯ કીગ અને ૯૮ મોવ જમીન જુદી કાહાડેલીછે, અને તેની વરશ દાહાડે પેદાસત ૨૭૭૬ તેલછે. અંહીઆં તાતાર લોકો આવીને વારંઘડીએ લૂટફાટ અને હુમલો કરતા હતા, તેથી કરીને એ સંસથાન ઘણી માઠી હાલતમાં આવી પડીહૂં હતું; પણ જેઆરથી હમણાનાં શાહંશાહની ઓલાદ તખત ઊપર બેઠી; તેઆરથી ચીનનાં શતરૂઓ તેનાં તાબેદાર અને દોસતો થાઆછે, તેથી કરીને એ સંસથાન હમણાં ઘણી સારી હાલતમાં આઈહૂંછે. અને માંનચૂ અને મોંગોલ લોકોનાં અમીરો ઘણું કરીને શાહંશાહી દરબારમાં રેહેછે, અને પોતાનો દરવ પીચીલીનાં રેહેવાશીઓમાં વીખરેછે ❀

શીઆંગશૂ અને ગાનહવઈ એ સંસથાનોનું વરણન.

એ બેઊ સંસથાનો અસલમાં એકઠાં હતાં, અને તેઓને શીઆંગનાનં કરીને કેહેતા હતા. તેઓ બંધેની આબોહવા અને ઊપજ એક સરીખીછે, તેથી કરીને હજુરબી તેઓ એકઠાં હોએ એમજ તેઓનું વરણન કરીએછે. તેઓની ઊતર તરફની હદે શાંનટંગ અને હોનાનછે; દખણ દશાપર શીઆં

ગાસી અને ચીકીઆંગછે; પૂરવ તરફ પીલો સમુદરછે; અ
ને પશચમ દશાએ હુપીહ અને હુનાનછે. તેઓમાં જે મુલ
કોછે, તે ૨૯ અંશ થીતે ૩૫ અંશ અને ૮ કલાની ઊતર ચો
રણમાંછે, અને પીકીંગની પૂરવ દશાથી ૫ અંશ અને ૧૦
કલાથી તે પશચમ દશાએ ૧ અંશ અને ૩૦ કલા સુધીછે.
તેઓ ચીનની બે ઘણીજ મોહોટી નદીઓનાં કાંઠાઓ પર
છે, અને તેઓમાં મોહોટું નાળું અને બીજાં ઘણાંએક નાળાં
ઓ, નદીઓ, સરોવરો આવેલાંછે, તે સાથે તેઓની ખેતી
અને કારીગરીનું કાંમ પણ ઘણું સારૂં થાએછે; તે ઊપરથી
વીચારીએતો તેઓ ચોકસ કરીને ચીનનું એક ઘણુંજ સરસ પ
રાંતછે. તેઓની આબોહવા ઘણી મધીઅમ અને સુખાકારી
ભરેલીછે. યઆંગતજીકીઆંગ નદી અંહીઆં એટલી તો
પોહોલી અને ઊંડીછે, કે ઘણાંજ મોહોટા જુંકો તેમાં સારીપખે
ખેડાએછે; પણ ઘણાં જોર પવનની વખતે તેમાં મોજા ઘણાં
ભારી ઊઠેછે, તેથી કરીનેં નબલી બાંધનીનાં બારકસો ખે
ડવાને નુકસાંની ભરેલુંછે. ઊતર તરફનાં ભાગોમાં હ્વાંગ
હો નદી પોતાની ભારી તાંણ સાથે ચાલેછે, તેઆરે ઘણીએ
ક નહાની નદીઓ સમુંદરમાં વેહેછે, યઆ યઆંગતજીકીઆં
ગ અથવા હ્વાંગહો સાથે મલેછે, અથવા સરાવરોમાં જાએછે.
દખણ દશામાં વૂસુંગ નાંમે નદી જે સુંગમુંગ આગલ સમુદ
રમાં વેહેછે, તે મોહોટા વજનનાં બારકસોને ખેડીઆજોગ
છે, અને મોહોટાં નાળાં અને યઆંગતજીકીઆંગ નદી સાથે
જોડાએલીછે. યઆંગતજીકીઆંગની દખણ દશાએ અને
યઆંગતજીકીઆંગ અને હ્વાંગહોની વચે ઘણીએક
મોહોટી અને નહાની નદીઓ વેહેછે. હ્વાંગહો સાથે સર

વેથી મોહોટી નદી હ્વાણહો નાંમે કુંગાતજીકુથી મલેછે. એ નદી હોનાનનાં સંસથાનમાંથી આવેછે, અને સમુદર માં ગીઆની અગાઊ તેને ઘણીએક નહાની નદીઓ આ વી મલેછે. ણઆંગાતજીશ્રીઆંગામાં જે જે નદીઓ વેહેછે તે ઘ ણીજછે, અને દુનીઆંમાં એકુ દેશ, એક હાલંડ દેશ વગો રે, શ્રીઆંગાનાનનાં સરીખો સારીપખે પાંણીથી તર થાએલો નથી. મોહોટા મોહોટા સરોવરો વીશે હમો આગલ કહીગી આછે; અને નહાનાં સરોવરો ચીનનાં હરેક બીજા ભાગા કરતાંને અંહીઆં ઘણાંજછે. હ્વાંગાહો અને મોહોટાં નાલાં નો જાંહાં સંજોગ થાએછે, તાંહાં કુંગાતસીહુ નાંમે સરો વર એ સંસથાનોની. વચોવચમાં આવેલોછે. એ સરોવરની આસે પાસેની જમીન ઘણીજ ઉંચી અને નીચીછે, અને તેમાંથી મીઠું ઘણું નીકલેછે. ઊતર અને દખણ તરફ બી ઘ ણાંએક મોહોટા અને નાહાના સરોવરોછે.

ણઆંગાતજીશ્રીઆંગાની ઊતર તરફનાં દેશાનો ઘણોખરો ભાગ સંધલો સપાટછે; તાંહાં એકુબી પાહાડ જોવામો આ વતો નથી. તેથી કરીને ખેતીને સારું જમીનને પાંણીથી ત ર કરવાને ઘણું સવલ પડેછે; તેમ વલી તે નીચી જમીનથી અવગુણ પણ થાએછે, કાંકે તાંહાં રેલ ઘણી ચહડી આવેછે, તેથી કરીને ઘણાંજ ઊપજ ભરેલા પાકનો બીગાડ થાએછે, અને જમીન ઘણુંએક શુધી નકાંમી થાય પડેછે. ગાનફ્વણ નાં સંસથાનોમાં કેટલાએક પાહાડો આવેલાછે.

પીચીલીની કાંની અંહીઆંનો કોસતોબી ઘણે સપા ટછે, અને જુલમે સમુદર ઊપરથી દીશેછે. સમુદરનાં કાં ઠાંથી દસ મેલ શુધી જમીન સુંધલી કાદવનીછે, અને

તશુંગમીંગાનું મોહોટું ટાપૂ માતર ઇઆંગાતજીકીઆંગા નદીનાં કાદવનો ટેકડોછે. કોસતા આગલ કેટલુંએક ઉંચું ટાપૂ માતર તાઇશાનનુંછે; અને તેમાં બેવડાપાહાડોની હાર ચાલેલીછે. ઇઆંગાતજીકીઆંગા નદીનાં પાંણીનાં અટકાવને સારૂં જે પાલો બાંધેલીછે, તે ઘણી ભારે મોહોટીછે, અને આસતે આસતે તેનાં ટાપૂઓ બંનતાજશે. તોપણ એ નદીનાં મોહોડાં આગલથી તપાસ કીધામો આવે તો તેમાં બારકસો ખેડવાને જાજી અડચણ નંહી પડે. વૃતી આઔશા નાંમે પીલી નદીનાં મોહોડાં આગલ મોહોટા મોહોટા ટેકડાઓછે, કે જેઓ આસરે ૮૦ મૈલ શુધી સમુદરમાં ઉતરતા ચાલેલાછે. શાંનતુંગ તરફ જનારા વાહાણો તેઓથી ઘણાં દુર રેહેછે, કાંકે જો તેઓ જરા લાગાંતો નરમ રેતીમાં બેસી જાએછે. બે મૈલ ઉપરથી બી કોસતો દીસતો નથી તેથી કરીને વરશોવરશ તેઓ ઉપર ઘણાંએક વાહાણો ભાગેછે; તોપણ ચીનની સરકાર તે વીશે કશું ધેઆન પોહોચાડતી નથી ❀

કીઆંગનાનનાં ઘણીજ વસતી ભરેલા ભાગો ઇઆંગાતજીકીઆંગ એન હવાંગહો એ નદીઓનાં કાંઠાઓ આગલ છે; અને ચીનનાં એકુ ભાગનાં એ પરમાણેની નાહાની જગામાં અંહીઆંનાં જેટલાં મોહોટાં મોહોટાં સેહેરો આવેલાં નથી. નદી ઉપર ચહડતાં આએ સેહેરો મલેછે—ગાનકીંગફુ, ચીચુફુ, વૂવૈચુ, હોચુ, તાઇપીંગફુ, કવાચુ, ચીંગકીઆંગફુ, તાઇચુ; અને, નદીનાં મોહોડાં આગલ તુંગચુછે. હવાંગહો નદી પર તુંગહીઇન, તાંગશાનહીઇન, સીઉચુ, શુતસીઇનહીઇન, તાઔઇઉએનહીઇન, ગાનતુંગહીઇન,

અને હવઇગાનહુછે *

એ ઉપરથી માલમ પડેચ કે ચીનનાં રાજનો એ ઘણોજ આબાદ ભાગછે; કાંકે જો એ બંધે સંસથાનોની મોહોટાઇ માતર ૯૨૯૬૧ ચોરસ મૈલ ગણાઇછે, કે જે સજીયુએન, હુનનાન, અને કુંકવાંગના સંસથાન કરતાંને બી ઓછીછે, તેઆરે માણસની વસતી શુમારે ૭૨૦૦૦૦૦૦ છે. શ્રીઆંગશુનું સંસથાન ૧૧ પરગણાઓમાં વેહેચાએલુંછે; અને ગાનહવઇનું સંસથાન ૧૩ પરગણાઓમાં વેહેચાએલુંછે.

એ દેશની મુખીઅ પેદાસતમાં અનાજ, રૂ, ગરીન ચાહ, અને રેશમછે, કે જે તેનાં વેપારની ચાલુ જીનસછે. તેમાં ધાતુ કાંઇજ મલતું નથી, અને પાકો પથર પણ કેટલાએક સો મૈલ શુધી નજરે પડતો નથી. જમીનમાં ઘણીખરી ચોખાના પાકને ઘણીજ સારીપખે માફક આવે હેવી કાલી મટોડીછે. રેહેવાશીઓ ઘણી ચંચલાઇ ભરેલાછે; તેઓ પોતાનાં દેશનાં સંઘલાં લોકો કરતાંને રેશમી અને શુતરાઉ કાપડની બનાવટમાં તથા ચીકન ભરવામાં ઘણાં સરસ ઉતરેછે; અને તેજ પરમાણે તેઓ પોતાની વીદીઆ ઉપરથી વખાણાએલાછે, તે સાથે અંગે પણ સારાછે. તોપણ તેઓનો મીજાજ ઓરતોની મીશાલનોછે, અને તેઓ ખાધા પીધાની મોજ કરવા ઉપર લાગેલાછે. હલકે બાંધેનાં લોકો ઘણાં ગલીજ રેહેછે, અને તેઓ પોતાનાં વેહેવારમાં થોડીજ ઇમાનદારી રાખેછે. અંહીઆંની ઘણીજ વસતીને લીધે તથા સરકારનો ભારી કર જે રાજનાં બીજાં સંસથાનો કરતાંને ઘણો વધારેછે, તેથી કરીને એ સારા મુલકની આએપત સંઘલી ખાલી થાએછે; અને જોકે તેમાં પૂશકલ ઉપજ થાએ

છે, તોપણ કુકાલની દેહેશત પીચીલીનાં સંસથાન કરતાને બી ઘણી વધારે માલમ પડેછે *

નાંનકીંગ (દખણ તરફનું પાએતખત) કીઆંગનીગકુનાં પરગણામાં ૩૨ અંશ, ૪ કલા, અને ૩૦ વીકલાની ચોરણ માંછે, અને પીકીંગની પૂરવ દશાથી ૨ અંશ, ૧૯ કલા, અને ૩૪ વીકલાની લંબાઇમાંછે. તે યાંગતઝીકીઆંગ નદીથી તરણ મૈલ દુર તેનાં દખણ તરફનાં કાંઠાઓ પર વસેલુંછે, કે જેઓ સાથે તે મોહોટાં નાંલાંઓથી જોડાએછે. તે એકવાર ચીનનાં રાજનું પાએતખત હતું, પણ હમણાં તાંહાંનું મુખીઅ સેહેર ગણાએછે, કે જાંહાં કીઆંગશુ, ગાનહવઇ, અને કીઆંગસી, એ તરણે સંસથાનોનાં વાઇસરાએને રેહેવાની જગાછે. તે સીવાએ તેમાં એક લફટીનાંનટ ગાવરનર, એક હોતાઔતશુંગતુહ, અથવા કીઆંગનાંનની નદીઓનો આદમીરાલ, અને એક બીજો મોહોટાં નાંલાંનો આદમીરાલછે; અને તે ઉપરાંત એક તાતારનો તસીઆંગકીઉન, અથવા શાહંશાહનાં લશકરનો અમલદાર રેહેછે. મોહોટાં રાજનાં પાએતખતને સારૂં નાનકીંગનાં કરતાંને કોઇ બીજી જગા સારે ઠેકાંણે આવેલી નથી. કાંકે તે ચીનનાં મધમાં એક મોહોટી અને સારી નદી આગલ આવેલુંછે, અને તેથી હરેક સંસથાન સાથે પાંણીને મારગે વેહેવાર ચલાવાનું સવલ પડે હેવુંછે. તેની આસે પાસેની દેવાલ તરીસ મૈલનાં ઘેરાવામાં છે; પણ તેમાંનાં પોણા હીસાથી ઓછી જગા જુલમે વસતી ભરેલીછે, બાકીનાં ખેતરો અને વાડીઓછે. એ સેહેરને તાતાર લોકોનાં હુમલાથી તથા ફોકીઇનના દરીઆઇ ચોરો સાથેની લડાઇમાં ઘણી નુકશાંની પોહોંચીછે, અને તેઆરથી



南京大甫名巴痾峡子



નાંનકીંગનો બરૂજ અથવાં દેહેરૂં· જેનેં ચીના
લોકો·પાઓગાનજી·કરીને કેહેછે તેનો નકશો·

તે ખરાબ થતું ચાલીઉંછે; પણ તેનાં રેહેવાશીઓની મેહેનત અને ખબરદારીથી હજુર શુધી તેની સોભા રેહેલીછે. તેનાં મોહોલાઓ સાંકડાછે; અને તેની મોહોટી મોહોટી હવેલીઓ ખરાબ થએલી જોઆમાં આવેછે; પણ તેનાં દરવાજાઓ હજુર શુધી સારા સેરલૈતાછે. એ સંઘલાથી સરસ ઘણુંનો પરસીધ થએલો ચીની કાંમ જડેલો બુરજ, અથવા દેહેરુંછે, કે જે મીસરનાં હેરમોની કાંની અગાઊનાં ચીનાંઓની કોશેશ અને કીમતની ઇધાણીછે. તેને ચીનાં લોકો પાઔગાનજી કરીને કેહેછે, અને તે શેહેરની બાહેર ઉભેલોછે. તે ઇંટનાં મજબુત પાયા ઉપર બાંધેલોછે, અને તેની આસેપાસે વગર સાફ કીધેલા સંગેમરમરનાં કટેરાછે. તેનું અગાવાંડું એક ગેઅલેરી અને થોડાએક થાંભાઓથી સણગારેલુંછે; અને છજીઉ બેવડુંછે, અને તે ઉપર લીલા રોગાન ચહડાવેલાં નલીઆંછે, તેથી કરીને જેઆરે શુરજની રોશની તે ઉપર પડેછે, તેઆરે ઘણી સારી જલેહ મારેછે. તે આઠ બાજુનો બુરજછે, અને તેની ઉંચાઇ શુમારે ૨૦૦ ફુટછે. તેનાં નવ માલોછે; અને તે માલો નીચેનાં કરતાંને ઉપરનાં વધારે સાંકડા થતા ગીએલાછે. અને તેઓ ઉપર ચહડવાનાં ગોલ દાદરની સંઘલી મલીને ૧૯૦ પગતીઓછે. એકએક માલ લાકડાનાં જાડા પેહેડીઆં નાંખીને બાંધેલાછે, અને તેની સીલીંગ અથવા છત ઉપર તરેહવાર ચીતાર કાહાડેલોછે. અને તેમાંની ઘણીએક તાકોમાં મુરતીઓ મુકેલીછે; અને તેનાં બાહારનાં છજીઆંને ખૂનેખૂને ઘાંટરડીઓ લટકાવેલીછે, કે જેઓને પવન લાગીઆથી ઘણો સારો આવાજ નીકલેછે. આઠમાં માલને મથાલે એક ઘુંબજ મું

ફેલોછે; અને તે ઘુંબજને માંથે પેચદાર સોહોડાંનાં સલી આ ઉપર અનીનાસનાં જેવો એક મોહોટો શુંનાંનો દડો ચ હડાવેલોછે. એ બુરજ હેવોતો સારી સફાઇ અને કારીગા રીથી બાંધેલોછે, કે જાંણે વગાર સાંધાનો હોએ હેવો દીસેછે. અને તે ઉપર હેવી તરેહથી રોગાંનનાં જેવી ચલક ચહડાવે લીછે, કે જે આજ ચેઆરસો વરશ થાઆં હજુર શુધી જેહેવી ની તેવી રેહેલીછે. તે ઘણી સારી નાકાંની જગા ઉપર બાં ધેલોછે; અને તેનાં આઠમાં માલ ઉપરથી આપણને આખું સેહેર અને તેની આસે પાસેનું સઘલું દેખાએછે. તે મીંગ શાહંશાહની ઓલાદમાંનાં એક શાહંશાહે બંધાવીઓછે; અને તે ઉપર કીઆંકીગાનાં અમલમાં ઘણીવાર વીજલી પ ડીછે. તેને બાંધવાનું કામ સને ૧૪૧૩ માં શુરૂ કીધું હતું, તે લગાભગ નવ વરશે પૂરૂ થાઇ રેહીઉં; અને તે ઉપર ૨૪૫૮૪૮૪ તેલ ખરચ લાગોછે. એ મોહોટો અને ભારી બ રૂજ, અથવા દેહેડું, કેટલાંએક કારણ સર બાંધેલુંછે; તે મધે મુખીઅ કારણ તેનાં બાંધનારની ચતરાઇ દેખાડવા થકી છે. એથી તરણ મેલ દુર ઉતર તરફ નખશેતરોનાં વરતારા કરવાનું પૂરાતમ ઘરછે; તેમાં અગાઉ ભૂગોલનો એક ઘણે મોહોટો ગોલો તેનાં પીતલનાં સામાન શુધાં મુકેલો હતો. એ વતરોગો બીજા જોતીશનાં હઅંતરો અને તરણ ઉસત રલાબોછે. પણ નાનકીગની બીજી મોહોટી મોહોટી હમાર તોની કાંની એ નખશેતરોનાં વરતારા કરવાનું ઘરબી ખરા બીનાં હાથ હેઠલ પડેલુંછે. બલકે શાહંશાહોની ઘણી સારી કબરો પણ તાતાર લોકોનાં હાથથી ખરાબ થાતી બચી ન થી; તોપણ તેઓ નાનકીગનાં લોકોનો ઉદીઓગ અને ઠીક

મત પીંકીંગમાં લાવી સકીઆં નંહી. નાનકીંગની સાટીન માતર ચીનમાંજ વખણાએલીછે, એટલુંજ નંહી પણ તે બાહેરનાં દેશાવરોમાંબી ઘણી સરસ ગણાએછે. અને તેવી સાટીન કેથે બનતી નથી. તાંહાંનાં રેહેવાશીઓ વલી કુંગાત સાઔપીયનાં ફુલો, અને ઘણી સરસ સીઆહી બનાવેછે, કે જે એક મોહોટા ખપની જીનસછે. અને તેઓ છાપવાની કલામાં ઘણાં સરસ ઉતરેછે; અને છાપવાનું કામ તાંહાં ઘણું પૂરતી રીતે ચાલેછે. નાનકીંગનાં કાપડનું નાંમ એ શેહેર ઉપરથી પડીઉંછે; તોજેકે કીઆંગનાનનાં દખણ તરફનાં ભાગનાં હરેક ગાંમડાઓમાંનાં જે રૂથી તે કાપડ બનેછે, તેનો જાતેજ હેવો રંગ હોએછે. લગભગ સંઘલા ગરીબ લોકોને ઘેરઘેર તેઓની બાએડીઓ એ સરસ અને મજબુત કાપડ વણવાનાં કાંમમાં લાગેલીઓ જોઆમાં આવેછે. અને તેઓ તેનો મોહોટી કીમત અને ચતરાઇથી વણેછે. નાનકીંગમાં વેપાર નદી નાંલાંઓ પરથી ઘણો સારો ચલેછે; પણ ચીનની સરકાર હેવુંતો ગુમાંન રાખેછે, કે ફોરીએનનાં જહાજોને બી ઇઆંગતજીકીઆંગ નદીમાં પેસવાની મના કીધેલીછે *

ગાનકીંગફુ ૩૦ અંશ અને ૩૭ કલાની ચોરણમાં અને પીકીંગની પૂરવ દશાથી ૩૫ કલાની લંબાનમાંછે. તે કીઆંગાનાનનાં દખણ તરફનાં ભાગમાં ઇઆંગતજીકીઆંગ નદીનાં ઉતર તરફનાં કાંઠાઓ પર વસેલુંછે. અને તે ગાનહવઇનાં સંસથાનનું પાએતખત શેહેરછે, અને તેમાં લફટીનાંટ ગવરનરને રેહેવાની જગાછે, તે સાથે તેની હુકુમત હેઠલ ૭ ડીઇનછે. તેની આસેપાસેનો મુલક ઉપજ ભરેલો

અને ઘણો દેખામણોછે; અને યાંગતજીકીઆંગ નદી પર તેનો મોહોટો વેપાર ચાલેછે ❀

• શૂચૂ, જે ૩૧ અંશ અને ૨૩ કલાની ચોરણમાં અને પીકીંગની પૂરવ દશાથી ૪ અંશની લંબાનમાંછે, તે તાયહુ અને તરણ નહાનાં સરોવર પર મોહોટાં નાલાની પડોસમાં ઘણી સારી દેખામણી જગોએ વસેલુંછે, અને તે ઉપરથી ચોકસ કરીને કીઆંગશુમાં ઘણુંજ સરસ શેહેરછે. તેની આસેપાસેનો મુલક ચોકસ કરીને ચીનમાં ઘણોજ ખૂશનુમાછે. અને તાંહાંનાં લોકો તેની કુદરતી સોભાનું બેઆન કરવાને સારૂં આએ કેહેવાત બોલેછે, —“ શાંગયૂતીયનતાંગ, હીઆયઉશૂહાંગ,” (એટલેજે ઉપર બેહેસતછે; અને નીચે શૂચૂ, અને હાંગચૂછે); હેમાંનું બીજું શેહેર જે શૂચૂથી થોડુંએક દુરછે, તે ચીકીઆંગનું પાએતખતછે; અને હરેકકોઇ ચીનાએ એ જગા જોએલી નહી હોએ, તબી તેનાં વીશે તારીફ કરીઆ વગર રેહેશે નહી. તે આખા શેહેરમાં નાલાંઓ ચાલેલાંછે; પણ તેમાંનાં ઘેરો નહાનાં અને ગલીજછે. તેનાં મોહોલાઓમાં કેટલાંએક મોહોટાં મોહોટાં દેહેડાંઓછે, પણ તેનાં કરતાંને તે પાંણી ઉપર તરતી હોડીઓનાં સેહેર થકી વધારે વખાણએલુંછે. અને તે એક તેનો જુદોજ ભાગ થાએછે. તે હોડીઓ પર રેહેનારા લોકોને કાંઠા પરનાં ચીનાઓ સાથે કશું લાગતું વલગતું નથી, અને તે લોકો જરાએક હલકા ગણાએછે, પણ મેહેનતું અને કામનાછે. શૂચૂમાં ચીકનતું કામ ઘણું સરસ થાએછે, પણ તે આપણને પસંદ આવે હેવું નથી. રેશમી કાપડબી તેની મજબુતી અને ચલક ઉપરથી સારૂં ગણાએછે. તેમાં વલી ઘણાંએક કથી શા

એરોછે, જેઓ તાશ્કુનાં કાંઠાઓ પર અથવા એ સરોવરો માંનાં ટાપૂઓ પર બેસીને પોતાનાં વીચાર ગાજલોમાં ગાએ છે. પણ આએ એક દુખ ભરેલુંછે, કે બીજી ઘણીએક જગા ઓનાં કરતાને અહીંઆં બુરાશનાં કામોનો વધારે ફેલાવ થાએલોછે. વેપાર ઘણો મોહોટો ચાલેછે; અને શ્રીઆંગાનાન નાં હરેક ભાગ કરતાંને પરદેશનાં વેપારીઓને વેપાર ચલા વાને શૂચૂ ઘણી સારી જગાછે *

સીઆંગાહાશ, અથવા શાંગાહાશ્હીન, જે શ્રુંગશ્રીઆંગાનાં પરગણાંમાંછે, તે વશ્રુંગ નદીનાં કાંઠા પર શુમારે ૧૫ મૈલ તેનાં મોહોડાંથી દુર વસેલુંછે. અને તે આખા સંસથાનનું મુખીઅ દરીઆનુ બંદરછે, અને ૩૧ અંશ અને ૧૪ કલા ની ચોરસમાંછે, તથા પીક્રીગની પૂરવ દશાથી ૫ અંશ અ ને ૧૧ કલાની લંબાનમાંછે. તેનાં પરાંઓ જોહાં ઘણોખરો વેપાર ચાલેછે, તે કેટલાએક મૈલ શુધી નદીનાં કાંઠાઓ આ ગલથી ચાલેલાંછે. મોહોલાઓ સાંકડાછે; અને ગલીચ જું કડાંઓની વચે કેટલીએક સારી ઇમારતો અને મોહોટી મોહોટી વખારોછે. શેહેરની આસેપાસે ઘણી મોહોટી દેવાલ બાંધેલીછે; અને તેમાં મોહોટા અને લાંબા રસતાઓછે, અને તેઓની બાજૂઓ પર સારી સારી દુકાંનો કાહાડે લીછે. કોઇ કોઇ વખતે એક હજારથી વધારે જુંકો શેહે રની સાંબે લંગડવાર થાએછે; અને વેપારની ધુમધાંમ ચા લુની ચાલુ રેહેછે; અને જતાં આવતાં બારકસોની અને હો ડીઓ ઊપર સામાંન ચહડાવાની ગડબડ કંતાનનાં કરતાંને બી વધારે જોઆમાં આવેછે. તે વેપારની બાબદમાં કદાચ ચીનનાં રાજનું બીજુ શેહેર ગણાએછે. વુશ્રુંગ નદી વચોવ

ચમાંથી પાચ વાંસ ઊંડીછે, પણ તેમાં પેશતાં વગાર નીશાંનનાં રેતીનાં ખરાબાઓમાંથી જવું પડેછે; કાંકે તાંહાંથી જમીન એટલીતો સપાટછે, કે જો ઝાડો અને ખીલાઓ નાંકાં ઊપર નંહી આવેલાં હોએતો, કોઇ હેવું નંહી સમજે કે હું તેમાં દાખેલ થાઓ છેઊં. ગાંમડાંઓ સાથે ગાંમડાં લાગેલાં હોએછે, અને એક તશુ ભાર જગાબી ઊજડ પડેલી નથી. અને જુલમે મુરદાં દાટવાની જગા પણ મલી આવેછે. માતર થોડું થાઇઊંજ એ જગોએ યઊરોપીઆંન લોકોએ વેપાર ચલાવાનો કશદ કીધોછે. અને જો કદી અંહીઆં. વેપારનો સંબંદ ચાલુ થાએતો કંતાંનનાં વેપાર કરતાંને બી તે ઘણે મોહોટો અને લાભ ભરેલો થાઇ પડે ❀

વુશુંગ નદીનાં મોહોડાં આગલથી ઝશુંગમીઅનું ટાપૂ વસેલુંછે, પણ તે તરફ વચમાં રેતીનાં મોહોટા મોહોટા ખરાબા છે, અને બારકસોને માતર જમીન આગલનાં કાંઠાંઓની નજદીકથી જાવું પડેછે. કેટલાએક હીા વરશ ઊપર એ ટાપૂ માતર દરીઆમાં એક ટેકડાની કાંની જંગલ ઝાડીથી ભરેલું હતું. અને તે ઊપર ચોરો અને હેવા બીજા લોકો રેહેતા હતા. પણ તેની પડોસનાં કોશતા પરનાં રેહેવાશીઓને અગત પડીઆથી તેઓને તેનાં કાંઠાઓપર વસવું પડીઊં, તેથીકરીને તેઓએ સમુદરનાં પાંણીનો અટકાવ કરવાને સાહું મોહોટા મોહોટા મટોડાંનાં ટેકડાઓ બાંધી લીધા તથા અનાજનાં ખેતરોને પાંણી પોહોંચાડવાને સાહું ખાઇઓ અને નાંલાંઓ ખોડીઆં. અને તેઓ પોતાનાં કશદમાં હેવાતો ફલદરૂપ થાઆ કે માતર છ મૈલ પોહોલી અને પાંચથી તે છ મૈલ લાંબી જગા ઊપર હમણાં ૨૦ લાખ માણ

સ રેહી સકેછે. એ ટાપૂનો એક ભાગ માતર ચોખા ખેડીઆનાંજ કામમાં આવેછે, અને બીજા ભાગમાં જુદી જુદી જાતનો અનાજ ઊપજાવેછે. અને તરીજો ભાગ જેમાં એક ઘાસનું તનખડું બી ઊગતું નથી, તેની જમીનમાંથી એટલું તો મીઠું નીકલેછે, કે તાંહાંનાં રેહેવાશીઓનાં ખપમાં આવતા પણ ઘણો મોહોટો જથો બીજાં ગામો ખાતે જાએછે. રેહેવાશીઓ ઘણાંજ મેહેનતુ અને ભલમનસાઇ ભરેલાછે. અને તેઓનાં ઘેરો સારા અને શુઘરાઇ ભરેલાંછે. એ ટાપૂને ચીનની સરકાર એક હીઇનમાં ગણેછે. અને તેની ખબરદારીને સારૂ મોકલેલા માંદરીનોને તેમાંથી સારો લાભ મલી આવેછે. તેનો વેપાર માનચૂ તાતારી સાથે સારો ચાલેછે; અને રેહેવાશીઓ સરસ મછીમાર અને ખલાસીઓછે, એ ઊપરથી વખણાએલાછે *

ચીનકીઆંગફુ જે ઇઆંગતજીકીઆંગ નદીનાં કાંઠા ઊપર કવાચાઓની સાંમને વસેલુંછે, તે એક ઘણી વખણાએલી વેપારની જગાછે. અને તેની કીલલા બંદી નદી ઊપરથી બાહેરનાં લડાઇનાં વાંહાંણોને આવતાં અટકાવાને સારૂ ઘણી મજબુત કીધેલીછે. ઇઆંગતજીકીઆંગ જેને તાકીઆંગ (મોહોટી નદી) કરીને બી કેહેછે, તે અહીઆં દોહોડ મૈલ પોહોલીછે, અને તે ઊપરથી વેપારમાં લાગેલાં બારકસોને આવાજવાને પૂરતી જગા મલેછે: અને તેમાંનાં ઘણાં એક ટાપૂઓબી સારીપખે ખેડાએલાંછે; તે મધેનું એક ટાપૂ જે પડોસમાંછે, તેને કીનશાન (સોનાનો ડુંગર) કરીને કેહેછે; તે બુધનાં દેહેડાંઓથી ભરેલુંછે, અને તેમાં ઊપાધીઆઓ વસેલાછે. વૈચુકુનું મોહોટું સેહેર ચીકીઆંગનાં નાંકાં

ઓ પર વસેલુંછે ; અને તેનાં રેહેવાશીઓની ચતરાઈ અને ચાલાકી ઉપરથી તેઓને ઘણાંજ પકકા વેપારીઓ કરીને કેહેછે : તેઓ મોહોટો વેપાર ચલાવેછે, અને કેટલીએક .ક લાનાં કાંમો ઘણાં સારાં બનાવેછે *

હવાઈગાનકુ આગલ મોહોટાં નાંલાંનો પીલી નદી સાથે સંગામ થાએછે ; તાંહાંથી બારકસો લેઈ જવાને ઘણું જોખમ ભરેલુંછે, અને પાંણીની તાણથી દુર રેહેવાને ઘણી ચોકસ ખબરદારી રાખવી પડેછે. એ હવઈગાનકુનાં શેહેરમાં સારો વેપાર ચાલેછે, અને તેની પડોસમાં કીઆંગનાનમાંની નદીઓનો દરોગો અથવા હાકેમ—હોતાઔત્સુંગતુહ રેહેછે ; તેની હુકુમત પીલી નદીનાં મોહોડાં પરબી ચાલેછે *

ઈઆંગચુકુ જે એક સારા દેખામણાં ભાગમાં વસેલુંછે, તે પોતાનાં મીઠાંનાં વેપાર ઉપરથી પરસીધ થાએલુંછે, પણ તેનાં રેહેવાશીઓ નઠારી ચાલનાંછે. તે મોહોટું અને સારૂં સેહેરછે, અને ઈઆંગતજીકીઆંગ નદી પરનાં મોહોટા આવા જવાનાં મારગ આગલ વસેલુંછે, તેથી કરીને તેમાં વેપારીઓ ઘણાં રેહેછે *

તુંગઈઆંગકુનું સેહેર, પોતાની હમણાંની મોહોટાઈ કરતાને મીંગ શાહંશાહની ઓલાદ શરૂ કરનાર કુંગવુ શાહંશાહનો તેમાં જનમ થાઓછે, તે ઉપરથી વધારે વખણાએલુંછે. એ નવો શાહંશાહ મોગોલ તાતાર જેવાં ઘાતકી શતરૂઓ ઉપર ફતેહ પાંમીઓ હતો, તેનાં બદલામાં તેણે પોતાની જનમારાની જગાને પાએતખત શેહેર કરવાને ચાહીંઉં, અને તેનો ૨૭ મૈલનો ઘેરાવો લેઈને તેને બાંધીને તેમાં બુધનાં ધરમનાં ઉપધીઆને સારૂં સારાં સોભીતાં ઘેરો બાંધાવી

આં, કાંકે તે પોતે નહાનપણમાં તેઓની ચાકરીમાં રેહેલો હતો, અને પોતાનાં બાપની યાદગારીને સારૂં એક મોહોટો અને સારો સોભીતો મકબરો બનધાવીઓ ; તોપણ એ જગા છોડીને શાહંશાહને નાનઝીગામાં જાઇને રેહેવું પડીઉં. તેને હાતનાં કાંમોની થોડીએકજ નીશાંન રેહેલીછે ; અને તેનાં મોહોટા નાંમની યાદગારી પણ લગાભગ સંઘલી અંધારામાં ગુંમ થાઇ ગએલીછે. આએ દુનીઆંની મોહોટાઇ કેવીજ નાપાએદારછે! *

લશકરનાં સીપાહીઓનાં ખરચને સારૂં શ્રીરંગપટ્ટનમાં ૧૧૫૯૬ ઝીગા અને ૯૨ મોવ જમીન આપેલીછે, જે તેઓ પોતે ખેડેછે, અથવા ઇજારે આપેછે, અને તેમાંથી ૩૭૦૩૫ તેલ ઉપજેછે ; અને ગાનજવંશમાં ૧૧૯૫૬ ઝીગા અને ૯૬ મોવ જમીન આપેલીછે, અને તેમાંથી ૪૫૯૬૦ તેલ ઉપજે છે. દેહેરાંઓ, નીશાળો, અને ગરીબ નીશાળીઆઓને સારૂં શ્રીરંગપટ્ટનમાં ૪૦૯ ઝીગા અને ૫૯ મોવ જમીન આપેલીછે, તેની ઉપજ ૫૪૯૧ તેલ થાએછે ; અને ગાનજવંશમાં ૨૨૦ ઝીગા અને ૧૯ મોવ જમીન આપેલીછે, તેની ઉપજ ૧૬૪૦ તેલ થાએછે. એ ઉપર ચાહેની અને બીજી પરચુરણ જનસોની જગાંત વધારીઆથી આપણને એ સંસથાનની પેદાસતનો અરસતો કાહાડવાને બની આવશે. વલી અહીંઆંથી એક જાતો ઘણોંજ સરસ રેશમી કાપડનો શાહંશાહને સારૂં જાએછે. હવે એ રકમો માતર ધારાથી ઠરાવેલીઓછે, પણ તે ઉપરાંત માંદરીન અને બીજા ઉતરતા અમલદારો અનઘટતી રીતે જે પોતાનં ગજવાં ભરેછે, તે ઠરાવેલા કર કરતાંને વધારેછે *

કીઆંગનાનનું સંસથાન પોતાની મેલે એક ઘણું જોરાવ
ર રાજ ઉઠી ઉભું થાએ હેવુંછે ; તોપણ તે મોહોટા રાજનો
એક ભાગછે, તેથી ફરીને પરત કીધેલા મુલકની ફાંણી ગ
ણાએછે, તો જોકે દરબાર ખાતે ઘણોખરો દરવ તાંહાંથી
જાએછે ॥

કીઆંગસીનાં સંસથાનનું વરણન.

કીઆંગસીનું સંસથાન ૨૪ અંશ અને ૩૦ કલાથી તે ૩૦
અંશ અને ૧૦ કલાની ચોરણ શુધી, અને પીકીંગની પૂરવ
દશાથી ૧ અંશ અને ૫૦ કલા થીતે પશચમ દશાએ ૩ અં
શની લંબાન શુધી ચાલેલુંછે. તેની ઉતર તરફની હદ કી
આંગનાનછે, કે જેથી તે ઇઆંગતજીકીઆંગ નદીથી જુ
દું પડેછે ; દખણ તરફની હદ કુવાંગટંગછે ; પૂરવ તરફની હ
દ ફોકીઇન અને ચીકીઆંગછે ; અને પશચમ તરફની હદ
હુપીહ અને હુનાનછે. તેની ૭૨૧૭૬ ચોરસ મૈલ જમીન
ઉપર, ૩૦૪૨૬૯૯૯ રેહેવાશીઓ વસેછે ; અને તે ચઉદ પ
રગણાંઓમાં વેહેચાએલુંછે. એ મુલક ડુંગરો ભરેલુંછે, પણ તે
માં પાહાડો નથી. તેનાં નૈરૂત કોણ તરફનાં પાહાડોથી કુ
વાંગટંગનું સંસાથાન જુદું પડેછે ; અને તે પાહાડોની ટોક
વાદલાં સાથે લાગેલીછે, અને તેઓ ઉપર ચહડવાને ઘણું
જ મુશકેલછે. તેનાં ઉતર તરફનાં કરતાંને દખણ તરફનાં ભા
ગો ઘણાં વધારે ઉંચાંછે, અને તે તરફ નદીઓ ચાલેલીછે.
મુખીઅ નદી કાનકીઆંગ નાંમેછે, જે પોઇઆંગ સરોવર

માં નીકળીને જાયછે. તેમાં ફૈહ્ગાનકુ આગાલ ઘણાંએ ક પથરનાં ખરાબાઓછે, અને તાંણખી ઘણી ચાલેછે. તે તરફનાં પરગણાંઓમાં જુદી જુદી તરફથી ઘણીએક ને હેરો નીકળીને ચાલેલીછે, અને તેથી કરીને ખેતરોમાં પૂરતી રીતે પાંણી પોહોંચી વલેછે. પોહઆંગા સરોવર જે ૭૦ થી તે ૮૦ મૈલ લાંબોછે, તેમાં ચાર નદીઓ વેહેછે, અને તે વલી હઆંગાતઝીશીઆંગ નદી સાથે જોડાયછે. તેમાં ભારી તોફાંનો એકાએક ઘાઢ આવેછે, તે મીટાડવાને સારૂં સંઘલા બારકસો જે તેમાંથી જાયછે, તેઓ તેને એક મરઘાનો ભોગ આપેછે, અને ખલાસીઓ ખુશી ભરેલા અવાજથી થાલ વજાડેછે. એ પરમાંણે ચીનાઓની વસવસા ભરેલી શીરીઆ કરીઆ છતાં, પણ તેઓને અગતની વખતે મદદ આવવાને સારૂં ઠેકાણે ઠેકાણે હોડીઓ રાખેલીછે. તે હોડીવાલાઓ મદત આવવાને બદલે બારકસોને લૂટવાને સારૂં ઘણીવાર તેઓને નુકશાનીમાં નાંખેછે, અને પછી પોતાનો લાભ મેલવી લીએછે ❃

શીઆંગાસીની આબોહવા ઘણી સુખાકારી ભરેલીછે ; પણ તેનાં ખપ જેટલો તેમાં અનાજ પાકતો નથી. પાહાડોમાં સોનાની, લોહોડાની, સીસાની અને કલાઇની ખાંનો મલેછે, પણ તેમાંથી બાહેરનાં ગાંમોનાં ખપમાં આવે એટલું ધાતુ ઉપજતું નથી. શીઆંગાસીનાં લોકો લાલચુ અને નઠારાછે, પણ પોત પોતાનો સંસાર ચલાવામાં ઘણાં હોશીઆરછે ❃

શીઆંગાસીનું પાએતખત નાનચાંગાફુછે, જાંહાં તાંહાંનાં લફટીનાંટ ગવનરને રેહેવાની જગાછે. તે ઇંડાં સરીખા ગો

લ આકારનું બાંધેલુંછે; અને તેની આસપાસની જગા સં
ઘલી સારીપખે ખેડાએલીછે. તે કાનકીઆંગ નદી ઉપર
આવેલુંછે, અને તેની પડોસમાં ચીનીકામ બનાવાની કા
રીગરીનું મોહોટું કાંમ ચાલેછે, તેથી કરીને એક ઘણાં મો
હોટા વેપારની જગા થાએલીછે. તે ઉપર અગાઉ તાતાર
લોકો ચહડી આવીને તેને ખરાબ કરી નાખીઉં હતું, પણ
હમણાં ઘણું સારૂં અને આબાદ ગાંમ થાઇઉંછે.
કુવાંગસીનકુ, જોકે પાહાડો ભરેલાં પરગણાંમાં કોકીઇ
ન અને ચીકીઆંગનાં નાંકાંઓ પર વસેલુંછે, તોપણ એક
ઘણી આબાદ અને સારી જગાછે; કાંકે તાંહાંનાં રેહેવાશી
ઓની સખત મેહેનતથી ઘણાંજ ઉજાડ ખડકો અને ઉંચા
પાહાડો બી ખેડાઇને ઉપજ ભરેલાં ચોખાંનાં ખેતરો થાઆંછે.
તેનાં ઉંચા અને અઘડા પાહાડો ઉપર ચોરો અને લુટારા
ઓ આવી ભરાએલાછે, કે જેઓ હજુર શુધી અહીંઆં પો
તાનો બચાવ કરીને આવી રેહેછે. કોકીઇનનાં જાલમ લો
કોનાં બલવાની અસર કીઆંગસીનાં સંસથાનમાં નહીં લા
ગુ પડવાને સારૂં, એ જગોએ એક મજબુત લશકર તેનો
સંભાલ કરવાને સારૂં રાખેલુંછે.
કાનચૂકુમાં જે વારનીશનાં જાડો થાએછે, તથા દવાઇ
માં કાંમ આવે હેવી જડીબુટીઓ જે તેની પડોસમાં ઉપ
જેછે, અને કાન નામે નદી ઉપર તાંહાંનાં રેહેવાશીઓ મો
હોટો વેપાર ચલાવેછે, તે ઉપર તે પરસીધ થાએલુંછે.
એ શેહેરમાં અને તેની આસપાસે તાઓનો ધરમ મજ
બુતીથી ફેલાએલોછે; અને તે ધરમનો એક મુખીઅ અધીકા
રી જેને તીઇનસજી (સવરગી ગુરૂ) કરીને કેહેછે તે શે

હેરમાં રેહેછે. એ પ્રીરકાનાં લોકો અથવા તેનાં ઉપાધીઆઓ વસતી વીનાની એકાંત જગાઓ પસંદ કરેછે, તે સારૂં તેની પડોસનાં રાંનો અને આસપાસનાં પાહાડોમાં તેઓને પોતાનું ધેઆન જપ કરવામાં લગાડવાને થકી ઘણી સારી જગા મલી આવેછે, અને જડીબુટીનાં કુંગારો અમરતનાં પાંણીની ખરી મેલવણી કરવાને સારૂં કામ લાગેછે. એ તરફનાં ઘણાંએક પરગણાંઓમાં જુલમે તાંહાંની બોહોલી વસતીને માતર પૂરૂં પડે એટલું ઉપજી શકેછે; તેથી કરીને વરશો વરશનું અનાજનું મેહેશૂલ ઘણું ખરૂં કુચૂકુનાં પરગણાંમાંથી કાહાડેછે. એ પરગણું એક ઉપજ ભરેલાં મેદાનમાં વસેલુંછે, અને તેની આસેપાસે સારાં અને વસતી ભરેલાં ગાંમડાંઓ આવેલાંછે. તેની આસપાસનાં પાહાડોમાંથી નીકલેલાં નાંલાંઓથી ખેતીને સારૂં પાંણી જોઇએ તેટલું મલી આવેછે, અને તેની કસ ભરેલી મટોડીની જમીનમાંથી વરશનાં બે પાક ઉપજી શકેછે. કીઉકીઆંગ જે હાઆંગતજી કીઆંગ નદીનો પોહાઆંગ સરોવર સાથે જાંહાં સંજોગ થાએછે તે જગો આગલ વસેલુંછે, તે ઘણાં દરવ ભરેલા વેપારની જગાછે, અને ઘણાંએક નદીઓ પર ફરનારા જુંકોને રેહેવાનું મઠકછે *

કાઓચૂકુનાં પરગણાંમાં કીગટીચીગનું વખાણાંએલું શેહેર ઉંચા પાહાડોથી ઘેરાએલાં સોભીતાં મેદાનમાં એક સારી ખેડીઆજોગ નદી પર વસેલુંછે. એ ચીનીકામની કારીગરીનું વખાણાએલું શેહેરછે; અને તેની પાંચ હજાર. ભઠીઓ ચાલું બલેછે, અને રાતને વખતે તેમાંથી જે શોભા નીકલતા જોઆમો આવેછે, તેથીકરી આસેપાસેનો મુલ

ક સંઘલો અગનીનાં સરોવર સરખો લાગેછે. જોકે ફ્રોઝીઇન અને કુવાંગટંગમાંનાં કેટલાંએક શેહેરો એ ક્રીંગટીચીંગનાં સરીખું ચીનીકામ બનાવાનો કસદ કીધોછે, તોપણ ચીનમાં એકુ જગોએ તેનાં જેવું ચીનીકામ બનતું નથી ॐ

એ ચીનીકામ બે જુદી જુદી જાતના પથરો—પીટુનતજી અને કાઓલીનથી બનેછે; જેમાંનો પેહેલો લીલા જેવા રંગનોછે, અને બીજો સફેદ સરીખા રંગનોછે. તે પથરોને ખાંડણીમાં કુટીને, તેમાંનો ભૂકો સાફ કરીને તેને લાહી સરખો નરમ બનાવેછે, પછી તેને ગુંદી અને ચકરમાં મસલીને મજબૂત ચીનીકામ બનાવાને સારૂ સંગીન કરેછે, અને એ પરમાણે થાઇને તે કુંમારને તાંહાં જાએછે, જેઓ તેનાં વાસણો ચરખ ઉપર ચહડાવીને અથવા સાંચામાં નાંખીને બનાવેછે, અને તેઆર પછી વીંધનાં વટે સાફ કરીને તઇઆર કરેછે. પછી તે વાસણોને સુકવી અને તેઓનો ઘાટ કાહાડીને, એક જાતનું સફેદ તેલ (પીહેઇઉ) લગાડેછે, તેથી કરીને તેઓની ખોલણી સફાઇ વધતી મારેછે; અને છેબવેહેલો તેઓ ઉપર તહેરેવાર રંગ ચહડાવેછે. પણ તેઓની સફાઇ અને જલેહ વધતી મારવાને સારૂ તેઓને બનાવાની વસતુઓમાં તથા રોગાનમાં ઘણીએક બીજી મેલવણીઓ કરેછે. તેઓને જે ભઠીઓમાં પકાવેછે, તે ઘણી મોહોટીઓ નથી તથા ઇંટ અને ચીનીકામની બનાવેછે, અને તેમાં તરણ ચાર સુરાખ હવા જવાને સારૂ રાખેછે. તે ભઠીઓ આસરે બે વાંમ ઉંચી અને ચાર વાંમ પોહોલી હોએછે, અને તેઓનાં મથાળાં ઉપર કેટલાંએક

નાંકાંઓ પાડેછે. ચીનીકામનાં વાસણો બનાવામાં ઘણી જ મોહોટી કારીગરી તેઓને ભઠીમાં પકાવા વીશેછે; કાં કે અગનીનો જોર માફકસર નહી હોએતો, વાસણો બધાં પીગલીને એંકઠાં થઈ જાએછે, અથવા તેઓને ગરમી થોડી પોંહોંચીઆનાં સબબથી કાંમમાં નહી આવે હેવાં થાએછે. ચીનીકામ આએ સંસથાનની મુખીઅ વેપારની જીનસછે, અને તેનો ચીનમાં મોંહોટો ખપ થાએછે; તોપણ અહીઆં લાકડાં ૩૦૦ મૈલ ઉપરથી આવેછે, તે સાથે ખોરાક અને મેહેનત પણ ઘણી મોંઘી પડેછે, તેથી કરીને એ જીનસ અંહીઆંનાં કરતાંને બીજી જગોએ સસતી કીમતે મલી આવેછે ✻

એ કીઆંગસીના સંસથાનમાંથી જમીનનું મેહેશૂલ જે ૧૯૭૯૯૧૦ તેલ અને ૯૯૯૬૩૨ શીહ ચોખાનાં આવેછે, તે જો તેની થોડી ઉપજ ભરેલી જમીન પરમાંણે ગણીએતો ઘણું વધારેછે; પણ તેની તરણ કરોડ માંણસની મેહેનતુ વસતી પરમાંણે એ જગાત લોકોને માંથે ઘણું ભારી પડતું નથી. હીઓટીઅન, અથવા મોંહોટી નીશાલો અને દેહેડાંઓનાં ખરચને સારૂ આપેલી જગા માતર ૬૯ કીંગછે; તેમાંથી ૧૯ તેલ અને ૯૪૧૭ શીહ ચોખાનાં ઉપજેછે. લશકરનાં સીપાહીઓને સારૂ ૬૪૩૫ કીંગ અને ૬૬ મોવ ખેતરો આપેલાંછે; તેમાંથી ૧૪૯૦૩ તેલની પેદાસત થાએછે. એ ઉપરથી હેવું નહી ધારવું કે લશકરનો ખરચ સીરીતે નીકલતો હશે: પણ ચીનનાં સીપાહીઓ થોડાં ઉપર રાજી રેહેછે, કાંકે તેઓને મહીને દાહાડે એક દાલર અને જેટલા ખવાઇ સકે એટલા ચોખા મલેછે, તે બસ થાએછે.

મીઠાં પરની જગાત ૨૭૦૯૨૬૭ તેલ આવેછે, અને તે સં
થલે ઠેકાંણે ઘણું પેદાસત ભરેલું જગાત ઉપજેછે. પણ માંડ
વીમાંથી જગાત ૪૦૦૦૦૦ તેલથી થોડુંએક વધારે ઉપજે
છે; અને એ ઉપરથી સાફ માલમ પડેછે, કે એ સંસથાન
નો માહેલા ભાગાનો વેપાર કાંઇ ઘણો ચાલતો નહી હશે.
તોપણ આએ ધેઆનમાં રાખવું કે સંથલી ઉપજ નીપજ
શાહેશાહી હીસાબની ચોપડી પરથી હમો આપીએછે, બા
કી જે માંનદરીનો ઉપરનાં ઉપર મારી ખાએછે, તે માલમ
પડી શકતું નથી.

શાંનટંગનાં સંસથાનનું વરણન.

શાંનટંગનું સંસથાન ૩૦ અંશ અને ૩૩ કલા થીતે ૩૮ અં
શ અને ૧૪ કલાની ચોરણ શ્રુધી અને પીકીંગની પૂરવ
દશાંથી ૬ અંશ અને ૩૮ કલાથી તે પશચમ દશાએ ૧
અંશ અને ૧૪ કલાની લંબાન શ્રુધી પોહોચેલુંછે. તેની ઉ
તર તરફની હદ પીચીલીનો ઉપસાગર અને એજ નાંમનું
સંસથાનછે; દખણ તરફ કીઆંગનાનછે; પૂરવ દશા પર
પીલો સમુદરછે; અને પશચમ દશાએ હોનાન. અને પીચી
લીછે. એ પાહાડો ભરેલો દેશછે, તે સાથે તેની હવા ઘણી
સખતછે; તેનાં કોસતાઓ સરખા અને વાંહાણોને બાંરૂ ક
રવાને ઘણાં સારાછે. તેનાં નૈરૂત કોણ તરફનાં ભાગ પર હ
વાંગહો નદી ચાલીને કીઆંગનાન અને શાંનટંગની વચે
ની હદ થાએછે. બીજી મોહોટી મોહોટી નદીઓમાંથી કેટ

લીએક ઇસાન કોણા તરફ ચાલીને પીચીલીનાં ઉપસાગરમાં જાએછે, અને કેટલીએક દખણ દશાએ ચાલીને પીલા સમુદરમાં જાએછે. તે સંઘલી નદીઓમાં તાતસીનહો નામે નદી ઘણીજ અગતનીછે, કાંકે એકતો તે મોહોટા નાલાં શાથે જોડાએછે, અને બીજુંતો શાંનટંગાનાં પશચમ તરફ નાં ઘણાં ખરા ભાગામાં ફરતીની ફરતી લાંબી ચાલેલીછે. મોહોટું નાલું જે પશચમ તરફનાં પરગણાની આખી ચોરણ શુધી ચાલેલુંછે, અને તૂશાન અને શોશાન એ સરોવરોમાં થાઇને વેહેછે, તેથી ફરીને એ મુલકને ઘણોજ ફાએદો હાંસેલ થાએછે. તેનાં કાંઠાઓ પર પાંચ સારા મોહોટાં સેહેરો—તસીનીગચ્ચૂ, તુંગપીગચ્ચૂ, તુંગચાંગફુ, સીનતસીનચ્ચૂ, અને તીચૂ, તે સાથે બીજાં ઘણાએક નાહાનાં સેહેરો વસેલાં છે, અને તેઓમાં મોહોટો વેપાર ચાલેછે. બે સરોવરો જે આગલ કેહેઆછે, તે વતરોગે પૂરવ દશામાં એક બીજો સરોવર માતાઉ નામેછે. કોરીઆ, લીઆઓટંગ, અને જાપાન એ દેશોને સારી લગતી જગોએ આએ ઉપદવીપ આવેલો છે; તોપણ તેઓ સાથે તેનો વેપાર કાંઇ ચાલતો નથી, કાંકે તેનાં રેહેવાશીઓ વેપાર કરતાંને ખેતીનાં કામમાં સરસ ઉતરેછે. સમુદર તરફનાં પરગણાઓમાંથી ઘણાંએક જોરાવર અને મજબુત લોકો લીઆઓટંગામાં પોતાનાં ઉદીઓગને સારૂ જાએછે, અને તાંહાંથી થોડુંએક કમાઇને પાછા આવેછે ❁

શાંનટંગાની મોહોટાઇ જુમલે ૬૫૧૦૪ ચોરસ મૈલ ગણાએછે, તે સાથે લગભગ ૨૯૦૦૦૦૦૦ રેહેવાશીઓની વસતી છે; અને તે બાર પરગણાંઓમાં વેહેંચાએલુંછે. તે ચીનનાં

રાજનાં ઘણાં સારીપખે ખેડાએલાં પરગણાંઓમાં ગણાએ છે; અને તેમાં ચીનનાં ઘણાંજ દાંનાવ હકીમ કનફ્રીઉસી અસનો તથા તેનાં કેટલાએક ચેલાઓનો જનમ થાએલોછે, તે સીવાએ બીજા મહાપુરૂશો થાઇગીઆછે; તે ઉપરથી તેને ચીનાઓ હંમેશાં મોહોટા માંન સાથે ઘણી મોઆતબર અને બુજુરગ જગા કરી લેખેછે. પણ શાંનટંગનાં હમણાનાં લોકો થોડી બુધી વાલા અને વીદીઆથી પૂરા અગાનીઆંની કેહેવાએછે, તો જોકે તેઓ જોરાવર અને શૂરા લોકો છે, અને ચીનાઓની હરેક બીજી ગનેઆતનાં કરતાને પથર ભરેલી જમીનને બી ખૂશાનુમાં ખેતરો કરવાની કલામાં સરસ ઉતરેછે; તેઓ પોતાનાં ઉદીઓગ પછવાડે સારી પખે લાગેલા રેહેછે, અને તેઓમાં ઇમાંનદારી એ ખૂબી હોએછે, કે જે ચીનાંઓમાં કંદીજ મલેછે *

તસીનાનફુ, જે શાંનતુંગનું પાએતખત શેહેરછે, અને ૩૬ અંશ અને ૪૪ કલાની ચોરણમાં અને પીકીંગની પૂરવ ૬ શાથી ૩૯ કલાની લંબાનમાંછે, તેમાં એક ફુઇઊએન અથવા લફટીનાનટ જનરાલ રેહેછે, જે હરેક બીજા ગવરનર જનરાલથી સવતંતરછે. શાંનટંગ અને હોનાનની નદી અને મોહોટું નાલું એક હોતાઓતશુંગતુહની હુકુમત હેઠલછે, જે નદીઓ અને રસતાઓની તપાસ કરનારો મોહોટો અમલદારછે, અને તેનો ઓહદો માતર ગવરનર જનરલ (તશુંગતુહ) થી ઉતરતોછે. તસીનાનફુ, એ એક ઘણું મોહોટું શેહેરછે, અને તેમાં કેટલાએક સારા મોહોલાઓછે, તે સાથે થોડી એક સારી અને મોહોટી એમારતોછે. ચીનનાં ઘણાંખરા વખણાએલા શેહેરોની કાંની તેમાં પણ નાલાંઓ કાહાડેલાં

છે, અને તેઓમાં પાંણી શેહેરની દેવાલની અંદરનાં કેટલાએ
ક નહાનાં સરોવરોમાંથી આવેછે: તસીનાનની પડોસમાં
અસલનાં પાદશાહોની ગોરો હજુર શુધી રેહેલીછે, તેથી ક
રીને તે વધારે વખાંણાએછે, યાનચીનફુ, જે ૩૫ અંશ અને
૪૧ કલાની ચોરણમાં અને પીકીંગની પશ્ચમ દશાથી ૩૩
કલાની લંબાંનમાંછે, તે લોનાં અંસલનાં મુલકનો એ ભાગ
થાએછે; અને તે મુલકમાં કનફ્રીઉશીઅશનો જનમ થાએ
લોછે, અને તાંહાં તે રાજનો પરધાન થાઓ હતો, અને પો
તાનાં કાનૂનો જાહેર કીધાછે, એ મહાપૂરશની યાઆદગા
રીને સારૂં કેટલાએક મકબરા બાંધેલાછે, પણ તેનાં નામે રા
જનાં સંધલા ભાગોમાં મંડીરોછે, અને તે ઉપર રાજનાં અ
ધીકારીઓથી તે નીશાંલીઆઓ વટીક એતેકાદ રાખેછે,
તેથી કરીને તેનાં જનમારાની જગા કીઉફ્રીહીયનમાં જે તે
ની યાઆદદાશત રાખવાને સારૂં મંદીરોછે, તેની કાંઇ વધ
તી વખાણ થાતી નથી ❀

કુંગચુંગકુનું પરગણું જે મોહોટાં નાલાનાં કાઠાંઓ પર
આવેલુંછે, તેમાં ઘણો સારો વેપાર ચાલેછે; અને તે નાલાંનાં
તે તરફનાં કાંઠાંઓની આસે પાસે પથરાની મોહોટી ખાંનો
છે, તેનાં મુખીઅ સેહેરમાં નાનકીંગનાં પાઓગાનતની સરખું
એક દેહેરૂંછે, પુણ તેનાં માતર આઠ માલોછે, તીગચુકુ, જે પી
ચીલીનાં ઉપસાગરનાં કોસતાઓ પરછે, તેમાં એક સારૂં બારૂં
છે, અને તેનો વેપાર માનચુરીઆ સાથે મોહોટો ચાલેછે; તે
ચોકસ કરીને આએ સંસથાનનું ઘણુંજ અગાતનું બંદરછે,
અને ઘણી સારી હાલતમાં આવેલુંછે, તેની આસેપા
સેનો મુલક સારો દેખામણોછે, અને તેમાં તરાંહતરાંહનાં ધ

ણું ફલો થાએછે. ફાઓચૂ જે ૩૬ અંશ અને ૧૬ કલાની ચોરણમાં અને પીકીંગની પૂરવ દશાથી ૩ અંશ અને ૫૯ કલાની લંબાંનમાંછે, તે લાઇચૂફનાં પરગણાંમાં દખણ તરફનાં વેપારની મોહોટી જગાછે, અને એક ઊંડા અખાટ આગલ વસેલુંછે. તેનો ઘણો મોહોટો વેપાર દખણ તરફનાં સંસથાનો સાથે ચાલેછે, અને તાંહાં વરશો વરશ કંતાન અને ફોકીઇનનાં ઘણાં એક જુંકો જે માલ ભરી લાવેછે, તેનો જલદીથી ખપ થાએછે. શાંનટંગાની જમીનની નોક જે સમુદરમાં ચાલેલીછે, તે તરફ લીતાઔ, શીહતાઔ, કીશાનશા, એ જંગાઓનો માનચુ તાતારી અને તીઇનતસીન તરફ જનારા જુંકો સાથે મોહોટો વેપાર ચાલેછે. તે તરફની જમીન જે સમુદરમાં ખેંચાએલીછે, તાંહાં ટાપૂઓ ઘણાંછે, તેજ પર માણે દખણ તરફનાં ભાગા આગલબીછે; વલી ઘણાંએક ટાપૂઓનો જુખંડો વાઇવૂ કોણ તરફ ચાલેલોછે, અને તેઓમાંનાં એક ઘણાંજ મોહોટાં ટાપૂના નાંમ ઊપરથી તેઓને મીઆઔતાઔ કરીને કેહેછે; તેઓ સંઘલા વસતી ભરેલાં અને સારીપખે ખેડાંએલાંછે ૐ

શાંનટંગામાં અનાંજ તાંહાંનાં લોકોને પૂરો પડે એટલો માતર થાએછે, તોપણ જમીનનું મેહેશૂલ લગાલગા કીઆંગાનાનાં ઊપજ ભરેલાં સંસથાનનાં જેટલું ૩૩૪૬૨૭૫ તેલ ચાંદીનાં અને ૫૦૭૬૯૦ શહી અનાજનાં ઊપજેછે. તુનતીઇન, અથવા લશકરનાં સીપાહીઓને સાકું આપેલાં ખેતરો ૨૨૦૦૦ કીગ અને ૯૮ મોવછે, તેમાંથી ૫૬૦૧૯ તેલની ઊપજ થાએછે; તેઆરે હીઓતીઇન માતર૪૧૭ કીગ અને ૭૦ મોવછે, અને તેમાંથી ૧૩૨૯ તેલ ઊપજેછે. પણ માંડવીની જ

ગાત માતર ૪૩૨૦૦ તેલ નીકલેછે, તોજોકે મોહોટાં નાલા નાં કાંઠાપર જે જુદાંજુદાં સેહેરો આવેલાંછે, તે પાએતખત નાં સેહેરની અને દખણ તરફનાં સંસથાનોની વચે વેપાર ના મઠકોછે. એ રકમ હુમોએ શાંહશાહની હીસાબની ચોપડી ઉપરથી ઉતારી લીધીછે, પણ તેની સચાઇ વીશે સંધેહ જાએછે. મીઠાંનું જગાત ૨૪૫૭૯૦ તેલ આવેછે; પણ મોહોટી વસતી પરમાંણે એ રકમ ઘણી થોડી લાગેછે.

શાનસીનાં સંસથાનનું વરણન.

શાનસીનું સંસથાન ૩૪ અંશ અને ૪૦ કલાથી તે ૪૧ અંશની ચોરણ શ્રુધી તથા પીંકીંગની પશ્ચમ દશાથી ૧ અંશ અને ૪૫ કલાથી તે ૬ અંશ અને ૨૦ કલાં શ્રુધી આવેલુંછે. તેની ઉતર તરફની હદ ઉપર મોહોટી દેવાલ આવેલીછે, કે જે એ સંસથાનને મોંગોલીઆથી જુદું પાડેછે; પશ્ચમ દશાએ હવાંગહો નદી આવેલીછે, જેથી તે શેનસી અને હોનાનથી જુદું પડેછે; ઇસાન કોણાં તરફ પીચીલી થી માંહેલી મોહોટી દેવાલ આવેલીછે, જે શાનસીનાં પુરવ તરફ ભાગો અને પીચીલીનાં સંસથાનની પશ્ચમ દશા આગલ થાઇને ચાલેલીછે, અને શાનસીનાં સંસથાનનો ઉતર તરફનો ભાગ બાકીનાં ભાગથી જુદો પાડેછે.

ચીનનો કોટ અથવા મોહોટી દેવાલ માણસને હાતની મેહેનતનું ઘણુંજ અચરતી ભરેલું મોહોટું કાંમછે, અને તે ઉ

પરથી અસલનાં ચીનાઓની મોહોટાઇ, કાબેલીઅત, અને કોશેસની ઘણી હજુર સુધી માલમ પડેછે. તે દેવલ પીચીલીનાં ઊપસાગરથી તરણ મોહોટાં સંસથાનો—પીચીલી, શાનસી, શેનસી, એઓનાં ઊતર તરફનાં નાંકાઓ આગલ થાઇને પાહાડો, નદીઓ, અને કરાઓ ઊપરથી ચાલેલીછે; તેની લંબાઇ ૧૨૪૦ મેલછે, અને તે સંઘલે ઠેકાણે એક સરીખી ઊંચી અને જાડી બાંધેલી નથી. ઇસવી સનેની કેટલાએક સો વરસ અગાઊ ચીનાઓએ કેટલીએક નાકાં પરની જગાઓ જે જાતે મજબુતી ભરેલી નહી હતી, તાંહાં દેવાલો બાંધવા માંડી હતી. અને તાચીહવાંગતી શાહંશાહે પોતાનાં મુલકનો તાતાર લોકોનાં હુમલાથી બચાવ કરવાને સારૂં મોંગોલ તાતાર લોકોમાં દેશનાં નાંકાઓ આગલથી એ ભારે મોહોટી કીલાબંદી બાંધી લેવાનો કસદ કીધો. એ બનાવ ઇસવી સનેની અગાઊ ૨૧૫ અને ૨૨૦ એ વરશોની વચે થાઓછે. તેણે જે દેવાલો આગલ બંધાએલી હતી તે એકઠી મેલવી, પણ એ ભારે મોહોટું કાંમ પૂરૂં કરી શકેઓ નંહી, કે જે ઊપર તેની પછીનાં શાહંશાએ મોહોટો ઊદીઓગ કીધોછે. તેઆર પછી કેટલાએક શાહંશાહોએ તેમાં જે શતરૂઓનાં હાતથી અને ઘણું સુધી રેહેઆથી મોહોટી મોહોટી બગાડો પડી હતી તે પાછી દુરૂસત કીધી, અને તેનું કાંમ આસતે આસતે હમણાં જે હાલતમાં જોઆમાં આવેછે, તે પરમાણે લાવી મુંકીઊં; તોપણ હમણાનાં ચીનાઓ શતરૂની દેહેશત વીનાં પોતાનાં બચાવની ઊંધમાં સૂઇને તેને પડતી નાખીછે, તેથીકરીને તે જલડીથી ખરાબ થાઇ જાસે. તેનો જે ભાગ પીચીલી

આગલથી ચાલેલોછે, અને ચીન અને સીઆઆેટંગાની વચે
ની ફરેરાની એક બીજી દેવાલ સાથે જોડાએછે, તે ઇંટ અ
ને ઘણા સરસ ચુનાથી ૭ અથવા સાત ફુટ ઉંચા ચોરસ
પથરોનાં પાઆ આપીને બાંધેલીછે, અને તે સંઘલું મલીને
અઢારથી તે વીસ જૂમી માપવાનાં ફુટની ઉંચાઇમાંછે; તે
આરે તેનાં બરૂજોની ઉંચાઇ શુમારે ચાલીસ ફુટછે, અને
તેઓનાં પાઆ બાર અથવા પંદર જૂમી માપાવાનાં ચોરસ
ફુટછે. તેનાં ઘણાંએક દરવાજાઓ, કંગોરાઓ, અને બુરજો
છે, તે સાથે તે ઉપર ચહડવાની સીહીડીઓછે, પણ તેમાં વ
લી ઘણીએક બગાડો પડેલીછે, અને તે બગાડો દેવાલની
ઉંચાઇ શુધી મટોડાંથી ભરી લીધેલીછે. તેને શાનસી અને
શેનસી એ સંસથાનોની હદો આગલથી જતાં માતર મટો
ડાંથી બાંધેલીછે, અને તે પીચીલીનાં સંસથાન આગલની
દેવાલ સાથે જુલમે બરોબર ફરી સકાએછે. તાચીહવાંગાતી
શાહંશાહે તેને સમુદરમાં ૪ અંશ અને ૨ કલાની ચોરણ
માં અને પીકીંગની પૂરવ દશાથી ૩ અંશ અને ૨૨ કલા
ની લંબાંનમાં બાંધીછે, અને તેની પૂરવ દશાએ શાનહાઇક
વાનનો કીલલો અને પશંચમ દશાએ શાનહાઇવઇનો કીલો
આવેલોછે. તેનો પાઆઓ દરીઆમાં નાખવાને સારૂં મોહો
ટા મોહોટા પથરો અને પથર ભરેલાં બારકસો ડુબાડીને દ
રીઆનાં પાંણીને દુર રાખીઆં હતા. ઘણાંખરાં મટોડાંથી બાં
ધેલા ઘણાંએક ગાડો તેની આગલ ઠેકાંણે ઠેકાંણે વીખરાએ
લાછે; પણ હાલમાં તે સંઘલા નકાંમાં થાઇ પડીઆછે, અ
ને તેમાંનાં કેટલાએકતો માતર મટોડાંનાં ઢગ મારેલા હોએ
હેવાં દીસેછે. માતર શાનસીમાંનો ગાડ પંદર ફુટ ઉંચોછે, અ

ને તેમાં એટલીતો બગાડો પડીછે, કે તે મુસાફરોનાં જોઆમાં પણ નથી આવતો ❀

શાનસી એ એક સંસથાનછે કે જેમાં પરથમ ચીનાંઓ આવી વસીઆ હતાં; તે ઉપરથી આએ ખોટું નથી દીસતું, પણ લગાલગા ચોકશ માલેમ પડેછે કે તેઓ પશ્ચમ તરફથી આઆ હશે, અને તેઓની ઓલાદ હજરત નુહનાં વંશથી થાઇ હશે. પણ તેઓનાં વડાવો પોતાની સફર કરતાં ઘણીએક ઉપજ ભરેલી જગાઓ મુકીને છેક શાનસી જેવા વગાર અગાતનાં મુલખમાં આવી ઉતરીઆ એ અચરત સરીખુંછે ❀

શાનસી પાહાડો ભરેલો મુલકછે, અને તેમાં લાંબીની લાંબી પાહાડોની તરણ હાર ચાલેલીછે, જેઓમાંથી લોહોડું, શુમાકનો પથર, અને જબરજદ નીકલેછે. તેઓનાં મથાલાંઓ ઝાડીઓથી ભરેલાંછે, અને અહીંઆં તેઓ પરની ઘણી ઉંચી જગોએ કસતૂરીમરગો મલેછે. તેમાં સરોવરો નથી, પણ નદીઓ ઘણીએકછે. કુનહો નાંમે નદી જે નૈરૂત કોણ તરફ ચાલીને હવાંગહો નદીમાં જાએછે, તે એ સંસથાનમાં ઘણીજ મોહોટીછે, અને શુમારે ૧૮૦ મૈલ લાંબીછે.

એ સંસથાન મોંગોલીઆનાં ઠંડા અને ઉજાડ મેદાનની ઘણી નજદીક આઆથી તેની હવા ઘણી સખતછે. તેમાં ચોખા અને કેટલીએક જાતનો બીજો અનાજ સારી પખે થાએછે, તોપણ ચોખાનો પાક ઘણો કરતા નથી. રેહેવાશીઓ જેઓ શુમારે ૧૪૦૦૦૦૦૦ ગણાએછે, તેઓ જોરાવર અને ઘણાં મેહેનતુછે, તોપણ તેઓનાં પડોસીઓ જે શાંનટંગાનાં લોકોછે, તેઓથી ઉતરતાછે. શાનસીની મોહોટાઇ ૫૫૦૦૦

ચોરસ મૈલછે; અને તે ઓગણીસ પરગણાંઓમો વેહેંચાએલુંછે ❁

એ સંસથાનની હુકૂમત એક સવતંતર કુઇકૂએન અથવા લફટીનાંટ ગાવરનરનાં હાતમાંછે. અને તેનું પાએતખત તાઇકૂનિકુ નાંમે કુનહો નદીનાં કાંઠાઓ પર ૩૭ અંશ અને ૫૩ કલાની ચોરણમાં અને પીકીંગની પશચમ દશાથી ૩ અંશ અને ૫૫ કલાની લંબાંનમાંછે. એ એક મોહોટું શેહેરછે, અને શુમારે ચઊદ મૈલનાં ઘેરાવામાંછે, પણ હમણાં લગાભગ સંઘલું પડી ભાગેલુંછે; તે અગાઊમીંગની ઓલાદનાં પાછલા શાહેંશાહોને રેહેવાની જગો હતી. તેની પડોસમાંની મોહોટી કબરો જે ધુલમાં મલી ગેઇછે, તે તેની અગાઊની મોહોટાઇની ચાલુ રેહે હેવી નીશાંનછે. તેમાં રેશમી કાપડ અને ગાલીચા વણવાનાં તથા લોહોડાં કાંમ બનાવાનાં કારખાંનાંઓછે: અને લોહોડું તેની પડોસમાં મલેછે. એ પાએતખતનાં કરતાંને પીંગઇઆંગાકુનું શેહેર ઘણું સારીપખે વસેલુંછે; અને તે તરફનાં પરગણાંઓમાં ખારા સરોવરોછે, જે ઓમાંથી એ સંસથાનના ખપને સારુ ઘણું મીઠુ નીકલેછે. તાતુંગાકુ, મોહોટી દેવાલ આગલ ૪૦ અંશ અને ૫ કલાની ચોરણમાં અને પીકીંગની પશચમ દશાથી ૩ અંશ અને ૧૨ કલાની લંબાંનમાંછે. તે સારીપખે મજબૂત બાંધેલુંછે, અને જે મુલકમાં રાજાવરક, જબરજદ, અને સંગેમરમર પૂશાકલછે તાંહાં આવેલુંછે ❁

શાનસીમાં કાંઇ ઘણાં મોહોટાં અથવા કેહેઆજોગા સેહેરો નથી. તો જોકે તે ઘણીવાર રાજની હુકૂમતનું મઠક થાઇકૂં હતું, પણ તે ઊપર તાતાર લોકો વારેવાર હુમલો ક

રી આવતા હતા, તેથી કરીને તેને સારી હાલતમાં આવવાને અટકાવ થાએછે. તેનાં કેટલાએક ભાગો પાહાડોને લીધે તદંન વસતી ભરેલા નથી, અને બીજા ભાગોમાં માતર તાંહાંની વસતીને જુલમે પૂરૂં પડે એટલું ઉપજેછે ❀

જમીનનું મેહેશૂલ જે ૨૯૭૦૨૬૬ તેલ અને ૧૬૯૨૪૦ શીહ ચોખાનાં લીએછે, તેથી કરીને એ થોડી આએપતનાં સંસથાનને મ.થે ઘણું ભારી પડેછે; તો જોકે ચીનની સરકાર મેહેશૂલનો ભાર વેહેંચી નાખવાને સારીપખે જાંણેછે. લશકરનાં સીપાહીઓ પાસે ૯૯૯૯ કીંગ અને ૩૦ માવ જમીનછે, તેની ઉપજ ૫૯૧૨૧ તેલછે; અને હીઓતીઅન ૨૭૭ કીંગ અને ૭૮ મોવછે, અને તેની ૨૫૭ તેલની ઉપજછે. માંડવીની જગાત એટલીતો જુજવીછે કે શાહંશાહની હીસાબની ચોપડીમાં જુલમે લખીઆ જોગછે. ૪૨૯૩૮૨ તેલ મીઠાંની જગાતનાંછે, પણ એ રકંમ તેની પડોસનાં કેટલાંએક હોનાનમાંનાં પરગણાંઓ મલીને આવેછે ❀

શેનસી અને કાનશુહ એ સંસથાનોનું વરણન*

કીઅનલુંગ શાહંશાહની અગાઊ એ એક સંસથાન હતું, પણ તેને જે બંદોબસત કીધો તે પરમાણે એ મોહોટાં પરંતનાં બે ભાગ થાએછે; અને તેણે પોતે સૌંગોરીઆમાંનાં બે પરગણાંઓ—બારકૌલ, ચીનસીકુને નાંમે, અને ઓરોમ

ચી, તેહહવાકુને નામે, કાંનશુનાં સંસથાન સાથે એકઠાં કીધાંછે ❋

એ સંસથાનો ૩૨ અંશ થીતે ૪૦ અંશની ચોરણ શુધી અને પીકીંગની પશચમ દશાથી ૫ અંશ અને ૨૫ કલા થી તે ૧૭ અંશની લંબાંન શુંધી પોહોચેલુંછે. તેઓની ઉતર તરફની હદ ઉપર મોંગોલીઆછે, દખણ દશાપર કુપીહ અને સજીચુએનછે, પૂરવ દશાપર મોંગોલીઆ અને સાંગો રીઆછે ❋

મોહોટી દેવાલ જે તેનાં ઉતર તરફનાં નાંકાંઓ આગલ થી ચાલેલીછે, તે જોકે માતર કાદવથી બાંધેલીછે, તોપણ શાંન સીનાં કરતાંને અહીંઆં સારીપખે સમારીને રાખેછે. તેને લ ગતાં શેહેરો બુલીંગ્રહીબન, નીગહીઆ, લીઆંગચૂ, કા નચૂ, શૂચૂ, અને સીનીંગછે. કાંનચૂમાં એક તીહતુહ, એટલે વડો સરદાર રેહેછે, તેઆરે બીજી જગોએ માતર એ ક તશુંગપીંગકવાન, એટલે નહાનો અથવા ઉતરતો સર દારછે. એ શેહેરોમાં ઘણુંજ અગતનું નીગહીઆનું શેહે રછે; તે પાંચ મૈલનાં ઘેરાવામાંછે, અને સારીપખે બાંધેલું છે, અને તેમાં ઉનનાં કાપડ અનેગાલીચા વણવાનાં કેટલાં એક કારખાંનાંઓછે. શવાંગલાન મુકી ગીઆ પછી, મોહો ટી દેવાલ આખર થાએછે, અને તેની પછી એક ખાઈ ખો ડેલી આવેછે. સીનીંગ નાંમે નાંકાંપરનાં ગાંમોમાંનાં એક ગાં મ આગલ બાલનાં ચાંમડાંનો મોહોટો વેપાર ચાલેછે ❋

શેનસીમાં પાહાડોની કેટલીએક હાર ચાલેલીછે, પણ તે પાહાડો ઘણાં ઉંચા નથી. જમીનમાં ઘણું કરીને ગરીબ લો કોનો ખોરાક—બાજરો પૂરાફલ પાકેછે, પણ ચોખા ઘણાં જુ

જવી થાએછે. એવું કેહેછે કે પાહાડોમાં સોનાની ખાંનોછે, પણ તેમાંથી તે ધાતું લોકોનું ધેઆન ખેતીવાડી ઉપરથા ઉઠી જવાની ધાસતીને લીધે કાહડતા નથી •

આપણે અંહીઆં વલી હવાંગહો નદીને મલીએછે, કે જે મંહેલી દેવાલની બરોબર ચાલીઆ પછી મોહોટી દેવાલ આગલ ચાલેછે, અને નીંગહીઆવે આગલથી મોંગોલીઆ માં ગીઆની અગાઉ તે દેવાલમાંથી બેવાર નીકલીને આવેછે. વેહો નાંમે બીજી એ કેહેઆ જોગ નદીછે; તે ૩૪ અંશ અને ૩૦ કલાની ચોરણમાં અને ૧૦ અંશ અને ૪૦ કલાની લંબાંનમાં તસીનચુ આગલથી નીકલેછે, અને પૂર વ તરફ ચાલીઆ પછી ઉતર દશાએ શેનસીની બોરડુઓ પર ચાલેછે. તે ચીનની ઘણીજ મોહોટી નદીઓમાંની એ ક નદીછે, અને ૩૪ અંશ અને ૪૦ કલાની ચોરણમાં તુંગ કવાન આગલ પીલી નદીમાં જાએછે. હાનહો અને કીનંત સીનહો એ નદીઓ શેનસીમાંથી નીકલીને હુપીહમાં ચાલે છે; અને લોહો અને તોવેહો, વેહોમાં જાએછે; તેઆરે કાન કુશાવઇ, અને બીજી કેટલીએક નહાની નદીઓ હવાંગહો માં જાએછે •

જેમ જેમ આપણે કોબીનાં રાંન તરફ આવતા જઈએ છે, તેમ તેમ આસપાસનો મુલક વધારે ઉજાડ માલમ પ ડેછે. તે ઉપરથી કાનસુહ ચીનનાં ઘણાંજ થોડા ઉપજ લ રેલાં ભાગોમાંનો એક ભાગછે; અને તે ઠંડુ અને ઉજાડ સંસથાનછે. તોપણ તે વચલા એશીઆ ખંડની ઉંચી જગા ઓ સાથે ઘણો તફાવત રાખેછે •

પાહાડોની હાર જે લાંબીની લાંબી ચાલેલીછે, તે અમુ

ર નદીનાં કાંઠાઓ પરથી ફેલાઈને મોંગોલીઆમાંથી આ
વેલી હોએ હેવું દીસેછે; તેઆરે સજીચુએનમાંનાં પાહાડો
સીફાનમાંથી નીકલીને પૂરવ તરફ ફરેછે, અને હવાંગાહો
અને વૈહો એ નદીઓ અગાલથી બરોબર ચાલીને કાનશુહ
અને શેનસીમાં જાએછે. જોકે અંહીઆં બલતા પાહાડો ન
થી, તોપણ ધરતીકંપ ઘણીવાર થાએછે ◦

જે બલાઓથી એ ફૂપજ ભરેલો દેશ ખુવાર થાએછે, તે
ઓમાં ટીડોને ગણેછે, કે જેઓ વદલાંઓનાં જથાની કાં
ની નીકલીને પાકની સઘલી ખરાબી કરેછે, અને ફૂપજ
ભરેલી જગાઓને શાંમોનું બીજુ રાંન કરી નાંખેછે ◦

એ બંધે સંસથાનો ભરતમાં ૧૫૪૦૦૮ ચોરસ મૈલછે, તે
સાથે ૧૦૨૦૭૨૫૬ રેહેવાશીઓ શેનસીમાં અને ૧૫૧૯૩૧૨૫
રેહેવાશીઓ કાનશુહમાંછે. અને મોહોટાઈમાં સજીચુએન
નાં સંસથાનથી ઉતરતાંછે. રેહેવાશીઓ જોરાવર અને મજ
બૂત લોકોછે; અને તેઓ પર ગાંમનાં લોકો સાથે એખલા
સ અને મોહોબત રાખેછે. પશચમ દશા તરફ થોડાએક
કાલમક અને મોંગોલ લોકો રેહેછે, જેઓ ચીનાં લોકોની
જાત સાથે અવાર નવાર વગર અડચણે પરણેછે. પાહાડો ભ
રેલાં પરગાણાઓમાં સાબર અને હરણો ઘણાંછે, અને કસ
તૂરીનાં હરણો અંહીઆં ઘણાં સારાં થાએછે. અંહીઆં કાફે
જસ તરફનાં મુલકોનાં જેવાં બકરાં થાએછે, તે સાથે તેઓ
નાં લાંબાં ચરબદાર પુછડાં હોએછે ◦

શેનસીનું સંસથાન બાર પરગાણાઓમાં વેહેંચાએલુંછે;
અને કાનશુહ પંદર પરગાણાઓમાં વેહેચાએલું. એ બંધે સં
સથાનો એક વાઈસરાએ, અથવા તશુંગતુહને તાબે છે

ઘેલાંછે, તે વતરોગે તેઓ એક એકમાં એકઠો કુજૂએ નછે. તેઓની પડોસનાં બલવા ઊઠાવનાર લોકોને લીધે અંહીઆં લશકર ઘણું મોહોટું રાખેલુંછે, તેથી કરીને સરકારને ઘણો મોહોટો ખરચ થાએછે ❀

સીગાનફુ, શેનસીનુ પાએતખંતછે, અને ચીનનાં રાજનાં ઘણાંજ મોહોટાં શેહેરોમાંનું એક શેહેરછે; તો જોકે તેમાં ઘેરો કાંઈ ઘણાં ઊંચાં અને સારાં બાંધેલાં નથી, પણ તેની દેવાલ ઘણી પોહોલીછે, અને ચેઆર મૈલનાં ઘેરાવામાંછે, અને તેની બારકુઓ પર બરૂજો બાંધેલાછે. તસીઆંગકીઊન અથવા વડો સરદાર જે શાહંશાહની ફોજનો સીપેહસાલારછે, તે અંહીઆં રેહેછે. તેમાં એક મેહેલ અસલનાં શાહંશાહોમાંનાં એક શાહંશાહે બંધાવેલો હજુર સુધીછે, અને તે તેની ગએલી મોહોટાઈની યાદગારીની નીશાંન રેહેલીછે. એ શેહેરની થોડાએક મૈલ દુર વૈહો નદી વેહેછે, પણ એ નદી સાથે કસો પાણીનો મારગ લગાડેલો હોએ હેવું દીસતું નથી ❀

લાનચૂફુ, કાનશુહનું પાએતખતછે, અને એ બેઊ સંસથાનોનાં તશુંગતુહને રેહેવાનુ મઠકછે. તે ૩૬ અંશ અને ૮ કલાની ચોરણમાં અને પીકીંગની પશચમ દશાથી ૧૨ અંશ અને ૩૩ કલાની લંબાનમાંછે, અને હ્વાંગહો નદીનાં કાંઠાંઓ પર આપણને તે ઘણુંજ મોહોટું શેહેર મળેછે. તેનો વેપાર સીનીંગ અને તોપાને મારગે. મોંગોલીઆ અને સૌંગોરીઆ સાથે ઘણો મોહોટો ચાલેછે. હાનચુંગફુ, જે હાન નાંમે નદી ઊપર એક વગર ખેડાએલા દેખામણા મુલકમાં વસેલુંછે, તેનાં ડુંગરો અને ખડકોમાંથી મોહોટા મોહો

ટા રસતાઓ ખોદી કાહાડીઆછે, તે ઉપરથી ફેહેઆનોગ છે. ચીનનાં રાજનાં બીજા ભાગોમાં જેમ ઘણાંએક નાંલાંઓ કાહાડેલાંછે, તે પરમાણે અંહીઆં જોઆમાં નથી આવતું, તેથી કરીને રસતાઓ કાહાડવાની અગાત પડીછે; પણ રસતા બાંધવામો ચીનાંઓ સરસ ઉતરતા નથી. કાંકે કેટલાએક સંસથાનોમાં એકુ સારો રસતો જોઆમાં આવતો નથી, બલકે મોહોટા મોહોટા શેહેરોમાં જવાનાં મોહોટા મારગોબી માતર પણ પગાવાટ કરતાંને ઠીક બાંધેલાં નથી. કીનઘઆંગાકુ, એ નાંકાંઓ પરનાં કીલલાઓમાંનો એક કીલલોછે, અને તેની આસેપાસે ખાઇઓ અને બરુજો બાંધેલાછે; તે ઉપર તાતાર લોકોએ ઘણીવાર ઘેરો નાંખેલોછે. લીગતાઓકુની પડોસમાં હવાંગહો નદીમાં અને પાહાડો પરનાં પડતા ધોતોમાંથી સોનાની રજ મલેછે. શેનની અને કાનશુહમાં દખણ અને પૂરવ તરફનાં સંસથાનોની કાંની મોહોટાં મોહોટાં શેહેરો થોડાંજ આવેછે, અને રેહેવાશીઓ ગામડાંઓ અને ખેડાઓમાં વીખરાઇ ગીએલાછે; પણ ખેતીવડીની તરતીબ બીજાં સંઘલાં સંસથાનોની કાંનીજ ચાલેછે ❀

શેનસીનું જમીનનું મેહેશુલ કાનશુહનાં કરતાંને ઘણુંવધારેછે, અને તે ૧૫૩૦૯૦૭ તેલ અને ૧૯૯૪૫૩ શીહ ચોખાનાં જુમલે થાએછે; તુનતીઇન ૩૯૨૩૬ કીગ અને ૯ મોછે, તે સાથે તેની પેદાસત ૭૪૧૨૨ તેલછે; અને હીઓતીઇન ૫૫ કીગ અને ૨૦ મોવછે; અને તેની ઉપજ ૧૫૪ તેલછે, કે જે એટલીતો થોડીછે કે લખવાને લાએકબી નથી: હવે કાનશુહમાંથી જમીનનુ મેહેશુલ ૧૫૩૯૦૭ તે

લ અને ૧૬૮૪૫૩ શીહ નીકલેછે, અને તુનતીઆન૧૦૭૨૦૪ કીંગ અને ૭૮ મોવ જુમલે થાએછે, અને તેની પેદાસત ૨૮૫૭૫ તેલનીછે, કે જે ઉપરથી દેશનો સંભાલ કરનાર સીપાહીઓને સારૂં ઘણીજ વધારે જગા કાહડેલી માલમ પડેછે; પણ કાનશુહમાં લોકોને કેરવણી આપવાને સારૂં માતર ૮૯ તેલ ખરચ લાગેછે, તે સાથે ૧૨૮૪ શીહ અનાજનાં થાએછે, અને મોહોટી નીશાલો વગેરે ચલાવાને સારૂં ૩૧૧ કીંગ અને ૨૫ મોવ જમીન કાહાડેલીછે. મીઠાંની જગાત ૨૬૩૮૬ તેલ જુમલે થાએછે, પણ આમદ રફતનાં માલ ઉપરની જગાત વીશે કાંઈ બરોબર લખીઊં નથી, અને હમોધારીએચ કે તે ઘણી જુજવી હશે •

જોકે તુરકસતાંનનો મુલક હમણાં ચીનને તાબુકેછે, તો પણ કાનશુહનાં નાકાંઓ પર અગાઊની કાંનીજ કીલબાઓ થાણાં રાખેલાછે. કાંકે જો તે તરફથી કાંઈ લડાઈનો હુમલો થાવાની ધાસતી માલમ પડેતો, તેનો શેજમાં માતર કાનશુહને મારગેજ નીવેરો આવી જાએ. અને એ ઉપરથીજ ચીનની સરકાર પોતાની તદબીર આગલથી કરી રાખવાને સારૂં તથા શેનસીનું લશકર જરૂરની વખતે કાંમમાં સારીપણે આવવાને સારૂં ઘણી મેહેનત અને ખબરદારી કરેછે •

હોનાનનાં સંસથાનનું વરણન•

હોનાનની ઉતર તરફની હદે પીચીલી, શાનસી અને શાંનટંગછે, દખણ દશા તરફ હુપીહછે, પૂરવ દશાએ કી

આંગાનાનછે, અને પશ્ચમ દશા પર શેનસી અને શા નસીછે. તેનો ઘણોજ ઉતર તરફનો છેડો ૩૭ અંશની ચોરણમાં અને દખણ તરફનો ૩૧ અંશ અને ૩૦ કલાની ચોરણમાંછે; અને પશ્ચમ તરફનો પીકીંગની પશ્ચમ દશાથી ૬ અંશ અને ૨૦ કલાની લંબાંનમાં અને પૂરવ તરફનો પીકીંગની પૂરવ દશાથી ૨૫ કલાની લંબાં નમાંછે. તેનો ઉતર તરફનો ભાગ તેની બોરકુઓ પર આ વેલાં સંસથાનો—પીચીલી અને શાંનટંગ એઓમાં ઘણો એક શ્રુધી ચાલેલોછે. તે પોતાની જમીનની ઉપજ અને સપાઇમાં તથા તેની આબોહવામાં લગાભગ કીઆંગના નનાં સરીખુંછે, એક માતર તેનાં પશ્ચમ તરફનાં ભાગો ડુંગારો ભરેલાછે. હ્વાંગહો નદી તેની આખી પોહોલાઇ શ્રુધી ચાલેલીછે; અને તે દેશનાં બીજા ભાગો બીજી ઘ ણીએક નહાની અને મોહોટી નદીઓનાં પાંણીથી સા રીપખે તર થાએલાંછે *

હેવું જાણીઆમાં આવેછે કે એ મુલકમાં કોહી શાહ્શાહ રે હેતો હતો, કે જેણે ચીનની સલતનત ઉઠી ઉભી કીચી છે. અને ચીના લોકો એ મુલકને પોતાનાં રાજનુંમધ અને તે ઉપરથી પરથ્વીનું મધ એમ કરી લેખેછે. એ આખા સં સથાનમાં તેને ઘણાંજ અગાઉનાં વખતથી વસીઆની નીશાનો આપંણને માલમ પડેછે. અને હરેક કોઇ શાતરૂ બીજાં કેટલાએક સંસથાનમાં થાઇને હોનાનમાં દાખેલ થાઇ શકે હેવુંછે, તે ઉપરથી રાજનાં હરેક બીજા ભાગ કરતાં ને એ સંસથાને શ્રુલેહ અને સમાધાનીનુ શ્રુખ વધારે ભો ગવેલુંછે. તેનાં ફલ અને ફુલનાં ઝાડો તથા સારાં અનાજ

નાં ખેતરો ઉપરથી તેને ચીનનો બાગ એમ કહેછે. અને એ પ્રાએદા ઉપરથી અસલનાં ચીનાઈ શાહંશાહોએ પોતાની દરબાર એ સંસથાનમાં રાખી હતી, અને તાતાર લોકોનાં વારેવાર ચીન ઉપર હુમલા થાઆના સબબથી તેઓને નાહાંઓ પરની જગોએ જાવું પડીઉં, તાંહાં સુધી તેઓ પોતાની દરબાર અંહીઆંથી કધી બીજી જગામાં લઇ ગીઆતા નંહી ✱

હોનાનનું સંસથાન તેર પરગણાંઓમાં વેંહેંચાએલુંછે; અને તેની હુકુમત એક આપઅખતીઆરી ફુઈઉન, અથવા લફટીનાંટ ગાવરનર જે કાઈફુંગફુમાં રેહેછે તે ચલાવેછે. તેમાં નવ ફુ અને ચાર ચુછે ✱

કાઈફુંગફુ જે તેનું પાએતખતછે, તે પીલી નદીથી સુમારે ચાર મૈલ દુર ઉભેલુંછે. તે મોહોટું સારૂં બાંધેલું શેહેર છે, અને તેમાં સારો વેપાર અને મેહેનતુ લોકોની વસતીછે, પણ તેમાં એ ભારે મોહોટી નદીનાં પાંણીની રેલ ચહડી આવેછે. અને ૧૬૪૨ માં જેઆરે માનચૂ લોકોનાં શતરૂઓએ એ શેહેર ઉપર ઘેરો ઘાલીઓ હતો, તેઆરે શાહંશાહની ફોજ તેનો છુટકો કરવાને ગઈ હતી, પણ તે ફોજનાં સરદારનાં હીચકારા પણાંથી ખોલલા મેદાંનમાં ઉતરીને લડાઇ કરવાને તેની છાતી નંહી ચાલી તે સબબથી તેને એ પીલી નદીનાં પાંણી ચહડી આવવાનો એક મારગ ખોદી કાહાડીઓ, તેથી કરીને કાઈફુંગફુનાં આખા મેદાંનમાં પાંણી ફરી વલીઉં; અને કેહેવું કેહેછે કે તેમાં તરણ લાખ રેહેવાશીઓનાં જીવની ઘાત થાઇ, પણ તેઆરથી એ

શેહેર આસતે આસતે સમરતું ગીઉં, અને હમણાં ઘણી સા
રી હાલતમાં આવ્યુંછે ૰

હોનાનફુ, ૩૪ અંશ અને ૪૩ કલાની ચોરણમાં એ સંસ
થાનનાં પશચમ તરફનાં ભાગમાં હવાંગહો નદીથી ઘોડેએ
ક દૂરછે, અને તેની આસેપાસે પાહાડો આવેલાછે, અને તે
તરણ નદીઓ જે પોતાની મેલે હવાંગહો નદીમાં જાએછે
તેઓની વચે આવેલુંછે. એ પરમાંણેની સારી દેખાંમણી જ
ગોએ આઆથી તે ઘણી ઉપજ ભરેલી જમીનનો સંઘલો
લાભ મેલવેછે. અને કદાચ એજ કારણ ઉપરથી ચીઉકૉંગ નાં
મે અસલનાં સીતારે.નાસે પોતાનાં નખેર તરીનાં વરતારા
કરવાનાં ઘેરો અહીંઆં મુકરર કીધાં હશે. તે ઇસવી સને
ની એક હજારથ બો. વધારે વરસ અગાઉ થાઇગીઓછે,
અને હેવું કેહેછે કે એ ઘણાંજ પુરાતમ જોતીશીને હાતનું
વરતારો કરવાનું એક યંત્ર તેની રેખાની જગા તીગ
ચૂફીઇનમાં હજુર શુધી રહેલુંછે ૰

પીલી નદીનાં કાંઠાઓ પર ઘણાંજ સારાં અને આબાદ
શેહેરો આવેલાંછે, પણ તેઓમાં કાંઇ અજાએબ સરીખું કે
હેઆ જોવા નથી ૰

હોનાનની મોહોટાઇ ૬૫૧૦૪ ચોરસ મેલનીછે, અને તે
માં ૨૩૦૩૭૧૨૧ માંણસની વસતીછે; તે ઉપરથી એ ચીન
નાં રાજનુ ચોઠમું સંસથાન ગણાએછે. તેની જમીનનું મેહે
શુલ ૩૩૦૩૯૯૦ તેલ અને ૨૪૮૯૬૫ શીહ અનાજનાં ઉપ
જેછે; પણ વુનતીઇન માતર ૭૨૫૨ કીગ અને ૯૦ મોવ
જુમલે થાએછે, અને તેમાથી ૧૭૯૯૧ તેલની પેદાસત આ
વેછે, તો જોકે હેવા મોહોટા સંસથાનનો સંભાલ કરનારા

સીપાહીઓને એટલાંમાંથી બસ થાએછે, હીઓતીઅન ૨૧૦ ફીગ અને ૭૧ મોવછે, અને તેમાંથી માતર ૯૬૫ તેલની પેદાસત થાએછે, મીઠાંની જગાત ૪૯૨૩૮૨ તેલછે, હોના ન પોતાની મેલેજ એક જોરવર રાજ થાએ હેવો મુલકછે, અને તે અસલનાં વખતમાં ઘણીવાર સવતંતર મુલક થાઈ ચુકેછે, અને હજુરબી એક ફીઆંગનાંનનાં સંસથાનથી મા તર ઉતરતું ગણાએછે ૰

કુકવાંગનાં સંસથાનનું વરણન૰

એ સંસથાનની ઉતર તરફની હદ પર હોનાનછે, દખણ દશાપર કુવાંગટંગ અને કુવાંગસીછે, પૂરવ દશાપર ફીઅં ગ નાન અને ફીઆંગસીછે, અને પશચમ દશાપર શેનસી, સ ઝીચુએન, અને કવૈચુછે, તે ૨૪ અંશ અને ૪૫ કલા થીતે ૩૩ અંશ અને ૨૦ કલા શ્રુધીની ચોરણમાં અને પીફીંગની પશચમ દશાથી ૨૦ કલા થીતે ૮ અંશ શ્રુધીની લંબાનમાં ચાલેલુંછે ; અને તેમાં ઇઆંગતઝીફીઆંગ નદીનાં આઆ થી તેનાં બે ભાગ થાએછે,—ઉતર તરફનાં ભાગને કુપીહ અને દખણ તરફનાં ભાગને કુનાન કરીને કેહેછે, કુપીહ ઘ ણો મોહોટો ભાગછે, અને તે અગીઆર પરગણાંઓમાં વે હેંચાએલોછે ; કુનાનનો ભાગ તેર પરગણાંઓમાં વેહેંચાએ લોછે ૰

એ સંસથાન જમીનની સફાઇ અને ઊપજમાં હેનાનનાં સરીખુંછે; પણ હેની જમીન ઘણી સારીપખે પાંણીથી તર થાએલીછે. અંહીઆં થોડાએક પાહાડો સજીચુએનનાં નાંકાંઓ તરફથીછે, અને તેઓ કાંઇ ઘણાં મોહોટા નથી ❀

ઇઆંગતજીકીઆંગ નંદીને હાનઇઆંગનાં શેહેર આગલ હાનકીઆંગ નાંમે નદી આવી મલેછે; બીજી કેટલીએક નહાની નદીઓબી એ શેહેર આગલ ઇઆંગતજીકીઆંગમાં વેહેછે. દખણ દશામો લોકીઆંગ અને કુંગકીઆંગ. એ નદીઓ મલેછે, અને તે બંધે નદીઓનાં આઆથી તેઓની વચે મટોડાનાં એક ટાપૂ સરીખી જમીન થાઆ પછી, તેઓ પોતાની મેલે કુંગતીંગહુમાં જાઇ મલેછે; તેઆરે ઇઊએનકીઆંગ નદી પૂરવ તરફ ફાટીને એજ સરોવરમાં જાએછે. ઇઆંગતજીકીઆંગ નદીની પડોસમાં ઘણાએક મેહોટા મોહોટા સરોવરો આવેલાછે, કે જેઓ ઊપરથી એ સંસથાનનું નાંમ પડીઊંછે. હેવું માલમ પડેચ કે એ સંસથાન હાનહવઇનાં કરતાંનેબી પાંણીથી ઘણું સારી પખે તર થાએલુંછે. અને ઊપજમાં કદાચ તેનાં કરતાને ઊતરતું છે, તોપણ ૨૭૦૦૦૦૦૦ માણસની વસતી હુનાનમાં અને ૧૮૦૦૦૦૦૦ માણસની વસતી હુપીહમાં જે ૧૪૪૭૭ ચોરસ મૈલ જમીન ઊપર વસેછે, તેના ખપ પરમાણે તેની ઊપજ ઠીક થાએછે. એ સંસથાનનાં બંધે ભાગો એક તથુંગતુહની હુકુમત હેઠલ આપેલાંછે, તે વતરીગે તેઓમાં એકકો હુઇઊએનછે ❀

વુચાંગફુ જે ૩૦. અંશ અને ૩૪ કલાની ચોરણમાં અને પીકીંગની પશચમ દશાથી ૨ અંશ અને ૧૫ કલાની લંબાન

આંછે, તે રાજનાં થોડાંએક શેહેરોથી મોહોટાઇ, વસતી, અને આબાદીમાં ઉતરતુંછે. તે હાનકીઆંગ અને ઇઆંગતજીકીઆંગ એ નદીઓનો જાંહાં સંજોગ થાએછે તે જગો આગલ વસેલુંછે, તેથી કરીને આંહેલા લોગોનાં વેપારનું અહીંઆં મદદ થાએલુંછે, અને સમુદર તરફ આવેલાં સંસથાનોનાં ઘણાંજ સારાં બંદરો કરતાં એ શેહેરમાં ઘણીએક નદીઓપર ફરનારી હોડીઓની આવજાવ થાએછે. વલી તેની પડોસમાં ઘણી સરસ ચાહ થાએછે, અને તેમાં જે બાબુનાં કાગજો બનેછે, તે ચીનનાં મોહોટા રાજનાં સઘલા ભાગોમાં જાએછે. અહીંઆં તાંહાનાં વાઇસરાએને રેહેવાની જગાછે, અને એ શેહેર બીજી જગાઓનાં કરતાંને તેને પોતાની હુકુમતનું મદદ કરવા થકી ઘણું સારૂંછે. હાંનઇઆંગ તેની સાંમેનાં કાંઠાપર આવેલુંછે, અને તેબી ઘણાં સારા વેપારની જગાછે. ચાનશાંગફુ, હુનાનનું પાએતખતછે; તેની આસપાસનો મુલક ઘણોજ સારીપઠે ખેડાએલોછે, અને ચોખાનો પાક કદીજ ખરાબ થાએછે. શેનસીનાં નાકાંઓ તરફ હાકૂએનઇઆંગફુછે; તેની પડોસમાં કેટલીએક કલાઇની ખાંનોછે, અને પાહાડો પર કેટલીએક જાતનાં વસાનાઓ થાએછે. હવાંગચાંગફુના શેહેર આગલનાં પાંણીમાંથી કાચબાઓ મલેછે, અને તે કાચબાઓને ચીનાઓ પવીતર કરી લેખેછે.

ઇઓચૂફુ, તુંગટીગ સરોવર અને ઇઆંગતજીકીઆંગ નદી આગલ વસેલુંછે. એ તુંગટીગ ચીનનાં રાજનાં ઘણાજ મોહોટા સરોવરોમાંનો એક સરોવરછે, અને તેમાં માછલી પુશકલછે, અને એ શેહેર આગલની આસપાસની જમી

ન જાતિજ ઊપજ ભરેલીછે, અને તેમાં પૂશકલ અનાજનો પાક થાએછે, કે જે તાંબુનાં લોકોનાં ખપમાંથી આવેછે, અને જમીનનાં મેહેલશૂલ ખાતેથી જાએછે. ચીંગાચૂકુ, જે પાહાડોની પડોસમાં આવેલુંછે, તે પાહાડો સોનું, રૂપું, અને પારાની ધાતુમાં ઘણાં દરવ ભરેલાંછે; પણ તાંબુનાં રેહેવાશીઓને બીજાં પરગણાંઓનાં લોકો સાથે કાંઈ જાહાજો વેહેવાર નથી તેથી કરીને ઘણાં અનઘડછે. ઊકુંગાચૂકુ જે ઘણુંજ દખણ તરફનું પરગણુંછે, તે એક ઘણો સારો દેખાંમણો પરાંતછે, અને તેમાં પૂશકલ બાંબૂ જે એક મોહોટી કીમતની જીનસછે, તે તથા લીનહવા અથવા કંવલ થાએછે, કે જેનાં કલની ઘણી સારી પેચ બનેછે, અને તેનો ચીનાઓમાં ઘણો ખપછે. પશચમ તરફનાં ભાગોમાં થોડાએક તાંબુનાં અસલી રેહેવાશીઓ હજુર શુધી પાહાડોમાં ચીનાઓની વગાર હરકતે રેહેછે ✱

કુપીહમાં જમીનનું મેહેશુલ ૧૦૧૯૧૫૩ તેલ અને ચોખાનાં ૨૯૬૫૫૪ શીહ ઊપજેછે; અને કુનાનમાંથી ૧૧૬૩૦૬૩ તેલ અને ૨૭૭૬૪૧ શીહ નીકલેછે. કુપીહનું તુનતીઆન જુમલે ૨૦૧૧૬ કીગ અને ૨૩ મોવછે, તે સાથે તેની ૫૨૭૦૦ તેલની પેદાસત આએછે; અને કુનાનનું ૫૧૧ કીગ અને ૧૯ મોવછે, તે સાથે તેની ઊપજ ૩૨૪૯ તેલછે. કુપીહનું હીઓતીઆન ૧૨૦ કીગ અને ૫૭ મોવછે, તે સાથે તની પેદાસત ૯૩૨ તેલ અને ચોખાનાં ૧૯૨ શીહ આએછે; અને કુનાનનું ૧૩૯૦ કીગ અને ૯૦ મોવછે, અને તેની ઊપજ ૨૯ તેલ વતરીગે ૪૩૫૯ શીહ ચોખાના આવેછે. એ બંધે સંસઆનનું મીઠાનું જગાત ૨૧૭૯૨૬૪ તેલછે; અને મોડવીનું

મેહેસુલ જુમલે ૩૧૬૮૨૫ તેલ માતર આવેછે, કે જે હાવા મોહોટા સંસથાનની એક ઘણી જુજવી રકમછે ❁

ચીક્રીઆંગાનાં સંસથાનનું વરણન•

ચીક્રીઆંગાની ઉતર તરફની હદ ક્રીઆંગાનાનછે; દખણ તરફની હદ ફોક્રીઇનછે; પૂરવ તરફની હદ સમુદરછે; અને પશચમ તરફની હદ ક્રીઆંગસીછે. તે ૨૭ અંશ અને ૪૭ કલા થીતે ૩૧ અંશ અને ૧૨ કલાની ચોરણ શ્રુધી અને પીક્રીગની પૂરવ દશાથી ૧ અંશ અને ૩૫ કલા થીતે ૬ અંશની લંબાંન શ્રુધી ફેલાએલુંછે. ઈ એક ઘણુંજ નહાનું સંસથાન છે, અને મોહોટાઇમાં માતર ૩૯૧૫૦ ચોરસ મૈલછે; પણ માંણસની વસતી જે જુમલે ૨૬૨૫૬૭૮૪ છે, તેમાં તે ચીહલી અને શાંનટંગની બરાબરછે, અને સજીયુએન જે મોહોટામાં મોહોટું સંસથાનછે તેથીબી વધારે થાએછે ❁

પાહાડોની હાર જે વીશે કેહેલુંછે કે દખણ તરફનાં સંસથાનોમાં ચાલેલીછે, તે ચીક્રીઆંગામાં આખર થાએછે. અને એ મુલક ઘણુંકરીને ડુંગરો ભરેલોછે, તોપણ તેઓની વચેની નીચાંન જગાઓ ઘણી ઉપજ ભરેલીછે, અને ઘણાંજ ઉજાંડ ડુંગરો પર ચાહેનાં ઝાડો થાએછે ❁

એ સંસથાનમાંની સંઘલી નદીઓ પશચમ તરફ ચાલેલીછે. અને તેઓમાં ઘણીજ મોહોટી તસીઇનતાંગક્રીઆં

ગ અથવા તાંગકીઆંગ નાંમે એક મેડીઆજોગ નદીછે, કે જેનાં મોહોડાં આગલ હોંગચૂ જે ચીકીઆંગનું પાએતખત શેહેરછે તે વસેલુંછે; વધારે દખણ તરફ ગોહૂકીઆંગ અને નાનકીઆંગ એ નદીઓ સમુદરમાં વેહેછે. તેની બોરડુઓ પર તાઇહુઓ સરોવર આવેલોછે, તે વતરોગે ચૂકીહીઅનની પડોસમાં માતર એક નહાનો સરોવરછે ❁

તેનાં કોસતા પર ટાપૂઓ ઘણાં આવેલાંછે, કે જેઓ ઇઆંગતજીકીઆંગ નદી સુધી ફેલાંએલાંછે; અને તેઓમાં ચૂસાનનાં ટાપૂઓનો જુમંડો ઘણોજ પરસીધ થાએલોછે. ઘણાં સારાં બાંરાઓ જે કોસતા પર આવેલાંછે, તેઓ આએછે,—ચાપો, ૩૦ અંશ અને ૩૩ કલાની ચોરણમાં અને ગરીનીચની પૂરવ દશાથી ૧૨૦ અંશ અને ૪૦ કલાની લંબાનમાંછે; હોંગચૂ, ૩૦ અંશ અને ૨૦ કલાની ચોરણમાં અને ગરીનીચની પૂરવ દશાથી ૧૨૦ અંશની લંબાનમાંછે; નીગપો, ૨૯ અંશ અને ૫૫ કલાની ચોરણમાં અને ગરીનીચની પૂરવ દશાથી ૧૨૧ અંશ અને ૧૭ કલાની લંબાનમાંછે; તીગહાઇહીઅન, ૩૦ અંશની ચોરણમાં અને ગરીનીચની પૂરવ દશાથી ૧૨૧ અંશ અને ૫૨ કલાની લંબાનમાંછે; શીહુપો, ૨૯ અંશ અને ૧૮ કલાની ચોરણમાં અને ગરીનીચની પૂરવ દશાથી ૧૨૧ અંશ અને ૪૨ કલાની લંબાનમાંછે; તાઇચૂ, ૨૮ અંશ અને ૫૩ કલાની ચોરણમાં અને ગરીનીચની પૂરવ દશાથી ૧૨૧ અંશની લંબાનનાંછે; વાનચૂ, ૨૮ અંશ અને ૨ કલાની ચોરણમાં અને ગરીનીચની પૂરવ દશાથી ૧૨૦ અંશ અને ૪૨ કલાની લંબાનમાંછે ❁

જેકાંઇ માંણસની ચતરાઇથી થાઇ શકેછે તે ચીકીઆંગનાં રેહેવાશીઓએ પોતાનો મુલક ઉપજ ભરેલો અને સોભીતો કરવાને સારૂં કીધુંછે. તેઓ હરેક જગાનાં કટકાનેબી કાંઇ કામમાં લાવીઆછે; અગર નહીંતો તેઓને એટલા નહાનાં પરાંતમાં રેહેવાને મુશકેલ પડતે. તેઓ મોહોટા હીકમતી અને ઘણાંજ સારા સલુક વાલાછે, બલકે સંઘલા બીજા ચીનાંઓનાં કરતાંને સરસછે. તેઓ કાચૂ રેશમ પકાવામાં તથા રેશમી કાપડની કારીગરીમાં કીઆંગનાનનાં લોકોથીબી સરસ ઉતરેછે. તેઓની મેહેનતની કારીગરીની બીજી ઘણીએક જનસો રાજનાં સંઘલા ભાગોમાં જાએછે, અને તે જીનસોનો ઘણો વેહેલો ખપ થાએછે.

ચીકીઆંગનું સંસથાન અગીઆર પરગણાંઓમાં વેહેંચાએલુંછે; અને તેનો અમલ એક ફુઇઉએન ચલાવેછે, અને તે તશુંગતુહ અથવા ફોકીએનનાં વાઇસરાએની હુકુમત હેઠલછે.

એ સંસથાનનું પાએતખત હંગચૂ જે છે, તે ચીકીઆંગનાં લોકોની એમારત બાંધવાની કલાનો ઘણોજ સારો નમુનોછે. તેની આસપાસની જગાને લીધે તે ઘણું વખણાએછે, અને તે ઉપરથી તેને ચીનાંઓ જમીન પરનાં બેહેસત સરીખું કરી લેખેછે. તે સીહુ નાંમે એક નહાનાં સરોવર આગલ વસેલુંછે, અને તેમાં કેટલાંએક નાલાંઓ ચાલેલાંછે. અને એ શેહેર આગલથીજ મોહોટું નાલું શરૂ થાએછે. તેની મોહોટી દેવાલો શુમારે પંદર મૈલનાં ઘેરાવામાંછે, તોપણ તેનાં પરાંઓમાં અને નાલાં પરની હોડીઓનાં શેહેરમાંબી બલકે શેહેરનાં જેટલાચ રેહેવાશીઓ વસેછે. તસીઇનતાંગકી

ઓંગ નાંમે નદી જે તેની દેવાલો આગલથી ચાલેલીછે, તે
લગાલગ તરણ મૈલની પોહોલાઇમાંછે, અને તેથી સમુદર
સાથે ઘણો સારીપખે સંધેસો ચાલે હેવુંછે. એ સેહેરનાં
મોહોલાઓ જોકે સાંકડાછે, તોપણ તે મોહોલાઓમાંની દુ
કાંનો ચીનમાં જે ઘણી સારી સારી જીનસો થાઇ સકેછે
તેથી ભરેલીજોછે. ઈ હાંગચૂનાં સેહેરમાં ચીનનું સરવેથી સર
સ રેશમી કાપડ બનેછે, અને તે કાપડ બનાવાનાં કાંમ
માં ૬૦૦૦૦ થી વધારે માણસો જાથુક ખપેછે, તેથી કરીને
હાંગચુનો વેપાર જાહાં સુધી એ જીનસનો ખપ રાજનાં સં
ઘલા ભાગોમાં ચાલૂછે, તાહાં શ્રુધી ઘણો સારીપખે ચાલ
શે. સીકુનાં કાંઠાંઓ પર તાહાંનાં રેહેવાશીઓની મૂરતી પૂ
જાની ઘણીએક નઠારી રીત ચાલેછે, અને તે તરફ દેહેડાંઓ
ઘણાંછે. શ્રીઆંહીંગકુનું પરગણું પોતાનાં રેશમી કાપડનાં કા
રખાંનાંઓ ઉપરથી, તથા ઘણાં સારાં નાલાંઓ જે તેમાં ચા
લેલાંછે તે ઉપરથી કેહેઆ જોગછે.

નીંગપો જે શ્રીન અને ઇઆઓ એ બંધે નેહેરોનાં સંગમ આ
ગલ વસેલુંછે, તે ઘણું વખણાએલું બંદરછે. મોહોટા મોહોટા
વાહાંણો માતર ચીનહાઇ જે તેમાં પેસવાનાં મારગ આગલ
છે, તાંહાં શ્રુધી જાઇ સકેછે, પણ ૩૦૦ ટનનાં વાંહાંણો શે
હેરની સાંમે લંગડવાર થાએછે. તેનાં પાંચ દરવાજાઓછે,
અને તેની દેવાલ ઘણી મજબુત બાંધેલીછે, તે સાથે એકુ
બે બુરજોછે, કે જે હમણાં ભાગી પડેલાછે. મોહોલાઓ મો
હોલા અને લાંબાંછે, અને દુકાંનો કંનતાનનાં કરતાંનેબી ઘ
ણી સારી સંણગારેલી અને સોભતી હોએછે. ઘણાંએક નાં
લાંઓ શેહેરમાં ચાલેલાંછે; અને એક પાંણીપર તરતો પૂલ અ

ને શ્રુચુનાં જેવી કેટલીએક એમારતો બાંધેલીછે. દેવાલો આગલથી એક મોહોટું મેદાન ફેલાએલુંછે, અને તે જગા ઘણી સારીપખે વસેલી અને ફુપજ ભરેલીછે. નદીનાં મોહોડાં આગલનાં કાંઠાંઓ પરનાં ડુંગરો ઘણાં ફુજાડછે, તેઆરે નદીઓની પડોસની જગાઓમાં ઘણાં સારાં ખેતરો અને ભાતનાં બાગોછે. શેહેરની નજદીક મીઠું બનાવાનું કંમ ઘણું મોહોટું થાએછે; અને વેપાર જે ચીનનાં ઉતર અને દખણ તરફનાં ભાગો તથા સીઆમ સાથે ચાલેછે, તે ઘણોજ અગતનોછે. તે ચીનનાં રાજમાંનું તીજું અથવા ચોથું બંદર ગણાએછે, તોપણ તેની ઇમારતોની બાંધનીમાં તેની બરાબર જુલમે કોઇ આવી શકેછે. એ જગોએ અંગરેજ લોકો આગલ વેપાર કરવાને જતા હતા; પણ અંગરેજ લોકોનો વેપાર વધીઆને બદલે બેસી ગીઓ, તેથી કરીને અંહીઆં ચુસાનનાં બંદર આગલ અંગરેજ લોકોની એક પડી ભાગેલી કોઠી વગરે બીજી કાંઇ જુજવી નીશાંન મલેછે. હેવું માલમ પડેછે કે નવમી અથવા દશમી સદીમાં એ જગોએ મુસલમાન લોકો વેપાર કરતા હતા, અને પોરતુગીજ અથવા ફરંગી લોકો ચીન આવી પોંહોચીઆ પછી જલદીથી અંહીઆં પોતાનો વગ અને વેપાર ચલાવા લાગા. ચીનહાઇ પોતાનાં કીલલા સાથે એક ડુંગરપર સારી દેખામણી જગોએ ફુલેલુંછે; અને શેહેરની આસેપાસે મોહોટી દેવાલ બાંધેલીછે, કે જાંહાંનો સંઘલો ઘેરાવો થોડાએક ઘેરો વગરે હમણાં ભાતનાં ખેતરોથી ભરેલોછે. કાંઠાં આગલથી જે મોહોટી પાલ નીચાં ખેતરોમાં દરીઆનાં પાંણી ચહડી આવવાનો અટકાવ કરવાને સારૂ મોહોટા મોહોટા પથરોને

લોહોડાનાં કુકો વટે બરાબર જોડીને બાંધેલીછે, તે ચોકસ કરીને વખાણવા લાએક કીમતનું એક કામ કીધેલું છે, પણ હમણાનાં લોકો તેને દુરુસત રાખતા નથી, તેથી કરીને દરીઆનાં તોફાની મોજાએ તેને ઘણીએક ખરાબ કીધીછે ❀

કીઆંગનાનનાં નાકાંઓ આગલ ચાપો નાંમે એક દરીઆનું બંદર મલેછે, કે જાંહાંથી જાપાનનાં મુલકમાં શાહેશાહી રંદનો વેપાર ચાલેછે. તેની આસેપાસેની જગાઓ જોઆમાં ઘણી ખુશનુમાં લાગેછે; કાંકે તે તરફનો મુલક ઘણોજ સારીપખે ખેડાએલોછે; અને કબરો જે ખેતરોમાં આવેલીછે તે ઘણી સારી બાંધેલીઓછે, અને નોકદાર પાગોડો અને મીનારા સરીખી એમારતોથી તે મુલક ઘણોજ સોહામણો દીસેછે. ચાપોનો વેપાર ઘણો મોહોટો ચાલેછે; અને નહાનાં બારકસો છેક શેહેરની નજદીક આવી શકેછે. તો પણ તીંગહાઇહીઅન જે ચૂસાનનાં ટાપૂઓનું પાએતખતછે, તે ચાપોનાં કરતાંને ઘણું સરસછે, અને તેમાં વેપારબી ઘણો સારો ચાલેછે. તેનુ બારૂં મોહોટુંછે, અને તેની આસપાસનાં ટાપૂઓ ઘણાંજ સારીપખે ખેડાએલાંછે, તેથી કરીને તાંહાંનાં મેહનતી રેહેવાશીઓનાં હાત હેઠલ વેપારની ઘણીએક જીનસો આવજાવ થાએછે. ચૂસાનનાં ટાપૂ આગલ જે પૂતોનું ટાપૂછે, તે બુધનાં ધરમનાં ઊપાધીઆઓનું એક મઠકછે, અને તેમાં મોહોટાં મોહોટાં અને ઘણાંએક દેહેડાંઓછે. અને તાંહાં ખલાસી લોકો પોતાની જોખંમ ભરેલી સફરથી સલામત ઊતરીઆની હેસાંનમંદીને સારૂં બુધની ભારે મોહોટી મુરતની પૂજા કરવાને અને ઊપાધીઆઓ અથવા બરાહ

મણોની સાથે રસોઇ કરવાને સારૂં આવેછે, તેમાં કુંગારો પરની એકુબી મુખડાની જગા દેહેડાં અથવા મુરત વગર ખાલી નહીં હશે. મોહોટાં મોહોટાં દેહેડાંઓ પર પીલાં નલીઆ ચહડાવેલાં હોએછે, અને જેઆરે તેઓ ઉપર શુરજ પરકાશેછે, તેઆરે ઘણી સારી જલેહ મારેછે. ઉપાધીઆઓની કબરો મીનારા સરખી બાંધેલી હોએછે, અને તેઓને ઘણી પવીતર કરી લેખેછે. અને એ ધરમનાં અધીકારીઓ વધારે લોભથી પોતાનાં નફાને સારૂં સીઆમ અને બટાવીઆ શુધીની સફર કરવાને જાએછે, અને તેને એ કારણ સર ઘણી લાંબી સફર કરી ગણતા નથી ❁

ચૂસાનની અગાની કોણાએ શીહપો નાંમે એક શેહેર છે, તેમાં આખા કોસતા પરનાં બારાંઓ કરતાંને એક થણું સારૂં બારૂંછે. તેનો વેપાર ઘણી સારી હાલતમાંછે, અને કોકીઇનનાં કેટલાએક વેપારીઓ એ શેહેરમાં આવી રેહેઆછે, તેથી કરીને વેપાર હજુર ઘણો વધતો થાએ હેવું લાગેછે ❁

શાઓહીગાકુ, એક ઘણી સારી સોભતી જગાછે. તેમાં મોહોલાઓ સારીપખે પરસબંદી કીધેલાછે, અને નાંલાંઓ ઘણાંછે, અને ઘેરો પથરનાં બાંધેલાંછે. તેની પડોસમાં હીઆ શાહુંશાહની ઓલાદનો વડો શાહુંશાહ ઇઊની ગોરછે, કે જે ઘણીએ મોહોટી રેલનાં પાંણી કાહાડી નાખીને એ દેશને વસીઆજોગ કીધોછે. વાનચૂ, અને તાઇચૂ એ શેહેરો પડોસનાં સંસથાનો સાથે મોહોટો વેપાર ચલાવેછે. અને તે વેપારમાં જે હોડીઓ લાગેલીછે તે ઘણીછે, પણ તે કોકીઇનનાં વેપારનો બારકસો કરતાંને ઘણી નહાંની અને ઉતરતીછે ❁

ચીકીઆંગાનું જમીનનું મેહેશૂલ ૨૯૧૨૪૪૯ તેલછે, તેવત શેગો ૧૧૩૪૯૧ શીહ ચોખાનાં આવેછે. અને તુનતીએન ૧૭૪૧ કીંગ અને ૬૪ મોવછે, તેની ઉપજ ૧૭૯૯૭ તેલ થાએછે; ફીઓતીએન ૩૦૦ કીંગ અને ૧૭ મોવછે, અને ૩૫૦૦ તેલ તેની પેદાસત થાએછે. માલની આમદ રફત ની જગાત ૩૦૪૨૧૬ તેલછે. મીઠાંનું જગાત કીઆંગાના નમાં દાખેલ કીધુંછે. ચીકીઆંગ ચીનનાં રાજનાં ઘણાંજ મુલ દાર સંસથાનોમાંનું એક સંસથાનછે; અને તેનાં રેહેવાશી ઓની મેહેનતથી તે હેવું તો ખેડાએલુંછે, કે તેની ઉપજ જુલમે એથી વધારે થાએ શકે.

ફોકીએનનાં સંસથાનનું વરણન.

ફોકીએનની ઉતર તરફની હદ પર ચીકીઆંગછે, દખણ દ શા પર કુવાંગટંગછે, પૂરવ દશાપર સમુદર અને કારમો સાની ખાડીછે, અને પશચમ દશાપર કીઆંગસીછે. તે ૨૩ અંશ અને ૩૫ કળા થીતે ૨૮ અંશ અને ૪૭ કળાની ચોરણ શુધી તથા પીકીંગની પશચમ દશાથી ૨૨ કળાથી તે પીકીંગની પૂરવ દશાએ ૪ અંશની લંબાન શુધી કાર મોસા અથવા તાઇવાનનું ટાપૂ દાખેલ કરીઆ વગેરે કે લાએલુંછે. અને તે ભરતમાં ૫૩૯૪૦ ચોરસ મૈલછે, તે સા થે તેમાં ૧૪૭૭૭૪૧૦ માંણસની વસતીછે

એ સંસથાન સંઘલે ઠેકાણે ઘણું પાહાડો ભરેલુંછે; અને
તેની અનાજની ઉપજ ઘણી કમછે, પણ ફારમોસાથી તે પૂરી
પડેછે. તેમાં જે નદીઓ ચાલેલીછે તે ઘણી નહાનીછે. અને
તે નદીઓમાંથી તરણ નદીઓ તુહુગાનકીઆનનાં પરગણા
આગલ એક અખાતમાં જાએછે; અને મીનકીઆંગ જે ઉપર
એ સંસથાનનું પાએતખત ફુહ્ચુ વસેલુંછે, તે ઘણીજ મો
હોટી અને મોહોટા વજનનાં બારકસોને ખેડીઆજોગ નદી
છે. હરેક બીજાં સમુદર તરફ આવેલાં સંસથાનોનાં કર
તાંને અહીઆંના કોસતા પર ખાંચાઓ ઘણાં આવેલાંછે,
અને ટાપૂઓબી ચીકીઆંગાનાં કરતાંને ઓછાં નથી. તે
ઓમાંથી મોહોટાંમાં મોહોટાં ટાપૂઓ આએછે,—હાઇનુન,
હાઇતાન, અને પાંગહાઓનો જુમ્પો અથવા પીસકેડોર
નાં ટાપૂઓ ઘણાં પણ ઉજાડછે; અને તાઇવાન અથવા
ફારમોસા ચીનની હુકુમત હેઠલ ઘણુંજ મોહોટું ટાપૂછે.
ઉતર દશામાં કેટલાંએક નહાનાં ટાપૂઓછે, તે સંઘલાં
સારીપખે વસેલાં અને ખેડાએલાંછે. હાઇનુનનું વખાણ
એલું ટાપૂ કાંઠાં આગલથી એક ખાડીથી જુદું પડેછે.

કોકીઇનનાં રેહેવાશીઓએ અગતને લીધે પોતાનાં દેશ
નાં ઉજાડ ડુંગરો અને રેતી ભરેલાં મેદાનોને ઉપજ ભરે
લાં કરવાને સારૂં સંઘલાં ઉપાઓ કીધાછે. કેંકે અહીઆં
ચાહનાં ઝાડો ઘણાં સારીપખે થાએછે, તેથી કરીને તે
ઓએ ઘણીજ ઉજાડ પાહાડોની કઠણોને સમારીને એ કાં
મજોગ ઝાડોને ખેડીઆ લાએક કીધીછે. જાંહાં ચોખાનો
પાક થાએ નહીં હેવી રેતીની જગાઓ હોએછે, તાંહાં શ
કરકંદ વાવેછે, કે જે ગરીબ લોકોનો ખોરાક થાએછે. અ

ને ડુંગરો પરનાં ખેતરોને પાંણી સીપવામાં ફોકીઅનનાં લો
કોની મોહોટી ચતરાઇ માલંમ પડેછે; અને તે કારણસર
ઘણી સારી કીકમતથી બનાવેલા સાંકલનાં રેહેંતો કાંમ
માં લીએછે. તોપણ આટલી બધી મેહેનત કરતાં છતાં
બી રેહેવાશીઓને ઘણી મુશકેલી અને દલદરીપણું ભોગ
વવું પડેછે. તે સારૂં તેઓ ઘણું થાઇકૂં વેપાર અને માછલી
મારવાનાં કાંમમાં લાગી ગીઆછે, કે જેમાં તેઓ પોતાનાં
દેશનાં સંઘળાં લોકોથી સરસ ઉતરેછે. અને ફોકીઅનનાં
દખણ તરફનાં પરગણાંઓમાંથી ઘણાંએક લોકો સીઆમ
આનનામ, અને પૂરવ હીંદોસતાનનાં ટાપુઓમાં જાઇ રે
હેછે, કે જાંહાં તેઓ મોહોટો ઉદીઓગ ચલાવેછે. તેઓ પો
તાને વતન પાછા આવવા વીશેની ઘણી મમતા રાખતા
નથી; તોપણ તેઓ જયારે દરવવાંન થાએછે, તેઆરે તેઓ
ફોકીઅનમાં પોતાનાં સગા વાહાલાની બરદાસતને સારૂં
તેઓ પર નાણાની મોહોટી મોહોટી રકમો પોતે કશટ ભો
ગવતાંબી મોકલવાને ચૂકતા નથી. તેઓ પાસે વેપારનાં
બારકસો ઘણાંછે, અને તેઓનાં વેપારીઓ કોસતા આગ
લનાં હરેક બંદરમાં આવી એકઠા થાએછે, અને ફોકીઅ
નનાં ખલાસીઓ સંકટ અને જોખમ ભરેલી સફર કર
વામાં ઘણા સરસછે. મોહોટા અને સારા વેપારને લી
ધે તેઓ પાસે દરવ એકઠો થાએછે, તેથી કરીને ચી
નનો સમુદર પરનો વેપાર ફોકીઅનનાં વેપારીઓનાં હા
તમાં રેહેછે. તેઓ શરકશી ભરેલાં અને મગરૂર લોકોછે,
અને પોતાનું મુખતીઆર પણું રાખવાને ખુશીછે, કે જેથી
બીજા સંસથાનોનાં ચીનાંઓ લગાભગ અનજાણછે. તેઓ

ની બોલી માંનદરીન જુબાનથી ઘણી જુદી તરેહનીછે; અને તેઓમાં ફેરફાર બોલીઓ બોલાએછે, પણ તે સંઘલી બોલીઓનો એક કાએદો બાંધેલોછે ❁

એ સંસથાનની હુકુમત ઉપર એક તશુંગતુહ, અને ફુહૂએનછે; જેમાંનાં બીજાનો અમલ ચીકીઆંગનાં સંસથાન ઉપરબી ચાલેછે ❁

ફોકીહન બાર પ્રગણાંઓમાં વેહેંચાએલુંછે; અને તેનાં મુખીઅ બંદરો આએછે,—હીઆમુન અથવા આમોએ, ૨૪ અંશ અને ૨૭ કલાની ચોરણમાં અને ગરીનીચની પૂરવ દશાથી ૧૧૮ અશ અને ૧૦ કલાની લંબાનમાંછે. હઆકોવ, ૨૪ અંશ અને ૪૩ કલાની ચોરણમાં અને ગરીનીચની પૂરવ દશાથી ૧૧૮ અંશ અને ૨૬ કલાની લંબાનમાંછે. તસીહૂએનચૂફુ, (ચીનચીઊ,) ૨૪ અંશ અને ૫૬ કલાની ચોરણમાં અને ગરીનીચની પૂરવ દશાથી ૧૧૮ અંશ અને ૪૨ કલાની લંબાનમાંછે. હીગહવાફુ, ૨૫ અંશ અને ૨૫ કલાની ચોરણમાં અને ગરીનીચની પૂરવ દશાથી ૧૧૯ અંશ અને ૯ કલાની લંબાનમાંછે. હવહગાન, ૨૫ અંશ અને ૩ કલાની ચોરણમાં અને ગરીનીચની પૂરવ દશાથી ૧૧૮ અંશ અને ૫૫ કલાની લંબાંનમાછે. ફુહચફુ, ૨૬ અંશ અને ૨ કલાની ચોરણમાં અને ગરીનીચની પૂરવ દશાથી ૧૧૯ અંશ અને ૨૦ કલાની લંબાનમાંછે. ફુહનીગચૂ, ૨૬ અંશ અને ૫૫ કલાની ચોરણમાં અને ગરીનીચની પૂરવ દશાથી ૧૨૦ અંશની લંબાનમાંછે. ફારમોસાનાં પશચમ તરફનાં કોસતા પરનાં બંદરો. તાઇવાનફુ, ૨૩ અંશની ચોરણમાં અને ગરીનીચની પૂ

૨૪ દશાથી ૧૧૯ અંશ અને ૫૨ ફલાની લંબાનમાંછે. લો ફાંગ, ૨૩ અંશ અને ૫૬ ફલાની ચોરણમાં અને ગારીની ચની પૂરવ દશાથી ૧૨૦ અંશ અને ૧૫ ફલાની લંબાન માંછે. તાનશવજ, ૨૫ અંશ અને ૭ ફલાની ચોરણમાં અ ને ગારીનીચની પૂરવ દશાથી ૧૨૧ અંશ અને ૩ ફલા ની લંબાનમાંછે. ફીલુંગ, (ફીલાંગ,) ૨૫ અંશ અને ૧૬ ફલાની ચોરણમાં અને ગારીનીચની પૂરવ દશાથી ૧૨૧ અંશ અને ૨૯ ફલાની લંબાનમાંછે *

ફુહચૂફુ જે પાએતખતછે, તે ઘણું મોહોટું શેહેરછે, અને આમારે વીસથી તે તીસ મૈલ મીન નદીની ઉપરછે. તેનો ઉતર તરફનાં સંસથાનો સાથે લાકડાં, બાંબૂ, તંબાકૂ, અ ને ચાહ, એ જીનસોનો મોહોટો વેપાર ચાલેછે. તેનાં કેટલા ક મોહોલાઓ લાંબા પણ સાંકડાછે. તેમાં ચીનની સારી અ ને મોહોટી હવેલીઓ ઘણીછે; અને દુકાંનો સારીપખે ભરેલી ઓછે, અને વેપારની ધુંમધામ ઉપરથી તે ઘણું સારૂં સેહેર લા ગેછે. તેમાં મીન નદી પરનો ઘણુંનો વખણાએલો પથરનો પૂલ જે ૮૨૭ હાઆરડ લાંબો અને ૮॥ હાઆરડ પોહોળોછે, તે ઘ ણો મજબુત પણ બેડોલ બાંધેલોછે; તેને મોહોટા મોહોટા પથરનાં થાંબા આપેલાછે, અને જોકે તે ઘણો લાંબોછે તો પણ તેને આરકાં મારેલાં નથી. તેની આસપાસની જગા ચોકસ કરીને ઘણી દેખાંમણીછે, અને ડુંગરોને મથાલાં સુ ધી ચોતરાઓની કાંની સરખી જગાઓ કરીને ખેડેલાછે, તે થી કરીને ઘણું ખૂશ લાગેછે, અને રેહેવાશીઓની મોહો ટી મેહેનત માલમ પડેછે. અગાઊ દચ (વલંદા) લોકો અહીં આં વેપાર કરવાને આવતા હતા, પણ હાલમાં એ બંદરે

પરદેશી લોકોનું એકુ વાંહાંણ જતું નથી, તો જોકે જે બંદર આગલ ચાહ થાએછે, તાંહાંથી તે ચહડાવાને ચાહનાં વેપારીઓને ઘણો ફાએદો થાએ હેવુંછે ૦

તસીઈંજૂનચૂકુ, જે વેપારની ઘણીજ મોહોટી અગતનું શેહેરછે, તે તસીન ઊપર વસેલુંછે, તે સાથે તેનું બાકું ખડક અને ખરાબાથી ભરેલું ઘણું ખરાબ અને જોખમ ભરેલુંછે; તો પણ તે ઘણાંએક બારકસો જેઓ તેની અને ફારમોસાની વચે આવજાવ કરેછે, તથા જેઓ ચીનની ઊતર દશા તરફ તથા માનીલલા તરફથી સફર કરેછે, તેઓને આવી એક ઠાં મલવાનું મઠકછે, પણ તેની આસપાસનાં મુલકનાં લોકો ચીનનાં હરેક બીજા સમુદર તરફનાં ભાગનાં રેહેવાશીઓ કરતાંને ઘણાં નઠારી હલતમાં રેહેછે; અને તેઓનાં કપડાં અને ઘરો ગલીજ હોએછે, તે સાથે તેઓ ચોરી અને હરેક બીજા પરકારનાં વએસન ઊપર લાગેલાછે, અને એજ પરગણાંમાંથી ઘણાંખરા દરીઆઈ ચોરો એ તરફનાં સમુદરોમાં નીકલીઆ હતા; અને તેઓ છેલી ઘડી સુધી તાતાર લોકોની સાંભે થાઆછે, તાંહાં કેટલાએક મોહોટા પૂલો નદીનાં મોહોડાંઓ પર બાંધેલાંછે, તેથી કરીને બાહેરના ગામોનાં લોકો ઘણાં અચરત થાએછે; તે પૂલોમાંનો એક પૂલ લગાલગા પોનો મૈલ લાંબોછે, એ કુનાં પાએતખત વતરોગો બીજા કેટલાંક બંદરો કોસતા આગલથીછે, કે જેઓ ઊપર તસીઈંજૂએનચૂની હુકુમત ચાલેછે; તેઓમાં ઘણુંજ પરસીધી થાઈલુ હીઆમુન, અથવા આમોઈછે, કે જે ઈક ટાપૂ ઊપર બાંધેલું ગાંમછે, તે સાથે રૂડું અને ઘણું સારું બાકુંછે, અને લોકો પણ કાંમવાલાછે, અને તે આખા કોસતા ઊપર ઘણાજ દરવ લ

રેલા વેપારની જગાછે; કાંકે વેપારીઓ જેઓ એ શેહેરનાં લોકોછે, તેઓ ખપજોગ સોદો લગાલગ સંધલો પોતાને હાત કરી લીએછે, તેથી કરીને વેપારનાં સંધલા મોહોટાં કામો તેઓને હાત રેહેછે. ઘણાંએક રેહેવાશીઓ પૂરવ હીંદોસતાનનાં ટાપૂઓમાં જાએછે, અને તાંહાં દરક મેલવેછે. અને પોતાનાં વતન સાથે મોહોટા જુંકો જેઓ વરશે વરશ આમા એથી અને કીઆંગાશૂમાંનાં શાંગાહાઇથી તાંહાં આવેછે તેથી ચલાવેછે ❀

ચાંગચૂકુ, એક નદી ઉપર ઉભેલુંછે, પણ તે નદી મોહોટાં બારકસોને ખેડીઆજોગ નથી, અને તેથી કરીને આમોઈ તેનું બંદર થાએલુંછે. ચીનાંઓનાં શેહેરને સારૂ એ એક ઘણી સારી જગાછે; અને રેહેવાશીઓ ઉદીઓગીછે, પણ તેઓ ખેડુતનાં કાંમ કરતાંને વેપારીનું કામ ચલાવામાં વધારે પરસીધ થાએલાછે. તેની પડોસમાં જે આરંગો થાએછે, તેઓની લેજત ઉપરથી ઘણાં પસંદ થાએછે. એ જગોનો વેપાર ઘણો ચાલેછે; અને તરેહ તરેહની જીનસો દશાવરો ખાતે મોકલવાને સારૂ પૂશકલછે. હીંગહવાકુ, જોકે વેપાર ચલાવાને સારૂ સારીપખે વસેલુંછે, તોપણ વેપારનું કાંમ કાંઇ તેમાં ઘણું ચાલતું નથી. તસીઇઉએનચૂકુનાં કરતાંને તે ગામ ઘણું સરસછે; તેની આસપાસનો મુલક સારો દેખામણોછે; અને ડુંગરોની કઠણો શેંતુત અને ચાહાનાં ઝાડોથી સોભતી દીસેછે; પણ તેની જોગવાઇ ઘણી થોડી માલમ પડેછે ❀

એ પરગણામાં મીચૂનું વખનાએલું મંદીર આવેલુંછે, કે જે એક ટાપૂ ઉપર ઝાડજંખની વચે આવેલા એક ઉંચા ડુ

ગર પર બાંધેલુંછે; અને તેની વળી ફોકીઇનની એક જુ
વાન ઓરતછે, જેને હમણા માતશૂપોને નાંમે દેવતાઓમાં દા
ખેલ કીધેલીછે, કાંએજે એકવાર તેણે સપણામાં આવીને સ
મુદરમાંથી પોતાનાં ભાઇને ડુબતો બચાવીઓછે. એ ઉપર
થી તે ઓરત ખલાશી લોકોની દેવી થાઇછે; તે લોકો તે
ની એક મુરત પોતાની હોડીઓમાં રાખેછે, અને તેને લો
બાંન અને ચાહ ચહડાવેછે. એ વસવસા ભરેલાં લોકોને
એક જીઆરત કરવાની જગા થાઇ પડીછે; અને દરીઆ
ઇ અમલદારો તથા ઘણાંએક વેપારીઓ તેની માંનતા ચહ
ડાવાને સારૂં જાએછે ❀

કીઇનનીગાકુનાં પરગણાંમાં તશૂંગ.ગાનહીઇન મધે ૨૭
અંશ અને ૪૭ કળાની ચોરણમાં ચાહનાં જાડોથી ભરેલા વૂ
ઇશાન પાહાડો આવેલાછે, કે જાંહાંથી આપણી કાલી ચાહ
નો એક મોહોટો જથો આવેછે. તે મીનહો નદી પર આથા
થી એ સંસથાનનાં પાએતખતમાં ચાહ લેઇ જાવાને ઘણું
સવલ પડેછે, પણ ઘણાંએક થારો ઉપરથી તથા નદી નાં
લાં અને ખાડીઓમાંથી કંતાંનમાં લેઇજાતાં કેટલાએક મ
હીનાં લાગેછે, અને ખરચ ઘણો થાએછે. ઇએનપીગાકુ, ઘ
ણું સારીપખે પાંણીથી તર થાએલુંછે, અને જે ડુંગરની હેઠ
વાઇ આગલથી મીનહો નદી ચાલેલીછે, તેનાં ઢાલ ઉપર
એક સારૂં બાંધેલું શેહેરછે. તેનો વેપાર મોહોટો ચાલેછે ❀

તાઈવાનકુ અથવા ફારમોસા*

એ ટાપૂનો ઘણોજ દખણ તરફનો છેડો ૨૧ અંશ અને ૫૩ કલા શુધી ચાલેલોછે; ઉતર તરફનો છેડો ૨૫ અંશ અને ૧૯ કલા શુધીછે; અને પશચમ તરફનોં કોસતાનો છેડો ગરીનીચની પૂરવ દશાથી શુમારે ૧૨૦ અંશ અને ૪૦ કલા શુધી ગીએલોછે. તેનાં પૂરવ તરફનાં કાંઠાંની તપાસ અથવા ખોલ કીધેલી નથી, તેથી કરીને હમો માતર એક અસલનાં ચારટની સતા ઉપરથી લખીએચ કે તે ગરીનીચની પૂરવ દશાથી ૧૨ અંશ અને ૪૦ કલા શુધી પોહોંચેલોછે. એ ટાપૂ શુમારે ૩૦૦ મૈલ લાંબુંછે. અને પાહાડોની એક હાર તેની વચોવચમાં ઉતર થીતે દખણ દશાએ ચાલેલીછે; અને તે પાહાડોથી દુર બંને બાજૂએ સંઘલું સપાટ છે. તેની જમીનની ઉપજ ઘણી મોહોટીછે; તેમાં ફોકીએનનાં ખપને સારૂં અનાજનો ઘણો મોહોટો પાક ઉપજેછે, ઉતર તરફનાં સંસથાનોમાં પોહોંચાડવાને સારૂં ખાંનનો મોહોટો જથો થાએછે, અને દેશાવરો ખાતે મોકલવાને સારૂં કપૂર થાએછે "*

તાંહાંનાં અસલી રેહેવાશીઓની ઉજ મલાઈ લોકોસરીખીછે. તેઓનાં ઝુપડાંનો આકાર ઉંધી ગારણીનાં જેવો હોએછે. અને તેઓની બોલી થોડીઘણી મલાઈ લોકોને લગતીછે; પણ તેઓમાં લખવાનાં અખેરો અને હરેક ઠરાવેલો

ધરમબી નથી. તેઓ અસકત, આલશુ, અને લોલાછે, પણ ગરીબ અને શુલેહ ભરેલાછે *

ઇસવી સને ૧૪૩૦ નાં વરશની અગાઉ ચીનાંઓએ એ ટાપૂની કસી ખબર લીધીતી નંહી, તો જોકે તે ફોકીઇનનાં કાંઠાથી શુમારે ૧૦૦ મૈલ માતર દુરછે. એ વખત ઉપર મીંગની ઓલાદનાં પાંચમાં શાહંશાહનાં અમલમાં એક સરકારી અંમલદાર તેનાં કોસતા ઉપર તોફાનથી આવી લાગો, અને તેણે પોતાનો અહેવાલ શાહંશાહને જાહેર કીધો. તેની થોડુંએક પછી જાપાનનાં લોકો એ ટાપૂ ઉપર વસતી કરવાને સારૂં જાઇ લાગા, તેઆરે તેમાં થોડાએક ચીનાં દરીઆઇ ચોરો તાંહાંનાં ગરીબ રેહેવાશીઓ ઉપર ઘણો ભારી જુલંમ કરીને રેહેલા હતા. હેવામાં દચ લોકોનો વેપાર સારો ચાલવા લાગો; તેથી કરીને તેઓની કંપનીએ જાપાન અને ચીનની વચે વેપાર ચલાવી શકાએ હેવી કોઇ જગા મુકરર કરી રાખવાનો ઇરાદો કરીને પાંગહુ, અથવા પીસકેડોરનાં ટાપૂઓ હાત કરી લીધા, કે જેઓ તે વખતે કોઇનાં હસતકમાં નંહી હતાં. પણ તેઓ પાસેથી ચીનાંઓએ તે ટાપૂઓને લેઇ મુંકીઆથી, તેઓ કારમોસમાં આવીને હાલમાં જાંહાં તેનું પાએતખત ઉભેલુંછે, તે જગા આગલ (૧૬૨૪ માં) આવી રેહેઆ. ઈ પરમાંણે ઇસાપાનીઆરડ લોકોઈબી પોતાની ચહડતી કરવાનો ઇરાદો કરીને કીલુંગ અને તામસૂઇમાં આવી ઉતરીઆ; પણ તેઆર પછી થોડુંકમા દચ લોકોએ તેઓની કોઠીઓ પોતાને હાત કરી લીધી, અને તાંહાંથી જાપાનનાં લોકોનેબી હાંકી કાહાડીઆ. અને પોતાનો પગ મજબુતીથી રાખવાને સારૂં નાંહાં

ના લોકોને ફુસલાવીને તેઓ સાથે દોસતી કરીને ઘણાંએ
ક લોકોને કરીસતી ધરમમાં વટલાવીઆ, અને તેથી ક
રીને જોકે તેઓનાં હાતમાં કોસતા પુરનો માતર થોડો
એક ભાગ હતો, તોપણ તેઓની સતા હર વરશ વધ
તી ગેઇ. અને ફારમોસા તેઓને બટાવીઆ અને જાપાન
ની વચે માલ લાવા લેઇજાવાને સારૂં એક મઠકની કાની
કામ લાગતું હતું, તોપણ તેમાંથી તેઓની કંપનીને કાંઇ
ઘણો લાભ નહી મલતો હતો, તેથી કરીને તેઓ તેની ઉ
પર થોડુંજ ધેઆંન પોહોંચાડતા હતા. જેઆરે તાતાર લોકો
ચીન ઉપર ચહડી આઆ, તેઆરે ફોકીઇનનાં લોકો તે જુ
લમગારોની સાંબે ઘણાંજ થાઆ હતા, તેથી કરીને તે સ
રકશ ફતેહ કરનારાઓની ખરાબીથી પોતાનો બચાવ ક
રવાને સારૂં તેઓ ફારમોસામાં જાઇ રેહેઆ. તેઆર પછીજ
લદીથી ચીગચીગકુંગનો બાપ જેને તેનાં દેશી લોકો કોક
સીંગ કરીને કેહેછે, તે એક ચાકરની જગા ઉપરથી મો
હોટો વગવાલો વેપારી થાઇ પડીઓ હતો; તેથી કરીને
તેણે એક વાંહાંણોનો કાફલો તઇઆર કરીને સવરગી રાજ
નાં કટા શતરૂઓની સાંબે ધાઓ, અને તાતાર લોકોનાં
કાચા ખલાસીઓ ઉપર ઘણીએક ફતેહ પાંમીઓ, પણ તે
પીકીગમાં ફરેબથી સપડાઇ ગીઆને લીધે તેને પોતાનાં બા
કીનાં દાહાડા કેદમાં કાહાડવા પડીઆ, અને તે ઉપરથી
તેનાં છોકરાએ ધાતકી માનચૂ લોકો ઉપર વેર લેવાનાં સો
ગંદ લીધા; તોપણ તે કીઆંગશૂ અથવા ફોકીઇનમાંથી
નાંઓનો ફતેહ ભરેલો ઝૂંડો ઉડારવાનાં સંધલા કસદોમાં
ફાવી શકીઓ નહી, તેથી કરીને તેને ફારમોસા ઉપર પો

તાનું ધેઆંન પોહોચાડવું પડીહૂં, કાંકે તાંહાં તેનાં ઘણાંએક દેશી લોકો દચ લોકોનાં તાબામાંથી છુટા પાડવાને ચાહાતાં હતા. તે ઉપરથી તેણે ઝીલાંનડીઆનો કીલલો જે તાઇવાનનાં બારાંમાં પેસવાની જગાં આગલછે તે ઉપર હુમલા કીધા, પણ કીલલાવાલાઓ મજબૂતીથી તેની સાંબે થાઆ; અને બટાવીઆથીબી નવું લશકર આવી પોહોચીહૂં, તોપણ તેનું કાંમ કાચા માંણસોનાં હાતમાં પડીઆથી કીલલાવાલાઓને આસરો કરીઆ વગરે તે જાપાન અને બટાવીઆ તરફ પાછું નીકલી ગીહૂં. એ પરમાંણે થાઆથી કીલલાવાલાઓને જલદીથી કુમક મલવાની ઉમેદ રેહી નહી, તે ઉપરથી કોએટ જે તાંહાંનો ગવરનર હતો તેણે તે કીલો (૧૬૬૨ માં) સુલેહની સરતે છોડી દીધો; અને કારમોસા એક સવતંતર મુલક થાઇહૂં. તેનાં મરણ પાંમીઆ પછી તેનો છોકરો પોતાનાં બાપનાં મુલક ઉપરજ રાજી રેહો, અને કોઇકીનનાં હાકેમે જે તાતાર લોકોથી માંથું ફેરવીને લડાઇ ઉઠાવી હતી, તેની કુમક કરવાની તઇઆરીમાં હતો, એટલામાં તે હાકેમની ગરૂરીને લીધે દોસતનો દુશમેન થાઇ પડીઓ, અને જેને મદદ કરવાની જરૂર હતી તેની સાંબે થાઇને તેણે લડઇ કીધી. હવે કાંગહી શાહેંશાહ જે રાજપાટનાં કાંમોમાં મોહોટો તદબીરવાલો હતો, તેણે એ બલવો બેસાડી નાંખીને કોકીઇનનાં હાકેમને કેદ પકડીઓ, અને જે ચીનાંઓ કારમોસામાં નીકલી ગીઆ હતાં, તેઓ સંઘલાઓને પાછા આવવાને સારૂં એક માફી નાંમું જાહેર કીધું; તેથી કરીને જેહું જોઇતું હતું તે પરમાંણે થાઇહૂં, અને કોકસીગાનાં છોકરાનાં છોકરાને (૧૬૮૩ માં) પોતાની હુકુમત શાહેંશાહનાં ત

અત આગલ છોડવી પડી. તેઆરથી તે હમણાં શ્રુધી ફારમોસા
ચીનને તાબુફેછે, પણ તેમાં ગેરરીતે હુકુમત ચલાવીઆ ઉપરથી
ઘણીવાર બંલવા થાઆછે. તેમાં પૂરવ તરફનાં ભાગો હજુર શ્રુ
ધી તાંહાંનાં દેશી લોકોનાં સરદારોનાં હાંતમાંછે ❁

તાઇવાન જે તેનું પાએતખતછે તે એક મોહોટી જગાછે
અને તેમાં ઘણાંખરાં ઘેરો પેંડાનાંછે, પણ તે સોલૈતી કુફાં
નોથી સણગારેલુંછે. તેની ઉતર દશાએ ચુલોહીઇનછે, કે
જેમાં એક ગાંમ અને ચાર ચીનાં લોકોનાં અને તેતરીસ
તાંહાંનાં દેશી લોકોનાં ગાંમડાઓછે. એ જગાએ એક સા
રૂં બાંરૂંછે, જેને લોકાંગ કરીને કેહેછે; અને અંહીઆં વેપા
ર માતર તાઇવાનફુથી ઉતરતો ઘણો મોહોટો ચાલેછે. ચુલો
હીઇનથી ઉતરનું તાનશવઇછે, તેમાં ૧૩૨ જમીનદારી અને
૭૨ ગાંમડાછે, તે સાથે એક સારૂં બારૂં અને મોહોટો વેપા
ર ચાલેછે. ઉતર તરફનાં ભાગમાં કીલુંગચાઇછે, કે જે એ
ટાપૂ પર ઘણુંજ સારૂં બારૂંછે; અને એ ટાપૂનીવચોવચમાં ચાં
ગહવાહીઇનછે, અને ઘણાં દખણ તરફનાં છેડા પર ફુંગશાન
હીઇનછે, તેઆરે પાંગાહુ તેનો છઠોહીઇન થાએછે; અને તે
ઘણાંજ ઉજાડ ૩૬ ટાપૂઓનો જુથંડોછે, પણ તેમાં વાંહાંણ
તથા લશકર ખાતાનાં મથકને સારૂં ઘણાં સારાં બારાંઓછે,
અને તેમાંનાં એક ઘણાંજ મોહોટા ટાપૂ ઉપર એક કીલલો
અને લશકર રાખેલુંછે, તેથી કરીને એ ટાપૂઓ ચીનનીસ
રકારને ઘણી મોહોટી અગતનાંછે ❁

તાઇવાન દચ લોકોનાં હાતમાં હતું, તેઆરે તેઓની કું
પનીને તેનાં ઉપર ઘણો ખરચ લાગતો હતો; પણ ચીના
લોકોની હુકુમત હેઠલ તેમાં વરશોવરશ ઓછામાં ઓછાં

૧૦૦૦૦૦૦ તેલ ઊપજેછે. એ હીસાબ તેની વસતી ઊપરથી જલદીથી ધેઆનમાં ઊતરશે, કાંકે તેમાં હમણા શુમારે ૩૦૦૦૦૦૦ રેહેવાશીઓની વસતી થાએછે, જેઓએ આસ તે આસતે સંઘલી જગા ખેડીને સમારી નાખીછે. એ પર મોંણે સારીપખે ખેડાઆથી મનીલલા તથા જાવાનાં ફરતા ને ફારમોસામાં દેશાવરો ખાતે મોકલવાની ઊપજ ઘણી વધ તી થાએછે; અને તેનો વેપારબી ઘણો મોહોટો ચાલેછે.

ફોકીઈનનું જમીનનું મેહેશૂલ ૧૧૭૭૯૯૯ તેલ અને ૧૬૯૪૫૩ શીહ ચોખાનાંછે; આમદ રફતનાં માલની જગા ત ૩૩૭૯૧૩ તેલ આવેછે, પણ એ રકમ અસલ ઊપજ ક રતાંને ઘણી થોડીછે, કાંકે કર ઘણો વધારે લીએછે; અને મીઠાનું જગાત જુમલે ૩૯૭૩૪૨ તેલ થાએછે. તુનતીઈન ૭૯૪૫ કીગ અને ૩૧ મોવછે, તે સાથે ૪૪૩૪૬ તેલનીઊ પજછે; અને હીઓતીઈન ૫૦ કીગ અને ૭૦ મોવછે, તે સાથે ૧૫૪ તેલની અને ૧૨૪૯ શહી ચોખાની પેદાસત થાએછે.

ફોકીઈનનાં સંસથાનમાં વાંહાંણ ખાતું ઘણુંજ વધારે રાખે લુંછે. તેનાં મુખીઅ મઠકો હાઈતાન અને હાઈમુનછે. ઘણાં ખરાં વાંહાંણનાં અમલદારો અગાઊ દરીઆઈ ચોરોહતા, પ ણ તેઓને કારણસર સરકારથી રાખીઆછે, કે પોતાનાં અ ગાઊના સોબતીઓને પકડી લાવવામાં તેઓ વધારે માહીત કાર થાએલા હોએછે. લોકોની માલ મીલકતનો સંભાલ સા રી પખે થતો નથી, કાંકે લોભી મોંનદરીનો તાલેવાંન લોકો ની મીલકત છીણવી લેવાનો વગ સોધતા ફરેછે, તેથી કરી ને લોકો પોતાનો દરવ છુપાવી રાખેછે. પણ ફોકીઈનનાં લો

કો ઈવી અંનઘટતો દાવો મીટાડવા થકી સારી કીમંત લડાવે છે; અને કોઇવાર તેઓ એ ઊપરથી માંદરીનોને પોતાની સાથનાં લોકોને એકઠાં કરીને સરકશીકી કરી દેખાડેછે.

ફોકીએનમાંનાં અંગત કરીને આએ બે પરગણાંઓ—ચાંગચૂકુ અને તસીઊએચૂકુમાંથી વરશોવરશ ઘણાંએક હજાર લોકો પોતાનું વતન છોડીને પૂરવ હીંદોસતાંનનાં ટાપૂઓમાં જાઇ રેહેછે; તોપણ એ લોકોની ખૂટ જુલમે માલંમ પડછે, કાંકે તેઓની જાતનો એટલોતો વધારો થાએછે, કે જે લોકો જાએછે તેઓને બદલે હજારો માંણસો પાછા પેદા થાએછે.

કુવાંગટંગનાં સંસથાનનું વરણન.

કુવાંગટંગનું સંસથાન ૨૦ અંશ અને ૧૩ કલા થીતે ૨૫ અંશ અને ૩૪ કલાની ચોરણ શ્રુધી તથા પીકીંગની પૂરવ દશાથી ૫૩ કલાથી તે પીકીંગની પશાચમ દશાએ ૯ અંશની લંબાન શ્રુધી ફેલાએલુંછે. તેની ઊતર તરફની હદ ઊપર કીઆંગસી અને ફોકીએનછે; દખણ દશાપર સમુદ્ર છે; પૂરવ દશાપર ફોકીએનછે; અને પશાચમ દશાપર કુનાન, કુવાંગસી, અને તોંનકીનછે, કે જેથી તે ગાનનાન નદીથી જુદું પડેછે, તેઆરે કીઆંગચૂની હસટરેટસનાં આઆથી કુનાનથી જુદું થાએછે.

ચીનનાં સંઘળાં સંસથાનો ફરતાંને એ સંસથાન જાુરોપીઆંન લોકોને ઘણુંજ સારીપખે જાંણીતું થાએલુંછે, કાં કે તેઓ તેનાં પાઇતખતના શેહેરમાં વેપારને સારૂં બસોથી વધારે વરશ થાઆં જાએછે; તોપણ તેનાં માંહેલા ભાગોમાં એકુ મીશનેરી સીવાએ જુલમે કોઇ દાખેલ થાઇકૂ હશે. નૈરૂતકોણ તરફનાં પાહાડોની હાર તેનાં ઊતર તરફનાં નાં કાંઓ આગલથી ચાલેલીછે, અને મેલીંગનો પાહાડ, કે જેમાં થી ઊતર અને દખણ દશાની વચેનો વેહેવાર ચલાવાંને સવલ પડીઆ સારૂં એક રસતો ખોદી કાહાડેલોછે, તે કુવાંગટંગ અને કીઆંગસીની વચે આવેલોછે. ફોસતાનો ઘણોખરો ભાગ પાહાડો ભરેલોછે, અને તેમાં કેટલાંએક ઘણાં સારાં બારાંઓ આવેલાંછે; પણ એ સંસથાનનાં પાએતખતની આસપાસનાં પાંણીમાં જેવું વાંહાંણોને લંગાડવાર થાવાનું સારૂં બંદરછે, તેવું એકુ બંદર આવેલું નથી. *

ફોસતા આગલનાં મુખીઅ ટાપૂઓ—હાઇનાન, દખણ દશાએ, અને નાનગાઓ, પૂરવ દશાએછે, કે જે કોકીઇન અને કુવાંગટંગની વચે વેહેંચાએલુંછે; તાંહાંથી પશચમ તરફ જતાં આપણને કાંગકીશાન, કુવાનગાઓ, તસીઇનસીઊ, કીનગાઓ, ચુહચીગાઓ, તાકીશાન, અને લાઓવાનશાન એ ટાપૂઓ મલેછે. કેનતાન તરફ આવેલા સમુદરમાં ટાપૂઓ ઘણાંજછે; અને તે ટાપૂઓનાં નાંમો જે પરમાંણે ચીનની સરકારે પાડેલાંછે, તે પરમાંણે હમો લખીએછે. તેઓમાં થી મોહોટામાં મોહોટું ટાપૂ ડીઆંગશાનડીઇનછે, કે જેની પડોસમાં નાહાનાં ખડકનાં ટાપૂઓનો એક જુખડોછે, તથા કીકીગ, અને ઓપોવેછે; ડીઆંગશાનની પશચમ દશા

ઈ સીઆઓલાન, હુંગમુનતૂ, પીહતાઈ, અને નાનતાઈછે; ઈ ટાપૂઓની વાઈવ્યકોણ તરફ મુહચૂ, હુંગકુ, ચીતાઉશાન, અને કંનતાન તરફ જવાના મારગમાં લીંગટીંગછે; હીઆં ગશાનની પૂરવ દશાએ તાગાઓ (લાનતાઓ,) ચું ગચાઉ, લાનમા, કુંગક્ષીઆંગછે; પૂરવ તરફથી પેસવાનાં મારગમાં લીનમા (લામમા), ક્ષીપવાન, અને ઈઆંગહાઈછે; તેઆરે પશચમ તરફથી પેસવાનાં મારગમાં આપણને વાનશાન (મોહોટું લાદરોન), પૂતાઈ, તંગહાઓ, તક્ષૂચાઉ, અને લૈહસાનલી મલેછે. કંનતાનની પશચમ દશાઈ શાનચૂએનશાન, અને હીઆચૂએનુશાન, હુંગક્ષીશાન, અને વાંગકાઓજી, તુંગચીએનગાઓ, માગાનશાન, તાંગક્ષીશાન, હાઈલીન શાનછે; અને હુઈચૂની પશચમ દશાએ શાવઈસીઆઈઈ આંગ, અને વાઈઈઆંગવૈચૂ, અને હુંગમુનછે ॥

મુખીઅ બંદરો—ક્વાંગચૂકુ, અથવા કંનતાનછે. ચાઓચૂકુ, ૨૩ અંશ અને ૩૬ કલાની ચોરણમાં તથા ગીરીનીચની પૂરવ દશાથી ૧૧૬ અંશ અને ૩૩ કલાની લંબાનમાંછે. ચીગહાઈહીઈન, જેને તાંહાંનાં દેશી લોકો તીગહાઈ કરીને કેહેછે, તે ૨૩ અંશ અને ૨૪ કલાની ચોરણમાં તથા ગરીનીચની પૂરવ દશાથી ૧૧૬ અંશ અને ૪૯ કલાની લંબાનમાંછે. ચાંગઈઆંગહીનઈન, ૨૩ અંશ અને ૧૪ કલાની ચોરણમાં તથા ગરીનીચની પૂરવ દશાથી ૧૧૬ અંશ અને ૨૬ કલાની લંબાનમાંછે. ક્ષીઆતસજી, ૨૨ અંશ અને ૪૯ કલાની ચોરણમાં તથા ગરીનીચની પૂરવ દશાથી ૧૧૬ અંશની લંબાનમાંછે. પીગહાઈ, ૨૨ અંશ અને ૩૨ કલાની ચોરણમાં તથા ગીરીનીચની પૂરવ દશાથી ૧૧૪

અંશ અને ૨૪ કલાની લંબાંનમાંછે. ગાઓમુન (મકાઊ,) કીઆંગમુન (કોંગમુન,) તીઅનપીહ, ૨૧ અંશ અને ૨૯ કલાની ચોરણમાં તથા ગરીનીચની પૂરવ દશાથી ૧૧૧ અંશની લંબાંનમાંછે. લુઅચૂકુ, ૨૦ અંશ અને પંર કલાની ચોરણમાં તથા ગરીનીચની પૂરવ દશાથી ૧૦૯ અંશ અને ૩૦ કલાની લંબાંનમાંછે. સીઅનચૂ, ૨૧ અંશ અને ૪૦ કલાની ચોરણમાં તથા ગરીનીચની પૂરવ દશાથી ૧૦૮ અંશ અને ૫૦ કલાની લંબાંનમાંછે. અઆઇઅચૂ જે હાઅનાન પરછે, તે ૧૯ અંશ અને ૨૩ કલાની ચોરણમાં તથા ગરીનીચની પૂરવ દશાથી ૧૦૯ અંશ અને ૩૯ કલાની લંબાંનમાંછે. તાનચૂ, ૧૯ અંશ અને ૪૩ કલાની ચોરણમાં તથા ગરીનીચની પૂરવ દશાથી ૧૦૯ અંશ અને ૫૦ કલાની લંબાંનમાંછે. કીઆંગચૂ, ૨૦ અંશની ચોરણમાં તથા ગરીનીચની પૂરવ દશાથી ૧૦૯ અંશ અને ૪૦ કલાની લંબાંનમાંછે. વાનચૂ, ૧૮ અંશ અને ૪૯ કલાની ચોરણમાં તથા ગરીનીચની પૂરવ દશાથી ૧૦૯ અંશ અને ૪૦ કલાની લંબાનમાંછે.

એ સંસથાન સારીપખે પાંણીથી તર થએલુંછે; તેની મુખીઅ નદી ચૂકીઆંગ (મોતીની નદી) છે, કે જે ઊપર તેનું પાએતખત વસેલુંછે. કંનતાનની પૂરવ દશાએ તુંગકીઆંગ નદીછે; પશચમ તરફ અઆનકીઆંગ નદીછે; અને લુઅચુની પશચમ તરફનાં પરાંતમાં સીઅનકીઆંગ અને કીનકીઆંગ એ નદીઓછે. ચાઓચૂકુ, હાનકીઆંગ નાંમે એક મોહોટી નદી ઊપર વસેલુંછે.

કંનતાન અથવા કુવાંગટંનનાં સંસથાનનું ભરત ૭૯૪૫૬

ચોરસ મૈલછે, અને તેમાં ૧૯૧૭૪૦૩૦ માણસની વસતીછે. એક વાઈસરાએ જેની હુકૂમત કવાંગસીનાં સંસથાનમાં બી ચાલેછે, તે અહીંઆંનો મુખીઅ અમલદારછે; અને તેની હેઠલ એક ફુઈયૂએનછે. એ આખા સંસથાનમાં ૧૦ ફુ અને ૩ ચૂછે, તેની વીગત; કવાંગચૂ, શાઓચૂ, હવઈચૂ, ચાઓચૂ, ચાઓકીંગ, કાઓચૂ, લુઈચૂ, નાનહીઉંગ, લીઈનચૂ, કીઉનચૂ અથવા હાઈનાન, લીઈનચૂ, કીઆઈંગચૂ, અને લોતીંગચૂ: અને તે તેર પરગણાંઓમાં વેહેંચાએલુંછે *

એ સંસથાન ઘણુંખરૂં સારીપખે ઉપજ ભરેલુંછે. કાંકે નદીઓનાં કાંઠા પરની જગાઓમાંથી વરશોવરશ બે પાક થાએછે, પણ પાહાડો ઘણાંજ ઉજાડછે, અને તેઓ પર જુજમે કાંઈ ઉપજી શકેછે. કેટલાએક બાગોમાં ફલો ઘણાં પુશકલ મલેછે: આરંજો ઘણાં ભેજતદાર થાએછે; અને કેહેવું કેહેછે કે પાહાડોમાં તરાંબૂ અને લોહોડાંની ખાંનોછે. ઘણાંજ સારીપખે વસેલાં પરગણાંઓ—કવાંગચૂફુ અને ચાઓચૂફુછે; અને ઈ બંધે પરગણાંઓમાં ભૂખમરો અને ઘણું ભારી કંગાલપણું, એ ઘણીવાર જોઆંમાં આવેછે. બીજા પરગણાંઓ ઓછા વસતી ભરેલાંછે, પણ કેઠે એટલો પુશકલ અનાજ ઉપજતો નથી કે બીજાં ગાંમો ખાતે મોકલીઆમાં આવે. કંનતાનનાં રેહેવાશીઓ મોહોટી ચતરાઈ વાલાછે: તેઓ ઈઉરોપીઆન લોકોની કારીગરીની લગભગ હરેક જીનસ સરખી બીજી જીનસ બનાવી સકેછે; પણ બીજા પરગણાંઓનાં રેહેવાશીઓ ઘણાં બેકુનરછે. તેઓ સંઘલાં ઉદ્દીઓગીછે, અને ઘણું કરીને ખેતીવાડીનાં કાંમમાં વાકેફ થાએલાછે. પૂરવ તરફનાં રેહેનારાઓની બોલી અને પોશાક પ્રોફીઈનનાં લોકો સ

રીખેછે; તેઓ સારા ખલાશીઓછે, લાંબી સફર કરવામાં
જાએછે, અને પૂરવ હીંદોસતાનનાં ટાપૂઓમાં જાઇ રહેછે.
એ પરમાંણનું ઘણું કરીને ચાઓચુનાં પરગાણાંમાંછે, કાંકે તાં
હાં ભારી તંગીને લીધે રેહેવાશીઓને પોતાનું વતન છોડવું
પડેછે; પણ તેઓ ફોકીઅનનાં લોકોની કાંની કાંમમાં લાગી
જતા નથી, અને જેઆરે હીંદોસતાનમાં આવેછે, તેઆરે ઘ
ણાખરા લોકો પોતાનાં દાહાડા મુફલેસી અને હલકી હાલ
તમાં પડીને કાહાડેછે. કુવાંગાચ્યુકુનાં પરગાણાંનાં રેહેવાશીઓ
અંગરેજ લોકોનાં નવા વસાવેલાં ગાંમોમાં કારીગર લોકોની
કાંની આવેછે; તેઓ વાંહાંણ ઉપર ખલાશી અને ચાકર, સુતા
ર, અને બબરચીનાં કાંમમાંબી ચહડેછે, અને કોઇકોઇ
વાર છેક ઇઊરોપ સુધી જાએછે. હવે બાહારનાં મુલકોનાં લોકો
સાથે વેહેવાર ચાલીઆથી ચીનાંઓની ચાલ ચલણમાં કેટલો સુ
ધારો થાએછે, તે આપણે સેહેજમાં કવાંગાચ્યુકુનાં પરગાણાંમાં
જોઇએછે. વેપારનાં કાંમમાં તાંહાંનાં લોકો ઇમાનદારી રાખે
છે, કે જે ચીજ લગાલગા બીજા હરેક ચીનનાં બંદરમાં જો
આમાં આવતી નથી, અને માતર ચીનાંઓનાં થોડાંકિક પ
ન અને ચાપલોસી સાથે તેઓમાં સારી અકેલીઅત હોએ
છે, તેસાથે તેઓ ખબરદારી અને હરેક ચીજનાં જેવી બી
જી ચીજ બનાવાની હીકમત રાખેછે ❀

એ સંસથાનનું પાએતખત કુવાંગાચ્યુકુ, એટલે કંનતાન,
અથવા કુવાંગટંગ, અથવા કુવાંગટંગ સાંગ ચીંગ, અથ
વા સાંગ ચીંગ જેછે, તે સમુદરથી સાહઠ મૈલ દુર ચૂકીઆં
ગ નદીનાં ઉતર તરફનાં કાંઠા પર બાંધેલુંછે, અને ૨૩ અં
શ,૭ કલા, અને ૧૦ વીકલાની ચોરણમાં તથા ગરીનીચની

પૂરવ દશાથી ૧૧૩ અંશ, ૧૪ કલા, અને ૩૦ વીકલાની લં
બાનમાં આવેલુંછે. તેમાં નદી નાલાંઓની ઘણીએક દગાલો
ની વચે ઉતર અને દખણ કોણ પર ઠેકઠ અને જુના પા
હાડો આવેલાછે, તેઆરે તેની આસપાસનાં ઘણાં સારીપંખે
પાણીથી તર થાએલાં મેદાનોમાં ઉપજ ભરેલાં ચોખાનાં ખે
તરોછે, અને તેઓની વચે ગાંમડાંઓ અને મેવાનાં બાગો
વીખરાએલાછે ❀

હેવું માલમ પડેછે કે ચીનની વસતી મોહોટા પાહાડોની
હારની દખણ દશાએ ઘણી આસતે આસતે વધતી ચાલેલી
છે; અને ક્વાગતંગાનું સંસથાનભી પરથમમાં ૨૦૦૦ વરસ ઉ
પર ચાઉની ઓલાદનાં છેલા શાહેશાહોમાંનાં એક શા
હેશાહનાં વખતમાં પરસીધ થાએલુંછે. અને તે વખતમાં
તેનાં પાએતખતનાં શેહેરની આસેપાસે સીઆમી લોકોનાં
હમણાંનાં કોટ સરીખી બાંબૂ અને કાદવથી દેવાલ બાંધેલી
હતી. એ શેહેરનાં જુદા જુદા વખત ઉપર જુદાં જુદાં નાં
મો હતાં; અને તે અસલનાં નાંમોમાંનું એક નાંમ જે હજુ
ર સુધી પુસતકોમાં લખીઆમાં આવેછે, તે દઆંગચીગ એ
ટલે "મેંઢાઓનું શેહેર" કરીનેછે. એ નાંમ આએ અચરત
સરીખી બીનાં ઉપરથી પડીલૂંછે: પાંચ જીનો પાંચ જુદા જુ
દા રંગનાં પોશાક પેહેરેલા અને પાંચ જુદા જુદા રંગનાં મેં
ઢાઓ પર સવાર થાએલા ઈ પાએતખતનાં શેહેરમાં આવી
મલીઆ; અને એકએક મેંઢાઓનાં મોહોડાંમાં છ કણસ
નાં અનાજની એકકી ડાંખરી હતી, અને તે ડાંખરીઓ તે
ઓએ ઈ પરગણાંનાં લોકોને આપી, અને પેલા જીનોએ તેઓ
નં આએ રીતે ફેરીલૂં ❀

ફુએન તઝી હવાન હવાઇ, ફુંગ વૂ હવાંગઝી ;
મોહોંગાવારી અને દુકાલ તમારી બજારમાં કધી નહી આવે.

એપરમાંહે ફરીને તેઓ તાબરતોબ નજરથી ગુમ થાઆ, અને પેલા મેંઢાઓ પથરનાં થાઇ ગીઆ. એ બનાવ ઉપર થીજ એ શેહેરને "જીનોનું સેહેર" અને "અનાજનું સેહેર" એમ કરીનેબી કેહેછે ; અને તાંહાંનાં દેહેડાઓમાંનાં ક દેહેડાનેબી "પાંચ જીનોનું દેહેડું કરીને કેહેછે." એ દેહેડું શેહેરનાં દરવાજાઓમાંનો એક દરવાજો જેને "પાંચ જીનોનો દરવાજો" કરીને કેહેછે તેની આગલ ઉભેલુંછે ; અને તેમાં પાંચ પથરનાં મેંઢાઓ હજુર સુધી જોઆમો આવેછે. એ પરમાંહેની બીજી ઘણીએક અસલની કઠાઓ તવારીખ સાથે ભેલાઇલીછે, પણ તે અંહીઆં લખવાને કસી અગત નથી .

મીગાની ઓલાદનાં પેહેલા શાહંશાહનાં અમલની તરણસો અથવા ચેઆરસો વરશ અગાઉ હીંદોસતાંનનાં રેહેવાશીઓ અને ચીનાં લોકો વચે ઘણો વેહેવાર ચાલતો હતો. પણ તાંગની ઓલાદનાં શાહંશાહઓનાં વખતમાં પરદેશી લોકોને વેપાર કરવાને સાકું કંનતાનનું બંદર બરાબર ખોલલું થાઇઉં ; અને (૭૦૫ માં) ચાંગઝીઉલીગો કંનતાન અને રાજનાં વધારે ઉતર તરફનાં ભાગો વચે વેપાર ચાલવાને સવલ પડીઆ સાકું, મૈલીગનાં પાહાડોમાંથી એક મારગ ખોડાવી કાહાડીઓ ; પણ દખણ તરફનાં જંગલી લોકો વારેવાર ચહડી આવીને એ પાએતખતનાં શેહેરને ઘણીજ માઠી હાલતમાં લાવી નાંખીઉં હતું. તાંગની ઓલાદનાં

શાહંશાહોનો અમલ ઊતરતાંમાં જે ગભરાટ ઉઠી ઉભો થએો હતો, તે વખતે કુવાંગટંગ એક હાકેમનાં અમલ હેઠળ સવતંતર થએલું હતું, અને તે હાકેમ ચીનનાં શાહંશાહને ચોઠ આપતો હતો. અને હેવું કેહેછે કે કંનતાનની રાજ દરબારી હુકુમત એ વખતે ઘણીજ ખરાબ અને જુલમ ભરેલી રીતે ચાલતી હતી; કાંકે તકસીરવારોને આતશમાં નાંખીને ભુંજતા અને સીક પોતા હતા, અથવા અંગ ઉપરથી ચાંમડી ઉખેડી કાહાડીને અણીઆરા ખીલાઓ ઉપર નાંખતા, અથવા વાઘો અને હાથીઓ સાથે જુલમથી લડાઈ કરાવતા હતા. હેવી ભઈઅંકાર કરૂરાઈની નઠારી ચાલોથી મુંગની ઓલાદનાં પેહેલા શાહંશાહનાં દીલમાં હેવું ઊતરીઉં કે કંનતાન પોતાનાં અમલ હેઠલ ફરી રાખવું; અને તાંહાંનાં લોકોને ઈનસાંનીઅતમાં લાવવાને સારૂં તેણે વસવસા ભરેલી જાદુતોણાંની ચાલો તથા દેવોને માંણસનો ભોગ આપવાની ક્રીરીઆ પણ સંઘલી કાહાડી નાંખી. સને ૧૦૬૭ માં કંનતાનનાં સેહેરની આસેપાસે એક દેવાલ બાંધી લીધી, કે તેથી કરીને કોચીન ચીનનાં લોકો જે વારેવાર ચહડી આવીને તેમાં લુટફાટ કરતા હતા તેનો અટકાવ થાએ. ઈઊએનની ઓલાદનાં શાહંશાહોનાં વખતમાં એક ઘણી મોહોટી અને ઘાત ભરેલી લડાઈ થઆ પછી, પાછો કંનતાનનો વેપાર સારીપખે ચાલવા લાગો; અને સને ૧૫૧૭ માં ઈઊરોપીઆંન લોકોમાં પેહેલવેહેલો પીરેસ દી આનદરેદ નાંમે એક પોરતુગીજ કેપ આવ ગૂડ હોપને મારગેથી એ બંદરે આવી પોહોંચીઓ. જેઆરે માનચુ લોકોએ મીંગની ઓલાદનાં હાતમાંથી રાજ છીનવી લીધું, તેઆરે કુવાંગટંગ ઓઠુંએક વે

ર મીંગનાં કુટુંબનાં પાદશાહોનાં અમલ હેઠલ સવતંત
ર થાઊં હતું; પણ જેવી તાતાર લોકોનાં લશકરની ફ
તેહ થાઇ, તેજ વખતે તેઓએ શેહેર ઊપર ઘેરો ઘાલીઓ,
અને મોહોટી તોપોનાં ગોલા મારીને તેની દેવાલ અથવા કો
ટ ભાંજીને (૧૬૫૦માં) તે હાત કરી લીધું. હેવું કેહેછે કે તે
માં ૭૦૦૦૦૦ લોકો મારીઆં ગીઆ; કાંકે સેહેર હાત કરી
આ પછી લશકરે લોકોને બચાં છોકરાં સુધાં કતલેઆમ
કરી નાંખીઆં. તોપણ ઈ ખરાબી થાઆનાં વખતથી એ શે
હેર આસતે આસતે સારીપખે વધતું ગીઊં; અને હમણાં સુ
ધી તેની આબાદી તથા તેનો વેપાર વનજ, અને દરવ વધ
તો ચાલીઓછે, તેથી કરીને ઈ એક ઘણી મોહોટી અગતનું શે
હેર થાઇ પડીઊંછે *

કંનતાનનું સેહેર હમણાં ચોખંડુ બાંધેલુંછે, અને તેની આ
સેપાસે એક દેવાલ બાંધી લીધીછે; અને તેમાં એક બી
જી નહાની દેવાલનાં આઆથી તેનાં બે ભાગ થાએ
લાછે,— ઊતર તરફનો ભાગ જે ઘણો મોહોટોછે, તેને
જુનું સેહેર કરીને કેહેછે, અને દખણ તરફના ભાગને નવું
સેહેર કરીને કેહેછે: પેહેલા ભાગમાં તાતાર લોકો રેહેછે;
અને એ બંધે ભાગો મલીને ૬ મૈલનાં ઘેરાવામાંછે, અને
તેઓનાં બાર દરવાજાઓ અને જુદાજુદા ભાગો પડે હે
વી ચેઆર દેવાલોછે. તોપણ તેનાં પરાંઓ હજૂર વધારે મો
હોટાંછે; તેઓ પશચમ દશાપર બે સરખી બાજુનાં તરીકો
ણ આકાર સરખાં ફેલાઈને વાઈઊં કોણ તરફ નીકલેલાં
છે, અને તેઓની દખણ દશા પર નદી અને બે સરખી બાં
જુઓ પર સેહેરની પશચમ તરફની દેવાલ આવેલીછે. આ

ને દખણ દરીઆએ તેઓથી નદી અને દેવાલની વચેની સં
ઘલી જગા રોકાએલીછે. પશ્ચમ તરફનાં પરાંઓ કાંઇ ઘ
ણાં મોહોટાં નથી. મોહોલાઓ અને નાંલાંઓ ઘણાંછે, અને ન
દી જે સેહેર આગલછે, તે સંઘલી તરેહની હોડીઓથી ભ
રેલીછે, પણ તેની વચમાં કેટલાએક ખડકનાં મોહોટા ખરા
બાઓછે, તે પાંણી ઓસરી જાએછે તેઆરે દીસેછે. ઘણી
ખરી હવેલીઓ ઇંટની બાંધેલીછે; અને ગરીબ લોકોનાં
ઘેરો તથા જેમાં તાતાર લોકો રેહેછે તેબી ઘણાખરાં મટો
ડાનાં બાંધેલાં ઘેરોછે. બારીઓને સારૂ કાચ કાંમમાં લાવતા
નથી, પણ તેની જગોએ અબરક, સીપ, અને કાગજ કાંમ
માં લીએછે. ઘણુંખરા મોહોલાઓ ઘણા સાંકડા અને ઘેરો
નીચાંછે, અને પૈસાવાલા લોકોનાં ઘેરોની આસેપાસે દેવાલ
બાંધેલી હોએછે, કે જેમાંથી આપણે ઘેરમાં દાખેલ થાઇએ
છે. મોહોટા દોલતમંદ લોકો ચીનનાં મેહેલો સરીખા મોહોટાં
મોહોટાં ઘેરોમાં રેહેછે, પણ તેઓની રોનક આપણી નજર
માં ઘણી સારી લાગે હેવી નથી, તે સાથે તેઓમાં કાંઇ ઘ
ણી સોજાઇ જોઆમાં આવતી નથી. ઘેરોનાં છાપરાંઓ પ
ર ચોતરા બાંધેલા હોએછે, કે જે કાંઇ વસતુઓ શુકવવા
ને તથા કરવાને સારૂ કાંમ લાગેછે. સંઘલા મોહોલાઓમાં
રાતને વખતે ઘણી ચોકસાઇથી ચોકી પોહોરા રાખેછે; અ
ને તેઓનાં એકએક નાંકેનાં દરવાંજાઓ બંધ કરેછે, અ
ને બાહેર શું થાએછે તે જોવાને સારૂ રેહેવાશીઓ છાપરાં
ઓ ઉપર બાંબુનાં ઊંચા માચરા બાંધેછે, અને તેથી કરીને
આગ અથવા હરેક કાંઇ બીજો બનાવ બનેતો તેની જલ
દીથી ખબર પડી સકેછે. સેહેરની તપાસ કરનારા સીપા

ડીઓ ઘણી સાફ્રૂચેંતીથી રેહેછે, કાંકે જો એ પરમાંણે નહી હોએતો કંનતાનમાં અને તેની આસેપાસે જે ઘણાંએક ચોરીઆઓ અને બુઠા લોકો કરતા કરેછે, તેથી ફરીને રેહેવાશીઓની શ્રુલેહ અને સમાધાંનીનો જલદીથી બીગાડ થાઇ જાએ. તેમાં ખાખશ્રુસ વીદીઆનો વધારો કરવાને સારૂ તીસ મદરેશાઓ કાહાડેલીછે, પણ તે સંઘલી ખરાબ થાતી જાએછે, તે સાથે તેઓમાં નીશાલીઆઓબી માતર થોડા જછે. હરેક મોહોટાં મોહોટાં સેહેરમાં એકકું દેવાંનખાનું શાહેંશાહનાં નાંમની ઇઆદગારીને સારૂ રાખેલુંછે, અને તેમાં સંઘલા ભારી દાહાડાઓ પર સરકારી અમલદારો એકઠા થાઇને પોતાનાં ગેરહાજર શાહેંશાહને વાંકા વલીને સેજદો કરેછે, અને જાંણે તે હજાર હોએ તેજ પરમાંણે તેની અદબ બજા લાવેછે; કંનતાનમાં જે હેવું દેવાંનખાંનુંછે, તે ઘણું મોહોટું અને સારી પખે રાખેલુંછે. એ સેહેરમાં બુધનાં ધરમનો અમલબી ફેલાએલોછે; અને તે ધરમ રાખનારાઓનાં ઘણાંએક દેહેડાંઓમાં જે હાઇચવાંગસજી નાંમે હોનાનનાં ટાપૂ ઊપરછે, તે ઘણુંજ મોહોટુંછે, અને તેનો ખરચ ઘણોજ સારી પખે પોહોંચતો કરી આપેલોછે. તેમાં તરંણ ભારે મોહોટી મૂરતો—ભૂત, વરતમાન, અને ભવીશીઅ કાલનાં બુધની મુકેલીછે, તે સાએ ઘણીએક નહાની મૂરતીઓ સંઘલી સોનેરી મોલાંમો ચહડાવેલી અથવા ઘણી સારીપખે સણગારેલીછે, અને ૧૭૫ ઊપાધીઆઓને રેહેવાને સારૂ એક ચાલ બાંધેલીછે; વલી દેહેડાંની પછવાડે તેઓને સારૂ એક મોહોટી વાડી ઠીધેલીછે, અને તે વાડીનાં છેડા આગલથી એક મકબરો બાંધેલોછે, કે જાંહાં મરણ પાંમેલા સાધુઓની

ખાખ વરશોવરશ લાવી મુકેછે. અહીંઆં ઉપાધીઆઓ ખા
ધા પીધાથી ઘણાં સારીપખે રેહેછે. એ દેહેડું કાંગીહી શા
હંશાહનાં એક વખાનાએલા સરદાર—પીગાનાનવાંગાયં હાવી
મોહોટાઇ પાંમીહૂંછે, કાંકે તે સરદારે શાહંશાહનાં હુકમ મુજબ
કંનતાનનો મુલક પૂરો જેર કરીને પોતાનાં ઉતારાનું મઠક ક
દેહેડાંમાં કીધું હતું; અને તેને આસપ સનાં બીજાં ગાંમડાં
ઓ ખરાબ કરી નાખવાનો જે હુકમ હતો, તે અમલમાં લાવ
તી વખતે, તેની નજર એક સારીપખે માતેલા ઉપાધીઆ
ઉપર પડી, અને તેને જોઇને કહીહૂં કે જો એ. ગાજી પલા
ઉપર પોતાનું ગુજરાંન કંરતો હોએતો, એટલો બધો કરબેન
હી થાઇ શકે; તેથી કરીને એ કોઇ ધુતારોછે, વાસતે હે
ને મરણની સીખશા કરવી જોઇએ. એમ કેહીને તેણે પો
તાની તલવાર તે ઉપાંધીઆને મારવાને સાહું ખેંચી, પણ તેનો
હાત તેજ વખતે અકડી ગીઓ. અને તેજ રાતનાં તેનાં સપનાં
માં એક બુજરગ મરદે આવીને કહીહૂં કે એ ઉપાધીઓ લ
ગાતીમાંન પુરૂશછે, અને હેને તારે મારવો નંહી જોઇએ. હેવા
બનાવ ઉપરથી તેણે બીજે દાહાડે તે ઉપાધીઆને મોહોટું માં
ન આપીને પોતાનો ગુરૂ કીધો; અને પછી તેનાં કહેઆ
થી તેને પેલાં ગાંમડાંઓને ખરાબ કરી નંહી નાંખીઆં, તે
સાથે તેની ઉપર ઘણીએક નવાજેસ કીધી, અને પોતાનાં
અમલદારોનેબી ધરમ ખાતે દેહેડાંમાં નજરાંનું કરવાને સાહું
કેહીહૂં; તે વખતથી એ દેહેડું સારી સંપતીની હાલતમાં
આઇહૂંછે. એ ઉપરથી તાંહાંનાં લોકો તેને ઘણું મોહોટું દેહે
ડું કરી લેખેછે, અને જેઆરે કોઇ મરણ પાંમેછે, તેઆરે તે
માં મોહોટી રકમ ધરમ ખાતે ભરવાને સાહું કાહાડી જોએ

છે. કંનતાનમાં અને તેની આસેપાસે મલીને બીજાં ૧૨૪
દેહેડાંઓછે, તે સાથે કેહેવું કેહેછે કે આસરે ૩૦૦૦ ભૂપાધી
આઓ અને ૧૦૦૦ સાધુ ઓરતોછે; અને તે ઉપર શુમારે
૨૫૦૦૦૦ ડાલર ખરચ થાએછે. મોહોલાઓમાં ઘણાંએક ફકી
રો દુકાંનદારો પાસેથી પોતાનો લવાજમો માંગતા જોઆમાં
આવેછે. શેહેરમાં વલી ૩૦૦૦૦ મુસલમાંનનો ધરમ રાખના
રા રેહેવાશીઓને સારૂં એક મસજીદ ઘણી સારી નાંકાં પ
રની જગોએ બાંધેલીછે. તેમાં તરણ ઇસપીટાલો ઉઠી ઉભી
કીધેલીછે,—એક નાંખીગીએલાં બચાંઓને સારૂં, બીજી જ
ઇફ અને નાતવાંન લોકોને સારૂં, અને તરીજી રગત પીતનાં
આજાર વાલાઓને સારૂંછે. તેઓ ઘણી હલકી અથવા ખરા
બ હાલતથી ચાલી જાએછે, તો જોકે બે પેહેલી ઇસપીટા
લોનાં ખરચને સારૂં પરદેશી લોકોનાં વાંહાંણોનાં જગાત ઉ
પર એક કર ઠરાવેલોછે *

કંનતાનમાં કારીગરીનાં કારખાંનાંઓ ઘણાંછે; અનેતે
ઇઅંતરોની મદદ વગરે માતર માંણસને હાતની મેહેન
તથી ચાલેછે. શુમારે ૧૭૦૦૦ માંણસો બાએડી છોકરાં મ
લીને રેસમની કારીગરીનાં કાંમમાં અને ૫૦૦૦૦ માંણસો
કાપડની કારીગરીનાં કાંમમાં લાગેલાંછે. શુમારે ૭૩૦૦ હજાં
મે. સરકારનાં પરવાંનાથી નીત રોજ પોતાનાં કાંમમાં લાગેલા રે
હેછે, અને ૪૨૦૦ મોચીઓ અને ૨૦૦૦ તબીબ અથવા
દવાઇ કરનારાઓછે. એ હીશાબ ઉપરથી માલંમ પડેચ કે
કંનતાનની વસની ઘણી મોહોટી હશે, અને જે લોકો પરાં
ઓમાં અને ૮૪૦૦૦ હોડીઓ જે એ, પરગણાંને લગતીછે
તે પર રેહેછે, તે દાખલ કરતાં ૧૨૩૬૦૦૦ રેહેવાશીઓનો

અરસટો થાએછે, કે જે કાંઇ વધારે થાએલો હોએ હેવું દીસતું નથી ❀

કંનતાનનું શેહેર ચીનનાં અને બાહેરનાં દેશોનાં વેપારનું એક મોહોટું મઠક થઇ પડીઉંછે. કાંકે રૂશીઆંન લોકોનાં વેપારનો કાપલો જે ચીનનાં ઉતર તરપનાં નાંકાંઓ પર જાએછે, તથા પોરટુગીજ અને ઇસપાનીશ લોકોનાં વાંહાણો જે મકાઉમાં જાએછે, તે વતરોગે ચીનનાં રાજની અને પશચમ તરપનાં દેશોની વચેનો વેપાર એ જગાએ આવી એકઠો થાએછે. અહીઆં ચીનનાં હરેક ભાગાની ઉપજ મલેછે, અને સંઘલાં સંસથાનોમાંથી વેપારીઓ અને આડતીઆઓ ઘણો મોહોટો અને લાભ ભરેલો વેપાર ચલાવેછે. અહીઆં વલી તોનકીન, કોચીનચીંન, કામબોજા, સીઆંમ, મલાકા, પૂરવ તરપનાં ટાપૂઓ, હીંદોસતાનનાં બંદરો, ઇઉરોપમાંનાં ઘણાં ખરાં દેશો, ઉતર અને દખણ અમેરીકાનાં મુલખો, અને પાસીફીક મહાસાગરમાંનાં ટાપૂઓથી વેપારની જીનસો આવેછે. ઈ જગાએ પરદેસી લોકોની કોઠીઓ જે બાંધેલીછે, તે બલકે આખાં ચીનનાં રાજમાં ઘણીજ સારી અને મોહોટી ઇમારતોછે, અને તેમાં બાહેરનાં વેપારીઓ આવી રેહેછે. તેઓ ચીકીઆંગામાંનાં પરાંઓમાં આવેલીછે; અને ઇંટ અને પથર વટે હારની હાર બે માલ ઉંચી બાંધેલીછે, અને એકેકમાં ચાર અથવા પાંચ જુદાં જુદાં ઘેરોછે, કે જેઓ એક બીજાં સાથે જોડાએલાંછે. તેઓને ચીનાં લોકો શીહસાનહોંગ (તેરપ ફકટોરી અથવા કોઠીઓ) કરીને કેહેછે. પૂરવ તરપનાં છેડાથી જે પેહેલી પાકટોરી આવેછે—તેને ઇહોહોંગ, એટલે ઇનસાપ અને સલાહસંપજની પાકટોરી

ફરીને કેહેછે; અને યુરોપીઆંન લોકો ફરીક પ્રાકટોરી ફ રીને કેહેછે*, કાંકે તેની આગલથી એક નાલું ચાલેલુંછે: બીજી દચ લોકોની પ્રાકટોરીછે; તેને તસેહીહોંગ એ ટલે એકઠા બનસાકની પ્રાકટોરી કરીને કેહેછે: તરી જી અંગરેજ લોકોની પ્રાકટોરીછે, જેને પાઓહોહોંગ, એ ટલે સમાધાંની રાખનારી પ્રાકટોરી કરીને કેહેછે; તે ઇસ ટ ઇનડીઆ કંપનીનીછે, અને સંઘલાનાં કરતાંને સારી રે હેવા લાએકનીછે; એ પ્રાકટોરીની અને ચોઠી પ્રાકટોરી જેને કુંગતાહોંગ, એટલે મોહોટી અને ધંનવાંન પ્રાકટોરી કરીને કેહેછે, તેની વચે એક ગલીછે; એ પ્રાકટોરીમાં સં ઘલા પારસી લોકો રેહેછે; પાંચમી અંગરેજ લોકોની જુ ની પ્રાકટોરીછે, જેને લુંગાશુનહોંગ કરીને કેહેછે; એબી ઇસટ ઇનડીઆ કંપનીની પ્રાકટોરીછે: છઠી સવીડીશ અ થવા સવીડેન દેશનાં લોકોની પ્રાકટોરીછે, જેને શુઇહોંગ કરીને કેહેછે: સાતમી માહંગહોંગ, એટલે ઇમપીરીઆલ અથવા શાહેંશાહી પ્રાકટોરીછે: આઠમી પાઓશુનહોંગ અ થવા ઉંચી અને તાલેવંન પ્રાકટોરીછે: નવમી અમેરીકાન પ્રા કટોરી, અથવા કવાંનઇઉનહોંગછે; એ હોંગની અને દસ મી હોંગ જે એક હોંગ મારચેનટનીછે, તેની વચે ઓલડ ચાએનાં ઇસટરીટ નાંમનો એક સારો મોહોલો આવેલોછે: બાકીની તરણ પ્રાકટોરી અથવા હોંગ કરેચ, ઇસપાનીશ,

* સન ૧૮૪૨ નાં વરશમાં ડીજેંબર મહીનાંની ૭ મી તા રીખે ચીનાંઓએ બલવો કરીને એ હોંગને આગ લગાડીને બાલી નાંખીછે; અને અંગરેજ તથા દચ લોકોની હોંગને ખરાબી કીધીછે ૭

અને દેનીશ લોકોનીછે; જેઓની બે છેલી હાંગોની વચે
નીજુ ચાએનો ઇસટરીટ નાંમે એક મોહોલોછે, જાંહાંથી
નાં વેપારીઓ રેહેછે ❋

એ એમારતો સંઘલી મલીને લંબાઇમાં ૯૯૦ ફુટ અને
પોહોલાઇમાં ૬૬૦ ફુટથી વધારે નથી, અને તેઓની આગ
લ એક મેદાંન આવેલુંછે; પણ જોકે નદીની અને એઈમા
રતોની વચે એક પોહોલી જગા ખાલી પડેલીછે, તોપણ
તે નલીઆં ઠેપાંથી ભરેલીછે, અને તેને સરકીબી કીધેલી
નથી. દચ અને અંગારેજ લોકોની ફાકટોરીની સાંબે એકે
નહાંની ફુલવાડી કીધેલીછે. પરદેશી લોકોને એ જગોએ
અને પડોસનાં થોડાએક મોહોલાઓમાં માતર ફરવા દી
એછે. અને જો કદાચ તેઓ સેહેરનાં દરવાજામાં પેસવા જા
એચતો, તાંહાંનાં લોકોને હાતનો માતર તેની સરજામાં તેઓ
ખાઇ આવેછે; અને જો ખેતરોમાં અને પડોસનાં ગાંમડાં
ઓમાં ફરવા જાએચ તો લોકો તેઓને હરકત કરીને ધી
કારેછે. એ પરમાંણેની હલકી હાલતમાં પરદેશી લોકોને ફં
નતાનમાં રેહેવું પડેછે ❋

ઇઊરોપીઆંન લોકોમાં જોકે પરથમ પોરતુગીજ લોકો એ
બંદરે આવી પોહોંચીઆ હતા, તોપણ હમણાં તેઓનો વેપાર મ
કાઊમાંજ અટકી રેહેઓછે. થોડાંએકજ ઇસપાનીશ લોકો
નાં વાંહાંણો નદી પર પરદેશી લોકોનાં વાંહાંણો જે ફંનતાન
થી કેટલાએક મેલ દુર વહાંપો આગલ લંગાડવાર થાએછે
તાંહાં સુધી જાએછે. ફરેંચ લોકોનાં પેહેલવેહેલાં વાંહાંણો સ
ને ૧૫૨૦ માં આવી પોહોંચીઆં હતાં; પણ તેઓનો વેપા
ર કાંઇ ઘણો ચાલતો નહીં હતો, અને હમણાં તેઓનાં વે

પારનાં વાંહાંણે વરશ દાહાડે માતર બે અથવા તરણ આ
વેછે. દચ લોકોનો વેપાર સને ૧૬૦૧ માં ચાલું થાઈઓ; અ
ને તે છેક ફરાંસ અને હાલંડમાં રેવોલીઊશન અથવા રા
જનું ઊલટપાલટ થવા મંડાણું, તાંહાં શુધી સારીપખે ચાલ
તો હતો. હમણાં થોડું થાણૂં તેઓનો વેપાર વધતો ચાલી
ઓછે. સને ૧૮૩૨ માં દચ લોકોનાં સતર વાંહાંણે ચીન
માં આવેઆં હતાં; તે મધેનાં ઘણાંખરાં વાંહાંણો ચોખા લ
રીને જાવાથી આવેઆં હતાં. અને તેઓ ૪૫૭૧૨૮ ડાલર
નો માલ લાવીઆ તથા ૬૫૬૬૪૫ ડાલરનો માલ લેઈ ગી
આ હતા. શુવીડેનથી બે તરણથી વધારે વાંહાણે આવેઆં ન
થી: તેઓનો ઘણોજ સારો વેપાર સને ૧૭૩૨ નાં વરશથી
શરૂ થાઓ હતો. ડેનીશ લોકોબી એ લાભ ભરેલા વેપા
રમાં જાંહાં શુધી એ બંધે ગણેઆતો ઈંગલંડ ચાહ ભરીને
મોકલી સકતા હતા, તાંહાં શુધી લાગુ પડીઆ હતા; પણ
ઈંગલંડમાં ચાહ પરથી જગાત ઓછી કરી નાંખીઆને લી
ધે દાનચોરી કરવાનું બંધ થાઈ ગીઉં; તેથી કરીને તેઓ
નો વેપારબી શુસત થાઈ ગીઓ; તોપણ એક બે વાંહાં
ણે હજુર શુધી એ બદરે આવેછે. અંગરેજ લોકો અંહીઆ
સને ૧૬૩૫ માં આવી પોહોંચીઆ હતા; પણ તેઓનાં વે
પારે ઘણુંએક મજબુતી પકડીઆ, પછી તેઓ એખલાં કં
તાનનાં બંદરમાંજ વેપાર ચલાવાંન સાંરૂ રેહેઆ નહી, પણ
ફારમોસા, ફોકીઈન, અને ચીકીઆંગ તરફબી જતા હ
તા. હમણાં અંગરેજ લોકોનો બેપાર જે ચીન સાથે ચાલેછે,
તે દુનીઆનાં વેપારનો એક ઘણોજ અગતનો ભાગ થા
ઈ પડીઓછે. અને તેનાં બે ભાગ થાએલાછે; એક ગરેટ

બરીટેનથી અને બીજો હીંદોસતાનમાંનાં અંગરેજ લોકો નાં મુલકોથી ચાલેછે. સને ૧૮૩૨ નાં વરશમાં અંગરેજી વાવટાનાં ચુમોતર વાહાંણો ચીનમાં આવેઆં હતા ; તે મધેનાં સાત વાહાંણોએ બાર મહીનામાં બે ખેપ કીધી અને તરણ વાહાંણોએ તરણ ખેપ કીધીછે ; અને એક વાહાંણ નાંમે રેડરોવરે કલકતાથી તરંણ ખેપ કીધીછે. સને ૧૮૩૭ નાં જુન મહીનાની ૩૦ મી તારીખે મોસમ આખાર થતાંમાં સીતોતેર વાહાંણો વહાંપો ખાતે આવેઆં હતા ; અને સંઘલા મલીને વેપાર ખાતેનાં વાહાંણો એક સોથી ચોકસ કરીને ઓછાં આંઆં નંહી હશે. તે મધેનાં કેટલાંએક વાહાંણો ઇસટ કોસત પર ગીઆ હતાં. સને ૧૮૨૮—૨૯ નાં વરશથી તે સને ૧૮૩૭—૩૮ નાં વરશ શુધી વરશોવરશ જે માલ આઓછે તથા ગીઓછે, તેની કીમતનો કોઠો નીચે પરગટ કીધોછે ૦

મોસમો॰	ચીન ખાતે માલ આવેઓ॰	ચીનથી માલ ગીઓ॰
૧૮૨૮—૨૯	ડાલર ૨૧૩૬૩૫૨૯	ડાલર ૧૯૩૬૦૬૨૫
૧૮૨૯—૩૦	" ૨૨૯૩૧૩૭૨	" ૨૧૨૫૭૩૫૭
૧૮૩૦—૩૧	" ૨૧૯૬૧૭૫૪	" ૨૦૪૪૬૬૯૯
૧૮૩૧—૩૨	" ૨૦૫૩૬૨૨૭	" ૧૭૭૬૭૪૮૬
૧૮૩૨—૩૩	" ૨૨૩૦૪૭૫૩	" ૧૮૩૩૨૭૬૦
૧૮૩૩—૩૪	" ૨૩૪૭૬૭૯૩	" ૨૦૪૪૩૨૭૦
૧૮૩૪—૩૫	" ૨૨૬૧૯૬૫૩	" ૧૮૮૦૮૫૭૭
૧૮૩૫—૩૬	" ૩૨૪૨૬૬૨૩	" ૨૩૮૫૨૮૯૯
૧૮૩૬—૩૭	" ૩૪૯૦૦૬૬૨	" ૩૦૧૬૮૩૮૦
૧૮૩૭—૩૮	" ૨૪૭૮૫૪૬૨	" ૨૨૦૧૪૭૦૦

અમેરીકાન લોકો કંનતાનનો વેપાર સને ૧૭૮૫ માં કરવા લાગાછે; તેઓનાં ઓગણસાઠ વાંહાંણો ૧૮૩૨, ૧૮૩૩ માં ચીનખાતે આયાં હતાં; અને તેઓ જુમલે ૮૩૬૨૮૧૭ ડાલરની કીમતનો માલ લાવીઆ તથા ૮૩૭૨૧૭૫ ડાલરની કીમતનો માલ લેઇ ગીઆ હતા. અને સને ૧૮૩૪ ના વરશનાં જુન મહીનાની ૩૦ મી તારીખે મોસમ આખર થતામાં ઓગનાંહિસી વાંહાંણો આવેઆં હતાં; તેમાંનાં કેટલાંએક વાહાણો એ બંદરથી માલ ભરીઆ વગરે ગીઆં હતાં. તેઓ ૯૮૮૭૫૦૨ ડાલરની કીમતનો માલ લાવીઆ તથા એટલીજ કીમતનો માલ લેઇ ગીઆ હતાં. થોડાંએક પરૂશીઆન, આસતરીઆન, અને હામબરગનાં વાંહાંણોબી કોઇ કોઇવાર એ બંદરે આવેછે. સીઆમથી વરશોવરશ જુંકો જે આવેછે, તે ઘણાં મોહોટા હોયછે, અને તેઓમાં ઘણીવાર કીમતી માલ આવેછે; એજ પરમાંણે ઇસટરેટ, બારનીઓ, અને કોચીન ચીનનાં વેપારીઓબી લાવેછે. વલી બોગ જે ચુકીઆંગ નદીમાં પેસવાનો મારગ છે, તેથી તીસ મૈલ દૂર લીનતીનનાં ટાપૂની પડોસમાં એક વાંહાંણોનો કાપલોછે તાંહાં અથવા જેઆરે નૈરૂત કોણ તરફથી માનશુન ફુંકેછે તેઆરે કાપસીગામુન, અને કામસીગામુન આગલ બલકે ૧૪૦૦૦૦૦૦ અથવા ૧૫૦૦૦૦૦૦ ડાલરની કીમતનો માલ વરશોવરશ દાનચોરી કરનારાઓ લેઇ જાએછે. એ વેપાર જે હુતાવલી ચાલની કહુજરો અને બોટોથી ઘણું કરીને અફીમનો ચાલેછે, તે ચીનની સરકારે મના કીધેલીછે, તોપણ માંનદરીનો પોતે તેની પરવાનગી આ

પેંછે, અને તેની દસતૂરી તેઓ પોતે ખાએછે*. વલી વાં
હાંણો વહાંપો તરફ જઆ વગરે મકાઉ આગલ લંગડવાર અ
'બાની જગોએથી પોતાનો માલ ખાલી કરેછે ❁

જે વાંહાંણો નદી પર જવાનાં હોએચ, તેઓને પરથમમાં એ
ક પરવાંનગી અને એક પેલટ અથવા અરકાઠી મકાઉમાં
થી લેવો પડેછે; અને તે અરકાઠી કુમુનનાં કીલલા અથવા
બોકકા તૈગારીસમાં બારકસનો રીપોરટ અથવા એહવાલ જા
હેર કરેછે. અને વાહાંપોમાં આવી પોહોંચીઆ પછી, હાંગ
મરચાંનટીની કપનીમાંનો એકુ ધણી સીકીઊરીટી મરચાંનટ
આએછે; તે ધણીને વાંહાંણની સંઘલી જગાત અને તેમાંનાં
લશકર અથવા માણસનાં સારાં સલુક વીશે સરકારને
જવાબ આપવો પડેછે. અને વાંહાંણમાં ખોરાકી અને સંઘલો
અગતનો સાંમાંન પોંહોંચાડવાને સારૂં સરકારથી કોંપરાડો
ર ઠેરવી આપેછે; અને એક લીગુઇસટ અથવા દોબાશી
ઓ જે સરકારથી મલેછે, તે વાંહાંણમાં માલ ભરવા ઊતરવા
ની પરવાંનગી લાવેછે, કસટંમ હાઊસ અથવા માંડવીમાંનું

---

* એ મના કીધેલા વેપાર ઊપરથી અંગરેજ અને ચીનની
સરકાર વચે જે હમણાં લડાઇ ઊઠી ઊભી થાઇ હતી, તે
વીશે હાલમો હમો કશું બોલીઆ નથી; કાંએજે તે લડાઇ
ની બીનાં જે સંઘલી હમોએ હમારી એ તરફની સફર
માં જોએલીછે, તે હમારા વાંચનારાઓનાં ધેઆનમાં એકે
દમ અવલથી તે આખર સુધી ઊતારવાને સારૂં, હમોએ તે
નો એક જુદો બાબ કરીને તેની લગતી જગોએ તેનો સં
ઘલો સાર વીસતારીને લખવાને અગત જોગ જાંણીઊંછે.—
વાસ્તે હમો ભલામણ કરીએચ કે હમારા વાંચનારાઓએ
તે અગતની બાબત થકી થોડીએક ધીરજ ધરવી ❁

સંઘળું કાંમ ચલાવેછે, અને જગાતનો સંઘળો હીસાબ રાખે છે. કોહાંગ અથવા હાંગ મારચેંનટોની કંપનીમાં બાર સારાં અને દરવવાન સરકારથી પરવાંનગી મેલેલા ચીનાઓછે, અને તેઓ પાસે પરદેશી લોકોનાં વાંહાંણોમાંના માલ ઉપરનાં કર માંથી ફંડ અથવા અમાનત પુંજી, જેને કુંગાઇફુંગ કરીને કેહેછે, તે ઘણી જરૂરની વખતે કાંમ આવવાને સારૂં, ફકત ક રી રોખેલી હોયછે. તેઓ જલદીથી કાંમ કાહાડી આપેછે, અને પોતાનાં વેહેવારમાં સારી મજબુતી રાખેછે. તોપણ તે ઓ ઉપર ભારે કર ઠરાવેલાછે, તેથી કરીને તેઓની પુંજી ઘસડાઇ જાએછે; અને ઘણીવાર દીવાલાં કાહાડેછે, પણ તે ની સજામાં તેઓને રૂશવાઇથી કેદ થાવું પડેછે; અને જો ક દાચ તેઓ પોતાનો ધંધો છોડવા માંગેછે, તો તેઓને તે પ રમાંણે કરવા દેતા નથી. તેઓની ઇમાનદારી વીશે ઘણીવા ર તારીફ થાએછે, પણ તેઓમાં જે જમાનતની રીત ઠરાવે લીછે, ત ચોકસ કરીને ખરાબછે. વેપારનો સંઘળો કારભા હોપપો (માંડવીના સુપરીનટેનડેંનટ) નાં હાત હેઠલ ચાલેછે; તેને ચીનાં લોકો કીઇનતુહ, અથવા હાઇકુવાન કરીને કે હેછે. તે અમલદાર ઘણુંકરીને શાહંશાહનાં કુટંબમાંનો હોયછે, અને તેને પીકીંગથી ખાખસુસ મોકલેછે; પણ હેવા અમલ દારો મોહોટો દરવ ફકત કરવાની ઉમેદથી આવેછે, તેથી ક રીને તેઓ હરેક રીતે પૈસા મેલવાનાં ઉપાએ કરવામાં ચૂ કતા નથી.

સંઘલા પરદેશી લોકોનાં વાંહાંણો જે વેપારને સારૂ બંહાં પો જાએછે, તેઓ પર તેઓની લગતી મોહોટાઇ પરમાંણે ની જગાત લીએછે. ૩૦૦ ટનનાં બારકસો ઉપરથી સુમ

રે ૬૫૦ ડાલર લીએછે, તેઆરે ૧૩૦૦ ટન શુધીનાં મોહોટાં
બારકસો ઉપરથી ૩૦૦૦ ડાલર લીએછે. આમદ રફતનાં મા
લની જગાત વતરીકે, વાંહાણોને—ખુમશા અથવા નજરાના
નાં ૨૨૨૩ ડાલર, પેલટનો આવા જવાનો ખરચ, અને દોભાશી
આ અને કોંપરાડોરની ફી આપવી પડેછે; ઈ સંઘલો કર નાહા
નાં મોહોટાં બારકસો ઉપર સરખોછે, પણ દેશોદેશનાં વાંહાં
ણો પરમાંણે તેમાં કાંઇ થોડો તફાવત પડેછે; અને જે બારક
સો બંદરમાં ચોખા ભરી લાવેછે, તેઓ ઉપર હમાંનો માતર
ઓડોએક કર લાગુ કીધો નથી. વલી એ ઉપરાંત બીજો
પરચુરણ ખરચ, અમલદારોનો કર, અને લાચ ઈ ઠરાવેલાં જગા
તનાં જેટલું વધરાવું જોઈએછે. તોપણ હાલમાં જે અંગરેજ સ
રકારની મોહોટી અને તારીફ લાએક મેહેનતથી અંતે એ
મોહોટા વેપાર વીશે નવા બંદોબસતો થાઆછે, તેથી કરી
ને એ સંઘલી અનઘટની અડચણો ટલી જાસે, અને એ બં
ધે રાજનાં લોકો વચે ઘટતી રીતે વેપારનો સંબંદ ચાલુ રેહે
શે *

હવે હમો અહીંઆં મકાઊ થીતે કંનતાન શુધી જવાનાં જે
બે જુદા જુદા મારગોછે, તેની વેગલાઇ વીશે લખીએછે;
મકાઊ થીતે બાલાસટ એલંડ શુધી, એટલે જે માંહેલે અથ
વા અંદરને મારગેથી, ૫॥ મૈલ; તાંહાંથી તે માટાઊનાં કી
લલા શુધી, ૧૦॥ મૈલ; હંગાશાન શુધી, ૧૬ મૈલ; હંગાશા
નથી તે બોગાનાં કીલલાની સાંબેનાં ફ્લાટસ શુધી, ૨૧ મૈ
લ; તાંહાંથી તે કંનતાન શુધી, ૨૧॥;—જુમલે ૭૪॥। મૈલ.
બાહેરને મારગે—મકાઊથી તે નાઇન એલંડસ શુધી, ૫॥ મૈ
લ; તાંહાંથી તે કીઓવ પાઇંનટ શુધી, ૧૨॥ મૈલ; લાનકી

ટ શુધી, ૧૪॥ મૈલ; આનુંગાહાઇનાં નવા કીલલા શુધી, ૬॥ મૈલ; સેકંડ બારની ફરીક અથવા ખાડી શુધી, ૧૧ મૈલ; કુંનક નદી શુધી, ૧૧। મૈલ; ફંનતાન શુધી, ૮॥ મૈલ; — જુમલે ૭૪। મૈલ ❀

ગાઓમુન, અથવા મકાઉ, ઈ કુ અથવા પરગાણાને તાબુકેછે, અને તે હીઆંગશાનનાં ટાપૂ પર એક ખડક અને ડુંગર ભરેલી સાંકડી જમીનનો ઉપદવીપ જે આઠ મૈલનાં ઘેરાવામાંછે, તે ઉપર ૨૨ અંશ અને ૧૧॥ કલાની ચોરણમાં તથા ગરીનીચની પૂરવ દશામી ૧૧૩ અંશ અને ૩૨॥ કલાની લંબાનમાં વસેલુંછે, તે સાથે એક ઘણું સરસ બારૂં છે, કે જેમાં પેસવાનો મારગ આસતે આસતે ઉંડાઇમાં બે વામ અથવાં બાર ફુટ શુધી ઘટી ગીઓછે. મોહોટાં મોહોટાં વાંહાણોને મકાઉ આગલ એક ઘણી ઉંઘાડી લંગડવાર થવાની જગાએ રેહેવું પડેછે. વાંહાંણ ઉપરથી ઉતરતાં એક મોહોટો કમાંનનાં જવા આકારનો અખાટ, તે સાથે શુઘરાં ઘેરોની એક હાર, અને તેઓની આસેપાસે આવેલા ડુંગરો પર કીલલા તથા દેવલો બાંધેલાં જોઆમાં આવેછે. તેને જે ઉંચી નીચી જમીન ઉપર બાંધેલુંછે, તેથી કરીને રસતાઓ સરકા નથી; તોપણ તેમાં થોડાએક અસલ પોરતુગીજ અથવા પારતુગાલનાં લોકો, સંઘલી જાતમાંની ભેલાએલી વંશનાં લોકો, ટીમોરનાં ટાપૂથી લાવેલા ગોલાંઓ, કેટલાએક યુરોપીઆંન અને અમેરીકાંન લોકો, અને હજારો ચીનાંઓની ઘીચ વસતી થાએલીછે. પોરતુગીજ લોકોએ ચીનનાં કોસતા પર એક ગાંમ પોતાને તાબુકે કરીને વસાવાનાં વારેવાર કશદો કીધા પછી, તથા તેઓને તસીઇઉએનચૂ અને નીંગ

પોમાંથી હોંકી કાહાડીઆ પછી, અંતે (સને ૧૫૫૯ માં) એ પથર ભરેલા ડૂપદવીપને પોતાને હસતક કરી લીધો. તેમાં તેઓને ઘેરો બાંધવાની રજા મલી હતી; તોપણ તે નાં બદલામાં તેઓને વરશોવરશ ૨૦૦ થીતે ૫૦૦ તેલ શુધી ની રકમ ચીનની સરકારને ભરવી પડતી હતી. ઘણું કરી ને કેહેવું કેહેવાએછે, કે એ જગા પોરતુગીજ લોકોને તેઓ નાં વાહાંણોએ તે વખતે જે ચીનનાં કોસતા પર દરીઆઈ ચોરો ઘણાં ભરાએલા હતા, તેઓને તારાજ કરવામાં મદ દ કીધા ઊપરથી આપીછે. એ બીના ખરી ઠડી નથી, કાં કે ચીનની સરકાર જંગલી લોકોને પોતાનાં મુલકમાંથી હ રેક જાગીર આપવાને રાજી નથી; પણ આએ ચોકસ છે કે, ચીનાં લોકો જો પોરતુગીજ લોકોની ટોપોથી બીધા ન હી હતેતો, તેઓને પરથમથીજ હોંકી કાહાડીઆ વગર રેહે તે નહી. પોરતુગીજ લોકો મકાઊમાં પોતાનાં અમલદારોની હુકુમત હેઠલ રેહેછે; તે અમલદારો અહીઆં લખીઆ પ રમાંણેછે: હમણાંનાં ઠરાવ પરમાંણે પારતુગાલથી મોકલેલો એ ક ગવરનર; એક પરીફેકટ અથવા સરદાર; એક ઓવીદોર અથવા મુખીઅ નીઆઅધીસ, અને બીજાં કારણેસર ડી જેમબારગોડોર અથવા પરધાંન; એક સીનેટ અથવા રાજદર બારી કાંમોની સલાહ આપનારી સભા—એ સભાનાં અધી કારીઓમાંનાં તરણ ધણીઓ વરકેડોરસ, અથવા રાજદરબા રી બાબતનાં જુદા જુદા ભાગોની તપાસ કરનારાઓછે; બે ઇનસાફ કરનારાઓ; અને એક પરોકીઊરેટર, અથ વા પેશકાર, કે જેનાં હાતમાં ગાંમનો અને ગાંમની આએ પતનો તથા ચીનની સરકાર સાથે જવાબ સવાલ કરવા

નો અખતીઆરછે; અને એક લશકરી સરદાર, તે સાથે ૧૫૦ મલાટો અથવા ગોરા અને કાલા લોકોની વંસનાં સીપાઈઓછે. હવે જોકે એ અમલદારો હાવી નાંઘલી જગા સર ઘણાંછે, અને તેઓ લગાલગ: મુખતીઆર સરીખાછે, તો પણ ચીનની સરકારે ઘણીવાર તેઓનાં નીઆએ ખાતાંમાં તકરાર ચલાવીછે, અને તે જુલમથી તેઓની માહોમાંહેની બાબતોમાં લાગુ પડીછે. ચીનાઈ અમલદારો જેઓ એ જગોએ રેહેછે, અને ચીનાં લોકો ઉપર હુકૂમત ચલાવેછે, તેઓ આએછે,—એક કીઉનમીનફુ, જે ફંનતાન ખાતાંનાં મુખીઅ ફોજદારનો આશીસટાંનટ અથવા હાત હેઠલ કાંમ ચલાવનારો; એક તસોટાંગ અથવા કીઆંગાશાનનાં ફોજદારનો આશીસટાંનટ; બે વૈઈઊએન; અથવા ફંનતાનનાં હોપોએ ઠરાવેલા કસટમ હાઊસ અથવા માંડવીનાં કાંમ ચલાવનારા અમલદારો; અને એક લસકરી અમલદાર, જે તસીઈન શાન, અથવા કાસા બરાંનકાનાં ઝીલલામાં છે; એ ઝીલલો જાંહાં જંગલી લોકોને ચીનાં લોકોથી જુદા પાડવાને સારૂ એક દેવાલ બાંધેલીછે, તેની આગલછે.

એ બંદરનાં સંઘલા મલીને બાર વાંહાંણો ખેડાએછે; તો પણ ચીનાં લોકો એ તેઓને પચીસ વાંહાંણો શુધી રાખવાની રજા આપેલીછે. તે વાંહાંણો મનીલલા, બટાવીઆ, ગોવા, બરમાહ, ઈસટરેટસ, અને દંમન ખાતે વેપાર ચલાવેછે, અને વરશોવરશ એકકી સફર કરેછે. ઈસપાનીશ અથવા ઈસપેન દેશનાં વાંહાંણો માતર માંહેલા બારામાં દાખલ થાઈ સકેછે; હરેક બીજા વાવટાનાં વાંહાંણો મકાઊ આગલ લંગડવાર થવાની જગોએ ખાબી થાએછે, અથવા ટાઈપા

નામે મકાઊની સાંભે એક સારૂં પણ છાલકુ બાંરૂછે, તાંહાં જાએછે. પોરતુગાલથી વાંહાંણો હમણાં તેની બીગાડેલી હાલતમાં એ દૂરનો તાબુકેનાં ગાંમખાતે કદીજ આવેછે. તેઓનાં ભરતની જગાત કાંઇ ઘણી લેતા નથી, અને જે વાંહાંણ એક વાર એ બંદર ખાતે નોંધાયાં પછી પાછું આવેચ, તો તેનાં અસલનાં ભરતનાં જગાતનો તીજો હીસો તે ઉપરથી લીએછે. પણ ઇસપાનીશ વાંહાંણોને ઘણું વધારે જગાત આપવું પડેછે. અને તે વતરોગો તેઓને ચીનાઇ હોપોને વાંહાંણની મોહોટાઇ પરમાંણે ૨૫૦ થી તે ૧૫૦ તેલ બીજી જુદી જુદી જગાતનાં આપવા પડેછે. ઇઊરોપીથી આવેલાં વાંહાંણો ઉપરથી બંદોબસતની શરત અને બારકસનાં ટન પરમાંણે ૨૦૦ થી તે ૩૫૦૦ ડાલર કાનશુ ફંડને સારૂં લીએછે. દસ બાર વરશ થાયાં અફીમનો વેપાર એકલો મકાઊમાંજ ચાલતો હતો; તોપણ અફીમ હમણાં લીનતીન ખાતે જાએછે, તેથી કરીને ઈ વસતુનો વેપાર અહીંઆં ઘણો ઓછો થાઇ ગીઓછે. સને ૧૮૩૦ માં મકાઊની ઉપજ સંઘલી મલીને ૬૮૧૮૩ તેલ થાઇ હતી; અને ખરચ જુમલે ૧૦૮૪૫૧ તેલ થાઓ હતો: એ ઉપરથી ૪૦૦૦૦ થી વધારે તેલની ખોટ નજર આવેછે, કે જે હાવી નાંખલી જગોને માથે ઘણી ભારી રકમ પડેછે; તોપણ જેઆરથી સારા ગવરનરની હુકુમત થાઇછે, તેઆરથી તેની ઉપજમાં ઘણો વધારે થાઓછે *

સને ૧૮૩૦ માં માણસની વસતી જે પોરતુગીજ લોકોની હુકુમત હેઠલ ગણાઇછે, તેની વીગત; ગોરાં અથવા પોરતુગાલનાં લોકો—૧૨૦૨ મરદો અને ૨૧૪૯ ઓરતો,

ગોલામો—૩૫૬ મરદો અને ૭૭૯ ઓરતો, બીજી જુદી જુ
દી જાતનાં લોકો—૩૦ મરદો અને ૧૧૮ ઓરતો. ચીના
લોકોની વસતી ૩૦૦૦૦ માણસોની હશે; વલી પોરતુગી
જ લોકોની હુકુમત હેઠલની વસતીમાં લશકર અને દેવ
લ ખાતાનાં તથા બાંહેરનાં દેશનાં રેહેનારાઓને દાખેલ કીધા
નથી. એટલાં બધા માણસની વસતીનું પોશન હાવી ઉજા
ડ જગોમાં કરવા થકી હીઆંગાશાનનાં આખા ટાપૂની
મદત લીધા વગાર ચાલી શકતું નથી; અને તેથી કરીને
ચીનાં લોકોએ ઘણીવાર જંગલી લોકોને નમતા કરવા સા
રૂ, એ જગોએ ભુખમરો પાડવાની ધારના રાખીને તાંહાં
થી ખોરાકી આવતી બંધ કીધીછે. મકાઊમાં સારા આબરૂ
વાલા લોકોની કેટલીએક વેપારનું કાંમ ચલાવાને સારૂ પે
હેડીઓછે; પણ ઘણાંખરા રેહેવાશીઓ ઉદીઓગ અને કા
મકાજ વગારનાંછે, કાંકે તેઓ ટીમોરનાં ટાપૂમાંથી લાવીને મ
કાઊમાં વેચેલા ગોલામોની મેહેનત ઊપર ઘણુંખરૂં પોતાનું
ગુજરાન ચલાવેછે.

મકાઊમાં જે કીલલો બાંધેલોછે, તે ચીના લોકોનાં આખા
લશકરને હટાવી સકે હેવો મજબુતછે, અને તેને સારી પ
ખે દરુસત રાખેલોછે. તાંહાં સેંટ પોસીની કાલીજ અથવા
મદરેશા જે કાહાડેલીછે, તેમાં ચીનાઈ ભાશા સીકવેછે, તે
સાથે બીજી કેટલીએક બોલી અને વીદીઆની કેરવણી
આપેછે. વલી ગરીબ લોકોનાં વગાર આસરાનાં બાલકોને
પાલવાને સારૂ એક હસપીટાલ ઊઠી ઊભી કીધેલીછે. મકા
ઊમાં હમણાં થોડું થાહજું બે અંગરેજી વરતમાન પતરો—
કંનતાનપરેસ અને કંનતાન રીજીસટર, તે સાથે હર મહીને

એક ચોપાનીઉં નામે ચાઇનીજ રીપાજીટોરી કરીને નીકલે છે. તાંહાંની ઇમારતોમાં ઘણીજ મોહોટી ઇમારત સીનાટ હાઉસ છે, કે જે ઘણી સારી અને સુતરી બાંધણીથી બાંધેલીછે. લોકોની કેટલીએક હવેલીઓ જોકે ચીનાં લોકોને હાતની બાંધેલીછે, તોપણ મોહોટી અને સારી રેહેવા લાએકનીછે. એ જગાની સુધરાઇ કરવામાં અટકાવો થાયછે, અને તે મીટાડવાને સાઠું પોરતુગીજ લોકોએ જે પેગામો ચીનની સરકાર ઉપર મોકલીઆ હતા, તે સંઘના બેરથ ગીઆછે. કંનતાનમાં જે પરદેશીઓ બેપાર કરવાને સાઠું જાએછે, તેઓમાંથી ઘણાંખરા અહીઆં આવી રેહેછે, તેથી કરીને એ જગાએ તેઓને રેહેવાને સાઠું ભાડેનાં ઘેરો ઘણાં છે ❀

કુહશાન જે ૨૩ અંશ અને ૫ કલાની ચેરંગમાં તથા ગરીનીચની પૂરવ દશાથી ૧૧૨ અંશ અને ૪૫ કલાની લંબાનમાંછે, તે કંનતાનની પશ્ચમ તરફ એક મોહોટું ગાંમછે, અને તેમાં કંનતાનનાં બાહેરના બેપાર ખાતાની ઘણીખરી જીનસોની કારીગરીનું કામ થાએછે ❀

શાઓચૂ, આએ સંસથાનનાં વાઇસરાએને રેહેવાની ચોકસ કરીને જગાછે, તોપણ તે કંનતાનમાં પોતાનું મુકામ રાખેછે. તે બે ખેડીઆ જોગ નદીઓ જેમાંની ઈક હુનાનથી અને બીજી નાનહીઉંગથી આવેછે, તેઓની વચે એક સારીપખે ખેડાએલી અને ઉપજ ભરેલી જગાઈ વસેલુંછે. તેની પડોસમાં બુધનું એક મોહોટું દેહેરુંછે, કે જેને ઉઠી ઉભું કરનાર એક મતવાલો ભગત હતો; ઈ ઘણીઈ પોતાનાં બદન પર લોહોડાની સાંકલ જાંહાં સુધી તેનું સંઘલું માંસ

સડીને કીડા ખાવા લાગા, તાંહાં સુધી બાંધી રાખલી હુ
તી. હેવા બગાતની યાદગારીને સારું ઘણાંએક લોકો
તેનાં દેહેડાંની જાતરા કરવાને જાએછે, અને તેઓ તે
ને ચહડાવાને થકી તાહેનાં પુજારીઓ પાસે હુંડીઓ લે
ઇ આવેછે. નાનકીંગ, મેલીંગનાં મારગ અને ગલ કીઆંગ
સી તરફનાં નાંકાંઓ પરનાં ગામોમાંનું એક ગામછે. તેનો
મોહોટો વેપાર ચાલેછે, કાંકે ઉતર તરફનો સંઘનો માલ
એ સેહેરમાં થાઇને આવેછે. તેમાં ચાંગ કીઉલીંગ જેણે એ
મેલીંગનો મારગ ખોદી કાઢીઓછે, તેની યાદગારીને
સારું એક મકબરો બાંધેલોછે. ચાઓચૂ કુ એ પૂરવ તરફ
એક ઘણું મોહોટું સેહેરછે. તેની આસેપાસેનો મુલક જો
કે ઉજાડછે, તોપણ તે હેવોતો ઘીચ વસતીથી ભરેલોછે, કે લો
કોને તેઓની સંઘલી ચાલુ મેહેનત કરતાં છતાંબી પોતા
નું થોડુંઘણું ગુજરાંન ચલાવાને ઘણું મુસકેલ પડેછે. અંહીંઆં
હજારો હોડીઓ માછલી મારવાનાં કાંમમાં લાગેલીછે. વેપા
ર સારો ચાલેછે; અને જોકે ટીગાહાઇનું બારૂં કાંઇ ઘણું ઊં
ડું નથી, તોપણ એ બંદરે મોહોટા મોહોટા જુંકો આવેછે.
ઇ મુલકમાં ખાંડની ઉપજ થાએછે, કે જે ઉતર તરફના સંસ
થાનોમાં મોકલવાને સારું ચાલુ વેપારની જીનસછે. હાઇનાન
અને ઇસીઆ ખંડનાં દખણ તરફનાં મુલકો સાથેનો વેપાર ઘ
ણો મોહોટોછે, અને પૈસાવાલા વેપારીઓ ઘણાંછે. ગરીબ લો
કો ઘણાંજ મેલા અને ગલીજ રેહેછે; તેઓ પોતાની ભુખ
ની તરૂપતી કરવાને સારું ઘણુંજ નજીસ ખોરાકનેબી ખા
ધામાં લાવેછે, અને જાતે ઘણાં ખાઉરા હોએછે, તેથી કરી
ને તેઓને ખાધાની વસતુની થોડી ઉપજ વાલા મુલકમાં

રેહેવાને ઘણી તંગી ભોગવવી પડેછે. હુઇચૂકુ, ચીનનાં મણાંજ દખણ તરફનાં ઉપદવીપનું મુખીઅ સેહેરછે. તે ઉપજ ભરેલી જગાએ બાંધેલુંછે, પણ પૂરવ તરફના ભાગોનાં સંસથાનો કરતાંને તેની જમીન ઘણી ઉતરતી ખેડાએલી છે. હુઇચૂકુની આસપાસનો સમુદર હેવોતો રેતી અને ખડકનાં ખરાબાથી ભરેલાછે, કે તેમાં માતર ચપટા તલીઆંનાં બારકસો ખેડી સકાએછે, અને વલી તેબી ખેડવાને ઘણું જોખમ ભરેલુંછે ❀

હાઇનાન, અથવા કીઉનચૂકુ, ૧૪૯ મૈલ લાંબુ અને ૯૩ મૈલ પોહોલું એક ટાપૂછે. તે ઉતર તરફની બોરકુએ કોશતા આગલથી એક મેદાનની કાંની ૪૫ મૈલ સુધી ફેલાએલુંછે, પણ દખણ અને પૂરવ તરફની બાજુએ તેમાં ઉંચા પાહાડો ચાલેલાછે, કે જેઓની વચે વલી ઉજાડ અને રેતીનાં મેદાનો આવેલાંછે, તેથી કરીને ખેડુતોથી તાંહાંનાં ખપ જેટલા અનાજની ઉપજ થાઇ સકતી નથી. એ ટાપૂની વચોવચમાં સોનાંની ખાંનોછે; માંહેલા ભાગમાં ઉંચી કીમતનાં સારાં લાકડાં મલેછે; અને વેગાર ખેડાએલાં અને જાડ જંગલથી ભરેલાં પરગાણાંઓમાં પંખેરૂઓ, સસા, અને હરણો પૂશકલછે. ખાંડ, તંબાકુ, રૂ, અને સોપારી, એ ટાપૂની ચાલુ વેપારની જીનસોછે, કે જેઓને બીજા ગાંમો ખાતે મોકલવાને સારૂં ઘણાંએક બારકસો ભરાએછે; પણ તાંહાંનાં લોકો માતર દખણ તરફની સફર કરેછે, અને કોઇ કોઇ વાર કંનતાન જાએછે, તેથી કરીને તેઓનાં દેસાન ઉપજ ચીનનાં ઉતર તરફનાં સંસથાનોમાં ચાઉચૂનાં લોકો લેઇ જાએછે, હેવું કેહેછે કે કોસતા પર મોતીની સીપ કાહાડવ

ની જગાછે; અને ચીનાં લોકો સીપમાં હીકમતથી મોતી
ઉપજાવાની કલા જાંણેછે. તેઓ મોતીનાં કાલૂઓ અથ
વા સીપો પકડીને તેમાં પીતલનાં તારનો એક કટકો નાંખે
છે, તેથી કરીને તે જખમી થાએલું જનાવર પેલા તારનાં
કટકા ઉપર પોતાનો રસ લગાડેછે, અને તે રસ જમાવ થાઇ
ને મોતીની સીપ અથવા ખરૂં મોતી બંધાએછે. ફારમોસા
માં જે તાંહાંનાં અસલી રેહેવાશીઓછે, તેઓ પોતાનાં અં
ગની ચાંમડી ઉપર ચીતારનાં સરખા કાપા પાડીને તેમાં રં
ગ પૂરેછે, તથા દાંત કાલા રંગેછે, અને તેઓની શીકલ અ
ને ચાલચલણ મલાઇ લોકો સરીખીછે. હાઇનાનનાં ટાપૂમાં
બી આપણાં જોઆમાં જે તાંહાંનાં દેશી લોકો આવેછે, તે
ઓ બેડોલ અને ઠીગનાં કદનાંછે, તે સાથે તેઓનાં ચેહેરા
નો રંગ તરાંબા સરીખોછે. તેઓ લગાલગ નાગા ફરેછે; અને
મુંઢાંનાં બાલ એક કડીમાં ભેરવીને નીહાર ઉપર રાખેછે; અ
ને બાએડીઓ આંખ આગલથી તે મોહોડાંનાં હેઠલા ભા
ગ શુધી ગાલીનાં રંગથી કેટલાએક કાપા પાડેછે. ઓરત
મરદ એ બંધે સોના રૂપાનાં ચપરાસો અને બાલીઓ પેહે
રેછે. તે લોકોનાં હથીઆર તીર કમાનછે. તેઓ ઉપર ચીનાં
ઓ હરેક રીતે હાત નાંખીને તેઓને દબાવા માંગે ચતા, તે
ઓ ચીનાંઓની સાંભે મજબુતી પકડીને લડાઇ કરેછે, તે
થી કરીને માંહેલા ભાગમાં જાંહાં સોનાની ખાંણોછે, તાંહાં
ચીનાંઓથી જાઇ સકાતું નથી. હેવું માલમ પડેછ કે એ ટા
પૂમાં ચીનાઇ લોકો શુંગની ઓલાદનાં શાંહશાહોનાં વખ
તમાં આવીઆછે; તેઓ દખણ તરફનાં ફોકીઇનનાં અને
ચાઓચૂના પરગણાનાં લોકોની વંશથી ઉતરેલાછે. અને તે

ઓ જે બોલી બોલેછે, તે લગાલગ ફોકીઅનનાં લોકોની બોલી સરીખીછે, પણ તેઓની ઘણ ક્વાંગટંગનાં પશ્ચમ તરફનાં ભાગનાં રેહેવાશીઓને મલતી આવેછે. તેઓ ચંચલ અને મેહેનતમાં ફસાએલા લોકોછે, તથા થોડા ઉપર રાજી થાએછે; તે સાથે ઘણુંજ ઉદ્ધી ઓગી અને કાંમવાલાછે. તેઓમાં ઘણા એક જુંકો જાંનેવારી મહીનાંમાં હાઇનાનથી સીઆમ ખાતે જાએછે. તેઓ કામબોદીઆનાં કોસતા પરથી લાકડાં કાપી લાવીને બાંગકોકમાં આવેછે, અને તાંહાં બીજાં મોહોટાં લાકડાં વેચાતાં લેઇને એક નવો જુંક બાંધવા માંડેછે, અને તેને બે મહીનાની અંદર બાંધીને તઇઆર કરેછે. પછી તેઓ સારીપખે માલ ભરીને જલદીથી કંનતાન ખાતે જાએછે, અને માલ અને બારકસ ઈ બંગ્રેને તાંહાં વેચી નાંખેછે; અને તેમાંથી જે નફો આવેછે, તે સંઘલા જણાં મલીને વેહેંચી લીએછે, અને પાછા પોતાને વતન પોતાનાં બાપદાદાની જમીન ખેડવાને સારૂં જાએછે. કીઆંગચૂકુ જે એ ટાપૂનું પાએતખતછે, તે સમુદરનાં કાંઠાથી છ મૈલ દુરછે. તેનો વેપાર કંનતાન સાથે ઘણો ચાલેછે; તેનું બારૂં ઘણું ઉંડું નથી, પણ તેમાં બારકસોને ઘણો કઠણ પવન લાગીઆથી બચાવ થાએછે. ઇઆઇચૂ જ દખણ તરફ થઇ મોહોટું બંદરછે, તાંહાંથી તુનકીન, આનનામ, સીઆમ, કામબોદીઆ, અને સીંગાપોર ખાતે મોહોટો વેપાર ચાલેછે. *

ક્વંગટંગનાં સંસથાનમાંથી જમીનનું મેહેસુલ ૧૨૫૭૨૮૧ તેલ અને અનાજના ૩૪૮૯૮૦૫ શીહ ઉપજેછે; તેનું તુનતીઇન ૫૨૭૧ ક્રીગ અને ૯૪ મોવછે, તે સાથે ૧૯૭૭ તેલની ઉપજ થાએછે; હીઓતીઇન ૧૫૧ ક્રીગ અને ૧૬ મોવછે,

તે સાથે તેની પેદાસત ૧૯૩૦ તેલનીછે ; આમદ રફતનાં માલની જગાત શાહંશાહની ચોપડીમાં લખીઆ પરમાણે ૬૪૨૪૯૫ તેલ આવેછે, તોપણ એ અસલ ઉપજનાં કરતાં ને ઘણી ઓછીછે; અને મીઠાનું જગાત ૪૬૯૭૯૭ તેલછે •

એ સંસથાનની ઉપજ સરકાર ખાતે ઘણી જાએછે, તે ઉપરથી એ ચીનનાં રાજનાં અણુખણ સરખું ગણાએછે. અને જોકે ચીનની સરકાર પરદેશી લોકો સાથે વેપાર ચલાવાને ધીકારતી હોએ એવું બતલાવેછે, તોપણ ચીનનાં રાજ દરબારી લોકોને જે તેમાંથી લાભ થાએછે, તે વગર ચાલી સકે નહી, અને તેનો અટકાવ કરીઆથી શાહંશાહી ખજાનામાં મોહોટો ઘટારો થાએ પડે •

કુવાંગાસીનાં સંસથાનનું વરણન•

કુવાંગાસીનું સંસથાન ૨૧ અંશ અને ૫૦ કલા થીતે ૨૬ અંશ અને ૧૫ કલાની ચોરણ શુધી તથા પીક્ષીંગની પશચમ દશાથી ૪ અંશ અને ૧૦ કલા થીતે ૧૨ અંશ શુધી ફેલાએલુંછે. તેનાં ઉતર તરફનાં નાકાં પર કવેચૂ અને હુનાનછે, પૂરવ તરફ કુવાંગટંગછે, પશચમ તરફ યુનાનછે, અને દખણ તરફ કુવાંગટંગ અને તુનક્વીનછે. આ હીઆ તુનક્વીન અને કોચીન ચીન વીશે લખવને લગતી જગો આવેલીછે, તેથી કરીને હમો તેઓનો થોડોએક અહવાલ બેઆન કરીએછે •

સોનકીન અથવા તુનકીન જેને ચીનાં લોકો તુંગકીંગ ક
રીને કહેછે, તે આનનામ અથવા કોચીનચીનનું એક સંસ
થાનછે, અને તે ઘણીવાર ચીનનાં અમલ હેઠળથી આઝા
દુંછે; પણ કેટલુંએક પર પીતલનાં થંભાઓ મારીઆથી એ
ક બીજાં મુલકની હદ ચોકસ થાએછે. એ દેશમાં મુખી
અ નદી સંગકોઈ નામે ચાલેલીછે, કે જેના પાંણી વરસો
વરશ ચહડી આવીને ચોખાના ખેતરોને ઉપજે ભરેલાં કરે
છે. તમા પટેટા, રતાલુ, કેલા, ચોખા, કેરી, નાલીએર, અને
અનીનાસ એ પૂરાફલ થાએછે; રેશમનાં કીડાઓ સારીપ
ખે પલેછે, અને સેરડીબી ઉપજેછે. પાહાડોમાં લોહોડું, કલ
ઇ, તરંબુ, અને ટીકુટેનાગછે *

જે વખતે ઇઉઅન શાહંશાહની ઓલાદને ચીનનાં તખ
ત ઉપરથી ઉઠાડી મેલી હતી, તે વખતે તુનકીન એક જુ
દું મુલક થાએલું હતું. અને તેનો અમલ લાની ઓલાદનાં
દેરી રાજાઓ જાંહાં સુધી તેઓનાં તખત ઉપર ફક વજીર
ચહડી બેઠો, તાંહાંસુધી અદલ ઇનસાફથી ચલાવતા હ
તા. જે વખતે કોચીનચીન જે તેને તાબેનું ફક મુલક હતું,
તેની કાંઇ બાબત ઉપર તખાર પછી જેઓ તખતે બેઠા
તેઓમાંનાં એક ધણીએ પોતાનું ધેઆંન પોહોંચાડવા વા
જબી જાણીઉં, પણ તે લોકોનાં માંહોમાંહેનાં ટંટામાં દાખે
લ થાઆથી, તેને આનનામનાં લોકોએ કીનો રાખીને મા
રી નાખીઓ. એ પરમાણે થાઆથી એ મુલક કોચીન ચી
નને તાબુકે થાએલું, અને હજુરબી તેનીજ સાથે એકઠું
મેલવુંછે, તોપણ નવા ફીતના ઉઠી ઉભા થાઆથી આન
નામનાં રાજની સમાધાનીમાં બીગાડ ચાલીઓછે, અને કે

વું દીસેછે કે કે મુલકો કિ વાર ફરીથી જુદા થાઇ પડશે.

તાંહાંનાં લોકોની ચાલ ચલણ અને ઢબ ચીનાં લોકો સરીખીછે. અને તેઓનું લખવું પઢવું બી ચીનાં લોકોનાં જેવુંજ છે, પણ તેઓની બોલીનો ઉચાર અને શબદોનાં અરથો જોડવાની તરતીબ જુદી તહરાંયીછે. બાકકીન, અથવા કેરીા, એ મુલકનું પાએતખતછે; બીજાં મુખીઅ સેહેરો—હાનચીઉસ, તરાનાશ, કાઉસંગ, અને કુનનકીનછે.

કુનકીનની દખણ દશાએ કોચીન ચીન અથવા આનનામનું મુલકછે. એ મુલકને ચીનાં લોકો આગલા વખતમાં જે કાએૈાચી કરીને કેહેતાં હતા, તેઉપરથી તેનું નામ કોચીનચીન કરીને પડીયુંછે. તે પાહાડો ભરેલુંછે, તોજોકે તેમાં કુનકીનનાં જેવી ઉપજ થાએછે, પણ તે મુલખનાં જેટલી ફસકલ થાતી નથી. તેનાં કોસતા પર વરસોવરસ સમુદર વધતો ચાલેછે, તે હેવી રીતે કે પાંચ વરસમાં ૧૫૦ કુદમ ગા પાંણી ની રોકાઇ ગેઇછે. પાહાડોમાં લોહોડાંની ખાંનો છે; સોનું રૂપું મી તાંહાં મલેછે; જંગલોમાં લોહોબકડ, આબનુસ, શુખડ, પતંગ, અને હેવાં બીજાં ઉંચા લાકડાંઓ થાએછે; અને લાખ એ વસતુ પણ મલેછે. જુન, જુલાઇ, અને આગસત મહીનામાં વરસાદથી સંઘલાં મેદાનોમાં પાંણી ચહડી વલેછે; અને ઘણંકિ નાલાંઓ ઉભરીને ચોખાનાં ખેતરોને ઉપજ ભરેલાં કરેછે. કોચીન ચીનની દાલચીની અમના તજ સેલાનની તજ કરતાંને સરસ ઉતરેછે, પણ દેશાવરો ખાતે મોકલવાને ઘણી થોડી થાએછે. એક જાતની ચાહ એ મુલકમાં થાએછે, પણ તે બાહેરનાં દેશોનાં ખપમાં આવે હેવી નથી, કાંકે તેનાં પાતરાં ઘણાં જા

કાં થાએછે. તાંહાંનાં રેહેવાશીઓ ઉપર જો ઘણો જુલમ થાતો નહી હોએતો, તેઓ ઘણી સારી શુધરેલી ગનેઆતનાં જેવાં લોકો થાઇ શકે, પણ તેઓની હમણાની સરકારથી તેઓ ગોલામનાં જેવી હલકી હાલતમાં પડેલા છે, અને તેઓને જુલમથી વરશનાં કેટલાએક મહીનાં શુધી પોતાનાં રાજાનું કાંમ કરવું પડેછે. તેઓની બોલી, તરેહ વજે, અને ડોલ કુનકીનનાં લોકોને મલતું આવેછે. તેઓની સરકારની રીત અને ધારા ચીનાં લોકોની કાંની ચાલેછે, પણ તેઓનાં હાતમાં પોતાનો અખતીઆર ઘણો થોડો હોએછે, અને તેઓમાં ચીનાંઓની વીદીઆનો બી ઘટારો થાતો જાએછે ✽

કોચીન ચીનમાં ઘણાંએક સારાં બારાંઓ આવેલાંછે; તુનોનનો અખાટ તેનાં નાંકાં પરનાં ટીલલા ઉપરથી તથા તેમાં વાંહાંણોને લંગાડવાર થવાને ઘણી સારી જગો ઉપરથી કેહેઆજોગછે. તે ફરેંચ લોકોને આપીઓ હતો, પણ તેમાં તેઓ કદી આવી રેહાતા નહી. કોચીન ચીનનું પાએતખત હુઇ નાંમે એક મોહોટું સેહેરછે ✽

કોચીન ચીન અને કાંમબોદીઆની વચે તસીઓમપા નાંમે ઈક સાંકડો મુલક આવેલોછે, કે જેને આનનામનાં લોકો બીનતુઆમ કરીને કેહેછે. તેની જમીન રેતાલછ, અને તે જંગાલ જાડીથી ભરેલુંછે; અને તાંહાંની આબોહવા ઘણી ખરાબછે. તાંહાં થોડાએક રેહેવાશીઓછે, જેઓને લોઇસ કરીને કેહેછે, અને જેઓ જોઆમાં લાઓસનાં લોકો સાથે અવાર નવાર ભેલાએલા હોએ હેવા લાગેછે ✽

કુવાંગાસીમાં ઘણીએક નહાની નદીઓ તેનાં પાહાડો

ની વચેથી ચાલેલીછે. મેદાનો ઘણાં ઉપજ ભરેલાંછે, અને તેઓમાં એટલોતો પૂશકલ અનાજ પાકેછે, કે કંનતાન ખા તેબી જાએછે. પાહાડોમાં ધાતુ મલેછે, પણ ચીનની સરકાર અંહીઆં અને બીજે કેઠેબી ખાંનોમાંથી ધાતુ કાહાડવાને આસરો આપતી નથી. એક સોનાની ખાંન જે પેહેલાં એક ધણીએ પોતાને માથે રાખીઆ પછી સરકારથી તેમાંનું ધાતુ કાહાડતા હતા, તેમાંથી ઘણોએક નફો ઉપજીઓછે. એ સંસથાનમાં એક જાતનાં સાગુ, તજ, અને દાર ચીનીનાં જાહાડો થાએછે; અને તેની આબોહવા ખૂશછે. તેની ૭૮૨૫૦ ચોરસ મૈલ જમીન ઉપર માતર ૭૩૧૩૮૯૫ રેહેવાશીઓ વસેછે, તો જોકે તે લગાલગા કુવાંગટંગનાં સંસથાનનાં જેટલું મોહોટુંછે, તઆરે તેમાં માંણસની વસતી એ સંસથાનનાં તરીજા હીસા જેટલીછે ◈

તે કુવાંગટંગનો વાઇસરાએ જેનો ખેતાબ લીઆંગ કુવાંગ તશુંગ તુહ (એટલે બંધે કુવાંગ—જેમકે કુવાંગટંગ અને કુવાંગસી—નો હાકેમ) કરીનેછે, તેની અને એક ફુઉ ઉએનની હુકૂમત હેઠલછે. તે બાર પરગણાંઓમાં વેહેચાએલુંછે, અને તેને તાલુકે તેતરીસ તુસજીછે, કે જેનાં તૂચૂ, તૂહીઇન, અને ચાંગકુવાંગસજી હેવા તરણ જુદા જુદા ભાગો પાડેલાછે; એ પરગણાંઓમાં અસલનાં રેહેવાશીઓની જાતનાં મીઆએોતજી લોકો વસેલાછે, અને તેઓનો અમલ તાંહાંનાં દેશી રાજાઓ અથવા મીઓતજી લોકોમાંથી ચીનની સરકારે ઠરાવેલા અમલદારો ચલાવેછે ◈

કુવેલીન જે કુવાંગસીનું પાએતખતછે, તે એક ઉતાવલી ચાલની નદીનાં કાંઠાઓ પરછે, અને તેમાં હાવા મોટાં સં

સંથાનનાં પાએતખતને લાએકનો વેપાર વનજ તથા હરેક બીજું કશું છે નહીં. કીંગાઇહૂએન, કવૈચૂનાં નાંકાં તરફથી મીઆઔતજી લોકોનાં પરાંતમાં આવેલુંછે. તસીનચૂની પડોસમાં જે દાલચીનીનાં ઝાડો થાએછે, તે આનનામનાં ઝાડોનાં જેવાંછે. સજીચીંગ, કુનકીનનાં નાંકાંઓ પર આવેલુંછે, કે જાંહાં હદ માલમ પડવાને સારૂં પીતલનાં થાંભાઓ મારેલાછે ❁

એ આખા સંસથાનમાં જુલમે એકુ મોહોટી અગતનું સેહેર આવેલુંછે. અને રેહેવાશીઓ અનઘડછે; અને તેઓને જંગલમાં રેહેવાનો સોવાસ પડેલોછે, તેથી કરીને તેઓ ગાંમડાં અને ખેડામાં પોતાને રેહેવાની જગા પસંદ કરેછે, અને સેહેરોમાંનાં રેહેવાશીઓ સાથે વેહેવાર રાખતા નથી. તે ઉપરથી તેઓને ચીનાં લોકો અરધ શુધરેલા કરી લેખેછે; પણ તેઓની સાદી ચાલચલણમાં ઘણાં સારીપખે શુધરેલા ચીનાંઓનાં ફનની અસર લાગેલી નથી. મીઆઔતજી લોકો જેઓ સજીચૂએન, કવૈચૂ, કુકવાંગ, અને કુવાંગાસી એ સંસથાનોનાં પાહાડો ભરેલા ભાગોમાં વસેલાછે, તેઓ એ ભાગોનાં અસલનાં રેહેવાશીઓ લાગેછે, અને લાઓસ અને બરમાહનાં લોકો સરીખાછે. તેઓની ઘણીએક ગનેઆતો પોતપોતાનાંમાં જુદી જુદી તરેહથી રેહેછે, અને તેજ પરમાંણે તેઓની જુબાંનમાંબી તફાવતછે; પણ તેઓ સંઘલાઓમાં હેવોતો સંપ હોએછે, કે જેઓ ચીનાં લોકોનાં હાત હેઠલ આવેલા હોએછે, તોબી પોતાનાં દેશ ભાઇઓની સાથે વફાદારી રાખવાને સારૂં તેઓ ઘણીવાર પોતાનાં લોકો સાથે એકઠા મલી જાઇને ચીનાંઓનાં સતાવાલાઓની

સાંબે આવાને બાહેર પડેછે, તેઓ સારા બાંધાનાં અને વ
ચલે ગાલેનાં કદનાંછે, અને જોઆમાં જાહેલી ભરેલા લા
ગતા નથી. તેઓનાં હાતપગ પાહાડોની કઠણો અને ક
રારાઓ ઊપર ચહડીઆની આસરમને લીધે ઘણાં છુટા થા
એછે; તેથી કરીને તેઓ દોડવા તથા ચહડવામાં ઘણાં ચા
લાક હોએછે, તે સાથે ઘણા તેજ ઘોડસવારછે. તેઓનાં કપડાં
જોકે ઘણાં જાડાં હોએછે, તોપણ તેઓને હાતની કારીગ
રીથી બનાવેલાંછે. તેઓ ગાલીચા વણવાનાં કામકાં ઘણાં
સરસ ઊતરેછે. તેઓનાં ઘેરો પથરનાં બાંધેલાં હોએછે; અ
ને તેઓ ઘેરને ભોંએ તલીએ પોતાના ઢોરો રાખેછે. તેઓ
ની બાએડીઓ પોતાનાં માંથાં ઊપર આસરે એક ફુટ લાં
બો અને પાંચ અથવા છ ઇંચ પોહોલો હેવો એક પાતી
જેવા લાકડાંનાં કટકાની ટોપી પેહેરેછે; અને તે ઊપર પો
તાનાં બાલો મીન લગાડીને વલગાવેછે, તેથી કરીને તે બા
લની ટોપીની કાંની લાગેછે. તોપણ હેવાં કઢંગી તરેહનાં
પેહેરવાસથી તેઓને આરાએમથી સુવાને તથા જંગલમાં
ફરવાને ઘણી અડચણ અને પીડા થાએછે; અને બાલ ઓ
રતી વખતે ઘણીજ મેહેનત પડેછે, કાંકે સંઘલું મીન પીગ
લાવીઆ પછી તે છુટા પડેછે. એ મજબુત પાહાડવાસી લો
કો પોતાનું પૂરતી રીતે સવતંતરપણું રાખવામાં ઘણાં ખુશી
થાએછે. તેઓ પોતાનાં હથીઆરો પોતાને હાતેજ બનાવે
છે; અને જે કોઇ શતરૂ તેઓનાં મુલખ ઊપર ચહડી આવે
છે, તેની સાંબે તેઓ મોહોટી હીમત રાખીને લડાઇ કરેછે.
અને જો તેઓ માહોમાંહે ચાલુ કજીઓ લડાઇ કરતાં ન
હી હોએતો, તેઓથી નાહીમતી ચીનાંઓને મોહોટી ધાસ્ત

તી રાખવી પડતે. પણ તેઓ પોતાનાં નબલા પડોસીઓ કૂ પર ગાલિબ થાઆને બદલે, તેઓની કેટલીએક ગનેઆતો ધીમેધીમે ચીનાંઓનાં હાત હેઠલ જેર થાઇ ગેઇછે. તોબી તેઓ એટલા દબાઇસાં રેહેતાંબી પોતાની સરકશી કરી દેખાડેછે, અને ઘણીવાર વાઇસરાએની સાંબે થવાને તઇઆર થાએછે. કેટલાએક શાહેનશાહોએ તેઓને જડથી કાહાડી નાંખવાનાં કશદો કીધેલાછે; અને તે કારણસર મોહોટાં મોહોટાં લશકરો મોકલીઆં હતાં, તોપણ તેઓ પોતાનાં પાહાડોના મજબૂત કીલલાઓમાં ફુસતવારીથી રેહેલાછે. કીઇનલુંગ શાહેનશાહે તેઓને પાહાડોમાં ઘેરી લેઇને સંધલે ઠેકાંણેથી બંદ કીધા હતા, પણ તેનું સંઘલું લશકર ખરાબ થાઇને તેઓનાં કેટલાંએક હજાર લોકોને તારાજ કરી નાંખીઆં પછી, તેણે હેવું જાહેર કીધું કે, મે તે લોકોની સંઘલી ગનેઆતને બુનબેખથી ઉખેડી નાંખીછે. તોપણ તે ખોટી બુમછે, હેવું જલદીથી માલમ પડી આઇહૂં, કાંકે તેનાં છોકરા—કીઆકીગનાં અમલમાં મીઅઓતજી લોકો વારેવાર બલવો કરીને પાછા ઉઠી ઉભા થાઆથી, ચીનાઇ સરદારોને પોતાની મતલબ હાંસેલ કીધા વગર તેઓ સાથે સુલેહ કરવી પડી હતી ✻

સને ૧૮૩૨ માં કુવાંગાસી અને કુવાંગટંગનાં નાંકાંઓ પર લીઇનચૂ આગલ જે બલવો ઉઠીઓ હતો, તેથી કરીને શાહેનશાહનાં સીપાઇઓએ મોહોટી થાત ખાધીછે. કુવાંગટંગનો ગવરનર અથવા સુબેદારબી તે વખતે લશકરી ખાતાની મંડલીનો વડો હતો, તેથી કરીને તે પોતેબી ઘણાંએક લશકર સાથે એ શરકસ પાહાડવાસી લોકોને જેર

કરવાને સારૂં ગીઓ હતો. એક દાહાડે અંધારી રાતનાં મી આઓતજી લોકોએ બકડાઓનાં સીંગડાં ઉપર મશાલ બાં ધીને તેઓને પાહાડો ઉપરથી છોડી મુંકીઆં; તે જોઇને શાહંશાહનાં સીપાહીઓ પેલા જનાવરો ઉપર બંદુકો મા રવા લાગા, એટલામાં મીઆઓતજી લોકો એક સાંકડી વાટે ઉતરી આવીને શાહંશાહની તરફ વાલાઓ પર પ છવાડેથી હુમલો કરીને તેઓમાં મોહોટી ખૂનરેજી કીધી. બીજો એક તમાશો હુનાનમાં મીઆઓતજીની જાતનાં ઇઆઓજીન લોકોએ કીધો હતો, પણ તેઓની સાંબે લ ડવાને સારૂં થયું એક ચીનાઇ લશકર ઘણાંજ સારા સરદા રોને હસતક આપીને મોકલીઊં હતું, તેથી કરીને તેઓ જ બદીથી શેકશત ખાઇને પાછા પોતાનાં પાહાડો પર નાહા સી ગીઆ. કુવાંગટંગાનાં વાઇસરાએની સાંબે જે બલવા ખોરોનો સરદાર કીનલુંગ પોતાના સવારો લેઇ લડવા આ ઓ હતો, તે હેવી રીતે સેહેજમાં હટીઓતો નહી. અને જે આરે શાહંશાહના સીપાઇઓ તે લોકોનાં પાહાડોમાં પે સવાને સારૂં આગલ વધવા ગીઆ, તેઆરે તે મજબૂતી થી તેઓની સાંબે થાઇને ઘણાએકોને કતલ કરી નાખી આં. અને ફિક વાર અચબૂચ લશકર ઉપર હુમલો કરીઆવી ને બારૂત ખાનું સલગાવી મુંકીઊં, તેથી કરીને હજારો હજા ર ચીનાઇ સીપાહીઓ ઉડીગીઆ. એ ખબર શાહંશાહે સાંભલીને પોતાનાં સરદારને મોહોટો ઠપકો આપીઓ કે, એ ભીલોને મેદાનમાં આવવા દેઇને તેઓ સાથે લડવાને બદલે તેઓનાં અઘડા પાહાડોમાં વગર વીચારથી ઘુસવું જોઇતું નહી હતું. પછી તે સરદારને તેનાં ઓહોદા ઉપ

રથી ઊતારીને, કુનાનથી બે અમલદારોને કેટલુંએક નવું લશકર આપીને મોકલીઆ, અને બપકીની તલાવતથી સમાધાની કરવાને સારૂં બે એલચીઓને હોકમ કીધો કે એ પાહાડવાસી લોકોમાં જાઈને એવું જાહેર કરે કે સંઘલા સંસથાનોમાંથી શૂરા સીપાહીઓ લડવાને સારૂં આવનારછે, અને તેઓ ચોકસ કરીને તમારી આખી ગનેઆતને રેલનાં પાંણીની ફાંની ઘસડી નાખસે. એવી રીતે જાહેર કીધાથી પેલા વહ્વાએલા લોકો પોતાની મેલે નમતા થાઈને પોતાનાં હથીઆર છોડી દીધા. પણ એ વાતની ખરી બીના એછેકે, ચીનનાં શુરા સરદારોએ તે બલવાખોરોને નાંણાંની મોહોટી રકમ આપીને સમજાવીઊં, કે તમોને હમારાં ઊડતાં ઝૂંડા અને લડાઈના નગારાં શુધા હમારી સાંબેથી લડાઈનાં મેદાનમાંથી નાહાસી જાવું: એવું માન સોનારૂપાની અસરથી આપવાને તેઓએ કબૂલ રાખીઊં. અને એ પરમાણે બાઆથી પાછી સમાધાની થાઈ, અને શુરા સરદારોને મોરના પીછો, તંમાખુની પોટલીઓ, ખાનું ખાવાની લાકડીઓ, અને એવું બીજું ઈનાંમ દાખેલ મલીઊં; અને માંનદરીનોએ એ જંગલી લોકોમાં નીશાલો કાહાડીને તેઓને સુધરાઈનાં મારગ ઊપર લાવવાને ઠરાવીઊં ❀

તે લોકોને પાહાડો ઊપરથી ઊતરતા અટકાવવાને સારૂં ચીનાં લોકોએ પડોસમાં ઘણાંએક કીલલાઓ બાંધીઆછે, અને પાહાડોની આસેપાસે સીપાહીઓ રાખેલાછે, પણ તેઓને ઘણીવાર એ તેજ ઘોડસવારો ચૂકાવીને ચીલઝડપ કુમેલા કરી જાએછે. કોઈકોઈવાર મીઆઓતજી લોકો

ચીનાંઓ સાથે જુલમગાર પાદશાહોનો અમલ કાહાડી નાંખવાને સારૂ ફિકરા થાઆ હત ; અને તેઓની જે ગનિઆ તોઈ મોંગોલ લોકોને હાંકી કાહાડવાને સારૂ મીંગાની ઓલાદ શુરૂ કરનાર શાહેશાહને પોતાની મદદ આપી હતી, તેઓને હજુર શુધી મોહોટું માંન મલેછે. કુવાંગાસીનાં મીઆઓતજી લોકો વીશે કેહેછે કે તેઓ અસલ ચીનાંઓ હતા, અને તેઓએ જે વખત પર ચીનાંઈ સરદાર—માઈકૂએનકે મુલકની સરહદ માલમ પડવાને સારૂ પીતલનો થાંભ ઉભો કીધોહતો, તે વખત પર તુનકીનનાં લોકો સાથે શુરાપણેથી લડાઈઓ કીધીછે. તેઆર પછી તેઓ જંગલી હાલતમાં પડીઆ હતા, પણ પાછા સેહજમાં પોતાની રાહ ઉપર આવી ગીઆ, અને તેઓ જે પરાંતમાં વસતા હતા, તેને ચીનાઓની કાંની કીઈન અને યૂમાં વેહેંચી નાંખીને, પોત પોતાના સરદારોની હુકુમત હેઠલ રાખીઆછે *

કુવાંગાસીનાં સંસથાનમાંથી જમીનનું મેહેશુલ ૩૯૨૫૯૭ તેલ અને ૧૩૦૩૭૫ રીહ ચોખાનાં ઉપજછે. કુનતીઈન જુમલે ૧૯૯૬ કીગ અને ૬૨ મોવ ; અને ડીઓતીઈન ૧૩૪ કીગ અને ૭ મોવછે ; હેમાંનાં પેહેલાંની ઉપજ ૮૫૧૬ તેલ, અને બીજાંની ૧૦૭૩ તેલ થાએછે ; મીઠાંનું જગાત ૧૧૩૭૯૨ તેલછે ; માંડવીનું મેહેશુલ ૧૦૯૯૨૯ તેલ આવે છે *

ઇઉનનાનનાં સંસથાનનું વરણન.

ઇઉનનાનનું સંસથાન ૨૧ અંશ અને ૪૦ ફલાથી તે ૨૯ અંશની ચોરણ શ્રુધી તથા પીંક્રીંગની પશચમ દશાથી ૧૦ અંશ અને ૩૦ ફલાથી તે ૧૯ અંશ અને ૫૦ ફલાની લંબાન શ્રુધી ફેલાઈલુંછે. તેની ઉતર તરફની હદ ઉપર સજીચૂએનછે; પૂરવ તરફ ક્વેચૂ અને ક્વાંગસીછે; પશચમ તરફ તીબેત અને જંગલી લોકોનો પરાંતછે; અને દખણ તરફ આવા, લાઓસ, અને તુનક્રીનછે *

ઇઉનનાન અને સજીચૂએનની વચે ઉતર તરફથી કીનશાકીઆંગ નાંમે નદી આવેલીછે. ઇઆંગતજીકીઆંગ નદી, મૈનાનકોમ (કીઉલુંગકીઆંગ), અને મૈનામ (માનલૂંગે) એ નદીઓ ઘણી પોહોલીછે, અને હેમાંની બે છેલી નદીઓ એ સંસથાનમાંથી નીકલીને પેહેલી કામબોદીઆનાં ઉપસાગરમાં અને બીજી બાંગકોક આગલ સમુદરમાં જાએછે. એ સંસથાનની વચોવચમાં વલી ચાર સરોવરો આવેલા છે, અને તેઓમાં જે ઘણોજ મોહોટો શાંગકવાગ નાંમે સરોવરછે, તે શ્રુમારે તીશ મૈલ લાંબોછે, ઇઉનનાનનાં પાહાડો ઘણાં મારકણાં લાગેછે; તેઓની ટોંકો વાદલાં સાથે લાગેલીછે; અને તેઓની ઉંચીનીચી સફાઇ તથા ઉભા ઢાલોને લીધે તેઓને ચીનાંઓથી ખેડવામાં અટકાવ થાએછે, પણ હેવી નુકસાંનીનો બદલો તેઓની વચેની નીચાંન જ

મીનોથી પૂરતી રીતે મલી આવેછે. હ્રૂનનાનમાં ધાતુનો દરવ ઘણોછે; કાંકે તેમાં સોનાંની, રૂપાંની, કલાઇની, અને તરાંબાની ખાંનોછે. હેમાંની તરાંબાંની ખાંનમાંથી ધાતુ કાહાડવાને સરકાર મદત આપેછે, કાંકે એ ધાતુનાં ચીનાઇ પૈસા બનાવેછે •

હ્રૂનનાનનું સંસથાંન સારીપખે વસતી ભરેલું નથી, અને તેમાં મોહોટાં મોહોટાં જંગલો અને ઢોર ચારવાની જગાઓછે. તે ઘણાંજ મોહોટાં સંસથાનોમાંનું એક સંસથાનછે; તેની મોહોટાઇ ૧૦૭૯૬૯ ચોરસ મૈલછે, અને તેમાં માતર ૫૫૬૧૩૨૦ રેહેવાસીઓની વસતીછે, કે જે ચીઓઆંગાની વસતીનાં તરીજા ભાગ જેટલી જુલમેછે •

હ્રૂનનાંન સતર પરગણાંઓમાં વેંહેંચાએલુંછે. અને તે વગરોગ ચાર તૂકુમાં અને એટલાજ તૂચૂ અને સીહૂએનકુશી, એટલે મીઆઓતજી અને લોલો લોકોથી વસેલાં પરગણાંઓમાં વેંહેંચાએલુંછે •

એ જાતનાં લોકો બરમાહનાં લોકોની ગનેઆતનાં જેવાંજ માલમ પડેછે. તેઓ બુધનાં ધરમ ઉપર ઘણા વલગેલાં રેહેછે, અને કુવતમાં ચીનાં લોકો કરતાંને સરસછે, પણ શ્રુધ સહમાં ચીનાંઓથી ઘણાં ઉતરતાછે. તેઓ ઘોડાની સવારી કરવાનો ઘણો અભેઆસ રાખેછે, તેથી કરીને તેઓથી એકુ ટટુ પાલવાને બની આવેચતો, તેની ઉપર હમેશાં સવારી કરેછે, અને તેઓની ઓરતોબી ઘોડાની પીઠ ઉપર બેસીઆ વગર જુલમે બાહેર નીકલેછે. જોકે ઈ લોકો ઘણું આઇવું જેર થાએલાછે, તોપણ તેઓ ઉપર હજુર શ્રુધી તેઓનાં પોતાનાં રાજાઓનો અમલ પૂરતી રીતે ચાલેછે. તેઓ જે

પરાંતમાં રેહેછે, તેમાં ધાતુનો દરવ ઘણોછે, પણ અનાજ થો ડો પાકેછે ❀

એ સંસથાન એક વાઇસરાએની હુકુમત હેઠલછે, કે જેનો અમલ કવૈયૂનાં સંસથાનમાંથી ચાલેછે.ઇકુનનાન જે એ સંસથાનનું પાએતખત સેહેરછે, તે અંગાકૂ મીગાની ઓ લાદનાં શાહેંશાહનો એક વખનાએલા સરદાર નાંમે વૂસાન કવૈને રેહેવાની જગા હતી; એ સરદાર ઇકુનનાનના સં સથાન ઉપર રાજાની સંથલી સતાની કાંની અમલ ચલા વતો હતો ; પણ અસલના શાહેંશાહોની ઓલાદને પાછી તેનાં વડાવોનાં તખત ઉપર બેસાડવાના કસદમાં તે પોતા નો જાન અને મુલક ખોઇ બેઠો ❀

એ સંસથાનમાં થોડાંએકજ કાંઇ અગતનાં સેહેરોછે,અ ને બીજી જગાઓથી સારીપખે જાણીતી થાએલી નથી. રેહેવાસીઓ ઉતર તરફનાં ચીનાંઓથી સંથલી પાંતીએ ઉતરતાછે, અને ઘણું કરીને બરમાહનાં લોકો સરીખાછે ❀

ઇકુનનાનકુંમાં આબોહવા ઘણી સારીછે, પણ ઇકુનના નનાં બીજા ભાગોમાં હવા ઘણીજ ખરાબછે. તેની પડોસ ની જગા સારી રલીઆમણીછે, અને આસપાસનાં ખેત રો સારીપખે ખેડાંએલાંછે ❀

એ રાજનો ઘણોજ પશચમ તરફનો કુ તાલી નાંમે સીઉ રહ સરોવર પર વસેલોછે ; ઈ સરોવરમાંથી જે હોતી નાંમે ન દી નીકલીછે, તે તુનકીનમાં ચાલેલીછે, અને તુનકીનનું પા એતખત સેહેર તેનાં કાંઠાઓપર વસેલુંછે. એ પરગણાની આસપાસનો દેખાવ ઘણો સારોછે : અને પશચમ તરફથી તીહનશુન નાંમે પાહાડની એક ઉંચી ટોંક દેખાએછે,કે જે

માં સંગે મરમરનાં પથરની મોહોટી ખાંનોછે ❀

લીનગાનફુ, કુનક્ષીનનાં નાંકાંઓપર આવેલુંછે, અને તેમાં
હીંદોસતાનનાં જેવી ઓબોહવાછે, અને તે દેશનાં દખણ
તરફનાં મુલકો સરીખા ફલોબી થાએછે. કુનક્ષીનનાં નાંકાં
ઓ પર કીલલાઓ બાંધી રાખીઆછે, પણ તેઓમાંનાં ઘણાં
ખરા ભાગીતુટી પડેલાછે ❀

બરમાહનાં નાંકાંઓ પર કેટલીએક રૂપાની ખાંનોછે, કે
જે ઉપરથી સને ૧૭૬૭ માં એક ઘાતભરેલી લડાઈ ઉઠી ઉ
ભી થાઈ હતી ; તેમાં ચીનાઈ લશકર ઈકવાર તદન હારીગી
ઉં હતું, અને બીજીવાર ઘણાજ ગેરફાઈદા ભરેલી શરતે શુલેહ ક
રવી પડી હતી. ઈઉનનાન અને બરમાહની વચેનો વેપાર મોગ
માઓમાં ચાલેછે. ઈ બંધે મુલકો તરફથી અહીંઆં વરશોવરશ
કાફલાઓ પોતાનાં દેશોની પેદાસત લેઈ આવીને ઈક બીજા
ને વેચેછે. ચીનાં અને બરમાહ લોકોની વચેની બીજી વારની લડા
ઈમાં ચીનાંઈ સરદાર આકબે પોતાનાં સવારોને લેઈને કીન
શા નદી ઉપરથી ઈરાવાદી નદી પર જાઈ ઉતરીઓ હતો,
તે ઉપરથી આપણને ચોકસ માલમ પડેછેકે બરમાહથી ચી
ન તરફ જવાને પાંણીનો મારગ ભાગેલોછે. યુનહવાઈ સેહેર પો
તાની કસતુરી ઉપરથી ઘણું વખનાઈલુંછે; ઈ કસતુરીનાં હર
ણો તાંહાંનાં પાહાડો અને જંગલોમાં રેહેછે, અને જોકે તેઓને
ચાલુ પકડેછે, તોપણ હજુર શુધી તેઓની પેદાસત ઘણી થાઈ
છે. ઈઆઓગાન, એક ઘણાં જંગલી મુલકમાં આવેલુંછે.
તાંહાંનાં પાહડવાસી લોકો જોકે ચીનાંઓની વંશથી ઉપ
જેલાછે, તોપણ લગભગ જંગલી સરીખાછે. બીજા ભાગો
માં નદીઓ અને પાહાડોમાંથી સોનું મલેછે, અને તાંહાંનાં

રેહેવાશીઓ એ મુલદાર ધાતુને એકઠું કરવાનાં કાંમમાં લાગેલાછે; તોપણ કાંઇ તેનો મોહોટો જથો હાત લાગતો હોએ કેહેવું માલમ પડતું નથી *

હકુનનાનની હવા ઘણી અશુખાકારી ભરેલીછે, તેથીકરીને ચીનની સરકાર તાતાર લોકોને તથા ઉતર તરફનાં ચીનનાં મુલકનાં તકસીરવારોને એ સંસથાનમાં દેશનીકાલ કરેછે *

એ સંસથાનનું જમીનનું મેહેશુલ ૧૫૩૭૫૦ તેલ અને ૨૩૦૮૪૯ શીહ ચોખાનાં ઉપજેછે. હીઓતીહન માતર ૧૪ ક્રીગ અને ૯૦ મોવછે, તેની પેદાસત ૩૬ તેલ અને ૫૯૧ શીહ ચોખાછે; ગુનતીહન ૫૯૫૫ ક્રીગ અને ૩૭ મોવછે, તે સાથે ૪૪૯૭૪ તેલની પેદાસત ઉપજેછે, અને તે ઉપરથી માલમ પડેચ કે લશકર ચોકસકરીને વધારે રાખેલું હશે. મીઠાનું જગાત જુમલે ૨૬૧૯૪૩ તેલ થાએછે; માંડવીનું મેહેશૂલ ઘણું જુજવીછે *

કવૈચૂનાં સંસથાનનું વરણન*

કવૈચૂનું સંસથાન ૨૪ અંશ અને ૪૦ કલાથી તે ૨૯ અંશની ચોરણ સુધી તથા પીકીંગની પશચમ દશાથી ૭ અંશ અને ૧૭ કલાથી તે ૧૨ અંશ અને ૩૬ કલાની લંબાંન સુધી ફેલાએલુંછે. તેની ઉતર તરફની હદ ઉપર સજીચૂએનછે, દખણ તરફ કુવાંગસી અને હકુનનાનછે, પૂરવ તરફ હુનાનછે, અને પશચમ તરફ સજીચૂએનછે *

તે જંગાલી પાહાડો ભરેલો મુલકછે, અને તેમાં જંગા
લી જેવા લોકો વસેલાંછે, કે જેઓ હજુર શુધી ચીનાંઇ
સરદારોનો અમલ કબૂલ રાખતા નથી. એ સંસથાનમાં કે
ટલીએક મોહોટી નદીઓ ચાલેલીછે; તેઓમાં મુખીઅ ન
દીઓ—વૂશીઆંગ, ચાંગાકીહો, સીનહો, અને શવહોછે.
તેનાં દખણ તરફનાં ભાગો ઘણીજ થોડી વસતી ભરેલાછે,
અને તાંહાં મીઓતાઝી લોકોનું રેહઠાણછે ❀

કવેચુમાં ધાતુનો દરવ ઘણોછે, પણ બીજી પેદાસત કાંઇ
થાતી નથી. તે એક કુઇકૂએન અથવા લપટીનાંનટ ગાવર
નરની હુકુમત હેઠલછે; અને તેર પરગાણાંઓમાં વેહેંચાએલું
છે. અને એ ઊપરાંત તેમાં ૬૫ તૂસજી, અથવા અસલનાં લો
કોથી વસેલાં પરગાણાંઓછે ❀

એ સંસથાનમાં કાંઇ અગાતનાં સેહેરો નથી, પણ ઘણાં
એક કીલલાઓ ચીનાં લોકોથી વસેલા મુલકનો મીઆઓ
તઝી લોકોથી સંભાલ કરવાને સારૂં બાંધેલાંછે; એ લોકો
ભીલોની કાંની પાહાડો ઊપરથી ઘણીવાર મેદાંનોમાં અચ
બૂચા ઊતરી આવીને ખેડુત લોકોને લૂટી જાએછે. એ સં
સથાનનું જમીનનું મેહેસુલ જુમલે ૧૦૧૫૬ તેલ અને ૧૪૫૩૯
શીહ ચોખાનાં ઊપજેછે, કે જે તેનાં ખરચનાં પાંચમાં હીસા
જેટલુંબી નથી. તેનું હીઓતીઇન ૪૪ કીગ અને ૯ મોવ
છે, તે સાથે ૨૪૬ તેલ અને ૪૯૭ શીહ ચોખાની પેદાસત
થાએછે. તેમાં તુનતીઇન નથી, અને મીઠાંનું જગાત બી
જા સંસથાનો ઊપરનાં જગાતમાં દાખલ કીધેલુંછે. તેથી ક
રીને એ પરાંત ચીનની સરકારને માંથે ઘણો ભારી પડેછે.
અને જો મીઆઓતસઝી લોકો એ આખું સંસથાન પો

માને તાબુકે ફરી મુઝીઆ ઉપર નહીં હાત નાંખતા હોએ, અને કુનાન, સજીયૂએન, અને હુનનાન એ સંસથાનો ની શ્રુબેહમાં હરકત કરતા નહીં હોએતો, ચીનની સરકા ર તેને પોતાને હસતકથી ચોકસ કરીને કાહાડી નાંખતે.

સંજીયૂએનનાં સંસથાનનું વરણન.

એ સંસથાન જે ચીનનાં સંઘલાં સંસથાનો કરતાંને ઘ ણુંજ મોહોટુંછે, અને સંરવેથી વધારે પશચમ તરફ આવેલું છે, તે ૨૫ અંશ અને ૫૭ કલાથી તે ૩૩ અંશની ચોરણ શ્રુધી તથા ચીંઝીંગ પશચમ દશાથી ૬ અંશ અને ૫૦ કલા થી તે ૧૫ અંશ અને ૪૩ કલાની લંબાંન શ્રુધી ફેલાએલું છે. તેની ઉતર તરફની હદ ઉપર શેનસીછે; દખણ તરફ હુનનાન અને કવેચૂછે; પશચમ તરફ કોકોનોર તાતાર લો કોનો પરાંત અને તુપાંન લોકોનો દેશછે; અને પુરવ તરફ કુનાન અને કુપીહછે. તેની ૧૬૬૯૦૦ ચોરસ મેલ જમીન ઉપર ૨૧૪૩૫૬૭૫ માંણસો રેહેછે; તેઆરે ચીઝીઆંગ જે તેની મોહોટાઇનાં માતર ચોથા હીસા જેટલુંછે, તેની વસ તી કરતાંને અહીંઆં ઓછાં લોકો વસેછે.

એ સંસથાનની જમીન તરાહ તરાહનીછે; કાંહે મેદાં નો અને પાહાડો, લીલાં ખેતરો અને મોહોટાં મોહોટાં રાંનો એક પછી એક જોઆમાં આવેછે: અહીંઆં ઝીઆંગાશૂનાં સરખાં મેદાંનોની ઉપજ, અને કવેચૂનાં જંગલી સરીખા મુ લકની ધાતુઓ મલેછે.

એ આખા સંસથાનમાં કીનશાકીઆંગ એ નાંમથી ઇ આંગાતજીકીઆંગ નદી ચાલેલીછે. એને તેને કોફોનોર અને એ સંસથાનની વચેથી જતા ઇઆલોંગ ફરીને ફેહેછે. આએ મુલકની નદીઓ જે ઘણીછે, તે સંઘલી ૬ મોહોટી નદીમાં વેહેછે. એ પરમાંણે એ સંસથાન સારીપખે તર થાએલુંછે, અને પાંણીનાં મારગાથી સંઘેસો ચાલવાને ઘણું સવલ પડેછે. તેમાં રેવંદચીની અને બીજી જડીબૂટીઓ ઘણી થાએછે; નીમક ઘણાં ઉંડા ખાડાઓ ખણીને તેમાં જે ખાર એકઠો થાએછે, તેને કાહાડીને કૂકાલી કાહાડીઆથી મલેછે. તોપણ એ પરમાંણે કરતાં ઘણો ખરચ લાગેછે, તેથી કરીને એ મોહોટા ખપની વસતુ ઘણી મોહોંગી પડેછે ❁

સજીયૂએન એક વાઇસરાએની હુકુમત હેઠલછે, કે જેનાં હાતમાં મોહોટો અખતીઆર આપલોછે; પણ એક કુઇકૂએન અથવા લફટીનાંનટ ગાવરનર તેનાં ઓહોદામાં શાંમેલ કીધેલોછે, તેથી કરીને તેની મોહોટી સતામાં કેટલો એક અટકાવ થાએછે. એ સંસથાન એકવીસ પરગાણાંઓમાં વેહેચાએલુંછે; તે વતરોગો સતર તૂસજી, અથવા મીઆઓતસજી લોકોની હુકુમત હેઠલનાં પરગાણાંઓછે ❁

ચીગાતૂ જે એ સંસથાનની હુકુમતનું મુખીઅ શેહેરછે, તે અગાઊ એક સવતંતર મુલકનું પાએતખત હતું, અને હજુરબી એક મોહોટું સેહેરછે, તો જોકે તાતાર લોકોએ જેઆરે ચીનનું તખત પોતાને હાત કરી લીધું, તેઆરે એ સંસથાનમાં જે ઘણીવાર બલવા ઉઠી ઉભા થાઆ હતા, તેથી કરીને તે ઘણુંએક ખરાબ થ્રાઇ ગીઊ હતું. તેમાં નાલાંઓ જે ઇઆંગાતજીકીઆંગ નદી સાથે જોડાએછે, તેથી

ફરીને પાંણીને મારગેથી વેહેવાર ચાલેછે. એ નદી *અંકી આં ઘણી ધીમી વેહેછે, પણ કુપીહમાં જાઇને કીનશાકી આંગ અને બીજી કેટલીએક નદીઓ સાથે મલીઆ પછી, તે ઘણી જોરથી ચાલેછે, અને તેમાં ઘણાંએક ખરા બાને લીધે બારકસો ખેડાવાનેબી નુકશાંની ભરેલું થાઇ પડેછે. ચુંગંકીગનું સેહેર, જાંહાં બે નદીઓ એકઠી થાએ છે, તાંહાં ઉભેલુંછે; એ નદીઓ એકઠી થાઇને ચાલીઆ પછી ઇઆંગતજીકીઆંગ કરીને કેહેવાએછે. તેને એક પાહાડનાં ઢાલ ઉપર બાંધેલુંછે, તેથી કરીને ઘેરો એક બીજાંથી ચહડતાં ઉતરતાં આવેલાંછે, અને મોહોલાઓ ઉંચા નીચાછે. તેનો વેપાર ઘણો મોહોટો ચાલેછે. બુંગગાનફ એક કીલબોછે, જેફ તરફની સરહદનો તાતાર લોકોનાં હુમલાથી બચાવ કરવાને સારૂ બાંધેલોછે. લીઉચ, કીનશા નદી ઉપર એક વેપારની જગોછે. સુંગચૂએનફુમાંનાં અને તેની પડોસનાં બીજા બે પરગણાઓમાંનાં સંઘલા રેહેવાશીઓ કવેચૂમાંનાં મીઆઓતસજી લોકોને હુમલો કરીઆવતા અટકાવવાને સારૂં ઘણુંએક બાઇઊ સીપાહીનાં કામમાં રેહેલાછે. કવેચૂનું સેહેર જે કુપીહનાં નાંકા પરછે, તેનો મોહોટો વેપાર ચાલેછે. કીઆંતીગચૂ, પોતાની સોભતી જગા અને ઉપજ ભરેલી જમીન ઉપરથી કેહેઆજોગછે. આમદ રફતનાં માલની જગાત સંઘલી એ નાંકાંપરનાં ગામમાં એકઠી કરેછે. ચાંગચૂએન, એક ઘણાં ઉપજ ભરેલાં પરગણામાં વસેલુંછે. ઇઆચૂ, તુકાન લોકોનાં દેશની હદ ઉપર એક બીજું ગાંમ આવેલુંછે. ઘણાંએક કીલબાઓ પશચમ તરફનાં નાંકાઓ આગળથી બાંધેલાછે, અને ઘણાં ખ

રા ધાટો અથવા પાહાડોનાં મારગોપર ફોટો બાંધી લીધા છે *

હેવાં મોહોટાં સંસથાનનું જમીનનું મેહેશૂલ જે ૬૫૯૦૭૫ તેલ અને ૧૪૩૨૯ શીહ ચોખાનાંછે, તે જેઆરે આપણે એ પરાંતની મોહોટાઈ અને વસતીમાં શુમાર ઉપર ધેઆંન પોહોચાડીએતો ઘણું જુજવી માલંમ પડેછે. કુનતીઈન ૧૩૪ કીગ અને ૯૨ મોવછે, તેની ઉપજ ૧૦૦ તેલ થાએછે, અને ફીઓતીઈન ૨૩ કીગ અને ૧૬ મોવછે. મીઠાંનું જગાત જુમલે ૯૯૫૩૬ તેલ થાએછે; અને માલ ઉપરની જગાત ૧૯૨૭૨૨ તેલ આવેછે.

એ સંસથાન પોતાની મેરે એક મુલક થાએ હેવું મોહો ટુંછે, તોપણ તેને ચીનનાં સંસથાનોમાં હજુર શુધી કાંઇ મોહોટાઈ મલી હોએ હેવું લાગતું નથી, અને હમણાંબી માતર તેમાં જે વારેઘડીએ બલવો ફીસાદ ઉઠીઆથી એ દેશની શુલેહનો બીગાડ થાએછે, તે ઉપરથી પરસીધ થા એલુંછે.

બાબ પાંચમો.

માનચૂરીઆ—કોરીઆ—જાપાન, એ દેશોનું વરણન.

એ માનચૂરીઆનો મોહોટો દેશ ૨૯ અને ૫૫ અંશની ચોરણની વચેછે, અને પીકીંગની મધીઆન રેખાથી ૩૦ અંશ અને ૨૦ કલા શુધી પૂરવ તરફ આવેલુંછે. ઉતર તરફથી તેની હદ સીબીરીઆછે, કે જેથી તે દાઔરીઆન પાહાડોથી જુદું પડેછે. તેની અને મોંગોલીઆની વચે લાકડાનાં કટેરાની દેવાલ ભરી લીધેલીછે, કે જે હમણાં લગાલગ સંધલી ભાગી પડે હેવી થાઇ રેહેલીછે: એ દેવાલ મોહોટી દેવાલ આગલથી નીકલીને લીઆઔતુંગની ઇસાણ કોણ તરફની હદે ચાલેલીછે; તાંહાંથી એ તરફની હદ સોંગારી અને બીજી નદીઓ આગલથી ચાલીને માંહિલા હીનગાન (અથવા દાઔરીઆન) પાહાડો તથા કોબી અને કાલકા લોકોનાં પરાંત શુધી ગએલીછે. તેની પૂરવ તરફની હદ ઉપર તાતારીની ખાડી અને જાપાનનો સમુદરછે; અને દખણ દશાપર પીલો સમુદર અને કોરીઆનો ઉપદવીપ આવેલોછે. તેની વધુ ઓછી મોહોટાઇ મલીને ઉતરથી તે દખણ શુધી શુમારે ૧૨ અંશ અને પૂરવથી તે પશચમ શુધી શુમારે ૧૫ અંશછે.

આપણને એ દેશનું વરણન ફરીઆની અગાઊ જાણવું જો ઇએચ, કે તેનો ઘણોજ દખણ તરફનો ભાગ—શીંગાંકીંગ જે ને અગાઊ મૌકદેન અથવા લીઆઔતુંગ કરીને કેહેતા હતા, તે ઊતર તરફનાં બે સંસથાનો કરતાંને ઘણો જુદી તરેહનોછે, કાંકે તે ચીનાંઇ દેશની પાસે આઆને લીધે ચીનાં લોકોની સુધરાઇ અને મેહેનતથી ઘણો સમરી ગીઓછે.

માનચૂરીઆની મોહોટી નદીઓ—આમૂર અથવા સીગાલીએન, સોંગારી, નૌન અથવા નોનની, અને ઓસૌરીછે. સીગાલીએન એ નદી મોંગોલીઆમાંથી નીકલેછે, અને તાંહાં તેને ઓનોન કરી કેહેછે; તે મોંગોલીઆ અને સીબીરીઆનાં નરચીંકસનાં સંસથાનની વચે તેઓની હદ થાઇને, માંહેલી અને બાહેરની દાઓરીઆન પાહાડોની હારોની વચેથી હીલુંગાકીઆંગ અથવા ચીચીહારના સંસથાનમાં ચાલીઆ પછી, અગાની કોણાંએ કીરીન તરફ ફરેછે, અને તાહાંથી ઇસાંણ કોણ તરફ ફાટીને એ દેશ અને સીગાલીએનનાં ટાપૂની વચે જે ખાડીછે, તેમાં જાએછે. સોંગારી નદી, કોરીઆનાં ઊતર તરફનાં નાંકાં આગલથી કેટલેએક દૂર ચાંગાપીહશાન (એટલે લાંબા સફેદ પાહાડો) છે, તેમાંથી નીકલેછે; અને ઇસાણ કોણાથી પૂરવ તરફ ચાલીઆ પછી, ૪૭ અંશ અને ૫૦ કલાની ચોરણમાં તથા ૧૬ અંશ અને ૧૦ કલાની લંબાનમાં સીગાલીએન ઊલા નાંમે નદી સાથે એકઠી થાએ છે; એ એકઠી થાએલી નેહેરને ચીનાં લોકો કુવાંગટંગ, તાતાર લોકો સીગાલીએન, અને રૂશીઆન લોકો આમૂર નદી કરીને કેહેછે. નોનની નદી માંહેલા દાઓરીઆન પાહાડોથી જે એક મોહોટી સરખી જેમીન થાએલીછે, તે

માંથી ઉપજીને સોંગારી નદીમાં જાએછે. ઓસોરી નદી દખણ દશામાં સોલ્કીતીક પાહાડોમાંથી નીકલેછે, અને હીનકાઇ સરોવરમાં થાઈને દખણ દશાએ ચાલીને અમૂર નદીને જાહાં ફુવાંગટંગ અથવા સોંગારી નદી આવી મલેછે, તેની શુમારે ૧૮૦ મૈલ ઉપરથી તેમાં જાએછે. બીજી નદીઓ—હોનચુન, કારશા, અને તુમેનઊલાછે, કે જેઓ હરેક નદીઓ સાથે મલીઆ વગરે જાપાનનાં સમુદરમાં જાએછે. લાઓહો નદી કારચીનથી આવીને પીચીલીનાં ઉપસાગરમાં વેહેછે ❀

માનચૂરીઆમાં મુખીઅ સરોવરો આએછે,—હીનકા અથવા હીનકાઇ, ઓરીનમાંછે; કુરૂન અને પીર, ચીચીહારમાંછે, અને બીજા કેટલાએક નાહાનાં સરોવરોછે ❀

પાહાડોની એક હાર જેને સોલ્કીતીક કરીને કેહેછે, તે સમુદરનાં કોસતા આગલ ચાલેલીછે. અને તે જુંનાં જંગલોથી ભરેલીછે, અને તેનાં ઉપર ઓઆકુર અને ફીઇઆક લોકો વસેલાછે. ઇસતેનોવાએ પાહાડોની હારની આડીઅતાડી નીકલેલી દગાલોથી દાઓરીઆન પાહાડો થાઈલાછે. ઈ પાહાડો જે ઉતર તરફનાં નાકાની હદ થાઈછે, તેઓની કેટલીએક દગાલો નીકલીને ચીચીહાર (હીહુંગાઓઆંગ) તરફથી ફેલાએલીછે, અને તેઓને ચીનાં લોકો હીનઆનલીંગ કરીને કેહેછે; તેઓ ઘણાં ઉંચાછે, અને સદાનાં બરફથી ઢંકાએલા રેહેછે. શેનસી આગલથી પાહાડોની એક બીજી દગાલ મોંગોલીઆમાંથી માનચૂરીઆમાં ફેલાએલીછે, કે જાંહાં તેઓથી એક ઉંચી સરખી જમીન થાએલીછે, જે નોનની અને બીજી નદીઓનાં પાંણીથી તર થાએ

છે. લીઆઓતુંગ અને કોરીઆની વચે પાહાડોની મોહો
ટી હારો આવેલીછે, પણ તેઓ હમણાં કહેલી હારોનાં જેટલી
મોહોટી નથી. તેઓમાં ઘણીજ વખણાએલી ચાંગપીહશાન,
અથવા કોલમીનશાન ગુઇનઆલીનછે, કે જેને હમણાની
રાજ કરતી ઓલાદનાં શાહંશાહો પવીતર કરી લેખેછે ✿

સીંગકીંગ, અથવા લીઆઓતુંગનાં સંસથાનનું વરણન.

માનચૂરીઆનો એ ભાગ હમણાંનાં શાહંશાહની ઓલા
દનાં વડાવાનો અસલી મુલકછે, તેથી કરીને તેને મુબા
રક અથવા પવીતર કરી લેખેછે, અને તાંહાંનાં રેહેવાશી
ઓ ઉપર શાહંશાહ પોતાની અહશાનમંદી બતાવાને સા
રૂ મોહોટી મેહેરબાંનીથી નવાજેશ કરેછે. જેઆરે ચીનનો દેશ
માનચૂ લોકોથી અંતે જેર થાઇ ગીઓ, તેઆરે તાતાર લો
કો પોતાનો મુલક છોડીને પોતાની ફતેનું ફલ હાંસેલ કર
વાને સારૂ ચીનમાં આવી રેહેઆ; તેથી કરીને સીંગકીંગ
નાં સેહેરો ખરાબ અથવા ઉજાડ થાઇ ગીઆં હતા, અને તે
મુલક લગભગ સંઘલો વસતી વીનાં વેરાંન થાઇ પડીઓ હ
તો. એ ખરાબીથી પાછો મુલક આબાદ કરવા થકી કાંગ
હી શાહંશાહ લોકોને તાંહાં જાઇ રેહેવાને સારૂ તેઓને
આસરો આપતો હતો, પણ તેની પછીનાં શાહંશાહોએ તે
ઉપર પોતાનું સારીપખે ધેઆંન પોહોંચાડીઊં નહી. તોબીલી

આઓતુંગનાં ઊપજ ભરેલાં મેદાંનો જોઈને જલદીથી તાંણું શાંનટંગનાં મેહેનતી લોકો આવવા લાગા; અને માનચૂ લોકો પોતાની ભટકટા કરવાની ચાલથી કંટાલી ગીઆને લીધે પાછા પોતાનાં અસલી રેહેઠાંણમાં આવી રેહેઆ; તેથી ફરીને બોંહોતેર વરશનાં અરસામાં એ મુલક પાછો તાજો થાતો ગીઓ, અને અગાઊનાં કરતાંને હમણાં ઘણી સારી હાલતમાં આઓછે. એ ઊપરથી કીઈનલુંગ શાહંશાહ પોતાનાં બાપદાદાનાં મુલક વીશે હરખમાં આવીને આએ રીતે વડાઈ ભરેલું વરણન કરી ગીઓછે, કે—"૧૦૦૦૦ લી (અથવા ચીનાઈ મૈલ) નાં અરસામાં આપણને ડુંગરો અને નીચાંન જગાઓ, સુકી જમીનો અને સારીપખે તર થાએલાં ચરાંતો, મોહોટી મોહોટી નદીઓ, ભારી રોહો, સોતેતી પેચદાર નેહેરો, ખુશંનુમાં ખેતરો, અને શૂરજની રજાલ દાખેલ નહી થાઈ સકે હેવાં જંગલો એક પછી એક જોઆમાં આવેછે. લોહોડાંનો પાહાડ અને જીનતદાર પાહાડ ઘણેએક દુરથી દીસેછે. હેમાંનાં બીજા પાહાડ ઊપર એક સરોવરછે, કે જેનાં પાંણી વધતાં ઓસરતાં નથી. સનોબર, સરવ, બાબૂલ, બેદ, આલૂ, પીચ, અને સહતૂતનાં ઝાડો ઘણાં થાએછે; ઘઊં પૂશકલ પાકેછે; અને જીનસેંગ સંઘલા પાહાડો ઊપર ઊગેછે, અને તેથી મનુશાની કાઆ અમર થાવાને લાએક હોએચ તો તે બનેછે." *

પણ એ દેશની સંઘલી શુધરાઈ ચીનાં લોકોની ચાલૂ મેહેનતની કોશેશથી થાઈછે. અને તેમાં માનચૂ લોકો જેઓ આલશૂ, મગરૂર, અને દલદરી સરીખાછે, તેઓનાં કરતાંને ચીનાંઓ ઘણાં થાઈ ગીઆછે. શાહંશાહની ચોપ

ડીમાં વસતીનો હીસાબ ૯૪૨૦૦૩ રેહેવાશીઓનો લખી-
ઓછે; પણ તે ઘણો ઓછો હોએ હેવું માલમ પડેછે, કાંકે
શાંનટંગાથી ગરીબ લોકો અહીઆં ઘણાં નીકલી આવેછે,
તેથી કરીને વસતીમાં હમણાં ઘણો વધારો થાઓછે. માન
ચૂ અને ચીનાં લોકો એ બંધેની બોલીઓ અદાલતનાં કાં
મોમાં આવેછે, અને માનચૂ લોકોની બોલી ચીનની દર
બારમાં હજુર શુધી ચાલેછે, અને સંઘલા અગતનાં દસતા
વેજો એ બંધે ભાશામાં લખાએછે ૦

લીઆઓતુંગ જેને કુવાંગટંગ કરીનેબી કેહેછે, તેની આ
બોહવા ઘણી ઠંડીછે: ઉંનાલાની મોસમ ગરમ અને ટુંકી
છે, અને તાહડ ઘણી દરાંમની પડેછે. ઠંડીની રુત અકટોબર મ
હીનાંમાં બેસેછે; તેઆરે સંઘલી નદીનાં પાંણી બંધાઇ જા
એછે, અને આખો દેશ બરફનાં તખતા સરીખો બનેછે,
અને તે હેવીજ હાલતમાં મારચ મહીનાં શુધી રેહેછે. ગર
મી અને ઠંડી હેવીતો એકાએક બદલાઇ જાએછે, કે જાં
ણે સંઘલી ચીજોએ નવો આકાર લીધો હોએ હેવું લાગે
છે. થોડાએક વખતમાં થરમોમીટર અથવા હવાની ગરમી
સરદી માપવાનાં ઇઅંતરમાંનો પારો ૪૦ અંશથી દશ અં
શ શુધી ઉતરી જાએછે, અને પતઝડીનાં દાહડાનો સારો
બપોરી વખત બદલાઆ પછી ઘણીવાર દરાંમની તાહડ
ની રાત પડેછે. તોપણ હેવી આબોહવા છતાંબી તેમાં દરા
ખ, પસતાં, અખરોટ, અને હેવાં બીજાં ફલો સારીપખે થા
એછે, અને ઘઊં, વટેણાં અને રેવંદચીની એ પૂસકલ ઉપ
જેછે, કે જે દેશાવરો ખાતે મોકલવાની મુખીઅ જીનસોછે.

એ પરાંત તુંગાતીઅન અને કીનચૂ એ બે કુ, અથવા પ

રગાણાંમાં વેહેંચાએલોછે; હેમાંનાં પેહેલા કુમાં દખણ તરફ નાં લાગોછે, અને બીજામાં ચીનની પાસે આવેલા પશ્ચમ તરફનાં લાગોછે

તુંગતીહનફુમાં રીંગાંઝીંગા અથવા મૌકદેન નાંમે પાએતખત સેહેરછે, કે જે ૪૧ અંશ અને ૫૬ કલાની ચોરણમાં તથા પીંઝીંગાની પૂરવ દશાથી ૭ અંશ અને ૧૧ કલાની લંબાંનમાં એક ઉંચી જગાએ બાંધેલુંછે. ચીનનાં શાહંશાહોએ મૌકદેનને મોહોટું અને સોભીતું સેહેર કરવા બ્રી ઘણી મેહેનત લીધીછે; તોજોકે તેથી મતલબ મુજબ પાર ઉતરીઉં નથી. કાંકે અંદરનાં સેહેરમાંની કેટલીએક ઇમારતો ચીનાં લોકોની ઘણીજ સારી તરાંહથી બાંધેલીછે, તેઆરે બાહેર માતર જુંપડાં સરીખાં ઘેરોછે. સેહેરનાં દરવાજાઓ આગલ બે પેહેલા માનચૂ શાહંશાહોની ગોરોછે, કે જેની આસેપાસે કોટ બાંધી લીધોછે. મોહોટી પાએરીનાં માનચૂ માંનદરીનોને એ પવીતર જગાની નીગાહબાંની કરવાને સારું રાખેલાછે; અને ચીનથી શાહંશાહ ઠરાવેલા વખત ઉપર અહીંઆં પોતાનાં બુજુરગાવારોનાં રવાંનની નમશકાર બજાવાને સારું આવેછે. એ સેહેરમાં ઘણાંએક ચીનાંઇ વેપારીઓ આવી રહેઆછે, અને તેઓની ખાંપનથી રેહેવાશીઓનો ઉદીઓગ ચાલેછે ✻

કાઇચૂ, જે ૪૦ અંશ અને ૩૦ કલાની ચોરણમાં તથા પીંઝીંગાની પૂરવ દશાથી ૬ અંશાની લંબાંનમાં પાએતખતનાં સેહેરની પડોસમાં આવેલુંછે, તે ઘણી મોહોટી વેપારની જગાછે, કાંકે એ મુલકની સારી સારી ઉપજો અહીંઆં એકઠી થાઆ પછી, દેશાવરો ખાતે પેકીહન, કુવંગા

રંગ, અને કીઆંગાનાનના જુંકો લેઇ જાએછે. વેપારની મોસમમાં રસતાઓ પર માલથી ભરેલાં જતાં આવતાં ગાડાં અને મજુરોથી મોહોટી ધુમ મચી રેહેછે. તેની આસપાસે ઊંચી દેવાલ બાંધેલીછે; ઘેરો ઘણાં નીચાંછે, અને રસતાઓ ફરસબંદી કીધેલા નથી, માટે વરશાદનાં દાહાડામાં જવા આવવાને ઘણું બીકટ પડેછે. તે સમુદરથી આ ૬ મૈલ દુરછે, તેથી કરીને માલ શંગીગાહાઇ નાંમે કાંઠા આગલ એક નાહાંની જગાછે, તાંહાં લેઇ જાવો પડેછે. કાઇચૂ તરફ જવાને જે નદી લાગેલીછે, તેમાં હમણાં એટલાંતો પાંણી ઓસરી ગીએલાંછે, કે કેટલીએક જગાએ તેમાંથી પગે ચાલીને જવાએછે; અને બારૂં હેવુંતો રેતીથી ભરાઇ ગીઊંછે, કે ઓટની વખતે જુંકો રેતી પર લાગી જાઇછે. સમુદરમાં કેટલાએક મોહોટા મોહોટા રેતીનાં ખરાબાઓ ચાલેલાછે; તેથી કરીને બારકસો ખેડવાને નુકસાંની ભરેલુંછે, અને જે બારકસો તાંહાં વેપારને સારૂ આવેછે, તેઓને કાંઠાથી પાંચ અથવા ૭ મૈલ દુર જાંહાં ઊંડાં પાંણી હોએચ તાંહાંથી જવું પડેછે.

કીનચૂ, ૪૦ અંશ અને ૧૦ કલાની ચોરણમાં તથા પીકીંગની પૂરવ દશાથી ૪ અંશ અને ૫૫ કલાની લબાંનમાં એક બીજું મોહોટું બંદરછે. એ જગાનાં બારાંમાં વાહાંણોને તોફાનથી બચાવાને સવલ પડે હેવુંછે, તોપણ તેબી ઘણું છાલકુંછે, કાંકે વરશોવરશ સમુદરના પાંણી હટતાં જાએછે. એ બંદરેથી વસાંણાં, વટેણાં, અને ઘઊંનો આટો એ બાહેરનાં ગાંમો ખાતે જાએછે, અને વેપાર હેવીતો તેજીથી ચાલેછે, કે એક હજારથી વધારે જુંકો માલથી ભરાએછે.

ફુંગહ્વાંગચીંગ એ કોરીઆ અને માનચૂરીઆની વચે લગાલગ એખલું એકજ મોહોટું બંદરછે. કોરીઆનાં લોકોને અંહીઆં વેપારને સાહું આવવા દીએછે, અને તેઓ પોતાનાં મુલકમાં બનાવેલાં કાગળો અને કાચી ઉપજને બદલે ચીનાંઇ કારીગરીની જીનસો લેઇ જાએછે. પણ તેઓનાં માલ ઉપરથી ભારી જગાત લીએછે, અને વેપારને અડચણ થાએ હેવી ગોઠવણ ચાલૂ કીધેલીછે, તેથી કરીને મોહોલો વેપાર ચાલી સકતો નથી. એ જગોએ ચીનાં વેપારીઓબી આવી લાગેલાછે, અને તેઓએ વેપાર સંધલો પોતાનાં હાત હેઠલ કરી લીધોછે ❀

એ બંધે દેશો વચેની જાતી હદ યાલુહકીઆંગ નાંમે એક નાહાંની નદીછે; તે નદીની પાર ચીનાં અથવા માનચૂ લોકોને જવાનો હોકમ નથી, અને કોરીઆનાં લોકોનેબી ઠરાવેલા વખત ઉપર વેપારને સાહું મેલો ભરાએછે, તેઆરે, અથવા જેઆરે તેઓ પીકીંગમાં ચોઠ લઇ જાએછે, તેઆરે માતર જવા દીએછે. એ પરમાંણેની આડી રીત એક બીજાં મુલકનાં લોકો સાથે વેહેવાર ચલાવાને સાહું ઠરાવેલીછે. તોપણ માનચૂ લોકો કરતાંને કોરીઆનાં અમલ ચલાવનાર ઉપર વધારે દોશ રેહેછે, કાંકે તેણે પોતાની પરજાનાં લોકોને પોતાનાં હોકંમ વગરે પરથવી ઉપરની હરેક ગનેઆત સાથે વેહેવાર ચલાવા થકી મરણની સીખશા ઠરાવીને મનાં કીધેલીછે ❀

કોરીઆનો મુલુક જે બીજાં લોકોને ઘણે થોડો જાણીતો થાએલોછે, તેનો પાદશાહ ચીનનાં શાહંશાહને ચોઠ આપેછે, અને તે સાવરગી રાજને તાલુકે ગણાંએછે, તોજોકે તે

ને ચીનાં લોકો પૂરો પોતાનાં તાબા હેઠલ લાવી સકીઆ નથી. પણ તે માનચૂરીઆની બોરડુપર આઆથી તાંહાંનાં ભટકતા ધરનારા જાલમ લોકોને તેનાં ઉપર હુમલો કરી આ વવાને સવલ પડેછે, તેથી કરીને તેનો પાદશાહ પોતે અ ને પોતાનાં મુલકને ચીનનાં શાહંશાહને તાબુકે રેહેવાને પ સંદ કરેછે ✽

એ દેશમાં પાહાડોની મોહોટી હાર ચાલેલીછે, અને તેનાં કોસતા પર ઘણાંએક ટાપૂઓ આવેલાંછે. તેમાં ઘણીખરી જગાઓ ઉપજ ભરેલીછે, પણ તે થોડોજ ખેડાએલોછે. તે હ મણાં આઠ સંસથાનોમાં વેહેંચાએલોછે, અને તેમાં ઘણાંએક સેહેરો અને ગાંમડાંઓછે. તાંહાંનાં રેહેવાશીઓની શીકલ ચીનાં અને તાતાર એ બંધે લોકોનાં જેવીછે: તેઓ વચ ગા લેનાં, બરોબર દલનાં, સારા ઘટમનાં, અને ગાંભીર ચેહે રાના દીસેછે; પણ તેઓ હીચકારા, નટખટ, અને સચાઈ વગરનાંછે, તે સાથે તેઓ છાકટપણું અને બીજાં નઠારાં વ એસન ઉપર લાગેલાછે. તેઓ અસલનાં ચીનાંઓની પઠે મોહો ટો અને લાંબી બાહોંએનો એક જબો, મોહોટી કોરની ટો પી, અને નહાંનાં અને રંગેલા જોડા પેહેરેછે. આએ અજા ઈબ સરીખુંછે કે તેઓની ઓરતો ઘણી બેડોલછે, અને મરદો ઘણી સારી છબનાં હોયછે. તે લોકોમાં ઈકથી વધારે બાએડી કરવાની ચાલછે; અને તેઓ બાએડીઓને ઓજો ઉંચક નારાં હેવાનની પઠે ગણેછે, અને જુજવી બાંહાંના ઉપરથી તલાક આપેછે. તેઓનાં ઘેરો તંબુરનાં જેવાં આકારનાં મટોડાં અથવા છટથી બાંધેલાંછે, અને તાહાડનાં દાહાડામાં ઓરદા ઓમાં ઉંધ રાખવાને સારૂં ઘેરની નીચે આતસ રાખવાની જગા

ઝીધેલી હોઈછે. અને તેઓ ઘેરોને શેહેરની હાર પાસેપાસે બાંધેછે, અને આસેપાસેથી વાર ભરી લીએછે. સેહેરોને ફરતી દેવાલો ચીનાં લોકોનાં જેવી બાંધેલી હોઈછે; અને વલી માંનચૂરીઆનાં નાકાં આગાલથી કેક દેવાલ અથવા કોત બાંધી લીધેલોછે ❀

દુનીઆની સંઘલી ગનેઆતોમાં કોરીઆનાં લોકો પરદેશીઓ સાથે વેહેવાર રાખવાને કદાચ ઘણીજ નારાજી દેખાડેછે; પણ એ પરમાણેનું સુખીઅ કરીને તેઓની રાજદરબારી હુકુમત ઊપરથીછે, કેંકે તે ચીનાં લોકોની કાંની આપ અખતીઆરી રીતે બાંધેલીછે, પણ પરજાનાં લોકો ઊપર ચીનાંઓનાં કરતાંને ઘણી સખતછે ❀

કોરીઆની જુબાન જાપાનનાં લોકોની બોલીને ઘણીજ મલતી આવેછે. લોકોનાં સંઘલા દસતાવેજો ચીનાંઈ ભાશામાં લખાએછે. અને ચીનાંઈ ભાશા સારીપખે સીખીઆ વગરે હરેક કોઈ ઊમેદવારને મોહોટી જગોની ચાકરી મલતી નથી. કંનફ્યૂશીઅસનાં ગરંથોને જેવું કોરીઆમાં મોહોટું માંન મલેછે, તેવું બીજે કેઠે મલતું નહીં હશે. તાંહાંનાં લોકો ચીનાંઈ વીદીઆનાં પૂસતકોથી વાકેફ થાએલા નથી, અને તે વીશે તેઓ થોડીજ માહેતકારી રાખેછે. પણ એ દેશમાંબી બુધનો ધરમ ચાલેલોછે, તોપણ તાંહાંનાં લોકો વીશે કેહેછે; કે તેઓ ધરમનાં મત ઊપર થોડોજ ખેઆલ રાખેછે. મુવેલાને આદરમાન આપવાને થકી, તેઓ મુરદાંને પેટીમાં મુકીને તેને કેટલુંએક શુધી જમીન ઊપર રાખેછે ❀

કોરીઆના મુલકથી તેનાં ઘણાંએક બાંરાંઓને લીધે ગામે, એટલો મોહોટો વેપાર ચલાવાને ઘણું સવલ પડે હેવુંછે,

તોપણ તેનો વેપાર ફુંગહ્વાંગાંચીગ અને જાપાનનાં નાંકાં પરનાં એક ટાપૂમાં માતર રોકી રાખેલોછે. કોરીઆમાં જે કા ગળ બનેછે, તે બગાબગ એખલી એકજ જીનસ દેશાવરો ખાતે જાએછે. રૂપાનાં બાઠા અને ચીનાંઇ લીનાં જેવો ધાતુ નો સકકો તાંહાંનું ચલનછે. તાંહાંનાં માંનદરીનો પોતાની તોપીમાં એક મોરનું પીછ ખોસેછે, અને તેઓનો ઓહોદો બાંબૂનાં કટકા ઉપર લખેલો હોએછે, કે જેને તેઓ હમેશાં પોતાની પાસે રાખેછે. તાંહાંથી વરશમાં તરણવાર તેઓનો એલચી પીકીંગની ખાતે જાએછે, અને તે ઘણી હેવો વખ. ત જોઇને એ પાએતખતનાં સેહેરમાં વેપારને સારૂ દુકાંન કાહાડીને પોતે અને પોતાની સાથેનાં લોકો બેસીને ઘરા કોને સામાંન વેચેછે. એ ઉપરથી હેવાં ઓહોદા વાલા માણ સને ગરૂરી ભરેલા ચીનાંઓ જે ઘણી હલકાઇથી ગણેછે, તે માં કાંઇ તાજૂબ સરીખું નથી; પણ હેવું અપમાંન સવર ગી રાજનો મરતબો વધારવાને સારૂ સંઘલા પરદેશી લોકોનાં એલચીઓનેબી મલેછે. કોરીઆનાં પાદશાહને ચીનનાં શા હંશાહથી ખેલત મલેછે, અને તે પોતે અથવા પોતાનો ના એબ શાહંશાહનાં એલચીની આગલ તખતે બેસતી વખતે નવવાર વાંકો વલીને માથું જમીન ઉપર નાખેછે, અને તર ણ વાર ગુડણ મડીએ બેશીને સેજદો કરેછે. વલી તેને પોતા ની ઓરત કરતી વખતે અથવા તખતનો વારેસ ઠેડવતી વ ખતે ચીનનાં શાહંશાહની સલાહ પુછવી પડેછે; પણ તે ની ઉપર ચીનની સરકારનો અમલ એથી વધારે પોંહોંચતો નથી, અને તે પોતાનાં મુલકનો મુખતીઆર ઘણીછે ❀

એ મુલકને ચીનાં લોકો ચાઓસીઇન, અથવા કીઆ

ઑસી, એ નાંમથી ઓળખેછે. અને ચીનાં લોકોનાં તવારીખ લખનારાઓને એ ઘણાંજ અગાઉનાં વખતથી જાણીતું થાએલુંછે. તાંહાંનાં અસલનાં રેહેવાશીઓ ચાઉની ઓલાદનાં કુંતીગ શાહેંશાહનાં વખત શુધી કોઈકોઈ વાર તાબે થાઈ રેહેતા હતા, અને કોઈકોઈવારં બળવો કરી ઉઠતા હતા. અને તે પછે તેઓ એટલુંતો માથું ઉંચકવા લાગા કે શાંનટંગ અને શીઆંગનાન એ સંસથાનો ઉપર હુમલો કરી આવતા હતા, પણ તેઓને તાચીહવાંગતી શાહંશાહે જેર કરીને નમતા કરી મુકીઆ. કીતસજી જે શાંગની ઓલાદનાં છેલા શાહંશાહ—ચાઉવાંગનો કાકો થાએ, તે કોરીઆમાં નીકલી આવીને તાંહાં પોતાનું રાજ ઉઠી ઉભું કીધું, અને તેની ઓલાદે કેટલાંએક સો વરશ શુધી તે રાજ ચલાવીઉં. એ વખતથી કોરીઆમાં ચીનાં લોકોની રાહરવેશ ચાલુ થાઈ, અને જુદી જુદી ગનેઆતોને એક અમલ ચલાવનારાને તાબે થવું પડીઉં. તાચીહવાંગતી શાહંશાહે કોરીઆનાં પાદશાહને એક અમીરને દરજે ઉતારી મેલીઓ હતો, પણ ઈસવી સનેની ૨૦૬ વરશ અગાઉ વૈમાંન નાંમનાં એક ચીનાંએ કીતસજીની ઓલાદનાં નબલા રાજાઓને તખત ઉપરથી ઉઠાડી મેલીઆ. તેની પછી તખતે બેસનારાઓમાંનાં એક ધણીએ ચીનનાં એલચીને ગરૂરીથી અપમાન કરીઆને લીધે, તેને પોતાનું રાજ ખોઈ બેસવું પડીઉં, અને કોરીઆ તસીનહાઈને નાંમે ચીનનું એક સંસથાન થાઈઉં. તેઆર પછી એ મુલકનાં સવતંતર પણાં વીશે ઘણીએક લડાઈઓ ચાલવા લાગી; અને લોકોમાંથી નવા સરદારો ઉઠી ઉભા થાઈને ચીનાં લોકોને તાંહાંથી હાંકી કા

હાડીઆ એટલુંજ નંહી, પણ લીઆઔતુંગમાંથી લડાઇ ચલા
વા લાગા. તાંગ અને શુગની ઓલાદનાં શાહંશાહોનાં વખતમાં
કોરીઆનાં લોકો પાછા તાબેદાર થાઇ પડીઆ, અને કુબ
લાએ શાહંશાહે તેઓને ફતેહ કરવાનો કસદ કીધો, પણ તે
પાર ઉતરી સકીઓ નંહી. મીંગની ઓલાદનાં શાહંશાહો
નાં અમલની સતા એ મુલકમાં ઘણી વધતી ચાલી હતી.
જાપાનનો મુલક સને ૧૫૯૨ માં તાઇકોસામાંની મજબૂ
તી ભરેલી હુકુમત હેઠલ આવેલો હતો; એ ઘણી હલકી
બુનીઆદનો હતો, પણ જાપાનનો પાદશાહ જે તેનો ધણી થા
ઈ, તેનાં ખૂનનું વેર લીધાથી તેને હાત રાજ આઇવું હતું. કો
રીઆમાં કીનશાંગ અને જાપાનમાં તુઇમાતાવ એ બંધે તા
પૂઓ એક બીજાંની લગોલગ આવેલાંછે, તે ઉપરથી તા
ઇકોસામાએ કીનશાંગનાં ટાપૂમાંથી કોરીઆનાં મુલક ઉ
પર ચહડી આવીને તેનું પાએતખત સેહેર હાત કરી
લીધું. પણ કોરીઆનાં લોકોની મદતે ચીનાઇ લશકર
આવીને જાપાનનાં લોકોને કેટલીએક શેકસત દીધી,
તોબી જો તાઇકોસામાં (સને ૧૫૯૮ માં) મરણ પાં
મતે નંહીતો, તેઓને હાત એ મુલક પાછો આવવો મુ
શકેલ હતો. તેની સાથે જાપાનનાં લોકોની ચહડતી હી
મતબી આખેર થાઇ; અને તેઓ પોતાને મુલક પાછા ની
કલી ગીઆ, અને કોરીઆના લોકોએ પાછો ચીનાં લોકો
નો અમલ કબૂલ રાખીઓ. અને તેઓએ માનચૂ તાતાર
લોકોનાં હુમલાથી પોતાનો બચાવ રાખવાને સારૂ ચીનનાં
ફતેહ કરનારાઓનાં આસરા હેઠલ રેહેવાને થકી તેઓ સા
થે બેકુરમતી ભરેલી રીતનાં કોલ કરાર કીધાછે. હમણાં કો

રીઆનો રાજ કરતો પાદશાહ લીની ઓલાદનોછે. અને તેમાં સંઘલે ઠેકાણે લડાઇ ફીસાદનો હીગામ બંધ પડેલોછે; તેથી કરીને લશકરી મોહોટા મોહોટા અમલદારો લડાઇનાં હથીઆર વાપરવાને વીસરી ગીઆછે, તોજોકે હજુર સુધી સીપાહીઓની તોપી પર "બહાદૂરી" એ લફબ લખેલો હોએછે. તેઓ પાસે લડાઇનાં વાહાંણો નથી, પણ ઘણી એક હોડીઓ પડોસનાં ટાપૂઓમાંથી મેહેસૂલ ઉઘરાવાને સારૂ સરકારે રાખેલીછે. બાહેરનાં દેશોનાં લોકો સાથે વેહેવાર નહી રાખવાનો હક જેવો કોરીઆનાં મુલકે સારીપખે સંભાલી રાખેલોછે, તેવો પરથવી ઉપરનાં કોઇબી મુલકે રાખીઓ નહી હશે, અને તેથી કરીને એ દેશ વીશે બીજા લોકોને ઘણું થોડુંજ માલમ પડેલુંછે ॥

કીરીનનાં પરગણાંનું વરણન.

૬ કીરીનનું પરગણું જાપાનનાં સમુદર આગલથી લાંબૂનું લાંબૂ ચાલેલુંછે, અને તેની દખણ તરફની બાજુએ કોરીઆ અને લીઆઓતુંગછે, અને ઉતર અને પૂરવ તરફની બાજુપર ચીચીહાર અને સીબીરીઆછે. તાંહાંનાં કોસતા પર બારાંઓ ઘણાં થોડાંછે, અને ઉનાલાનાં દાહાડામાં ધુમસ ઘણો વરશેછે, અને તાહાડની મોસમમાં તોફાનો ઘણાં થાએછે, તેથી કરીને બારકસ ખેડનારાઓને એ તરફનાં સમુદરનાં કીનારા આગલ આવવાને ઘણી ધાસતી પડેછે; અને

તેને લીધે વેપાર બી કાંઇ જુલમે ચાલેછે. એ પરગાણામાં ડીનકા સરોવર અને બીજો એક પાલતેન નામે નહાંનો સરોવર આવેલોછે. અને બે ખેડીઆ જોગા નદીઓ—તુમે નકુબા અને સોંગારી, તે સાથે બીજી ઘણીએક નાહાની નદીઓછે; જેમાંની સઘલી નદીઓ જાપાનનાં સમુદરમાં જાએછે. ઘણાંજ વખણાએલા પાહાડો ચાંગપીહશાનછે કે જેઓ કોરીઆનાં નાકા તરફથી આવેલાછે.
માનચૂ લોકોની જુબાન અને ચેહેરા ઉપરથી હેવું ધારેછે, કે તેઓ તુંગૂસ લોકોથી ઉતરેલાછે. તેઓ મોહોટાં મોહોટાં ઉજાડ મેદાનોમાં રેહેછે, તેથી કરીને તેઓની નજર ઘણી તેજ હોએછે, અને આવાજનો સંસારો જલદી સાંભલી લીએછે; તેઓ ઘણાંએક સો મૈલનો રસતો બટાવી સખેછે, સેકારની પછવાડે કુતરાંની કાંની માતર વાસનાં શ્રમાર ઉપરથી લાગેછે, અને ઘણાં સરસ અને હોશીઆર સેકારીઓછે. સવારી કરવામાં તેઓ મોંગોલ લોકો સરીખાછે, અને ઘોડાની પીઠ ઉપર તેઓ બાહાદૂર સીપાહ હોએછે; બાકી એ શુરાં જનાવર વગર તેઓ ચીનાંઓ કરતાંનેબી વધારે હીચકારાછે. એ ઉપરથી ઘોડાને તેઓ લગાલગ દેવતાઓની કાંની માનેછે. તુંગૂસ લોકોની ગનેઆત સીબીરીઆનાં તરીજા ભાગમાં પોતાનાં તંબૂઓ મારીને રેહેછે, અને તેઓની વસતી જુલમે ૨૪૦૦૦ માણસોથી વધારે નથી. તેઓની વંશથી માનચૂ લોકો ઉતરેલા હોએ હેવું નીશચે કરવાને ઘણું મુશકેલછે; પણ ધારીઆમો આવેછે કે કેટલીએક માનચૂ લોકોની ગનેઆતો તેઓની પડોસનાં લડાએક લોકોથી આજેજ થાઇને પોતા

નું વતન છોડી દાઓરીઆન પાહાડોમાં આસરો પકડી
બેઠા હશે, અને એકવાર ઇસટેનોવાએ પાહાડોની હાર ઉ
તરી ગીઆ પછી, તેઓ પાછા પોતાનાં અસલી મુકામ ત
રફ ફરીઆ નહી હશે. આએ હું ધારુંછું કે ટાનેઆતો એક
બીજા સાથે ભેલાઇને એક મલી ગેઈ, અને તેની સાથે
બાજે મોગોલ લોકોની ગનેઆતો મલીઆથી તેઓ બલ
વાન લોકો થાઇ પડીઆ. અને વલી લીઆઔતુંગની ઉપજ
ઉપર તેઓનું દીલ લલચાઆને લીધે તેઓએ હેવો સારો
મુલક જેમાં તે વખતે ચીતાન લોકો રેહેતા હતા, તે પોતા
ને હાત કરવાને સારું શુરાપણાથી લડાઇઓ કરીને છીન
વી લીધો. અને તેઓની જીહીત થાઆને લીધે તેઓનાં દે
શ ભાઇઓ ઉતર તરફથી ઉતાવલે નીકલી આવીને લી
આઔતુંગમાં દુનીઆની સારી સારી ચીજોની મજેહ
ચાખવાને સારું તેઓની સાથે એકઠા થાઇ ગીઆ, તેથી
કરીને તેઓનું જોર વધતું ચાલીઉં. અને ખોદાએ તેઓને
માથે કાબેલ અમલ ચલાવનારાંઓને ઉઠી ઉભા કીધાથી
તેઓએ ડાહાપણ ભરેલી રીતે સંઘલાં લોકોને એક દીલ
કરીને ચીન ફતેહ કરવાની મુખીઅ મતલબ હાંસેલ ક
રી લીધી. અને ચીનાં લોકોનું મન મનાવાને સારું તથા પોતા
ની હુકુમતને પાએદારી આપવા થકી તેઓ ચીનાં લોકો
નું લખવું પઢવું સીખીઆ, તથા તેઓની રાહરવેશ પરમાં
ણે પોતેબી ચાલવા લાગા ❀

ચીન ઉપર ચહડી આવવાને સારું તેઓએ ઘણું અગાઉથી
ધારી રાખીઉં હતું; તોપણ જેઆરે એ મોહોટો મુલક પો
તાનાં માહોમાંહેનાં લડાઇ ફીતનાથી નબલો પડતો ગીઓ,

તેઆરે તે મોહોટું કાંમ પાર ઉતારવા થકી તેઓ પાતોનું માથું ઉચકવા લાગા. તેઓનાં સવારોમાં સારી કવાએદ વાલા પૂરવ તરપની ગનેઆતનાં મોગોલ લોકો આવી મલીઆથી તેઓ જલદીથી ચીનનાં નાંકાં પરનાં સંસથાનો ઉપર હુમલો કરવા લાગા, અને તેઓની સાંજે થાએને તેઓનો અટકાવ કરવાને થકી ચીનાંઓની તરપથી તેવું સારૂં લશકર નહીં રાખીઆને લીધે તેઓ પોતાની મકસુદ પૂરી પાડવામાં ફલદરૂપ થાએ શકીઆ. પણ એ લશકરકશીમાં તેઓનો પોતાનો દેશ ખાલી થાએ ગીઓ; કાકે ઘણાંખરા રેવાશીઓ જેઓ લડાએ કરવાને નીકલીઆ હતા, તેઓ ચીનમાંજ સીપાહીની ચાકરીમાં અથવા બીજા મોહોટા મોહોટા ઓહોદાપર લાગી ગીઆ હતા. અને એ પરમાંણે થાઆથી ચીચીહાર અને ગીરીન એ પરગણાઓ ઉજાડ થાએ પડીઆં હતાં. હમણાં તેઓમાંનાં હરેક કોએ રેહેવાસીને સીપાહીની ચાકરીમાં રેહેવું પડેછે; તેઓની ઉપર એક તસીઆંગ ગીઊંગ, અથવા સરદાર, લશકરી હુકુમતની રીતે અમલ ચલાવેછે; અને જેઆરે સોલ વરશની ઉમરોનો છોકરો થાએછે, એટલે માનચૂ લોકોનું લશકર જે આઠ ઝુંડાઓમાં વેહેંચાએલુંછે, તેમાંનાં એકુમાં તેનું નાંમ લખાએછે. એ ઉપરથી આપડા ધારીઆમાં હેવું આવેછે, કે તેઓ હજુર સુધી માહોટી લડાએક ગનેઆત હશે; પણ તેઓમાંથી લડાએની હીમત ઉઠી ગેએછે, અને તેઓનું એખલું નાંમજ માતર હમણાં રેહી ગીઊંછે. માનચૂ લોકો ખાધામી પાંતીએ ઘણાં મધીઅમ હોએછે; અને તેઓ ઘણું કરીને જનાવરનાં માંસનાં ખોરાક ઉપર પોતા

નું ગુજરાન ચલાવેછે, કાંકે તેઓ જમીન ખેડવાનાં કાંમમાં ઘણાં આલશુ હોએછે. એક જાતનો દારૂ જે ઘોડીનાં દુધ નો બનાવેછે, તે સંઘલા લોકોને ગમતો શરાબછે. તેઓ બાએડીઓને જાસતી ભરેલી હાલતમાં રાખતા નથી, અને તેઓમાં ચીનાંઓની કાંની ઓરતોનાં પગ નાધલા રાખવાની ચાલ નથી. તેઓનો પોશાક ચીનાં લોકોનાં જેવો છે ; તેઓ ઠંડીના દાહાડામાં બકડાનાં અને બાલદાર જનાવરનાં ચામડા અને ઊનાલામાં આસમાંની રંગની નાકીન પેહેરેછે. તેઓનાં ઘેરો નદીનાં કાંઠાઓ પર જાંહાં ઢોરનો ચાર મલેછે, તાંહાં ઝુંપડા સરીખા ખરાબ હોએછે. તેઓમાં ઠરાવેલો ધરમ નથી, પણ તેઓ પોતાનાં વડાવોને માંનેછે ; અને તેઓનાં દેશી ભાઇબંદો જે ચીનમાં રેહેછે, તેઓ તે રાજનાં ધરમ ઉપર વલગેલાછે. તેઓ કાંઇ હીકમતી અથવા ઉદીઓગીબી નથી ; અને થોડામાં રાજી થાએછે, અને જીંદગીની નીઆમતથી બેપરવા રેહેછે. શાહંશાહની ચોપડીમાં ઝીરીનનાં પરગણાંની વસતીનો હીસાબ ૩૦૭૭૮૧ માણસનો આંપીઓછે, કે જે ચોકસ કરીને ઓછોછે ; પણ એ મોહોટો પરાંત સારીપખે વસતી ભરેલો નથી, અને તેમાં ચીનાંઓને આવી વસવાની હજુર શુધી રજા આપેલી નથી. લશકરનાં સીપાહીઓ ખેડુતોની કાંની જમીને ખેડનારાછે, અને તેઓને સરકારથી જમીન સાફ કરવાને સારૂ આસરો કરેછે. તેઓનાં મુખીઅ થાણાંઓ તુમેન ઉલા નદી પરછે ; તેથી વધારે ઉતર તરફ સંઘલો મુલક લગાલગ ઉજાડ રાન સરીખોછે, અને તે તરફ માતર ભરવાડ લોકો જાએછે. માનચુ લોકો વતરોગો એ

મુલકમાં બીજી કેટલીએક થોડી સુધરેલી ગનીઆતો વસેછે, કે જેઓ પોતાનાં ધણીઓને બાંસનાં ચામડા ચોઠમાં લાવી આપેછે, પણ બીજાં કારણો સર તેઓ સવતંતર રેહેછે. તેઓમાંથી ક્રીઝઆકર અને પીઝઆક એ ગનીઆતો સૈહ્હીહ્તીહ પાહાડો પર રેહેછે ❀

કીરીન માનચૂરીઆનો ઘણોજ મોહોટો તાલુકોછે. તેની ઊતર તરફની હદ સીગાલીએન નદીછે. તાંહાં સપટેમબર મહીનાંમાં ઠાર પડેછે, અને ઘણીજ દરાંમની તાહાડ સાત મહીનાં શુધી રેહેછે. સીગાલીઇન નદીની પેલે પારથી દૂર માતર થોડાંએક ગાંમડાં કીચીગાતાતસી નાંમનાં લોકોથી વસેલા મેલેછે. અંહીઆં કેટલીએક નદીઓ આવેલીછે; જેવીકે, કુકુકુપીરા, જે ૫૫ અંશની ચોરણમાં પાહાડોની એક હારમાંથી નીકલીને પૂરવ તરફનાં માહાસાગરમાં જાએછે; અને ઊદીપીરા, જે રૂશીઆંન લોકોનાં પરાંતમાં ચાલેલીછે. ઊશૂરી જે સીગાલીઇન નદીમાં જાએછે, તેનાં કાંઠાંઓ પર ઇઊપીતાતસજી (માહીચરમ તાતાર) એ નાંમનાં લોકોની ગનીઆતછે. તે લોકોનો ખોરાક તદંન માછલીનોછે, અને તેઓ માછલીનાં ચાંમડાં સુકવીને તેનાં કપડાં પેહેરેછે, અને જનાવરોબી માછલીનાં ખોરાક ઊપર રેહેછે, બલકે કુકરોનાં ખાધામાંબી માછલી આવેછે. તેઓને તાહાડનાં દાહાડામાં કુતરાંઓ વગર પઈડાંની ગાડી ખેંચવાને સારૂ ઘણાં કાંમ આવેછે. તેઓ જમીન ખેડવાને ઘણાં આલશુ હોઈછે; અને તેઓ બીજું કાંઈ વાવતા નથી, પણ ઠંડીની ઊડાસી ભરેલી રાત કાપવાને સારૂ તંબાકુ ઊગાડેછે. પણ તેઓની હેવી દલદરી હાલત છતાંબી તેઓની બાએડીઓ જેઓને મોહોટા કબજા

માં રાખેછે, તેઓ પોતા ઉપર સણગાર કરવાનો શોક ઘણો રાખેછે. તેઓ પોતાનાં માથાનાં બાલોને કાચનાં કટકા, ક ડીઓ, અને એવી બીજી ચીજોથી સણગારીને ખાંધ ઉપર જુલતા નાંખેછે; અને તેઓને ઓઢવાની સારી ઉપર ઘુઘ રીઓ બાંધેલી હોએછે, કે જેથી કરીને માલમ પડે કે ઓ રત આવેછે. ચીંગાતાતસજી લોકો જેઓ સીગાલીએન નદીનાં કાંઠાંઓ પર રેહેછે, તેઓ એ કરતાંને સરસ ગને આતછે. તેઓ માનચૂ લોકોની કાંની માંથાંનાં બાલ બો રાવતા નથી, પણ તેનો ચોટલો બાંધી રાખેછે; તેઓની બોલી અંને ચાલચલનબી જુદીછે. હાનહાલ લોકો જેઓ માનચૂની જાતનાંછે, તેઓને કુરહાપીરા અને સોંગારીઉલા એ નદી ઓનાં કાંઠાઓ પર શાહંશાહે જગાઓ આપેલીછે; તેઓ પા સે બલદો અને ઘોડાઓછે, અને તેઓ ઉપલી બે ગનેઆ તોનાં કરતાંને ઘણાં સારી પખે રેહેછે ❀

એ મુલકમાં રસતાઓ અને પૂલો કાંઈ નથી, અને તે થી કરીને શાહંશાહ જેઆરે સાબર અને રીછનાં શેકાર ની સેર કરવા આવેછે, તેઆરે તેનેબી રસતામાં મોહોટી સખતી ખેચવી પડેછે. માનચૂરીઆ અને કોરીઆ એ મુલ કનાં નાંકાંઓ પર એક બીજાંથી સંઘલું ઉલટુંછે; કાંકે માં નચૂરીઆનો મુલક તદન જંગલોનાં જેવો વાઘ, વરૂ, અને રી છથી ભરેલોછે, તેઆરે કોરીઆમાં ઘણાંએક સારાં સારાં ગાં મડાંઓ અને સેહેરો આવેલાંછે ❀

એ આખા પરગણાંમાં માતર તરણ કેહેઆજોગા સેહેરોછે. ચીરીનઉલા હોતુન નાંમે પાએતખત સેહેરછે, કે જે ૪૩ અં શ અને ૪૬ કલાની ચોરણમાં તથા પીકીંગની પૂરવ દશાથી

૧૦ અંશ અને ૨૪ કલાની લંબાંનમાંછે. તે ચાંગાપીહશાન પાહાડોની પડોસમાં સોંગારી નદીનાં કાંઠાઓ પર વસેલુંછે. ઈ પાહાડોનાં મથાલાં જે સદાનાં બરફથી ઢંકાએલાં રેહેછે, તે ઊપરથી માનચુમાં તેઓને કાલમીનશાનગુઇનઆલીન (લાંબાં સફેદ પાડો) કરીને કેહેછે. એ ગીરીનનું સેહેર કાંઇ સારી જગા નથી, અને તેની આસેપાસે મટોડાની દેવાલ બાંધેલીછે. પણ શાહેંશાહનાં વડાવાની ગોરો તેની પડોસમાં આવેલીછે, તેથી કરીને તેને પવીતર જગા કરી લેખેછે, અને તાંહાં ચીનથી શાહેંશાહ કોઇ કોઇવાર જીઆરત કરવાને સારૂં આવેછે *

એક તસીઆંગાગીઊંગા જે એ આખાં પરગાણાંનો અમલ ચલાવેછે, તે એ સેહેરમાં રેહેછે. તેની સંઘલી હુકુમત ઊપરથી માલમ પડેછે, કે એ વેરાંન જગાનાં રેહેનારા લોકો ઘણીજ છુટથી રેહેછે. તેઓ પોતાને ગમે તાંહાં પોતાનું મુકાંમ કરેછે, અને તેઓનાં ઢોરોને સારૂં જાંહાં પુરતી રીતે ઘાસ પાંણી મલી આવેછે, તાંહાં ફરતા ફરેછે. રૂશીઆન લોકો જે તેઓનાં પરાંતમાં ગુસવાનો ઇરાદો રાખેછે, તેઓને દબતાં રાખવાને સારૂં સોંગારી નદી પર ઘણીએક હોડીઓ જરૂરની વખતે શતરૂને મારી હટાવાને સારૂં રાખેલીછે. એ પરગાણાંનું ઘણુંજ સારૂં બાંધેલું સેહેર ઊલાનાંમેછે. પેદની, અથવા પીતીઊન, એ સેહેર તાંહાંનાં લપટીનાંનટ ગાવરનરને રેહેવાની જગાછે, અને કરીનનાં સેહેરથી ૧૩૫ મેલ દુર સોંગારી નદી પર આવેલુંછે. એ નદીને અંહીઆં ગીરીન કરીને કેહેછે, તે ઊપરથી એ આખા પરગાણાંનું અને તેનાં માએતખતનું નાંમ પડીઊંછે. નીનગુનતા, કુરકાપીરા નદી ઊ

પર વસેલુંછે, કે જે સોંગારી નદીમાં વેહેછે. તેનાં નાંમનો અરથ સાત સરદાર કહેવાછે; કાંકે કાંગાહી શાહંશાહનાં વડાઓ જે સાત ભાઇઓ હતા, તેઓએ પોતાનાં કુટંબનાં લોકો જે છુટાં છુટાં વીખરાઇ ગીએલાં હતાં, તેઓને એ સેહેર આગલ એખટાં કરીને લાવી રાખીઆં હતાં. એ કુટંબની આવતી મોહોટાઇનો ઈ પેહેલ વેહેલો દરજજો હતો. એક બખતીનાંનટ ગાવરનર જે હાનહાલાતાતસજી અને ઇઉપીતાતસજી લોકો ઉપર હુકુમત ચલાવેછે, તે એ જગાએ પોતાનું મુકાંમ રાખેછે. હમણાં એ સેહેરમાં મોહોટો વેપાર ચાલેછે. ચીનનાં તકસીરવારોને એ વેરાંન જગાઓમાં તાતારી સીપાહીઓની ચાકરી કરવાને સારૂં તથા જમીન ખેડવા અર્થી દેશનીકાલ કરેછે. શાહંશાહી કુટંબનાં લોકોને તથા મોહોટા મોહોટા ઓહોદા વાલા ધણીઓને તેઓ ઉપરથી જરાએક શાંહશાહનું મન ફરીઆને લીધે તથા દરબારનાં લોકોનાં કાવતરાંથી એ ઝીરીનનાં પરગણાંમાં મોહોટી સખતી અને પસતાવાથી પોતાનાં દાહાડા કાહાડવા પડેછે ❀

નીનગુનતા, જેને નીનગુતાબી કેહેછે, તેની પડોસમાં કેટલાંઈક પડી ભાગેલાં સેહેરોછે; જેવાંકે, કીનીથીહોતુન, ઓદોલીસેતુન. એ સેહેરો ઝીન તાતાર લોકોએ બાંધીઆં હતાં, અને ચીન ઉપર તે લોકોને ચડી આવીઆની અગાઉ અહીઆં તેઓ રેહેતા હતા. સમુદરનાં કોસતા પર અને નદીઓનાં કાંઠાઓ પર મોતીનાં કાલુઓ મલેછે. તેને કાહાડવાને સારૂં શાહંશાહનાં સીપાહીઓ એ પરગણાંઓમાં રાખેલાછે. તેઓ તેમાંથી મોતી કાહાડીને શાહંશા

હને સારૂં મોકલેછે, પછી શાહંશાહ તેઓની મેહેનતનાં બદલામાં તેઓને એક રૂંસ મોતીએ કેટલું એક નાણું આપે છે *

સીગાલીએનનું ટાપૂ જે ડીહલુંગાક્ષીઆંગા અથવા આમુર નદીનાં મોહોડા આગલછે, તે આઠ અંશની ચોરણની લંબાઇમાંછે, અને જઆસસોનાં ટાપૂથી માતર એક સાંકડી જસતરેટ અથવા સમુદરની નેહેરથી જુદું થાએલુંછે. તાંહાંનાં રેહેવાશીઓને માનચૂ લોકો ઓરૂનચુન, કુજએહ, અને કીજઆક કેહેછે, અને તેઓ જકૂપીતાતસજી લોકોની ગાનેઆતનાં જેવાછે. એ ટાપૂને માનચૂ લોકો સીગાલીએન આંગા હાતા કરીને કેહેછે; અને તાંહાંનાં દેશી રેહેવાશીઓ ચોકા કરીને કેહેછે. એ લોકો ઘોડા અથવા બલદને પાલતા નથી, પણ પોતાની પજડાં વગરની ગાડીઓમાં હરણનાં જેવાં જનાવરો (રાની સાંભરો?) ને જોતરેછે. એ જનાવરો ઘણાં કામજોગા માલમ પડેછે, અને તેથી તે લોકોની ઘણીએક અગત પૂરી પડેછે. મીહસીમી નાંમે એક જાતનો અનાજ જે માનચૂરીઆનાં ઘણાંખરા ભાગોમાં પૂશકલ થાઇછે, તેબી અંહીઆં મલતો નથી. ફ પરમાંણેની તંગી છતાંબી રેહેવાશીઓ પરોપકારી લોકોછે. અને તેઓ જાપાન અને માનચૂરીઆ એ મુલખો સાથે વેપાર ચલાવેછે. આમુર નદીમાંથી જે વરશોવરશ કાદવ ઘસડાઇ આવીને એકઠો થાએછે, તે ઉપરથી હેવું માલુમ પડેછે, કે એ સીગાલીએનનું ટાપૂ માનચૂરીઆ સાથે જલદીથી એકઠું થાઇ જાસે *

હમો આગલ કહી ગીઆછે કે સીગાલીએનનું ટાપૂ એ

ક સાંકડી ઇસતરેટથી ઇઅસસોનાં ટાપૂથી જુદું પડેલુંછે. ઈ ઇઅસસોનું મોહોટું ટાપૂ જાપાનની ઉતર દશાએછે. ઈ ટાપૂનાં રેહેવાશીઓને આઇનોસ કરીને કેહેછે; તેઓનાં માથાંનાં બાલ સીધી લોકોનાં જેવાછે, અને તેઓ જાપાનનાં લોકો કરતાંને ઉંચાછે. તેઓ જાપાનનાં લોકોનાં અમલ હેઠલછે; પણ તેઓમાં લખવાનો ફાએદો અથવા સીકાનું ચલણ એ કાંઇ નથી. તેઓ એકથી વધારે બાડીઓ કરેછે, પોતાની બેહેણો સાથે પરણેછે, અને તેઓમાં કેટલીએક રીતે ઠીનાલું કરવાની કાંઇ ઠીત નથી. તેઓ કીઉરૈલનાં ટાપૂઓનાં અને જાપાનનાં લોકો સાથે આવજે મુઆવજે વેપાર કરેછે; તેઓ પોતાનો માલ કીનારા ઉપર લાવી મુકેછે, તેની પાસે બાહેરનાં વેપારીઓબી પોતાનો માલ મુકેછે, પછી ઇઅસસોનાં લોકો તેને તપાસી જોઇને સોદો કરેછે. તેઓ માતશુમાઇનાં રાજાને દરીઆઇ કુતરાંનાં ચાંમડાં, રીછ, સાબર, એ ચોઠમાં આપેછે; પણ તેઓ પોતાની ઉપર હુકુમત ચલાવનારા લોકો સાથે ઘણો થોડો વેહેવાર રાખેછે. એ ટાપૂમાં સનોબર અને બલૂતનાં જાડોથી ભરેલા ઉંચા પાહાડો ચાલેલાછે, અને તેમાં ઘણાંએક રીછોછે, કે જેઓને રેહેવાશીઓ પરબેહ કરીને કાપી ખાઇછે, તોજોકે તે જનાવરોને મરણ પાંમીઆં ઉપરથી તેઓ સોક કરેછે. ઈ ટાપૂની ઇસાંન કોણાં તરપથી કીઉરાઇલનાં ટાપૂઓની લાંબી હાર ચાલેલીછે, અને દખણ દશાઈ જાપાન અથવા જેપાનનાં વખણાએલા ટાપૂઓ આવેલાંછે. સોંગારની ઇસતરેટ જે ઇઅસસો અને જાપાનની વચેછે, તે જાપાનનાં સમુદર અને ઉતર પાસીફીક માહાસાગર સાથે લાગેલીછે. જાપાનનાં લોકો બુધરાજ અ

ને કુનરમાં ચીનાંઓથી ઊતરતા ગણાએછે. તેઓનો ધરમ
તથા તેઓની ચાલ ચલન અને રીત, એ સંઘલું લગાલગ ચીનાં
લોકોનાં જેવુંજછે, તોજોકે એ બંધે મુલકો એક બીજાંથી અન
જાંણાં રેહેછે. જો કુબલાએ શાહંશાહે પોતાની ફતેહમાં ફલદરૂ
પ થાતેતો, કારમોસાનો કાંની જાપાનનો મુલકબી સવરગી રા
જને તાલુકે ગણાતે; અને અગારજો જાપાનનાં લોકો મી
ગની ઓલાદનાં શાહંશાહઓનો અમલ ઊતરતાંમો ચીનાં
ઓ ઊપર કાવીઆ હતેતો, તેઓ માનચૂ લોકોને બદલે થા
ઇ પડતે; પણ એ બંધે મુલખો જેમ અગાઊ હતાં તેમજ
હમણાં શુધી રેહેલાંછે. ચીકીઆંગાનો થોડોએક વેપાર જેજા
પાન સાથે ચાલેછે, તે ઊપરથી માલમ પડેછે, કે જાપાનનાં
લોકો પરદેશી લોકોને ચીનાંઓનાં કરતાંને વધારે ધીકારે
છે. એક વખત જાપાનનાં લોકોએ સંઘલી ગનેઆતનાં લો
કો સાથે વેપાર ચલાવાને થકી પોતાનાં બંદરો ઉંગાડીઆં
હતાં; પણ પોરતુગીજ લોકો જેઓ પેહેલ વેહેલા યઊરોપી
આન તાહાં આવીઆ હતા, તેઓનાં મીશનેરી લોકોએ તાં
હાંનાં ઘણાંએક રેહેવાશીઓને કરીસતી ધરમમાં વટલાવી
ને, હેવાંતો છુપાં કાંમો ચલાવા લાગા કે તાંહાંનાં લોકોને પોતા
નાં ધરમ અને રાજ વીશે મોહોટી ચીંતા થાઇ પડી. તે
ઊપરથી સને ૧૫૯૦ માં એક મોહોટી ખૂનરેજી ચાલી, તે
માં હેવું કેહેછે કે ૨૦૫૭૦ કરીસતી ધરમ રાખનારાં લો
કોને મારી નાંખેઆં; અને સને ૧૬૩૮ માં તાંહાંથી કરીસ
તી ધરમની સંઘલી છુનબેખ ઊખાડી નાંખી. હેવી રીતે ક
ધરમની બરકતથી એ ખૂને પરેલાં દેશમાંબી લએઅંકાર
ખૂનરેજી મચીછે! તેઆરથી જાપાનનાં લોકોએ માતરચી

નાં અને દચ લોકો વતરીકે સંઘલા પરદેશી લોકોને તેઓ નાં બંદરમાં આવતા તદન મના કીધાછે ૦

જાપાનનાં ટાપૂઓની મોહોટાઈ શુમારે ૧૨૦૦૦૦ ચોરસ મેલ ગણીછે. અને કેહેવું કેહેછે કે તેઓમાં આસરે દોઢથી તે બે કરોડ માંણસની વસતીછે. તેઓમાંનાં મુખીઅ અથવા મોહોટા ટાપૂમાં પાહાડોની કેટલીએક હાર ચાલેલીછે; અને કુસી નાંમે પાહાડોનાં મથાળાંઓ ચાલૂ બરફથી ઢંકાએલાં રેહેછે. એ ટાપૂઓમાં મોહોટી મોહોટી નદીઓ હોએ એવું લાગતું નથી, પણ ઓઇતજ નાંમે એક મોહોટો સરોવર આવેલોછે; તે ૧૫૦ મેલ લાંબોછે, અને તેની આસપાસની જગા પવીતર ગણાંએછે, કાંકે તેની પડોસમાં ૩૦૦૦ દેહેડાંઓ બાંધેલાંછે. તાંહાં ઘણીજ ગરમી અને કકડતી ઠંડી પડેછે; અને થરમોમીતરમાંનો પારો ઉનાળામાં ૯૮ અંશ ચહડેછે, અને શીઆળામાં ૩૫ અંશ ઉતરેછે. ગાજવીજ, ધરતીકંપ, તોફાનો, અને ભારી ધુમસ એ ઘણીવાર થાએછે ૦

જાપાનનાં લોકો વચલે ગાલેનાં કદનાછે, તેઓની આંખ નાહાંની અને બેઠેલીછે, તેઓનાં ચેહેરાનો રંગ બદામીછે, અને તેઓનું મોહોટું માથું અને ટુંકી ગરદનછે. તેઓનાં બાલ ઉભા અને કાલા ચલકતાછે. તેઓ શુધ ચીનાંઓની નસલનાછે, અથવા તાતાર લોકોની વંશથી ઉતરેલાછે, એ ચોકસ ઠરાવી સકાતું નથી; અને કેમાંનાં પેહેલા વીચાર વીશે તેઓ પોતેજ ઇનકાર કરેછે. જાપાનનાં લોકો ઉપર અસલમાં દઐરી અથવા ધેરમનો રાજા અમલ ચલાવતો હતો, અને તેનાં વીશે કેહેછે, કે તે દેવતાઓની વંશથી અવતરેલોછે; તણે સને ૧૧૨૮ માં એક લશકરી સરદાર મુકરર

કીધો હતો, કે જેને કુબો અથવા તસીફૂ ગુન કરીને કેહે
છે; પણ તરણશોં વરશ ગીઆ પછી તે કુબોએ રાજની સં
થલી સતા પોતાને હસતક કરીલીધી, અને દએરીનાં હા
તમાં માતર નાંમનીજ સતા રાખી. તેની થોડુંક પોરતુગી
જ લોકોને હાંકી કાહાડીઆ, અને તેઓનાં વટલાવેલાં લોકો
નેબી કતલ કરીનાંખીઆં; તેઆરથી એ મુલકમાં કસી
લડાઇ ફીસાદ ઉઠીઓ નથી, અને તેનીં મુલેહની સમાધા
નીમાં કોઇ પરાઆ શતરૂએ હરકત કીધી નથી, પણ તે બા
હસત ખંડણી આપનારા રાજાઓમાં વેહેંચાએલુંછે, તેથી ક
રીને કોઇ કોઇવાર તેમાં ફીતનો થાએછે.

જાપાનનાં લોકો ઘણાં ખબરદારછે, અને તેઓ એલમની
કદર સારીપખે જાણેછે. તેઓ રોગાની કાંમ અને રેશમી
કાપડ ઘણીજ સારી કારીગારીથી બનાવેછે. તેઓનું લખવું
પઢવું ચીનાં લોકોનુંછે; અને જોકે તેઓની પોતાની બો
લી ચીનાંઇ ભાશાથી ઘણી જુદીછે, તોપણ તેઓ ચીનાં લો
કોનાં અખેર અસલ ઉચાર પરમાણેજ વાંચેછે, અને પોતાની
વાતચીતમાં બી ચીનાઇ એબારતો મેલવીને બોલેછે.

તેઓ સીનટો નાંમે અસલનો મુરતી પુજક ધરમ પાલેછે.
બુધનો ધરમ રાખનારાં લોકો પોતાને બુદસો કરીને કેહેછે,
અને તેઓનો ફીરકો કરીસતી ઉપાધીઆઓને મારી કા
હાડીઆ પછી સારીપખે ફેલાઓછે. એ ધરમના ઉપાધીઆ
ઓ જેઓ આલશુની કાંની પડી રેહીને લોકોને ધુતી ખા
એછે, તેઓ ઘણાં વધી પડીઆછે. સમૂટો નાંમે ફીલશુફી ફી
રકો જે કંનફૂઉશીઅસનો મજ્હબ માંનેછે, તે સંથલા ધર
મો બાટલે કરવાને ખૂશી થાએછે. અને માણસની જીનદ

ગીમાં મોજ કરવાનો જાણીતો ઘણીજ મજબૂતી ભરેલી રી
તે ચલાવેછે. જાપાનનાં લોકો કરીસતી ધરમની રીતને હે
વીતે ધીક્કારેછે, કે તે ધરમનાં લોકોને પોતાનાં મુલકમાંથી
હાંકી કાહાડીઆ પછી, તેઓ પોતાનાં નવા વરસ પછી થો
ડોદિક દાહાડે દિક કરૂસ અને કરાઇસટની માંહની મૂરતી બ
નાવીને તેનાં હાતનાં બાલક કરાઇસટને આપેછે, અને તે ઉપ
ર સઘલા લોકો પોતાનાં બચાં છોકરાં શુધી આવીને લાતો મા
રેછે. એ કીરીઆ જાંહાં કીરીસતી ધરમ રાખનારાં લોકો
અગાઊ ઘણાં રેહેતાં હતાં તે જગોએ કરેછે. જાપાનનાં લો
કો પોતાનું માથું આસેપાસેથી બોરાવીને તાલક ઉપર ચો
ટલી રાખેછે; અને પોતાનાં અંગો ઘણાં સોજા રેહેછે. તે લો
કો પોતાની અબરૂનો બચાવ કરવા થકી અથવા તકસીરની
કઠણ સીખસા નહી પાંમવાને સારૂં ઘણીવાર પોતાને હાતે પો
તાનાં જીવની ઘાત કરેછે; અને તે કારણ સાર તેઓ પોતા
ની પાસે હમેશ એક ખંનજર રાખેછે. તેઓમાં મરદ ઓર
તનાં સંબંદનો બંદોબસત ઘણો બેફેદીથી ચાલેછે ; કાંહે
શહવતનાં કુશત કરમો કરવાને કસો અટકાવ નથી, અને
તેથી કરીને ઘણાં ભેઅંકાર બનાવો બનેછે. તેઓનો ખોરા
ક સાક સબજીનોછે ; તેઓ ચાહ પીએછે, અને સાકી નાંમે
એક જાતનો દારૂ ઘણો પસંદ કરેછે. તેઓ મોહોટા ઉદ્દીઓ
ગી લોકોછે; અને હરેક જમીન અને ઉજાડ ડુંગરને બી
ખેડીને ઉપગ ભરેલો કરવાંમો ઘણાં સરસ ઉતરેછે. તેઓનાં
ઘેરો અને તેમાંનો સંઘલો સાંમન સરંજામ સારો અને શુ
થરો હોએછે. જોકે તેઓ સાથે પરદેશી લોકોનો કસો વેહે
વાર ચાલતો નથી, તોપણ તેઓ પોત પોતામાં ઘણો મોહો

ટો વેપાર કરેછે; અને તેઓનાં જુંકો લૂચૂનાં ટાપૂઓ ખા
તે જાએછે, પણ તેથી વધારે આગલ વધવાની હીમત ધ
રાવતા નથી. તેઓમાં સીકકો મારેલા શુનાંનાં પોકલ કટ
કા જેને ફેલાંગો કરીને ફેરેછે, તેનું ચલણ ચાલેછે; અને કો
દામા કરીને રૂપાનાં કટકાનુંબી ચલણ વપરાએછે *

તાંહાંની સરકાર ઘણીજ આપ અખતીઆરીછે, અને કુ
બો અથવા રાજનો અમલ ચલાવનાર શાહંશાહ પોતાને તા
બેનાં સંઘલા રાજાઓ પાસેથી ઓલમાં લીધેલા ધણીઓને
પોતાનાં પાએતખત સેહેરમાં રાખેછે. ધારાઓ ઘણાં સખત
છે, અને હલકી તકસીર કરનારાઓનેબી મરણની સીખ
સા આપેછે. ઘણાંએક તકસીરવારો ઘણી કશટ અને ફ
જેતી ભરેલી સીખસાથી પોતાનો છુટકો કરવાને સારૂં પો
તાને હાતેજ પોતનું પેટ ચીરી નાંખેછે. સંઘલા તાબેદાર રા
જાઓ પોતપોતાની જાગીર અથવા મુલકનું મેહેસુલ પોતે
જ ઉઘરાવીને કુબોને ચોઠ આપેછે. પાંચ સંસથાનો જેઓ
ને ગોકીનાઇ એ નાંમનાં દાખલ કીધાંછે, તેઓની પેદાસ
ત જે આવેછે, તે મીઆકોમાં પાદશાહની દરબારનાં ખરચ
ને સારૂં જાએછે. જાપાનનાં ટાપૂઓમાં મુખીઅ અથવા મોહો
ટું ટાપૂ નીફોનછે. કીઉસીઉનાં ટાપૂમાં નાંગાસીકીનું વખ
ણાએલું બંદરછે, કે જાંહાં માતર દચ લોકોને મોહોટી ત
પાસથી વેપારને સારૂં આવવા દીએછે. પોરતુગીજ લોકોને જે
આરે એ દેશની સોધ લાગીહતી, તેઆરે તેઓ ફાંગાકસી
માનાં ટાપૂમાં પેહેલે બેહેલા ઉતરીઆ હતા. તશુસીમાનું ટા
પૂ અગાઉ કોરીઆના મુલકને તાબે હતું, અને એ બંધે ગં
નેઆતના લોકોનો વેપાર એ જગોએ ચાલેછે. લીકીઓ, સા

તક્ષુમા, અને તાનાઓસીમા, એ ટાપૂઓ દખણ દશા તરફ આવેલાંછે. અગાની કોણા તરફથી નહાનાં ટાપૂઓનો એક જુખંડોછે, કે જેમાં એક બલતો પાહાડ અને હેવી બીજી નીશાનો જોઆમાં આવેછે, જાપાનનાં ઘણાંજ નામીચાં સેહેરો આઈછે,—નીફાન, અથવા જેદદો, તાંહાંનો અમલ ચલાવનાર પાદશાહને રેહેવાની જગાછે; અને મીઆકો, દરમનાં રાજાને રેહેવાનું મથકછે; એ બંધે ઘણાં મોહોટાં અને આબાદ સેહેરોછે, તે સાથે તેઓમાં લોકોને રેહેવાનાં ઘણાંકિ ઘેરોછે, જેઓ લાકડાનાં બાંધેલાંછે, પણ તેઓને હેવાંતો સફેદ રંગોછે, કે જાને પથરનાં બાંધેલાં હોએ હેવાં લાંગેછે ❁

લીઊકીઊ અથવા લૂચૂ બતરીસ ટાપૂઓનો જુખંડોછે, કે જે કીઊસીઊની દખણ દશાથી તે ફારમોસા સુધી ફેલાઈલોછે. તેઓમાં ઊકુનું ટાપૂ મુખીઅછે. એ સંઘલા ટાપૂઓનો રાજા કીઇનચીંગમાં રેહેછે, કે જે મોહોટા લૂચૂનાં ટાપૂમાં આવેલુંછે. અસલથીજ એ ટાપૂઓ ચીનને તાબેછે. અને તેઓનાં બે તરણ જુંકો બરાબર ચીનાં લોકોની તરેહનાં બાંધેલા વરશોવરશ ફોકીઇનનું પાંએતખત—ફુહ્યૂ ખાતે જાએછે; અને તાંહાંથી તેઓનો એલચી ઘણાંએક લૂચૂનાં માં નદરીનો જેઓ પીકીંગમાં ફેરવણી લીએછે, તેઓને લઇને ચીનનાં પાએતખત સેહેરમાં જાએછે. એ પરમાણે ચીન તરફ જવાની મુખીઅ મતલબ ઘણું કરીને વેપારનાં કારણ સરછે; કાંકે તે જુંકો ચીનની સરકારને ખેરાજ અથવા સલામી દાખિલ કશું આપતા નથી *

ઇઊરોપીઆન લોકોને માતર મોહોટાં લૂચૂનું જ ટાપૂ જાણીતુંછે, કે જાંહાં એક સારું બારૂછે. રેહેવાશીઓ ઠીગનાં ક

દનાંછે, પણ તેઓ ભલમણસાઈ ભરેલા અને ખબરદારછે. મોહોટે વાંધેનાં લોકો ચીનાંઈ અને જાપાનની ભાશા લખે છે; અને સંઘલા લોકો જાપાનની બોલી બોલેછે, પણ માનદરીન લોકોમાં ચીનાંઈ ભાશા કાંમ આવેછે. ગરીબ લોકો ઉપર મોહોટો જુલમ થાએછે, અને તેઓ ભગાભગા નાંગા ફરેછે. અને સંઘલા લોકો જુઠા અને ગુસતાખી ભરેલાછે. અને તેઓ પરદેશી લોકોને ચાહતા નથી. તેઓ સંઘલી પાંતીએ ચીનાંઓથી સુધરાઈ ઉપર આઆછે, તેથી ફરીને તેઓ ચીનાં લોકોનાં લખવા પઢવાની વીદીઆને ઘણાં ચાહેછે. તેઓનાં ઘેરો પથરનાં બાંધેલા અને સારી પખે સામાંન સરંજામથી ભરેલાંછે; અને તેઓની કબરો ચીનાં લોકોની તરાહથી ઘણી સારી બાંધેલી અને ફુલ અને સરવનાં જાડોથી સણગારેલી હોએછે. તાંહાંની આબોહવા ઘણી સારીછે; અને સંઘલા ટાપૂનો ખેડાએલાંછે, અને તેઓમાં શકરકંદ ઘણો પૂરાકલ થાઈછે, કે જે ગરીબ લોકોનો ઘણુંકરીને માતર એખલો એકજ ખોરાકછે. ચીનાં લોકો જો કે પરદેશી લોકો વીશે કસો વીચાર કરતા નથી, તોપણ તેઓ સૂચૂનાં લોકો ઉપર સારૂં ધેઆન પોંહોંચાડેછે; કાંકે તેઓ ચીનથી ઈ લોકોને સારૂં સીકવનારાઓ અને પુસતકો મોકલાવેછે, કે તેથી ફરીને ઈ લોકો સવરગી રાજનાં અમલની અસરથી સારી હાલત ઉતર આવે *

હીલુંગાક્રીઆંગ, અથવા ચીચીહારનાં પરગણાંનું વરણન.

એ પરગણું અરગોન અને સીગાલીએન એ નદીઓનાં સંજોગ આગલથી તે નીનગુતા શુધી શુમારે ૪૫૦ મૈલ ચાલેલુંછે; તેની ઉતર તરફની જાતી હદ અરગોન, અને કરબેચી અથવા ઉરવોન એ નદીઓછે, કે જેઓ તેની અને સીબીરીઆની વચે આવેલીછે. નોનની નદી એ પરગણામાં ચાલેલીછે. સોંગાપીરા અને કોરચીનપીરા ઈ નદીઓ સીગાલીએનં, અથવાં હીલુંગાક્રીઆંગ (કાલા અજદાની નદી) માં જાએછે, અને આરોમ, અને નીમર સોંગારી, અને નોનની ઉલામાં વેહેછે. સીગાલીએન નદી પોહોલી અને ઉંડીછે, અને તેમાંથી મોહોટા વજનનાં બારકસોથી છેક નીપચૂ શુધી જવાઈછે, કે જે સને ૧૬૮૯, અને ૧૭૨૮ માં આએસા બંદોબસત પરમાંણે રૂશીઆન લોકોનું નાંકાં પરનું ઈકગામછે. ઈ પરગણાંનાં રેહેવાશીઓ માનચૂ, સોલોન અને તાગુરી લોકોછે; અને અસલનાં રેહેવાશીઓ ખેતી કરનારાછે. એ છેલા લોકો ઉપર કોજાક લોકો નદી ઉપરથી વારેવાર ઉતરી આવીને જુલમ કરી જતા હતા, તેથી કરીને તેઓ શુનચી શાહેંશાહનો આસરો માંગીને તેની પરજામાં દાખેલ થાચ્યા હતા. તેઓ મજબુત અને ઉદીઓગી લોકોછે, અને ખેતીનુ કાંમ કરેછે. તેથી કરીને કાંમજોગ પ

રજાનાં લોકો ગણએછે. સોલોન તાતાર લોકો અસલમાં ચીન અને મોગોલ લોકો જેઓ ચીન ઉપર ચહડી આવ્યા હતા, પણ તેઆર પછી (૧૨૬૮ માં) તેઓને પોતાને વતન પાછા [illegible] કાહાડીઆ હતા; તેઓની વંશથી ઉતરેલા છે. તે લોકોમાંનાં ઘણાંખરાં લોકો ચીચીહાર અને મરઘેનની પડોસમાં નરધીમો રેહેછે. તેઓ કોહોલાં અને વાઘનાં ચાંમડાં હોઢીને પોતાની સાથે જોહેલાંમાં થોડોઈક બાજરો લેઇ, સમૂર જનાવરોનો સેકાર કરવાને નીકલેછે. તેઓની ઓરતોબી પોતાનાં નાહાંનાં ઘોડાઓ પર સવાર થાએછે, અને તીર કમાંન લેઇને સાબર અને સસાનાં સેકાર કરેવાને જાએછે. એ શૂરા પારધીઓ શેકાર કરવામાં જુખમરાથી, અથવા વાઘને સાંબે થવાનાં ભએથી, અથવા બરફ અને જાકલથી કસોડર કરતા નથી; કાંકે તેઓ શેકાર ઉપરજ પોતાનું ગુજરાંન કરેછે. તેઓ જે જનાવરોને પકડેછે, તે પરનાં ઘણાંજ સરસ ચામડાંઓ સલાંમી દાખેલ શાહેંશાહને સાકું મોકલેછે, તેનાં બદલામાં શાહેંશાહ તેઓને થોડુંએક નાંણું આપેછે; અને તેઓ બીજાં ચામડાંઓ ચીચીહારમાં વેચેછે. અંહીઆં નદીઓનાં કાંઠાઓ પર અને ગીરીનનાં પરગણાંમાંબી ઇઉપીતાતસજી લોકો રેહેછે, જેઓને માનચૂ લોકો પીઆતતા કરીને કેહેછે. પશચમ તરફની નદીઓમાંથી મોતી નીકલેછે; તેની મોહોટી મોહોટી બટો વરશોવરશ પીકીંગ ખાતે જાએછે. સોંગારી નદીની પૂરવ દશાએ વેરાંન રાંન વગરે બીજું કાંઇ નથી; અને તાંહાં કોઇ કોઇવાર માતર શેકારી લોકો જાએછે, જેઓ ચીનાંઇ દરબાર ખાતે ગરમ ચામડાંનો પોશાક મોક

જવા થકી હરેક પરકારનાં લએને આતરમાં લાવતા નથી. સોંગારી નદીનાં કાંઠાઓ પર માનચૂ લોકો વસેછે; તેઓ બી ઠંડીની રૂતમાં સમૂર જનાવરોનો શેકાર કરવાને સારૂં જાએછે, અને કુનાલાનાં દાહાડા નીગુતાની પડોસમાં રહીને કાહાડેછે. સીગાલીએનની ઉતર દશાએ ચીકીરી નદી ચાલેલીછે, કે જે દાઓરીઆન પાહાડોમાંથી ઉપજીછે; તેનાં કાંઠાંઓપર ઓરોચોન નાંમનાં લોકો વસેલાંછે, અને તેઓનો મુખીઆ દરવ ઓરોન હરણો, અને સાંબરોછે, કે જે તેઓને રાંની સાંબરોની કાંની કાંમ આવેછે ❁

મોંગોલ લોકો જેઓ એકવાર દુનીઆનાં ફતેહ કરનારા થાઇ પડીઆ હતા, તેઓને ચીનમાંથી હાંકી કાહાડીઆ હતા. તેઓની કેટલીએક ગનેઆતો ચીનાંઓનાં ફતેહ ભરેલાં લશકરની સાંબેથી માનચૂરીઆમાં નાહસી ગેઇ. અને તેઓએ પોતા ઉપર ઉઠેલા ચીનાંઓથી સંભાલ કરવાને સારૂં એક કોટ બાંધી લીધો, પણ તેબી ચીનાંઇ લશકરે મારી લીધો; તેથી કરીને મોંગોલ લોકોને સીગાલીએન નદી ઉતરી જવું પડીઉં. અને તેઓને ફરીથી આવતા અટકાવવાને સારૂં ઇઊંગલો શાહંશાહે અઇકોમનો કીલલો બાંધીલીધો. તેઆર પછી વીશ વરશે તાતાર લોકોએ પાછી પોતાની ફોજોને ઠીકઠાક કરીને ચીનાંઓની કીલાબંદી કીધેલી ભાંજી નાંખી, અને પોતાનું વેર લેવાને સારૂં તેઓ ચીનનાં ઉતર તરફનાં સંસથાનોપર ચહડી આવીને તેઓને ખરાબ કરી નાંખીઆં. તેથી તેઓ ઉપર ચીનાં લોકો ઉલટી આવીને તેઆને બેસાડી મુકીઆ, પણ પાછા તાંહાંથી તેઓને હાંમે હટાવી સકીઆ નહી. તે લોકો હમણાં

માનચૂની ગરીબ અને વફાદાર પરજા થાઇ પડીછે, અને પોતાનાં ઠંડા મુકાંમ ઉપર રાજી રેહીને, પોતાની અસલી મોહોટાઇનો જાહોજો વીચારબી લાવતા નથી ❀

અફગાનની પડોસમાં રૂશીઆંન લોકોએ (૧૬૮૯ માં) અલબાઝીમનો કીલલો સીગાલીએનમાં જે એક નદી વેહેછે, તેનાં કાંઠાંઓ પર બાંધવાનો કસદ કીધો હતો. પણ, એ પરમાણે સીબીરીઆનાં મુલકની હદમાં વધારો થાવાથી, ચીનાં લોકોએ ધાસતી રાખીને પોતાની ફોજ લાવી કાંઇએક લડાઇ કરીને અલબાઝીન જેને તાતાર લોકો ઇઆકસા કરીને કેહેછે, તે પોતાને હાત કરી લીધો, અને તાંહાંનાં રેહેવાશીઓને બંદવા કરીને પીકીંગ ખાતે મોકલાવી દીધા. પછી તે વાંધો પટાવાને સારૂં બંધે તરફથી એલચીઓ ઠરાવીઆ, કે તેઓ નીપચૂમાં એકઠા મલીને રાજની હદનો બંદોબસત કરે. તોપણ ચીનાં લોકોએ હેવાં મોઆમલા ઉપર ભરૂસો નહી લાવીને થોડા એક હજાર સીપાહીઓની ફોજ એકઠી કરી રાખીઆથી પોતાને ગમતો બંદોબસત કરી લીધો; અને તેથી કરીને રૂશીઆન લોકોએ જે મુલકમાં વધારો કીધો હતો, તે સંઘલો ખોઇ દીધો, અને, કરબેચી અને અરગોન એ નદીઓની તથા ઇસતનોવાએ પાહાડોની હારની દખણ તરફનો સંઘલો મુલક ચીનાં લોકોને સવાધીન થાઓ, અને રૂશીઆન લોકો ઉતર તરફનાં વેરાન દેશ ઉપર રાજી રેહેઆ. અને, એ બંધે ગનેઆતનાં શેકારીઓ પોતાનાં મુલકની હદ બાહેર જાએ નહી; અને ચોરી તથા નાંહાશી ગીએલા લોકોને બંધે તરફ વાલાઓએ એક બીજાને પાછા આપવા; અને સંબ

લા ટંટાનું સેબટ લાવવાને સારૂં ફુટી નદીની અને ઇસટે
નોવાએ પાહાડની વચેનો પરાંત અગાલ અથવા જુદો કી
ધો, કે તે ઉપર બંધે તરફ વાલાઓનો હુક લાગુ પડે નહી.
એ બંદોબસત સને ૧૭૨૯ માં કીઆતકામાં મુકરર કરી
ને સાબેત કીધોછે ॰

ચીચીહાર એ ઘણાંએક દેશનીકાલ કીધેલા લોકોને રેહે
વાની જગાછે; અને તે તકશીરવારોને તાંહાં ગોલામ દાખે
લ ગણેછે, અને તેઓને ખાધાની પાંતીનીબી વીપત પડેછે.
અને મોહોટા દરજજાના માનદરીનોને પણ લાકડાં કાપી લાવ
વાને સારૂ જંગાલમા મોકલેછે, અને શાહેંશાહની હોડી ખેચવા
ને થકી નદીનાં કાંઠાઓ આગાલ રાખેછે. હરેક કાંઇ સંધે
સો પોહોંચાડવાને સારૂં સંધલા ભાગોમાં ડાક ઉઠી ઉભાં કી
ધેલીછે, તે હેવી રીતેકે થોડા વખતમાં હરેક કાંઇ ખબર
ચીનનાં પાએતખત સેહેરમાં જાઇ પોહોંચેછે. એ પરગણાં ઉ
પર એક તસીઆંગાની હુકુમત ચાલેછે. ચીચીહાર જે પા
એતખત સેહેરછે, તે ૪૭ અંશ અને ૨૪ કલાની ચોરણમાં
તથા પીકીંગની પૂરવ દશાથી ૭ અંશ અને ૨૭ કલાની લં
બાનમાંછે; તેની આસેપાસે અંદરથી લાકડાંની દેવાલ અને
બાહેરથી કોટની સફીલ બાંધી લીધેલીછે. ઘણાંખરા રેહેવાશી
ઓ તકસીરવાર અથવા વેપારી ચીનાંઓછે. ઈ સેહેરમાં તાતા
રી લશકરનાં સરદારનો મેહેલ અને અદલાત વગરે બીજું કાં
મ જુલમેછે. લોકોનાં ઘેરો દેવાલની બાહેર હારની હાર પોહો
લા રસતાઓ રાખીને મેટાંડાથી બાંધેલાંછે, અને તેઓની આ
સેપાસે મટોડાંની દેવાલ ભરી લીધેલીછે. મેનથેનહોતુન એ
સેહેર ચીચીહારથી શુમારે ૧૨૦ મેલ દુર ૪૯ અંશ અને ૧૨

કલાની ચોરણમાં તથા પીકીંગની પૂરવ દશાથી ૮ અંશ અને ૩૩ કલાની લંબાંનમાંછે; તે રેતાલ જમીન ઉપર વસેલુંછે, અને તેમાં વસતી કાંઈ ઘણી નથી. એક ઉપજાઉ રેલી જમીન જેમાં ઘઉંનો પાક પૂશકલ થાએછે, ત્યાંહાં ઘણુંજ સારીપણે વસેલું સેહેર સીગાલીએનઉલાહોતુન નામે ૫૦ અંશની ચોરણમાં તથા પીકીંગની પૂરવ દશાથી ૧૦ અંશ અને ૫૮ કલાની લંબાંનમાં આવેલુંછે.

માનચૂરીઆની આબોહવા અમેરીકા ખંડમાંના કાનેડા દેશનાં જેવી માલંમ પડેછે, પણ ચીનાંઈ સરકાર તેને ખોઈ બેસવાની ધાસતીને લીધે હેવી મોહોટા ફેલાવની જમીન ખેડીઆ ઉપર ઘટતું ધેઆન પોહોચાડવાને નારાજી દેખાડેછે, તેથી કરીને તેની સઘલી શુધરાઈમાં અટકાવ થાઈ પડીએછે. ગ્રીરીન અને ચીચીહારનાં ગાંમો અને સેહેરો તથા તેઓની આસપાસનાં રાનો, પાહાડો, અને મેદાંનોમાંનાં રેહેનારાઓ શાહંશાહી હોકમને માંન આપેછે, અને પોતાનાં લડાએક માંણસોને કુમક કરનારી ફોજો દાખેલ મોકલેછે. એ જંગાલી સરીખા વેરાંન મુલકમાંથી સવારોનાં ટોલાંઓ ઉંચાનીચા રસતાઓ, ડુંગરો, અને સાંકડી વાટો પરથી શાહંશાહના લશકર સાથે ઉતાવલેથી એકઠા થાવાને સારૂ જતા જોઆમો આવેછે. પણ, એ મજબુત રાંની લોકોનાં હથીઆરોનો આવાજ મનુશ જાતનું ખુન પાડવાને ઘોંઅટ કરતો નથી; તેઓ ઈનસાન જેવા હરીફની સાંથે થાઆની કીમત વગેરે માતર જનાવરો ઉપર લડાઈનું રણસીગું કુંકીને, પોતનાં જોર ભરેલા હુમલા અને દોર દપટ કરી દેખાડેછે, અને હરણો, વાઘો, રીંછો ઉપર બેરા બાલીને તેઓ

ને એકાએક શાહંશાહનાં નેજાની.નોકની અશારતથી બેજાન કરી નાંખેછે. એ પરમાંણે અંહીઆંજ ચીનાંઈ લશકર પોતાનાં શાહંશાહ સુધાં પોતાની મોહોટી બાહદુરી તથા કવાએદ કરી દેખાડીને ફતેહનો સરપાવ મેલવેછે ❀

ચીચીહારમાં શાહંશાહની ચોપડીમાં લખેલા હીસાબ પરમાંણે માતર ૨૩૯૮ કુટુંબો વસેછે; પણ એ હીસાબ ચોકસ નથી હેવું ઉંથાંડું માલંમ પડેછે, કાંકે એ પરગણું તેની પડોસનાં સીબીરીઆનાં પરાંત કરતાને ઘણું સારીપખે ખેડાએલુંછે. અંહીઆં દાઔરીઆ નાંમે પાહાડોની મુખીઅ હાર ઈસાન કોણ તરફ ચાલીછે, અને તે વધારે ઉંચી થઈને ઈસટેનોવાએ પાહાડોની હારને નાંમે છેક બેરીંગાની ઈસતરેટસ સુધી ફેલાઈલીછે, તેઆરે તેમાંની કેક દગાલ નીકલીને લાંબીની લાંબી કામચાટકાનાં ઉપદવીપમાં ગઈલીછે. ઈઅનીસી અને આંગારા એ નદીઓની વચે તુંગુસકાનો દેશજેછે, તે ડુંગરેમાં એક ઉંચું અને ગીંગું મેદાનછે. માનચૂરીઆની પડોસનાં પરાંતમાં ઈઅનીસી, આંગારા, સીલીંગા, અને લીના એ નદીઓ ચાલેલીછે. સીબીરીઆંનાં પાહાડોમાંથી જે સોનું, લોહોડું, અને તરાંબું મલેછે; તે ઉપરથી માલંમ પડેચકે માનચૂરીઆમાંબી એ ધાતુઓ મલી શકે, પણ તાહાંની સરકાર ઘણો દરવ ઉંઘાડો પાડવાની ચીનતા કરીને, તેને જમીનમાંજ છુપો રાખવાને રાજીછે. માનચૂરીઆની બાહેરનાં મુલખોમાં તુંગુસ ગનેઆતનાં લોકો જેઓ માનચૂ લોકોને લગાભગા મલતાછે, તે વતરોગ ગાલીચ સમોઈદ લોકો, ખુઆર થાએલા ઈઆકુત લોકો, દલદરી ઉકાધીર લોકો, ચૂકચી લોકો, કોલાગી લોકો, કોરીઆ

ક લોકો, અને કામચાટકાનાં લોકો વસેછે; અને તેઓ ચો કસ કરીને બાજે તાતાર લોકોની વંશનાંછે, કે જેઓને પોતાનાં પરાંતમાંથી કાહાડી મુકીઆ હતા, તેથી કરીને એ બરફ અને જાકલ ભરેલાં મુલકમાં આવીને આસરો લીધોછે. માનચૂરીઆની ઘણીજ નંજદીક જે રૂશીઆન લોકોનો પરાંતછે, તેબી દેશનીકાલ થાએલા નીરાસ કેદીઓને રેહેવાની જગાછે. પૂરવ તરફનાં સીબીરીઆમાંનાં રેહેનારા લોકોને હેવીતો સખતી ભોગવવી પડેછે, કે બીજા દેશનાં લોકો તેમાં જલદી પોતાનાં દાહાડા આખર કરી નાંખે; પણ સીબીરી લોકો નરમ અને રૂંવાળા બાલનાં ચામડાં અથવા પોશાતીનનો મોહોટો જથો મેલવવાની ઉમેદમાં પોતાની જંદગી તેમાંથી જે થોડોએક લાભ થાએછે, તે ઉપર રાજી રેહીને ગુજારેછે. એ મુલકોમાં જે રૂશીઆન લોકોએ ઘણે એક શુધરો કરી નાખેઓછે, તેથી કરીને તેઓની સતામાં ઘણો વધારો થાઓછે. અને જો કદાચ હવે ચીનાંઓ પોતાનાં પડોસી શાથે ટંટો ઉઠી ઉભો કરસેતો, ચીનાંઓ ઉપર તેઓ સારી રીતે ફાવી સકશે હેવું ચોકસ માલમ પડેછે.

બાબ છઠો.

મોંગોલીઆ, અથવા મોંગોલ લોકોનાં દેશનું વરણન.

એ મોંગોલ અથવા મૂંગોલની જાતનાં લોકોથી વસેલાં
બારે મોહોટા દેશનું વરણન કરવામાં હમો તે લોકોની જે ગ
નેઆતો ચીનાંઓ હુકુમત હેઠલછે, તેઓ વીશેજ માતર બો
લીએચ. તે લોકો એકવાર આખા ચીનનાં ધણીઓ થા
ઇ પડીઆ હતા, તેઓએ રૂશીઆનનો દેશ પોતાને તા
બા હેઠલ કીધો હતો, અને તુરકસતાનના મુલકને નમતો
કીધો હતો, તેઓ પોતાની ફતેહ ભરેલી ફોજોને લે
ઇ ઇરાન અને હીંદોસતાનમાં પેઠા હતા, અને તેઓએ
એશીઆ માઈનરમાં સેલજુક તુરક લોકોને જેર કીધા હતા.
મનુશ જાતને હલાક કરનારાઓની પેઠે તેઓએ યુરોપ
ખંડનાં મુલકોને ખરાબ કરી નાખીઆં હતા, અરબ લોકો
ને સજા દીધી હતી, સીરીઆનો મુલક તારાજ કરી નાખીઓ
હતો, અને તેઓ મીસર અને આફરીકા ખંડનાં ઉતર તર
ફના મુલકો ઉપર હુમલો કરી આવવાની ધાસતી દેખાડતા
હતા. એકવાર તેઓએ નાંમીચો ફતેહ કરનાર—જીંગીસની
તાબેદારી હેઠલ રહીને જુધ મચાવીઉંછે, કે જેની ઓલાદે
પોતાનાં બાપદાદાને હાથની કીધેલી ફતેહને મજબૂતી આ

પીને ઘણી વધારી મુકી હતી. એ વખણાએલા મોંગોલ સરદારનો નવીરો—કુબલાઇ શાહંશાહ પોતે ચીનનાં તખત ઉપર બેશીને, પોતાનો અમલ કીમસાગરનાં ઘણાંજ દુર દેશો શુધી ચલાવતો હતો. પણ તેઓનો લડાએક દબદબોજ લદીથી ઉઠી ગીઓ; કાંકે મોંગોલ લોકો કશ અસરત લોગાવવામાં પડીઆથી નામરદ સરીખા થાઇ ગીઆને લીધે મીંગની ઓલાદ શુરૂ કરનાર શાહંશાહ—હુંગવૂએ તેઓને ચીનમાંથી મારી કાહાડીઆ. તોપણ તેમૂર જે જેંગીસનાં કુટંબમાં સગાઇનો હક ધરાવતો હતો, તેણે તુરક અને હીંદુ લોકો સાથે ફતેહ ભરેલી લડાઇઓ કીધાથી પાછી પોતાનાં દેશીઓની કીરતીનો ફેલાવ કીધો હતો. અને તે ચીનનો મુલક ફરીથી ફતેહ કરવાને નીકલીઓ હતો, પણ બેપરવા મરણનાં હાતથી તેનાં ફતેહ ભરેલા દોરની આખર થાઇ. તેનાં મુરતીપૂજક દેશભાઇઓ જેઓ શામાંની ધરમની કઠાઓ તીબેતમાંથી સીકીઆ હતા, તેઓ વચલા એશીઆ ખંડનાં રાનો ઉપરજ રાજી થાઇ રેહેઆ. અને ચીનનાં મુલકને વીસરીગીઆ, અને સવરગીરાજ ઉપર હુમલો કરવાનાં વીચાર વગરે પોતાનાં ઢોરોનાં મોહોટાં મોહોટાં ટોલાંઓ ચાલવામાં લાગી ગીઆ. તોપણ જે લોકો ચીચીહાર અને કોરચીનમાં રેહેતા હતા, તેઆને માનચૂ તાતાર લોકોએ સજાગરૂ કીધાથી ચીનની ફતેહ કરવામાં તે લોકો શાથે શામેલ થાઆ હતા. તેઆરથી તેઓની ઘણીખરી ગનેઆતો સવરગી રાજનાં તાબા હેઠલ આવી ગેઇ, અથવા તેઓ પોત પોતાની મતલબ સાંધીને માનચૂની ઓલાદના શાંહશાહઓની તાબેદારી પોતાની મરજીથી કબુલ કીધી *

ચીનને તાબુકેનાં મુલકો (કાનચુકવો) આએછે,—મોંગોલીઆ; સોંગારીઆ, જે કાલમક અથવા ઇલુથ લોકોનો દેશછે; પૂરવ તરફનું તુરકસતાન, કેમાંનાં બે છેલાં મુલકોને તસીનકીઆંગ (નવું નાકું)કરીને કેહેછે, અને ઇલીનાં શુબાનાં દાખેલ કીધાંછે; અને તીબેતછે *

મોંગોલીઆનાં નાકાંઓ વીશે બરાબર જાણીતું નથી, અને વલી તેમાં જે જે ગનેઆતો વશેછે, તેઓનાં રેહાણોબી ચોકસ બતલાવી સકાતાં નથી. કાંકે તેઓ જે પરાંતમાં ભટકતા ફરેછે, તે ઘણોતો મોહોટોછે, અને તેઓ વારેવાર પોતાનાં ઠેકાણાંઓ બદલતા જાએછે,તેથી કરીને એ ઠરાવેલા મુકામ વગર રજલતા ફરેનારા લોકોનાં મુલક વીશે સંઘલો બરોબર એહેવાલ લખવાને ઘણું મુશકેલછે *

મોંગોલીઆની પૂરવ તરફની હદ માનચૂરીઆમાંનું ચીચીહારનું પરગણુંછે. તે ઉતર તરફથી સીબીરીઆ સાથે આલટે પાહાડોનાં આઆથી જુદું પડેછે; અને તેની દખણ દશાએ ચીનની મોહોટી દેવાલ આવેલીછે; અને પશચમ દશાપર ઇલીનો શુબો અને કાનશુહનું સંસથાનછે. તે તીબેતની વાછળ કોણ તરફ આવેલુંછે, અને કોકોનોર જે તેનો ઈક ભાગછે, તે સજીચૂએનનાં સંસથાનનાં પશચમ તરફનાં નાંકાંઓ વેર ચાલેલોછે. કેહેવું કેહેછે કે તે ૩૪ થીતે ૫૫ અંશની ચોરણ શુધી તથા પીકીંગની પૂરવ દશાથી ૫ અંશથી તે પશચમ દશાઈ ૨૦ અંશની લંબાન શુધી ફેલાઈ લુંછે; તેઆરે એ પરમાંણે આસરે ૧૧૪૦ મૈલ લાંબું અને ૨૦૦૦ મૈલ મોહોલુંછે. પણ મોંગોલ લોકોની ગનેઆતોને

રેહેવાની જગાઓ એખલી એજ મુલકમાં હોએ હેવું નથી. હમોએ આગલ કેહેલુંછે કે તેઓની બાજે ગનેઆતો ચીચીકારમાં લરવાડ અને શેકારી લોકોની કાંની રેહેછે. તેઓએ ચીનનો મુલક પતેહ કરવામાં માનચૂ લોકોને પોતાની મદદ કીધી હતી, તેથી કરીને નવી ઓલાદનાં શાહંશાહોએ તેઓની ઉપર ઘણી મેહેરબાંની રાખીને તેઓને ચીનનાં રાજમાં આઠ ઝુંડા હેઠલ વેંહેંચીઆછે. તેઓ ખલી, કોકોનોર, ઉતર તરપનાં તીબેનાં પરગણાંઓમાંથી વીખરાએલાછે, અને તેઓની ઘણીએક ગનેઆતો રૂશીઆંનની વપાદાર પરજા થાએ રેહીછે ❀

આલટઈ અથવા આલતાઈ, ટિલે શુનેરી પાહાડો ઈરતીશ નદી જે જગાઓમાંથી ઉપજેછે તેને ઘેરીને, તે નદીનાં જમણા કાંઠા તરપથી વાઈવ્ય કોણ તરપ ગીઈલાછે; તાંહાંથી તેઓ પૂરવ તરપ મોંગોલીઆનાં નાંકાં આગલથી પેલાએલાછે. માનચૂરીઆમાં તેઓ દાઓરીઆનાં પાહાડોને નાંમે ચાલીને ઈઆબલોનો ઈખરીબેત સાથે જોડાએછે. કાલકા લોકોનાં દેશમાં કેનતેહ અને ખાંનગાઈ ઈ પાહાડોની હારો નીકલીને દખણ તરપ પેલાઈલીછે, અને નેરૂત કોણ તરપ જતાં તેઓ લગાલગા કોબી શુધી પોંહોંચેછે. સાઈઓરતસી, અથવા સીઆબકોઈ પોહાડો શેનસીનાં સંસથાનનાં નાકા પરથી નીકલીને માંહેલા મોંગોલીઆમાં થાઈનેં માનચૂરીમાં ચાલેલાછે. બોતનની દખણ દશાએ અને તીબેતેં તથા લાદકની ઉતર દશાએ કુવાનલુન અથવા કોલકુનનાં પાહાડોની હાર આવેલીછે, કે જે લગાલગા પૂરવ અને પશ્ચમ દશાએ કોકોનોરમાંથી ચાલેલીછે, અને બીલૂર અથવા

તશ્રુંગલીગાનાં પાહાડો શાથે જોડાએછે. એ આખો દેશ સમુદરની સપાટીથી ઘણોએક ઉંચો અને સરખોછે. તેની જમીનની સપાટી કેટલીએક જગોએ લીલાંન વીનાંનીછે, અને બીજી જગોએ જંગલો અને ઉંચાં ઘાસોથી ભરેલીછે, પણ થોડીએક જગાઓ ખેડીઆજોગછે.

હવાંગહો નદી કોકોનોરનાં એક ભાગમાં અને ઓરતુસ લોકોના પરાંતમાં ચાલેલીછે. ઉતર તરપ સીલીંઘા અને ઓરચોન ઈ નદીઓ જેછે, તે બઈકાલ સરોવરમાં જાએછે; અને કેરલોન અને ઓનોન એ નદીઓ એકઠી મલીને અમૂર નદી થાએછે. લીઆઓહો નદી કાલકા લોકોનાં દેશમાંથી નીકલીને પૂરવ તરપ લીઓતુંગમાં વેહેછે. તોલા નદીનો ઓગાન તસેતસેન અને તોચાઈતૂ એ ખાનાતોની વચે કેનતેહનાં ઉંચા ડુંગારોમાંછે: એ નદી પેહેલા દખણ તરપ, પછી પશચમ તરપ, અને છેલે ઉતર તરપ ચાલીને ઓરચોન નદીમાં જાએછે. તાંહાં સરોવરો ઘણાંએકછે. તેઓમાંનાં કેટલાએક ઘણાં મોહોટાછે; અને બાજે એટલાતો નહાનાં છે કે, તેઓનું પાંણી રેતીમાં સોસાઈ જાએછે; ઘણાંએક સરોવરોમાંનાં પાંણી ખોરચાંછે; અને બીજાઓમાં પાંણીનો સવાદ મોસમ સાથે બદલાએછે. હમો અહીંઆ કોકોનોર, ઓલીન, અને ચાલીગ, અને સીંગસુહહાઈ (જેને ચીનાઈ બોલીમાં—સીતારાઓનો દરીઓ કરીને કેહેછે), ઈ સરોવરોનાં નાંમો કહીએછે, કે જેઓ સંઘલા કોકોનોરનાં પરગણાઓમાંછે. કોબદોમાં સરોવરો ઘણાં આવેલાછે; તેમાં ઉપસાનોર અને આલતાઈનોર પૂરવ દશાએછે, આલાકનોર દખણ દશાએછે, તસાઈસાંગ અને જાઈસાનનોર વાઈવુ કોણમાંછે.

એ દેશ નીચે લખીઆ પરમાંણે વેહેંચાએલોછે:—

૧ માંછુંનું મોંગોલીઆ, જે લીઆઓતુંગની પશચમ દશા એ, મોકોટી દેવાલની ઊતર દશાએ, અને કોબીની પૂરવ અને દખણ દશાએછે; તે ઘણું કરીને ઓરતુસ લોકોની ગા નેઆતથી વસેલુંછે ॰

૨ બાહેરનું મોંગોલીઆ, અથવા કાલકા લોકોનો પરાંત, જે ચીચીહારની પશચમ દશાએ, ઇલુથ લોકોનાં દેશ ની પૂરવ દશાએ, અને કોબીની ઊતર દશાએછે; તે માન ચૂરીઆનાં નાંકાં પર ખીનગાન પાહાડોની હારથી તે તી ઇનશાન, અથવા સવરગી પાહાડોની હેડવાઇ શુધી ફે લાએલુંછે ॰

૩ કોકોનોર, એ પરાંત કાનશુહ, સજીચૂએન, તીબેત અને કોબીની વચે આવેલોછે, અને તેમાં ઊતર તરફ ઘણી એક ગનેઆતો વસેલીછે ॰

૪ ઓલીઆસોતાઇનો તાલુકો, જે સીબીરીઆની દખણ દશાએ, કાલકા લોકોની પશચમ દશાએ, અને કોબીની ઊતર દશાએછે; તેમાં ઇરતીસ નદીનાં પાંણી આવેલાંછે, અને આલતાઇ પાહાડોની ચાંમાર નાંમે એક દગાલ ફેલા એલીછે ॰

એ વગર ઠરાવેલા રેહેઠાંણ વાલી ઘણીએક ગનેઆતો ઊ પર હુકુમત ચલાવાને સાઊ ચીનાંઓએ તેઓને માટે તે ઓનાં પોતાનાં હાકેમો અથવા ખાનોને ઠેહેરવા દીધાછે, અને

તે હાકેમોને ખીતાબો આપેઆછે, અને તેઓ પાસેથી સ
લામી લેતી કીધીછે; પણ તે સલામીના કરતાંને દસગણું
વધારે તેઓની કાંઇ ખરી અથવા નાંમની ચાકરીનાં બદ
લામાં પાકું આપેછે. શાહંશાહનાં કુટંબને લગાતી ઓરતો
ઘણીછે, તેથી કરીને તે ઓરતોને મોંગોલ લોકોનાં ખાનો
સાથે પરણાવેછે, અને એ રીતે કીધાથી તેઓ સાથે સંબં
ધનો ગાંઠ વધારે મજબુતી પકડેછે. તે ઓરતોને શાહંશાહ
નાં ખજાનામાંથી વરશોવરશ કેટલોએક લવાજમો મલેછે; અ
ને જેઆરે તેઓ પોતાનાં ખાવંદોને ઘેર જાએછે, તેઆરે તે
ઓને ઘણીએક બધીઓ આપી મોકલેછે, કે તેથી કરીને તે
ઓનું દીલ દરબાર ઉપર વધારે લાગેલું રેહે. અને તેઓને તાં
હાંજે છોકરૂં જનમેછે, તેનું નાંમ શાહંશાહી નસલનામામાં
નોંધી રાખેછે. અને તેઓનાં જવાન શાહજાદાઓને ઘણી
બાર પીકીંગ ખાતે મોકલેછે, કે જાંહાં તેઓને કેળવણી આ
પવાને સારૂં એક મોહોટી નીશાલ ઉઠી ઉભી કીધેલીછે;
એ પરમાણે તેઓ નહાંનપણથીજ ચીનાંઇ લખવા પઢવા
ની વીદીઆ સીકેછે, અને તાંહાંની દરબારની રાહરવેશ
થી વાકેફ થાએછે. તેઓનાં સંઘલા જોરાવર રાજાઓ ઉપર
જાસુસો મુકેલા હોએછે, કે જેઓ તેઓ વીશેનું જરાકેજરાક
સાંભલેલું અથવા જોએલું દરબાર ખાતે આવીને બરોબર
જાહેર કરેછે: અને એ પરમાણે હરેક કોઇ ગનેઆતનાં લો
કોને બલવો કરીને સાંબે થાઆની અગાઉ ચીનની સરકા
રને તેની સંઘલી ખબર માલુમ પડી આવેછે. એક બીજી
ગનેઆતનાં લોકો વચેનાં તંટાનો ચૂકાદો પીકીંગમાં લીફા
નહૂઊએન અથવા તાબુકેનાં મુલકોનાં કારભાર વીશેની મં

ડલીમાં થાએછે, કે જેનાં અધીકારીઓ કેટલાએક મોંગોલનાં અમીરોછે *

તેઓને હજૂર વધારે માનચૂની તરફ બંધાએલા રેહેવાને સારૂં શાહંશાહ મોંગોલ અને તીબેતનાં લોકોનાં સામાઓને મોહોટું માન આપીને નીભાવી લીએછે. તે ઉપરથી એ ઉપાધીઆઓ ચીનાઇ સરકારનાં મોહોટા હીમાતીઓછે, કાંકે તેઓનો અખતીઆર મોંગોલ લોકોમાં ઘણો ચાલેછે. સંઘલી તીમાકો અથવા ગનીઆતો શાહંશાહના હોકમથી તાબરતોબ પોતાનાં લોકો શૂધા તઇઆર થવાને બંધાએલીછે; અને તેઓને શાહંશાહનાં લશકરમાં પોતપોતાને ભાગો પરતા સવારો મોકલવા પડેછે, તો જોકે તેઓ પાસે કસાએલા અને સારી કવાએદ વાલા ઘોડસવારો વગાર બીજું કશું લશકર નથી. તેઓમાં બંદોબસત રાખવાને સારૂં માનચૂ લોકોની કાંની તેઓની જુદી જુદી ગનીઆતોને ઝૂંડાઓમાં વેંહેચેલીછે. હવે એ લોકોને વફાદારીથી રેહેવાને સારી રીતે બાંધેલાછે, તોબી જેઆરે તેઓનાં મુલકોનાં દુકાલ અને તંગી પડેછે, તેઆરે તેઓ હેવાં સંબંધને કસી રીતે ખાતરમાં લાવીને માનતા નથી. તોપણ થોડાએકજ દાખલાઓ મલી આવેછે, કે તેઓનાં રાજાઓએ હેવી સરકશી કરી દેખાડેલીછે. કાંકે ચીનાઇ સરકાર તેઓનાં જુદાજુદા રાજાઓને એક બીજા વીશે ઉશકેરી આપેછે, તેથીકરીને તેઓમાંથી એક દીબી ઉઠી જાઇને તેઓ પોતાની મેલેજ દબાએલા રેહેછે. તે ઉપરાંત માનચૂની સરકાર એ વગર ઠારાવેલાં રેઠાણ વાલા લોકો ઉપર કર નહીં ઠરાવાની સારી રીતં ચલાવેછે, અને તેઓને

સારી બખસેશો કરીને તેઓનું દીલ લોભાવેછે; તે હેવી રીતે કે હરેક બલવા ફીસાદની વખતે તેઓનાં રાજાઓને પોતાની આએપતમાં મોહોટો ઘટારો ખમવો પડેછે.*

વલી તે લોકોને ઘણીએક ચીજો જેવીકે નાનકીન, રેશમી કાપડ, કાઇલચા અથવા ઇતરડીની ચાહની જે અગત પડેછે, તે માતર ચીનથીજ પોહોંચી સકેછે. તેથી કરીને લડાઇની વખતે તેઓને એ ચીજો જે ચોકસકરીને જીંદગીની જરૂરની જીનસો થાઇ પડીછે, તે મલી નહીં આવે. અને તેઓનાં પૂશાકલ ઢોરોના ખરીદ કરનારાઓ મલે નહીં, અને તેઓ મોહોટી તંગીની હાલતમાં આવી પડે. હેવા ઉપાઓ ચલાવીઆથી તેઓ સાથેની શુલેહમાં મોહોટી મજબુતી થાઇ પડીછે. અને તેથી કરીને રૂશીઆન લોકોને ચીનનાં રાજમાં વધી આવવાને એક મોહોટો અટકાવ થાએલોછે. હવે જોકે હેવી રીતે નબલા ચીનાંઓ કસી ધાસતી વગર જે લોકોથી કેકવાર આખું ઇઊરોપ ધ્રુજી રહીઊં હતું, અને જેઓનાં હાત ઉપર પોલંડ અને જરમનીનાં બાહાદુર સરદારો મારીઆ ગીઆછે, તેઓનાં ધણી થાઇ પડેલાછે, તોપણ મોંગોલ લોકોનો ટોલો જેવો અગાઊ હતો તેવો હમણાં નથી; કાંકે તેઓ ઉપર બણાંકક હાદેરાઓ પડીઆથી તેઓની હીંમત બહું આઇઊં દબી ગઈલીછે. તેઓ એકવાર હરેક ગનેઆતનાં શાતરૂઓ થાઇ પડીઆ હતા, તે માટે તેઓથી જે લોકોએ દુખ સેહીઊં હતું, તે લોકો પોતાને વગ જોઇને તેઓ ઉપર ચહડી આવીને તેઓને મારી જતા હતા. તે ઉપરથી તેઓ પોતાનાં રાનોમાં પાછા આવી રેહીઆ, કે જાંહાં તેઓને ઘણીવાર ભારે તંગી

તેને ટાલવાનાં કસા ઉપાએ વગારે સેહેવી પડેછે. કાંકે જો તેઓનાં ઢોરોમાં મરકી પડેછે, અથવા વરશાદની કમીને લીધે ચારો ખરાબ થાએછે, અથવા મોહોટાં થાસો ઉગો લાં બલી જાએછે, તો તેઓ ઘણીજ હલાકીની હાલતમાં આવી પડેછે. અને તેઓની લડાએક હીમત જે નહી દબી સકે હેવીછે, તે જલદીથી તુટી જાઈછે. વલી તેઓ શામાની ધરમ પાલેછે, કે જેની અસરથી મનુશનાં દીલમાં મોહોટાં મોહોટાં કામો ઉઠાવવાની હીમત દબી જાઈછે. કાંકે તે ધરમનાં રાખનારાં અદનાથી તે આલા લોકો એક ગુરૂનાં તાબા હેઠલ રેહેછે, અને તેઓ સંધલાનો જાન અને દીલ તે પોતાનાં બંદમાં રાખેછે. આએ ગીઆં સો વરશ થાંઆ એ રાની મુલકોમાં જે સમાધાની ચાલી જાએછે, તેથી ચોકસ કરી તે લોકોની જાતી તુંદી બુજાઈ ગેઈછે. અને તેઓ સાથે ચીનાંઓ જે વેપારી વેહેવાર ચલાવાને સારૂં ઘણીવાર મુલાકાત કરેછે; તે ઉપરથી તેઓની ચાલચલણમાંથી જાહેલી નીકલી ગેઈછે *

તે મોહોટા ઝીરતારની હેવીજં બખેશશ હશે કે ઈ સરકશ અને તુંદ લોકોના લડાઈક દોરનો હેવા નશીહતનાં મારગેજ અટકાવ થાએ. તેઓ હમણાં તુરકસતાન અને તીબેતનાં મુલક ઉપર લૂટફાટ કરવાનો તથા ઈરાનનાં મુલકને ખરાબ કરવાનો કશદ કરી શકે, પણ રૂશીઆનનાં મૂલક ઉપર હેવો કશદ કરવાને વએરથછે. એ પૂરવ તરફનાં લટકતા ફરનારા લોકોનાં ટોલાંઓથી યુરોપનાં મુલકોને હવે કસી ધાસતી જેવું નથી; પણ જો કોઈ તેઓનો સરકશ પાદશાહ પોતાનું માથું ફેરવી બેસેતો, ચીનનો મુલક તેઓનાં જુ

લમ હેઠલ ૫રીથી આવી ૫ડે. તેઓએ એકવાર પોતાની લશકરી સભામાં એવો ઠરાવ કીધો હતો, કે સવરગી રાજ નાં સંધા સેહેરોને બાલી નાંખીને તોહોનાં રેહેવાશીઓ ને કતલ કરી નાખે, તથા પીલી નદીની ઉતર તરફનાં મુલકને એક મોહોટી ઢોર ચારવાની જગા કરી મુકે. તેઓમાં હજુરબી પોતાનો ખવાસ બદલાઓ નથી: તેઓની કુવત આગલ ચીનાંઓ ઘણું ઉતરતાછે, પણ તેનો ઉપાએ ચીનાંઓ મોહોટાઈ અને ધમકી ભરેલા સનદો અને દસતાવેજો થી કરેછે; અને તેઓ જેઆરે પોતાનાં એ જોરાવર હથીઆરો ચલાવા માંડેછે, તેઆરે લાખો તાતારી સવારો લુટફાટ કરવાનાં શોકથી ફતેહની કમર બાંધીને નીકલેલા હો એચ તોબી ફાવી સકતા નથી. વખતે વખત ચીનાંઓ હેવા અજમાએશથી મોંગોલ લોકોને છેતરીને સુલેહની શરતનાં બંદોબસત કરવાનાં મામલામાં નાખીને, તેઓને જીતી ગીઆછે ✻

એ મોંગોલ લોકોની ગનેઆતો આસતે આસતે ચીનનાં અમલ ચલાવનારાઓનાં તાબા હેઠલ આવતી ગઈછે. શુન ચી શાહંશાહનાં અમલ સુધી માનચુનું તખત મજબુતી ઉપર આઈઉંનું નહી. અને માનચુ લોકોનાં હાતમાં જે ચીનનું રાજ આઈઉંછે, તે કાંઈ બાહાદુરીથી નહી પણ અચબુચ ખોફ ભરેલા બનાવથી હાત લાગી ગીઉંછે. તેઓ ચીનાંઓની અસલી રાહરવેશને પોતાનાં અમલી ની રીત પરમાંહે લાવવાની કોશેશ કરતાં, તથા જે જે સેહેરો તેઓની હુકુમતને સાંબે થતાં હતાં તેઓને ખરાબ અને પાએમલ કરતાં, તેઓનાં શતરૂઓ દર દાહાડે વ

ધતા જતા હતા, અને તેઓનો કાબુ વેંહેંચાઇ પડીઓ હતો. મોંગોલ લોકો જેઓ એ લુટમાં શામેલ થઆતા નહીં, તેઓ હેવાં વખતમાં ચુપકીદા બેસી રેહેઆ હતા, પણ તેઓ કતેહ ભરેલા માનચુ લોકોને પોતાનાં સરદાર કરી ગણવાને ઘણાં હાંગો જાઇ બેઠા હતા. તોપણ જેઆરે બલવા ફીસાદનો જોશ નરમ પડતો ગીઓ, અને મોહોટો રાજ ગાદીઆની સરદાર કાંગહી તખતે બેઠો, તેઆરે તેઓની સાથે મેલ કરીને તેઓને તાબા હેઠલ લાવતા ગીઆ. તે વખતે કાલકા લોકોની ગનેઆત ઘણીજ જોરાવર હતી; અને તેઓની લશકરી ફોજ સાત ઝુંડાઓમાં વેંહેંચાએલી હતી. તરણ ખાનો જેઓ જીંગીસની નસલનાં હતા, અને જેઓને પોતાનો ખીતાબ તીબેતનાં માહાલામાથી મલેલો હતો, તેઓઈ પોતાની ફોજને મેદાનમાં કાહાડી હતી; પણ તેઓ કંઇ સંપીથી ચાલતા હતા નહીં, અને કંઇ બીજા ઉપર દસત દરાજી કરતા હતા, તેથી કરીને તેઓનાં મુલકોમાં ગભરાત ઉઠી ઉભો થઓ હતો, અને માતર લામાઓની મોહોટી કોશેશથી તે ગનેઆતો કરી સમાધીની ઉપર આવી હતી. તે લોકો પાસે ઢોરોનો દરવ ઘણો હતો, અને તેઓની બડાએક હીમત જે માનચુ લોકોને જોઇને સજાગરૂ થાઇ હતી, તેથી કરીને તેઓ સવરંગી રાજનાં મોહોટા સરકશ પડોસીઓ થાઇ પડીઆ હતા. જેઆરે તેઓ પોતાનાં 100000 ઘોડાઓ પીકીંગ ખાતે વેચવાને સારૂ લાવતા હુઆ, તેઆરે શાહંશાહ તેઓની આગલી મોહોટાઇ ઇઆદ લાવીને, તેઓથી ચીન વીશે મોહોટી ચીંતા કરતો હતો. એ તરણ ખાનોમાંથી મુખીઅ ચાસાકતુખાન પાસે આલતાઇ પાહાડ

ની પૂરવ તરફનો મુલક હતો, કે જે સીલીંગ, ઓરકોન, અને તુલા, એ નદીઓ શુધી ફેલાએલોછે. તુચીતુખાનનાં અમલ હેઠલ કેનતેહ પાહાડોની આસેપાસેના સંઘલો પરાંત હતો; અને ચીંચીંગાખાનની હુકુમતમાં કેરલેન નદીનાં કાંઠાઓ પરનાં લોકો હતાં, અને તે સોલોન લોકો ઉપર અમલ ચલાવતો હતો. તેઓ એક એકનાં તાબામાં કેટલાએક તાઇજીઓ અથવા સરદારો હુકુમત ચલાવતા હતા; કે જેઓ પોતાનાં ખાનોના હોકમથી સવારો લેઇ હાજાર થતા હતા *

કાંગહી શાહંશાહનાં રાજમાં એ નાઘલા સરદારોમાંનો ઈક સરદાર—બોપજાંગકુમ તાઇજી એ ઘણીએ ચાસાકતુખાન ઉપર હુમલો કરી આવીને તેને મારી નાખીઓ. અને તેનાં સંઘલા ઢોરો શુખથી પોતાને હાત કરી બેઠો હતો; પણ ચાસાકતુખાનનાં છોકરાંઓએ તુચીતુખાન પાસે મદદ માંગીઆથી, તેણે તે જુલમગારનાં હાતમાંથી સંઘલું છીનવી લેઇને, તેને દલાઇ લામા પાસે તેની તકસીરની ઘટતી સજા મલવાને સારું તીબેતમાં મોકલાવી દીધો. પછી ચાસાકતુ ખાનનાં વડા છોકરાને તેનાં બાપની મીરાશ પાછી અહવાલે કરવાનો હોકમ થાઓ; પણ તુચીતુખાને પોતાનાં ભતરીજાની મુસીબત ઉપરથી પોતાનો લાભ મેલવી લેવાનો ઘગ જોઇને, પોતાનાં ભાઇનાં ઢોરો રાખીને તસીગચુંગતુમબા કુતુકતુ જે તેનો બીજો ભાઇ હતો તેને તે આપીઆં. ઈ ટણી લાસસાની દરબારમાં રેહીને શામાની ધરમનાં સંઘલા છુપા ભેદોથી વાકેફ થાએલો હતો; અને લામાનાં મુલકોમાંની સંઘલી ઠગાઇબી શીકીઓ હતો; તે

થી તે મોંગોલીઆમાં આવીને પોતે બુદ્ધ અથવા બુધનો બીજો અવતારછે, હેવું જાંહેર કરીને પોતાનાં દેશીઓથી પોતાને માનવાનો દાવો કરવા લાગો. અને તે તીબેતની ધરમની જુવાન સારીપખે પઢેલો હતો, અને તેનાં પાસે તેનો લાઇ ખાન હતો, કે જે તેને ઇસવરી માન આપતો હતો, તેથી કરીને ઘણાંએક વસવસા ભરેલા મોંગોલ લોકો તેને કબુલ કરવા લાગા, અને તેની સતા રોજ વધતી ગોઇ. પણ ચાસાકતુખાનનાં ઢોરોનાં ખરા વારેસે ઈ કુતુકતુના દાવાને કબુલ રાખીઓ નંહી, અને તેણે પોતાનો વાજબી હક મલવા વીશેનો દાવો દલાઇ લામા અને ચીનનાં શાહંશાહને જાહેર કીધો. તે ઉપરથી તેનાં ચૂકાદાને સારું એક મોહોટી સભા એકઠી મલી; અને તે સભામાં તીબેત અને ચીન એ બંધે મુલખનાં એલચીઓ આવી મુખીઅ થાઆ, અને ઇલુથ લોકો જેઓ હુતકતુનાં ઇશવરી દાવાને ધીકારતા હતા, તેઓ તેની પાસેથી ઢોર અપાવાને ઘણાં બજીદ થવા લાગા. હવે ચીનાંઇ સરકાર પેહેલ વેહેલી એજ કારણ સર મોંગોલીઆની બાબદમાં દાખેલ થાઇ; અને જોકે કાલકા લોકો ચીનનાં શાહંશાહને સલામી દાખેલ આઠ સફેદ ઘોડાઓ અને એક ઊંઠ મોકલાવતા હતા, તોપણ તેઓ પોતાનાં તંટાના ચુકાદામાં પોતાનાં જોરાવર પડોસીને દાખેલ કરીઆનાં કરતાને દલાઇ લામા જે સંઘલા મોંગોલ લોકોને મધે વડો ગુરૂછે, તેની પાસેજ તેનું સેવટ-લાવુવાને પસંદ કરતા હતા. તે છતાંબી ચીનાંઇ માનદરીનો તે સભામાં જે ઠરાવ થાઓ તે સંઘલાને પસંદ પડતોછે, હેવાં ભરોસાથી રાજી થાઇને ગીઆ; અને ઇલુથ લોકોનાં એલચી

ઓ તાબડતોબ ઢોરો પાછાં અપાવાને સારૂં ઘણી તાકીદ કરવા લાગા, અને કુતુકતુએ જે માતર દીલાએ લામાને માન થતું હતું તે ગોસતાખીથી પોતે લીધું હતું, તેથી તેને ઘણાંએક તાનાં મારીને ધીકારવા લાગા. તે ઉપરથી કુતુકતુએ તે સાંબે બોલનારા એલચીઓને બેડી ઘાલીને બંદ કીધા; અને પોતાનો દાવો ચાસાકતુનાં ઢોરો ઉપર વાજબીછે હેવું દેખડાવાને સારૂં તેનાં દેશ ઉપર ચહડીને, તાંહાંના રાજ કરતા પાદશાહનું માંથું કાપી નાખીઊં, અને તેનાં અમીરો અથવા તાબકીઓમાંનાં એક જણાનો પરાંત જપત કરી લીધો. અને તેણે ઇલુથ લોકોનાં પાદશાહ પર એક ધમકી ભરેલું કાગજ લખી મોકલાવીઊં, અને પોતે બુધનો આવતારછે હેવું તે ઘણી માનતો હતો નહીં, તે કબુલ કરવાને સારૂં ઇલુથ લોકોનાં દેશને તારાજ કરવા લાગો, અને ઇલુથનાં પાદશાહનાં ભાઇને પકડીને તેનું માંથું નેજા ઉપર ચહડાવીઊં, અને જેઓ હજુરશુધી પોતાનાં આગલા મત ઉપર ચુસત રેહેલા હતા, તેઓ સંઘલાઓને તેનો દાખલો બતાવા લાગો. હવે ઇલુથ લોકોનાં પાદશાહે તે ઉલટો ચાલનારને સજાકરવાને સારૂં જાંહાં શુધી પોતે કંઇક મોહોટું લશકર કીધું, તાંહાં શુધી પોતાનાં કરોધને નરમ પાડેલો રાખીઓ હતો. પણ એ હીલબાજ લામાઈ તે સંઘલું આગલથી વીચારીને, મોંગોલ લોકોનાં સંઘલા રાજાઓને તેઓનાં સદાનાં શતરૂઓને મારી હટાવવાને સારૂં બોલાવીઆ હતા; પણ જેવા ઇલુથ લોકો આગલ વધી આઆ, તેવાંજ તે રાજાઓ પોતાનાં લશકર સાથે લામાને તથા તેનાં ભાઇને લડાઇ કરવાને સારૂં રાખીને નીકલી ગીઆ. તે જોતાને રવા

ઇલુમ લોકોએ મોંગોલનાં લશકર ઉપર ઉઠેલા શતરૂની કાંની ભારી જોશથી હુમલો કીધો, તેથી મોંગોલ લોકો તેની સાંબે થાઆ વગરે સંઘલા બાબરા પડીને નાહાસી ગીઆ, અને કુતુકતુ ઓરતુસ લોકોનાં પસાતમાં નાહાસી ભરાઓ, અને ચીનનાં શાહંશાહની પાસે આજેજીથી મદદ માંગીને પોતે તાબેદાર થાવાને, તથા કાલાકા લોકોનાં રાજાઓને સમજાવીને તેઓનાં મુલકો ચીનને તાબુકે કરાવવાને કબુલ થાઓ. હેવી અરજ માનચૂની ઓલાદનાં શાહંશાહને પોતાનો હાત ઉપર કરવાને સારૂં ઘણી પંસદ થાઇ. તેથી ઇલુથનાં પાદશાહે ઘણુંબી સમજાવીઉં, કે તેણે ઉલટા ચાલનારા લામાને જે ચીનનાં એલચીઓએ કબુલ કરાવીઉં છે, તે આમલમાં લાવવાને સારૂં માતર લડાઇ ચલાવીછે; પણ એ સંઘલું તેનું સમજાવેલું વરિથ ગીઉં, અને એ જઘડો ઉઠી ઉભો કરનારાઓની વચે દબાઇ લામા પડીને જે સમજાવાની તરકુદ કીધી, તે ચીનનાં શાહંશાહે તદન નાકબુલ કીધી, કાંકે તેણે હેવો વગ જોઇને એ જાલમ લોકોને ધોકો લગાડવાના ઉપાઓ ચલાવા માડીઆ હતા. અને ઇલુથનાં પાદશાહે બે વરશ શ્રુધી લડાઇ કરીને કાલકા લોકોનાં દેશને તારાજ કરી નાખીને, પોતાનાં ભાઇને મારી નાખનારાઓની પછવાડે છેક ઓરતુસ લોકોનાં દેશમાં જાઇ પોંહોચીઓ હતો. અંહીઆં તેને ચીનાં, મોંગોલ, અને માનચૂ લોકોનું ચીનથી આવેલું લશકર મલીઉં, અને તે લશકરની બાહેરથી મતલબ શુલેહ કરવાની હતી, પણ તેનાં સરદારને હોકમ હતો, કે ઇલુથ લોકોને ફુસલાવી ભુલાવો આપીને, તેઓ ઉપર એકાએક હુમલો કરીને તેઓ

નાં પાદશાહને કેદ પકડયો, તોપણ તેઓનો ફશાદ તદન બરબાદ ગીઓ, કાંકે ઇલુથ લોકોએ તે દગાખોર સરદારને શેકશાત દેઇને, તેનાં લશકર શુધાં તેને મોંનચૂરીઆમાં હાંકી કાહાડીઓ. એ માઠી ખબર સાંભલતાંને વારે કાંગહી શાહેંશાહે એક મોહોટું લશકર એકઠું કરીને પોતાનાં ભાઇઓનાં તાબા હેઠલ આપી મોકલીઉં, અને તેઓને શતરૂ સાથે પીકીંગથી આસરે ૨૪૦ મૈલની વેગલાઇ ઉપર એક ભારી લડાઇ થાઇ. અને તે લડાઇમાં બંધે તરફ વાલાઓને મોહોટી નુકસાની થાઇ, અને અંતે હેવો બંદોબસત થાઓ કે ઇલુથનો પાદશાહ તાંહાંથી કસી હરકત વગરે નીકલી જાઈ. પણ કાંગહીનાં વીચારમાં એ બાબદ પોતાનાં દેશીઓની કરીતીને ઘણીજ માઠી લાગો હેવી આવી આથી, તેણે તે લશકરનાં સરદારોને સીખાશ તરીકે તરણ વરશ શુધી, તેઓને જે આફપત થતી હતી તે છીનવી લીધી. અને ઇલુથનો પાદશાહ જે સંઘલા કાલકા લોકોને તારાબ કરવા ઉપર લાગો હતો, તેને છોડીને તેનો કાકાનો છોકરો તસીવાંગારાપતાન જે ઘણાંએક ઇલુથ લોકોને લેઇને હસસાક લોકોનાં પરાત તરફ નીકલી ગીઓ હતો, તેથી તેબી ઘણો આજેજ થાઇગીઓ હતો.

હેવામો કાલકા લોકોબી હેવાતો નબલા થાઇ ગીઆ હતા, કે તેઓ શાહેંશાહનો આસરો પકડવાને ઘણું ખુશી હતા, તેથી તેઓ સંઘલાઓએ શાહેંશાહની તાબેદારી કબૂલ રાખવાનાં સોગંદ લીધા, અને તેઆરથી (સને ૧૬૯૧ માં) મોંગોલ લોકો ચીનાંઇ રાજાની પરજા થાઇ. તેઓની વફાદારીની પરીખશાબી તાબરતોબ જોઆમો આ

વી. કાંકે ઇલુચનો પાદશાહ ફરી પોતાનાં લશકરની ભ રતી કરીને, કેરલોન નદીનાં કીનારાઓ પર ખૂનરેજી મચા વાને નીકલીઓ હતો. અને કોરચીનનાં નાંકાઓ પર આ વીને, તેણે એ પરગણાનાં રાજાને પોતાની સાથે મલી જાઇ ને, માનચૂ લોકોની સાંભે થાવાને સારૂં બોલાવીઓ. અને કેહેવાડીઊં કે—" ધણીઓ ગોલામ થાએ એથી બીજું શું વધારે બેકુરમતી ભરેલુંછે? આપણે મોંગોલ લોકો છેઇએ, અને એક ધારા હેઠલ આપણી ફોજોને એકઠી કરીને, આ મણા બાપદાદેથી જે રાજ આપલુંછે, તે પાછું આપણે પો તીકું કરી લીજીએ." હેવી રીતે બીજી કેટલીએક તેજી ભ રેલી વાતો કેહી, પણ તેથી કશું વલીઊ નંહી. અને કોરચી નનાં રાજાએ તે બાબત વીશે શાહંશાહને જણાવીઊં; તે ઊ પરથી કાંગહી પોતે એ સરકશી ભરેલા ઇલુથ લોકોને જેર કરવાને સારૂં (૧૬૯૬ માં) તરણ લશકરો લેઇને રાની મુ લક તરફ કુચ કીધી. તાંહાં કેટલીએક લડાઇઓ થાઇ, અ ને ચીનાંઇ સીપાહીઓ ખોરાકી વગરે મોહોટી સખતી ભ રેલી હાલતમાં આવી પડીઆ હતા, પણ અંતે કાંગહી શા હંશાહ શતરૂઓ ઊપર પૂરતી રીતે ફતેહ પાંમીઓ. અને ઇલુચનો લડાએક અને શરકશ પાદશાહ (૧૬૯૭ માં) મારીઓ ગીઓ; અને તેનું લશકર સંધલું વીખરાઇ ગીઊં, અને નમતા થાએલા ઇલુથ લોકોએ મોહોટી આજેજીથી ચીનનાં શાહંશાહની પનાહ માંગી લીધી. એ પરમાંણે સોં ગારનો મુલકબી ચીનને તાબુકેનાં મુલકોમાં દાખેલ થા ઓ; અને હંસની ઓલાદનાં ઇલુથ લોકો લગાભગા તારા જ થાઇ ગીઆ *

મોંગોલ લોકો પોતાની જીનદગી ઘણી અજબ તરેહથી ગુજારેછે. તેઓ પોતાનાં ખોરાકને સારૂ ઘણાંએક ઢોરો પાલેછે, કે જે તેઓની સંઘલી માલ મીલકતછે. તેઓ ગરમીની મોસમમાં ઉતર તરફ નદીઓનાં કાંઠાં આગલ ભટકતા ફરેછે, અને સીઆલામાં દખણ તરફ પાહાડોની કઠણોમાં રેહેછે, કે જાંહાં ઉતરના પવનની ફુંક લાગતી નથી, અને બરફને પીવાનાં પાણીને ઠેકાણે પીગલાવી સકાએછે. તેઓ પોતાનાં ઘોડાઓને ઘણાં ચાહેછે; કાંકે એ જનાવરો તેઓનાં વફાદાર અને હમેશાનાં સંગાથીઓછે: તેઓને શેકાર કરવાને, તથા શતરૂનો પીછો પકડવાને, અને જેઆરે તેઓનાં મુલકમાં કાંઇ આફત આવી પડેછે, તેઆરે તાંહાંથી નીકલી જવાને ઘોડાઓ ઘણાં કાંમ લાગેછે.

મોંગોલ લોકોનાં મેંઢાઓ ઘણી સારી જાતનાંછે, અને તે તેઓનો મુખીઅ ખોરાક થાએછે. તે લોકો સરસ અને હોશીઆર શેકારીઓ કેહેવાએછે; પણ તેઓ ઘણાં આલશુ હોએછે, કાંકે તેઓ મેહેનત કરીઆને બદલે બલકે ભુખમરો સેહેવાનેબી પસંદ કરેછે; તેથી. કરીને જેમાંથી મોહોટો પાક ઉપજી સકે હેવી થોડીએક જગાઓ માતર ખેડાએલીછે. તેઓનો ખોરાક ઉનાલામાં દુધનોછે, અને તાહાડનાં દાહાડામાં તેઓ મેંઢાનું ગોસત ખાધામાં લાવેછે. અને તેઓ મેંઢાને આખુંમું આખુ તેનાં ચામડામાં સીવી લેઇને તાતવેલા પથર ઉપરથીમી આંચે પકાવેછે. તેઓ ઘોડીનાં જોશ ચહડાવેલાં દુધનો દારૂ બનાવીને પીધામાં ઘણો લાવેછે. તેઓનાં પીધામાં જે ચાહ આવેછે, તે ચીનમાં નહી ખપે હેવી કુચા સરીખાં પાતરાંનીછે; પણ મોંગોલ લોકો જેઓ હરેક કશુંબી

ખાઈ જવાને અચકતા નથી, તેઓને મનસે તે એક તોફા ચીજછે. તેઓ ચામડાંનાં બનાવેલા તંબૂઓમાં રેહેછે. અને તેઓ પાસે ઘેરમાં વાપરવાનો સામાન ઘણો જુજવીજછે. તેઓ ખાધા પીધામાં તથા પેહેરવાસમાં ઘણાં આહાવરા અને નજીસછે *

કાલમક લોકોની કાંની, તેઓના નાંખ ચપટાંછે, તેઓની આંખ નહાંની અને વાંકીછે, અને તેઓની હુડી હુંકી અને દાહાડી થોડા થોડા બાલનીછે; તેઓનાં મોહોટા અને ઊંચા કાંનોછે; અને ચેહેરાનો રંગ સાંવલોછે. તેઓ ઘણાં બેડોલ હોઈછે, પણ તેનાં બદલામાં તેઓ સારા સવભાવ વાલા અને બેપરીકરાછે. તેઓની ઓરતોબી મરદો કરતાંને કાંઈ વધારે ખૂબસૂરત નથી; તેઓમાં જોકે એકથી વધારે બાઈડી કરવાને મના નથી, તોપણ તેની ઘણી જુજવી ચાલછે. ઓરત પોતાનાં જેહેજ દાખેલ પોતાનાં ધણીને તાંહાં ઢોરો લઈ આવેછે, અને મરદનાં સોલતીની કાંની ગણાએછે. મરદ ઓરત ઈ બંધેનો પોશાક ઘણો જુદી તરેહનો નથી; તેઓ પોહોલો પાએજામો અને સાંકડી બાંહેનો ડગલો પેહેરેછે, અને કમર બાંધીને તેમાં કટાર, છરી, અને હુકો પીવાનો સામાંન રાખેછે. મરદો પોતાનું માંથું બોરાવીને એક ચોટલી રાખેછે, અને તે ઊપર પીલી ટોપી પેહેરેછે, અને ઓરતો પોતાનાં બાલને વધારીને ઘણાંએક જુલફાં રાખેછે. તેઓની સાથે ચીનાં લોકો જે કારવાનોથી વેપાર ચલાવેછે, તેથી કરીને તેઓને ઘણીએક સારી સારી ચીજો મલી આવેછે. અને એ વેપારમાં ચીનાંઓને ઘણો ફાએદો થાએછે, કાંકે તેઓ પોતાનાં શુબાઓનાં ઊતારેલાં રેશમી કાપડ,

જાડી ચાહ, અને શુતરાઊ કાપડ, ઈજીનસોને બદલે મોંગોલ લો
કો પાસેથી ઘોડાઓ, જનાવરનાં ચામડાંનું બનાવેલું કાપડ, અ
ને પોશતીન એ સારે ફાઈદે પરત લાવે લીએછે, અને એ
રાની મુલકનાં ભોલા રેહેનારાઓને ઘણીવાર ઠગી જાએ
છે. જેઆંરે ઢોરોનો ચાર પૂરો થાઇ રેહેવા આવેછે, તેઆ
રે તેઓનો આખો ટોળો પોતાનાં તંબૂઓ થોડાવારમાં ઊંચ
કી નાખીને, પોતાનો સંઘલો સામાન ઊંઠોપર લાધી લીએ
છે, અને મરદો અને ઓરતો ઘોડે સવાર થાએછે. અને
તેઓ ચાલતા થાએછે, તેઆરે પોતાનો રસતો બીઆ
બાન જગાઓમાંથી કાપવાને સારૂં સંઘલા એકઠા ગાતા વ
જાડતા જાએછે. અને જેવા તેઓ સારી ચાર ભરેલી જગા
ઓ આગલ આવી પોહોંચેછે, તેવાજ તેઓ પોતાનાં તંબૂ
ઓ મારેછે, અને એકાએક તાંહાં ગામડું બની જાએ
છે. ઘોરદોડ, તીરંદાજી, કુસતી બાજી, અને સોગાબાજી એ
તેઓની મુખીઅ રમતોછે; અને ઓરતોબી એ સંઘલી ર
મતોમાં દાખેલ થાએછે, અને તીર મારવામાં સરસ ઊતરેછે.
તેઓ મુરદાને બાલેછે, અને ચીનાંઓની કાંની તેને મોહોટું
માંન આપેછે. પાદશાહઓની કબરોની આસેપાસે બાવતા
ઓ અને દેવાલો ભરી લીધેલી હોએછે; અને ગરીબ લો
કોની ગોરો માતર ટેકડા સરીખી બાંધેલીછે. મોંગોલ લોકો
ની જુબાન મોહોટા આવાજનીછે; અને તેમાં છંલું અખેરો
છે, કે જેઓમાંનાં કેટલાએક આખાં પદો થાઈછે. તેઓ પાસે
વલી નહાંનાં દસકત લખવાનાં હરોફેછે, જેને અકશર ક
રીને કેહેછે, તે તીબેતની જુબાન જે તેઓનાં ધરમની ભા
શાછે, અને જેમાં ધરમનાં પુસતકો લખેલાછે, તેને મલતી
આવેછે ❀

જંગીસ ખાનની ફતેહ થાઆ પછી મોંગોલ લોકોઈ શામાની ધરમ પકડેલોછે, અને તે લોકો જેટલા ઈ ધરમ ઊપર ચુસત રેહેલાછે, તેટલા બીજા લોકો હેવા મૂરતીપૂજક ધરમ ઊપર વલગી નહી રેહેઆ હશે. જેઆરે તેઓ દુનીઆની ફતેહ કરવાને નીકલીઆ હતા, તેઆરે તેઓ હરેક ઠરાવેલા ધરમનાં વીચારથી ખાલી હોએ હેવા હતા. અને તેઓની હુકુમતનો મુખીઅ કાનૂન એ હતો, કે સંઘલાં ફીરકાઓને પોતપોતાનાં મજહબ ઊપર ચાલવા.વીશે કશી અડચણ રાખવી નહી. પણ દખણ તરફનાં તેઓનાં દેશભાઈઓએ મહંમદી મજહબ પસંદ કીધો, કાંકે એ ધરમ તેઓનાં લડાઈ ભરેલા ખવાસને ઘણોજ લાએક હતો. અને તેઓની બાજે ગનેઆતોનાં લોકો તીબેત ઊપર, ચહડી આવીને, ખરુંછે કે તાંહાં તેઓ રેહેઆ હશે, તે વખતમાં તેઓએ શામાની ધરમની રીત પકડીને, પોતાને વતન પાછાઆવીને પોતાનાં દેશભાઈઓને તેમાં શામેલ કીધા હશે. એ ધરમ બૂધનાં મૂરતીપૂજક ધરમ ઊપરથી ઊભો થાએલોછે. અને બુધની મુરતને બદલે શામાની ધરમ તેનાં ઊઠી ઊભા કરનારની નીસબતનું જીવતું પુતલું બતલાવેછે. તે કદી મરણ પાંમતો નથી, અને તેનાંથી સંઘલા લામાઓને દરજો મલેછે. તે જીવતો બુધછે, અને દુનીઆની આખર સુધી આતમાઓ જે અવતાર લીઈછે, તે ઊપર અમલ કરેછે. મોંગોલ લોકોનાં લામાઓનો હોકમ પોતાનાં સંઘલા લોકો ઊપર હેવોતો ચાલેછે, કે જાને તેઓ આખા દેશ ઊપર હુકૂમત ચલાવેછે, તો જોકે તેઓ પોતાની ઊપરનાંઓ વગરે બીજા કોઈનાં કબજામાં નથી. અને તેઓને તથા ખસુસન

તેઓને માથે તીબેતમાં જે મહા લામાછે, તેને લોકો ઘણો જ માનેછે. આએ ઉઘાડું માલમ પડેછે, કે તેઓ પોતાનાં ટોળાનાં લોકોનાં શુખમાં વધારો કરીઆ વગરે તેઓની ઓકી આએપત ઘસડી જાએછે, તોપણ મોંગોલ લોકો લામાઓ ઉપર પોતાનો જાનમાલબી કુરબાન કરવાને હાજર થાએછે. તેઓ કેટલાએક તબકામાં વેહેંચાએલાછે; તેઓમાં જેટલા કૌબીલકાનછે, તેટલા અવતારોછે, એટલેજે તેઓમાં બાજે વગર વાસો લીધેલા દેવતાઓ ઉતરેછે; તેઓ જેઆરે મરણ પાંમેછે, તેઆરે તેઓમાંથી દેવતાનું વજુદ નીકલીને હરેક બીજાની અથવા ઘણુંકરીને નાહનાં બાલકની કાઆમાં જાએછે. બીજો તબકો કૌતૌકતો અને શાબીલૈંગનોછે, કે જેઓ સઘલા પોતામાં બુધને ઉતરવાનાં મોહોટા દરજામાં શામેલછે. અને તેથી ઉતરતા તબકાનાં લામાઓ ચીનાઇ બોનજોને ઘણાં મલતા આવેછે; અને જેટલો સીઆમ અને બરહમામાં તાલોપોઇઓનો અમલ ચાલેછે, તેટલો તેઓનો અમલ ચાલેછે ❀

લામાઓ તોંગુત અથવા તીબતની ધરમની ભાશાનો અભેઆસ કરવામાં ઘણાં ગુતેલા રેહેછે. અને તેઓ ઇ પોતાની માતબરે જુબાનથી આતમા જે અવતાર બદલેછે, તેના ભેદને પોંહોચવાનો કશદ કરેછે. અને પોતાની બંદગીબી ઇજ ભાશામાં ભણેછે; પણ તેઓ પોતાને મોહોડે બોલેલી બંદગી જોકે હાડી લેઇને જેટેલી ગમે તેટલી કરેછે, તોપણ તે બસ થાતી નથી. તે સારૂ તેઓએ ઘણી બંદગી કરવાનું ઇક ઇઅંતર બનાવીઉંછે, કે જેમાં બંદગી ભણવાની જે હોઇ તેને ઇક કાગલનાં કટકા ઉપર લખીને મુંકેછે. હવે એ ઇઅંતરની બના

વટ પવનચક્કીનાં આકાર જેવી કીધેલીછે, તેથીકરીને પણ નથી તે પરેછે, અને પેલા કાગળનો જેટલો ખખરાટ તેનાં પરીઆથી થાએછે, તેટલી બંદગી થાઆ દાખેલ ગણેછે. ઈ એક અજબ તરેહની બંદગી કરવાની કળાછે, કે જેથી લાખો લાખ વખત હરેક ભજણ કરનારને કસી મેહેનત કરીઆ વગરે ઇશવરની ભગતી કરવાને બની આવેછે.

માંહેલાં અથવા દખણ તરફનાં મોંગોલીઆનું વરણન.

એ ભાગ કે જેનો સરાંહુસ હમોએ સાધારણ વરણમાં આપેલોછે, તેમાં ચોવીસ ગનેઆતો અથવા એમાકો વસેલી છે; તેની વીગત, ઇસાન કોણાએ માનચૂરીઆનાં નાંકાઓ તરફ કોરચીન, ચાલએત, તોરબેદ, કોરલોસ, અકખાન, નોમાન, બારીન, ચારોત, આરઓકોરચીન, અને ઓનીઓતછે; દખણ દશાએ ચીનનાં નાકાંઓ અને હવાંગહો નદીનાં કાંઠાઓ આગલ કીચીકતેન, કાલકા (દાબીત રફના), કારાચીન, અને તોમેત એ ગનેઆતોછે; વચલાં રાંનોમાં ઓચોમેચીન, હાઓચીત, સોનીતી, આબાહાઇ, અને આબાહાનારછે; પશચમ દશાએ શેનસીનાં નાંકાઓ આગલ કુરબાનકીઓકેત, માઓમીનગાન, ઓરાત, કાલકા (જમની તરફનાં), અને ઓરતુસ લોકોછે. એ ગનેઆતો ઓગન ચાલીસ ઝૂંડાઓમાં વેહેંચાઈલીછે; ઈ ઝૂંડાંઓને ચીનાં લોકો કી, અને મોંગોલ લોકો ખોચોન કરીને કેહે

છે; અને હેમાંનાં એકએક ઝુંડામાં ૨૦૦૦ કુટંબો દાખેલ છે, અને તે કુટંબોને માથે એક રાજા અથવા સરદારછે, કે જે પોતાના ચીનથી મલેલા ખીતાબ સાથે ચસસાક એ લકબ વધારેછે. એ ચોવીસ ગનેઆતોનાં છ ચુલકાન, અથવા રસલાઓ કીધેલાછે. અને તેમાં કોરચીન લોકો જેનાં છ ઝૂંડા ગણાએછે, અને ઓરતુસ લોકો જેમાં સાત ઝુંડા દાખેલછે, તે ઘણીજ મોહોટી ગનેઆતોછે *

તસખાર, બારગૌ, અને કોકોખોતો અથવા કવેહવાચીગમાંનાં તૌમેત લોકો મોંગોલીઆનાં તાબુકામાં દાખેલ કીધા નથી, પણ હેમાંની બે પેહેલી ગનેઆતનાં લોકો એક તૂતુંગ અથવા લપટીનાટ જનરાલની હુકુમત હેઠલછે, અને છેલી ગનેઆતનાં લોકો ઉપર એક તસીઆંગકીઉન અથવા સરદાર જે શુંઇઉએનચીગામાં રેહેછે, તે અમલ ચલાવેછે *

મોહોટી દેવાલ આગલનો મુલક કાંઇ ઘણો ઉજાડ નથી, અને તેમાં ઘણીસારી ઢોરનાં ચારની જગાઓછે. વલી તે કેટલીએક નહાંની નદીઓનાં પાંણીથી તરછે, અને તે નદીઓનાં કાંઠાંઓપર ઘણાંએક તાતાર લોકોની ગનેઆતો વસેલીછે. ઓરતુસ લોકોનાં દેશમાં હવાંગહો નદીની તરણ જુદી જુદી ડગલો કાટેલીછે. મોહોટી દેવાલથી આસરે ૩૦ મૈલની, વેગલાઇ ઉપર સંઘલું દરામનું બીઆબાન વગરે બીજું કાંઇ નથી; પણ મોંગોલ લોકો રેતી અને કાંકરીઓમાંથીબી પોતાનું થોડુંઘણું ગુજરાન વીની કાહાડેછે. સીરામુરેન અને લોહાનપીરા એ નદીઓ કાંઇ ઘણી નહાંની નથી, અને તેઓમાં બીજી થોડીએક નહાંની નદીઓ

મલીને દખણ દશાએ ચાલીઆ પછી, તેઓનાં સંજોગ આ
ગલથી લીઆઓહો નદી થાએછે. હાઝીરપીરા, પાઓહો,
અને સીંગાલોંગહો, એ નદીઓ પીચીલીનાં સંસથાનમાં વે
હેછે; કુલગારપીરા અને ચીરીન પીરા ઉતર તરફ ચાલેછે,
અને બીજી કેટલીએક નહાંની નદીઓનાં પાંણી રેતીમાં
સોસાએછે. તાંહાંનાં સરોવરોમાં કારામાનની ઓમો (ઓ
મો, સરોવર), એ પીલી નદીની દખણ દશાએછે, અને તા
લનોર તથા કોમહોર ઉતર તરરફનાં ભાગોમાંછે. કોરચીન
નાં મુલકમાં ઉજાડ મેદાંનો વગારે બીજું કાંઇ નથી. મોંગો
લ લોકો લાકડાંને બદલે ઘોડા અને ગાએનું છાંણ બાલેછે,
કાંકે એ તરફ ઝાડોનાં ઝાંખડી પણ ઘણાં થોડાંછે. પાંણી
બી ઘણું કંમ મલેછે, અને રેહેવાશીઓને કુવા ઘણાં ઉંડા
ખોડવા પડેછે, કાંકે ઉપરનાં પાંણી ઘણાં મોરચાં નીકલે
છે. નાઇમાન અને અખાન લોકોનાં પરાંતો જોકે હેવાંજ
ઉજાડછે, તોપણ તાંહાં થોડાએક નહાંનાં ઝાડો થાએછે,
અને શેકાર મલેછે. તૌરબેદની જમીન પીચીલીનાં સંસથા
નની કાંની ખાર ભરેલીછે. એ તરફનાં મુલકોની આબો
હવા ઘણી સખતછે, અને રાંનોમાં બાલદાર ચામડાના
જનાંવરો સારીપખે રેહેછે. એ ઉપર કહેલાં પરગણાઓ
કરતાંને કારાચીન એ મુલક ચોકસ કરીને ઘણુજ ઉ
પજાઉછે. તેની પેદાસત ભરેલી જમીન જોઇને કેટલા
એક ચીનાં લોકો તાંહાં આવીને વશીઆછે, અને તેઓ
મોહોટો વેપાર ચલાવેછે. તેઓ મોંગોલ લોકોની ચાલુ રસ
મથી ઉલટા ગીઆછે, કાંકે તેઓએ તાંહાં ગાંમડાંઓ અ
ને સેહેરો બાંધીને પોતાપાસે મોહોટી માલ મીલકત જમા

ન કીધીછે, જાંહાં ચીનાંઓનાં ટુંટીઓગાનો ફેલા વધારે સં ફેછે, તાંહાં જમીનની કીમત વધેછે, અને ખોરાકીનો સારો શુકાલ થાએછે; કાંકે એ મેહેનતુ લોકો પોતાનું ગુજરાન કાહાડવાને સારૂં ગમેતેવીબી જમીન ખેડવાની કોશેશ કી ધા વગર રેહેતા નથી, અને તેમાં તેઓ ચાલુ ગુતેલા રેહેછે, તેથી કરીને તેઓનાં હાતને ઘણેખરો જસ મલેછે. એ પર ગણામાં ફલાઇ મલેછે, અને લાકડાં એટલાંતો થાએછે, કે પીચીલીનાં સંસથાનમાં ખાતેબી જાએછે ૭

અંહીંઆ શાહેંશાહનાં કેટલાએક બાગોછે, અને તેમાં વ ખાણેલો બાગ જેને ચીનાં લોકો ઝીહોલ અથવા જીહો કરીને કેહેછે, તે ઈ મુલકની ઘણીજ સારી રલીઆમની જ ગોએ ૪૧ અંશ અને ૫૮ કલાની ચોરણામાં આવેલોછે. તે બાગમાં થોડી એક સારી એમારોતો અને સોલેતી વાડી ઓછે, અને તે વાડીઓની આસેપાસે નહાંનાં જુંપડાં આ વેલાંછે. તે શાહેંશાહને ઉનાલામાં રેહેવાની જગાછે, કાંજે પીકીંગનાં કરતાંને અંહીઆ ઘણી સારી ઠંડી આબોહવાછે, અને શાહેંશાહને શેકાર કરવાની જગાઓબી ઘણી નજદી ક પડેછે. કારાચીન લોકોની ગનેઆત માનચૂ લોકો સાથે ચીનની કતેહ કરવામાં એકડી થાઇહતી; અને તેઓનાં ખા ને જે મોહોટાં કામો કીધાં હતાં, તે ચીનાઇ તાતારી ઓ લાદનાં શાહેંશાહો વીસરી ગીઆ નંહી, અને તેનાં બદલ માં તેનો મરતબો વધારી તેને મોહોટાં ઇનામો બખશેઆછે. ઓરતુસ લોકો પોતાનાં ખૂશ મીજાજ ઉપરથી કેહેઆ જો ગછે, અને તેઓ ચીનાં લોકોની ગાંમો અને સેહેરોમાં રેહે વાની ચાલ કધીબી પકડીઆ વગર હમેશા જગા જગોએ ભત

ફંટા ફરેછે. અહીઆં એકું સેહેર અથવા ગાંમડુંબી જોઆ
મો નહી આવશે; કાંકે તંબૂઓજ માતર તેલોકોનું રેઠાણ
છે, અને તેઓ ચોદેવાલી સેહેરોમાં ભરાઇ રેહેવાને ધીકા
રેછે ❀

અહીઆં એક જાતનાં પીલાં બકડાંછે, કે જેઓ ગજાલો
ની કાંની તેજીથીરાનોમાં ઉછલેછે. વધારે ઉતર તરફ જંગા
લી ઉંઠો અને ઘોડાઓ મલેછે, અને કાલકા લોકોનાં દેશ
માં જંગાલી ખચરોછે, કે જેઓ પાલેલાં ખચરોનાં જેવાંછે, અ
ને જેઓનું ગોસત ખાધામાં લોકો ઘણું પસંદ કરેછે ❀

મોંગોલ લોકો હોશીઆર અને હીંમતવાલા શેકારીઓ
છે, અને વાઘો અને ચીતાઓની સાંબે બેધડક થાએછે.
અને તેઓ જંગાલી ઘોડાઓને ફાંદો નાખીને પકડવામાં ત
થા તેઓને પાલવામાંબી ઘણાં ખબરદારછે. ઠંડીનાં દાહાડા
માં તેઓનો પોશાક મેઢાનાં ચામડાંનોછે, અને તેઓ ઉન
પોતાનાં ખોલલા બદન ઉપર પેહેરેછે, તેથી તેઓ હેવાતે
બોસરા વાસ મારેછે, કે તેઓની આગલ ચીતાંઓબી ઉ
ભા રેહી સકતા નથી. તેઓનાં પરાસરીખા આકારનાં તં
બુઓ જે ડાંડાઓ ઉપર ઉભા કરેછે, અને ઉપરથી ધુમારો
જવાને સાઉ શુરાખ મુકેલો હોઈછે, તેમાં તેઓનું આખું કુટંબ
તાહાડનાં દાહડામાં પોતાને ગરમ રાખવાને સાઉ મડીઆ ખો
સીને સંધલા સાથે બેસેછે, અગર નહીતો તેઓ ઠંડથી અ
કડી જાએ. તોપણ તેઓની હેવી હલકી હાલત છતાંબી
ચાલુ તેઓને ઘર લામાઓ આવેછે. અને તે લામાઓ તેઓ
ને તાંહાં ભણેછે, અને આજારી માણસોને દવાદારુ આપેછે.
અને લોકો તેઓથી દબીને તેઓને પગે પડેછે, અને તે

ઓની આગલ પોતાનું પાપ જાહેર કરીને તેની માફી માંગેછે, અને તેઓને જે પોતાના જજમાન પાસેથી મલેછે, તેનાં બદલામાં તેઓ તાબરતોબ તેનો ગુંનાહ બખશેછે. મોંગોલ લોકો ઈ લામાઓને પોતાનાં છેલા કોલીઆમાંથી બી કાંકડી આપવાને ઘણાં ખૂશીછે; તેઓનાં તંબૂમાં જો લામાઓઈ પગ મુકીઓ નંહી હોઈતો, તેઓ તેને ઘણું જબૂન લેખેછે, અથવા જો તેઓ લામાઓને સારીપખે આપે નંહીતો, પોતાની જીંદગી તેઓનાં ઇલમ અથવા મંતરથી સલામત રેહે નંહી હેવું સમજેછે. મોંગોલ લોકોને પોતાનાં ઉજાડ મુલકને લીધે પોતાનો ખોરાક જનાવરનાં માંસ ઉપર કરવો પડેછે, તેથી તેઓને શામાની ધરમ પરમાંણે જીવ મારવો નંહી હેવુ બનવાને ઘણુંજ મુશકેલછે; પણ જરૂરની આગલ કસી શરીઅત પરમાંણે બનતું નથી, અને તેઓ લામાઓનાં હોકમથી બૂધનાં ધરમની રીતથી ઉલટા જાએછે *

અસલનાં મોંગોલ લોકોએ પોતાની મોહોટાઇનાં વખતમાં કેટલાંએક હલકે વાંધેનાં ગાંમડાઓ જેવા સેહેરો બાંધેલાંછે. તેઓમાંનાં ઘણાંખરા સેહેરો હમણાં પડી ભાગેલાંછે, તોજોકે તેઓ એકવાર નાંમીચા અને જોરેમંદ પાદશાહોનાં પાએતખત સેહેરો હતાં, કે જાંહાં ઘણીજ સારી સુધરેલી ગનેઆતોનાં ઈલચીઓ આવી હાજર થતા હતા. કેટલીઈક જગોઈ દેહેડાંઓ બાંધેલાછે, કે જેઓ માતર ઘણું સુધી રેહે હેવી મજબૂત ઇમારતોછે. તેઓમાંનાં થોડાંએક ઘણાં ઉંચા અને ચીનાં લોકોની તરેહથી બાંધેલાછે, અને તે મુશાફરોને નીશાન માલમ પડવાને તથા લામાઓને રેહેવાને સારૂં કાંમ લાગેછે. જાંહાં કોતોકતો રેહેછે, તાંહાંનાં દેહડા

ને મોંગોલ લોકો પોતાનાં ખરચથી જેમ બનીઆવેછે, તેમ સોજેનું રાખેછે. કવેહવાચીગ જે ચીનનાં નાંકાં તરફ થોડાં એક મટોડાનાં ગાંમોછે તેમાંનું એક ગાંમછે, તેની પડોસમાં હેવું એક એક દેહેરૂંછે, કે જેમાં બુધનો અવતાર રેહેછે તે ઉપરથી પરસીધ થએલુંછે ❀

હેવું માલમ પડેછ કે ઇનશાનની જાત જીંદગાની હરેક હાલતમાં પોતાની મેલેજ પોતાનાં મીજાજને લાએક થાએછે. કોંકે, પરથવીનાં છેડા તરફનાં મુલકનાં રેહેવાશીઓ માછલી, તેલ, અને મગારની ચરબી ઉપર રેહી સકેછે, તેઆરે મોંગોલ લોકો અધકચરું અને ઘણીવાર સડેલું માંસ કસી હરકત વગરે હજમ કરી જાએછે. જેઆરે મુસાફરો તેઓને પોતાનાં ખોરાકમાં ઝાડપાન ભેલીને ખાવાને કેહેછે, તેઆરે તેઓ બોલેછે, કે ઈ ચીજો જેછે તે હેવાનોના ખોરકને સારૂ કીધેલીછે, અને હેવાન માણસનાં ખોરાકને સારૂંછે. તેઓનાં દેશનાં કેટલાએક ભાગોમાં અનાજ ઉપજી સકે હેવાછે, તોજોકે હવા છેક દખણ દશા સુધીબી ઘણી સખતછે. શાહેશાહને તાબેકેનાં મુલકોનાં ચીનાઈ રેહેવાશીઓ જેઓ માનચૂ ઘણીઓનાં ગાંમોછે, તેઓ બાજરો અને શીંગો ખેડેછે, કે જે ઘણી સારીપઠે થાએછે. જોકે મોંગોલ લોકો ઉદીઓગથી જે ફલ ઉપજેછે, તે પોતાની નજરે જોએછે, તોપણ તેઓ પોતાનાં પડોસીઓની પઠે કરવાને ઘણાં પછાત પડેલા રેહેછે, અને પોતાની મગદુર પરમાણે કોશેશ કરવાને ઘણાં આલશુછે. બલકે તેઓનાં ઢોરોબી તેઓનાં આલશુપણાથી પીડા ભોગવેછે; કેંજે તેઓ પોતાનાં ઢોરોને તાહાડની મોસમમાં ચાલે એટલો ખોરાકબી જુલમે સંઘરી મુકેછે, અ

ને જેવી વસંત રૂતુ બેસેછે, તેવાંજ તે જનાવરોને ઘાંસનાં મુડીઆ જે તેઓ પોતાની મેલે પોતાનાં પગે ઉખેડી ખાએછે, તે ચરવાને કાહાડેછે. એ વખતે ઢોરોમાં મુરકી ઘણી ચાલેછે; પણ ઉનાલો બેસતામાં જે ઘાસ ઉગેછે, તે સારીપખે ચરીને પાછાં સાજાં થાએછે. શાહંશાહની પાએગામાં 1000000 થી વધારે ઢોરો રેહેછે, કે જે મોંગોલ લોકોની નજરમાં ચીનનાં પાદશાહનો મોહોટો ખજાનો દીસેછે, તેઓબી હેવીજ માઠી અવસથા પાંમેછે, તોજોકે તેઓ વધારે દખણ તરફ ચરેછે.

હેવો અહવાલ કે મોંગોલ લોકોનોછે, અને કે ઉપરથી તેઓ જે પોતાનાં દખણ તરફનાં પડોશીઓનાં મુલકો ઉપર તરાંપ મારવાની આંરજુ કરેછે, તેમાં કાંઇ અજબ જેવું નથી. તોપણ તેઓ જે મુલકમાં સંઘલી ચીજો પૂશકલ થાઇ સકેછે, તાંહાંબી તેઓ મેહેનતને ઘણી દુખદાઇક સરીખી જાણીને તેને દુર કરેછે, અને પોતાનાં દાહાડા આલશ્રુપણામાં રેહીને કાહાડેછે. અને તેઓએ પોતાનું ભારે મોહોટું રાજ જે તેઓનાં જોરાવર અને નામીચા સરદારોએ ટુંકી મુદતમાં મેલવીઉં હતું, તેબી એજ કારણ ઉપરથી ઉતાવલે ખોઇ દીધુંછે.

બાહેરનાં મોંગોલીઆનું અથવા કાલકા લોકોનાં દેશાનું વરણન.

કાલકા લોકોને પોતાનું નામ કાલકાપીરા નામે એક નહાની નદી ઉપરથી મલીઉંછે, કે જે ચીચીહારનાં નાંકાથી આસરે ચોસઠ મૈલની વેગલાઇ ઉપર સીઆલકી નામે

પાહાડોમાંથી નીકલેછે. તેઓનો પરાંત પૂરવથીતે પશ્ચમ દશ॥ શ્રુધી બાવીસ અંશ, અને દખણ થીતે ઊતરદશ॥ શ્રુધી સાડાપાંચ અંશ ફેલાઈલાછે. તેઓ ચાર એમાકોમા વેહેંચાઈલા છે, કે જેની ઊપર તેઓનાં ખાનો હુકૂમત ચલાવેછે. તૌચાહતો ખનનાં હાતમાં ઊતર તરફનું ભૂ અથવા પરગણુંછે; સૈનનો ઇન પાસે વચલું પરગણુંછે; તસેતસેન ખાનને તાબે પૂરવ તરફનું પરગણુંછે; અને ચસાકતૌખાનની હુકૂમત હેઠલ પશ્ચમ તરફનું પરગણુંછે. એ ખાનોને તાબે સંઘલા મલી ને છેઆસી ઝુંડાઓછે ❀

કેરલોન નદી જે કુલાન ઓમોમાં વેહેછે, તે કાંઇ ઘણી મોહોટી નથી, પણ તેનાં કાંઠાઓપર ઢોરોનો ચાર ઘણો સારો થાએછે. તેની થોડેએક દુર ઘણાંએક સરોવરોછે; જેવાકે, કુરૂમીઓમો, તુરઓમો, અને કુરેઓમો. સીગાલીએન નદી કાલકા લોકોનાં એક ભાગમાંથી જાએછે; તેને અંહીઆં પાલગીપીરા, ઝીઊરશૂપીરા, આબાચુપીરા, ઈ નદીઓ આવી મલેછે. ઓરગોનપીરા, કોસાહાપીરા, તુલાપીરા, હારાપીરા, પોરોપીરા, ઇરૂપીરા, અને ઇબેનપીરા, એ સંઘલી નદીઓ સીગાંલીએનમાં વેહેછે. એ દેશમાં જે પાહાડો આવેલાછે, તેઓમાં ઝીરસાઆલીન, હાનઆલીન, અને તોનોઆલીન, અને પૂરેંગાહાનઆલીન, એ પાહાડોની સીખર કેહે આજેગાછે ❀

ઘણાંખરા સરોવરોનાં પાંણી ખારચાંછે, અને નદીઓમાં માછલી જેટલી માનચૂરીઆની નદીઓમાંથી પુશકલ મલેછે એટલી મલતી નથી; માતર પુઇર સરોવરમાં તે ઘણી થાએછે. પેચા અથવા હામારતાબાહાન એ પાહાડ તાતા

ર લોકોમાં કેની હવાની ઠંડીને, લીધે દુનીઆમાં ઘણો
જ ઉંચો ગણાએછે. કેની પડોસમાં ગરમ પાંણીનો જહરા
ઓછે, જેમાં મોંગોલ લોકો નહાવાને સારૂ આવેછે. ઈ દેશના
કેટલાએક ભાગોમાં જમીન માતર ઝીણી રેતી ભરેલી
છે. પાંણી અહીઆં ઘણું કમ મલેછે, અને કુવામાં પાંણી મો
રચાં નીકલેછે. તે છતાંબી મુસાફરોને મોહોટાં મોહોટાં પડી
ભાગેલા મંદીરો અથવા મેહેલોની નીશાન જોઆમાં આવી
છે, તે ઉપરથી તેઓ ધારેછે કે અસલમાં એ વેરાન જગો
ઈ મોહોટાં મોહોટાં સેહેરો વસેલાં હશે ❀

કાલકા લોકોનાં મોહોડાંનાં ચેહરો મંહેલા મોંગોલીઆ
માંનાં તેઓનાં દેસભાઇઓનાં કરતાંને જોઆમાં ઘણો ખ
રાબ લાગેછે, અને જોકે તેઓની ચાલચલણબી લગાભગ તે
નાંઓનાં જેવીજછે, તોપણ તેઓ ઘણાં ગલીજ રેહેછે; તે
ઓને રેહેવાની જગા ખરાબ જુંપડાં જેવીછે; અને તેઓ
આઈ દુનીઆનાં સુખથી ઘણાખરાં અનજાણા રેહેછે; પણ તે
ઓ પાસે ઢોરો ઘણાંછે, અને તેઓમાં સુધ મોંગોલ લોકો
નો ખવાસ રેહેલોછે. તેઓ તાહાડનાં દાહાડામાં સુઇ રેહેછે,
અને પોતાનાં તંબૂઓમાંથી જુલમે બાહેરબી નીકલેછે. તેઓ
પોતાનાં દાહાડા ઘણાંજ આલસુ પણામાં રેહીને કાહાડેછે; અને
પોતાનાં ઢોરોને ઉનહાલામાં ભટકતાં મુકેછે, અને તેઓનું દુધ
દોહી લેવાની ખબરદારી ઉપરાંત તેઓની બીજી કસી જતન
કરતા નથી. તેઓ બેપરવાની કાંની પાછલની ચીંતા કીધા
વગરે પોતાનાં દાહાડા દુકો પીવામાં તથા ગીત ગાવામા તં
થા ઉંઘ કાહાડવામાં પડીને કાહાડેછે. તેઓ પતઝડીની મો
સમમાં કોઇકોઇવાર પીલાં બકડાંનો સંગ કાહાડવાને નીક

લેછે, અને તે જનાવરોનો શેકાર કરવાને શાકું ઘણાંએક જનાવો એકઠા થાઇને તેઓને ઘેરી લેઇને ઘણાંએક મારી લાવેછે. તે લોકોમાંની કેટલીએક ગનેઆતો માતર સાવજો સરીખીછે; અને બાજે ગનેઆતો વધારે શુધરાઇ ઉપર આવેલીછે; પણ એ બંધેમાંથી કોઇબી ટોલો ધારાના કબજા હેઠલ નથી, અને તેથી ફરીને તેઓ લૂટફાટનાં કામો વારેવારે કરછે, અને એકબીજા સાથે લડાઇઝીતનો કરતાં રેહેછે. જેઆરથી તેઓ ઇલુથ લોકોનાં હાત હેઠલ આજેજ થાઇ ગીઆછે, તેઆરથી તેઓની હીમત મુસીબતમાં ડુબી ગેઇછે, અને ઝીરઘીસ લોકો તેઓને કસી ધાસતી વગરે વારેવાર લૂટી જાએછે *

તેઓનાં મુખીઅ રાજાઓ ખાનોછે; તેઓનાં નામો—નાંમગાલતસીનવાંગ, પુંગશુકવાંગ, અને પુતાચઆપપી, ચીંગપીલી, તાનજીધીન, અને આદાનપૈલીહછે; એન સીરેંગતાશી એ એક જોરાવર તાઇકીછે, અને ચેનદેનનાં કુંગપાસે ઘણી રઇએતછે. તોપણ હેમાંનાં કોઇનોબી મરતબો કૌતોકતો લામા જે ૪૯ અંશ અને ૨૬ કલાની ચોરણમાં તથા પીકીગની પશચમ દશાથી ૧૦ અંશ અને ૫૯ કલાની લંબાનમાં રેહેછે, તેનાં જેવો મોહોટો નથી. અને તેની દરબાર મોહોટી ધામધુમ ભરેલીછે. તે પોતાનાં ટોલા ઉપર ઘણીજ ગરૂરી ભરેલી મોહોટાઇથી અમલ ચલાવેછે, અને જોકે સંઘલા સરદારો શાહંશાહની હાજુરમાં મોહોટી નમંનતાઇથી વાંકા વલીને સેજદો બજાવેછે, તોપણ તે તીબેતનાં દલાઇ લામા સીવાએ બીજા કોઇને પોતાનો વડો કરીને ગણતો નથી. તેની દરબાર ખાતે મોંગોલીઆ તથા સોંગા

રીઆ એ મુલકોનાં સઘલે ઠેકાણેથી લોકો આવેછે; અને લામાઓબી તાંહાં ઘણા જાએછે; તેઓને કશું નજરાનું અથવા ઇનાંમ આપીઆ વગર માતર તે તેઓની મુલાકાત લીએછે ❀

કોબી અથવા શામોનું દરામનું બીઆબાન અથવા રાન દખણ અને ઊતર તરફનાં મોંગોલીઆની વચે આવેલુંછે, અને તે કોકોનોર અને તીબેતની આખી ઊતર દશાની હદ થાઇને, છેક તુરકસતાનનાં નૈરુત કોણનાં નાકાં શુધી ચાલેલુંછે. કોકોનોરની ઊતર દશાએ તે સઘલું રેતીથી ભરેલુંછે, તેથીકરીને ઘણુંજ દરામનું લાગેછે. અને તે ઊપર શુરજનાં તપીઆથી ઊનહાલાની ગરમી હેવીતો ભારી પડેછે, કે તેમાં એક ઘાસનું તણખલુંબી ઊગી સકતું નથી. તુરફાન અને હારાશારની દખણ દશાએ જમીન વધતી ઊપજ ભરેલીછે, અને ઇઅરકીઆંગ અને ખોતન તરફથી તે બીઆબાન આસતે આસતે કંમ થતું જાએછે. તાંહાંના બાજે પાહાડોની નીચાન જગાઓની વચેથી ચીન તરફ જવાનાં તરણ મારગછે. આપણે એ કોબીનાં બીઆબાનને અરબસતાનનાં રાનોનાં જેવું લેખીએ ; પણ કોબી સમુદરની સપાઇથી એટલું તો વધારે ઊચુંછે, કે ઠંડનાં દાહાડામાં તાંહાં ઘણુંજ કઠણ જાકલ વરસેછે, અને ઊંનહાલાની ટુંકી મોસમમાં અરબસતાનનાં રાનો જેવી ભારે ગરમી પડેછે ❀

ઓલીઆ સોતાહનાં પરગણાનું વરણન.

એ પરગણું રૂશીઆ દેશનાં નાંકાંઓ તરફ વસેલુંછે: તા હાનો તસીઆંગ કીરૂન અથવા સરદાર ઓલીઆસોતા હનાં સેહેરમાં રેહેછે, કે જે સૈનનોહનનાં પરાંતની અને ચાસાકતોખાનના કલકા લોકોની ગનેઆતોની વંચે આવે લુંછે. તેની હુકુમત હેઠલ વલી કોબદો, અથવા ગોબદો જે ૪૮ અંશ અને ૨ કલાની ચોરણમાં તથા પીકીગની પશ ચમ દશાથી ૨૭ અંશ અને ૨૦ કલાની લંબાનમાંછે; અ ને તાંગનૂ, અને ઓલીઆંગાહાહછે. કોબદોમાં અગીઆ ૨ ગનેઆતો દાખેલછે, કે જેઓ એકતીસ ઝૂંડાઓમાં વેંહે ચાએલીછે. પચીસ ઉતરતા અમલદારો જેઓને તસોલીગ કેહેછે, તેઓના અમલમાં તાંગનૂ પાહાડોનાં ઓલીગાહા હ લોકોને આપેલાછે, અને બાકીનાં ઓલીગાહાહ લોકો જેઓ બીજાં પરગણાઓમાં વીખારાએલાછે, તેઓને એક વીસ તસોલીગાનાં અધીકાર હેઠલ સોંપીઆછે ⁂

એ મુલુકમાં ઉજાડ જમીન ઉપરાંત ઉંચા નાડો, ઠંડથી બંધાહ ગીએલી નદીઓ, અને દરામના રાનોછે. તે માં જે નદીઓ ચાલેલીછે, તે તુમ, ગોબદો, અને શુલેંગા છે; ગોબદો નદી હકારાલ નોર અથવા સરોવરમાં જાએ છે. જહસાન નોર એ ગોબદો અને હલીની વચેછે. પાહા

ડો ચાલૂ બરફથી ઢંકાએલા રેહેછે. તશાહાન તાલા અથવા સફેદ મેદાન દુનીઆમાં એક ઘણી ઊંચી સપાટ જમીનછે; અને ઝઇસાન સરોવરની આસપાસની જગાભી તેવીજછે.

રૂશીઆના નાકાંઓ તરફ ઝાડજંગલથી ભરેલા પાહાડોથી ઘેરાએલી એક નીચાન જગામાં વખાણાએલું વેપારનું સેહેર મૈમાચીન, બુરગુલતે પાહાડોની નજદીક કીઆતકાનાં સેહેરથી થોડેએક દુર વસેલુંછે. એ એક સેહેરછે કે જે ચીન અને રૂશીઆ એ બંધે રાજેની હદની નીશાનછે, અને જાંહાં એ બંધે મુલકો વચેનો વેપાર ચાલેછે. એ લગાભગા આખું સેહેર મોહોટી મોહોટી વખારો, સરખા મોહોલાઓ, અને પોહોળા ચોકોથી સારીપખે બાંધેલુંછે. શેનસીઅને શાનસી ઈ સંસથાનોનાં વેપારીઓ ઠરાવેલા વખત ઊપર પોતાની સાથે ચાહ અને બીજો માલ લેઇને અંહીઆં આવેછે, અને રૂશીઆનાં વેપારીઓ ઇરકૂટસકથી નીકલેલા ઊતાવલે કીઆતકા ખાતે જાએછે. પછી તેઓ પોતાનાં માલનું શાટું ચાહનાં એક પેઆલાં ઊપર કરેછે; તેઓ પોત પોતાનાં વેહેવારમાં ઘણી ઇમાનદારી રાખેછે, અને બંધે તરફ વાલાઓ એક બીજા સાથે સારી મીતરાચારી ભરેલા સલૂકથી ચાલેછે. રૂશીઆન લોકો જે માલ લેઇ આવેછે, તેમાં મુખીઅ"બાલનાં ચામડાં અથવા પોશતીનોછે. અને કેવું કેહેછે કે તેઓને હીસાબે ચાલીસ લાખ રૂબલ* ચીનાઓનાં વધારે થાએછે, તે ઊપરથી ચોકસ માલમ પડેચ કે

* એ એક રૂશીઆ ચલની રૂપાનો સીકકોછે, કે જે શુમારે દોહોડ રૂપીઆથી વધારે કીમતનો થાએછે.

ચીનાઇ માલનો ખપ ઘણો વધારે થતા હશે. એ બંધે તરફ વાલાઓને પોત પોતાનાં વેપારનાં ઠામે આવી પોહોંચવાને ઘણી લાંબી મુશાફરી કરવી પડેછે. અને જોકે ચીનાં લોકોને આવવાનો રસતો વધારે નજદીક પડેછે, તેમ તે ઘણો જોખમ ભરેલોછે, અને દુકાલને લીધે તાંહાં ઘણીવાર તેઓનો કાફલો માઠી હાલતમાં આવી પડેછે; તેઆરે રૂશીઆનનાં વેપારીઓને આવી પોહોંચતાં ગરમીની તરણ મોસમો રસતામાં કાહાડવી પડેછે. અને એ પરમાંણે આવાજવાનો ખરચ ઘણો મોહોટો થાએછે, તોપણ હેવું માલમ પડેચ કે તે વેપાર બંધે તરફ વાલાઓને સારો ફાએદો ભરેલાછે. અગાઊ રૂશીઆન લોકોનો કાફલો વેપારને સાઊ ઠેઠ પીકીંગમાં જતો હતો; પણ જેઆરથી નીપચૂની કરારબંદી થાઇ ચૂકીછે, તેઆરથી તેઓનો કાફલો આઠ વરશે એકવાર પીકીંગ ખાતે માતર તેઓનાં એલચીની બદલી કરવાને સાઊ જાએછે. બાલટીક સમુદરમાંથી ચીનનાં હરેક દરીઆનાં બંદરે વેપાર ચલાવાને ઘણું ફાએદા ભરેલું છે. તોપણ સમુદરને મારગેથી વેપાર ચલાવાને ચીનાં લોકોએ કબૂલ કીધું નહીં, અને રૂશીઆન લોકો તે ઊપર રાજી થાઇ બેઠા, તેથી કરીને કીઆતકાનો વેપાર સારી હાલતમાં રેહેઓછે, અને તે હજુર વધતો જાઇછે. હમણાં રૂશીઆની સરકારે માસકોથી તે છેક કીઆતકા શુધીનો એક રેલરોડ બાંધવાને ધારીઊંછે, અને તે ઊપરથી એ બંધે દેશો વચે વેહેવાર ચલાવાને ઘણું સવલ થાઇ પડશે ❁

હેવું માલમ પડેછે કે મોંગોલીઆનાં કરતાંને તેની પડોસનાં રૂશીઆનનાં નાંકાઓ વધારે ઊપજ ભરેલાંછે, અને તે

થઇંકરીને માણસને હાતની શુધરાઇથી કેવાં થાઆંછે. ઇ
રકુટસક જે સીબીરીઆનું એક મોહોટું સેહેરછે, તે બૈકા
લ સરોવરથી ચાલીસ મૈલ દુર આંગારા નદીનાં કાંઠાઓ
પર એક સારાં મેદાનમાં વસેલુંછે. જેમ જેમ આપણે એસ
રોવરની નજદીક આવતા જઇએછે, તેમ તેમ તાંહાનો મુ
લક વધારે પાહાડો ભરેલો થતો જાએછે. ઉપલાં ઉડીનસ
ક પરગાણામાં ઘણીએક મોંગોલ લોકોની ગનીઆતો રૂશી
આન લોકોની હુકુમત હેઠલ ભટકેછે. તે લોકો દખણ તર
ફ રેહેનારા તેઓનાં દેશભાઇઓ કરતાંને વધારે સરસછે,
તોજોકે તેઓને જુદા પડીઆને માતર એક સોંથી થોડાંએ
ક વધારે વરશ થાઆંછે. તે લોકો સાથે કેજાક લોકો અને
રૂશીઆનાં બંદીવાનોબી ઘણીવાર અવારનવાર પરણેછે;
અને તેઓની ઓલાદ જેને કારીમકી કરીને કેહેછે, તે લો
કો મોગોલની જુબાન બોલેછે. સીલીંગીનસક જે એ પ
રગાણાનું પાએતખત સેહેરછે, તાંહાં તરબુજો સારીપખેથાં
એછે, તેઆરે ઉડીન નદીનાં કાંઠાઓપર અનાજ કદીજ પા
કેછે. નરચીનસક જે એજ નાંમનાં સંસથાનનું પાએતખ
ત સેહેરછે, તેની નજદીક સીસાની તથા રૂપાની મોહોટી ખા
નોછે; અને આસપાસનો પરાંત પાહાડો ભરેલોછે, પણ તાં
હાં કેટલીએક જાતનાં સનોબરનાં જાડો અને ઢોરનો ચા
ર સારીપખે થાએછે ❀

તસીંગાહાઈ અથવા કોકોનોર એ પરગણાનું વરણન.

કોકોનોરમાં હોશીઓઈત, ચોરો, ખોઈત, તોરગોથ, ઈ લો
કોની કેટલીએક નહાંની ગનેઆતો રેહેછે, કે જે ઓગણ
તીસ ઝુંડાઓમાં વેહેંચાએલીછે, અને જેની ઉપર એક ત
સીઆંગાઝીઊંગ જે કાનશુહ માંહેનાં સીનીંગાકુમાં રેહેછે, તે
ની હુકુમત ચાલેછે. તાંહાં વલી બીજી બાર ગનેઆતોછે,
કે જે કોકોનોર થીતે તઈનશાન, અને આલતાઈ, એ પાહા
ડો સુધીનાં સંઘલા મુલકમાં વીખરાએલીછે. આએ પરગ
ણાનું વરણન હરેક બીજાં પરગણાંનાં કરતાંને ઘણું થોડું માલ
મ થાએલુંછે, તેથી હમો હેનો થોડોઈક અહેવાલ જેવો મા
લમ પડીઓછે, તેવોજ લખી જણાવીએછે ❀

હમો ચીનનાં વરણનમાં બોલીગીઆછે, તે પરમાણે ઈઆં
ગતજીકીઆંગ અને હવાંગાહો ઈ બંધે નદીઓ ઈ ઘણાં સારીપ
ખે તરથાઈલા અને દેખામણાં મુલકમાંથી નીકલેછે. લાનતસાન
કીઆંગ, વૂલીઆંગ, અને નૂકીઆંગ, એ નદીઓ દખણ
દશાએ ચાલીને ઈઊનાનનાં સંસથાનમાં જાએછે; અને ઈ
ઊચીનીપીરા, ઓલાનમુરેનપીરા, તે સાથે તેને લાગેલી કેટલીઈ
ક નેહરો, અને પોરોચોંઆકેકપીરા, એ નદીઓ પૂરવ ત
રફથી કાનશુહનાં સંસથાનમાં વેહેછે. હવાંગાહો નદીમાં
તોનકુતુલેન, તોમતાતોકુતુલેન, તુરાકુતુલેન, અને પાચીકા
હાલીઓતો, એ નદીઓ વેહેછે. સજીયૂએનનાં નાંકાંઓ પ

૨ ઇઆલોકીઆંગ એ નાંમે એક મોહોટી નદીછે, કે જે માચુ, મીનાચુ, સીઆચુ, અને ઓઇચુરકુ, એ નદીઓનાં મલીઆથી થએલીછે. તીબેતમાં ચાઇતેંગપીરા અને કોકોનોરમાં પૂકાપીરા એ નદીઓ વેહેછે. મોહોટા મોહોટા સરોવરો જેઓના નાંમો હમો સાધારણ વરણનમાં આપી ગીઆછે, તે વતરોંગો કોકોનોરની અગાની કોણ તરફનાં લાગોમાં હોરખુક ઓમો, ઇલાશુઓમો, ઇંથીઓમો, તોસીન ઓમો, એ વગેરે બીજાછે; સીફાનનાં ઉતર તરફનાં લાગોમાં ચીરીંગ અને ઓરીંગછે, અને બીજા ઘણાંએક દખણ તરફછે. હ્વાંગહો નદીનો ઓગાન નીલ અને નાઇજેર ઈ નદીઓનાં ઓગાનની કાંની ઘણું થાઇડું છુપોજ રેહેઓછે, અને હમણાંનાં પણાંજ સરસ ભૂગોલ વરણન કરનારાઓ તે વીશે ચોકસ બતાવી સકતા નથી, તોપણ હેવું કેહેછે કે ઇ ઓંગાતંજીકીઆંગ નદી તુકાન અથવા તૂરકાનમાં ચુરકુલા નાંમે પાહાડોની એક હાર જે ૩૩ અંશની ચોરણમાં તથા પીકીંગની પશચમ દશાથી ૧૫ અંશની લંબાનમાંછે, તેની હેઠવાઇમાંથી નીકલેછે; તાંહાંનાં લોકો તે નહાંની નેહેરને ચુનાક, અને ચીનાં લોકો હીશવઇ કરીને કેહેછે. કોકોનોર એ સરવરો ઉપરથી એ આખાં દેશનું નાંમ (ચીનાંઇ બોલીમાં સીહાઇ, એટલે પશચમ તરફનો સમુદર) પડીઉંછે; તે ૩૬ અને ૩૭ અંશની ચોરણની વચે તથા ૧૬ અને ૧૭ અંશની લંબાનની વચેછે, અને શુમારે તીસ મેલ લાંબો તથા સાહાઠ મેલ પોહોલોછે, અને ઈ પરમાંણે એશીઆ ખંડનાં ઘણાંજ મોહોટાં સરોવરોમાંનો એક સરોવરછે. *

કોકોનોરની અને સજીચુએન તથા ઇઉનનાન એ સંસથા

નોની વચે મોહોટા દરામનાં અને અધડા પાહાડો આવેલા
છે. એ મુલકનો જાતી દેખાવ હેવોતો મારફણે લાગેછે, કે
તેથી કરીને મનુશનાં દીલમાં તે જગત કરનારની મોહોટા
ઇની ઘણીજ અચરતી પેદા થાએછે. તેમાં ઉંચા અને મો
હોટા પાહાડો તથા કરાડાઓ અને ભારે ઉંડા ખોઓ, અ
ને સાંપની ફાંની વાંકીચુંકી ચાલેલી નદીઓ તથા મોહો
ટા ફેલાવનાં સરોવરો, અને સોભીતા દેખાવની રચનાં તથા
ઉતર તરપનાં બીઆબાન રાનો, એ સંઘલું પોતાની તરેહ
વાર મોહોટાઇ સુધાં જોઆમાં આવેછે *

કોનોરનો મુલક જાંહાં તીબેત સાથે જુદો પડેછે, તે બ
તલાવવાને ઘણું મુશકેલછે: ચીનાંઓનાં ભુગોલ વરણન કર
નારાઓ ઘણુંકરીને સીપાન અને તુરપાન એ, મુલકોને તી
બેતમાં દાખેલ કરેછે, પણ એઓ ચોકસ કરીને કોકોનોર
નો ભાગ થાએછે. એ એક અસલનો દેશછે, કે જે એકવાર ત
વારીખમાં ઘણો પરસીધ થાએલોછે; કાંકે સીપાન લોકોએ
પૂરવ તરપ સજેચૂએનનો એક ભાગ હાત કરી લીધો હ
તો, અને પશાચમ તરપ પોતાનો અમલ છેક કાશમીરનાં
નાંકાંઓ સુધી ચલાવીઓ હતો. તાંગની ઓલાદનાં શાહં
શાહોમાંનાં તાઇતશુંગ શાહંશાહનાં રાજમાં (ઇસવી સને
૬૩૦ માં) તેઓ હેવાતો જોરેમંદ થાઇ પડીઆ હતા, કે તે
ઓ શાહંશાહની છોકરીને પોતાનાં પાદશાહ સાથે પરણા
વાને શાકે માંગવા લાગા; પણ શાહંશાહે તે મગરૂરીથી ક
બુલ કીધું નહીં, તે ઉપરથી સીપાન લોકોએ કેટલીએક લ
ડાઇઓ કીધી, તેભારે ચીનાંઇ શાહજાદીને તેઓનાં પાદ
શાહને તાંહાં મોહોટી ધુમધામ સાથે મોકલાવી પડી. અને

તેઓારથી સીઘાન લોકો ચીનાંઓ સાથે મોહોટી મીતરાચા રીથી ચાલવા લાગા. હકુએન તસુંગ શાહંશાહનાં રાજમાં જે ચ નમાં બલવો ઉઠીઓ હતો, તેને નરમ પાડવાને સા કુ શાહંશાહે તેઓને મદદ બોલાવીઆ હતા. એ વખતથી તેઓનું દીલ ચીનનાં પેદાસત ભરેલા મુલક ઉપર લલચાવા લાગું; અને તે રાજ નબલૂ પડી ગીઆને લીધે, તેઓને હુ મલો કરી આવવાની હીમત વધતી ગેઇ, તેથીફરીને તેઓ પાધરા ચીનનાં પાએતખત સેહેર ઉપર કુચ કરી આવીને, તેને અચબૂચ હાત કરી લેઇને લુટફાટ કરીને ખાલી ના ખીકૂં. હેવો માહો અહવાલ કોતસાઇ પોતાનાં દેશનો જો ઇને, તેણે ઘણાંએક ઢોલો એકઠાં કરીને એકેદમ વજડાવા લાગો, અને પડોસનાં ડુંગરો ઉપર ચોકીને શાકુ ઘણાંએક બરતાં કરવીઆં, તેથી સીઘાન લોકો હેવું સમજવા લાગા કે શાહંશાહનું આખું લશકર તેઓને ઘેરી લેવાને સાકુ આ વેછે. તે ઉપરથી તેઓ તાકાંગી ઉતાવલે પોતાનો લુટનો મો હોટો ખજાનો લેઇને નીકલી ગીઆ, અને તેઓની સામે એક ચીનાંઇ સરદાર શુ ાપણાથી લડીને તેઓને આજે જ કીધા, તેથી તેઓ નીરાસ થાઇને પાછા પોતાને વતન નાહાસી ગીઆ. પછી તેઓની અને વેહી તાતાર લોકોની વચે જે પોતપોતાની ચહડતી કરવાનો કશાદ ચાલતો હતો, તેને ચીનાંઓ ઉશકેરી આપવા લાગા; અને એમ કરીને તેઓને જુદા પાડીને, તેઓ સાથે કેટલીએક લડાઇઓ ક રીને, ચીનાંઓઇ સીઘાન લોકોને જેર કીધા. નવમી અને દશ મી સદીમાં સીઘાન લાકોનાં પરાંતમાં જોરાવર હાકેમોનાં વારેવાર બલવા થાઆથી તે જલદીથી ખરાબ થાઇ ગીઓ.

અને શ્રુંગ શાહંશાહની ઓલાદનું જોર તેની આગાસનાં શાહંશાહોની ઓલાદ કરતાંને ઘણું વધી પડીહું હતું, તેથી કરીને તુરકાનનો મુલક આસતેઆસતે ચીનનું એક સંસથાન થાઈ પડીહું. તેઆર પછી તાહાનાં જે લોકો મોંગોલ લોકોને તાબે નહી થાંઆ, તેઓ અઘડા પાહાડોમાં નાહાસી જરાઆ, અને તાંહાં જંગાલી હાલતમાં પડી રેહેઆ ; અને બાકીનાં લોકો હજુન ઓલાદનાં શાહંશાહોની ગારીબ પરજા થાઈ રેહી. પછી એ મુલકમાં ઘણીએક ગનીઆતો આવતી ગેઈ, તેમાં મુખીઅ હજુથ લોકો હતા, કે જેઓને ચીનાંઓએ તથા કાલકા લોકોએ તેઓનાં અસલી રેહાણમાંથી મારી કાહાડીઆ હતા, તેથી કરીને તેઓ અહીઆ આવી રેહેઆ. એ દેશનાં લોકો ચીનાંઈ માનદરીનોની પૂરી તાબેદારી કરતા નથી, અને તેઓ પાસે પોતાનાં સવતંતર સરદારોછે, કે જેઓ તેઓની ગનેઆતને માથે જે તસીઓંગાકીહુનની હુકુમત ચાલેછે, તેની આગાલ આવીને શાહંશાહનાં હોકમને કદીજ માંન આં છે *

એ લોકોની ગનેઆતનાં બે ભાગ ચીનાંઓએ પાડીઆછે; એકને હીહસીકાન, અથવા કાલા સીકાન, એમ તેઓ જે કાલા તંબૂઓમાં રેહેછે, તે હુપરથી તેઓનું નાંમ પાડીહુંછે, અને બીજાને હવાંગાસીકાન, અથવા પીલા સીકાન કરીને કેહેછે, કાંકે તેઓનાં તંબૂઓ હેવા રંગાનાંછે, અહીઆં ઢોરનો ચાર ઘણો સારો થાએછે, તેથી કરીને ઢોરો ઘણાં ચરેછે, પણ લોકો પાસે બીજો દરવ ઘણો થોડોછે, તો જોકે કેટલાએક ભાગોની જમીન રાઈ અને ઘઉ ખેડાઈ સફાઈ હેવી હુપજ ભરેલીછે. નદીઓ અને પાહાડો એ બંધે

માંથી સોનું મલેછે; તેને તાહાનાં અસલી રેહેવાસીઓ સારીપખે એકઠું કરેછે, અને તેનાં તેઓ બૂધનાં ઘણાં સારાં પુતલાં બનાવેછે. તેઓનાં મુલકની ઘણી સોભાવતી જગાઓ મૂરતીનાં મંદીરોથી રોકાએલીછે, અને ઘણીજ સારી જમીન લામાઓની પાસે હોએછે. તેઓનાં દેશની મુખીઅ વેપારની જનસ રેવંદચીનીછે. તેઓમાં જે છુટાછુટા ચીનાઓ વીખરાએલાછે, તેઓ મોહોટો વેપાર અગત કરીને હવાંગસીકાન લોકો સાથે ચલાવેછે, કાંકે એ લોકો તેઓમાં ઘણાંજ શુંગરેલાછે. તેઓની કેટલીએક ગનેઆતનાં લોકો જે પાહાડોનાં પરગણામાં રેહેછે, તેઓ જંગલી થાઈ ગીએલાંછે, અને તેઓ લૂટફાટ કરવા નીકલેછે, તે સીવાએ કદીજ પાહાડો ઊપરથી મેદાનોમાં ઊતરેછે *

ચવાંગલાનનાં સેહેરની ઊતર દશાથી તે મોહોટી દેવાલનાં હીઆઈઊકવાંન દરવાજા શુધી જે નીચાન જમીન ફેલાએલીછે, તે લગાલગા ચીનાંઓની હુકમત હેઠલછે; અને પશ્ચમ તરફની નીચાન જમીન ઊપરબી તેઓ પોતાની સતા ચલાવેછે, અને તાંહાંનાં પાહાડવાસી લોકોથી મુલકનો સંભાલ કરવાને સારૂ, તેઓએ ઘણાંએક કીલલાઓ બાંધેલાછે. કોકોનોર તાતાર લોકોનો પરાંત ઘણો મોહોટોછે, કાંકે તે ઊતર થીતે દખણ શુધી શુમારે સાત અંશ ફેલાએલોછે. ચીનાંઓએ પોતાનો તાલુકો પશ્ચમ અને દખણ બીતે છેક ઘ..ાં ઊંચા અને અધડા પાહાડો શુધી ચલાવીઓછે. ચીન અને કોકોનોરની વચેબી પાહાડોની બીજી હારો આવેલીછે, કે જે બાહેરનાં દેશનાં લોકોને ચહડી આવવાને મોહોટી દેવાલનાં કરતાંનબી ઘણો મજબૂત અટકાવછે. અને તેમાં ઘો

ડાએક ધાટો જે આવેલાછે, તાંહાં કીલલાઓ બાંધી લીધેલા
છે; તેઓમાં તશુંગાપાંગાવેનો કીલલો એ બધે ગાંનઆતો વ
ચેનાં વેપારની જગાછે. કોકોનોર તાતાર લોકો એક જાત
નાં ગરમ જાડાં કપડાં અને ચામડાનું કાપડ બનાવા
માં ઘણાં હોસીઆરછે. અને તેઓને ચીનાંઓ રેશમી અને
શુતારઊ કાપડ તથા ચાહ આપીને એ જીનસો વેચાતી લી
એછે.

કોકોનોરની આસપાસનાં રેહેવાસીઓ કાલમક અથવા
મોંગોલ લોકો, અથવા એઓને લગાતી ગાંનઆતનાં લોકો
છે, તેથી તેઓની ચાલચલન વીશે લખવાને હવે કાંઈ અ
હીઆં ગરજ નથી. તેઓ તીબેતનાં મુલકની નજદીક આ
આથી શામનાં ધરમથી સારીપઠેં વાકેફ થાએલાછે, અને
તેનાં ઊપર ઘણાંજ ચૂસત રેહેછે. તેઓને પોતાનાં ઊતર તર
ફના રેહેનારા લોકો કરતાંને દુકાલ અને વરશાદની તં
ગી ઘણી થોડી ભોગાવવી પડેછે, તેથી કરીને તેઓ પોતા
નાં દાહાડા વધારે શુખથી કાહાડેછે. વલી તેઓ ઊંચા પાહા
ડો અને રાંનોની વચે આવેલાછે, તેથી તેઓને પારકા શત
રૂના હુમલાની થોડીજ ધાસત રાખવી પડેછે; પણ તેઓ પો
તપોતામાં લડાઈ ફીસાદ કરતા કરેછે, તેથી કરીને તેઓ
સદાની શુલેહનું શુખ ભોગાવવાને અસકતીવાનછે.

હવે હમો મોંગોલ લોકોનાં પરાંતમાંથી નીકલીને ઈલ્લીનો
શૂબો, એટલેજે ચીનાંઈ સૌંગારીઆ અને તુરકસતાન, એ
દેશાનું વરણન કરીએછે, કે જેની જમીન, આબોહવા, અથ
વા રેહેવાશીઓ, એ સંઘલું લગાલગા મોંગોલીઆનાં જે
વુંછે.

બાબ સાતમો.

ઇલીનાં શુબાનું વરણન.

સોંગારીઆ અથવા સોંગારનો દેશ અને પૂરવ તરફનું તુરકસતાન, જેઓ તીઇનશાન, એટલે આસમાની અથવા સવરગી પાહાડોથી જુદાં પડેછે, તેઓ એ તરફનાં ભાગમાં ચીતાઇ તાબૂકેનાં મુલખોછે. એ આખાં પરગણાં વીશે કેહેછે કે તે ૪૭ અંશ અને ૩૦ કલાથી તે ૩૩ અંશ અને ૩૦ કલાની ચોરણ શુધી તથા પીકીંગની પશચમ દશાથી ૨૨ અંશ અને ૨૩ કલાથી તે ૪૨ અંશ અને ૨૫ કલાની લંબાન શુધી ફેલાએલુંછે. તેની હદ—ઉતર દશાઇ આલતાઇ પાહાડોની હારછે, કે જેથી તે સવતંતર કીરઘીસ, અથવા કસસાક લોકોની ગનેઆતનાં પરાંતથી જુદું પડેછે ; ઇસાનકોણેએ મોંગોલીઆનાં ઔલીઆસોંતાઇ પરગણાં તરફથી ચામાર પાહાડો અને ઇરતીશ નદીછે ; પૂરવ દશાએ કાનશુહનું સંસથાન અને ગોબીનું રાંનછે : તુરકસતાન તીબેત સાથે કુવાનલુન અને ગોબીથી જુદું પડેછે, અને તેની અગ્નેં બુખારીઆ અથવા બોખારાના મુલકની વચે બીલોરનાં પાહાડો આવેલાછે ❋

સૌંગારીઆ ઘણો મોહોટો મુલક નથી; તેમાં તરણ જીલાહો દાખેલછે; તેઓનાં નાંમો—ઇલી, પશચમ તરફછે, તારબગાતે, ઉતર તરફછે, અને કૌરકારાઓસો, ઇલી અને ઓરોમચી ની વચેછે. એ છેલા પરગાણાનું નાંમ ફેરવીને ચીનસીકુ, અ ને બારકોલનાં પરગાણાનું નાંમ ફેરવીને તેફહવાચૂ રાખી આંછે, અને એ બંધેને કીઇનલુંગા શાહેશાહે કાનશૂહનાં સંસથાન સાથે જોડેલાંછે. તુરકસતાનનો જે ભાગ ચીનને તાબુકેછે, અને જેને સને ૧૭૫૯ માં કીઇનલુંગે ફતેહ કી ધો હતો, તેને સીનકીઆંગ એ નાંમ આપીહુંછે, અને તે માં સાત જીલાહોછે; તેઓનાં નાંમો—હરાશાર, કૌચે, અક સો, ઓશી, કાશગાર, ઇઆરકીઆંગ, ખોતન, હામી, અ ને ઇંગાકીશારછે; એ સીનકીઆંગ અથવા નવા નાકાંનાં મુસલમાની ધરમ રાંખનાંરા લોકોનાં આઠ સેહેરોછે ❁

સૌંગારીઆમાં ઇલી નાંમે નદીછે, કે જે તીઇનશાન, એ અથવા આસમાની પાહાડોમાંથી નીકલીને, ઉતર તરફ હ સાક લોકોનાં દેશમાં ચાલેછે, અને તાંહાં તે પોતાની મેલે બલકાશી નોરમાં જાએછે. તુરકસતાનમાં તારીમ એ નાં મે નદીછે, કે જે પશચમ તરફનાં નાકાં પરથી નીકલેછે, અ ને પૂરવ તરફ ચાલીને લોબનોર સરોવરમાં જાએછે; કા શગાર, ઇઆકીરઆંગ, અને ખોતેન, એ નદીઓ પશચમ અને દખણ દશામાંથી આવેછે, અને તારીમ નદીમાં વેહે છે; અને તશ્રૂલતૂસ એ નદી તીઇનશાનમાંથી ઉપજીને, પો સતેંગાનોર, અથવા હરાશાર સરોવરમાં વેહેછે. ઇઉહલુંગાહા શ અને ખરાહાશ એઓ ખોતેન નદીની ડગાલોછે ❁

સોંગારીઆનાં મુખીઅ સરોવરો આએછે;—હસાલબાશ અને ઝઇસાન, ગોબદોના નાંકાંઓપરછે; અલકતુગાલ અને તીમોરતો, હસાક લોકોનાં નાંકાઓ પરછે; બલકાશ, ઇલીની પશચમ દશાએ, હસાક લોકોનાં દેશમાંછે. તુરકસતાનનાં મુખીઅ સરોવરો—લોબનોર અને પોસતેંગાનોરછે, કે જેઓ હરાશાર અને તોરપાનની દખણ દશાએછે ❀

તીઇનશાન, તેંગકીરી, સીઊઇશાન, અથવા મૂઝતાગનાં પાહાડો, જે હામીની ઇસાન કોણાએછે, તે એ પરગણાની મુખીઅ હારછે. હામીથી એ હાર પશચમ તરફ ચાલીને, સોંગારીઆને તુરકસતાનથી જુદું પાડેછે; પછી તે મોહોટાં બુખારીઆમાં જાઇને, ચોકસકરીને કાકાજસનાં પાહાડો સાથે જોડાએછે. બીલોર તાગ પાહાડો નાનશાન અથવા કુયાનલુનથી ઊતર અને દખણ તરફ ચાલેલાછે, અને માતર ઊતર દશાએ કાશગાર દબાકુ (ઘાટ) થી તુટેલાછે, કે જે આનચીએન અને આંદજીજાન એ મુલકોનાં નાંકાંઓ પરછે ❀

તોરપાનની આસપાસનો દેશ, તે સાથે ૭ સેહેરો જે તાંહાંના એક દેશી રાજાની હુકૂમત હેઠલછે, તે સારીપખે વસતી ભરેલોછે; તાંહાંની જમીનમાં રૂ અને સનોબર પેદા થાએછે, અને આબોહવા મધીઅમછે. પણ દખણ દશા તરફ સુકા મેદાનો અને રેતીનાં પાહાડોછે, અને જેઆરે તોફાન થાએછે, તેઆરે હવામાં રેતી ઘણી ઊડેછે, અને તેથી આખાં પરગણાંઓ ભરાઇ જાએછે. લોબનોરથી તે તીબેત સુધી મુસાફરોને ઊજાંડ મેદાનો, ચીખલની જગાંઓ, અને સદા બરફથી ઢંકાએલા પાહાડો મલેછે. કેટલાંએક નાલાં

ઓ બરફનાં પાહાડોમાંથી નીકલીને લોબનોરમાં જાએછે. એ સરોવરનાં કાંઠાઓ પર માણસની વસતીછે.

હામી પોતાનાં વેપાર અને ખરબુજાં ઉપરથી પરસીધ થા એલુંછે, અને તુરકસતાનનું એક ઘણું મોહોટું સેહેર ગણા એછે.

કોચે અથવા કોચીની હુકુમતમાં એક મોહોટો પરાંત દાખેલ કીધેલોછે, કે જાંહાંથી ખેરાજ દાખેલ થઊં, તરાંબૂ, શુરોખાર, અને ગંધક, એ જીનસો જાએછે. ચીનાઈ સરકાર ખેરાજ અથવા ચોઠ આગલા પાદશાહોનાં કાનૂન પરમાંણેજ કમણાંબી લીએછે. વેપારી સેહેરોને ચાંદી આપવી પડતી હતી, અને રૂસનાં મુલક સાથે વેપાર કરનારા વેપારીઓ પાસેથી સેંકડે દસ ટકાની જગાત લેતા હતા, તેઆરે ઉપજાઊ પરગણાંઓને માંઠે તેઓની પેદાસતમાંથી આપવાને ઠરાવેલું હતું. કોચેની દખણ તરફનાં પાહાડો વસેલા નથી, તોજોકે બીલાનથી ભરેલાછે. તેઓમાં ધાતુનો દરવ ઘણોછે, અને તેઓની વચેની નીચાન જગાઓમાં રેવંદચીની ઉપજેછે. તુરકોમાન અથવા તુરકી લોકો જો જમીનને પાંણી સીંપીને તર કરવાની હીકમતથી નાવાકેફ હતેતો, આસપાસનો મુલક વરશાદની કમીને લીધે તદન ઉજાડ અથવા વસતી વીનાનો થાઈ પડતે.

ઓશીનું પરગણું પાહાડો ભરેલુંછે, તેમાં ઉપજ ભરેલી નીચાંન જમીનો તથા ઉંચાં ઘાસથી ભરેલાં મોહોટાં મોહોટાં મેદાંનો આવેલાંછે, અને તાંહાં કીરઘીસ લોકો વારેવાર આવેછે.

અકસો એ એક મોહોટા વેપારનું થાણુંછે, કે જાંહાં ચીનાંઇ, કાશમીરી, અને કીરઘીસ વેપારીઓ આવીને, પોતપોતાનાં દેશની ઉપજ એક બીજાને વેચેછે. માલની જગાત માતર સુમારે સેંકડે બે અથવા તરણ ટકાછે, અને અંહીઆં વેપારને અડચણ થાઈ હેવા ભારીકરો ઠરાવેલા નથી. રેહેવાસીઓ મેહેનતુ લોકોછે; અને મુલક ફલ અને અનાજ એ બંધેમાં ઉપજ ભરેલોછે; અને ગાંમડીઆ લોકો ઢોરોનાં ઘણાંએક ટોલાં રાખેછે: પણ એ દેશની આબાદી ભરેલી હાલત જોઇને માંદરીનો લાલચનાં મારેલા નવાનવા કરો બેસાડવા જાએછે, તેથી કરીને વારેવાર બલવા ઉઠી ઉભા થાએલાછે. તરણ હજાર માણસો એક માનચૂ સરદારનાં તાબામાં આપીને કીલલામાં સંભાલ કરવાને સારૂં રાખેલાંછે ❋

ઇઆરકીઆંગ, અથવા ઇઆરકંદ, કે ઘણું મોહોટું ગાંમછે; તેમાંથી વરશોવરશ ૩૫૩૭૦ તેલ, ૩૦૫૪૦ શીહ અનાજનાં ૩૦ તેલ સોનું, એ વગેરે બીજું મેહેસૂલ ઉપજેછે. તે પશચમ તરફનાં ચીનનું કંતાનછે, કે જાંહાં શેનસી, શાનસી, અને ચીકીઆંગનાં સંસથાનનાં વેપારીઓબી, પોતાનો માલ એશીઆખંડનાં પશચમ તરફનાં મુલકોનાં રેહેવાસીઓને વેચવાને સારૂ એકઠા થાએછે. એ જગોની આસેપાસેની જમીનમાં અનાજ અને મેવો પૂશકલ થાએછે. હેવું કેહેછે કે સેહેરમાં ૧૨૦૦૦ ઘેરો, એક કીલલો અને તેનાં સંભાલને સારૂ રાખેલા ૪૦૦૦ થી વધારે માનસોછે. ઇઆહીનો પથર, અથવા ઇઉ, જે ચીનાંઓમાં ઘણો વખાણાંઈછે, તે સેહેરની નજદીક એક નદીમાંથી મલેછે, અને તેને તાંહાંનાં રેહેવાસીઓ ચીનાંઇ સીપાહીઓની તપાસ હેઠલ રેહીને એકઠો કરેછે.

એ સેહેરની ૧૦૦ મૈલ દુર મીરદંજાઇ પાહાડોછે, કે જે જુદા જુદા રંગનાં પથરાનોછે, તેમાં સફેદની સાતે રાતા રંગનો અને લીલા સાથે શુનાંની રંગનો પથર ઘણોજ વખણાએલોછે; પણ એ માતર પાહાડોનાં ઘણાંજ બીકટ ભાગોમાં મલેછે. એ જનસનો વેપાર મના કીધેલોછે, તોભીકે ચોરી છુપીથી તે ચાલેછે, અને ઇઆરકીઆંગનાં સેહેરથી એ પથરની છ હજાર થીતે દશ હજાર કેઆતી વરશોવરશ ચોઠ દાખેલ પીકીંગ ખાતે જાએછે.

કાશગારબી ઇઆરકીઆંગનાં જેવું અગતનું સેહેરછે. તાંહાનાં ૧૬૦૦૦ રેહેવાશીઓ ઉપર જે મેહેસૂલ ઠરાવીઉંછે, તે વરશોવરશ જુમલે ૩૬૦૦૦ તેલ અને ૧૪૦૦૦ શીર અનાજનાછે, અને તેથી કરીને તાંહાં જે ૧૦૦૦૦ માંણશો રાખેલાછે, તેનાં ખરચનો એક ભાગ નીકલેછે. તે એક નાકાંપરનું ગામછે, અને તેની ઉતર તરફની હદ ઉપર બરફનાં પાહાડો આવેલાછે, તેથી કરીને તેને ચીનાંઓએ ઘણું મજબૂત કીધેલુંછે. રેહેવાશીઓ સોનાં રૂપાની કારીગરીનાં કામમાં સરસ ઉતરેછે, પણ તેઓનાં વેપાર ઉપરથી સેંકડે દસ ટકા જગાત સરકાર લીએછે. હેવી કઠણ રીતે હુકુમત ચલાવીઆથી લોકોનાં ધંધા વેપારમાં ઘણી અડચણ આએછે, અને તેથી કરીને થોડું આઇઉં એક મોહોટો બલવો ઉઠી ઉભો થાઓ હતો.

આંદજીદજાન એકવાર એક નાંમીચા અને જોરાવર સરદારનું મથક હતું; તેનાં રેહેવાશીઓ જે વેપારનાં કામમાં ઘણાં પકા અને ધેઆન વાલાછે, તે ઉપરથી તેઓ વખાણાંઈલાછે. તાંહાંનું જે પરગણું કીરઘીસ લોકોનાં પરાંતની પશ

ચમ દશાઈ આવેલુંછે, તે ઉપર તે લોકો વારેવાર ચીલઝડપ હુમલા કરી જાએછે, તો જોકે તાંહાંનાં રેહેવાશીઓબી શુરા લોકોછે, અને તેઓ શેકાર કરવાને તથા લશકરી કવાએદને ઘણો પસંદ કરેછે ❀

કોકંદ અને બાદકશાન એ બંધે નાંકાઓ પરનાં પરગણાંછે, જેઓ વારેવાર લડાઈનાં મથકો થાએલાછે, અને જોકે હજૂર શુધી ચીનાંઈ અમલ હેઠલ પૂરતી રીતે આઆં નથી, તોપણ હવે જલદીથી તેઓનાં હાત હેઠલ આવી પડશે. નાદરશાહ એ મુલક ઉપર ચહડી આઓ હતો, પણ તેનાંથી એટલી દુરની વેગલાઈનો હાત કીધલો તાબુકો રખાઈ સકીઓ નંહી. અંહીઆંની ઉપજ ભરેલી જમીન ખેતીગાર લોકોની મેહેનતનો બદલો ભરપૂર વાલી આપેછે. તોપણ ગોલાંમી જે મનુશ જાતનો ઘણોજ ખરાબી ભરેલોછે પેશોછે, તે અંહીઆ ઘણીજ પૂરતી રીતે ચાલેછે, અને તે નીચ ધંધામાં ચીનાંઓબી શામેલ થાએછે. અને તેનો વધારો કરવા શાઉ રેહેવાશીઓ બાદખસાનથી દૂર જાહેલ સરીખા જે લોકો વસેછે, અને જેઓને મુસલમાન લોકો કાફરે શીઆહ પોશ કરીને કેહેછે, તે લોકોને પકડી લાવેછે. ઈ પરાંતોનાં રાજાઓ એક મોહોટું લશકર લડાઈનાં મેદાનોમાં લાવવાને સામરથવાનછે, પણ તેઓનાં સવારો જે તેઓને તાબેનાં સરદારોને ભાગે પરતાછે, તેઓ જાંહાં શુધી પોતાની મતલબ હોએચ, તાંહાં શુધી લશકરનાં મેદાનમાં ઉભા રેહેછે ❀

બારકૌલની આબોહવા ઘણી ઠંડીછે, અને તાંહાં જુન મહીનામાંબી બરફ પડેછે ; તોપણ આઆએ ચોકસછે

કે તાહાનાં રેહેવાશીઓ ઘઉં અને જવ ઉપજાવેછે. ઘણાં એક ચીનાં અને માનચૂ શીપાહીઓ ઈ આબાદ પરગણાંનાં તાલુકાનો સંભાલ કરેછે.

ઓરૌમચી જે એક પાહાડની હેઠવાઈ આગલછે, તે એક ઉપજ ભરેલી જગાછે. એ પરગણાંમાં ઘણાંએક બંદીવાનો રેહેછે, અને બે કીલલાછે, તેમાંનો એક કીલલો જે ઓરૌમચીથી કેટલાએક મૈલ દુરછે, તે એ સેહેરનો સંભાલ કરવાને સારૂ બાંધેલોછે. હેની આસેપાસે આવેલા પાહાડોમાં કોલસાછે. અને તેમાં વલી બલતા પાહાડોનીબી નીશાન માલમ પડેછે; કાંકે તાંહાં ઈક તેતરીસ મૈલનાં ઘેરાવાનુ મેદાન સંઘલું રાખથી ભરેલુંછે, અને હરેક કાંઈ ચીજ તે રાખ ઉપર નાખીઆથી બરતાંનો ભભૂકો નીકલેછે.

ઈલી એ સેહેર ઉપર ચીનાંઈ અને માનચૂ સવારોની મજબૂત ચોકી રાખેલીછે, અને તેને એજ નાંમની નદી ઉપર બાંધેલુંછે. તે એકવાર કાલમક લોકોનું પાએતખત હતું, પણ આખર તે તેઓની ગનેઆતનું કબરસતાન થાઈઉં: કાંકે આમોરસાનાએ સવરગી રાજની મદદ પોતાનાં ભાઈ દવાસતીની સાંમે થવાને સારૂ માંગી, તે કીઈન લુંગ શાહંશાહે આપી. પણ તેથી લોકો જલદીથી ચીનાંઈ શાહંશાહનાં હાત હેઠલ દબાઈને તાબેદાર થાંઈ ગીઆં; અને કાલમક લોકોએ પોતાની ગરદન પરથી હેવી ભારી જુસરી કાહાડી નાખવાના જે કશદો કીધા, તેમાં તેઓનાં લાંખો માંણસો મારીઆં ગીઆં, અને અંતે તેઓની સંઘલી મેહેનત બરબાદ જતાંબી તેઓનાં પગની સાંકલ મજબૂત તંગ થાતી ગેઈ.

ઇલી કેક લશકરી ઠાણુંછે, તે ઉપરથી તે અગાતનું બાઇ પડીઉંછે; તેનો ઘેરાવો આસરે તરણ મૈલનોછે, પણતાંહાંનાં સીપાહીઓ ઘણાંખરા છાવણીમાં રેહેછે. તેની આસપાસનો મુલક કાંઇ ઘણો ઉપજ ભરેલો લાગતો નથી; કાંકે ભારી કરો લેતાં છતાંબી ચીનાંઇ સરકારને વરશો વરશ ૫૦૦૦૦૦ તેલ અને એક જથો કાપડનો કીરધીસ લોકોને વેચીને તેનું લશકર રાખવાને સાંરૂ મોકલવા પડેછે. તે મોહોટા ફેલાવનો દેશછે, અને તેમાં મોહોટાં મોહોટાં રાંનો સરીખાં મેદાનોછે. તેનાં ઉતર તરફનાં ભાગાનાં સંભાલને શારૂં બાર લશકરી ઠાંણાંઓ રાખેલાંછે, કે જેઓ ચીનનાં કોસતાઓ પરનાં ઠાંણાંઓ કરતાંને સારી હાલતમાંછે. તાંહાંનાં જુદા જુદા ઠાણાંઓ વચે વેહેવાર ચલાવેને સવલ પડવા સારૂં સરકારે રસતાઓ કીધેલાછે. નાકાંઓ પરનાં હસાક અને બૌરોત લોકોને વરશો વરશ ચોઠ દાખેલ સો ગાએઓમાંથી એક ગાએ અને હજાર મેંઢાંઓમાંથી એક મેંઢું આપવું પડેછે.

રૂશીઆનનાં નાંકાઓ તરફથી ચીનાં લોકોએ એક ઢુબલો જેવો કીલલો બાંધેલોછે, જેને તરબખતાઇ કરીને કેહેછે, અને તાંહાંનાં રાંનોમાં ભટકવાને સારૂં તોરગોત કાલમક લોકોને લાવી રાખીઆછે. તાંહાંનાં ચીનાંઇ સીપાહીઓને પોતાનાં ગુજરાનને શારૂં દાણો ખેડવો પડેછે, પણ હેવા ઠંડા દેશમાં તેને ઉપજાવાને ઘણું મુશકેલ જેવુંછે. તોપણ એ મુલકમાં જંગલી જનાવરો ઘણાંછે, તેથી જો તેઓ શેકાર કરવાની મેહેનત પસંદ કરેતો, તેઓને માંસનો ખોરાક પૂશકલ મલી આવે.

હેવા મોહોટા ફેલાવનાં દેશમાં આબોહવા અગાત કરીને

જુદી જુદી હોએછે. ચાલુ બરફથી ઢંકાએલા ઊંચા પાહાડોની ઘણી સારી રચનાં મારેછે, તોપણ તેઓથી એક બીજા પરગાણા વચે આવજાવ કરવાને મોહોટી મુશકેલ પડેછે, અને હવા ઘણી સખત થાએછે ❀

એ પરગાણામાં ઓકાબ, વાઘ, વરૂ, કોલાંહ, અને જંગાલી ઢોરો ઘણાં રેહેછે. પાલવાનાં જનાવરોબી સારીપખે થાએછે; પણ લગાબગા આખો મુલક જેહેરી જનાવરોથી ભરેલોછે. અંહીઆં એક જાતનો પીલાસ ઊપર ઊતરેલા લીલા રંગાનો કસારીઓ મરઘીનાં ઇંડાં જેવડો મોહોટો થઇછે. તેનાં ડંખથી માણસ સડીને મરણ પાંમેછે, પણ તેને ઇજા પોહોચીઆ વગારે તે કોઇને કરડતો નથી. બટેર જનાવરનાં જેવું એક કેહેજોગા પખસી બરફનાં પોસતાઓમાં રેહેછે, અને બરફ ઊપરજ પોતાનાં ઇંડાબી મુકેછે ❀

માણસ કઠણ હવામાં રેહેઆથી, અને સખત જમીન ખેડવાની મેહેનતમાં કસાઆથી પોતાની મેલેજ મજબૂત થાઇછે. કાંકે ચીનાંઇ લશકરનાં ઘણાંજ જોરાવર સીપાહીઓ અંહીઆંથીજ આવેછે. જોકે લડાઇ ફીસાદ અને જુલમ એ મુલકમાં ચાલુછે, તોપણ રેહેવાસીઓ બેફીકરાછે, અને તેઓ નાચવા, ગાવા, અને રમવામાં તથા તેહેવારનાં દાહાડામાં ધુમધામ કરવાને ઘણી ખૂશીછે. તેઓમાંનાં ઘણાખરા લોકો મુસલમાંની ધરમ રાખનારાછે, તોપણ તેઓ દરાખ જે એ તરફ પૂરાકલ થાએછે, તેને તથા બીજી જાતનો દારૂ ઘણો પીએછે. તેઓનાં ઘેરો ઘણાંખરાં મટોડાંનાં બાંધેલાંછે, તે સાથે કામડાં અને મટોડાંથી ઢાંકેલાં છાપરાં હોએછે. પઇસાવાલા લોકો પોતાનાં ઘેરો તરણ ચાર માલનાં ઊંચાં બાંધેછે,

અને સારી જતનથી ફુલવાડી બનાવેછે. તેઓ તીર મારવા માં ઘણાં સરસ ઉતરતા નથી, તેથી કરીને તેઓ બાજ અથવા શકરાને પાલેછે, કે જેથી તેઓ કોલાંહું, જંગલી બકડાં, અને વરૂઓનો શેકાર કરેછે.

માનચૂની ઓલાદને ચીનનાં તખત ઉપર બેસીઆની અગાઊ કાલમક અથવા ઇલૂથ લોકોની ગનેઆત ઘણી જોરાવર હતી, કે જે કાસપીઆન સમુદર તરફ આવી રેહેલી હુંસ લોકોની ગનેઆતથી ઉપજેલીછે. તે લોકો પાસે સીબીરીઆ, તુરકસતાન, મોંગોલીઆ, અને કાસપીઆન સમુદર, એઓની વચેનો મોહોટો મુલક હતો. અને શુમારે સતરમી સદીની શૂરૂઆતમાં તેઓ એક સરદારનાં તાબા હેઠલ ઈકઠા થાઆ હતા, અને તે સરદારનું નાંમ ઓચીરતુ ચીચીગ ખાન હતું. તેનાં ભાઇ આલબેઈ જે બંડવો ઉઠાવીઓ હતો, તેમાં તે શેકસત થાઓ; અને ઓઉચોન જે એક મોહોટા દોલતમંદ તાઇઝીની વંશનો હતો, તે તેનાં ભાઇ સંધીનાં દગાથી મારીઓ ગીઓ. તેવામાં સેંધીનો જમાઇ કાલદાન જે લાસાની દરબારમાં ફેરવાએલો હતો, તે પોતાને મુલક પાછો આઓ. અને તેણે પરથમમાં પોતાના સગાઓનાં ખૂનનું વેર લેવાને નીશચે કીધું; અને તે કારણસર તેને દલાઇ લામા પાસેથી મારીનું ફરમાન મલીઉં, તેથી કરીને તે પોતનાં બાપીકા વારશાની હુકુમત ચલાવાને સામરથવાન થાઓ. પછી તેણે એક મોહોટું લશકર એકઠું કરીને સેંધીની સાંબે લડાઇ ઉઠાવી; અને સેંધીનાં લશકરને શેકસત દેઇને તેને મારી નાંખીઓ. તે ફતેહ શાઆને લીધે દલાઇ લામાએ કાલદાનને ખાન ઠરાવીઓ; અ

ને તેને સંઘલી તરફથી તેની પોતાની ગનેઆતનાં લોકો કબુલ કરવા લાગા, તેથી તે કાલમક લોકોને માથે એક મોહોટો જોરાવર પાદશાહ થાઇ પડીઓ હતો. અને ઈ પરમાં ણે તે કાલકા લોકોને સજા દેવાને તથા ચીન ઉપરબી પોતાનો વીચાર દોડાવબાને સકતીવાન થાઓ હતો. અને જો તેનો ભતરીજો તસીવાંગારાપતાન તેને ભર લડાઇની વખતે છોડી નંહી જાતેતો, તે પોતાનાં કશાદમાં સારીપખે ફલદરૂપ થાઓ હતે. પણ તેણે એ સરદારની ઓરતને લેઇને તેને મારી નખાવાનાં ઉપાઓ ચલાવીઆથી, તે ઘણી પોતાનાં કાકાની દગાબાજી ઉપરથી ઘણો દલગીર થાઇને, તુરફાન અને ઇઆન કીઆંગ તરફ આવી રેહેઓ, અને તાંહાં ઉજબેક અને તુરકી લોકો સાથે ચાલુ લડાઇમાં ગુંતેલો રેહેઓ. બે કાલમકનાં રાજાઓ—દવાસતી અને આમોરસાના એઓ એક બીજાની ચહડતી કરવાને સારૂં થઉ સુધી લડીઆ કરતા હતા. તેઓને કીનલુંગ શાહંશાહે તેઓની આખી ગનેઆતને તારાજ કરીને, અથવા અસલનાં રેહેવાશીઓને ગોલાંમી હાલતમાં લાવીને નરમ પાડી મુકીઆ. તે વતરોગે તાંહાંની ગનેઆતો જે ચાલુ લડાઇઓને લીધે ઘણી ઓછી થાઇ ગેઇ હતી, તે સારૂં ચીનાંઓઈ માનચૂ, ચાહાર, ઇલુથ, હસાક, અને તોરગોથ એ લોકોને તથા રાજાની સંઘલી તરફનાં બંદીવાન લોકોને સોંગારીઆ અને તુરકસતાનમાં રેહેવાને મોકલીઆછે. તાંહાંનાં ઘણાંખરા રેહેવાશીઓ સીપાહીઓછે; અને તેઓનાં છોકરાઓબી તાંહાંનાં તાંહાં પોતાનાં બાપનાં ધંધામાંજ રેહેછે. ઇલીનાં તાલુકાની વસતીનો શુમાર શાહંશાહની ચોપડીમાં

૬૯૬૪૪ કુટંબોનો લખેલોછે; પણ એ બાબતમાં શાહેંશાહની સતા ચોકસ માલમ પડતી નથી, અને એ વસતીનો અરસટો ઘણો ઓછો લાગેછે. તે ઉપરાંત વલી જાણીઆમાં આઇછૂંછે, કે કાલમક લોકોની એક મોહોટી ગનેઆત રૂશીઆમાંથી નીકલીને ક્રીઇન લુંગ શાહેંશાહનાં રાજમાં (૧૭૭૦ માં) સૌંગારીઆમાં આવી રેહીછે; એ એકઠી કરીને નવા આવી વસનારા લોકો અને બંદીવાનો ઉપર વધારીએતો, ઓછામાંઓછો દશબાર લાખ રેહેવાશીઓનો અરશટો થાએછે *

કાલમક લોકોની આંખ ચીનાંઓની કાની વાંકી બાગો છે, અને તેઓનું નાંખ ચપટું અને પોહોલુંછે, તેઓનાં ગાલનાં હાડકાં વધારે બાહેરૂ નીકલેલાંછે. અને તેઓનું માંથુ અને મોહોલું ગોલછે, તેઓનાં ચેહેરાનો રંગ સાંવલોછે, તેઓનાં કાંન મોહોટા અને બાલ કાલા અને ઉભાછે, અને તેઓને શારેમ અ* આવાજનો સંસારો ઘણો જલદીથી માલમ પડેછે. તેઓ પોતાને દરબેન ઓઇરોઇત એટલે ચાર ભાઇઓ કરીને કેહેછે; ઈ ચેઆરે ભાઇઓમાંનાં હોશોઇત લોકો કોકોનોરમાંછે, અને તોરગૌત, સૌંગાર, અને દરબેતી, એ લોકો સૌંગારીઆમાંછે *

તેઓની સંઘલી ચાલચલણ અને રેવાજ તથા તેઓની છબ, એ સંઘલું લગાલગ મોંગોલ લોકોનાં જેવુંછે; પણ તેઓનો ચેહેરો કાલકા લોકોનાં જેવો બેડોલ લાગતો નથી. તેઓનાં ખાન તાઇદશા અથવા મુખી સરદારનું બલ તેની પરજાનાં લોકોની ગણતરી અને તેઓનાં દરવ પરમાંણે ગણાએછે. મોંગોલ લોકોની કાંની, તેઓબી એમાકોમાં વેંહે

ચાલિછે, અને તે ફિરકી એમાકોમાં શુમારે ૩૦૦ કુટંબોછે, જેઓ એક સૈસસાન અથવા અમીરનાં અધીકાર હેઠલ રેહે છે. ખાન અથવા કૂલુસનો સરદાર પોતાની રઇએત પાસે થી દશાંશ ખેરાજ લીએછે, પણ તેની હુકુમત તેઓની પોતપોતની ખાસ બાબતમાં ચાલતી નથી. હરેક જોરાવર માંણસને તેનાં હોકમથી ઝટપટ તેની સાથે લડાઇમાં જાવું પડેછે. તેઓ લડાઇમાં પોતાની પાસે તીર, કમાન, ભાલો, અને બરછી રાખેછે, અને તેઓનાં અમીરોનાં હથીઆરો બંદુક અને લોહોડાની કડીનું બખતરછે. તેઓ નહાનપણથી સખતીમાં કશાએલા રેહેછે, તેથી કરીને તેઓ લશકરગીરીમાં મોહોટા કશટ વગર થાક અથવા માંદગીથી ખમી સકેછે. પણ તેઓ ઘણાં હીમતવાલા નથી; અને તેઓની લશકરી કવાએત વગર કાએદાની છુટી મારામારી જેવીછે, અને તેથી કરીને તેઓ નબલા ચીનાંઓ સાથેબી બરાબરી કરવાને સામરથ નથી. મોંગોલ લોકોની પઠે તેઓબી ઠરાવેલા મુકામ વગર ભટકતા ફરેછે; તોપણ તેઓ વધારે કૂડીઓગીછે, અને પોતાનાં ગુજરાનને શારૂ થોડીફક મેહેનત કરવાને નાપસંદ કરતા નથી. તેઓ પોતાની ઓરતો પાસે ચામડાનું કાપડ બનાવાનું, તથા જમીન ખેડવાનું, દુધ દોહોવાનું, અને એ વગર બીજું સંઘલું ઘેરનું કામ કરાવેછે; અને મરદો પોતાની વાંસલી વજાડતા ફરેછે, અથવા હુંકને સારૂ તરકામાં પડી રેહેછે. તેઓની જુબાન ઘણી મધુર અવાજનીછે, અને તેઓ કવીતા અને ગીતને ઘણાં પસંદ કરેછે; તેઓની લખવાની લધન મોંગોલનાં જેવીછે; અને ફ બંધે લોકોની બોલી ફિંબીજાંને ઘણી મલતી આવેછે. તેઓ શા

માની ધરમ ઉપર ઘણાં ચુસત રેહેલાછે ; અને તેઓનાં ઉપાધીઆનો અમલ મોગોલ લોકોનાં લામાઓ કરતાંનેબી તેઓમાં ઘણો ચાલેછે.

જેઆરથી કાલમક લોકો પોતાની લડાએક હીમત ખોઇ બેઠાછે, તેઆરથી તેઓ ઘણાં હલકા લોકો ગણાંએછે. તેઓ પોતાની ઉપરનાં જુલમગારોની સાંબે થાઆ વગરે તેઓનો જુલમાત ચાલૂ ખમેછે ; પણ જેઆરે તેઓની ઉપર મોહોટો ગજબ થાએછે, તેઆરે તેઓ પોતાનાં જુલમગારોનાં દેશમાંથી નાહાસીને બીજા ભાગોમાં પોતાનાં તંબૂઓ મારીને રેહેછે. તેઓનાં નબલાપણાને લીધે તેઓની પડોસનાં કીરધીસ લોકોનાં ટોલાંઓ તેઓ ઉપર વારેવાર ગલબાં કરી આવીને, તેઓની ઓરતો અને તેઓનાં છોરો લૂટી લેઇ જાએછે. આએ અજાએબ જેવુંછે કે ચીનાંઓએ કાલમક લોકોને પોતાનાં ઝુંડાઓમાં દાખેલ કીધા નથી, પણ તેઓને સોંગારીઆમાં કસી હરકત વગરે રેહેવા દીએછે ; તોપણ જેઆરે ચીનાંઇ મોનદરીન આવેછે, તેઆરે તેઓનાં ટોલાઓને ઘણી હરકત થાએછે. ચીનાં અને તુરકી લોકો વચે લડાઇ ચાલતીહતી, તે વખતેબી તેઓને ઘણી મોહોટી હાંની થઈલીછે, તોજેકે તેઓ બંધે તરફથી અલગા અને બેતકસીર હતા. પશચમ તરફની થોડીકફજ તાંતાર લોકોની ગનેઆતો મુસલમાંની મહજબનાં તોફાનથી બચીછે ; પણ કાલમક લોકો શામાની ધરમ ઉપરજ વલગી રેહેઆ, અને હજુર સુધી તેઓ તેનાં ઘણાંજ ચુસત હીમાતીઓછે.

તુરકસતાનનાં તુરકી લોકો ઉજબેક લોકોની ગનેઆ

તને લગાતા માલમ પડેછે. એ લોકો શુમારે શોલમી સદી
ની શરૂઆતમાં સીહુન નદી પાર કરીને, તેમૂરલંગાની ઓ
લાદને તાલુકેનાં મુલકો ઉપર તુટી પડીને, તેઓને જલદી
થી બોખારા, ખારજમ, અને ફરઘાનાં, એ મુલકોનાં તખ
તો ઉપરથી હાંકી કાહાડીઆ. તેઓએ વારેવાર કાલમક
લોકો સાથે ઘણી સખત લડાઇઓ કીધી, પણ તેમાં તેઓ
બર આઆ નહીં. જેઆરે તેઓનાં પરાંતો ચીનનાં નાકાંઓ
શુધી ફેલાઆં, તેઆરે લડાઇ ઉઠીઆ વગાર રેહી નહીં,
તેથી કીઅન લુંગા શાહેંશાહે તેઓ સાથે ભારી તુંદીથી લ
ડાઇઓ કીધી. અને તુરકી લોકોએ ફરી ફરી પોતાનું જો
ર છેક હમણાંનાં શાહેંશાહનાં વખત શુધીબી અજમાવી
જોઇહું, પણ તેઓ પોતાની કોશેશમાં દગાબાજીથી અને
પશચમ તરફનાં પરગણાંમાંનાં તેઓનાં દેશભાઇઓનાં ની
કલી ગીઆથી ફાવી સકીઆ નહીં. તેઓની શીકલ અને ઢ
બ મોંગોલીઆમાંનાં તાતાર લોકોથી ઘણી જુદીછે; તેઓનો
ઘાટ ઇઉરોપીઆન લોકોનાં જેવોછે, તેઓનાં ચેહેરાનો રં
ગ પીલાસ ઉપરછે, અને તેઓ મોહોટી દાહાડી રાખેછે, તેઓ
નાં કપડાં ઘણું કરીને ચીનાંઇ કારીગરીનાંછે; અને ચાહ
તેઓ હમેશા પીએછે. તેઓમાંનાં હરેક કોઇ માંણસનાં ક
મરબંદ સાથે એક છરી અને તમાકૂ પીવાને શાકું ચકમક
લટકાવેલી હોએછે. જોકે તેઓ પાસે ઢોરોનાં મોહોટા ટોલાં
ઓ હોએછે, તોપણ તેઓ શેહેરો અને પથરનાં બાંધેલાં ઘેરોમાં
રેહેવાને નાપસંદ કરતા નથી. તેઓ પોતાનાં ઉતર તરફનાં પ
ડોસીઓનાં કરતાંને વધારે ઉદીઓગી અને હીકમતવાલા
છે; અને તેઓએ ઇસલામી મજહબ પકડીઆથી, તેઓ

માં અરબી અખેરો વપરાએછે. તેઓની બોલી તુરકી દેશ નાં લોકોની જુબાનને મલતી આવેછે, પણ તેઓ પાસે પોતાનો લખવા પઢવાનો હુનર નથી. ચીનાંઓએ તેઓને માથે બેગો ઠરાવીઆછે, કે જેઓની ઉપર એકમાનચૂ તસીઆંગાકીઊન, અથવા ઈલીનો સરદારછે. તે બેગો શાહ શાહને નમવાને તથા પોતાનાં ખેલત લેવાને શાહું પીકીગ ખાતે આવેછે. એકકાં સેહેરોમાં લશકરી રેજીડેંટોછે, જેઓનો ખીતાબ તસાનતસાનતાચીનછે, અને જેઓ સંબલા માનચૂછે. તેઓ તદન તસીઆંગાકીઊનની હુકુમત હેઠલ નથી, પણ તેઓને ઘણીએક બાબતો પોતાને માથે રાખીને કરવાનો ઓહોદો આપેલોછે.

ચીનાં લોકો એ ગનેઆતનાં લોકોને તેઓની હદને લીધે ઘણાં ધીકારેછે, તોપણ તેઓનાં કેટલાએક અમીરો, ચીનાંઈ લશકરમાં દાખેલ થાઆછે, અને તેઓએ મોહોટો દરજો મેલવીઓછે. મોગોલ લોકોની ફતેહ થાઆનાં વખતથી મહંમદી ધરમ ચીનમાં એ તરફથી પેઠોછે; ચીનાંઈ મુસલમાંનો પશચમ તરફનાં સંસથાનોમાં ઘણાછે, પણ તેઓનો પોશાક અને ચાલચલણ પોતાનાં દેશ ભાઈઓથી કસી રીતે જુદી નથી. તેઓ માતર ડુકરનું ગોસ ખાતા નથી તથા ઘણીએક મુરતી પૂજક કીરીઆ કરતા નથી, બાકી તેઓ સંઘલી પાંતીએ ખરા ચીનાંઓનાં જેવાછે.

સંને ૧૮૩૦ — ૧૮૩૧ માં જે છેલો બલવો થાઈઓ, તાહાં સુધી કાશગારનું સેહેર તુરકસતાનનું પાએતખત હતું, પણ તેઆરથી તેની જગોએ ઈઆકીઆંગાનાં સેહેરને પાએતખત કીધુંછે, કાંકે તે બીજા સેહેરોની નીગાહબાની કરવાને

વધારે સારી જગોએ આવેલુંછે, અને તેના ઉપર બાહેરનાં લોકોને હુમલો કરી આવવાને બની નહી આવે હેવુંછે. તુરકસતાન અને સૌંગારીઆ એ મુલકો તેઓની પડોસની ગને આતોનાં લોકોને ચહડી આવવાને ઉઘાડી જગોઈ આઆથી, તથા તેઓ વારેવાર લડાઈનું મથક થાઆને લીધે, તેઓમાં હમણાં ઘણાં મોહોટાં અને આબાદ શેહેરો રેહેઆ નથી. જે આરે મારકોપોલો નાંમે એક વીનીસ દેશનો મુસાફર એ દેશમાં આઓ હતો, તેઆરે તેનાં જોખામાં એક ઘણાંસારાં રાજની નીશાનો આવી હતી; પણ મોંગોલિ લોકોએ તેની મોડુંએક અગાઉ તેને તારાજ કરી નાખેલું હતું, અને ઘણ ખરાં ગાંમો ખરાબ હાલતમાં આવી પડેલાં હતાં. ઈ દેશ માં જો શુલેહ ચાલુ રેહેસેતો ઉદીઓંગી ચીનાંઓ હાલમાં તેની આગલી મોહોટાઈ જલદી પાછી લાવશે, અને ઘણાંએક પરગણાંઓની જમીન જે ઘણી ઉપજ ભરેલીછે, તેને શુધારી નાંખશે. પણ સઘલા ચીનને તાબુકેનાં મુલકોમાં એ મુલક ચીનાંઓનાં હાતમાં પુરો સાબેત નથી. કંકે સવતંતર તાતારીમાંનાં ઉજબેક લોકો વેહેલા અથવા મોડાબી પોતાનાં ભાઈબંદોનું વેર લીધા વગર રેહેસે નહી, અને પાકો મુલક સઘલો ખુનથી ભરપૂર થાશે. ❀..

તુરકોમાનીઆ અથવા તુરકી દેશ પોતાની મેલેજ સારીપખે મજબૂત થાએલોછે, પણ તેનાં વાઈઉ કોણાં તરફનાં નાંકાંઓ એ પરમાંણેનાં નથી; તેથી કરીને ઈ તરફનો મુલક કીરઘીસ અથવા હસાક લોકોને હુમલો કરી આવવાને ઉઘાડો પડેલોછે. એ લોકો એક લાડાઈક ગાનેઆતછે. કે જે મોહોટા બુખારીઆની વાઈઉકોણ તરફ

ફેલાએલા રાંનોમાં રેહેછે. તેઓ પાસે મોંગોલ લોકો ફરતાં ને વધારે ઢોરોછે; પણ તેઓ પોતાનાં માલ ઉપર રાજીન હી રેહેઆને લીધે, પોતાનાં પડોસીઓનાં દરવ ઉપર લુટ નાંખેછે, અને તેઓ ઘણાં પકકા ચોરોછે. તેઓની કેટલીક ગનેઆતો રૂશીઆનાં આશરા હેઠલ રેહેછે; અને બાજે ગનેઆતો સોંગારીઆમાં ભટકતી ફરેછે, પણ તેમાંની એ કુબી ગનેઆતનાં લોકો પૂરા પોતાનાં ઘણીઓનાં તાબા હે ઠલ રેહેતા નથી. તે લોકોની ઓરતો પોતાનાં માથાનાં પે હેરવાસમાં બગલાની ડોકી ખોસેછે, કે જે એક સીંગડા ની કાંની લાગેછે; અને મરદો એક લાંબી ટોપી, નોકદા ર જોડા, અને પોહોલો તાતારી ડગલો પેહેરેછે. તેઓકબી ઇસલામી મજહબ પકડેલોછે, પણ તેઓ ઉજબેક લોકો ક રતાંને વધારે મોડે એ ધરમમાં વટલાએલાછે.

સવતંતર તાતારીમાં ઉસબક લોકોની ગનેઆત ઘણી જ જોરાવરછે. સમરકંદ જે તેનું પાએતખતછે, તે એક ઘ ણું મોહોટું સેહેરછે, અને ચીન સાથે કારવાનોથી મોહોટો વેપાર ચલાવેછે. મોહોટું બુખારીઆ, જે ચીનાંઇ મુલખોનાં નાકાંઓની પાસે આવેલુંછે, તેમાં ઘણીએક ગનેઆતો રે હેછે, પણ તેમાંની થોડીએક ગનેઆતનાં લોકો શુધરેલા છે. તે લોકો જો એક ધણીની સરદારી હેઠલ એકઠા થાએ લા હોએતો, તેઓથી કોકોનોર અને તુરકસતાનની શુલેહ માં સમાધાની રેહે નહી; પણ તેઓ અફગાન લોકોની ચા લૂ ધાસતીમાં પડેલા રેહેછે, તેથી કરીને તેઓને સવરગી રાજનાં શાહંશાહને છેડવાનો વખત મલી આવતો નથી. માનચૂની ઓલાદનાં શાહંશાહોએ પોતાનાં ભારે મોહોટા

રાજની સરહદમાં વધારો કરવાને ચાલુ ધારી મુકેલુંછે. અને તેમાં તેઓ રૂશીઆન લોકોને મળતા ઉતરેછે, કે જેઓએ થોડું થાહજૂ પોતાનો અમલ બોખારાની રાજનીતીમાં ચલાવા માંડેઓછે, અને જો તેમાં તે લોકો ફળદરૂપ થાસેતો, હવેથી તેઓ પશચમ તરફનાં નાકાંઓ તરફથી ચીનાંઓની પાસે આવી પોહોચશે.

હવે હમો તુરકસતાનને છોડીને મોહોટા પાહાડોનો દેશ જે તીબેતછે, તે ઉપર ઉતરીએછે. એ દેશનાં આપણે બંગાલા તરફથી પડોસીઓ છઇએ, તોપણ તેનાં વીશે આપણે સારીપખે જાણીતા થાએલા નથી, તેથી ફરીને આપણને તેમાં ફરવાને, ચીન અને તેને તાબુકેનાં બીજાં મુલકોની કાંની, અસલનાં અને હમણાંનાં ખોલ કરનારા જઉરોપીઆન મુશાફરોની તથા ચીનાંઇ વરણન કરનારાઓની બતાવેલી નીશાંનો ઉપરથી, માતર આપણો રસતો કાહાડવો પડશે.

ભાગ આઠમો.

તીબેત દેશનું વરણન.

એ મોહોટા દેશની સરહદ બરોબર ચોકસ જાણીતી થ
એલી નથી. તેનાં વીશે હેવું ધારેછે કે તેમાં કાશમીરની
પૂરવ તરફની હદથી તે કોકોનોરનાં નાંકાં સુધીનો સંઘલો
મુલક દાખેલછે, એટલેજે, તે પીકીંગની પશચમ દશાએ ૧૮
અંશ થીતે ૪૨ અંશની લબાંન સુધી તથા લાહાતક દાખે
લ કરતાં ૨૯ અંશ થીતે ૩૫ અંશની ચોરણ સુધી ફેલાએ
લુંછે. તેની પૂરવ તરફની હદ સીફાન, કોકોનોર, અને તુર
કસતાનછે; ઊતર તરફની હદ ઇલીનો સુબો અને મોહો
ટું બુખારીઆછે; દખણ તરફની હદ નેપાલ, સીકંમ અ
ને બૂતાનછે; અને પશચમ તરફની હદ કાશમીર અને બુ
ખારીઆ અથવા બોખારાછે. *

એ એક જુદો મુલકછે, અને દુનીઆનાં સંઘલા દેશો સા
થે પાહાડોની હારોથી જુદો પડેલોછે, કે જે ઊપર માતર મ
જબુત તાતાર લોકોથી ચહડાએછે, જેઓ પોતાનાં દેશની
અને એ મુલકની વચે આવેલાં રાંનો પારકરીને ઊંચી અ
ને જાકલ ભરેલી જગાઓ પરથી ઊતરી સકેછે. કાંજે તે

લોકોનો એ મોહોટો મોતબર મુલકછે, કે જાંહાંથી તેઓને પોતાનો ધરમ તથા પોતાની નીતી અને ધરમની ભાશા ઈ સંઘળું મળેલુંછે. તીબેતનાં પાહાડવાસી લોકો પોતાનું સવતંતરપણું રાખવાને બીજાં પાહાડોનાં મુલકોનાં રેહેનારાઓની કરતાં ઘણીજ મોહોટાઈ જાણેછે. તોપણ તેઓ મૂરતી પૂજક ધરમ રાખનારા લોકોછે, અને બાહેરનાં મુલકોનાં રેહેવાસીઓ સાથેના ખોલવા વેહેવારનો ફાએદો નહી. મલીઆને લીધે ચીનાં લોકોને તાબૂકે થાજ રેહેઆછે.

હીમાલીઆનાં મોહોટા અને દુનીઆમાં ઘણાંજ ઊંચા પાહાડોની હાર જોકે એ મુલકની માતર દખણ તરફની જાતી હદ થાએછે, તોપણ તે તીબેતનાં પાહાડોમાં ગણાંએછે. કેવું માલમ પડેચ કે તે પાહાડોએ અગ્નીની કોણમાં ગંગા નદીનાં ઓગાન થીતે આસામાનાં નાંકાં શુંધી કમાનનાં જેવો કાવો લીધેલોછે. શીનોમખોનોબારી ઈ પાહાડોની હાર જે બાસાની ઊતર દશાએ આવેલીછે, તે વાએવૂ કોણા તરફ કોકોનોરનાં નાંકા શુપી ફેલાએલીછે. લોથેપાહાડો તેશ્રૂ બૂબૂ (ચાસીલેબો) ની ઊતર દશાએછે; ચૌરમો ગસાંગલા ઈ પાહાડોની હાર દીગાચે, ફેંઘીઆ, અને નેલાનની ઊતર દશાએ, અને તેશ્રૂ લૂમબૂની અગ્નીની કોણાએછે; અને કેનતીસી અથવા કેનતેસસીની હાર આરીની ઊતર દશાએછે, તે સાએ તેની ડગાલો સંગકેહે અને લાંગતસીએન એ પાહાડોછે.

તીબેતની ઊંચી જમીનમાંથી જે ઘણીએક નદીઓ વેહેછે, તેઓનાં ઓગાન વીશે, અથવા તેઓ જાંહાંથી ઊપજે

છે, તે વીશે થડું થોડુંજ માલમ આપેલુંછે. ઘણાંજ નવા લોગોએ વરણન કરનારાઓ ઇનંદસ અથવા સીંધુ નદીનો ઓગન હીમાલીઆ પાહાડોની કૈલસ નામે ડગાલનાં ઊતરં તરફનાં ઢાલ ઊપર, શુમારે ૩૧ અંશ અને ૨૦ કલાંની ચોરણમાં તથા ગારીનીચની પૂરવ દશાથી ૮૦ અંશ અને ૩૦ કલાની લંબાનમાં, ચીનનાં નાંકા પરંતુ ગાંમ—ગોરટોપ અથવા ગોરેની નજદીક રાવન હરદ સરોવર તથા સતલેજ નદીનાં ઓગાણથી થોડાંએક મેલનાં અંતરસામાં ઠરાવેછે. નહાનાં તીબેતમાં દરાસ નાંમે એક ગાંમ જે ૩૫ અંશ અને ૨૦ કલાની ચોરણમાં તથા ગારીનીચની પૂરવ દશાથી ૭૬ અંશાની લંબાનમાંછે, તેની પડોસ શુધી ઇનદસની નેહેરની સારી ચોકસાઇથી સોધ કાહાડેલીછે. દરાસનાં ગામથી તે દેક અનઘડ અને પાહાડો ભરેલા દેશમાંથી દખણ અગાની કોણએ ચાલેછે; અને હીદૂકૂશની હારમાં પેસીઆ પછી, તેને વાઇવૂ કોણ તરફથી અબાસીન નદી આવી મલેછે, અને તે આરપછી પંદર મેલ વેર હીદૂકૂશનાં નીચલા ડુંગરોમાં થીતે તોરબેલા શુધી ચાલેછે, અને તોરબેલાંમાંથી તે ચુચની નીચાન જમીનમાં જાએછે ॰

સતલેજ જે પંજાબની પાંચમી નદીછે, તે રાવન હરદ અને માનસરોવરમાંથી ૩૧ અંશ અને ૪૬ કલાની ચોરણમાં અને ગારીનીચની પૂરવ દશાથી ૮૦ અંશ અને ૪૩ કલાની લંબાનમાં નીકલેછે; તેનું થલ શીપકેનાં ગામમાં ૯૨૬૭ ફુટ સમુદરની સપાઇથી ઊંચુંછે; અને પોઆરીથી તે વાંગતુ શુધી તે ૧૩૩૭ ફુટ ઊતરતુંછે. તેની પશચમ તરફની ડગાલ અથવા ઇસપીતી નદી જે લાહાદકમાં કોઇ જગોએથી

નીકલેછે, તેનો ઓગાન હજુર શુધી માલમ પડીઓ નથી; પણ પશચમ તરફની નેહેરની લંબાઇ રાવન હરદ થીતે બે આહ નદી સાથે જાંહાં તે મલેછે, તાંહાં શુધી શુમારે ૫૦૦ મૈલછે, નીચલા પાહાડવાશી લોકો તેને સતાદરૂ; કુનાવુરનાં લોકો જગાતી; અને તાતાર તથા તીબેતનાં લોકો લાંમજીંગાકાં પા કરીને કેહેછે. ઇરાવાદી અથવા ઐરાવતી એ નદીનો ઓગાન બરહમપૂતર નદીની ઇસાન કોણા તરફનાં ઉંચાં પાહાડોમાં ૨૭ અંશ અને ૩૦ કલાની ચોરણમાં આવેલો છે; તે સાંપૂ નદીની એક ડગાલછે, હેવું જે અગાઊ ધારતાં હતા તે ખોટું પડીઉંછે. તે પાહાડો આગલથી નીકલીઆ પછી બરોબર દખણ દશાઈ ચાલેછે; અને જેવી ગંગા નદી બંગાલાને ફીજે રૂપઓગીછે, તેવી એ નદી બરમાહનાં મુલકમાંછે. ઇઆરીતસાંગબોચે એ નદી સાલુએન અને બરહમપુતર એ બંધે નદીઓ સાથે કદાચ જોડાએલીછે; તે કેનતેસી અથવા કાંગતીસીરી કે પાહાડોની હારની કે ક ડગાલ નાંમે તામચોકનાં ડુંગરો જેઓ આરીનાં પશચમ તરફ નાંકાં પરછે, તેઓમાંથી નીકલેછે. તાંહાં થીતે બરોબર પૂરવ થીતે પશચમ દશાએ શુમારે પંદર અંશ શુધી તસાંગા અને વૈનીઆખી લંબાઇમાં ચાલેછે. અને પછી જરા એક દખણ તરફ ફરીને નૂઇ લોકોની ગનેઆતોની પશચમ દશાપર હલોકબામાં પેસેછે; અને થોડીએક વેગાલાઇ શુધી ઇઊનાનમાં જઇને બરમાહમાં આવેછે. મોનચો અંને બરમાહ કોનદ એ નદીઓથી કદાચ બરમહપૂતર થાએછે; હેમાંની પેહેલી નદી પાલતે સરોવરમાંથી નીકલેછે. ગંગા એ નદીનાં ઓગાનને અગાઊ ભૂલથી મોહોટી ગંગા

નદીનો ઓગાન ફરી સમજતા હતા, તે હજુર શુધી એક છુપી નેહેરછે. તે લાંગાતચો અને લાનચો એ બે નદીઓથી થાએલીછે; હેમાંની પેહેલી નદી કેનતીસી અથવા કનતે સી પાહાડોની ઊતર દશાએ તસાંગ અને વે એ સંસથા નોની વચે ૩૦ અંશની ચોરણમાં મપામ દલાઇ સરોવર માંથી ઊપજેછે; અને બીજી થોડેએક વધારે ઊતર તરફ સેં કેહનાં ડુંગરોમાંથી નીકલેછે. એ બંધે નદીઓ લગાલગા એ ક બીજીની બરોબર શુમારે ૭ અંશ શુધી પશચમ તરફ ચાલીઆ પછી, આરી અથવા લહાદકનાં સંસથાનમાં તે ઓનાં સંજોગ આગાલથી ગંગા નદી કેહેવાએછે. તાંહાંથી ગંગા ૧૦૦ થીતે ૧૨૦ મૈલ શુધી દખણ તરફ જાએછે, અને તેઆર પછી પૂરવ તરફ ફરીને વધારે આંટા ખાટી ચાલે છે; પછી તે અગાની કોણા તરફ ધોરકા લોકોનાં મુલક માં વેહેછે.

બોસતાંગબો, ખારાઓસો, અને લાનસાનકીઆંગ, એ સંઘલી નદીઓ દખણ અગાની કોણાએ ઇઊનાનનાં સંસ થાનમાં જાએછે, કે જાંહાં તેઓને બીજાં નાંમો મલેલાંછે; હેમાંની બે પેહેલી નદીઓ દખણ તરફ બરમાહમાં ચાલેછે, અને છેલી નદી અગાની કોણ તરફ લાઓસ અને કાર બોજામાં વેહેછે. પેંગાતચો એ ઇઆરૌતસાંગબોની દખણ દશાએ તસાંગનાં સંસથાનમાં એક મોહોટી નદીછે; તે દ ખણ તરફ ધોરકા લોકોનાં મુલકમાં વેહેછે. સાંપૂ, અથવા તસાંપૂ, એ નદી વીશે હજુર આપણને સારીપખે ચોકસ માલમ પડીઊં નથી. એ તીબેતની ઘણીજ મોહોટી નદી ઓમાંની એક નદીછે, તે ઊપરથી તેનું નાંમ તસાંપૂ નદી

ફરીને પડીઊંછે. તેનો ઓગાન ૩૦ અંશની ચોરણમાં તથા પીકીગાની પશચમ દશાથી ૩૪ અંશની લંબાનમાંછે, અને તે છઆરૂ, તસાંપૂ, આરચુ, નારૂફ, તસાંપૂ, અને કીજાંગા કીઆ સેમીઆ, એ નદીઓનાં મલીઆથી થાએલીછેક

તીબેતનાં ઘણાંએક સરોવરોમાં તીગારીનોર જે તીબેતની ઘણીજ ઉચી જગાએછે, તે ઘણોજ મોહોટોછે. અને વેના સં સથાનમાં લાસાની ઉતર દશાએ આવેલોછે. તેની પડોસ માં ઘણાંએક નહાનાં સરોવરો આવેલાછે ; તેઓમાંનાં ઘ ણાંજ મોહોટા સરોવરો—બોખારા અને ખારાઓથી ખારા ઓસો એ નદીની ઉપજ થાએછે. છઆમારોક અથવા પા લતે સરોવર લાસાની દખણ દશાએછે ; તેની વચોવચમાં એક મોહોટું ટાપૂ આવેલુંછે , તેથી તે એક ગોલ નદીનાં જેવો લાગેછે. બાહેરનાં તીબેતનાં મુખીઅ સરોવરો આએછે, ઓક અને ચાહ્ય, જેઓ ફોબીનાં મોહોટા રાંનની દખણ ત રફનાં છેડા આગલછે ; અને એક બીજાસાથે એક મોહો ટી નેહેરથી જોડાએલાછે. મપામદલાઇ અને લાંગાનોર એ સરોવરોબી તીબેતનાં એ ભાગમાંછે ; તેઓથી ગાંગા નાં મુખીઅ ઓગાંનની ઉપજ થાએછે. લાસાની ઉતર દશા એ ઘણાંએક નહાનાં સરોવરોછે, જેવાકે, પાસોમદોસો, હુ રા, તસીતા, લીઆરદસાકી, છઆકીદસાકી, એ વગારે બી જાછે *

બુટાનથી તેશુ લુમબુ તરફ જવાનાં મારગ પુરૂ પારીથીતે નેની શ્રુધી જતાં જે લગભગ પચાસ મઇલની વગલાઇછે, તાંહા શ્રુધી મુલક સંઘલો જંગલ જેવો ઉજડછે. તાંહાંનાં ડુંગ રો શુકા અને ખડતા પથરોનાં ઉજાડછે, કે જેઓ હીમથી

ફાટીને ફડફે ફડફા થાઇ જાએછે. ફેલસ અને હીમાલીઅ એ બંધે પરવતો તીબેતનાંછે, અને તેઓની વચે માનસરોવર અને રાવનહરદ એ બંધે પવીતર સરોવરો આવેલાછે. શુમારે અઠાવીસ અંશની ચોરણમાં હીમાલીઅનાં પરવતો તીબેત અને બુટાનની વચેની હદ થાઇછે, અને ઈ પાહાડોની હારમાં ચીમલારીની ટોંપ કદાચ ઘણી ઉંચી માલમ પડેછે. તીબેતનાં વધારે અંદરનાં બાગોવીશે ઘણુ થોડું માલમ પડેલુંછે, પણ હેવું ધારેછે કે તેઓમાં મોહોટાં મોહોટાં પથર અને રેતી બરેલાં મેદાનો, પાહાડો, અને નહાની નેહેરો ચાલેલાં ચમનોછે.

એ દેશમાં વસંત રૂત મારચ થીતે મે મહીનાં શુધી રેહેછે, તે સાથે ગરમી પડેછે, અને ગાજ, તોફાન, અને કોઇ કોઇવાર વરશાદ થાએછે. જુન થીતે સપટેંબર મહીનાં શુધી વરશાદ ઘણો બારી અને ચાલુ વરશેછે, તેથી કરીને નદીઓ સંઘલી ઉબરેછે. અને અકતોબરથી તે મારચ મહીનાં શુધી હવા સાફ અને ખોલલી રેહેછે, અને ધુમસ અથવા વાદલ કદીચ થાએછે. એ વખત ઉપર ઠંડ હઉરોપનાં દેશો કરતાંનેબી ઘણીજવધારે હોએછે, તેમાં અગત કરીને હીમાલીઅ આગલનાં દખણ તરફનાં મુલકોમાં એવીતો કઠણ પડેછે, કે રેહેવાસીઓને હેઠવાઇની નીચાન જમીનોમાં તથા પાહાડોનાં ગોફાઓમાં આસરો લેવો પડેછે. હેવી સખત સરદી જે પેદા થાએછે, તે સદા બરફ અને ઝાકલથી ઢંકાએલા પાહાડોથી તથા હીંદોસતાનનાં કેટલાએક બાગોમાં બૂખર કુંકેછે, તેનાં જેવી શુખી હવાને લીધે થાએછે. અને ઝાડપાન ઘણીવાર બલી જાએછે,

અને પાતરાને જો આંગલા ઊપર મશલીઊંતો, તેનો ખુબનાં જેવો ઝૂકેઝૂકો થાએછે.

તીબેતનો મુલક ઊજાડછે; તેમાં ચાલૂ પાક જવ, વટેણા, અને ઘઊંએ થાએછે. ચોખા ઊપજી સકતા નથી, અને ઘઊંબી એટલા કંમ થાએછે, કે ગરીબ લોકોને મલવા મુશકેલ પડેછે. એ મુલક કોબીની પાસે આઆથી, તથા સમુદરની સપાટથી તેની જમીન ઘણી ઊંચીછે, તેથી કરીને તેમાં જાડપાન સારીપખે ઊગવાને ઘણું મુશકેલછે. હલકી જાતનાં બટેણ ઘોડાઓ તથા ખચરોનાં ખાધામાં આવેછે, અને જવનો શરાબ નાંમે દારૂ ગાલેછે, કે જેને લોકો ઘણો પસંદ કરેછે. તાહાડની રૂત આવતાંમાંજ તીબેતનાં ખેડુત લોકો નીચલી જમીનનાં ખેતરોમાં બરફનાં પાંણીને જમાવ કરી રાખેછે, કે તેથી કરીને પવનનાં જોરથી જમીન ઊપરની માટોડી ઊડીને ઠંગાલા વલી નહીં જાએ.

તીબેતનો મુલક જાડપાનની ઊપજમાં ગમે તેવોબી કુબલો હોએ, તોપણ તેમાં તરેહ તરેહનાં જંગલી તથા પાલવાનાં જનાવરો પુશકલછે. તાંહાંનાં ઘણાંજ કેહેઆજોગ જનાવરોમાં ઇઆક, અથવા બાલદાર દૂમનો ગોધોછે, કે જે બુખારીઆમાંબી સંઘલે ઠેકાણે મલેછે. એ જનાવરો નહાંની ગાએનાં જેટલાં મોહોટાં થાએછે; તેઓનો રંગ ઘણો ખરો કાલો અથવા સપેદ હોએછે, અને બંદન સંઘલું લાંબા બાલોથી ભરેલુંછે. ઘણાંજ ઊંચા અને ઠંડા પાહાડો પર તે સારીપખે રેહેછે; અને પાહાડોની સીખરોપર જે ઘાસનાં મુડીઆં ઊગેછે તે ચરેછે. તે હોડ ખેડવામાં કાંઇ કાંમ આવે હેવું નથી, પણ બોજો ઊંચકવાને ઘણું સરસ જ

નાવરછે, અને તેની માદા અથવા ગાએ દૂધ ઘણું આપેછે. તેનાં બાલોનાં દોરડા અને તંબુઓ બનાવેછે; અને તેની દૂમ અથવા પુછડી હીંદોસતાનમાં સંઘલે ઠેકાણે માંખ અને મછર ઉડાડવાની ચૌડી અથવા ચમરીને થકી તથા બીજા કાંમોમાં ઘણી કાંમ આવેછે.

હવે એ પરમાંણે તીબેતનો દેશ પોતાની મુશ્કેલી અને દરવ એ બંધેમાં ફેકીઆજોગછે. અને હજુર શુધી એ દેશનો અહવાલ સારીપણે જાણીતો થાએલો નથી, તેથી કરીને તેનો ઘણોએક દરવ પૂરો માલમ પડીઓ નથી; પણ તેમાંજો સારીપણે ખોલ કીધામો આવેતો, તેની જમીનમાં જે ધાતુનો દરવ ઘણો માલમ પડેછે, તે જલદીથી ખોલલો થાસે. તાંહાંનાં સરોવરોમાંનો એક સરોવર જે સંઘલી તરફથી ખડકનાં પથરોથી ઘેરાએલોછે, અને જેમાં ખારા જરાહનું પાંણી આવેછે, તેમાંથી ટંકનખાર અને કાલું મીઠું મળું મલેછે.

ચીનાઓનાં વરણન પરમાંણે તીબેતનાં હમણાનાં ભાગો બે છે,—તસીહન તસીઆંગ અને હાઉતસીઆંગ, એટલે જે આગલું અને પાછલું તીબેત, અથવા માંહેલું અને બાહેરનું તીબેત, જેને વે અને તસાંગ કરીનેબી કહેછે. અને હીંદોસતાનનાં લોકો એ તરફનો જે મુલક તેઓની પડોસમાં તથા હીમનાં પાહાડોની હરેક બાજુએ આવેલોછે, તેને બોતે (સંસકરતમાં બોત), અને તાંહાંનાં રેહવાશીઓને બોતીઆ કરીને કહેછે. અને તીબેત એ નાંમ જે તીબ નાંમે એક પાહાડ ઉપરથી પડેલુંછે, તે યુરોપીઆન લોકો વગરે બીજે ઠેકે બોલીઆમાં આવતું હોઈ, હેવું માલમ પડ

તું નથી. તેને તૂપ્રાન, તૂબેત, તથા તૂપ્રો, અને તૌગાત, એમ પણ કેહેછે. અને ચીનાં લોકો ઘણું કરીને સીતસાંગ, એટલે પશ્ચમ તરફનો તસાંગ કરીને કેહેછે, અને મોંગોલ લોકો બારાનતોલા, એટલેજે જમણાં હાત પરનો મુલક એમ કેહેછે. ❀

૨. અથવા આગલું તીબેત, જેને જુરોપીઆન લોકો લાસા કરીને કેહેછે, તે ઘણોજ પશ્ચમ તરફનો ભાગછે; તે ચીનની બોરડુ પર આવેલુંછે, અને તેનું પાએતખત સહેર લાસાછે, કે જે દલાઇ લામાને રેહેવાની જગાછે. એ સંસથાનમાં આઠ જીલાહોછે, તેઓના નાંમો—લાસા (હલાસા), લાસાની પૂરવ દશાએ, ચામદો, અથવા તસીઆમદો, ચોબાનદો, પોદજોંગ, હલારી, અને કીઆંગાતાછે, અને પશચમ દશાઈ ચારી અને કીઆંગામીનછે. તેમાંવલી તૂસજી નામે ઓગનચાલીસ ગામોછે, કે જેઓ ઉતર તરફ આવેલાંછે. તસાંગ, અથવા પાછલું તીબેત, જેને જુરોપીઆંન લખનારાઓ તેશૂ, લૂમબૂ, અને ઉનડેસ કરીને કેહેછે; તેમાં છ જીલાહો દાખેલછે, કે જેઓ સંઘલા તેશૂ, લૂમબૂ, અથવા ચારી લોંબો જે તેનું પાએતખત સેહેરછે, તેની પશચમ દશાએ આવેલાછે; તેનાં મુખીઅ ગાંમોનાં નાંમો—દીગાચે (ચેંદીગ), પોંચીઆ, નજલામ (નગીઆલામ), દસીલોંગ, દસોંગાર, અને આરી, અથવા નગારીછે. ❀

એ ભાગમાં લાહદક, અથવા નહાનું તીબેત, જે હજૂર સુધી સવતંતરછે, તે દાખેલ નથી. તેની હદ—પૂરવ દશાઈ ખોતેનનું પરગણું અને તીબેતછે; દખણ અને વાજુ કોણએ કાશમીર,-તીબેતનો ભાગ, બોખાલુન, અને કારાક

છે ; અને દખણ દશાએ અંગરેજ લોકોનાં આસરા હેઠલ નું બુસાહિરનું પરગણું, અને લાહોરનાં સંસથાનમાંનાં કૂલો અને ચામબ એ બે તાંહાંનાં દેસી લોકોનાં સવતંતર મુલકો છે. એ એક ઘણી ઊંચાન જમીનછે, તે સાથે ઊંચા નીચા પાહાડો અને ઊંડા ખોઓછે ; અને તેમાંથી ઘણીએક નદીઓ નીકલેછે, કે જેઓમાંની મુખીઅ નદીઓ એક ઠી બાજુને સીંધુ અને સતલેજ એ નદીઓ થાએછે. તેનું પાએ તખત સેહેર લાહદક જે ૩૪ અંશ અને ૯ કલાની ચોરણમાં તથા ગરીનીચની પૂરવ દશાથી ૭૯ અંશ અને ૨૦ કલાની લંબાનમાંછે, તે એક મેદાનનાં છેડાએ બે ઊંચા ડુંગરોની વચમાં ઊભેલુંછે, અને તે ડુંગરોનાં મથાલાં સાથે એક દેવાલથી જોડાએલુંછે. તેમાં સને ૧૮૧૫ માં ૭૦૦ ઘેરો હતાં, તેઓમાંનાં ઘણાંખરાં ઘેરો એક માલનાં ઊંચા તથા ચપટાં છાપરાંનાં હતા. તેની બજાર વીશે કેહેછે કે તે સારીપખે ભરેલીછે, અને તેમાં ઘણાખરા મુસલમાંની ધરમ રાખનાર કાશમીરનાં દુકનદારો રેહેછે. તે એક મોહોટા વેપારનું મથકછે, કાંકે તે લાસ્સાને તાબુકેનાં મુલકોમાંથી તથા ચીનાંઈ તુરકસતાનથી લાવેલી શાલની ઊનનું મોહોટું બજારછે ; અને અહીંઆંથી તે ઊન કાશમીર ખાતે જાએ છે, કે જાંહાં તેની શાલો બનાવેછે. એ જીનસનો બે તરણ લાખ રૂપીઆની કીમતનો સોદો તાંહાંનો રાજા કરેછે, અને તેઆરે પછી તે કાશમીરનાં તથા અમરતસીરનાં વેપારીઓને વેચેછે. અને એ પરમાંણે તે ઊનની શાલ બનેછે, તેની કીમત ચાલીસ થીતે પચાસ લાખ રૂપીઆની થાએછે. અને તે કાશમીરમાં જાએછે. તેનું જગાત લાહોરનાં રેજી

તસીબે હજારદારોને માંગે તરે લાખ રૂપીએ આપીહૂં હતું. ચીનથી જે અફીઆ રૂપાનાં લાઠા આવેછે, તેમાંથી એક રૂપાનો સકકો પાડેછે, કે જે પશચમ તરફનાં તીબેતમાં સંધલે ઠેકાણે ચાલેછે. તેનો વજન રૂપીઆના ચોઠા ભાગ જેટલોછે, પણ તેમાં બીજું ધાતુ વધારે મારેલું નથી. લઆરફંદથી લાહદક ખાતે રૂપું, રૂસનાં ચામડાં, ચામડાનું બનાવેલું કાપડ, ગાલીચા, જાડું તથા ઝીણું ચીનાઈ રેશમી કાપડ, તાસ, સમુરની પોશાતીન, મટોડીનાં વાસણ વગેરે, થોડુંએક પરવાળું અને મોતીઓછે. લાહદકથી જે માલ જાએછે, તેમાં અગાત કરીને હીંદુસતાનની બનાવટનો માલ, મેંઠાં, બકરાં, અને હલવાનના રંગીન ચાંમડા, જરેનદાબ, અને સંધલી જાતનો મશાલોછે. કાશમીરથી તીબેત ખાતે ઓશમીસ, આલું, દરાખ, ખંજુર, બદામ, એ વગેરે બીજું આવેછે. ચીનાંઈ શરકાર કે જેને લાહદકનો રાજા ઓડીએક ચોથ આપેછે, તેની વેપાર વીશે સારી મેહેનત લીધા ઉપરથી અગાઉનાં કરતાંને હમના વેપાર શારા સંભાલથી ચાલેછે, કાંકે અંગાઉ તે વેપારને વારેવાર લડાઈ અને ચોરીથી ઘણી હરકત થાતી હતી. તીબેતનાં નાંકાં ઉપેર ચીનાં લોકોને હસતક ગોરટોપનું ગાંમછે, કે જાંહાં એક ચીનાંઈ અમલદાર રેહેછે.

તીબેતનાં લોકો ઘણાં સંતોશીછે, અને તેઓ કાંઈ જાહજા તેજ અકલવાંરા નથી, અને પોતાનાં ઈશ્કના શોકમાં ઘણાં શુસતછે; અને એ ઉપરથી તેઓમાં સંધલા ભાઈઓને એક બાએડી પરણવાની માઠી ચાલ પડેલીછે. વરાભાઈને બાએડી પશંદ કરી લેવાનો હકછે, અને પેહેલ

પેહેલું જે છોકરું જનમેછે તે તેનું થાએછે. તે લોકો ઓરતોને ઘણી ધીકારેછે; અને મોહોટા દરજાનાં લોકો પરણતા નથી. હરએક જગાએ ચીનાંઓનો અમલ ચાલી શકેછે, તાંહાં એકથી વધારે બાએડી કરવાની માઠી ચાલ બંદ થાએછે. તાંહાંનાં લોકો ઘણો ગરમ પોશાક પેહેરેછે, અને ગરમીની મોસમમાંબી ઊનનાં કપડાં રાખેછે, અને ઠંડીનાં દાહાડામાં મેંઢા અથવા કોહોલાનાં ચામડાં તે ઊપરનાં બાલ શાફ કરીને પેહેરેછે. લાસાની પડોસમાં રેહેનારા મોહોટા લોકો અંગરેજી બનાવટની સખલા તઅને હીંદોસતાનની કારીગરીનાં કપડાં તથા રેશમી ચીનાઈ કાપડ પોતાનાં ઊપરનાં પોશાક થકી પેહેરેછે, અને તાહાડનાં દાહાડામાં ઈ કપડાંની અંદર શમૂર અને સગાબી. એ જનાવરોનાં ચામડાં રાખેછે; ગરીબ લોકો તે કપડાંને બદલે પોતાનાં દેશની બનાવટનાં જાડાં કપડાં, તે શાથે મેંઢાં, બકરાં, અને કોહોલાનાં ચામડાં પેહેરેછે. ગામડીઆ લોકોનાં ઘેરો ઈંટની ભઠીનાં જેવાં લાગેછે; અને તે ઘેરો પથરનાં બાંધેલાંછે, તે સાથે ઊજાસને શારૂં તરણ અથવા ચાર ઝુરાખો મુકેલા હોએછે. અને તેઓનાં છાપડાં સરખાંછે, અને તે છાપડાંની આસેપાસે બે અથવા તરણ ફુટ ઊંચી દેવાલ બાંધેલીછે. તેઓનાં ઘેરોનાં માલની ભોંએ લાકડાંની તંગીને લીધે પાતીઆંની બનાવેલી નથી. જોકે પઈશાવાલા લોકોનાં ઘેરો ઘણાં સારાંછે, તોપણ તેઓ કાંઈ સારીપખે રેહેવા લાએકનાં નથી. ગોસ ને જવ સાથે પકાવીને, ચાહ અને શરાબ વગેરે બીજાં સાથે ભેલેછે, અને તે સંબલે વાંધેનાં લોકોનો મોહોટો આધારછે; પણ તેઓ કાચું ગોસ પસંદ કરેછે, અને તેઓ

નાં મોહોટા ખાંના ઊપર પકાવેલું અને કાચું ગોસ્ત ૬ બંધે ખાવેછે. તેઓ ધરમ આચારનાં સબબ ઊપરથી મરઘીને ખાતા નથી, પણ ઈંડાં તેઓનાં ચાલૂ ખાધામાં આવેછે. હરએક ધણી પોતાની સાથે છરી અને કાંટો રાખેછે; અને મોહોટે વાંધેનાં લોકો ચીનીકાંમ વાપરેછે, અને હલકે વાંધેનાં લોકો તરાંબાંનાં વાસણ કાંમમાં લીએછે. ઘણાં જોર પવનને લીધે જે ધુલ ઘણી ઊડેછે, તેથી કરીને તીબેતનાં રેહેવાસીઓને આંખનું દરદ ઘણું થાએછે, અને ઘણીવાર તેઓ પોતાની બેપરવાઈને લીધે આંધલા થાએછે. તેઓને ધાતનું દરદ ચાલુ હોએછે, પણ સીતલાનો મરજ હેવેતો હલાકી ભરેલોછે, કે જેવો તેનો ઊપદરવ થાએછે, તેવાજ સાજા લોકો તે રોગ વાલાઓને મરતા નાંખીને ઊતાવલા નીકલી જાએછે. અને એ પરમાંણે આખાં ગામડાંઓમાંથી લોકો નાહાસી જાએછે, અને બીચારા ગરીબ આજારી લોકોને તાંહાં ભુખે મરતા રેહેવા દીએછે. દેક બીજા સાથે વેહેવાર ચલાવામાં એક જાતનું સફેદ કપડું ભૂટાંન અને તીબેત એ બંધે મુલકમાં ઘણું કાંમ આવેછે. અને હેવાંજ કપડાંનો એક કકડો હમેશાં કાગજનાં પરબીડામાં એક બીજાની મોહોબતની ઈધાંણી દાખલ મુકી મોકલેછે. એ કપડું ઝીણાં કુમાસનું, સુમારૂં અને ચલકતુંછે, અને તેની આસેપાસે ઝીનારી ગુંઠેલીછે. અને તેની ઊપર " ઓમ મની પૈમી ઓમ " એ પવીતર શબદો લખેલા હોએછે. હેવી રીતનો સણગાર કીધા વગરે લખેલું કાગજ નકામું ગણાએછે, અને તે વગર હેલીઅત ભરેલું જાંણીને પાછું વાલેછે.

તીબેતનાં લોકોનો જુગ બાર વરશનોછે, અને તેઓનું

બરશ બાર મહીનામાં વેહેચાએલુંછે, અને તે હીંદુ લોકોની કાંની હરીપદ અથવા તૂલા સંક્રાંતીનાં વખતથી શુરૂ થાએછે. એ મુલકમાં ઘણાં હુપાધીઆઓને લીધે તથા એકથી વધારે બાએડી કરવાની ચાલ હુપરથી માણસની વસતી કાંઈ ઘણી નથી; અને હેવું માલંમ પડેચ કે તાંહાંનાં હાકેમોની રીતછેકે જેમ બને તેમ વસતીનો વધારો થવામાં અટકાવ કરવો, કાંકે હેવા હુજાડ મુલકમાં ઘણાં લોકોનું ગુજરાંન ચલાવાને મુશકેલ જેવું થાઈ પડેછે. જે શરત અથવા બોલીઈ જમીન લીઈછે, તે ઘણીખરી બંગાલામાં જે બોલીએ જમીન આપેછે તેને મલતી આવેછે; અને તે જમીન માલેકની મરજી પરમાંણે વેચીઆમો અથવા હરએક બીજાને આપીઆમો આવેછે. જમીનદાર અને ખેડુત લોકો જેઓ બરોબર સરકારનું દેણું ભરેછે, તેઓને પોતાની જગા હુપરથી કાહાડી શકાતા નથી, અથવા તેઓનાં મેહેસૂલ હુપર વધારોબી કરાઈ શકાતો નથી.

સંઘલા પરદેસી વેપારીઓ સાથે શારો સલુકો રાખેછે; અને જારે હરેક ગાનીઆતનાં લોકો ઘણાં એકઠાં થાઈછે, તેઆરે તેઓનો કજીઆ પોતપોતાની પંચથી ચુકાવાની રજા આપેછે. તીબેતનો ઘણોખરો વેપાર ચીન સાથે ચાલેછે. તાંહાંના લોકોનો કાફલો જે અકટોબર મહીનામાં લાસા ખાતે પોંહોંચેછે, તે જુન મહીનામાં ચીન જવાને નીકલેછે, અને તેને પીકીંગ ખાતે પોહોંચતાં આઠ મહીનાં નીકલી જાએછે. તે કાફલામાં ૫૦૦ અથવા ૬૦૦ માણસોનો જુથંડો હોએછે, અને તેઓ પોતાની સાથે માલ અથવા ઢોરો તથા ખચરો અને ઘોડાઓ લઈ આવેછે. તીબેતનાં લોકો નાંકાંપર

ની હદ ઊપર આસામ સાથેબી વેપાર ચલાવેછે. નેપાલનો મુલક વેપારનાં આણાની કાંની કામ લાગેછે, અને હીંદોસતાંનનો જે માલ આવેછે, તે તાંહાંથી તીબેત ખાતે જાએછે. નેપાલનો એક વકીલ ઘોરખા લોકોની સરકારની તરફથી હમેશાં લાસામાં રેહેછે ; તે ચીનાંઇ અમલદારોની સાથે હરેક બાબતનાં જવાબ શવાલ કરેછે, અને તાંહાં જે નેપાલનાં લોકો આવેલા હોએચ તેઓનો વાંધો પતાવેછે. નેપાલના આસરે તરણ હજાર લોકો લાસામાં આવી રહેલાંછે, કે જાંહાં તેઓ સોનીનો ધંધો કરેછે, અને એક જાતનું જાડુ ઊનનું કાપડ જેને પટ્ટૂ કરીને કેહેછે તે વેચેછે. તેઓ ફીશાદીઆ અને મગરૂર લોકોછે, તેથી કરીને તેઓને તીબેતનાં લોકો ધીકારેછે. શુમારે ૧૫૦ કાશ્મીરનાં લોકોબી લાસામાં આવી રેહેલાછે. તેઓ શાલ, ઊંનનું કાપડ, અને શુકો મેવો લઇ આવેછે, અને ચાંદી તથા ચાહ એ જીનસો પુશકલ લઇ જાએછે. બૂટાંનમાં દેબ રાજા પોતે બંદીનો વેપાર કરેછે. તે ઘણી વરશો વરશ એક કાફલો શુમારે ચાલીસ અથવા પચાસ માણસો સાથે મોકલેછે, જેઓ એક જથો બંગાલાની ઊપજનો તીબેત ખાતે લાવેછે, અને સોનાનાં લાઠા, ચાંદી, જાડું રેશમી તથા શુતરાઊ કાપડ, અને બીજી પરચુરણ જનશો લઇ જાએછે. સીકંમ અથવા દામૂ જુંગ રાજા વરશો વરશ થોડુંએક નજરાંનું દલાઇ લામાને શારૂ મોકલેછે, અને તેનાં બદલામાં જુજવી કાંઇ પાછું આવેછે. જો કે સીકંમનો મુલક પાધરો તીબેત અને હીંદોસતાંન સાથે વેહેવાર ચલાવાને ઘણી સારી જગોએ આવેલોછે, તોપણ તેનો વેપાર એ મુલકો સાથે ઘણો જુજવી ચાલેછે. તીબેતથી બં

ગાલાખાતે ઘણખરા સોનાંનાં લાઠા આવેછે, અને તેનાં બદલામાં રૂ ની બનાવટનો માલ જાએછે. તાહાંનું ચલણ સીકા રૂપીઆને મલતુંછે, અને તેને ટાંક કરીને કેહેછે. તેમાં તરાંબું અને પીતલ એ ધાતુઓ ઘણું મારેલુંછે, અને તેથી કરીને તેની કીમત થોડીછે. જેઆરથી એ દેસની રાજનીતીમાં ચીનાં લોકો મુખીઅ થાઆછે, તેઆરથી તેઓની ચાલુ રીત પરમાંણે પરદેશી લોકો સાથે ઘણો વેહેવાર ચલાવાને અટકાવ કીધોછે. ∗

તીબેતનાં સંઘલા લોકોનો કેહેવો વીચારછે, કે તેઓનો ધરમ તથા તેઓની વીદીઆ અને હુંનર એ સંઘલું અસલમાં તેઓને બનારસ અથવા કાશીથી મલેલુંછે; અને તેઓનાં એ વીચાર સાથે બુધનો ધરમ રાખનારા બીજાં દેશનાં લોકો બી મલતા આવેછે. તાતાર લોકો એ મોહોટા માન પામેલા ગંગા નદીનાં સંસથાંનોને છનાકે કરીને કેહેછે; અને તીબેતનાં લોકો અનાકહેક અથવા આનોકહેક કરીને બોલેછે. તેઓની બોલી અસલી માલંમ પડેછે, અને તે સીંગારીઆ અને તૂરકસતાંન એ મુલકોની બોલીઓને થોડીઘણી મલતી આવેછે. ઉભા તથા લખેલા અખેરો જે વીદીઆ અને ધરમનાં પુસતકો લખવાનાં કાંમમાં આવેછે, તેને ઉચીન કરીને કેહેછે; અને કામકાજની બાબતમાં લખવાનાં અખેરોને ઉમીમ કરીને કેહેછે. તેઓનાં અખેરો સંસકરત ઉપરથી નીકલેલાછે કેહેવું તેઓ કેહેછે. તેઓને ઘણા અગાઊના વખતથી લાકડાંનાં ટીબાં વતે છાપવાની કલા માલમછે, અને તે કદાચ ચીનાં લોકોથી તેઓને જાંણીતી થાએલી હશે. કેહેવું માલમ પડેછેકે શામાંની ધરમ ઘણાં અગાઊનાં વખતથી ચાલુ થા

એલોછે. અને આએ ચોકસ થાએલુંછે કે એ ફીરકો બાહારનાં સંસથાંનમાં ઉઠીઉભા થાઓછે, અને એ ધરમનાં લોકોથી બરાહમણ લોકોએ ઘણુંખરૂ ગનીઆન મેલવેલુંછે. શામાની ધરમનાં લોકો જેઓ બુધનાં ધરમ રાખનારાઓને ચોકસ કરીને મલતા આવેછે, તેઓને પોતાનાં અસલી મુલકમાંથી હાંકી કાહાડીઆને લીધે, તેઓ હીમાલીઆ પરવતોની પેલેપાર નાહાસી જાઇને, ગંગા નદીની બાહેરનાં હીંદોસતાંનમાં આવી આસરો લીધો *

જે બોલીમાં તેઓનાં ધરમનાં પુસતકો લખેલાંછે, તે હમણાં બરોબર સમજી સખાતી નથી; અને તે પાલી અને સંસકરત એ ભાશાઓને ઘણીજ મલતી આવેછે. લામાઓ જેઓ ઘણી પવીતરાઇ અને ગનીઆનનો દાવો ધરાવેછે, તેઓએ અસલી જુબાંનથી વાકેફછે, પણ તેઓમાંનાં ઘણા ખરા તેને કાંઇ પૂરી સમજી સખતા નથી. તે લોકોમાં ઘણી મોહોટી મુરતી મહામુનીનીછે, કે જે હીંદોસતાનનો બુધછે; અને દુરગા, કાલી, ગણેશ અથવા ગણપતી, એ સંઘલી મુરતીઓ તીબેતનાં દેહેડાંઓમાં બેસાડેલી હોએછે. હીંદોસતાંનમાં જે ધરમની જગાઓછે, તેને તીબેતનાં લોકોબી પવીતર ગણેછે, અને તાંહાં તીરથ કરવા જવાને મોહોટું પુન જાણેછે. હીમાલીઆનાં પાહાડોની હારોમાં ચુમલારીની ટોક જે ઘણીજ ઉંચી ગણાએછે, તેને તાંહાંનાં લોકો પવીતર જાંણીને તેની આગલ પોતાની ભકતી કરવાને શાહું જાએછે. તીબેતમાં લામાઓ અતીઘણાંછે; અને હરેક કોઇનાં કુટુંબમાંથી તેઓમાંનો એકુ હોઆ વગેરે રેહેતો નથી. તેઓ હેવો દાવો કરેછે કે તેઓએ દુનીઆને તજેલીછે, તો

જેકે તેઓ એ દેશમાં મોહોટું શુખ ભોગવેછે. મહા લામા શીતેગાભ્ભલોંગ અને ઘણીજ હલકાં દરજાનો ઉપાધીઆ શુધી તેઓમાં સઘલા જુદા જુદા તબકાછે. તોહોંનાં ચાર સંસથાનોમાં ૩૦૦૦ દેહેડાંઓછે, અને તે દેહેડાંઓમાં ૪૮૦૦૦ લામાઓ સરકારનાં ખરચથી રેહેછે. તેઓ બે ફીરકાઓમાં વેહેચાએલાછે. તેઓની મુખીઅ નીશાંન પીલી અથવા લાલ ટોપી હોએછે ; પીલી ટોપીવાલાઓ ખરો ધરમ રાખનારા ગણાએછે. હેમાનાં પેહેલાંમાં દલાઇ લામા અને તેશુલૂંમભૂનો બાંનચીન અરદેની લામા એ બંધે દાખેલછે ; એ વતરોગો ઉતર તરફ તારનાથ લામા રેહેછે ; અને એ તરણે પીલી ટોપીવાલાઓનાં મુખીઅ ઉપધીઆઓછે ; તેઓ પોતાને શકીઅંગાબ .જે બૂધનો એક અવતારછે, તેને માનનારા કરી લેખેછે: અને રાતી ટોપીવાલાઓનાંબી તરણ મુખીઅ ઉપાધીઆઓછે, તેઓના નાંમો લામ રીમબોચે, લામ નવાંગામાંથી, અને લામ ધશાતૂ, જેઓ બૂટાંનમાં રેહેછે ; તીબેતમાં રાતી ટોપીવાલાઓનો મુખીઅ ઉપાધીઓ સાકીઆમાં રેહેછે ❀

તે લોકોનાં સઘલાં દેહેડાંઓ એક એક ખુંને સહીનાં મોહોડાંથી સંણગારેલા હોએછે ; અને તેનાં નીચલાં જડબાં સાથે ઘાંટો લટકાવેલાછે ; અને હેવીજ રીતનો સંગાર તેઓનાં મેહેલોનેબી કીધેલો હોએછે. જોગી અથવા વેરાગી લોકોને રેહેવાની જગાઓ ઘણીએકછે ; અને તે લોકો થોડીઈક દવાઇ તથા નજૂમની વીદીઆ જાણેછે, કાંકે લોકો તેઓને પોતાનાં ભવશાની બીનાં પુછેછે. તેઓ પોતાનાં ટીપણાઓ મોંગોલ લોકોની કાંની ચીનથી મંગાવતા નથી, પ

ણ પોતેજ બનાવેછે. ગરીબ લોકોનાં મુરદાંઓ માતર એક ઉંચી જગાએ નાંખેછે, કે જાંહાં લાવીને તેઓનાં સાંધા છુટા પાડી મુકેછે, અને પછી કુતરાં તથા ગીદ તેનો ભખશ કરેછે; અને લામાઓનાં સરીરને બાલીને તેઓની રાખ ધાતુની મુરતીઓમાં ભરી મુકેછે ❀

લાસામાં જે મહા લામા રેહેછે, તે બુધનાં અવતારોમાંનો એક ઘણોજ મોહોટો અવતાર ગણાએછે, અને જેઆરે તે મરણ પાંમેછે, તેઆરે તે બીજા મનુશની કાઆમાં આવીને નવો અવતાર દુનીઆમાં જાહેર થવાને સારૂ લીએછે. જેઆરે તે આએ દુનીઆમાંથી ગુજરી જાએછે, તેઆરે સંઘળા લોકો તથા લામાઓ તેને પાછો આવવા વીશેની બંદગી કરવામાં શામેલ થાએછે. અને એ પરમાંણે તેઓ તેને થકી તરણ વરસ શ્રુધી સોક કરેછે, અને તે મુદતની અંદર લામાઓને સરકારનાં મોહોટા ખરચથી ખવરાવેછે, તેઆરપછી નાઇબ અથવા રાજા આવીને તેનાં અવતાર વીશેની ચોકસી કરેછે. પછી તરણ મુખીઅ ધરમનાં અધીકારીઓ કેટલોએક શરાબ અથવા દારૂ પીને, તેની કેફમાં આવીને નવા અવતારનો વખત તથા તેની જગા અને નીશાન એ સંઘળું લખીને જાહેર કરેછે. અને જો તે તરણડે કેફીઓની શાહેદી બરોબર ઉતરેછે, તો તે વીસેનું સંઘળું નક્કી થાએછે, અગર નહીંતો તેઓને હેવું ફરીથી કરવું પડેછે. અને અંતે તેઓએ અગાતની બાબત વીશે એક મત થાએછે, તેઆરે તેશૂલૂંમબૂ જે લાસાની પડોસમાંછે, તાંહાંનાં બાંનચીન અરદેની લામાનો વીચાર લેવો પડેછે. અને જો તે લામાનો નવો અવતાર ફલાની જગાએ અને ફલાના

નાં કુટંબમાં ઊતરશે તેની સચાઈ ઊપર પોતાની મોહોર ક રેછેતો, ચાર ગાંમડાંનાં નાએબોની સભા પોતાની ખુશીથી તેની ઊપર શહી કરેછે, અને પછે તેનાં દસતાવેજો ચીનનાં શાહંશાહનો હોકંમ લેવાને થકી મોકલેછે. અને જેઆરે સવરગી શાહંશાહા તે નવો અવતારને કબૂલ રાખેછે, તેઆરે તેને સંઘલાં લોકોમાં જાહેર કરેછે, અને જે જગોએ લામાનો અવતાર ઊતરવાની ખબર આપીછે તાંહાં ઊમરાઓ, ઊપાધીઆઓ, અને બીજા મુખીઅ અધીકારીઓ જાઈને તેને મોહોટી ધામધુમ સાથે પાએતખતનાં સેહેરમાં લેઈઆવેછે. અંહીઆં તેને તેનાં ઓહોદાનો ઘણો ઊંચો પોશાક પેહેરાવી લાસાનાં મંદીરમાં એક જીવતા પૂતલાંની કાંની બાવી બેસાડેછે. હેવું હમેશાં બનેછેકે તે અવતાર દરવવાન કુટંબનાં બાલકમાં ઊતરેછે. અને તેની ખાકી નીસબતને છુપી રાખવાને સારૂં તે બાલકનાં બાપને હરેક રીતે ઠોર કરી નાંખેછે. તોપણ એ પરમાંણે પોતાનાં બચાંને દલાઈ લામાનું મોહોટું માંન મલીઆં ઊપરથી તેનાં મા બાપ પોતાની ખુસીથી પોતાનો જાંન કુરબાંન કરેછે. કીઈન લુંગ શાહંશાહ હેવી ઠગાઈને જાંણીને મોંગોલીઆ, તીબેત, અને પીકીંગમાં કેટલાએક લામાઓને મુકરર કીધા; કાંકે તેઓ ચીનાં લોકોમાંથી લામાનો અવતાર પસંદ કરી કાહાડે. હેવી રીતે લામા આએ દુનીઆમાં ઊતરેછે. જારે દલાઈ લામા મરણ પાંમેછે, તેઆરે તેનું સરીર શુકવીને રૂપાંથી મઢી લઈને મંદીરમાં તેની બકતી કરવાને સારૂં રાખેછે. *

દલાઈ લામાની ખાસ રેહેવાની જગા પતાલીઆમાંછે, કે જે લાસાથી આસરે આઠ મૈલ દૂરછે, અને જાંહાં મોહો

ટા દરજાનાં ૧૭૦ ડુપાધીઆઓ રાત દાહાડો ભજન કરતા તેની સાથે મેહેલમાં રેહેછે. તે મોહોટા દબદબા સાથે સંઘ લાં લોકોથી એકાંત રેહેછે, કે તેથી કરીને તે જે બુધનો ધરમ રાખનાંરા લોકોમાં ઘણોજ પવીતરછે, તેને ઇશ્વરનું સમરણ કરવાને ઘણી સારી રીતે બની આવે. તે માતર એકવાર નવા વરસને દાહાડે મંદીરમાં આવેછે, અને લોકોને પોતાનો દેખાવ દીએછે. અને ચોવીસ દાહાડા શુધી સંઘલાં સરકારી અધીકારીઓની ચાકરી બંદ પડેછે, અને સરકારનો સંધો કારભાર લામાઓનાં હાતમાં આવેછે. એ ધણી પોતાને દેવતાના જેવો ગણેછે, તેથી કરીને તે સંઘલાં મનુશોને મોહોટા ધીકાર ભરેલી નજરે જોએછે, અને તેઓની ભકતી મોહોટી ગરૂરથી કબૂલ રાખેછે. પણ હેવી રીતની હલકાઇમાં એખલો ચીનનો શાહેનશાહ ગણાતો નથી; કાંકે દલાઇ લામા પોતે શાહેનશાહને આશીરવાદ દેવાને સારૂં પીકીંગ ખાતે જાએછે ＊

તીબેતનો દેશ બે તાબીન અથવા મોહોટા પરધાનોની હુકુમત હેઠલછે, કે જેઓને પીકીંગથી નુઇકો અથવા રાજ કારભારી મંડલીનાં અધીકારીઓ મોકલેછે. અને તે પરધાનોનાં મોકલેલા અમલદારો એ દેશનાં બંધે સંસથાંનોનો એકઠો અમલ ચલાવેછે, માતર બાહેરનાં તીબેતની બાબતમાં દલાઇ લામાની સલાહ પુછેછે, અને માંહેલાં તીબેતનાં કારણસર બાંનચીન અરદેનીનો વીચાર લીએછે. સંઘલા સરકારી ઓહોદાનો ઠરાવ કરવામાં તથા અમીરોને ખેતાબ આપવામાં ચીનાઇ અમલદારોની રજા લેવી પડેછે. ચીનાં, મોંગોલ, અને દેશી શીપાહીઓ મલીને ૧૦૦૦૦

માણસનું લશકર સવરગી શાહંશાહનો અમલ ચલાવાને
સારૂં રેહેછે. તીબેતનું મેહેશૂલ કાંઈ કાએદા ભરેલી રીતે ભૂ
મજનું હોએ હેવું નથી; પણ તેનો બદલો એ પવીતર દેશ
નો અમલ ચલાવાના માંનથી વલી રેહેછે. હમણાં થોડું થાઈ
ઊં અંગરેજ અને નેપાલની સરકારની ખબર કાહાડવાને
થકી એક તાબીનને નેપાલનાં નાંકાં પરનાં મુલકમાં વરશો
વરશ ફરવા મોકલવાનો ઠરાવ કીધેલોછે; અને એ મુશાફ
રી કરવાનો ખરચ સંધલો તાંહાનાં ખેડુત લોકો પાસેથી
કાહાડેછે. ચીનાંઈ સરકારનો અમલ માંનદરીનોનાં અનઘં
ટતા કરો વગરે ગણીએતો એ દેશનાં લોકો ઊપર કાંઈ જુ
લમ ભરેલી રીતનો નથી ✿

તીબેતનો અમલ ચલાવામાં દલાઈ લામા, બાનચીનઅ
રદેની, અને તારનાથ લામા, એ સંધલાઓની લગાલગ એ
ક સરખી સતા ચાલેછે, પણ હેમાંનો પેહેલો ધણી ઘણો વધા
રે વખણાએલોછે, અને તેનાં હાતમાં બે હેલા ધણીઓનાં
કરતાંને ચોકસ કરીને વધારે અખતીઆરછે. તેઓથી ઊત
રતો નાએબ અથવા વકીલંનો દરજોછે, કે જે ધણી લામાનાં
મુલકનો હુનીઆદારી કારભાર ચલાવેછે. એ અમલદાર
બી લામાની કાંની અવતાર લીએછે હેવું સમજેછે. તેનાં
થી ઊતરતો દરજો શૂબાઓની મંડલીનોછે. એ મંડલીનાં
અધીકારીઓ હમેશાં એ દેશનાં ચાર સખશો હોએછે; તે
ઓને વરસો વરસ દલાઈલામા તથા ચીનાંઈ સરકાર એ
બંધેનો મુસારો મલેછે. એ વતરોગો બે શેઓદેવછે; હેમાંનો
એક મુલકને સારૂં અને બીજો પાએતખતને સારૂં રાખેલો
છે, અને કોમપોમો અથવા મેહેશુલનો ખજાનો રાખનારા

અમલદારો; બખશી, અથવા લશકરી સરદાર; કોટવાલ; અને જૂગાપૂનો અથવા તેહસીલદારોછે. હેમાંનાં ઠેલા અમલદારો એક બીજાથી તીસ અથવા ચેઆલીસ મેલ દૂર રાખેલાછે, અને તેઓને હસતક શુમારે પંદર સીપાહીઓ આપેલા હોએછે. શુઓદેવ એ અમલદારો દેવાંની અને ફોજદારી બાબતનાં નીઆઅધીસ હોએ હેવા માલમ પડેછે. મોહોટા કાંમની બાબતમાં શુબાહ અને તાચીન એ ધણીઓની દરબારમાં અરજ કરવા દીએછે. ધારાઓ ઘણાં અસલનાંછે; ચોરીની શીખસામાં દેશનીકાલ કરેછે; છીનાલાંની બાબત ધારામાં લાગુ પાડેલી નથી; અને ખુંનીઓને મરણની શીખસા આપેછે. એ દેશની સંઘલી સતા ચોકસ કરીને લામાઓનાં હાતમંછે, અને તેઓ સંઘલા લોકો કરતાંને ઘણાં દરવવાંનછે; કાંકે લોકોની મેહેનતની આએપત સંઘલી તેઓ ઘસડી જાએછે, તે છતાંબી લોકો તેઓને ઘણું માંન આપેછે, અને તેઓની સતા પોતાના ઊપરથી કાહાડી નાંખવાને ઘણાં નારાજીછે ૭

તીબેતનો દેશ ચીનાં લોકોને છેક તાંગની ઓલાદનાં શાહંશાહોનાં વખતથી માલમછે. એ વખત ઊપર સીપાન લોકો સાથેની લડાઇને લીધે એ બંધે મુલકો વચે ઘણો મેલ થાઇ પડીઓ હતો. કાંકે ચીનાં લોકોએ બૂધનો ધરમ પકડીઆથી તેઓ તીબેતને પવીતર દેશ કરી ગણવા લાગા; અને ગીઆલબોઓ અથવા તીબેતનાં રાજાઓ શાહંશાહનાં કુટંબ સાથે સગાઇનો હક રાખીને હેવી મોહોટી ગંનેઆતનાં લોકો સાથે દોસતી રાખવાને ઘણાં ખુશી હતા. જે વખતે મારકોપોલો વચલા એશીઆ ખંડનાં ભાગ

માં ગીઓ હતો, તેઆરે એ દેશ મોંગોલ લોકોએ ચડી આવીને ખરાબ કરી નાખેલો હતો; પણ તે વખતે તેની ધરમની હુકૂમત ઘટી ગએલી માલમ પડતી હતી. સને ૧૧૨૪ માં જેઆરે હીંદોસતાંનથી આનદરેદ નાંમે એક યુરોપીઆન તીબેતમાં જાઇ પોહોચીઓ હતો, તેઆરે દલાઇ લામાની સતા ઘણી ઓછી થાએલી હતી. અને તેને ગીઆલબો જે ધીકાર ભરેલી રીતે ગણતો હતો, તેથી તે કપા થાઇને પોતાની મદદે કોકોનોર તાતાર લોકોને બોલાવીઆ. તે લોકોનો સરદાર જે કુશીખા નાંમે હતો, તેણે ગીઆલબોને કેદ પકડીને મારી નાખેઓ, અને પોતે દલાઇ લામાને તાબે થાઇને પોતાનાં ધરમ આચારી ગુરૂનો સંભાલ કરવાને સારૂં પોતાનાં લોકો શુધા લાસાની પડોસમાં આવી રેહેઓ. કુશીખાનની ઓલાદનાં લોકો જાંહાં સુધી તસીવાંગરાપતન નાંમે ઝુંગુર લોકોનાં એક નાંમીચા સરદારનાં હાતથી શીકશતે આઆ, તાંહાં સુધી દલાઇ લામાને મોહોટું માંન આપતા હતા. ઈ સરદાર પોતાનાં કાકાનાં લશકરમાંથી નીકલી જાઇને તીબેત ઉપર કાંઇ પોતાનાં વેરનો બદલો લેવાને સારૂં ચડી આઓ, અને તેણે હેવું ધારીઊં કે દલાઇ લામાની સતા લેઇને અગાઊની કાંની ગીઆલબોનાં હાતમાં આપવી; અને પોતાનાં એ ઠરાવનો દાખલો બતાવાને સારૂં તેણે લાસાનાં સેહેરને હાત કરીને તાંહાંનાં મંદીરો લૂટીઆં, અને દલાઇ લામાનાં મેહેલમાંનો ખજાંનો જે કેટલીઈક મુદત સુધીનો સંઘરી મુકેલો હતો, તે લેઇ જાઇને દલાઇ લામાને ઘોડા ઉપર બેસાડીને સૌંગારીઆમાં લેઇ ગીઓ ❀

એ દેશના ધરમને માનચૂની ઓલાદનાં શાહંશાહો ઘણો
પસંદ કરતા હતા, અને દલાઈ લામાએ પોતે શૂનચી શાહં
શાહની મુલાકાત કરવાને કબૂલ કીધું હતું. તે ઉપરથી કાં
ગહી શાહંશાહ એ મુખીએ ધરમ અધીકારીની તરફદારી
કરતો હતો. અને તેણે એક મોહોટી લડાઈ કરીને ઈલુથ
લોકોને મારી કાહાડીઆ, અને લામાની સતા પાછી મુકર
ર કરીને (૧૭૨૦ માં) ચીનાંઈ સરકારનાં અમલનો ફેલા
વ કીધો. તોપણ એક ગીઆલબોને એ દેશનો રાજા કરી
ને બેસાડીઓ હતો. પણ કાંઈ માઠા બનાવથી તે ચીનાંઈ
અધીકારીઓની સાંમભે (૧૭૨૭ માં) બલવો કરી ઉઠી
આથી તેને તખત ઉપરથી કાહાડી મેલીઓ. અને તેઆરપ
છી તેનાં વારેશનેબી કીઈનલુંગ શાહંશાહે કતલ કરાવીને,
હમણાં એ દેશની રાજનીતી ચાલેછે, તેને (સને ૧૭૫૦ માં)
મુકરર કીધી. મોહોટા લામાઓ ચીનનાં પાએતખત શેહે
રમાં ઘણીવાર મુલાકાતને સારૂં જતા હતા, અને વરશો વ
રશ ચોઠ દાખલ સારૂં ઉનનું કાપડ, ખૂશબોદાર મોમબતી
ઓ, અને રૂપાની મુરતીઓ, તશબીહો, એ વગરે બીજું
મોકલતા હતા; અને તેશૂલામા સીતલાને લીધે તાંહાં મર
ણ પામીઓ હતો *

ઈ દેશની શુલેહ સને ૧૭૯૦ નાં વરશ સુધી ચાલુ રહેલી હ
તી, પણ એ વખતે નેપાલનાં લોકો હરેક કાંઈ બાહાણા વ
ગરે ચહડી આવીને, ટીકાઈક તેશૂ લૂમબૂ ઉપર તૂટી પડેઆ.
તેથી કરીને ગાઈલોંગો તથા લામાઓને નાહાસવાનો વખ
ત બી જુલમે મલી આઓ, અને નેપાલનાં લોકો તેઓનાં
મંદીરો તથા કબરોમાંનો મોહોટો ખજાંનો લઈને થોડું કમાં

પાછા નીકલી ગીઆ, કાંકે તેઓની પંછવાડે ચીનાંઈ સવારો દોડીઆ હતા. અને કેહેવું કેહેછે કે તેઓનાં હાતમાંથી તે લશકરે લૂટનો સંઘલો માલ પાછો અપાવીઓ હતો. તે ઉપરથી ચીનનો અમલ એ મુલકમાં ઘણો વધી ગએલોછે, અને દલાઈ લામાનાં હાથમાં જે હજુર સુધી ખાલી નાંમની સતા રેહેલીછે, તેબી તે ખોઈ બેસસે કેહેવું ચોકસ કરીને માલમ પડેછે ❀

લાસાનું સેહેર ૨૯ અંશ અને ૩૦ કલાની ચોરણમાં તથા ગરીનીચની પૂરવ દશાથી ૯૧ અંશ અને ૬ કલાની લંબાનમાંછે. તે એક નાહાંની નદીનાં કાંઠાઓ પર વસેલુંછે, અને સુમારે ચાર મૈલ લાંબું તથા ઈક મૈલ પોહોલુંછે. તેની વચોવચમાં એક મોહોટું મંદીર ઊભેલુંછે, કે જેમાં મુરતીઓને શારૂ હારની હાર ઇમારતો બાંધેલીછે, અને તે એક એક મુરતીઓની જુદી જુદી બેઠકો તથા તેઓનો તરેહવાર સંણગાર કીધેલોછે. દેહેડાંઓની અંદરની રોનક તથા સોભા ઘણી મારેછે. તેઓમાંનું એક દેહેડું જે સંઘલાંનાં કરતાંને ઘણું સરસછે, અને જેને લૌરાન કરીને કેહેછે, તે તીબેતનાં લોકોનાં ઘણાંજ મુખીઅ દેવતાને સારૂ મુકરર કીધેલુંછે. તાંહાંની બજારની બાહેર વેપારીઓ અને પઈસાવાંળા રેહેવાસીઓ બે અથવા તરણ માલનાં ઊંચા ઘેરોમાં રેહેછે. અંહીઆં આસરે બે હજાર ચીનાંઓ વસેછે. ટીગાગૌંગાર જે લાસાની નૈરૂત કોણથી લગાલગ ૪૦ મૈલ દુર ઇઆરૌજાંગબોચૂ એ નાંમે નદીનાં જમનાં કાંઠા ઊપર વસેલુંછે, તે એક મોહોટી જગાછે, તે શાથે તેમાં સુમારે વીસ હજાર કુટંબોની વસતીછે ❀

તેશ્રૂલૂંમબૂ (ચાસીલૈંઓ), જે ૨૯ અંશ અન ૭ કલાની ચોરણમાં તથા ગરીનીચની પૂરવ દશાથી ૮ અંશ અને ૨ ક લાની લંબાંનમાંછે, તે બાનચીન અરદેની લામાને રેહેવાની જગાછે, અને તેમાં તરણથી તે ચેઆર હજાર ઘેરો ગેલોંગ લોકોને રેહેવાને સારૂંછે, તે વતરોગો દેહેડાંઓ, કબરો, અ ને લામાનો મેહેલછે. એ સેહેરનું મેદાન ઊચા ડુંગરો અને પાહાડોની કઠણોથી ઘેરાએલુંછે; તેની ઘણાંમો ઘણી લં બાઈ ચઊદ બીતે પંદર મૈલછે, અને પોહોલાઈ પાંચ બીતે છ મૈલછે. પાનોમચીકુ એ નાંમે નદી તેમાં ચાલેલીછે; અને ઊતર દશાએ સાંપૂ અને અરીચૂંબૂ એ નદીઓ દીશેછે. તેશ્રૂલૂંબૂનો ડુંગર ઘણોજ ઊચોછે, અને તે ઊપરથી ઘણી વે ગલાઈનું દીશેછે ❀

ઊતર દશાએ તારનાથ લામાનો પરાંતછે, અને તેની હુ કુમત મુખીઅ કરીને કાલમક અને મોંગોલ લોકો ઊપર ચા લેછે ❀

નેપાલ જે તીબેતની દખણ દશાએ આવેલોછે, તેમાં હીંદૂ લોકોની વંશ સાથે ભેલાએલા તીબેતનાં લોકો સરીખી મા ણસની વસતીછે; તે હમણાં ઘોરકા લોકોના હાતમાંછે. બૂટાન જે નેપાલની બોરદૂ ઊપર આવેલોછે, તે એક નહાં નો મુલકછે, પણ લગાલગા તીબેનાં દેશ જેવોછે. એ બંધે મુલ કોની વચે જે સીકંમનો નહાંનો મુલકછે, તે અંગરેજ સરકા રનાં આસરા હેઠલછે. ઈ પરમાંણે ચીનનાં રાજનાં નાંકા પરનાં મુલકો તથા અંગરેજ લોકોને તાબુકેનાં મુલકો લગાલગા ઈક બીજાની પાસે આવેલાંછે. અફગાંન અને સીખ એ બંધે બડાએક લોકો તીબેતનાં લોકોનાં પડોસીઓછે. પણ ઈ બં

ઘેમાની એકુબી ગનેઆતનાં લોકોએ પોતાનાં શુલેહ જારે

ભા પડોસીઓને છેડવાનો ઇરાદો કીધો નથી ; અને તેથી

ફરીને એશીઆ ખંડનાં વચલા મુલકોમાં સંઘલે ઠેકાંણે સમા

ધાની ચાલી જાએછે ∗

હવે આપણે ચીનનાં ભારે મોહોટા રાજની સેર તેનાં ઘણ

એક સંસથાનોમાં તથા તેને તાબુકેનાં મોહોટાં મુલકોમાં

ફરીને પૂરી કીધીછે. તોપણ આપણને એ પરેસતાનનો હે

વાલ પૂરો જાહેર થાએલો નથી, કાંકે તેમાંનું ઘણુંએક હજૂ

ર શુધી માલમ પડીઆ બગરે રેહેલુંછે ; પણ તે સંઘલું હવે

પછેનાં લખનાંરાઓથી જાણીતા થવાની ઊમેદ રાખીએછે∗

✣✣
✣✣

બાબ નવમો.

ચીનની વસતી વીશે.

દુનીઆના બીજા ભાગોમાં ઘણીએક ગનેઆતો મલેછે, કે જેઓની બોલી અને ચાલચલણ એક બીજાથી જુદી હોએછે, પણ ચીનનાં મુલકમાં એકજ ગનેઆતનાં લોકોછે. હેવું કોઇ રાજ થાઇ ગીએલું નથી, કે જેમાં કધી એટલી બધી માણસની વસતી ગણાઇછે. રોમની પાદશાહીનાં ભર મોહોટાઇનાં વખતમાંબી તેનો અમલ ૧૨૦,૦૦૦,૦૦૦ થી વધારે લોકો ઉપર ચાલતો હતો નંહી. જો આપણે ઇરાનનાં રાજની અથવા સેકંદર પાદશાહનાં અમલ હેઠલની પરજાને એકઠી કરીએ, તોપણ ચીનની વસતીની બરોબરી થાઇ શકે નંહી. અગારજો બોનાપારટે પોતાની મોહોટાઇનાં વખતમાં બલકે ઇઉરોપ ખંડનાં સંઘલા મુલકો ફતેહ કીધા હતે, તોબી તેનાં અમલ હેઠલ આવેલા લોકો કરતાં ચીનાં લોકોની વસતી વધતી ગણાંતે.

ચીનનાં દેશની ભારે મોહોટી વસતી વીશે ઘણોએક સંદેહ પડેછે, વાસતે એ બાબદની ખાતરી થાએ હેવી રીતે જીકર કરવાને ઘણું અગતનુંછે.

ચીનની સરકારને માથે એક મુખીઅ અમલ ચલાવનાર છે, કે જે પોતાને પોતાની પરજાનાં સંઘલા લોકોનો બાપ કરી લેખેછે. તેથી કરીને તે પોતાનાં મોહોટા કુંટબની વધ ઘટથી જાણીતો થાવા વીશેની ઘણી આરજુ રાખેછે. પણ એવા મોહોટા રાજમાં એ કાંઇ નાહાનું જેવું કાંમ નથી; તે સારૂં એ મુલકને ત્રીઅસ અથવા દસ કુટંબોમાં વેહેચે લુછે; તેઓની ઉપર દિક મુખીઅ ધણી ઠરાવેલો હોએછે, કે જે દિક દિક કુટંબમાંનાં લોકોની ગણતરીથી વાકેફ હોએ છે; અને એક પાતી ઉપર તે કુટંબનાં સંઘલા લોકોનાં નાંમો લખી રાખેછે. પણ એ ધારા પરમાંણે ઘણાખરા ચાલતા નથી. એક સો કુટંબનો એક પાઓ થાએછે; અને તેઓની ઉપર હેવોજ એક અધીકારી રાખેલોછે. એ ધણીઓ દીઇનમાંનાં મુખીઅ અમલદારને લોકોની ગણતરીનો શુમાર જાહેર કરેછે, અને તે અમલદાર આવીને કુમાં જાહેર કરેછે; અને અહીઆંથી તેનાં કાગજો સંસથાની અમલદાર ઉપર મોકલેછે, કે જે ઘણી વરશોવરશ પીકીંગમાં ઉપજ ખાતાની મંડલીને પોહોંચાડેછે; એ પરમાંણેનાં જુદાજુદા દસતાવેજો ઉપરથી શાહેંશાહની ચોપડીમાં વસતીનો હીસાબ લખાએછે. અને માતર એજ ચોપડીમાંથી વસતીનો હીસાબ ચોકસ મલી સકેછે, કે જે ચીનનાં રાજનાં વરણનમાં લખીઆ પરમાંણે મોંગોલીઆ તથા તીબેત દાખેલ કરે આ વગરે૧૨૯૭૯૯૯ ચોરસ મૈલ જમીન ઉપર ૩૬૧૨૯૩૯૭૯ માણસની વસતીનો શુમાર બતલાવેછે, અને એકેક ચોરસ મૈલ ઉપર ૨૯૦ માણસો આવેછે. ઇંગલંડ અને હાલંડ જેઓ યુરોપ ખંડનાં ઘણાંજ આબાદ મુલકોછે, તેઓની વ

સતીમાં ચીનથી ઉતરતાંછે; કાંકે હેમાંના પેહેલામાં એક ચોરસ મૈલે માતર ૨૨૫, અને બીજામાં ૨૭૫ માણસો આ વેછે. પણ એ હીસાબ પરમાંણે વસતીની ચોકસાઇમાં સંદેહ પડેછે, કાંકે કેટલાઇક સંસથાનોની વસતીનો શુમાર ચીનાંઇ સરકારનાં લખીઆ પરમાંણે ઘણો ફેરફાર માલમ પડેછે. સજીચૂએન જે સરવેથી મોહોટું સંસથાનછે, અને જેમાં ૧૬૬૦૦૦ થી વધારે ચોરસ મૈલ જમીનછે, તોપણ તેની વસતી શાહેંશાહની ચોપડીમાં લખીઆ પરમાંણે માતર ૨૧૦૦૦૦૦૦ રેહેવાશીઓનીછે, તેઆરે ચીઝીઆંગા જે તેનાં ચોઠા હીસા જેટલુંછે, તેની વસતી ૨૬૦૦૦૦૦૦ થી વધારે માણસોનીછે. જો સજીચૂએનનું સંસથાંન કવાંગાસીનાં સંસથાંન જેવું ઉજડ અને થોડી વસતી ભરેલું હતે તો, તે વીશે કાંઇ અજાએબ જેવું નંહી લાગતે; પણ ચીઝીઆંગાનાં સંસથાનમાં પાહાડો ચાલેલાછે, અને તેનાં કેટલાએક ભાગો ઉજાડછે, તોબી તેમાં એક ચોરસ મૈલે ૬૭૧ રેહેવાસીઓછે; એ બીના જુલમે આપડા માનીઆમાં આવેછે, તો જોકે એ પરમાંણેનો હીસાબ ચીનનાં શાહેંશાહે પોતે લખેલોછે. આપણને હેવીજ રીતે બીજા પરગણાંઓ વીશેબી સંદેહે રહીજાએછે, પણ હમો કેક બીજી અડચણનો એશારો બતલાવીએ છઇએ, કે જેથી કરીને ચીનની વસતીનો જુદો જુદો હીસાબ માલુમ પડી આવશે. સને ૧૩૯૩ માં હુંગવૂ શાહેંશાહનાં કાહાડેલા હીસાબ પરમાંહે રેહેવાશીઓનો શુમાર જુમલે ૬૦૦૦૦૦૦૦ થી વધારેછે; સને ૧૭૧૧ માં ૨૮૦૦૦૦૦૦ થી વધારે થાએઆછે; સને ૧૭૪૩ માં અમીઅટનાં હીસાબ પરમાંણે ૧૫૭૦૦૦૦૦૦ છે; સને ૧૭૬૨

માં ગારોસીઅરનાં હીસાબ પુરમાંણે ૧૪૮૦૦૦૦૦૦ થી વધારે સાબેત થાએછે, અને લારડ મેકારટનીનાં સાંભલીઆ પરમાંણે આખા રાજની વસતી ૩૩૩૦૦૦૦૦૦ થી વધારે ગણાએછે ❀

આપણે કબુલ કરીઇયેકે મીંગાની ઓલાદનાં શાહશાહોનાં વખતમાં ચીનનું રાજ હમણાંનાં કરતાંને ઘણું ઓછું ફેલાએલું હતું, તોપણ જુલમે માનીઆમાં આવેછે, કે તેમાં આટલા બધા વરશની શ્રુલેહનાં વખતમાં માતર હમણાંની વસતીનો પાંચમો હીસો હોઈ. સને ૧૭૧૧ નો હીસાબ ઈથી વધારે સક માં નાંખેછે; અને ખરૂંછેકે તે વખતે રાજ માનચૂ લોકો પોતાનાં અમલ હેઠલ લાઆ હતા, તોબી લાંબી મુદતની લડાઇને લીધે હમણાંની વસતીનાં દસમા હીસા જેટલી ઓછી વસતી થાઇ ગેઇ નહી હશે. વલી ૩૨ વરશની મુદતની અંદર જે ૨૮૦૦૦૦૦૦ થીતે ૧૫૭૦૦૦૦૦૦ શુધી એકાએક વધારો થાએઓ, તેથી કરીને એ બે હીસાબમાંનો એકુ હીસાબ ખોટો હસે. તોપણ ગેઇ સદીની આખેરીમાં જે હીસાબ કાહાડીએછે, તેને હેમાંનો બીજો હીશાબ લગાલગ મલતો આવેછે, તે ઉપરથી આપડા માનીઆમાં તે વધારે આવેછે, અને તેઆરપછીનાં ૪૦ વરશમાં ૩૦૦૦૦૦૦૦ નો વધારો કરીએતો, તે કાંઇ ઘણો નથી. એ પરમાંણે એ બાબત સર ચોકસ વીચાર કરીઆ પછી, આપણે કબુલ કરીએચકે તાંતસીંગા હવઇ તીઇનમાં લખેલો વસતીનો હીસાબ એકેએક પરગાણાંનો જુદો જુદો ગણીએતો ચોકસ નથી, તોજેકે જુમલે ચીનાંઇ પરજાનો ૩૬૧૦૦૦૦૦૦ લોકોનો હીસાબ ગણીએતો, તે કાંઇ ઘણો વધારે કીધેલો માલમ પડતો નથી ❀

ચીનાં લોકોની ગનેઆત, જલદીથી વધી જાએ કેવીછે. જેટલા માણસ મરેછે, તેનાં કરતાંને ઘણા વધારે જનમેછે; અને ગીઆ ૯૦ વરશમાં અગાઊનાં કરતાંને માણસની વસતી ઘણી વધતી ગેઈછે. વલી ચીનાં લોકો ઘણ નાહાનપણથી પરણેછે; અને તેઓમાં કોઈ પરણીઆ વગાર રેહેતો નથી; અને થોડાંજ કુટંબો છોકરાં વગારનાં હોએછે, અને હજારો હજાર લોકો મોહોટી ઊમરે પોહોંચેછે, તોપણ તેઓને ફરજંદ પેદા થાએછે. જેઆરથી તાતાર લોકોની ફતેહ થાઈછે, તેઆરથી ચીનમાં મોહોટી શુલેહે ચાલી જાએછે, અને તેથીકરીને વસતીમાં ઘણો વધારો, દુકાલ અથવા મરકીનાં ભારે ગજબ વગારે થાએઓછે. અને એ પરમાંણે મુલક વસતીથી ભરપૂર થાએલોછે, તોજોકે તેઓમાં બાલહતીઆ કરવાની માઠી ચાલ ચાલેછે. હમો અંહીઆ નદી અને પાંણી ઊપર જે લોકોનો મોહોટો જથો રેહેછે, તેઓ વીશે કાંઈ બોલતા નથી; પણ માતર હમારા વાચનારની ખાતરી કરીએચકે, જુમલે ૩૬૧૦૦૦૦૦૦ માણસનો હીસાબ કાંઈ ચીનાંઈ સરકારે પોતાની મોહોટાઈ દેખાડવાને થકી કાહાડેલો નથી. અને એ હીસાબ પરથી માલમ પડેચકે મનુશે જાતનો તરીજો હીસો ચીનાં લોકોનોછે *

તેઓ એક અસલી ગનેઆતછે, અને અગાઊની દુનીઆનાં લોકોનો હમણાનાં વખતમાં નમુનો રેહેલોછે. તેઓ પૂરવ તરફની મોહોટી ગનેઆત જે બીજી સંધલી ગનેઆતોથી ઘણી વધારેછે, તેને લગતાછે. તેઓનો ચેહેરો તાતાર લોકોને ઘણોખરો મલતો આવેછે, તોજો કે તે ઘણો બેઠેલો નથી. તેઓનાં બાલ કાલા, ઊજા, અને મજબૂતછે,

તેઓનું નાખ ચપટુંછે, તેઓની આંખ નાહાંની અને વાંકીછે, તેઓનાં ગાલ ગોલ અને ફૂલાછે, તેઓની નાહાંની દાહાડીછે, તેઓનો કદ વચગાલેનોછે, અને તેઓનું અંગ મજબૂતછે. તેઓ પુશટ અંગવાલાને ખુબશૂરત કરી લેખેછે, અને તેઓનું બદન થોડી ચાલાકી ભરેલુંછે. તેઓની આંખ કોઇ જુદીજ તરાહનીછે, તેથી કરીને તેઓને આંખનું દરદ ઘણું થાએછે, અને તેઓમાંનાં ઘણાખરાની આંખ તેઓનાં ફૂલાં ટોપાને લીધે આંધલી થાએછે ૰

હવે હમો એ લોકોની તવારીખ, બોલી તથા લખવા પઢવાની વીદીઆ, ચાલચલણ, રાહરવેશ, રીત, એ વગરે બીજું જાહેર કરીએછે. એ બાબતોથી હમારા વાચનારાઓને ખોલાસાથી વાકેફ કેરવાને ઘણું અગત જેવુંછે, તોપણ હમારા પુસતકની હદ હમોને વધારે બોલવાને મના કરેછે, વાસતે હમો તે સંધલાનો અગત જોગ સાર લખી કાહાડીએછે ૰

બાબ દશમો.

ચીનાંઇ તવારીખ.

ચીનાંઇ તવારીખ એટલીતો મોહોટીછે, કે તે સંઘલી પૂરી કરવાને આપણી આખી ઉમર જુલમે બસ થાએ. કાંકે, તે ઘણાંજ અગાઉનાં વખતથી તે છેક હમણાં સુધી ચાલુ રેહેલીછે; તેથી કરીને હમોને અંહીઆં તેનો અગાત જોગા થોડોએક અહવાલ બેઆન કરવાને બની આવેછે.

પરથમમાં એ રાજની વંશ વીશે કેહેછે, કે ઇઆંગા, એટલે આકાશ, અને ઇન, એટલે પરથવીથી સરજેલીછે. અને આકાશ અને પરથવી જુદી થઆ પછે, પવાનકૂ અથવા ઇનસાન પેદા થાઇઉં, અને હેવું કેહેછે કે જેને ૪૫૦૦૦ વરશ સુધી પાદશાહી કીધી; તેહેની પછી તરણ શાહેંશાહો નાંમે તીઇનતી હવાંગાશી, તીહવાંગાશી, અને જીનહવાંગાશી થાઇગીઆ, કે જેઓએ ૩૬૦૦૦ વરશ સુધી રાજ ચલાવીઉં; પણ એ સંઘલો અહવાલ ચીનાંઓનાં તવારીખ લખનારાઓ બીચોકસ કબૂલ કરી ગીઆ નથી. તેઓ એ રાજની સૂરૂઆ

તની ખબર ફુહ્ફી શાહંશાહમાં વખતથી આપેછે. એ શાહં શાહે પરયમમાં લોકોને સેકાર તથા માછલાં મારવાની કળા સીખવી, અને ધારાઓ બાંધીને બરોબર રાજનીતી ચલાવા માંડી, અને લખવાનો હુનર સોધી કાહાડીઓ, અને લોકોને ગાએન વીદીઆ સીખવીને, તેઓને જંગલી અવસથામાંથી બાહેર કાહાડીઆં *

ફુહ્ફી શાહંશાહે પોતાની દરબાર હોનાનનાં સંસથાનમાં મુકરર કીધી હતી. તેની પછી શીનનુંગ શાહંશાહ થાઓ, તેણે ખેતીવાડી તથા વેપાર કરવાની કીમત લોકોમાં જાહેર કીધી. અને તે પોતે પોતાનાં લોકોનાં ફાએદાને શારૂં દવા કરવાની વીદીઆ સીખીઓ. તેની પછી લોકોની લડાઇ કીસાદથી હવાંગતી (અથવાં પીળો શાહંશાહ) તખતે બેઠો તાંહાં શુધી બરોબર પાદશાહી ચાલી નહી. એ હવાંગતી શાહંશાહ વીશે કેહેછે કે ઘણો કાબેલ હતો, અને જોતીસ વીદીઆમાં હવોતો માહેર થાઓ હતો, કે તેનાં ઉપરથી માતર હમણાં શુધી લોકો નવી કલપના કીધા વગરે ચાલેછે. તેણે મુલકને પરગણાંઓમાં વેહેંચીને, વેહેવાર ચલાવાને સવલ પડવા સારૂં રસતાઓ બાંધેઆં; અને એક સીતારા વરતવાનું ઘેર ઊહી ઊભું કરીને, તેને લાએકનાં અગતનાં જંતરો અને ટીપણાંઓ બનાવીઆં; અને સહાઠ વરશનો જુગ જેને ચીનાં લોકો હવાકીઆજી કરીને કેહેછે, તે મુકરર કીધો. એ ઠરાવ પરમાણે ચંદર શુરીઅનાં સંજોગ થાઆના વખતથી વરશની શુરૂઆત ચાલવા લાગી. તે વરશમાં ચાંદનાં મહીનાં બાર હતા; તે મધેનાં બાજે મહીનાં ઓગણતીસ દાહાડાનાં અને બાજે તરીસ દાહાડાનાં

હતા. અને ચાંદનાં મહીનાં શુરજની ચાલ સાથે બરોબર રાખવાને સારૂં જેઆરે જરૂર પડતી હતી, તેઆરે એક અદીક માસ કરતા હતા; અને રાત દાહાડાને બાર પોહોરમાં વેહેંચીઆ હતા. અઠાવીસ નખશેતરોના નાંમો મહીનાંનાં દાહાડા ઓલખવાને સારૂં મુકરર કીધાં, અને મહીનાંનાં તરણ ભાગો પાડીને તેણે સીહૂન કરી કેહેવા લાગા. એ પરમાંણે મુકરર કરીને શાહેંશાહનાં રાજનું ૬૧ મું વરશ પેહેલા જુગનું પેહેલું વરશ ગણવા લાગા—તેવાં ચુમોતેર જુગો (અથવા ૪૪૪૦ વરશો) સને ૧૮૦૩ માં પૂરા થાઇ ચૂકાંછે. અને હમણાંનું અથવા ચાલતું વરશ (સને ૧૮૪૪) પંચોતેરમાં જુગનું ૪૧ મું વરશછે, અથવા શાહેંશાહનાં રાજની શુરૂઆતથી ગણતાં તાઓકુવાંગનું ૨૪ મું વરશછે; કે જે તેઓનાં પંચાંગ પરમાંણે ચાલૂ લખીઆમાં આવેછે. હવાંગતી શાહેંશાહનો જનમ કાઇકુંગનાં પૂરાતમ પાએતખત સેહેરમાં થાઓ હતો; તે અસલનાં વખતોનો ઘણોજ કાબેલ સખશ હતો, હેવું માન મેલવીને મરણ પાંમીઓ.

તીશાઓહાઓ, તીચુએનહીહૂન, અને તીકુહ વીશે જુજવીજ લખાએલુંછે; હેમાંનો પેહેલો શાહેંશાહ પોતાની ખુબી ઊપરથી વખાણાએલોછે, અને તીચુઇનહીહૂને હવાંગતી શાહેંશાહે જે શરૂ કરવા માંડીહૂં હતું, તેમાં સુધારો કીધોછે. તીકુહનો છોકરો ચી એણે પોતાનું તખત પોતાની ખરાબ ચાલ ઊપરથી ખોઇ દીધું, અને તેની જંગોએ તેનાં ભાઇ યઆઓને તાબેદાર રાજાઓએ તખતે બેસાડીઓ; અને યઆઓથી (ઇસવી સનેની ૨૩૫૭ વરશ અગાઊ) એક નવો સનૂ ચાલવા લાગો.

તેને જનમતી વખતે એક અજદા જે શાહંશાહી મરત બાની નીશાન દાખેલ ગણાએછે, તે જાહેર થાઓ, અને તે જેઆરે તખતે બેઠો (ઈસવી સનેની અગાઊ ૨૩૭૫ ના વરશમાં), તેઆરે સીમોરગ અને હોમાએ જનાવર નેકફા લની બશારત આપવા થકી આવી હાજર થાઆં. તેને ફૂન ભરેલી રીતે રાજ ચલાવીહૂં, અને તે જે મુલકની પાદશાહી કરતો હતો, તે બીજાં બેહેસત જેવું ગણાંતુ હતું. તેની મુખીઅ ખૂબી એ હતી કે તેણે મોહોટી રેલ આવીગીઆ પછી જે ખાઈ અને કીચડની જગાઓ રેહેલી હતી, તે સાફ કરાવીને મુલકને સમારીઓ. ઈઆઓ અને તે પછીનાં શાહંશાહોનો અહવાલ કંનફીઊસીઅસે શૂકીગ નાં નામીચા ગરંથમાં ઘણોખરો લખેલોછે. ઈઆઓએ ૯૯ વરશ સુધી પાદશાહી કીધી, અને જોકે તેનાં છોકરાઓ હતા, તોપણ તેણે પોતાનો વારેશ શુનને કીધો, કે જે ઘણી તેની સાથે રાજનો અમલ ચલાવામાં શામેલ હતો.

શુન શાહંશાહ ઘણો ખરાબદાર હતો, અને પોતાનાં વડાવોની કાંની જોતીશ વીદીઆ સીખેલો હતો. તેણે ધારાઓનાં પુસતકો સમારીને, લોકોને ગાએનમાં નીતીનાં કાએદા સીખવીને સુધારીઆં. તે પોતાની નજરે સંઘલું જોવાને સારૂં વરશો વરશ મુલકની સેર કરતો હતો, અને લોકોને પોતાની તકસીર જાહેર કરવાની હીમત આપતો હતો. એ પરમાંણે તારીફ લાએક રાજનો અમલ ચલાવીને, ઈસવી સનેની ૨૨૦૭ વરશ અગાઊ તેઓએ દુનીઆમાંથી રુખસદ લીધી.

ઈઆઓ અને શુન તથા તેનાં વારેશ ઈઊ એ શાહંશા

હોની તારીખમાં મોહોટાં દફતરો લખાએલાંછે; અને તેઓ આજનાં દાહાડા શુધી ચીનાંઓમાં મોહોટા ખૂબીવંતા તથા નેક કરી વખાણાએછે.

હવેથી જુદાજુદા શાહંશાહોની ઓલાદને નાંમે તવારીખ શરૂ થાએલીછે.

હીઆની ઓલાદનાં શાહંશાહો વીશે.

ઇસવી સનની અગાઊ ૨૨૦૭ થીતે ૧૭૬૭ નાં વરશ શુધીની હકીકત.

યઊ શાહંશાહનાં જનમ વીશે લખેલુંછે કે તે અજાએબી ભરેલી રીતે થાઓછે. તે શુન શાહંશાહની સાથે રાજનો કારભાર ચલાવતો હતો, અને જેઆરે તે તખતે બેઠો તેઆરે તેની ઊમર ૯૩ વરશની હતી. તેનાં વખતમાં લોકો ઘણી જ સારી હાલતમાં આએઆં હતા; કાંકે તેણે પોતાની સારી ચાલ તથા ખબરદારીથી પોતાની પરજાનાં લોકોને સાઓ મારગો ચલાવીને, તેઓનાં શુખમાં ઘણો વધારો કીધો હતો. તેણે પોતાનાં મુલકમાં વારેવાર મુસાફરી કરીને, તે વખતે જે નવ સંસથાનોમાં રાજ વેંહેચાએલું હતું, તેનાં નકશાઓ બનાવીઆ. તે નકશાઓને પીતલનાં વાસણો ઊપર કોતરાવીને, રાજની નીશાંન દાખેલ મેહેલમાં રાખીઆ હતા. યઊ શાહંશાહ માતર સાત વરશ રાજ કરીને ગુજરી ગીઓ, અને તેની પછી કરી કોઇ તેવો શાહંશાહ થાઓ નહી.

તેનો છોકરો—તીજી તખતે બેઠા પછી, કાન અથવા હમણાનાં સીગાનનાં પરગણાંનો રાજા શાહંશાહ સાથે નાફરમાની કરવા લાગો. તેનો એ અપરાધ ઘણોજ મોઠો જાણીને, શાહંશાહે તેનાં લોકો શુધાં તેને તારાજ કરી નાખીઓ. તે પછે તાઇકાંગનાં રાજમાં એક હાકેમે શાહંશાહને તખત ઉપરથી ઉઠાડી મેલીને, તેનાં ભાઇને પાદશાહી આપી, કાંકે આગલો શાહંશાહ રાજની બાબતમાં સારી ચોકસાઇ કરતોતો નહી. ચુંગકાંગ શાહંશાહનાં વખતમાં કેટલાક નજુમીઓ જેઓ જોરાવર હાકેમો જેવા થાઇ પડેલા હતા, તેઓની સાથે લડાઇ કરવાને સારૂ એક લશકર મોકલાવીઊં હતું, કાંકે તેઓએ ગરહણનો વરતારો કરવાને ગફલત ખાધી હતી *

તેની થોડુંએક પછે લૂટારા લોકોનાં ટોલાંઓથી એ મુલક સંઘલો ખરાબી ભરેલી હાલતમાં આવી પડીઓ હતો. અને જે વજીરે એક શાહંશાહને તખત ઉપરથી ઉઠાડી મેલીઓ હતો, તેણે તીસીઆંગ શાહંશાહનેં રાજ ભરશટ કરવાને સારૂ તેનાં એક પસંદ કીધેલા નોકર સાથે મળી ગઓ. પણ ઈ દગાખોર નોકરે વજીરને કપટથી મારી નાખીને, પછી તેનાં છોકરાને ઉશકેરી આપીઓ, કે તાહારો બાપ શાહંશાહનાં હોકમથી મારીઓ ગીઓછે; તેથી પેલા છોકરાએ પોતાનાં બાપના ખૂનનું વેર લેવાને સારૂ શાહંશાહને મારી નાંખીને તખત છીનવી લીધું. પણ શાહંશાહની હમેલદાર ઓરત તેનાં હાથમાંથી નીકળી ગઇ, અને તેને પેટે જે છોકરો જનમીઓ, તેણે પેલા જુલમગારની સાંબે થાઇ અંતે પોતાનાં બાપનાં તખત ઉપર બેઠો અને પોતાનું

નાંમ તીશાઓ રાખીને સમધાનીથી રાજ ચલાવીવૂં. તેની પછી નવ શાહંશાહોએ પાદશાહી કીધી, પણ તેઓની કીરતી વીશે કશું લખેલું નથી.

હીઆની ઓલાદનો પેહેલો શાહંશાહ તાઈવૂ અથવા મોહોટો ઈવૂ પોતાની ખૂબી થકી ઘણોજ વખનાએલોછે; તેઆરે તે ઓલાદનો છેહેલો શાહંશાહ નાંમે કીઈ પોતાની બદી થકી ઘણોજ પરસીધ થાએઓછે. અને જેઆરે એ શાહંશાહની બૂરાઈ અતીશે થવા લાગી, તેઆરે ચીંગતાંગ એ નાંમે એક તાબેદાર રાજા જેથી શાંગાની ઓલાદ શરૂ થાઈછે, તેણે દરબારનાં અમલદારોની રાજીથી એ શાહંશાહને શીકસતે કરીને તખત ઉપરથી ઉઠાડી મેલેઓ, પણ એ જુલમગાર શાહંશાહે પોતાની માઠી ચલનને સુધારવાને કબૂલ કીધા ઉપરથી, પાછો તેને તખતે બેસાડીઓ, પણ તે પોતાની આગલી બુરાઈ ઉપર ફરીથી ચાલવા લાગો, તેથી ફરીને અંતે તેનાં હાતમાંથી પાદશાહી છીનવી લીધી, અને તે પોતાનું દેશ છોડીને મોહોટાં દુખથી મરણ પામીઓ.

શાંગાની ઓલાદનાં શાહંશાહો વીશે.

ઈસવી સનેની અગાઊ ૧૭૬૬ થીતે ૧૧૨૩નાં વરસ સુધીની હકીકત.

ચીંગતાંગ જે ઈઆઓ તથાં સુનના જમાનાંને પાછો તાજો કરવાની મોહોટી ઉમેદ રાખતો હતો, તે શાંગાની

(અથવા પરમેશવર) ની બંદગી, કરવાનાં કાંમ ઉપર થણે ચુસત હતો, અને તેણે જે કીઅનાં હાતમાંથી પાદશાહી છીનાવી લીધી હતી, તે વીશે કેહેવું લખેછે કે જુલમથી નહી પણ ખોદાનાં હોકમથી લીધી હતી, તે પોતે વગાર હરકત રાજ ચલાવા લાગો, તેથી કરીને તેને લોકોની ચાલચલણમાં ઘણીએક સુધરાઇ કીધી, અને સારાં લાએગાથી તેણે અનાજનો એક મોહોટો જથો સંઘરી મુકીઓ હતો, અને તેની ખોટુંએકે વરસાદની તંગીને લીધે એક મોહોટો દુકાલ પડીઓ, તેઆરે તે પોતાનાં લોકોને અનાજ વેહેંચી આપવા લાગો, અને ખોદા પાસે બંદગી કરીને એ આપત પોતાની તકસીરથી આઇછે કેહેવી વીનંતી કીધી; તેથી કરીને પુશકલ વરસાદ પડીઓ, અને દુકાલની દેહેશત મટી ગોઇ. તેઆરથી ચીનાઇ શાહંશાહો પોતાનું પાપ જાહેર કરીને, જમીન તથા વાદલાં અને નદીઓની મુરતીઓથી પોતાની ઇછા ફલદરૂપ કરવાની આરજુ રાખેછે *

ચીગતાંગાની પછી તાઇકીઆ શાહંશાહ આએઓ, પણ તેને પોતાની ખરાબ ચાલને લીધે કેટલુંએક સુધી તખત છોડવું પડીઉં હતું. કાંકે તેને પોતાની ચાલ શુધારવાને કુકીઇઇન નાંમનાં મોહોટા પરધાને બંદીખાનામાં કેદ કીધો હતો, એ સીખંશા ઘણી અજાએબ જેવી થાઇ, પણ જે કારણ સર કેહેવું કરવું પડીઉં હતું તે ખબર આઇઉં, તોપણ ઇઇન પોતે ચોકસ કરીને શાહંશાહનાં જેવો ગણાતો હતો, અને પાદશાહ પોતે જોકે ઘણો ઘરડો થાએલો હતો, તોબી તેની મરજીથી વધારે ચાલી સકતોતો નહી *

તે પછેનાં શાહંશાહોઓની સતા તાબેદાર પાદશાહો હુ

પર ઓછી થાતી ગેઈ, અને તવારીખમાં માતર તેઓનાં નામાંજ જોઆમાં આવેછે. તાઈત્ઝુ, જેણે ઈસવી સનેની અ ગાઊ ૧૬૩૭ નાં વરશમાં રાજ કીધુંછે, તે પોતાની લશ્કર સાઈ તથા પોતાનાં પરજાનાં લોકો ઊપર માઆ કીધા ઊ પરથી તથા માનદરીનો ઊપર ઘણી ચોકસાઈ લીધા ઊપર થી વખનાએલોછે. તેની પછીનાં શાહંશાહો વીશે કેહેછે કે તેઓએ નાલાએકી ભરેલી રીતે રાજ કીધુંછે; અને તે વખ તમાં માનદરીનોનો જૂલમ લોકો ઊપર ઘણો ચાલતો હતો, અને તેથી ફરીને તેઓ સંઘલા માઠી હાલતમાં આવી પ ડીઆં હતાં.

શુમારે બશેં વરશ શુધી આઠ પાદશાહોનાં અમલમાં એ રાજ હેવી હાલતમાં પડેલું હતું, તેઆર પછી અંતે પવાંગ કાંગે મોહોટી મેહેનત લઈને એ જૂલમાત ભરેલી હુકુમત ને ઈસવી સનેની અગાઊ ૧૪૦૦ નાં વરશમાં બેસાડી મુકી. તે પોતાનું પાએતખત હોનાનમાંનાં ઈન પરગણાં માં લઈ ગીઓ, અને તે પછીનાં શાહંશાઓનો લકબ ઈન ઓલાદનો કેહેવાવા લાગો. તેણે જે સારાં કાંમો કીધાં હતાં, તે સંઘલાં તેની પછીનાં શાહંશાહોએ ખરાબ કરી નાંખી આં. અને શાહંશાહની સતા દીનપરદીન હલકી થવા લા ગી, તેથી ફરીને ચાઊની ઓલાદનાં દાનાવં પાદશાહોની તરફ લોકો જાઝ એકઠાં થવા લાગાં.

વૂતીગ શાહંશાહનાં રાજમાં ઈસવી સનેની અગાઊ ૧૩૨૪ નાં વરશમાં મુલકની આબાદાનીનું કાંઈએક અજં વાલું પાછું થાઈઊં હતું. તેણે પોતાનો પરધાન સપનાંમાં જો એઓ હતો, અને ઘણીએક ખોલ કીધા પછે એક ઘોનકો

ડો પરધાન ઠરીઓ, કે જે ઈકે મોહોટા મગજવાલો ધણી હતો, અને જેની હુકૂમતથી વૂતીગાનાં રાજને મોહોટું માન મલીઊંછે. એ શાહંશાહનાં વખણાએલા રાજમાં દખણ તરફનાં સંસથાનો જે હમણાં એ રાજ શાથે જોડાએલાછે, તાંહાંનાં જંગાલી લોકો આવીને ચોઠ આપવા લાગા, તથા શાહંશાહને તાબે થાઈ રેહેઆ ❀

કાંગતશૂ, કીઆતશૂ, લીનસીન, કાંગતીગ, અને વૂઇહી, એ શાહંશાહોનાં જૂલમાત ભરેલા અમલમાં મુલક પાછો ખરાબી ભરેલી હાલતમાં જલદીથી આવતો ગીઓ. અને તેથી કરીને શાહંશાહની પરજાનાં ઘણાંઈક લોકો નાઊમેદ થાઈને પડોસનાં ટાપૂઓમો જોઈ આસરો લીધો; અને કેહેવું ધારેછે કે તેઓથી જાંપાનમાં પેહેલ વેહેલી ચીનાંઈ લોકોની વસતી થાઈ ❀

વૂંઇહી વીશે કેહેછે કે તેનાં જેવો કોઈ ખરાબ શાહંશાહ થાઓ નથી. તેણે મનુશનાં આકારની મટોડાની મુરતીઓ બંનાવીને, તેઓને દેવતાઓ કરી કેહેવા લાગો, અને તેઓ સાથે જૂગાર.રમીને, તેમાં તેઓને હરાવીને ધીકારથી દુર કરીમુકી; પછે પોતાની મુરખાંઈ પૂરી કરવાને વાસ્તે ચામડાનાં કોથલાઓમાં લોહી ભરીને, તેઓને હવામાં ઊંચે લટકાવીઆ, અને તેમાં પોતાનાં તીરો મારીને કેહેવા લાગો કે "મે આકાશ ઊપરનાં દેવતાઓને મારી નાંખીઆ." તેઆર પછી તે બાહેર શેકાર રમવાને ગીઓ હતો, તાંહાં એકાએક તોફાન થઈ આવીને, વીજલીનાં જપાટાથી મરણ પામીઓ ❀

તે પછીનાં શાહંશાહોએ ચાઊની ઓલાદનાં રાજાઓને

વજીરો કીધા. અને હવેથી ઇમ ઓલાદનાં શાહંશાહોની
ખરાબી પૂરી થાઇ. ચાંઉસીન જે એ ઓલાદનો છેહેલો
શાહંશાહ થાએઓ, અને જેણે ઇસવી સનેની અગા-
ઉ ૧૧૩૪ નાં વરશમાં રાજ કીધુંછે, તેનાં વીશે તવારીખ લ
ખનારાઓ હેવું લખી ગીઆછે, કે તે બુરાઇનાં કાંમોમાં
કીઇ શાહંશાહનાં કરતાંતેબી જીઆદે હતો. અને તે તાન
કી નાંમે એક દુશટ પણ ખૂબશુરત ઓરતનાં કેહેઆથી ઘ
ણુંજ માઠાં અને નંહી દેખી સકાએ હેવા કરમો કરતો હતો.
"તેઓએ ખુવારી ભરેલી મોજમાં પડેલાં લોકોને એકઠાં
કરીને, તેઓને શાકું શરાબનો સરોવર ભરીને, તેની આ
સેપાસેનાં જાડો ઉપર ખોરાક લટકાવીઓ; અને તેવાં જ
મનમાં મરદ ઓરતો નાંગાં થાઇને, આખી રાત છાકટપ
ણામાં તથા ઇશકબાજીમાં પડી રેહેઆં." એ પરમાંણે દુ
ખ ઉપજીઆ જોગ અપમાન ભરેલા બુરા કામો ચાલતાં હ
તાં, કે જેથી મનુશ જાતનાં મોહોડાં ઉપર શરમનો પરદો
પડીઆ વગર રેહે નંહી *

વૂવાંગ જેથી એ જુલમગાર શીકસતે થાએઓ, તેણે એ
ક ખૂબશુરત ઓરત ચાઉસીનને ભેટ કરીને, પોતાનો બા
પ જે પરધાન હતો, તેને બંદીખાનામાંથી છોડવીઓ. અને
પરચમમાં તેણે જે અમીરોએ શાહંશાહ ઉપર વેર લેવાને બ
લવો ઉઠાવીઓ હતો તેને નરમ પાડીઓ; પણ શાહંશાહ
ની માઠી ચાલ છોડાવવાની સઘલી ઉમેદ બરબાદ ગી
આથી, તે પોતે બલવાખોરોનો સરદાર થાએઓ, અને શાહં
શાહનાં લસકરને તદન મારી હટાવીઉં. તેથી ચાઉસીને
જોઇઉં કે જે લોકો સાથે મેં કરૂરાઇ કીધીછે, તેનાંઓથી હ

વે મને કંઈ મેહેરબાંની મળનાર નથી. અને પોતાનો ખજાંનો જે જુલમાત ભરેલી રીતે એકઠો કીધો હતો, તે શતરૂઓનાં હાતમાં નહી આવવાને શારૂં પોતેબી તેની સાથે મેહેલમાં બલી મુઓ. એ પરમાંણે શાંગાની ઓલાદ આખેર થાઇ ❁

ચાઊની ઓલાદનાં શાહંશાહો વીશે॰

ઇસવી સનેની અગાઊ ૧૧૨૨ થીતે ૨૪૯ નાં વરશ સુધીની હકીકત॰

શાંગાની ઓલાદની આખેરીમાં ઘણાંજ ફતુરાઇ અને લાજ ભરેલાં કાંમો ચાલતા હતાં, તોપણ તે વખતે માતર થોડાએક કાબેલ અને નેક સખશો થાઇ ગીઆછે, અને તેઓમાં ચાઊની ઓલાદનાં લોકો મુખીઅ ગણાએછે. વાનવાંગ જેનો જનમ ઇસવી સનેની અગાઊ શુમારે ૧૨૩૧નાં વરશમાં થાએઓ હતો, અને જે તાઇતીંગ શાહંશાહનો મુખીઅ પરધાન હતો, તેનાં વીશે કેહેછે કે તે ઘણો કાબેલ અને ઇમાનદાર હતો. અને જેઆરે તે બંદીખાનામાં પડીઓ હતો, તેઆરે તેણે ઇહકીંગનો નામીચો ગરંથ બનાવીઓછે. તેનો છોકરો વૂવાંગ જે નવો શાહંશાહ થાએઓ, તેણે જલદીથી શાંગાની ઓલાદની વખતની સંઘલી

ખરાબ ચાલોને બેસાડી મુંકી. તે કનપ્રીફૂશીઅસનાં કે
હેઆ પરમાંણે વગર એબનો હતો, અને તેની સંધલી
ઇછા પોતાનાં લોકોને શૂખી કરવાની હતી. એ વખતમાં
ચીનનો મુલક ઘણાંએક નાહાનાં રાજોમો વેહેંચાએલો હતો;
તે છતાંબી વુવાંગો અસલનાં કુટંબનાં સાએકી ભરેલા લો
કો જેઓ પોતાનો તાલુકો ખોઇ બેઠા હતા, તેઓને તે
પાછો આપીઓ. અને તેણે ચાવૂસીનનાં છોકરાને એક મુ
લકનો હાકેમ કીધો, પણ એ જુલમગારનો કાકો કીતજી
કોરીઆમાં નાહાશી જાઇને, તેણે તાંહાં પોતાનું રાજ ઉઠી
ઉભું કીધું. વુવાંગાની પછી તેનો છોકરો ચીંગાવાંગ શાહેશા
હ થાએઓ. તેનાં રાજનાં પેહેલા વરશમાં તેનો એક કાકો
તેને સંધલી પાંતીએ સારી સલાહ આપીને તેની મદદ ક
રતો હતો; પણ તેનો બીજો કાકો અદેખાઇથી ચાવૂસીનં
નાં છોકરા સાથે મલીને, એક મોહોટો બલવો ઉઠી ઉભો
કીધો. અને જોકે તે બલવો જુવાંન પાદશાહે પોતાની સા
રી કોશેસથી બેસાડી મુકીઓ, તોપણ તેને તે ગુનેહગા
રોને દુરનાં સંસથાંનમાં મોકલાવા પડીઆ, અને તાંહાં તે
ઓએ લોઇઆંગાનું શેહેર બાંધીવું, અને તેઆર પછી તેઓ
નવી ઓલાદની વફાદાર પરજાં થાઇ રેહી. તેનાં રાજની આ
ખેરીમાં તેની કીરતી હેવીતો પરસીધ થાઇ હતી, કે કેટલાઈક
દખણ તરફનાં જંગલી લોકો તુંનકીન અથવાં ઇફૂનનાનથી
તેનાં રાજની શુલેહ અને સમાધાનીની ખૂશ ખબરીમાં સ
લામી મોકલવા લાગા. અને તેનાં વખતમાં આપ લેનો વેહે
વાર ચલાવાને સવલ પડીઆ શાકે પેહેલ વેહેલો સીકો પા
ડીઓ *

તેનો છોકરો કાંગવાંગ શાહંશાહ ઘણો ભલો હતો, પણ કાંઇ ફેહેઆજેગ કામો તેને કીધાં નથી. ચાઓવાંગનાં અમલમાં ઇસવી સનેની અગાઊ ૧૦૫૨ નાં વરશમાં ઘણાં એક બલવાઓ અને માંહોમાંહેની લડાઇથી રાજ સંઘલું પાએમાલ મલી ગીઊં હતું; અને શાહંશાહ પોતે મોટા શોકથી શેકારબાજીમાં મશગૂલ રેહેલો હતો. તે એક પૂલ ઊપરથી જતો હતો એટલામાં તે પૂલ તુટી પડીઆને લીધે પાંણીમાં ડુબી મુવો, અને તેનાં મુવાથી લોકો સંઘલાં ખૂશી થાઆં. તેની પછી જે શાહંશાહ થાઓ તેબી તેનાં જેવીજ ચાલનો હતો, અને સવારીનો ઘણો શોક રાખતો હતો, તાતાર લોકો પશ્ચમ તરફનાં સંસથાનો ઊપર ચહડી આવતા હતા, તેથી તેઓલોકોનાં રાંનોમાં તેઓને શેકશત કરવાને તે ગીઓ હતો, પણ તાહાંજ તે ફતેહ પાંમીઆ વગરે મરણ પાંમીઓ *

ઇસવી સનેની અગાઊ ૮૬૪ થીતે ૮૭૮ નાં વરશ શુધી મો કેટલાએક શાહંશાહોએ પાદશાહી કીધી, પણ તેઓનાં રાજો માતર તેઓની મૂરખાઇ ઊપરથી ફેહેઆજેગ છે*

લીવાંગ શાહંશાહ ઘણો લોભીઓ હતો, તેથી કરીને તે પોતાની પરજાનાં લોકો પાસેથી તેનીથી જેમ બની શકતું હતું, તે મરમાંણે જુલમથી પઇશા લેવાનો કસદ કરતો હતો. અને તેનો એક દુશટ પરધાણ તેનાં હેવાં કામને મદદ કરી આપતો હતો; તેથી કરીને મેહેલ સંઘલો ખજાનાંથી ભરપૂર થાએઓ હતો; પણ લોકો સંઘલાં તેનાં હેવા જુલમાતથી બેજાર થાઇ ગીઆં હતાં, અને તેઓની દાદ ફરીઆદ કસી લાગતીતી નહી. તોપણ તેઓ ઊપરનાં

હેવાં દુખથી અંતે એક મોહોટો બલવો ઉઠી ઉભો થાએ
ઓ; તેથી ફરીને શાહેંશાહને નાહાસી જવું પડીઉં, અને તે
દેશ નીકાલ થાઇને મરણ પાંમીઓ ❀

સીઉએનવાંગ શાહેંશાહનાં રાજમાં ઇસવી સનેની અ
ગાઉ ૮૨૭ નાં વરશમાં તાતાર લોકોએ પેહેલ વેહેલી શી
કસત ખાધી, અને તેણે તેઓનાં પોતાનાં રાંનોમાં જાઇને
તેઓને જેર કીધા, તો પણ તેઓ પાછો હુમલો કરી આ
એઆ, અને તેઓની સાંબે લડાઇ કરવાને શાહેંશાહ નવું
લશકર લઇ જતો હતો, પણ તેઓથી શાહંશાહે શીકસત
ખાધી, તેનાં ગામથી અંતે તે મરણ પાંમીઓ ❀

એ વખત ઉપર લૂ, તસી, ચીન, તશૂ, તસાઓ, તસી
ન, ઇએન, શૂંગ, અને બીજાં તાબુકેનાં મુલકોનાં રાજાઓ
પોતાની તાબેદારી છોડી દઇને માતર પોત પોતામાંજ બલ
વો પ્રીસાદ કરતા હતા, ઈટલુંજ નંહી પણ શાહેંશાહની સાંબે
બી લડાઇ કરવાને ઉઠી ઉભા થાઈઆ હતા. તેઆરથી બલ
વો પ્રીસાદ નરમ પડીઓજ નંહી, અને આખા સંસથાનોને તા
તાર લોકો અથવા બીજા હાકેમો ખરાબ કરી નાંખવા લા
ગા; અને હેવા હંગામમાં શાહંશાહનો અખતીઆર અને
અમલ ઘણો કોતાહ થાતો ગીઓ, અને તાતાર લોકો વારેવાર
પોતાનાં હુમલામાં ફતેહ પામીઆથી તથા તેઓને એ રા
જનાં માહો માંહેના કજીઆથી વધારે હીમત આવતી ગેઇ,
તેથી ફરીને તેઓ ચીલઝડપ હુમલો કરી જતા હતા, તે
છોડી દઇને લૂટફાટ કરવાને શારૂ ચીનાં લોકોની સાંબે
બરાબર લડાઇ ચલાવા લાગા ❀

સીગાંવાંગ શાહેંશાહનાં વખતથી ઇસવી સનેની અગા

ઊ ૭૭૦ નાં વરશથી ચીનાંઈ તવારીખ વધારે ચોકસાઈ ભરેલી થાતી ચાલીછે. તેની પાદશાહીનાં વખતમાં ૨૧ હાકેમો પોતપોતાને તાલુકેનાં મુલકનાં આપઅખતીઆર રાજા થાઈ બેઠા ; તેથી કરીને ચીનનાં મુલકમાંથી શુલેહનો સમે હમેશાં ઊઠી ગીઓ હોએ એવું દીસતું હતું ❀

લીંગવાંગ શાહંશાહનાં રાજમાં ચીનનો ઘણોજ મોહોટો ફીલસુફ નાંમે કુંગફુતજી જેને ઈઊરોપીઆંન લોકો કનફીઊશીઅસ કરીને કેહેછે, તેનો જનમ ઈસવી સનની અગાઊ ૫૫૧ નાં વરશમાં થાએઓ. તેનાં અહવાલ વીશે હમો બીજી જગોએ બોલીશું ❀

કનફીઊશીઅસની હઈઆતીમાં પાદશાહો એક બીજાને તારાજ કરવાને ખુશીથી કોશેશ કરતા હતા ; અને તેનાં મરણ પાંમીઆ પછે રાજ સંઘલું અંધેર હાલતમાં આવી પડીઊં હતું. કાંકે શાહંશાહોની સતા ખાલી નાંમનીજ રેહેલી હતી, અને તાલુકેનાં રાજાઓ એક બીજા સાથે લડાઈ કરીને પોતાના મુલકોમાં વધારો કરવાનો કશદ કરતા હતા ; તેથી કરીને લોકો ખેતીવાડીનું કાંમ પડતું મેલીને લડાઈ ફીશાદમાં શામેલ થવા લાગાં. અથવા ભુખમરાથી રસતાઓ ઊપર તથા ખાઈઓમાં સુવેલાં પડતાં હતાં ❀

એ માઠા વખતનો અહેવાલ મંગતજી નાંમે કનફીઊસીઅસનાં એક ઘણાં મોહોટા શાગેરદે સારીપખે જાહેર કીધેલોછે. તેનો જનમ લીવાંગ શાહંશાહનાં રાજમાં ઈસવી સનની અગાઊ ૩૭૫ નાં વરશમાં થાઓછે. તેણે મુલકે મુલક ફરીને પાદશાહોને શુલેહ ભરેલી રીતે ચલાવાની તથા

લોકોને સમાધાની ઉપર લાવવાની ઘણી કોશેશ કીધી ; પણ તે પોતાનાં ફાએદા ભરેલા ફરાદમાં ફલદરૂપ થાઈ સ કીઓ નહી ❀

શાહંશાહો પોતાનો સંઘલો અમલ તથા પોતાનાં મુલક નો ઘણો ખરો ભાગ ખોઈ બેઠાથી, તેઓ પીતલનાં જે વા સનો ઉપર મોહોટા ઈઉએ ચીનનાં નવ પરગાણાઓનાં ન કશા કોતરાવેલા હતા, તેને સંભાલી રાખવા લાગા, કાંકે તેથી કરીને શાહંશાહી તખતનો દાવો શાબેત થાતો હતો. તે વાસણોને ચોરોથી બચાવી રાખવાને શારૂ હીઈનવાંગ શાહંશાહે એક તલાવમાં નખાવીઆં હતાં ❀

તસીનના મુલકનો અમલ કેટલાએક લડાએક રાજાઓ નાં હાત હેઠલ ચાલીઆથી, આસતે આસતે તેનું જોર બીજાં મુલકો ઉપર વધતું ગીઉં. નાંનવાંગ શાહંશાહનો અમલ જે માહાં ભાએગાથી ૪૧ વરશ શુધી રહો હતો, તે વખતે તસીનનાં રાજા ચાઔસીઆંગે શાંગાતી અથવા પર મેશવરનું હાવન કીધું, કે જે કરવાનો હક એખલો શાહંશા હનોજ હતો ; અને તેઆર પછી તેને શાહંશાહી મુલક પો તાને તાબે કરી લીધો, તેથી નાંનવાંગ શાહંશાહ તેને ચોઠ આપવા લાગો. ઈ શાહંશાહ પારકા મુલકમાં રહીને મરણ પા મીઓ, તેથી તેની વફાદાર પરજાએ ચાઉકીઉન જે તેનો એક કુરનો સગો હતો, તેને પોતાનો બદલો લેવાને શારૂ તેની જગાએ પસંદ કીધો. તોપણ તેઓની મતલબને આ સરો આપવાને તે ઘણો નબલો હતો ; અને તસીનનાં મુ લક સાથેની લડાઈમાં બીજા તાબેદાર રાજાઓએ તેને પોતાની મદદ કીધી નહી. અને તેનો શાહંશાહી મરતબો

રાખવાનાં સઘળા બીજા ફાયદો વેરથ ગીઆને લીધે, તેણે પોતાનો હક (ઈસવી સનેની અગાઉ ૨૪૮ નાં વરસમાં) પોતાની ખૂશીથી છોડી દઈને સુલેહ કીધી.

એ વખત ચીનાઈ તવારીખનો ઘણોજ અકાતનો સને છે; કાંકે ફંનપ્રીઊશીઅસ તથા માનશીઅસ, તે સાથે તેઓનાં શાગેરદોથી ઘણી સુધરાઈ થાઈછે, અને તેઓની નીતીની અસર સઘળા આવતા વખતનાં લોકોમાં પેવસ થાઈ લીછે. ઘણીએક દરબારોમાં વીદ્દીઆના વધારાને શારો આસરો મલતો હતો, પણ ઘણાંખરાં લોકો અનઘડ જેવાં રેહેલાં હતાં.

તસીન ઓલાદનાં શાહંશાહો વીશે.

ઈસવી સનેની અગાઉ ૨૪૯ થીતે ૨૦૫ નાં વરસ સુધીની હકીકત.

ચાઓસીઆંગ જે સીતમ તથા હટીલાઈ ભરેલા ખવાસનો ધણી હતો, તેણે જુલમથી ચાઊકીઊનનાં હાતમાંથી તખત છીનવી લીધું હતું, અને તેની ફતેહાઈને લીધે બીજા રાજાઓ ઘણા દબી ગીઆ હતા. તેની પછે તેનાં છોકરાનો છોકરો ચવાંગસીઆંગ વાંગ તખતે બેઠો; તેબી પોતાનાં વડાઓની ગારૂ

રી ભરેલી ચાલ પરમાંણે ચાલવા લાગો, તોપણ જેઆરે તેણે પોતાને હકદાર શાહંશાહ કરી કબૂલ કરાવાને ચાહીવું, તેઆરે પાંચ તાબેદાર રાજાઓએ તેની સાંમે લડાઇ કરીને તેને હરાવીઓ. તેનો કસદ વેરથ ગીઆને લીધે તે થોડુએક મરણ પાંમીઓ, અને પોતાનો વારસો જે ચીનનાં મુલકનો પાંચમો ભાગો હતો, તે (ઇસવી સનની અગાઊ ૨૪૬ નાં વરશમાં) પોતાની એક રાખેલી ઓરતને પેટનાં ૩૧ વરશની વએનાં છોકરાને આપી ગીઓ *

ચીગવાંગ જે ચવાંગાસીઆંગનો વારેસ થાએઓ, તે પોતાનાં નાહાનપણથીજ ઘણો સખત હઠઆનો અને કરૂર હતો. અને જેઆરે તેનાં હાતમાં પૂરો અમલ આએઓ, તેઆરે તેણે લીતજી નાંમે એક દગાલબાજ અમીરને પોતાનો વજીર ઠરાવીઓ. તેણે પોતાનો ખજાનો કાવતરાં અને જુલમથી ઘણો ભરપૂર કીધો, અને બીજા તાબેદાર રાજાઓને દગાલબાજીથી ફૂસફેરીને એક બીજાઓ સાથે લડાઇ કરાવા લાગો ; અને એ પરમાંણે જેઆરે તે રાજાઓ કમજોર થાઇ ગીઆ, તેઆરે તે સઘલાઓને એક પછી એક પોતાને તાબે કરી લીધા. જેઆરે તે પોતે સઘલી પાંતીથી પૂરો મુખતીઆર થાએઓ, તેઆરે મોહોટાઇથી પોતાને સઘલી દુનીઆનો શાહંશાહ સમજીને, વાંગ (એટલે રાજા) નો હલકો ખેતાબ કાહાડી નાંખીઓ, અને પોતાને તાચીહવાંગાતી (એટલે પેહલ વેહલો મોહોટો શાહંશાહ) કરી કેહેવા લાગો, અને પોતે ઇઆઓ તથા ખુનનો ભરાબરીઓ કરી પોતાને ગણવા લાગો *

તે પોતે નવી રાજનીતીનો ઊઠી ઊભો કરનાર કરી જાહેર થાવા સારૂં તથા સંઘલા લોકોને પોતાનાં મત-પરમાંણે ચલાવા સારૂં, તેણે સંઘલા સરકારી દફતરો તથા કનફીઊસીઅસનાં પીરકાનાં ગરંથોને બાલી નાંખીઆં, તે સાથે સંઘલા વીદીઆવાંનોનેભી ઘણો હલાક કરવા લાગો *

તેણે એખલી ચીનમાંજ જએ મેલવી એટલુંજ નહી, પણ દખણ તરફની ગનીઆતો ઊપર ફતેહ ભરેલી રીતે કુમલાઓ કીધા, તેથી કરીને ચીનાં લોકોની બાહાદૂરીની કીરતી ફિરીઆ ખંડમાં પરસીધ થાવા લાગી, તેની ફતેહ કાંહાંસુધી પોંહોંચી હતી, તે જાણવાને મુસકેલછે, તોપણ ફિરીઆ ખંડનાં ઘણાખરા લોકોને ચીનનો મુલક તેનાં વખતથી જાહેર થાએલોછે. તેણે તાતાર લોકોની ગનીઆતોને શીકસતે કરીને, તેઓનાં રાંનોમાં તેઓની પછવાડે લાગો હતો ; અને ફરીથી તેઓને ચહડી આવતાં અટકાવાને શારૂં તેણે નાંમીચી મોહોટી દેવાલ કે જેનો કેટલાઈક ભાગ અગાઊથી બાંધેલો હતો તેને પૂરી કીધી. જેઆરે તે લડાઈ ફીસાદથી પૂરો ધરાએઓ, તેઆરે તે પોતાનાં દાહાડા મોહોટી એશઅશરતમાં કાહાડવા લાગો, અને પોતાની દરબાર પોતાનાં સંઘલા વડાઓનાં ફરતાંને ઘણી રોનક ભરેલી કીધી હતી. તેણે જે લોકો ઊપર બેદાદી તથા જુલમાત કીધો હતો, તેથી તે પોતાનાં પાછલા દાહાડામાં પસતાવાથી ઘણો દુખી થાંઈને મરણ પોંમીઓ *

તેનો છોકરો ઊરહશી હવાંગતી જે કે બાહાદૂર બાપનો ડીચકારો છોકરો હતો, તે રાજનો સંઘલો કારભાર પોતાનાં ગોલાંમોનાં હાતમાં આપીને પોતે મેહેલમાં ભરાઈ બેસ

તો હતો. તેને બે વરશ જુલમે ગુજરીઆ પછી લીઊપાંગ નાંમે એક ચોરોનો સરદાર તશ્રૂનાં મુલકની ફોજ લઈને ર થોડી મુધીવાલા શાહંશાહ ઉપર ચહડી આએઓ. અને જે આરે શાહંશાહે સાંભલીઊં કે સંઘલું હાતથી ગઈઊં, તેઆરે તેણે પોતાનો જીવ બચાવાને શારૂં બલવાખોરોને સંઘલું પોતાનું રાજ આપી દેવાને કહીઊં, પણ તેઓએ તે કબુલ કીધું નહી, તેથી તે પોતાને હાતે ખંજર મારીને મરી ગીઓ.

હાન ઓલાદનાં શાહંશાહો વીશે.

ઈસવી સનેની અગાઊ ૨૦૭ થીતે ઈસવી સને ૨૬૩ નાં વરશ શ્રુધીની હકીકત.

લીઊપાંગ જે એક ચોર ઉપરથી હાંનની વખણાએલી ઓલાદને ઉઠી ઉભો કરનાર થાએઓ, તે તશ્રૂનાં મુલકનો રાજા જેને તેની મદદ કીધી હતી તેને પરતો મુકીને પોતે કાઓ તશ્રૂને નાંમે શાહશાહ થાએઓ. એ ઘણી પરથં મથીજ શુરો અને કસાઈલો સીપાહી હતો, તેથી કરીને તેણે પોતાનાં અમલદારો પોતાની સારી ચોકસાઈથી મુકરર કીધા હતા, અને તેઓ તથા પોતાનાં અગાઊનાં કસા

એવા સીપાહીઓથી તે રાજને પૂરતી રીતે પોતાનાં તાબામાં લાવ્યો હતો. તોપણ તે તાતાર લોકોમાં કાંઈ વધારે ફતેહમંદ થાએઓતો નહી, કાંકે તેનાં ઘણાંજ સરસ સરદારો તેને છોડીને ઘણીવાર શતરુની તરફ નીકલી જતા હતા. તે કનફીઉશીઅસનાં ફીરકાનાં લોકોને આસરો આપતો હતો અને જે દાનાવ લોકોને મારી કાહાડીઆ હતા, તેઓને પાછા બોલાવીને તેઓની મદદથી ધારાનું એક નવું ગરંથ બનાવીઉં *

તે પોતાનાં છોકરા અથવા વારેસને ઘણો નહાનો મુકીને, ઇસવી સનની અગાઉ ૧૮૪ નાં વરશમાં મરણ પાંમીઓ. તે છોકરાની માઈ જે એક કરૂર અને કાવતરાં ખોર ઓરત હતી, તે રાજ કારભાર ચલાવા લાગી ; અને જવાંન શાહજાદાને મોહોટી ખબરદારીથી રાજની બાબતમાંથી દુર કરીને, મોજ કરવાને મુકીઓ હતો, તેથી કરીને તે રાજ ચલાવા પાંમીઓ નહી. અને જેઆરે તે મરણ પાંમીઓ, તેઆરે તે ઓરતે પોતાનાં ખાસ નોકરોને ઘણાજ મોહોટા ઓહોદા આપીને, પોતે રાજ લઈ બેઠી, અને પોતાનું નાંમ લીહુ હીઉ રાખીને પાદશાહી કરવા લાગી. એ પરમાંણે તખતનો મુખતીઆર ધણી ઓરતને થાએલી જોઈને, લોકોને ઘણું અજબ અને નવાઈ જેવું લાગવા લાગું ; પણ તેની કરૂરાઈની દેહેશત હવીતો ફેલાએલી હતી, કે તેઓને તેનાં તાબા હેઠલ રેહેવું પડીઉં. તેની પછી ઇસવી સનની અગાઉ ૧૮૦ નાં વરશમાં વાંનતી નાંમે શાહંશાહ થાએઓ, તે ઘણો કાબેલ શખશ હતો, અને શબાહ સંપજતી રહીને લોકોની દાદ ફરીઆદ લેતો હતો, તેથી કરીને લોકો તેનાં હુકમાં

હુવા માંગતાં હતાં; તેણે પેહેલા વેહેલો પોતાનાં રાજને જુદો બકબ આપીઓ, તેઆરથી બીજી સઘલી ઓલાદનાં શાહંશાહો એ પરમાંણે ચાલતા આએઆછે ❀

તેની પછીનાં શાહંશાહો મોહોટા વીદીઆરથીઓ હતા, અને પોતાની આગલ ઘણાંએક વીદીઆવાનોને એકઠા કરી રાખીઆ હતા, એ વખતમાં એલમ હોનર માતર સારી પખે ફેલાઓ હતો એટલુંજ નહી, પણ ચાહુની ઓલાદનાં વખતનાં કરતાંને તેમાં ઘણો વધારો થાએઓ હતો ❀

વુતી શાહંશાહે ૫૪ વરશ શુધી રાજ કીધું, તે થાતકી તાતાર લોકો સાથે ચાલુ લડાઈ કરતો હતો, કે જેઓને સઘળાં ઉપાએઓ કરતાંબી તે પોતાનાં રાજમાંથી કાહાડી શકીઓ નહી, તેનાં હાત ઉપર એકવાર તેઓ શીકસત થાઆથી તેણે થોડુંએક વેર વીસામો લીધો, પણ એ ચીનનાં સખત શતરૂઓ પાછી પોતાની ફોજ એકઠી કરીને ફરીથી લૂટફાટ ચલાવા લાગા ❀

એ વખત ઉપર લાઓતજી અથવા લાઓ કીઉન કે જે કનફીઉશીઅસનાં વખતમાં એક ફીલશુફ થાઈ ગીઓછે, તેનો નહી સમજી સકાએ હેવો ભેદ ભરેલો મહજબ પેહેલ વેહેલો ચાલવા લાગો; પણ કનફીઉશીઅસનો ફીરકો તેની સચાઈને બાતેલ કરતો હતો, તેથી કરીને તેઓ પોતાનાં શતરૂઓની સાંખે થાઈને, તેઓને હલાક કરવા લાગા, જીમાતસીઈન નાંમે ચીનનાં મોહોટા તવારીખ લખનારથી વુતી શાહંશાહનાં રાજને જેબ મલેલીછે; તેની દરબારમાં બીજાં ઘણાંએક વીદીઆવાનોને માન તથા મરતબો મલીઓછે; તેઓની નશીહત૰ ઘણી ડાહાપણ ભરેલી હતી,

પણ તેઓનાં ઉપાઓ ચલાવામે ઘણાં મુશકેલ પડતા હતા.

સીઉનતી શાહંશાહ પોતાનાં વડાંવાનાં કરતાંબી વીદી આનો વધારો કરવાને ઘણો શોક રાખતો હતો ; અને તેણે તાતાર લોકોને પોતાને તાબે કીધા હતા, અને તેથી તે કાશપીઅન સમુદરનાં કાંઠાઓ શુધી પોતાનો અમલ ચલાવતો હતો. તેનાં અમલમાં દાઆઓ તથા શુનનો જમાનો પાછો આવવાની ઉમેદ હતી ; પણ હેવો શુલ સ પણે જોવાનાં કસદમાં સંથલા વીદીઆવાનો પડીઆથી ઉલટી મુલકમાં ખરાબી ચાલવા લાગી, અને એ કાએદા ભરેલી ઉમેદ સંથલી બરબાદ ગેઈ.

તેની પછે ગાઈતી શાહંશાહ થાઓ ફ કિ મોહોટા મગાજ વાલો ધણી હતો અને જુલમગાર માંદરીનોનો શતરુ હતો. હેનો વારેસ પીગાતી જે કિ નાંહાની વએનો છોકરો હતો, તેણે માતર નાંમનુંબી રાજ ચલાવીઉં નહી. અને વાંગમાગ નામે કિ લોભી અને કરૂર અમીરે પોતાની તરફ કેટલાએક લોકોને એક ઠા કરીને, તેની પછીનાં શાહંશાહનાં અમલમાં હાનની ઓલાદને રાજભરાટ કીધી. ઘણાંએક સરદારો તાબરતોબ પોતાની ફોજો એકઠી કરીને હાનની ઓલાદનાં હકને આસરો આપવા લાગા, તેથી કરીને એક ભએ ભરેલી લડાઈ ઉઠી ઉભી થાઈ, કે જેનું શેવટ વાંગમાંગનાં મરણ પામીઆંથી આઈઉં. પણ જો એ ફેતહ ભરેલા સરદારોમાંનાં એક સરદારને ઈસવી સને ૨૫ માં કવાંગવૂ એ નાંમ આપીને તખતે બેસાડતે નહીંતો, અને તેણે જો મજબૂતીથી રાજનો અમલ ચલાવીઓ નહીં હતે તો, એ મુલક હેવી લડાઈ ફીસાદ ભરેલી હાલતમાં પડી રેહેતે, તેણે રાજનાં સંવલાં

લાગીમાંનો બલવો બેસાડી મુકીને; અને તે ઉપરાંત તા
તાર લોકોને જેર કરીને, કોચીન, ચીનનાં મુલકની બે રાં
નીઓ જેઓ ચીનાંઈ અમલની તાબેદારી છોડી દેવા ચા
હતી હતી, તેઓની સાથે તે સખત લડાઈ ચલાવા લાગો.
તેઓના મુલકને આસતે આસતે ચીનાં લોકો ફતેહ કરતા
ગીઆ, અને જોકે તેઓએ ૯ લોકોનાં હાત હેઠલથી પોતા
નો છુટકારો કરવાને શાકે મોહોટા શુરાપણાથી લડાઈ કી
ધી, તોપણ તેઓએ શેકસત ખાધી, અને ચીનાંઈ સરદાર
છેક કાંમબોદીઆ શુધી વધી ગીઓ.

વાંગમાંગો હાનની ઓલાદનાં હાતમાંથી તખત છીણવી લી
ધાને લીધે કવાંગવુ થીતે તેની પછીનાં શાહેંશાહોનો લક
બ તુંગહાન કરી કેહેવાએછે. કવાંગવુ પછી ઇસવી સને
૫૮ માં મીંગતી શાહેંશાહ થાએઓ. તેને સપણામાં એક
માક મરદ જે કનફીઉશીઅસનાં કહેઆ પરમાંણે પશચમમાં
નીકલશે, તેની ખોલ કરવાની બશારત થાઈ, તેથી કરીને
તેણે તાબરતોબ ૯લચીઓને મોહોટી ધામધુમસાથે હીંદોસ
તાંન મોકલીઆ, કે જાહાથી તેઓ પોતાની સાથે ૯ક બુધનાં
ધરમનાં ઉપાધીઆને લઈને પાછા પોતાને મુલક આએ
આ. તેઆરથી બુધનો ધરમ પાદશાહનાં ભાઈનાં આસરાને
લીધે રાજ દરબારી તથા તાઓ એ ધરમો કરતાંબી વ
ધારે લોકોમાં ફેલાવા લાગો, તો જોકે જે લોકોથી એ ધરમ
ઉપજીઓછે, તેઓને ચીનાં લોકો પોતાની ચાલુ રીત પર
માંણે જંગાલી કરી ગણેછે.

તેની પછે (સને ૭૬ માં) ચાંગતી શાહેંશાહ થાએઓ.
તેણે તાતાર લોકોને ભારે શીકશત દઈને, તેઓને તેઓનાં

રાંનોમાં મારી ફાહાડીઆ હતા. તેનાં વખતમાં વીદીઆનો ફેલાવ સારો થાએઓ હતો, અને પાનકૂ નામે એક વખણાંએલી ઓરતની ફાબેલીઅતથી લોકોમાં મોહોટી અચરતી પેદા થાઇ હતી. તેનાં મરણ પામીઆં પછે રાજની હુકૂમત બચાં, છોકરાં, ઓરતો, અને મેહેલમાંનાં ખોજાઓનાં હાત હેઠલ ચાલવા લાગી, તેથી ફરીને દુખ, ખરાબી, લડાઇ, અને બલવો ફીસાદ, એ સંઘલું બેહદ ચાંલતું હતું, અને હાનની ઓલાદનું સેવટ ઊતાવલે આવતું ગીઊં. તોપણ શાહંશાહો પોતાનો અમલ પોતાની મોહોટી ફોજોથી સંભાલી રાખતા હતા. પણ જેઆરે તેઓનાં સરદારો તેઓનાં શતરૂઓની સાંબે થાંવાને તેઓનો હોકમ બજાં લાવાને નાંપાડતા હતા, તેઆરે શાહંશાહી સતા મુતલક ચાલતી હતી નંહી. તેઓમાંનાં બાજે શહંશાહો મેહેલમાંનાં ગોલામોં જેવા થાઇ પડીઆં હતા, અને બીજાંઓ ઘણાંજ જબરદસત સરદારોને છેડીઆથી પાએમાલ મલી ગીઆ. તે ઊપરથી હીઇનતીએ શાહંશાહની મોહોર સને ૨૨૦ માં તસાઓપીને સવાધીન કીધી, કે જે તે વખતનો એક ઘણોજ નાંમીચો સરદાર જેણે વૈનો મુલક વસાવીઓં હતો, તેનો છોકરો હતો *

હાનની ઓલાદનો ચાઓલી નાંમે એક બીજો ઘણી પોતાને તાબરતોબ શાહંશાહ ફરી જાહેર ફરવા લાગો, અને ફરમાંણ થાઇઓથી શાહંશાહી ઓલાદ હાઊ હાન ફેલફબથી ચાલવા લાગી, કે જે સને ૨૨૧ થીતે ૨૩૬ નાં વરશ સુધી ચાલૂ રહી. વલી એક તરીજો સખશ તખતનો દાવો ફરવાને ઊઠી ઊભો થાએઓ, કે જે વૂનાં મુલકનો રાજા હતો, અને જેનો અમલ ચીનની દખણ તરફનાં મુલકો ઊપર ચાલ

તો હતો. એ પરમાંણે તરણ પાદશાહો સુખીએ હુકૂમત પોતાનાં હાંતમાં લેવાને લડતા હતા, તેથી ફરીને એ વખતને સાંન કવૂ એટલે તરણ સલતનત કરીને કેહેછે ✻

ઈ તરંણ્ડેહાકેમોનાં સરદારોઈ ઈક બીજા સાથેની લડાઇમાં ઘણાંએક બાહાદુરી ભરેલાં કાંમો કીધાંછે. તોપણ મુલકની અવસથા ઘણી ભએ ભરેલી રીતે ચાલતી હતી, કાંકે લોકો હથીઆરબંદ થાઇને એક બીજાને મારવાનો કસદ કરતા હતા. ઈ આઠાં વખતનો અહેવાલ સાનકવોચી ઈ નાંમનાં તવારીખની વારતાનાં પૂસતકમાં ઘણે સારીપઠે ચોકસ લખેલોછે. હાઊતી જે ખરો શાહેંશાહ હતો, તેણે ફતેહ પામવાથી નીરાસ થાઇને, પોતાનું તખત પોતાનાં છોકરાની ખૂશી નહી હતી, તોબી વેનાં પાદશાહને આપીદીધું; તેથી ફરીને તે છોકરાએ પોતાને તથા પોતાનાં સંઘલા કુટંબને સને ૨૬૩ માં કતલ કરી નાખીહૂં. અને તેઆરથી હાનની ઓલાદ આખેર થાઇ રહી ✻

એ હાનની ઓલાદ ચીનાંઇ તવારીખમાં ઘણીજ વખણાએલીછે, કાંકે એ વખતમાં ચીનનાં ઘણાંએક બાહાદુરસીપાહો અને કાબેલ વીદીઆરથીઓ વગેરે બીજા મોહોટા દાનાવો થાઇ ગીઆછે; અને ચીનાં લોકોનો અમલ તથા દબદબો ઘણો વધતી પડીઓ હતો, અને ચીનાંઇ શુધરાઇનો ફેલાવ છેક હીંદોસતાનનાંસ મુદરમાંનાં ટીપૂઓમાંબી ચાલીઓ હતો, હેવી એ ઓલાદની મોહોટાઇ ઊપરથી ચીનાં લોકો હમણાનાં વખતમાંબી પોતાને હાનતજી અથવા હાંનજીનં, એટલે "હાનનાં છોકરાં અથવા લોકો" કરી કેહેવાને ઘણાં ખૂશી થાએછે ✻.

તસીન ઓલાદનાં શાહંશાહો વીશે.

ઇસવી સને ૨૬૪ થીતે ૪૨૦ નાં વરસ શુધીની હકીકત.

એ શાહંશાહોની ઓલાદને ઉઠી ઉઠ્લો કરનાર સજીમાઇએન એ નાંમે એક રાજા હતો, કે જે તસીનનાં મુલકનું રાજ કરતો હતો. ઇ ઘણી પેલા તરણ મુલકો જે ઇક બીજાં સાથે લડીને નબલા પડીગીઆ હતા, હેવો વખત જોઇને, તેઓ ઉપર એકેદમ ઉછલી પડીઓ, અને રીતે કીધાથી આખો ચીનનો મુલક તેની હીમત જોઇને હેરાંન રેહેવા લાગો; પણ કોઇની પાસે તેની સાંમે આઇ સકાએ હેવું લશકર હાજર નહી હતું, તેથી તેને જલદીથી શાહંશાહ કરી કબૂલ કરવો પડીઓ. તોપણ વૂના રાજાએ તેની ગારૂરી ભરેલી ચાલને જાંણીને ૫૦૦૦ ખબે કરનારી ઓરતો અને વેશીઆઓને તેની દરબાર રીઝાવાને શાહૂ મોકલાવી, કે તેથી કરીને એશઅશરતમાં પડીઆથી તેની નવી હુકૂમત નબલી પડી જાઇ.

એ કુટંબનાં હાતમાં ૧૫૬ વરશ શુધી પાદશાહી રેહી, અને પંદર શાહંશાહોએ રાજની હુકુમત કીધી; તોપણ તેઓ માંનો એકુબી ઘણી મોહોટું માણસ થાઇ ગીઓ નથી.

સજીમાઇએન જેનું શાહંશાહી નાંમ વૂતી હતું, તે એક સરકશ સવભાવ વાલા છોકરાને રાજ આપી ગીઓ, કે જે એક નીરદઆલુ ઓરત સાથે પરણેલો હતો. તે

ની પછે જે શાહંશાહ આવીઓ. તે ઘણાં સારા સવભાવ વાલો હતો, પણ હાન મુલકનાં જોરાવર રાજાએ તેની પાસેથી તખત છીનવી લેઈને તેને મારી નાખીઓ. એ જુલમગાર રાજાનું નાંમ લીઊતશુંગ કરીને હતું; અને હેનાં હાતમાં પાદશાહી ગીઆથી આખું રાજ મોહોટા ગભરાટમાં પડીઊં હતું. મીગાતી નાંમે ઉવઈતી શાહંશાહનો ભાઈ પોતાનું વેર લેવાનો કસદ કરેછે, હેવું સાબેત થાઆ વગરે, એ જુલમગારે તેને મોહોટા અપમાંનથી કેદ કરીને, પછે મારી નાંખીઓ.

તસીનનાં કુટંબનો એક કુરનો સગો નાંમે સનીમાજુઈ જે એક મોહોટો સરદાર હતો, તેને ઈઊએનતી એ નાંમ આપીને સંઘલા લોકોએ સને ૩૧૭ માં તખતે બેસાડીઓ, અને તેથી તુંગતસીન એટલે પૂરવ તરફનાં તસીન શાહજાદાઓની ઓલાદ શ્રૂરૂ થાઈ. હાનનો રાજા એ વખત ઊપર મરણ પાંમીઓ હતો, તેથી શાહંશાહે તેનાં છોકરા ઊપર તથા તેનાં પાએતખત સેહેર ઊપર પૂરતી રીતે વેર લીધું. તેનો હોકમ જે સરદારે બજાવીઓ હતો, તે તેણે જે દુશમેનને જેર કીધા તેનાં કરતાંબી વધારે કરૂર હતો, અને તેનાં આદમીઓમાંનો એક ઘણી ગોસતાખીથી પોતાને શાહંશાહ કરી જાહેર કરવા લાગો.

તેઆરથી લડાઈ ફીસાદ નરમ પડીઆજ નંહી; અને લોકો મોહોટી આફતમાં પડતા ગીઆ. અને તાતાર લોકો ચીનની બાબતમાં દાખેલ થવા લાગા એટલુંજ નંહી, પણ બાજે તાબેદાર રાજાઓની નીશાન હેઠલ રેહીને મુલકની લૂટફાટ કરવામાં શામેલ થતા ગીઆ. બાલકો તખત ઊપ

બેસવા લાગાં. અને તેઓમાંનાં ઘણાંખરાં જોકે પોતાની
ઉમરે પોહોંચતાં હતાં, તોબી તેઓને મેહેલોમાં છુપાવી રા
ખીઆથી તેઓ સંઘલી પાંતીએ અંનજાણાં રેહેતા હતા.
હેવી હલતમાં ગાનતી શાહંશાહ થાઓ. લીઉઇઉ નાંમે
તેનો સરદાર ગૌજીન તાતાર લોકો ઉપર એક મોહોટી ફ
તેહ પાંમીઓં હતો, કે જેઓની લૂટફાતથી આખું રાજ
મોહોટી હેરાનગતીમાં પડેલું હતું. પણ તે સરદારને તેને
લાંએકનું ઇનામ નહીં મલીઆને લીધે, તેણે શાહંશાહને ત
થા શાહંશાહનાં લગાલગા આખાં કુટંબને કતલ કરી નાં
ખીઉ, અને શાહંશાહનાં ભાઇને કુંગતી એ નાંમ આપીને
(૪૧૯ માં) તખતે બેસાડેઓ. અને પોતે શુંગનો રાજા થા
ઓ. તોપણ તે પોતાની હેવી બખશેશ કીધાથી જલદીથી પ
સતાવા લાગો, તેથી કરીને પાએતખત સેહેર ઉપર ચઢ
ડી આઓ, એટલાંમાં શાહંશાહ નીરાશ થાઇને પોતાનું
તખત છોડી દીધું. અને એ પરમાંણે તસીન ઓલાદનું સેવ
ટ આઇઉં.

શુંગ ઓલાદનાં શાહંશાહો વીશે.

સને ૪૨૦ થીતે ૪૭૯ નાં વરશ સુધીની હકીકત.

એ વખતમાં તાતાર લોકો ચીનની ઉતર અને પશચમ
દશામાંનાં આખા સંસથાનો હાત કરીને, પોત પોતાનાં રા
જો ઉઠી ઉભાં કરતા ગીઆ. તેથી ચીનાં લોકોને લડાઇ

કરવાની જરૂર પડતી હતી, અને લડાઇ એ મુલેહ ભરે લા ખેડુતોનો પેશો થાઇ પડીઓ, અને જો જુદા જુદા તાતાર લોકોનાં મુલકો જેઓમાં વૈનો મુલક ઘણોજ જોરાવર હતો, તેઓ એકઠાં મળીગીઆં હતેતો, ચીનનો મુલક જલદીથી જેર થાઇ જાતે ; તોપણ તેઓ એ બાબતથી પછાંત પડીને, એક બીજાનાં ઘણાંજ સખત સતરૂઓ થાઇ પડીઆ હતા, તેથી કરીને ઘણીવાર તેઓને પોતાનો નીભાવ કરવાને મુશકેલ જેવું થાઇ પડતું હતું.

લીઉઇઉ જેથી એ ટુંકી ઉમરની ઓલાદ શુરૂ થાઇછે, તે જોકે મોહોટી બુધીવાલો હતો, તોપણ લટખટ અને કરૂર હતો, તેણે કુંગાતી શાહંશાહને જેહેર દેઇને મારી નાંખીઓ, અને પછી તે વગાર અટકાવે રાજ ચલાવા લાગો.

તેનો છોકરો જે એક જુવાન અને કમજોર શાહજાદો હતો, તેને રાજનો અમલ ચલાવાને અસકતીવાન જોઇને તખત ઉપરથી ઉઠાડી મેલીઓ. વાનતી શાહંશાહનાં રાજમાં બુધના ધરમનું જોર સંઘલાં સંસથાનોમાં માલમ પડતું ગીઉં. અને તેનાં પૂજારાઓ ચેઆરસો વરશનાં અરસામાં એટલાતો વધી પડીઆ હતાં, કે તેઓથી રાજની સમાધાની વીશે ધાસતી પડવા લાગી. તેથી કરીને શાહંશાહ તેનો અટકાવ કરવા શારૂ તે ધરમનાં ઉપાધીઆઓને હલાક કરવા લાગો. પણ વૈનો રાજા એથીબી વધારે તેઓ ઉપર જુલમ કરતો હતો, અને તેણે ઘણાંએક બોનજોને ઘણીજ કરૂરાઇ ભરેલી રીતે મારી નખાવીઆ.

આએ વખત પરમાંણે વાંનતી શાહંશાહનું રાજ આબાદાંની ભરેલી હાલતમાં હતું. તેને તેનાં એક છોકરાએ મા

રી નાંખીઓ, કે જેનાં બાદ્એ તેઆરં પછે ફીઆઓ વૂતી એ નાંમથીં રાજ ચલાવીઉં. એ શાહજાદો પરથમમાં મોહોટી બાહાદુરીથી ચાલવા લાગો ; પણ અંતે ઇશકબાજીમાં મરણ પાંમીઓ. હેનો છોકરો જે ઘણીજ બૂરી ચાલનો હતો, તે આખા મેહેલમાંનાં બેતકસીર લોકોનું ખૂન રેડીઆ પછે ફેક ગોલાંમનાં હાત ઉપર માંરીઓ ગીઓ. તેની પછી જે શાહંશાહો આવીઆ તેઓબી તેની કદરાઇ ભરેલી ચાલ પરમાંણે ચલાવા લાગા, અને પોતાનાં સગાઓને મોહોટાં ઘાતકીપણાથી મારી નાખીઓ. પણ તેઓમાંથી એખલો મીગાતી શાહંશાહ પોતાનાં મોહોતે મરણ પાંમીઓછે. તસાંગા વૂલાંગા મેહેલમાંનાં ખોજાઓનાં હાત ઉપર મારીઓ ગીઓ. તેઆરથી સીઆએુતાઓઈંગ નાંમે એક નાંમીચો સરદાર જે બલવાખોરો સાથે શાંમેલ હતો, તે ઘણો જોરમંદ થાઇ પડીઓ. તેણે તેસીનનો મુલક હાંત કરી લીધો, તે આ (૪૭૭ માં) શ્રુંગની ઓલાદનાં એક છેલા શાહંશાહને તખત ઉપર બેસાડીને, ઉઠાડી મેલીઓ, અને અંતે રાજ પોતાને હાત કરી લીધું ※.

એ કુટંબનાં આઠ શાહંશાહો તખતે બેઠા, પણ તેઓમાંનાં બે સીવાએ બાકીનાં સંધલાઓથી તખતને અપમાન મલીઊંછે. તેઓમાં કાંઇ સારા ગુણ સવાએ તેઓ ઘણાજ હલકા મગાજવાલા ધણી હતા ※

તંગી ઓલાદનાં શાહંશાહો વીશે.

અને ૬૧૮ થીતે ૯૦૭ નાં વરસ શુધીની હકીકત.

જે વખતે ચીનનાં દખણ તરફનાં સંસથાનો બેદાદી ભરેલી હાલતમાં આવી પડેલાં હતાં, તે વખતે તેઓ ઉતર તરફનાં મુલકો કે જાંહાં વૈની ઓલાદનાં છેહેલા બાદશાહો એ ડાહાપણ ભરેલી રીતે મજબૂત હકૂમત બેસાડી હતી, તેઓની બરાબરી કરી સકતાંતા નહી. તાતાર લોકો જો કે કનફ્યૂશીઅસની નીતીથી અનજાણ હતા, તોપણ તેઓ ચાલૂ કામો કરીઆના ડાહાપણમાં ચીનાંઓથી ઘણા સરસ હતા. તેઓનું રાજ પીહ ચૌ, એટલે ઉતર તરફની સલતનત કરી કેહેવાતું હતું; તેઆરે ચીનાંઓનાં રાજનો સકબ નાનચૌ, એટલે દખણ તરફની સલતનત કરીને હતો. કેમોનાં માતરં બીજાં વીશે ચીનાઇ તવારીખ લખનારાઓ વીગતવારે લખવાંને ઘટતું જાણેછે, કાંકે જંગાલી લોકોનાં રાજની ખબર લેવાને તેઓ ઘણું હલકુ કરી લેખેછે. ઈ પરમાંણે ચીનનું રાજ તાંગ ઓલાદનાં શાહંશાહો શુધી. વેહેંચાએલું હતું, તેઆર પછી (૬૧૮ માં) તે એક ધણીનાં તાબામાં એકઠું થાઇઉછે.

સીઆઓ તાઓ ચીંગ જેને શાહંશાહી લકબ કાઓતી કરી મલીઓ હતો, તેણે મુલકને ખરાબ અવસથામાંથી કાહાડવાને ઘણી કોશેશ કીધીછે. તે પોતાની હુકુમત સારી મજબૂતીથી ચલાવતો હતો, અને રાજને સારી હાલતમાં મુકીને મરણ પાંમીઓ.

તેનો છોકરો વૂતી ઘણાખરા મોહોટા લોકોનાં બચાંઓ ની કાંની ઘણો કમજોર અને હટીલો હતો, તે બુધનો ધ રમ ઘણો પસંદ કરતો હતો; અને હેવા ધરમનાં ગુરૂ ને લાએકનો ચેલો હતો, એ વખત ઉપર ખોટા મતનાં વે હેમ ભરેલા વીચારો ઘણા ચાલતા હતા; કાંકે એક ચી નાંઇ ફીલશુફ ઇનસાનનું રૂહ નાસ પામનારછે હેવું જાહેર કરવા લાગો, અને તેનાં હેવા વીચારને લોકો ખરો કરી મા નવા લાગા, અને તે આજનાં દાહાડા શુધી ચાલૂછે; તે આરે બીજાઓ લાઓ કીહૂન અથવા હમેશ જીવતું રેહેવા નું અકસીર સોધી કાહડવાની તલાશમાં ફરતા હતા.

તેના છોકરાનાં છોકરાનાં હાતમાંથી સીઆઓલુન નાંમે એક કાવતરાખોરે પરધાંને તખત પોતાને તાબે કરી લઇ ને, મીનતી એ નાંમથી પોતે શાહંશાહ થાઓ, હેવો જુલ મ જોઇને ઉતર તરફનો શાંહશાહ કરોધમાં આવીને પોતા નું મોહોટું લશકર લઇ એ બાબતની સંભે થાઓ, અને એ કજીઆનું સેવટ એ તખત છીનાવી લેનાર ધણીનાં ત થા રાજના ખરા વારેસને આસરો આપનારનાં મરણ પાંમી આથી આઇહૂં, સીઆઓએન નાંમનાં એક નાંમીચા સર દારે હોતીને શાહંશાહ કરીને, તેને થોડુંએકમાં તેનાં વડા ઓની કાંની તખત ઉપરથી ઉઠાડી મેલીઓ, એ સરદારે લીઆંગનાં પાદશાહનો ખેતાબ લઇને એક બીજી ટુંકી ઉ મરની ઓલાદ શુરૂ કીધી.

લીઆંગ ઓલાદનાં શાહંશાહ વીશે.

સને ૫૦૨ થીતે ૫૫૭ નાં વરસ શુધીની હકીકત.

લીઆંગવૂતી જે નવો શાહંશાહ થાઓ તે મજબૂતીથી
લડાઇ ચલાવા લાગા. અને જોકે તે હેવા ખૂનરેજી ભરેલા જ
ગડામાં ગુતેલો હતો, તોપણ વીદીઆનો વધારો કરતો હતો,
તથા કાબેલ લોકોની કદરને પીછાનતો હતો, અને સંઘલા
કાંમોમાં તે પોતાનાં જમાનાંને જેબ આપતો હતો. તેનો
હરીપ વૈનાં મુલકની હીમંતવાંન રાંણી હતી. ઈ કાબેલ રાજ
કારભાર ચલાવનાર ઓરતને તે પૂરી જેર કરી સખીઓ
નહી, અને તેનાંથી તે આજેજ થાઆને લીધે તેણે પોતાનો લ
ડાઇ કરવાનો વીચાર છોડી દઇને પોતે બુધનો ઈક મોહોટો ધ
રમ પાલનાર થાઇ પડીઓ. તેઆરથી તે પોતાની બાકી
ની જીંદગી સપના જોવામો કાહાડવા લાગા, તે હેવી રીતે
કે લગાભગ દુશ્મેન આગલ આવી પોંહોચતો હતો, તોપ
ણ તે પોતાનાં ખૂઆબમાંથી ઊઠતોતો નહી. પછી અંતે તે
નાં એક સરદારે તેની ઊપર હુમલો કીધો, અને જોકે તે
ણે તેનો જીવ બંચાવીઓ, તોપણ પોઅતખતં શેહેરને લૂ
ટી લીધું ; પણ તે પોતાની હેવી કમબખતની જોઇને જ
લદીથી મરણ પાંમીઓ. તેનાં છોકરાંને પેલા સરદારે મા
રી નાંખીને, ઇબુઅનતી નાંમે લીઆંગ વૂતીનાં એક સ

ગાને હથીઆરનાં જોરે ફરી તખત ઉપર બેસાડીઓ, પણ તેથી કાંઇ ફાએદો થાઇ સખીઓ નહી. અને જે સરદારે શાહંશાહ તથા પરજા ઉપર જુલમ કરનારને જેર કીધા, તેજ પોતે તેનો જુલમગાર થાઇ પડીઓ. તેનું નાંમ શીનપાસીઇન હતું. તેણે જુલમથી ઇઊએનતી શાહંશાહને તખત ઉપરથી ઉઠાડી મેલીઓ, અને જેઆરે શાહંશાહનાં ભાઇ કીનતીએ શાહંશાહનાં ખૂન કરનારને ઇનામ આપીઊં, તેઆરે શીનપાસીઇન પોતે હેવું સમજવા લાગો કે હરેક અપરાધ કરવાનો મને હક મલેલોછે. તે પોતે ચીન મુલકનો રાજા થાઓ, તેથી કીનતીએ તેનાં માગીઆ વગર રાજ સંઘલું પોતાનાં એ જબરદસત સરદારને સને ૫૫૭ માં આપી દીધું.

૬ ટુંકી ઊમરની ઓલાદનાં શાહંશાહોનાં વખતમાં લશકરી લોકોનો જુલમ સંઘલે ઠેકાણે ચાલતો હતો, અને શાહંશાહ લશકરને માથે સરદારની મીશાલેહ થાઆ વગરે પોતાનો કાબુ ચલાવી શખતોતો નહી. ઊતર તરફ તોપા તાતારની ઓલાદનાં પાદશાહોએ પોતાનો અમલ શુમારે ૧૪૯ વરસ શુધી ચાલૂ રાખીઓ હતો. પણ તેઓ એ વખત ઉપર પોતાનો તુંદી ભરેલો ખવાસ ખોઇ બેસાને, ચીનાંઓ સાથે ભેલાઇ ગીઆ હતા ; તેથી ફરીને ઇઊઇએનકુ નાંમે એક ફીતૂર ખોરા પરધાને તેઓને સેહેજમાં તખત ઉપરથી ૫૫૬ નાં વરશમાં હાંકી કાહાડીઆ.

ચીન ઓલાદનાં શાહંશાહો વીશે. અને ૫૫૭ થીતે ૫૮૯ નાં વરસ શ્રુધીની હકીકત.

એ જુલમથી તખત ઉપર બેસનાર ધણીએ પોતાનું નાંમ ફાઓતશ્રૂ રાખીને માતર થોડાએક વરશ શુધી રાજ ભોગવીઉં. હેનો છોકરો વાંતી પોતાની પરજાને ઘણી ચાહતો હતો, અને ફોજ ઉપર ફતેહમંદીથી સરદારી ચલાવાને લાએક હતો, પણ તે પોતાની નાંહાની વએમાં મરણ પાંમીઓ. તેની પછીનાં શાહંશાહોનાં હાતમાં રાજનો અમલ માતર જુજવી ચાલતો હતો, અથવા તેઓ પોતાની જીંદગી ઓરતો અને ખોજાઓ સાથે બેસીને ગુજારવાને સારૂં મેહેલમાં ભરાઇ રેહેતા હતા. એ વખતમાં શ્રુઇનો મુલક ઘણો જોરાવર થાઇ પડીઓ હતો, અને તેનો અમલ ચલાવનાર જુઆંન ઝીઇન હોશીઆર અને મોહોટા વીચાર વાલો ધણી હતો. તેને ઉતર તરફના શાહંશાહે વધારીઓ હતો, અને તેણે કેટલુએક શ્રુધી તેની વજીરાઇ કીધી હતી. તે પોતે પોતાનાં મનથી નીસંચે થાએઓ કે માહારી રાજનીતી અથવા ફોજની સાંમે કોઇ બર આવી શખશે નહીં, તે ઉપરથી તેણે ઉતર અને દખણ તરફનાં રાજને પોતાના અમલ હેઠલ લાવવાનો ઠરાવ કીધો, હેમાં તેની મકશુદ પૂરતી રીત બર આવીઆથી તે ૫૮૯ નાં વરશામાં શ્રુઇ ઓલાદને ઉઠી ઉભો કરનાર થાએઓ. હવે એ ઉતર અને દખણ તરફનાં આગો૪૨૦મા વરશથી જુદા થાઇલા હતા, અને જોકે

એ બંધે વચેની હદ મોહોલી હઆંગતજીકીઆંગ નદી થાએલી હતી, તોપણ એક બીજાનાં તાલુકાને શાકે ચાલૂ કજીઆ ઉઠતા હતા ; તેથી કરીને એ બંધે રાજો એકઠાં મેલવીઆથી હઆંગ કીહન પોતાનાં મુલકને લાભું કરનાર કરી ગણવા લાગો.

શુજ ઓલાદનાં શાહંશાહો વીશે.

સને ૫૯૦ થીતે ૬૧૮ નાં વરસ શુધીની હકીકત.

હઆંગકીહન કાઓ તશૂને નામે તખત ઉપર બેઠો, અને તે આટલાં બધાં બરશની મુદતમાં જે બેદાદીથી ખરાબ થાહ ગીઉં હતું, તેને પાછું શુધારવાની કોશેશ કરવા લાગો. તે હનસાફ કરવામાં ઘણો સખત હતો, પણ હેવા ખરાબ વખતમાં સંઘલું સમાધાની ઉપર લાવવાને સાકે મોહોટી ફોજની જરૂર પડતી હતી. તાતાર લોકોનાં મોહોટાં મોહોટાં ટોલાંઓ પાછાં નાંકાંઓ પરનાં મુલકો ઉપર દીસવા લાગાં ; અને તેઓની સાંબે થાવાને શાહંશાહે પોતાને નબલો જોઆથી તેઓનાં સરદારોમાં વીરૂધ પાડી પોતે શુલેહ ભરેલી રીતે રાજ ચલાવા લાગો. તેણે કોરીઆનાં રાજને જેર કરી મુકીઓ, કાંકે તે રાજાએ ચોઠ આપવાને નાપાડી હતી. એ પરમાંણે તે સંઘલે ઠેકાણે સમાધાની કરીને ૬૦૪ નાં બરશમાં મરણ પાંમીઓ.

હઆંગતી શાહંશાહ ઈક વીદીઆવાન ઘણો હતો, અને તેને પોતાનો ઘણોખરો વખત ઓગલી ઓલાદનાં વખતમાં થા

એવાં પુસતકોને પાછાં જાહેર કરવામાં કાહાડીઓછે. તેણે પોતાનાં બાપને મરાવી નાંખીને, પોતાનો ભાઈ જે તખત નો ખરો વારેસ હતો તેને પણ મારી નાંખીઓ. હેવો ગુનાહ વીસરી જવાને વાસતે તેણે થડુંએક શુધી ઔરતો અને દરબારનાં ખરાબ લોકો સાથે બેસીને પોતાનો વખત મોજ માં ગુજારીઓ; પણ તે એ રીતે ચાલુ એશ અશરત લોગા વીઆથી કંટાલી ગીઆને લીધે, તેણે મુલકમાં નાલાંઓ અને રસતાઓ બાંધીને શુધરાઈ કરવા માંડી. તેની થોડુંએક પછે તે કોરીઆનાં લોકોની સાથેની લડાઈમાં ગુતીગીઓ, પણ તેને દુર પડીઆંથી કેટલાંએક સંસથાનોમાં બલવો ઉઠી ઉભો થાઓ, અને તે પોતેબી જલદીથી મારીઓ ગીઓ.

લીઈઊન જે એક નાંમીઓ સરદાર અને મોહોટો રાજ કારભાર ચલાવનાર હતો, તેણે કુંગાતી તુંગને તખતે બેસાડીઓ; પણ તેની થોડુંએક પછે તે હેવું કીધાથી પસતાવા લાગો, અને રાજનો અમલ ચલાવાને પોતાનાં જેવો લાએક કોઈને નહી જાણીને, શુઈ ઓલાદનાં છહેલા શાહંશાહને પરથમ જેહેર આપીને પછે મારી નાંખીઓ, અને લીઈઊન તાંગ ઓલાદને ઉઠી ઉભો કરનાર થાઓ.

તાંગ ઓલાદનાં શાહંશાહો વીશે

સને ૬૧૯ થીતે ૯૦૭ નાં વરસ શુધીની હકીકત.

લીઈઊન શાહંશાહ લીઆંગ પાદશાહોનાં નાંમીચાં અને અસલનાં કુંટંબથી જનમેલો હતો. તેણે જે તાતાર લોકો

ની સાંમે લડાઇ ચલાવી પડી હતી, તેમાં તેની મોહોટી બાહાદૂરી જાહેર થાઇ હતી. તે તુરકી સીપાહીઓની મદદથી તથા મેહેલમાંના ખોજાઓનાં કાવતરાંઓથી તખતે બેઠો હતો. તેની પાસે સારા સરદારો હતા, કે જેઓ તેને શારૂ મુલકો ફતેહ કરતા હતા, અને તે પોતે પોતાની હુકૂમત મજબૂતીથી ચલાવાને સારૂ ધારાઓ બાંધતો હતો.

ચીનનાં ઇસાણ કોણાનાં ભાગો હજૂર શુધી સીઇન પીકે જેણે ઇએનનો મુલક ઉઠીઉઠો કીધો હતો, તેનાં હાતમાં રહેલાં હતાં, તેઆરે પશ્ચમ તરફનાં સંસથાનો તુરક લોકોની ખરાબી હેઠલ પડેલાં હતાં. એ ગનીઆતનાં લોકો ગોલાંમી પણમાંથી છુટા પડીઆ, અને તેઓની દલેરી જોઇને બીજી ગનીઆતનાં લોકો તેઓને આવી મલવા લાગા, તેથી ફરીને તેઓ ચીન ઉપર ચહડી આવવાની દેહેશત દેખડાવતા હતા. અને તેઓએ નબલા ચીનાંઓને આબેજ કરવાને ઘણાંક કસદો કીધાં પછે, અંતે તેઓને પશ્ચમ તરફનાં મુલકો ઉપર ફરવું પડીઉં, કે જાંહાં તેઓની સાંમે થાવાને કોઇ મોહોટો રાજ ગનીઆની અથવા જોરાવર સરદાર મલીઓ નહીં.

એ શાહેનશાહ નીસાલો ઉઠી ઉઠી કરીને, વીદીઆરથીઓને મોહોટો આસરો આપતો હતો, અને તાઓ તથા બુધ એ બંધે ધરમનાં ઉપાધીઆઓને હલાક કરતો હતો. તેણે નવ વરસ પાદશાહી કીધા પછે, પોતાનાં છોકરાને તખત આપીઉં, કે જે ૬૨૭ નાં વરસમાં તાઇતશુંગ એ નાંમ લઇને તખત ઉપર બેઠો."

તાઇ તશુંગે પોતાનાં બાપને સારૂ લડાઇ કરવામાં પોતા

નો સંઘલો વખત ફાહાડીઓ હતો, અને જેવું તેનાં હાતમાં રાજ મજબૂતીથી ચાલવા લાગું, તેવોજ તે પોતાનાં જાહેલ પડોસીઓને એક બીજા સાથે લડાવાને થકી પોતાની સંઘલી હીકમત ચવાવા લાગો. તેની હેવી હુકૂમતથી તેઓ સંઘલા દબી ગીઆ હતા. તેણે તુરકાનનો મુલક ફતેહ કરીને, તથા તીબેતનાં લોકોને સીકસત દઇને, રાજની હદ ઇરાંનની બોરદુઓ શુધી વધારી મુકી, અને કોરીઆનાં લોકોને જેર કીધા. થોડાજ શાહંશાહોએ પોતાનાં મુલકને શાકે હેવાં લાએકનાં કાંમો કીધાંછે.

તેનો છોકરો અને વારેસ ઓરતોનાં લોલમાં પડેલો હતો, અને તે છોકરાઈ તથા તેનો કુટંબે, અને તેની પછીનાં બે રાજ ચલાવનારાઓએ મોહોટા જુલમાત ભરેલી રીતે અમલ ચલાવીઓછે. હીઉનતશુંગ શાહંશાહ એક વીદીઆરથી હતો, અને પોતાની પરજાને કાબેલ લોકને માન આપવાને થકી નસીહત કરતો હતો, અને એ પરમાંણેનો દાખલો પોતે કરી દેખાડીને, વીદીઆનો વધારો કરતો હતો. તોપણ મેહેલ સંઘલો ફીતૂરથી ભરપૂર થાએલો હતો, અને શાહંશાહ પોતાની હકૂમત પોતાનાં હાતમાં રાખવાને ચાહાતો હતો, તેથી કરીને તે ફીતૂરખોરોનાં હાત હેઠલ મારીઓ ગીઓ.

શુહતશુંગ, તાઇતશુંગ, તીહતશુંગ, અને શુનતશુંગ, એ લગાલગ સંઘલા શાહંશાહો, ઘણા કમજોર હતા, અને પોતાનાં મેહેલમાનાં ગોલાંમોની સલાહ પરમાંણે ચાલતા હતા; હેમાંનાં છેહેલા શાહંશાહને જુધનું એક આંગાલું મલીઉં હતું, તે ઉપરથી તેને એક મોહોટું ધરમનું કાંમ કીધું હોએ હેવું માન મલીઉંછે.

પેહેલાં જે લશકરે તખતને આસરો આપીઓ હતો, તેને મુહતશુંગ શાહંશાહે સને ૮૨૧ માં કાહાડી મુકીઉં, અને પોતે અમરતનું પાંણી પીને મરણ પાંમીઓ! તેની પછીનાં બે અમલ ચલાવનારાઓને મેહેલમાંનાં ગોલાંમોએ શાહંશાહ કીધા, અને હવેથી તે ગોલાંમોનાં હાતમાં તખત ઉપર બેસાડવાની સતા આવી. હેવા લોકોનાં હાત હેઠલ રાજની સતા આવીઆથી, તેની કેહેવી રીતે માઠી અવસથા થાઇ હશે!

વુતશુંગ શાહંશાહ જે હેવા ફાંદામાં પડેલો હતો, તેમાંથી જોકે તે પોતે નીકલી શકીઓ નંહી, તોપણ તેનાં બાહાદુરીનાં કાંમોથી, તથા ડાહાપણ ભરેલી રીતે ધારાઓ ચલાવીઆથી, હેવું માલમ પડતું હતુંકે, તેનાં હાતમાં જે અખતીઆર હતો, તેનાં કરતાંને તે વધારે અમલ ચલાવાને લાએકછે. તેની પછે જે શાહંશાહ થાઓ તેબી તેનાં જેવો જ હતો; અને તે ખોજાઓને બુનબેખથી ઉખેડી નાખવાને મોહોટી હીમતથી ઉઠી ઉભો થાઓ, પણ માઠાં ભાએગથી તેમાં તે ફાવીઓ નંહી. તેનાં ઘણાખરા વડાઓની કાંણી તેબી હમેશ જીવતો રેહેવાની ખોલમાં ફરતો હતો; અને તે એ કારણસર તાઓનાં ફીરકાનું સોધી કાહાડેલું અમરત પીને, એક ઘણાજ ખરાબ રોગથી મરણ પાંમીઓ. હીતશુંગ શાહંશાહે પોતાની બુરાઇથી જેમ બની આઊં તેમ મુલકને ખરાબ કીધું; તેઆરે તેનાં વારેસ ચાઓતશુંગ શાહંશાહે ગોલાંમોનાં દોરમાંથી છુટો પડવાને વાસતે ચોરની એક ટોલીને મદદે બોલાવી, જેઓએ 'ખરૂંછે કે શાહંશાહનો હોકમ બજાવીઓ, પણ ૯૦૩ નાં વરસમાં શાહંશાહને તખત ઉપરથી ઉઠાડી મેલીઓ *

દ ચોરોની ટોલીનો સરદાર ચૂવાંન નાંમે હતો, અને તેને શાહંશાહનો હોકમ બજા લાવીઆથી લેઆંગાનાં મુલકનો રાજા કીધો હતો. પણ હેવામાં મુલક સંઘલો જુલામત ભરેલી હાલતમાં પડીઆંને લીધે ઘણાંએક રજલતા લોકો પોતાનું ગુજરાંન લૂટફાટ ઉપર ચલાવાને શારૂ નીકલીઆ હતા, તેથી કરીને એ સરદારને હેવા લોકોની એક મોહોટી ફોજ એકઠી કરવાને બની આઇઉં, અને તેઓની મદદથી તેણે શાહંશાહી તખત ઉપર ચાઓસીઉએનતીને બેસાડીઓ. તેની થોડાંએક વરશ પછે તેણે પોતાનાં શાહંશાહને તખત ઉપરથી ઉઠાડી મેલીને, પોતે હાઉલીઆંગ અથવા લીઆંગા પછેની ઓલાદને ઉઠી ઉભો કરનાર થાઇ પડીઓ ❀

તાંગ ઓલાદની લડાએક બાંહાદૂરીની કીરતી તેની આખેરી થાએઆ પછેબી ચાલૂ રહી, અને એ શાહંશાહોમાં વખતમાં ચીનનો મુલક બીજા વખતનાં કરતાંને વધારે ઉંચે દરજે ચહડીઓ હતો. પણ થોડાકજ જોરાવર શાહંશાહો તખત ઉપર બીરાજીઆ, પછે નબલા અને બેવીચારવાલા ધણીઓથી તેને અપમાન મલીઉંછે. એ વખતનાં લખનારાઓથી જે હકીકત મલીછે, તે ઘણી અગતનીછે, કાંકે તેમાંથી આપણને વચલા એશીઆ ખંડનાં ઘણાખરાં લોકોની તવારીખ મલી આવેછે ❀

એ ઓલાદ પછેની પાંચ ઓલાદ જેને ચીનાં લોકો ઉતાઇ કરીને કેહેછે, તે ૫૩ વરશની ટુંકી મુદતમાં સમાપત થાઇ રેહી, અને તે વખતનાં અહવાલમાં ખરાબી અને સીતમ વગર બીજું કાંઇજ માલમ પડતું નથી ❀

હાઊ લીઆંગ ઓલાદનાં શાહંશાહો વીશે.

સને ૯૦૭ થીતે ૯૨૩ નાં વરશ શુધીની હકીકત.

ચોરોનો સરદાર ચૂવાન જેને તેઆર પછે લીઆંગ તાઇ તશૂ ઈ નાંમ મલીહૂં હતું, તેણે બલવો ફીસાદ નરમ પાડવાની ઘણીબી તજવીજ કીધી, પણ કશું વલીહૂં નહીં. અને તાતાર લોકોએ જે લીઆઓતુંગનો મુલક પોતાને હાત કરી લીધો હતો, તેમાં પોતાનું સવતંતર રાજ ઉઠી ઉભું કરીને, તેઓ ચીનાંઈ શાહંશાહો સાથે વારેવાર લડાઈ ચલાવતા હતા. એ તખત ઉપર ચહડી બેસનાર ધણીએ રાજનો અમલ ઘણું શુધી ભોગવેઓ નહીં, કાંકે તેને તેનાં પોતાનાં છોકરાએ મારી નાંખીઓ. એ બાપનું ખૂન કરનારને પાછો તેનાં ભાઈ લીઆંગ ચૂતીઈને કતલ કીધો, કે જેને તાંગની ઓલાદનાં એક સરદારે પાએમાલ કરી નાંખીઓ ✱

હાઊતાંગની ઓલાદનાં શાહંશાહો વીશે.

સને ૯૨૪ થીતે ૯૩૬ નાં વરસ શુધીની હકીકત.

ચવાંગતૂ પેહલવેહલાં લડાઇમાં તથા મુલકની હુકૂમત ચલાવામાંબી ઘણો હોશીઆર દીસવા લાગો. તોપણ તેને

તખત મલતાંને વાર તે બેલગામ, લોભી, અને ફરૂર થાઈ પડીઓ. તેની પરજાનાં લોકો જેઆરે ભૂખમરાથી હેરાન થાતાં હતાં, તેઆરે તે પોતાનાં મેહેલમાં સંઘરી મુકેલો ખજાનો જોઈને ઘુણો મઘન થાતો હતો ❀

મીંગાતશુંગા જે તેનો વારેશ અને ફરી લીધેલો છોકરો થાઈ, તે જાતે તાતાર હતો. તેણે રાજની બાબતમાં જે ઘાલમેલ થાઈ પડી હતી, તેને બેસાડી મુકી, અને તે પોતાનાં ચીનાંઈ વડાવોનાં ફરતાંને ચાલૂ કામકાજનાં ડાહાપણમાં વધારે ખબરદાર હતો. તે પોતાનાં દેશભાઈઓ ઉપર એક મોહોટી ફતેહ પાંમીઓ, અને સરકશ અમીરોને જેર કરીને, ઘણી ચોકસાઈ લીધાથી પોતાની પરજાને સારી હાલતામાં લાઓ. તોપણ તેનાં વારેશને તેનાં જમાઈ શીંકીગાતાંગે તખત ઉપરથી ઉઠાડી મુકીઓ; અને તેનાં કુટંબમાંનો છેલો ધણી જેઆરે એ શતરૂથી પૂરો બેતંગ આવી ગીઓ, તેઆરે તે સને ૯૩૫ માં શાહંશાહી મેહેલમાંનાં સંઘલા ખજાનાં સાથે પોતેબી બલી મુઓ ❀

હાઊતસીન ઓલાદનાં શાહંશાહો વીશે.

સને ૯૩૬ થીતે ૯૪૬ નાં વરસ શુધીની હકીકત.

એ તખત ઉપર ચહડી બેસનાર ધણીને "લીઆઓતુંગામાંનાં તાતાર લોકોની મદદથી રાજ મલીઉં હતું. અને તેઓની મેહેનતનો બદલો આપવાને શાઉ તેણે તઓને ચી

હલીનું સંસથાન આપી દીધું, અને મોહોટી ચોઠ ભરવા લાગો. તોપણ એટલું આપતાં છતાંબી તે જંગલી લોકો રાજી થાએઆં નહી. તસીન કાઑતશ્રૂ જાંહાંશુધી પોતે જીવતો હતો, તાંહાંશુધી તેણે પોતાની સતા સંભાલી રાખી હતી; પણ ચુહતી જે તેનો છોકરો થાએ તેણે તે જંગલી લોકોને નમતા કરવાનો ઠરાવ કીધો હતો. તોપણ તે મારીઓ ગીઓ, અને તેનો સરદાર લીઉચી ઇઉએન જે હાઉહાનની ઓલાદને ઉઠી ઉભો કરનાર થાએઓ, તેને તાતાર લોકોનો શાહંશાહ કીધો.

હાઉહાન ઓલાદનાં શાહંશાહો વીશે.

સને ૯૪૭ થીતે ૯૫૦ નાં વરસ શુધીની હકીકત.

ઈ કુટુંબનાં બે શાહંશાહોની કીરતી માતર થોડુંક શુધી ચાલૂ રેહી. કાઓતશ્રૂએ કેટલીએક બાબતમાં તાતાર લોકની લૂટપાટનો અટકાવ કીધો હતો, પણ તે રાજની શુલેહ કાએમ કરી સખીઓ નહી. તેનો છોકરો ઇનતી રાજનાં પસચમ તરફનાં સંસથાનોમાં બલવો ફીસાદ ઉઠીઉભો થાએલો જોઇને, લડાઇમાંનાં મેદાનમાં જતો હતો, એટલામાં તે મારીઓ ગીઓ. તેનાં ભાઇ લીઉપીને પોતાને કવોવે નાંમે એક ફતેહમંદ સરદારની સાંબે થાવાને અસકતીવાંન જોઇને પોતાનાં હરીફને રાજ આપી દીધું.

હાઉચાઉ ઓલાદનાં શાહંશાહો વીશે

અને ૯૫૧ થીતે ૯૬૦ નાં વરશ શુધીની હકીકત.

આએ થોડા દાહાડાની નવી ઓલાદમાં શીતશુંગ નાંમે ફવોવૈ પછી જે શાહંશાહ થાએઓ, તે ઘણો ભલો અને બાહાદુર થાએઓછે. તે પોતાનાં લોકોનો ગોઆ બાપ હતો, અને તેનીથી તેનાં શતરૂઓ આજેજ હતા. અને તે પોતાનાં ડાહાપણ થકી ચીનનાં રાજની હદ બાહેરબી વખણાએલો હતો. તેણે મૂરતીઓને ટોડી પડાવીને નીસાલો ઉઠી ઉભી કીધી, અને રાજની હુકૂમત ઉપર દાનાવ પરધાનોને મુકરર કીધા. તેનાં છોકરા કુંગાતીનાં બચપણને લીધે ચાઓકુવાંગઇન એ નાંમે એક ઘણા સારા પરધાનને રાજની હુકૂમત ચલાવાને મુકરર કીધો હતો. એ ઘણી પોતાનાં હાતમાં અખતીઆર રાખવાને ઘણો ખૂશી હતો, તે સાથે સરદારી તથા પરધાનપણું ચલાવામાં ઘણો કાબેલ હતો, તેથીકરીને તેને સંઘલા એકઠા મલીને ૯૬૦ નાં વરસમાં શાહંશાહ કરી બેસાડીઓ, અને તે વખણાએલી શુંગ ઓલાદનો વડાવો થાએઓ.

શુંગ ઓલાદનાં શાહંશાહો વીશે.

સને ૯૬૦ થીતે ૧૨૭૯ નાં વરસ શુધીની હકીકત.

શુંગકાઓતશુ એ ઘણી ચોકસ કરીને ઘણો કાબેલ હતો. અને તે જો કનફ્યુશીઅસનાં મત પરમાંણે ચાલીઓ હતેતો, પોતાનાં સારાં કાંમોથી રાજ સંઘળું તેને તાબે થાઝહૂં હતે; તોપણ તે એ દાનાવ હકીમનાં કહેઆથી ઊલટો જાઇને તાબુકેનાં ગરૂરી ભરેલા રાજાઓ ઊપર મોહોટી ફોજ લઇગીઓ. અને આખાં ચીનનો મુખતીઆર ધણી થાવાને તે પોતાની સંઘલી આરજૂ રાખતો હતો; અને તેણે પોતાની હેવી ઊમેદ બંર લાવવાને શાંકુ લાખો માણશોનું ખૂન રેડીઊં. કેટલાંએક મુલકો પોતાની મેલે તેને તાબે થાએઆં, અને બીજાં મુલકો જેઓને તાતાર લોકોનો આસરો મલતો હતો, તેઓએ મોહોટી સખત લડાઇઓ કીધી, અને શાહંશાહ પોતાની મનગમતી ઇછા પૂરી પાડીઆ વગરે મરણ પાંમીઓ. એ શાહંશાહ લડાઇનાં અને રાજ દરબારનાં કાંમમાં ઘણો હોસીઆર હતો, અને

જો તે એખલો રાજનો મુખતીઆર ધણી થાએઓ હતેતો, તેણે પરજાનાં લોકોને શુખી કીધાં હતે.

તાઓતશુંગ પોતાનાં બાપની પરમાંણે ચાલતો હતો, તોપણ તે ઘુણું કરીને તાતાર લોકોની સાંથે લડાઓ કરતો હતો; અને ઈ ધીકાર ભરેલા જંગલી લોકોને તેઓનાં રાંનોમાં મારી કાહાડવા ઉપર તેનું સંઘલું ધીઆંન લાગેલું હતું. હજારો સીપાહીઓ એ લસકરકસીમાં મારીઆ જતા હતા, તોપણ શેતરૂઓ સીકસત ખાધા પછે પાછા નવી ફોજ એકઠી કરીને સાંથે થતા હતા; તેથી કરીને અંતે એ કસદ પડતો મુકીને શાહંશાહ રાજમાંહેની બાબતો ઉપર ધીઆન પોહોંચાડવા લાગો.

ચીનતશુંગ શાહંશાહ લડાઓનાં મેદાનમાં તાતાર લોકોની સાંથે થાઆનાં કરતાંને તેઓને વરસો વરસ ચોઠ આપીને શુલેહ મેલવાને ઘણું ફાએદા ભરેલું જાણતો હતો. તે ખેતીની હીકમતમાં શુધારો કરવાની ઘણી ચોકસાઓ રાખતો હતો; અને જે લોકો મેહેશૂલ ભરી સખતા હતા, તેઓની ગણતરી કાહાડવાને ઘણો ચાહાતો હતો, તેથી તેણે લોકોનો હીસાબ કહડાવીઓ, અને તે હીસાબ પરમાંણે જે લોકો કર આપતા હતા, તેઓનો શુમાર ૯૯૫૫૭૨૯ નો નીકલીઓ. એ ઉપરથી એ વખતમાં લોકોની વસતીનો શુમાર જાંણવાને બની આવેછે.

એ ચીનતશુંગ શાહંશાહનાં મરણ પામીઆ પછી નાએબો રાજનો કારભાર ચલાવા લાગા, તોપણ જેવો જુવાન વારેશ ચીનતશુંગ ઉમરે પૂગતો થાએઓ, તેવોજ તે પાદશાહી કરવાને લાએકનો દીસવા લાગો. તેણે લડાઓનાં કરતાંને શુલેહ

ને પસંદ કરીને, તથા લશકરી મોહોટાઇનાં કરતાંને લો કોનાં શુખને ચાહીને, તાતારં લોકોને વધતી ચોહ આપવા લાગા, અને પોતાની ભૂખેમરતી પરજાને પોતાનાં ઉદાર પણાથી મદદ કરવા લાગા ❁

ઇંગાતશુંગ, શીનતશુંગ, અને ચીતશુંગ એ શાહંશાહોએ તવારીખમાં પરશીધ થાએ હેવાં કાંમો કીધાં નથી, પણ તેઓ બરાબર પોતાનાં વડાઓનાં રસતા ઉપર ચાલીઆછે. એ વખતે રાજની હુકૂમત ચલાવામાં ઘણીવાર ઓરતો મુખીઅ થાઇ હતી, અને તેઓનાં ડાહાપણ ઉપરથી તેઓ વખણાએલીછે ❁

અહીઆં વીદીઆની બાબદમાં હમો એ વખતમાં જે ગરંથકારો થાઇ ગીઆછે તેઓ વીશે બોલીએછે. તેઓ એક પૂસતક ઉપરથી બીજું પૂસતક બનાવામાં તથા શરેહ કરવામાં પોતાનાં વડાઓનાં કરતાંને ઘણાં વધારે થાએઆ છે. અને કોઇ મુલકમાં શુહમા કુવાંગ જેવો ગરંથકાર થાએઓ નથી, કે જેણે તવારીખનાં ૨૦૦૦ દફતરો પરગટ કીધાંછે, પણ તેમાંનું એકબી દફતર તેને પોતાને હાતનું જો ડેલું નથી. લાકડાંનાં ટીબાં વતે છાપવાની કલા વીશે કેહેછે કે, તે હાઉતાંગની ઓલાદનાં મીંગતશુંગ શાહંશાહનાં અમલમાં ઉતપન થાએલી હતી, પણ હેવું માલમ પડેછકે તે આએ વખતમાં પૂરી બરોબર ચાલવા લાગી. ઘણાખરા વીદીઆરથીઓની ઉંધી અકલને લીધે લોકોનાં દીલમાંથી ધરમનો વીચાર ઉડી ગીઓ હતો, અને તેનાં બદલામાં વેહેમ ભરેલા ખોટા મતનો ઘણો ફેલાવ થાઇ પડીઓ હતો. કેટલાએક શાહંશાહો બુધનો ધરમ પસંદ કરતા હતા અને

કેટલાએક તાઓનાં ફીરકાનાં મત ઉપર ચાલતા હતા.

તેઓમાંનાં બીજા ફીરકામાં હવંગતશુંગ નાંમે એક નબળો શાહેનશાહ હતો. તેણે બીઆઓતુંગમાંથી જંગલી લોકોને હાંકી કાહાડવા શારૂં કીન તાતાર લોકો સાથે બંદોબસ્ત કીધો. એ ગનીઆતનાં લોકો પોતાનાં દલેર અને ડાહાઆ સરદારોની નીશાન હેઠલ ઘણાં જોરમંદ થાઇ પડીઆ હતા. તેઓએ શાહેનશાહનાં શતરૂઓને હરાવીને શાહેનશાહ સાથે કોલ કરાર કીધા, અને તે કરારને પાછા તોડીને જેઆરે શાહેનશાહ તેઓને હદ બાંધી આપવાને સારૂં આએઓ, તેઆરે તેને અચબુચ પકડીને કેદ કીધો. અને તે શામોનાં રાનમાં મરણ પાંમીઓ. તાતાર લોકોએ શાનસીનું સંસથાન લેઇને ચીનનો બાગ જેર કરવાનો ઠરાવ કીધો, અને તેમાં તેઓ સને ૧૧૨૫ નાં વરશમાં પૂરાં ફતેહમંદ થાએઆ.

જોકે કીનતશુંગની સરદારી હેઠલ તાતાર લોકોએ પાએતખત શેહેર લૂટીઊં હતું, અને લગાલગા આખાં શાહેનશાહી કુટંબનાં લોકોને કેદ કીધાં હતાં, તોપણ એક ઓરતની અકલથી રાજ બચીઊં હતું. તેણે હવઇતશુંગ શાહેનશાહનાં કાઓતંશુંગ નામે એક છોકરાને તખત ઉપર બેસાડીઓ, અને પાએતખત હોનાનમાંથી લેઇજાઇને ચીકીઆંગની રાજધાની—હાંગચૂમાં રાખીઊં.

તાતાર લોકોનાં હાતમાં હવાંગહો નદીની ઉતર તરફનો લગાલગા સંઘલો મુલક આઆથી, તેઓએ પોતાનું સવતંતર રાજ કીન ઓલાદને નાંમે ઉઠી ઉભું કીધું. તેઓની હુકૂમત ચીનાં લોકોની મીશાલે બાંધેલી હતી, અને જંગલી શાહેનશાહો કનફીઉશીઅસને માન આપવાનો દાવો કર

તા હતા. જેમ જેમ શુંગની ઓલાદનાં નબળા પાદશાહો ખરાકબાજીમાં પડીને પોતાની હુકૂમતને પડતી મેલતા હતા, તેમ તેમ તે લોકો મજબૂત અને ચોકસાઇ ભરેલા થાતા હતા. અને જોકે ચીનાંઇ શાહંશાહો નમતા થાઇને સુલેહ કરવાનો પસંદ-કરતા હતા, તોપણ તેથી તે જંગલી લોકો માતર વધારે હીંમત પકડતા ગીઆ *

કીનની ઓલાદ શુમારે ૧૧૭ વરસ સુધી ચાલૂ રેહી, અને તે વખતે મુલકની અવસથા એ રીતની હતી. કાઓત શુંગ શાહંશાહનાં રાજથી અને ૧૧૨૭ માં એ ઓલાદને નાનશુંગ (દખણ તરફની શુંગ) કરીને કેહતા હતા, કાંકે તેઓનું રાજ ચીનનાં દખણ તરફનાં ભાગોમાં આવેલું હતું. લીતશુંગે સવરગી રાજનો ભાગ જંગલી લોકોનાં હાતમાં આવેલો જોઇને, તેઓને ધીકારથી હાંકી કાહાડવા અકી મોંગોલ લોકોનાં મોહોટા બલવાન સરદાર જીંગીસને પોતાની મદદે બોલાવીઓ. તેનાં બાપ નીગતશુંગે એ શુરા રાંની લોકો સાથે મલીને કીન લોકોને મોહોટી દેહશતમાં નાખીઆ હતા, પણ લીતશુંગ તેઓને તદન મારી કાહાડવાને ચાહતો હતો. તેઓને ચીનાંઇ તથા મોંગોલ એ બંધે લોકોની ફોજોઇ હુમલો કરીને કેટલીક લડાઇમાં મારી હરાવીઆથી કીન લોકોનો શાહંશાહ ગાઇતી પોતાનાં પાઇતખત ઉપર ઘેરો નાંખેલો જોઇને પોતાનાં ગલામાં ફાંસી દેઇ મરણ પાંમીઓ. તેઓમાંનાં ઘણાખરા લોકો પોતાનાં ફતેહ કરનારાઓ સાથે ભેલાઇને એક થાઇ ગીઆં, અને બાકીનાં થોડાએક લોકોએ માનચૂરીઆનાં રાંનોમાં જાઇને આસરો લીધો. અહીંઆ તેઓ ચારસો વરસ સુધી છુપાઇ

રેહેઆ, પછી મીઠા બોલાદનાં.શાહંશાહોનાં નબલા થા એલા અંમલમાં તેઓએ સવરગી રાજને ફતેહ કરવાની હીમત ધરીને, તે કાંમ બીજા આગલા ફતેહ કરનારાઓનાં કરતાને વધારે ટુંકી મુદતમાં અને થોડી ફોજથી પાર કીધું.

લીતશ્રુંગે પોતાનાં નબલા શતરૂઓને જેર કીધાથી કેટબો ફાઈદો થાશે ઈ વીશે બરોબર નજર પોહોંચાડી નહી. કાંકે મોંગોલ લોકો જોરમંદ થાઈને ચીનાંઈ હુકુમતને ઉલટાવી નાખવા વીશે પોતાની મરજી જલદીથી દેખાડવા લાગા. તેનો છોકરો તૂતશ્રુંગ જે સને ૧૨૬૫ માં તખતે બેઠો, તેણે પોતાનાં સંઘલા દાહાડા મોજમાં પડીને કાહાડીઆ, અને રાજની સલામતીનાં જોખમ વીશે કસી પરકારની ચોકસાઈ લીધી નહી. તે પોતાનાં તરંણ નાહાનાં છોકરાઓને મુકી મરણ પાંમીઓ. પણ કુંગતશ્રુંગને તખતે બેઠાની અગાહુ મોંગોલ લોકોનું જોર હુનનાન, સજીયૂએન, અને શેનસી એ સંસથાનોમાં ફેલાઈ ગીઉં હતું. તેઓની ફોજ રાજની હુકૂમત ઉપર બાલકને જોઈને, પીઈન નાંમે તેઓનાં એક નામીચા સરદાર સાથે આગલ વધતી ગેઈ. એ લારે મોહોટું કાંમ કુબલાઈ જે પૂરવ તરફનાં રાજ ઉપર એક મોહોટો ગાનીઆની અને લડાએક પાદશાહ થાઓછે, તેનાં હોકમ પરમાંણે ચાલતું હતું. તેઓએ હાંગચૂ જે પાએતખત સેહેર હતું તે હાત કરી લેઈને, જુવાન શાહંશાહને કેદ કરી, સને ૧૨૭૬ માં શામોનાં રાંનમાં મોકલાવી દીધો.

તૂતશ્રુંગનો બીજો છોકરો નાંમે તવાંન તશ્રુંગ પોતાની ફોજને પાછી સમારીને, ફોકીઅનનાં સંસથાનમાં જાઈ આસરો પકડીઓ. તોપણ મોંગોલ લોકો પછવાડે લાગાથી તે

પોતાનાં લડાઇનાં વાહાંણોનો કાફલો લેઇને કૈતાનનાં સં સથાનમાં ગીઓ, અને તાંહાં સને ૧૨૭૭ માં મરણ પાંમી ઓ. તેની સાથે જે અમીરો પોતાનું વતન છોડીને આઆ હતા, તેઓએ તેની જગાએ તીપીંગ જે શાહંશાહી વંશમાં દીખલો દીકજ ધણી રેહેલો હતો, તેને બેસાડીઓ. હવે છેલી ઉમેદ જે લડાઇનાં વાહાંણોનાં કાફલા ઉપર રેહેલી હતી, તે ઉપરથી મોંગોલ લોકોએ ભારી હુમલો કીધો. હેવી બેતંગ હાલતમાં આવી ગીઆથી લૂસીઉફુ નાંમે એક પરધાન જુ વાન શાહંશાહને ગલે વલગીને તેની સાથે પાંણીમાં નખા વી દીધું. અને તેને જોઇને બીજા મોહોટા માણસોથી વાં હાંણ ઉપરથી કુદી પડીને પાંણીમાં ડુબી મુવા. હવે કોઇ રા જનો દાવો કરવાને રેહીઉં નંહી, તેથી કુબલાઇ જેનાં રાજ ને ચીઇઉમેન કરીને કેહેતા હતા, અને જેનો વડાવાનો ખે તાબ સીતશુ કરીને હતો, તે ૧૨૭૯ નાં વરશમાં શાહંશા હ થાઓ.

ઇઉમેન ઓલાદનાં શાહંશાહો વીશે.

અને ૧૨૭૯ થીતે ૧૩૬૭ નાં વરસ શુધીની હકીકત.

શુંગ ઓલાદનાં અઢાર શાહંશાહોએ ૩૦૦ વરશ શુધી રા રાજ કીધુંછે. તેઓનાં કુટંબનો દરજો હાન અને તાંગની

ઓલાદની બરોબર ગણાએછે. લોકો તેઓની ઇઆદગારી ઘણી કરતા હતા, તોપણ તે એક જંગલી માણસથી તદન દબાઈ ગેઈ, તેથી કરીને ચીનાંઈ તવારીખ લખનારાઓએ જે ચીનનો એક ઘણોજ મોહોટો પાદશાહ થાઈ ગીઓછે, તેની ઇઆદગારી ભરેલા ઘણંએક કાંમો ઉપર અંધારાનો પરદો નાંખીઓછે ❁

કુબલાઈ શાહેંશાહ એક મોહોટો રાજ ગાનીઆની અને સરદાર હતો. તેણે પોતાનાં ડાહાપણથી અસલનાં કાનુનોને ખરાબ કરી નાખીઆ નહીં. અને તે ચીનાં લોકોની રાહારવેશ પકડીને તેઓની ચાલને ધીકારતોતો નહીં. તેણે અગાઉનાં મોહોટા પરધાનોને તેઓનાં ઓહોદા ઉપર કાએમ રાખીઆ હતા. પણ હવી મોહોટી હુકૂમત ચલાવાની રીતમાં ઘણીએક ખાંમી જોઆંથી તેને શુધારવાને સારૂ મોહોટા મોહોટા ઓહોદાઓ ઉપર બાહેરનાં લોકોને મુકરર કીધા હતા. એ પરમાંણે કુબલાઈએ જેઓ ઉપર પૂરો ઇતબાર મુકી સકાએ હેવા ઘણંએક મુસલમાંન હાકેમો કીધા હતા. તેથી કરીને સંઘલા લોકોમાં નારાજી પેદા થાતી ગેઈ. પણ સંઘલા સંસથાનોમાં, મોંગોલ સીપાહીઓ પુશકલ રોખલા હતા, તેથી કરીને તખતને ધાસતી થાઇ પડે હેવા બલવાઓ થાઈ સકીઆ નહીં. કુબલાઈ પોતે જે લોકો ઉપર અમલ ચલાવતો હતો, તેઓની ચાલચલણ શુધારવાની ઘણી આરજુ રાખતો હતો, તેજ પરમાણે ખેતીવાડી તથા વેપારનાં બાબમાં શુધારો કરવાને ચાહાતો હતો. અને પાએતખત સેહેરમાં માલ લાવવા લેઈ જવાને સવલ પડવા સારૂં તેણે મોહોટું નાલું જે આગલી ઓલાદનાં વખ

તમાં કેટલુંએક બંધાએલું હતું, તેને પૂરું કીધું. જેઆરે કાંઈ આફત આવી પડતી હતી, તેઆરે તે બીચારા ગરીબ લોકોને પોતાની મદદ આપતો હતો, અને જે માંનદરીનોને લોકોનાં પઈસા ખાઈ જતાં જોતો હતો, તેઓને ઘણી મોહોટી સીખશા કરતો હતો. તેની દરબાર અને ઘરસાલો મોહોટી ધામધુમ ભરેલો હતો, અને તેણે પોતાનાં ખજાનાંની ખૂટ પૂરી કરવાને સારૂં કાગજનું ચલણ કાહાડીઊં હતું. હેવું માલમ પડેછે કે તે કોઈ ધરમ ઊપર ચુસત હતો નહીં, અને પોતાનાં આખા રાજમાં ધરમ પાંતીની કોઈને કસી હરકત કરતોતો નહીં; પણ પોતાનાં પાછલાં દાહાડામાં જેઆરે તેની એક સારી ઓરત અને છોકરો જેને તખતનો વારેશ ઠરાવીઓ હતો, તેઓનાં મરણ પાંમીઆ પછે તે બુધનાં ધરમં ઊપર પોતાનું દીલ રાખવા લાગો, તેઆરે એશીઆ ખંડની મશરમ તરફનાં મુલકો ફતેહ કરનારા મોગોલ લોકો ઈસલામી મેહેજબ પકડી બેઠા.

કુબલાઈ શાહંશાહની બરાબર કદી કોઈ ફતેહ કરનારે મોહોટું રાજ કીધું નથી. તેનો અમલ સીબીરીઆનાં બરફનાં પોસતાઓ ઊપર રેહેનારી સંથલી ગનેઆતો ઊપર તથા એશીઆં ખંડનાં રાજો અને ચીન અને કાસપીઆન સમુંદરની વચેનાં મુલકો ઊપર ચાલતો હતો. તોપણ હાવા ભારે મોહોટાં રાજથી બી તે ધારાઓ નહીં. તેણે જાપાનનો મુલક પોતાને તાબે કરવાને સારૂં ૪૦૦૦ બારકસોનો એક કાફલો તઈઆર કીધો, અને કોરીઆનાં રાજાને તે મુલકની ઊતર તરફથી હુમલો કરવાને હોકમ કીધો. પણ જો તે સાહેબનું ચાહીઊં નહીં હોએતો, ઈનસાનનો કરાદ

સંઘલો ફોકટછે! એ મોહોટો સમુદર ઉપરની લડાઇનો
કાફલો પીસફેદોરનાં ટાપૂઓ આગલ ઘસડાઇ જાઇને
ઘણાંએક બારકશો તારાજ થાઇ ગીઆં, અને માતર બા
જીનાં હોડાંએક એ ગજબનો અહેવાલ કેહેવાને શાકે રહી
ગીઆં. તેઆર પછે શાહેંશાહે બીજો એક લડાઇનાં વાહા
ણેનો કાફલો તઇઆર કીધો, પણ જાપાનનાં લોકો ઉપર
હુમલો કરવાને કેટલીએક બાબદથી અટકાવ થાઇ પ
ડીઓ. હીદોસતાનનાં સમુદરમાંનાં ટાપૂઓમાં કુબલાઇએ
પોતાની હકૂમત બેસાડવાનો કસદ કીધો હતો, તેબી એ
જ પરમાણે ફોકટ ગીઓ, પણ બરમાહ અને તુનકીન ઉ
પરની લડાઇમાં તેણે સારી ફતેહ મેલવી હતી. તેનાં હેવા
મોહોટા કસદનો છેડો ૧૨૯૪ માં તેનાં મરણ પાંમીઆથી
આઓ. અને જો તેમાં તે ફલદરૂપં થાએઓ હતેતો, એશી
આ ખંડનાં બીજાં મુલકો અને ચીન એકંઠુ થાઇઊં હતે!
હરેક અપખ્શપાતી વીચાર કરનાર ધણી કુબલાઇનાં ડાહા
પણની તારીફ કરીઆ વગર રેહે નહીં, તોપણ તેની ચાલૂ
લડાઇને લીધે તેની આબરૂ ઉપર બદનામી આવેછે. પણ
આપે એક ભૂલવુ નહી જોઇએ કે જો તે તેનાં લશકરી સં
ગાથીઓનાં લડાએક સવભાવને ચાલૂ કાંમમાં રાખતે નહી
તો, તેઓથી તેનું રાજ ઘણું ફેરફાર થાઇ પડતે *

ચીગાતશુંગ જે તેનાં છોકરાનો છોકરો થાએ, તેને જો
કે કુબલાઇએ પોતે તખત ઉપર બેસાડવાને કહીઊં હતું,
તોબી તેનાં હાતમાં પાદશાહી મુશકેલીઅતથી આવી. તે
નું રાજ સુલેહ ભરેલું હતું, અને તેનાં કાંમો જોકે કાંઇ
મોહોટા વીચાર ભરેલાં નહી હતાં, તોપણ તે ઉપરથી તેનો

તારીફ લાએક ખૂબી માલમ પડતી હતી ❋

તેનાં વારેસ વૂતશુંગે શાહંશાહી મરતબો હથીઆરનાં જોરે ફરી મેલવીઓ હતો ; અને તે પોતાનાં લોકોને સુખી કરવાને ઘણીજ મેહેનત લેતો હતો. કેહેવું માલમ પડેછેકે, એ વખતે પરદેશનો વેપાર ઘણો ચાલતો હતો, કાંકે શાહંશાહે સોનું, રૂપૂં, અનાજ, અને રેશમ, એ જીનસો જે વરસોવરસ જંગાલી લોકોનાં બારકસોમાં બરાબને પૂશાકલ જતી હતી, તે લેઇ જવાનો અટકાવ કીધો. એ વેપાર સંઘલો અરબ લોકોનાં હાતમાં હતો, અને તેઓને ઘણી છૂટ મલતી હતી, કાંકે રાજનાં ઘણાજ મોહોટા અમલદારો જે ધરમ રાખતા હતા, તેજ ધરમનાં તેઓબી હતા.❋

જીનતશુંગાનાં અમલમાં સને ૧૩૨૧ માં રાજની હુકૂમત સંઘલી ફેરફાર થાઇ ગેઇ. કાંકે, શાહંશાહ પોતે ચીનાંઇ લખવા પઢવાની વીદીઆનો ઘણો શોક રાખતો હતો ; તેથી ફરીને બાહેરનાં મુલકનાં લોકો જે મોહોટા ઓહોદા ઉપર હતા, તેઓને કાહાડી મેલીને તેઓની જગોએ ચીનાંઇ વીદીઆરથીઓની તપાશ લેઇને તેઓને મુકરર કીધા. શાહંશાહ પોતાનાં મુલકની આબાદાની વીશે ઘણી સારી ખબરદારી લેતો હતો, તો જોકે તેની ઓલાદને પડી ભાગવાની નીશાન દીનપરદીન વધતી જાતી હતી. સરકારી અમલ સંઘલો પીલશુપ લોકોનાં હાતમાં આવી પડેલો હતો ; અને ચોરોનાં ટોલાંઓ સરકારની સાંબે પોતાનો નીભાવ કરતા હતા ❋

જીનતશુંગાનો છોકરો ઇંગાતશુંગ ૧૩૨૩ નાં વરશમાં મારીઓ ગીઓ. તાઇતીગાંતીનાં અમલમાં મેહેલ સંઘલો હ

પાધીઆઓ, બાજીગરો, ધુતારાઓ, અને ખોજાઓથી ભરે
લો હતો, અને ખજાંનો સંઘલો તેઓનાં હાતથી ખાલી થા
ઈ જાતો હતો, તેથી કરીને દરબારના અને પરજાના લોકોની
ચાલચલણમાં ઘણો બીગાડ થાઈ પડીઓ. મોંગોલ લોકો જે
શામાની ધરમને ઘણા ચાહાતા હતા, તેથી કરીને તી
બેતથી ઘણાંએક લામાઓ ઘસડાઈ આવવા લાગા, અને તે
ઓનાં ભારી કરથી લોકો મુશ્કેલ થાઈ ગીઆં. તાઈતીઝ
ની પછી શાહંશાહનો ખીતાબ મીગાતશુંગે માતર થોડાએક
દાહાડા શુધી રાખીઓ, અને તેની પછવાડે વાનતશુંગ અ
થવા તૂ તેમુર થાઓ. હેને રાજનો કારભાર પરધાનોના હા
ત ઊપર નાંખીઓ, કે જેઓ લોકો ઊપર જુલમ કરતા હતા,
અને પોતે શામાની ધરમ શીકવા લાગો. હવે મોંગો
લ લોકોની ઓલાદ જે એશઆશરતમાં પડીને કમજોર થા
ઈ ગોઈ હતી, તેથી કરીને તેઓ દલેરીમાં ચીનાંઓથી સ
રસ ઊતરતા નંહી. અને તેઓનું જોર ઓછું થાતું જોઈને,
ચીનાં લોકો પોતાના જંગલી કતેહ કરનારાઓ ઊપર વધારે
વેર રાખવા લાગા. વલી રાજની હુંકુમત નબલી થાઈ ગો
ઈ, અને મોહોટા મોહોટા અમલદારો જે ઘણાંખરા ચીનાંઓ
હતા, તેઓ પોતાનાં ધણીઓને ચાહતા નંહી. હેવી
હાલતમાં શુનતી નાંમે સાત વરશનો એક છોકરો તખતે
બેઠો. એ વખત ઊપર દુકાલની આફત આવી પડી
આથી ઘણાંએક લૂટારાઓ અને દરીઆઈ ચોરો પોતાનો
લાભ મેલવવાને સાંરૂં નીકલીઆ હતા. અને હેવામાં શાહં
શાહ હેવી અંધેર હાલતથી અનજાણે રહીને પોતાનાં દાહા
ડા ઓરતો, ખોજાઓ, અને ઊપાધીઆઓ શાથે બેસીને

કાહાડતો હતો; પછી થોડાજ વખતમાં કેટલાએક ચોરોનાં
સરદારો એક પછી ઈક પોતાને શાહંશાહ કરીને જાહેર કર
વા લાગા. તોપણ બાજે મોંગોલ હાકેમોએ મુલકને હેવી સખ
ત ખરાબીમાંથી બચાવાને સારૂ પોતાનાં છેલાહુ પાએ ચલા
વા માડીઆ. એ રીતે પોતા ઉપર જોખમ લેઇને લડતા, અ
ને ઘણાંએક ફીસાદીઆએનાં ટોલાંઓ ઉપર ફતેહ મેલવ
તાં, અંતે પોલોતેમૂર પાએતખત સેહેરમાં પેઠો, અને ઉપ
ધીઆએ અને ખોજાઓને મેહેલમાંથી સાફ કીધા. તોપણ
એ શુરો સરદાર અદેખાઇને લીધે કવખતે મરાએ ગીઓ,
અને તેનાં ઘણાંએક સરદારોમાંથી તેને કોઇ પોતાનો ખ
રો આસરો આપવાને નીકલીઉં નહીં. હેવી ફીસાદ ભરેલી
હાલતમાં ખોદાએ ચુએનુ યુન ચાંગને ઉઠી ઉભો કીધો.
એ ઘણી પેહેલાં એક ચોર હતો, પણ તેઆર પછી પોતાનાં
દેશને બંચાવનારાઓનો સરદાર થાઇને, મીંગ ઓબાદને
ઉઠી ઉભી કરવાનો પાઓ નાંખીઓ. તે પોતાનાં દેશ ઉપ
ર જુલમ કરનાંરાઓની સાંબે બરોબર રીતે ઘાત ભરેલી
લડાઇ ચલાવા લાગો. તેથી શુંનતી શાહંશાહ પોતાનો જીવ
બંચાવાને સારૂં નાહાસી ગીઓ, અને સને ૧૩૭૦ માં મર
ણ પાંમીઓ. હવે મોંગોલ લોકો નીરાસ થાઇને જોરાવર
ચીનાંઇ સરદારનાં હાત હેઠલથી પોતાનો બચાવ કરવાને
સારૂં મોહોટા ગભરાટથી પોતાનાં દેશી રાનો તરફ નાહા
શી ગીઆ. અને તેઓમાંનાં ઘણાંએક લોકો જેઓ વગર
ઘોડાને લીધે નાહાસી સકીઆ નહીં, તેઓને ચીનાં લોકો
એ મારી નાંખીઆ, અથવા પોતાનાં ગોલામો કરી મુકી
આ. એ પરમાંણે એકવાર ઘણી મોહોટી જોરાવર મોંગોલ

લોકોની ઓલાદ પાએમાલ થઈ ગઇ, અને ચીનનો મુલક ફરી પોતાનાં દેશી બાદશાહોની હુકુમત હેઠલ આ એઓ. *

મીંગ ઓલાદનાં શાહંશાહો વીશે.

સને ૧૩૬૮ થીતે ૧૬૪૪ નાં વરસ સુધીની હકીકત.

ચૂહગુએનચાંગ જે એ ઓલાદનો વડાઓ થાએઓ, તે કીઆંગનાનનાં સંસથાનમાંનાં એક હલકે વાંધેનાં મજુરનો છોકરો હતો, કે જે પોતાની નાહાની વએમાં હવાંગાઈઓનાં દેહેડાંમાં ચાકર રહેલો હતો, તાહાંથી તે નીકલીને લશકરમાં રહો, કે જાંહાં તેણે પોતાની ચાલાકી અને ખબરદારીથી મોહોટો ઓહોદો મેલવીઓ. પછે તે એક મોહોટે વાંધેની ઓરત સાથે પરણીઆંથી પોતે મોહોટું નાંમ અને દોલત મેલવીને ચોરોનાં એક ટોલાંનો સરદાર થાએઓ, અને તે વખતે જે બીજા હોકમો સંસથાનો પોતાને હાત કરવાને સાહું લડતા હતાં; તેઓની સાંમે થાઈને તેઓને શીકસતહ કીધા; અને હુકવાંગ ત

થા કીઆંગાસી એ સંસથાનોને જેર કરીને, તેણે મોંગોલ લોકોને પોતાનાં દેશમાંથી મારી કાહાડવાનો પોતાનો ચોકસ ઠરાવ જાહેર કીધો. એ કાંમ ઘણું ભારે હતું, પણ તેણે તે બરોબર ચોકસાઈથી પાર ઉતારીઉં. તેણે મોંગોલ લોકોની ફોજને શીકસતેહ કરીને અથવા તેઓ ઉપર અચબુચ તુટી પડીને તેઓને મારી કાહાડીઆ, અને શુમારે ૧૩૬૮ નાં વરશમાં તે પોતે ચીનાંઈ રાજનો મુખતીઆર ધણી થાઈ પડીઓ *

હવેથી હમો શાહ્શાહોનાં નામો તેઓનાં રાજનાં લકબથી બોલીશું, કાંકે તેઓનાં વડાઓનાં ખેતાબ કરતાંને એ નાંમો સારીપઠે જાહેર થાએલાંછે *

હુંગવૂ જે મીંગ ઓલાદનો નવો શાહ્શાહ થાએઓ, તેણે તાબરતોબ મેહેલ અને જનાંનખાનું સાફ કરીને, બરોબર રીતે હુકૂમત ચલાવાને સારૂં ધારાઓ મુકરર કીધા, અને પોતાનું લશકર વધારીને મોંગોલ લોકો ઉપર તેઓનાં પોતાનાં રાનોમાં જાઈને હુમલો કીધો, અને પદભશટ થાએલા શાહ્શાહનાં લગાભગ આખા કુટંબને કેદ પકડી લેઈ આએઓ. તોપણ તે લીઆઓતાંગમાં બાકીનાં તાતારો ઉપર ફાવી સકીઓ નહી; તેથી ચીનાંઓએ પોતાનાં હાત હેઠળ જે આવી પડીઆ, તેઓની ઉપર ઘણેજ નીરદઆલુ રીતે પોતાનું વેર લીધું, પણ તે શુરા લોકોની હીમતને તેઓ નરમ પાડી સકીઆ નહી *

જે રાજ આટલા બધાં વરશની મુદત સુધી અંધેર અને લૂટફાટ ભરેલી હાલતમાં આવી પડેલું હતું, તેને માતર હુંગવૂ શાહ્શાહનાં જેવી મોહોટી બાહાદુરીથી નરમ પાડી શખ

૬. તોપણ થોડાંજ વરશ ગીઆંની અગાઊં સંઘલે ઠેકાણે સમાધાની ચાલવા લાગી. મોંગોલ લોકો જેઓ વારેવાર મુલક ઊપર હુમલો કરી આવતા હતા, તેઓની ઊપર તે ઘણોજ સખત હતો, અને પોતાની રાજનીતીની મોહોટી કાબેલીઅતનાં જોરે કરીને બાજે મોંગોલ લોકોની ગનીઆતોને પોતાનાં તાબા હેઠલ લાવ્યો. તેનાં રાજમાં લોકો ઘણાં સુખી હતાં, અને તેણે સંઘલા ધરમોને પોત પોતાનાં મરતબાસર રાખીઆ હતાં. તેની ઓરત અને તેનો વડો છોકરો જેને તખતનો વારેસ ઠરાવીઓ હતો, તેઓનાં મરણ પામીઆથી તે પોતાની જીંદગીની આખેરનાં વખતમાં ઘણો દુખી થાએઓ. તેણે પોતાની બુનીઆદનાં શાહજાદાઓને જુદાજુદા મુલકો બખશીઆંથી તેઓમાં પોતાની ધારણા વગરે કજીઆનું બીજ રોપીઊં, અને તેથી ફરીને પોતાનાં ખાનદાનની હુકુમતને નબલી કીધી. એ હુંગવું શાહંશાહની બરોબર ચીનનાં બીજા થોડાંજ શાહંશાહો થાઆછે, અને કોઇ પોતાનાં દેશનું ભલુ ઇછનાર ધણીએ હેવી રીતે થોડી ખુનરેજીથી પાતાનાં દેશને પરાઆ કબજામાંથી છોડવીઊં નથી ✿

તેનાં છોકરાનો છોકરો કીઇનવાન તેનાં છોકરાઓની સાંબે થાઇને, તેની પછે ૧૩૯૯ નાં વરશમાં તખતે બેઠો. એ શાહજાદો ભલમનસાઇ ભરેલો હતો, અને પોતાનાં ફરજંદ ઊપર ઘણો પેઆર રાખતો હતો. તેનાં મશલતીઆઓનાં કેહેઆથી તેણે વગર અડચણે રાજ ચલાવાને સારૂ પોતાનાં કાકાઓ જે મીન, તસીઆંગ, તસી, એ મુલકોનાં રાજા હતા, તેઓને એકાએક તખત ઊપરથી ઊ

દાડી મેલીને હલક વાંચેનાં. લોકો જેવા ફરી મુઝીઆ. પણ તેને હેવી કરૂરાઇ પોતાનાં ઘણાંજ નજીકનાં સગાઓ સાથે કરતા જોઇને લોકો ઘણાં ધીકારતા હતાં. હવે માતર એક ઇએન મુલકનો રાજા રેહેઓ, કે જે ધણી કુંગાવૂ શાહંશાહ જીવતો હતો, તેઆરથીજ એ જુવાન શાહજાદાનાં હાતમાંથી પાદશાહી અમલ છીનવી લેવાની ધારણાં દેખાડતો હતો. તે પોતાનાં ભાઇઓનું વેર લેવાને સાંરૂ થઇઇક લશકર લેઇને આગલ વધીઆઓ. અને પેહેલાં તે ઈ બાબતનો બંદોબસત કરવાની મતલબ રાખતો હતો, પણ તેનાં હાતથી તેની સાંબે મોકલેલાં શાહંશાહનાં કેટલાંએક લશકરે શીકસત ખાધાથી, તે લાગલો પાઇતખત સેહેર—નાનઝીગ ઉપર ચહડી આઓ. અને તેવામાં તેને ઈક દગાખોરે સેહેરનાં દરવાજા ઉઘાડી આપીઆ. હવે ઇએનનાં રાજાએ પોતાનું નાંમ ૧૪૦૩ નાં વરશાંમાં ઇઉંગલો રાખીઉં, અને પોતે પાએતખતનાં સેહેરમાં જાઇને જુલમગારની મીશાલે તું દીઓ ઘાત કરવા લાગો. તેથી શાહંશાહની ઓરત મેહેલમાં બલી ગેઇ, અમે ઝીઇંનવાન થઇએક શુધી બાહેર રખડીને અંતે માલમ પડીઆ વગર મરણ પાંમીઓ *

હવે કુંગાવૂ શાહંશાહનાં અમલમાં નીઆએધારાનું આરંભ બનાવા માંડેલું હતું, તે એ વખત ઉપર સમાપત થાઇ રેહેહું. એ કરવાને ઘણું ભારી હતું; પણ તે જેઆરથી પૂરૂં થાઇઉં તેઆરથી તે હમણાં શુધી નીઆએધારાનાં કાએદાની મીશાલે કાંમ લાગેછે. હવે ઇઉંગલો શાહંશાહે પોતાનાં ભતરીજાઓની તરફવાલાઓને મોહોટા ઘાતકી પણાંથી મારી નાંખીઆ પછે, તેને છેક તાતારીનાં મુલક માંહે લડા

ઇ ચલાવાનો વખત મલી આવીઓ. એ કારણ સર તે પાએ તખતને નાનકીંગમાંથી કાહાડીને પીકીંગમાં લેઇ ગીઓ, અને ૬ કશાદમાં કલદ્દરૂપ થાઆથી તેણે પોતાની ફતેહની ઇ આદગારીની નીશાન ચીચીહારનાં બીઆબાનમાં ઉઠી ઉભી કીધી. તે બીજીવારની રાની લશકરકશીમાંબી એજ રીતે ફતેહ ભરેલો થાઓ, અને વલી તે તુનકીન અને કોચીન ચીનનો મુલક ચીનાંઇ અમલનાં તાબા હેઠલ લાએઓ; એ પરમાંણે મીંગ ઓલાદનું જોર સંઘલા જંગલી લોકો ઉપર કાવીઉં હતું. તેણે હાંનલીનની મદરેસાને ઘણી કુવત આપીને વીદીઆનો વધારો કીધો, પણ ડાહાપણ ભરેલી રીતે મોહોટા વીદીઆરથીઓને અસલનાં પૂસતકો સીખવા ઉપર લગાડીઆ હતા.

તેની પછે કુંગાહી શાહંશાહ જે ૧૪૨૫ નાં વરશમાં તખતે બેઠો, તે નબલો પણ ભલો હતો, અને લોકોનો મીતર તથા વીદીઆરથીઓનો હીમાએતી હતો. તેનાં હાતમાં પાદશાહી અમલ માતર એક વરશ સુધી રહો.

સીઉએનતીહ જે ૧૪૨૬ નાં બરશમાં શાહંશાહ થાએઓ, તેણે ૧૦ વરશ રાજ કીધું. તે ડાહાપણ ભરેલી રીતે તુનકીનમાંજે રાજ કારભાર ચલાવા વીશેનો બલવો ઉઠી ઉભો થાએઓ હતો, તેની વચે પડીઓ નહી; અને ઇઉંગલો શાહંશાહે જે રાજાને રાજ સોપીઉં હતું તેને આસરો આપીઓ નહી. તોપણ તેણે તાતાર લોકોની સાંબે ફતેહ ભરેલી રીતે લડાઇઓ કીધી, અને એ રીતે પોતાનાં દેશને સંભાલી રાખીઓ. તેનાં રાજની આખેરીમાં શાહંશાહી મેહેલ બલી ગીઓ, અને તે બનાવને એ ઓલાદ

ને પડી ભાગવાનો માઠો સગુણ કરી લેખતા હતા *

ઈંગતશુંગ જેઆરે તખતે બેઠો, તેઆરે ઘણો નહાનો હતો (તેનાં રાજનો લકબ ચીંગતુંગ અને તીઇનશુનછે); જાંહાં શુધી તેની ડાહી અને ચાતૂર માએ જીવતી હતી, તાંહાં શુધી રાજની હુકૂમત સારી મજબૂતીથી ચાલતી હતી, પણ તેનો ઉસતાદ જે એક કાબેલ સખશ હતો તેનાંથી જુવાંન શાહજાદાને ઘણી ખરાબી પોંહોંચીછે. કાંકે ઈ ઘણીએ ઈક તાતારનાં રાજાને પોતાની કબૂલાત તોડીને સતાવીઓ, અને પોતાનાં ચેલાને તેની સાથે ઈક થાત ભરેલી લડાઈ કરવાને ઉસકેરી આપીઓ, પણ તે લડાઈમાં સંઘલુ લશકર શીકસતેહ થાઈહૂં, અને શાહંશાહ પોતે કેદ પકડાઓ ગીઓ. જેઆરે તે કેદ પડીઓ હતો, તેઆરે તેનાં ભાઈએ શાહંશાહી ખેતાબ લીધો, અને તે છૂટો થાએઆ પછેથી તેણે આઠ વરશ શુધી પાદશાહી ચલાવી *

ચીંગ હવા જે ૧૪૬૬ નાં વરશમાં શાહંશાહ થાએઓ, (અને જેનાં વડાવાનો લકબ હીઇનતશુંગછે), તેણે સરકશ તાતાર લોકો ઉપર પૂરતી રીતે પોતાનું વેર લીધું, અને હુકૂવાંગમાંનો એક ભારે મોહોટો બલવો બેસાડી મેલીઓ. એ ઓલાદમાં તેણે પેહેલ વેહેલો બુધનો ધરમ કબૂલ કીધો; અને તેનાં વખતથી મીંગની ઓલાદને પડી ભાગવાની નીશાન શરૂ થાઈ *

હુંગચી જે ૧૪૮૮ નાં વરશમાં શાહંશાહ થાએઓ, (અને જેનો વડાવાનો લકબ હીઇનતશુંગછે), તેનાં રાજમાં દુકાલ અને બલવો ફીસાદ ઘણો ચાલતો હતો, અને તાતાર લોકો વારેવાર હુમલા કરી આવતા હતા, કે જેઓની

સાબે એ નબલો શાહંશાહ પૂરતું લશકર લઈને મુકાબેલ
થાઈ શકતોતો નહી. બુધનો ધરમ રાખનારા લોકોનાં મો
હોટા બલવા ફીસાદ ઊપરથી હેવું માલમ પડેચ કે તેઓ એ
વખતમાં ઘણા જોરાવર થાઈ પડીઆ હશે. હેની પછે જે
ચીંગાતીહ શાહંશાહ થાએઓ (વડાઓનો લકબ વૂતસુંગ
છે) તેનાં રાજમાંબી એથી વધારે ખરાબી ચાલતી હતી;
તે હેવી રીતે કે બે સંસથાનનાં ભૂખે મરતા ગાંમડીઆ લો
કો લશકરની સફ બાંધીને કૂચ કરતા પાઈતખત શેહેર ઊ
પર પોતાની દાદચાહવાને સાકુ ચહડી આઈઆ. વલી બીજી
તરફથી તાતાર લોકો વધારે જોરેમંદ થાઈ પડતા ગીઆ,
અને તેઓનાં દોરથી રાજનો બચાવ પાછો જોખંમ ભરેલી
હાલતમાં આવી પડીઓ હતો.

કીઆતસીંગ (જેનાં વડાવાનો લકબ તસુંગશીછે), અ
ને જે ૧૫૨૨ નાં વરશમાં તખતે બેઠો, તે એક વસવ
સા ભરેલો શાએર હતો, કે જે એલમ અને તાઓનાં ફીર
કાનાં વેહેમ ભરેલા વીચારો સીખીઆમાં ગુતેલો હતો, તે
આરે મુલક સંઘલી તરફથી દુસમેનોથી ઘેરાઈ ગીહૂં હ
તું. તોપણ તેનું દીલ બુધ અને તાઓનાં ફીરકા ઊપર જે
ઘણું લાગેલું હતું, તે જલદીથી ઊઠી ગીહૂં, અને જેઓને તે
અગાઊ ઘણો ચાહતો હતો, તેઓને નીરદઆછુપણાથી હ
લાક કરવા લાગો.

આએ વખત ઊપર જાપાનનાં લોકો એક નવા શતરૂ
થાઈ નીકલીઆ, કે જેઓ હમણાં સુધી એશીઆ ખંડ ઊપ
ર કાંઈ જુજવીજ માલમ હતા, તેઓએ લડાઈનાં ઘણાંએક બા
રકસો તઈઆર કરીને, ચીનનાં આખા કેસતા ઊપર ચહ

ડી આવવા લાગ્યા. તેઓમાંથી રેહેવાશીઓને ઘણું મોહોટું નુકસાન થાતું હતું, અને તેઓનાં હુમલાનો બચાવ કરવાને માતર એજ ઉપાએ હતો કે કોસતાંઓ ઉપર મોહોટા કીલલાઓ બાંધી રાખે, કે જાંહાં લડાઈની વખતે ખેડુત લોકો જાઈને પોતાનો સંભાલ કરે. ચીનાંઈ હુકૂમત ચલાવનારાઓએ પોતાની ભૂલથી જાપાનનાં વેપારીઓને વેપાર કરતા બંધ કીધાને લીધે તથા તેઓનાં વકીલોને મોહોટું અપમાન આપીઆથી એ રીતે તેઓ પોતાનો બદલો લેવાને ઉઠી ઉભા થાએઆ હતા ❀

એ રાજમાં કોચીન ચીનનો મુલક બલવો કરીને ચીનાંઈ સત્તા હેઠલથી તદ્દન નીકલી ગીઓ, તેઆરે ઈનિતાન નાંમે એક તાતારી સરદાર શેનસીનાં સંસથાન ઉપર ચહડી આવીને તેને સઘલું ખેરાબ કરી નાંખીઊં. અને કીઆતસીંગ પોતે અમરતનું પાંણી પીને દુખી થાઈ મરણ પાંમીઓ. તેની પછે લુંગકીંગ શાહેનશાહ થાએઓ (તેનાં વડાવાનો લકબ મુહતશુંગછે), તેનું રાજ ટુંકું અને કાંઈ કેહેવા જોગ બીનાંથી ખાલીછે. કીઆતસીંગનાં રાજમાં પોરતુગીજ લોકો ચીન તરફ આવી લાગ્યા, અને તેઆરથી તાંહાં યુરોપના ધરમ અને વીદીઆનો કાંઈએક ફેલાવ થવા લાગો ❀

વાનલેહ સને ૧૫૭૩ માં જેઆરે તખત ઉપર બેઠો, તેઆરે તે માતર દસ વરસનો હતો (તેનાં વડાવાનો લકબ શીનતશુંગછે). હવે ચીનનાં માહા લાઈગાથી ઈક માંનચૂ રાજાઈ પોતાની વીખરાઈલી સાત ગાનીઆતોને પોતાની નીશાન હેઠલ લાવીઈકઠી કીધી. માનચૂ લોકોની ઉચે અથવા કીન તાતાર લોકોને વંસથી ઉતરેલા હતા, તેથી કરીને તેઓ

હજુર શુધી પોતાનાં વડાવો જે ચીનની ઉતર તરફનાં મુલ
ક ઉપર અમલ ચલાવતા હતા, તેને વીસરી ગીઆતા નહી.
અને ચીનાંઈ ખાનદરીનોની ચાલથી નાંકાંઓનાં મુલકો ઉપર
બીગાડ, થાઈ પડવા લાગો, અને જેઆરે તેઓ બાહાદુરી
માં ચીનાંઓથી સરસ ઉતરવા લાગા, તેઆરે તેઓઈ શાહ
શાહી મુલક ઉપર ચહડી આવવાને કશો ડર કીધો નહી. અ
ને જોકે તેઓને વારેવાર મારી હટાવીઆ, તોપણ તેઓ છે
લે સરવાલે લીઆઔતુંગનો મુલક હાત કરી બેઠા, કે જેને તે
ઓએ ફરીથી છોડીઓ નહી. તેઓનો સરદાર પોતાને શા
હંશાહ કરી જાહેર કરવા લાગો, અને પોતાનું જોર ચીનાં
અને તાતાર એ બંધે લોકોને પોતાની નીશાંન હેઠલ લાવી
ને વધારતો ગીઓ ❋

એ રાજમાં એક ભએ ભરેલો દુકાલ કેટલાએક સંસથા
નોમાં ચાલતો હતો. અને વાનલેહ જોકે ઘણો સારો શાહં
શાહ હતો, અને પોતાનાં લોકોનું ભલું ચાહતો હતો, તોપ
ણ એ સંઘલી ખરાબીનો ઉપાએ કરી સકીઓ નહી. તે ઉ
પરાંત વલી તે જાપાનનાં લોકો કે જેઓએ કોરીઆનો મુ
લક ફતેહ કીધો હતો, તેઓની સાથે લડાઈમાં ગુંતે
લો હતો. એ લડાઈમાં અંતે તે ફતેહ થાએઓ; પણ હેમાં
ઘણીએક ખૂનરેજી મચીઆ પછે, તેણે માન ભરેલી રીતે શુલ
હ મેલવી. તેની પછે તાઈચાંગ શાહંશાહ થીએઓ (જે
નો વડાવાનો લકબ કુવાંગતશુંગ છે), તે એક મહીનો રાજ ક
રીઆ પછે મરણ પાંમીઓ ❋

તીનકી (હીતશુંગ) જે ૧૬૨૧ નાં વરશમાં શાહંશાહ
થાએઓ, તેણે પરથમમાં લીઆઓ તુંગમાંનાં તાતાર લો

કોને મારી હટાવાને સારૂં એક મોહોટું લશકર એકઠું કીધું. તે
ણે થોડીઘણી ફતેહ મેળવી, તોપણ મુસીબત ઉપર મુસીબત
એ મીંગની ઓલાદ ઉપર આવી પડવા લાગી. કાંકે બેદા
દી અને દુકાળથી કેટલાંએક સંસ્થાનો ઉજાડ થાઈ પડી
આં હતાં, અને રેહેવાસીઓએ ભૂખમરાથી પોતાનો છુટકો
કસી રીતે જોએઓ નહીં, તેથી કરીને તેઓ નીરાશ થાઈ
ને, લુટફાટ કરનારા લોકોની ટોળીઓમાં દાખેલ થાઆ. ✿

તેની પછે ૧૬૨૮ નાં વરશમાં તશુંગચીંગ (હ્વાઈતશું
ગ) શાહંશાહ થાએઓ, તેનાં અમલમાં ઘણીજ ભએ ભરે
લી રીતની અંધેર હાલતથી રાજ ચાલવા લાગું. લી અને
શાંગ એ બંધે બેજાન ચોરોનાં સરદારો રાજ પોતાને હાંત
કરવા શારૂં ઝગડો કરતા હતા. લી શેનસીનાં સંસ્થાન ઉ
પર ચહડી આઓ, અને તેણે લોકો ઉપરનું મેહેશુલ માફ
કરીને, પોતાને શાહંશાહ કરી જાહેર કરવા લાગો. તે સંઘલા
માનદરીનોની સાથે થાત ભરેલી લડાઈ કરતો કરતો અંતે
છેક પીકીંગ આગળ આવી પોહોચીઓ, અને તેને કે દગલ
બાજે સેહેરનાં દરવાજા ઉંગાડી આપીઆ, તેથી શાહંશાહ
નાઉમેદ થાઈને પોતાનાં કુટંબને પોતાને હાતે કતલ કરી
નાખીઉં; અને એક કાગલનાં કટકા ઉપર પોતાનાં લોકો
નો બચાવ કરવા ઘણી લખીને, પોતે પોતાનાં ગલામાં ફાંસી
નાંખીને પોતાનો પરાંણ છોડીઓ, તેઆરથી મીંગની ઓ
લાદ પડીભાગી, અને તેને પાછી ઉઠી ઉભી કરવાનાં સંઘ
લા કસદો વેરથ ગીઆ. ✿

તાતરસીંગ મોગલોનાં શાહેનશાહો વીશે

અને ૧૬૩૪ નાં વરશ શીતે હમણાંનાં રાજ શુધીની હકીકત.

માનચુ તાતાર લોકો કે જેઓ હજુર શુધી લીઆઓતું ગનોજ મુલક પકડી બેઠા હતા, તેઓ ચીનમાંનાં એ બનાવો ઉપર સારીપખે નજર રાખતા હતા. વાનલેહ શાહનશાહનાં અમલમાં તેઓ ચીહલીનાં સંસથાન ઉપર ચહડી આઆ હતા, અને પાએતખત શેહેરે ઉપર હુમલો કરી આવવાની દેહેશત દેખડાવતા હતા. અને હાલમાં તેઓએ શાહેનશાહને મરણ પાંમીઆની ખબર સાંભલીઆથી તેઓ મોહોટી ફતેહ કરવાનો કશદ કરવા લાગા. એ ગનેઆતનાં લોકો ખરાબ હાલતમાંથી પોતાના એક દાનાવ પાદશાહનાં અમલ હેઠલ બાહેર નીકલીઆ હતા; તે પાદશાહનો ખેતાબ તીઅનમીંગ (ખોદાની તકદીર) હતો, અને તેણે પોતાનાં દેશાભાઈઓને શુધારીને, તેઓને લખવાનાં અખેરો સીખવીઆ. તેનો છોકરો જેનુ નાંમ તશુંગતીહ હતું (તાઈતશુંગ) તેણે ચીનાં લોકોની વીટીઆમાં ઘણો વધારો કીધો હતો; અને ચીનાંઓ સાથે લૂટફાટની લડાઈઓ કરતાં, તેણે પોતાનાં સવારોને ઘણી સારી અને દલેરી

ભરેલી ફવાએદ સીખવી હતી. તેઓને તેં લીઆઓતુંગ
નાં નાંકાંઓ ઉપર લેઈ ગીઓ હતો, કે જાંહાં વુસાનફવે
નાંમે ચીનાંઈ સુરા સરદારે તેને અટકાવી રાખીઓ હતો.
પણ તસુંગ ચીગાની ભએભરેલી આખરની ખબર માલમ
પડીઆથી તે સરદારે જલદીથી લડાઈ બંધ કરીને, ચોરોનો
સરદાર લીતજીચીંગ, જે સંઘલી પાંતીની કરૂરાઈ ભરે
લો હતો, તેને તારાજ કરવાને સાઉ જંગલી લોકોને પોતા
ની મદદે લેઈ ગીઓ. તે ચોરોએ મોગોલ અને માનચૂ લો
કોની ફોજની મદદથી તદન સીકસતેહ ખાધી ; પણ તે
મદદે આવનાર લોકોને કબૂલ કીધેલી ચોઠ આપતાં છતાં
બી તેઓ પોતાને વતન પાછા ગીઆ નહીં.

વુસાનફવે અને માનચૂ લોકોની વચે હજુર મસલહ
ત થાતી હતી, એટલામાં તસુંગતીહ મરણ પાંમીઓ. તેથી
માનચૂ અમીરો ફતેહ ભરેલી રીતે પીકીંગમાં દાખેલ થાઆ
અને તેઓએ તેનાં ભતરીજાને સુનચીનું નાંમ આપીને (વડા
વાનો લકબ શીતસૂચાંગહવાંગતી) ૧૬૪૪ નાં વરશમાં તખ
તે બેશાડીઓ. હેવામાં નાનકીનમાં માનદરીન લોકોએ ચી
ગતસુંગ શાહંશાહના છોકરાનો છોકરો ચૂઈઉસુંગને શાહં
શાહ કીધો. અને હજુરબી તાતાર લોકોનાં હાતમાંથી રાજનો
સંભાલ થાઈ સકતે, કાંકે તેઓ ઘણાં થોડા લોકો હતા, અ
ને તેઓની ઉપર ચીનાં લોકોનું વેર ઘણું હતું ; પણ ચીનાંઈ
શાહંશાહ જે પોતાનો ઘણોખરો વખત ખોજાઓ અને
ઓરતો સાથે બેસીને ગુજારતો હતો ; તેથી ફરીને તે ઘ
ણો હીચકારા સરીખો થાઈ ગીઓ હતો.

તાતાર લોકોની સાંજે, જે ચીનાંઈ લશકર મોકલીઉં હ

તું, તેને તેઓએ જલદીથી હરાવીને નાનકીનનું શેહેર પોતાને હાત કરી લીધું; તેથી ફરીને શાહંશાહ પોતાનાં લોકોથી જુદો થાએલો પોતાને જોઇને, ઇઆંગતજીકીઆંગ નદીમાં પડીને ડુબી મુવો. હવે મીંગની ઓલાદના યૂઆન. નાંમે એક બીજા ધણીએ હાંગચૂનું સેહેર લઇને, ફતેહ ભરેલા તાતાર લોકોની સાંબે આવાની વાત જોવા લાગો *

માનચૂ લોકોએ મીંગની ઓલાદની તરફ વાલાઓથી પોતાની તરફનાં લોકોને ઓલખવાને સારૂં પોતાની સંઘલી પરજાને પોતાની ચાલ પરમાંણે માથું બોરાવીને, ચોટલી રાખવાનો હોકમ કીધો. પણ એ હોકમથી એક ભારી બલવો ઉઠી ઉભો થાએઓ, કે જેમાં ઇઆંગતજીકીઆંગ નદીનાં દખણ તરફનાં કાંઠાઓ ઉપર માનચૂનું લશકર લગાભગ તારાજ થાઇ ગીઊં હતું *

ઈ વખતે જો ચીનાંઓ પાસે લોકોને ગમતો અને કાબેલ સરદાર હતેતો, માનચૂ લોકો જેવા જલદીથી તેઓનાં મુલકમાં દાખેલ થાઇઆ તેવાજ તેઓને હાંકી કાહાડતે. પણ તાતાર લોકો પાકું પોતાનું બલ મેલવીને દમપરદમ ચીકીઆંગ અને ફોકીઇન એ સંસથાનો ઉપર ચહડી આઇઆ. હેમાંનાં બીજાં સંસથાનમાં તાંગનાં રાજાને તેઓએ કેદ પકડીને, કુહચૂ જે પાએતખત સેહેર હતું, તાંહાં લાવીને ગરદન મારીઓ *

એ ઉપરથી એક મોહોટો ગભરાટ ઉઠી ઉભો થાએઓ. અને તાંગનાં બાઇ ઇઊંગલેહને કતાનમાં શાહંશાહ કીધો, અને જોકે તેને પોતાની દરબારમાંથી નાહાસવું પડીઊં હતું, તોપણ તેણે કુવાંગસીમાં તાતાર લોકોનાં સવારોને

મારી હરાવીઆ. હેવાજ બુલવાઓ કુકુવાંગ અને શેનસી
માંબી ઉઠીઉભા થાઆ; પણ ચીનાં લોકો એકસંપી નહી
હતા, તેથી ફરીને તેઓ હેવા વખતમાંબી ફાવી સકીઆ
નહી. અને હુંગલેહને પોતાનાં લોકોથી એખલો પડીઆ
ને લીધે અંતે આવાનાં રાજા પાશે નાહાશી જાવૂં પડી
ઉં. તોપણ તેણે ફવેચ્યૂમાં પાછો બલવો ઉઠીઉલો કરવાનાં
કસદો કીધા, પણ વૂસાનફવે જે માનચ્યૂ લોકોને મદદે લે
ઇ આઓ હતો, તેણે તેને દગાથી મારી નાંખીઓ ❀

માનચ્યૂ લોકોનું લડાંઇનું કામ હમણા શુધી અમવાંગ જે ઈ
ક દાનાવ શાખસ હતો, તે ચલાવતો હતો. એ લોકોએ આત
ર ખોદાની બખશેસથી ચીનાંઓની ઉપર અમલ મેલવી
ઓછે, કાંકે આટલા બધા કરોડો લોકોને પોતાનાં કબજામાં
લાવવાને લાએકની તેઓમાં બાહાદૂરી અથવા દાનાઇ હ
તી નહી. તોપણ તેઓની નીશાન હેઠલ કેટલીએક મોંગો
લ લોકોની ગનેઆતો એકઠી થાઇ હતી, અને ઘણીએક
ચીનાંઓનાં લશકરેબી તેઓનાં સરદારોનાં અમલ હેઠલ
લડાઇઓ કીધીછે ❀

સને ૧૬૫૧ માં અમવાંગ જે પોતાનાં ભતરીજાનાં બા
લકપણાને લીધે રાજનો કારભાર ચલાવતો હતો, તેનાં મ
રણ પામીઆથી શુનચી એખલો રાજ ચલાવા લાગો. તેને
રાજ કારભાર ચલાવાને એક જરમાની દેશનાં મીશનેરીએ
સારીપએ સીખવીઓ હતો, અને ઈ રીતે રાજ સંબંધું ફેરફાર
થાઇ ગીઆથી જે બલવો ફીસાદ અને ખરાબી ચાલતી હતી,
તે હમણા સમાધાની ઉપર આવવા લાગી. હવે માતર ચી
ગાંચીગ કુંગ નામે એક ફોજીઇનનો સરદાર રહે, કે જે પે

હેલાં એક દરીઆઈ ચોર હતો, અને તેઆર પછી ચીનાં
ઈ સમુદરોમાં શાહંશાહની આખી ફોજોની સાંમે થાઈને
પોતાનાં દેશનું ભલું ઈછનાર થાએઓ. જેઆરથી તેનો બા
પ માનચૂ લોકોની દગાલબાજીથી મારીઓ ગીઓ, તેઆ
રથી તેણે પોતાનાં દેશનાં શતરૂઓ ઉપર વેર લેવાના ઘણા
જ ભારી સોગંદ લીધા હતા. જોકે તે ખુશકીની લડાઈમાં
તથા નાનકીંગ ઉપરનાં હુમલામાં ફતેહ પામીઓ નહીં, તો
પણ તેણે સમુદરમાં ૪૦૦૦ તાતાર લોકોને કેદ પકડીઆ
હતા, અને પોતાનાં વેરનાં બદલામાં તેઓ સંઘલાંના કાંનો
કાપી નખાવીઆ. પણ તે અંતે નીરાસ થાઈને ફારમોસા
તરફ નીકલી ગીઓ, કે જાંહાંથી તેણે દચ અથવા વલંદા
લોકોને હાંકી કાહાડીને, ઘણુંએક સુધી તે માનચૂ સરકાર
નેં હેરાન કરતો રેહીઓ.

સુનચીએ માતર અગીઆર વરસ સુધી રાજ કીધું. ત
એક ઓરત સાથે અનથટતી રીતે આશક પડીઆથી સ
ને ૧૬૬૨ નાં વરસમાં મરણ પામીઓ. તેનો છોકરો નાંમ
દાર કાંગહી જે નહાનો હતો, તેથી ફરીને રાજનો કારભા
ર નાએબો ચલાવા લાગા. તેઓએ ફારમોસાનાં દરીઆઈ
ચોર સાથે સંઘલી પાંતીનો વેહેવાર બંધ કરવાને સારૂ કોસ
તા પરનાં સંઘલા લોકોને માંહેલા ભાગમાં આવવાનો હોક
મ કીધો, પણ તે કામને જુવાન પાદશાહે નાપસંદ કીધું.

કાંગહી શાહંશાહ પોતાનાં મુલકને સંઘલી પાંતીથી સું
ધારવાને ચાહતો હતો. તેણે તાબરતોબ રાજની હુકુમત
પોતાનાં હાતમાં લીધી, અને રાજનો કારભાર ચલાવનાર

તરણ ધણીઓમાંનાં એક ધણીને કાંઇ વાંક ઉપરથી મારી નાંખવાનો હોકમ આપીઓ, અને વૂસાંનકવે ઉપરથી શકગીઆથી તેણે તેને પાએતખતનાં શેહેરમાં બોલાવી મંગાવાનો હોકમ કીધો, તેથી તે ખોલી રીતે બલવો કરી ઉઠીઓ, અને તેની મદદે કોકીન અને કુવાંગાંતુગાનાં હાકેમો અને કારમોસાનાં વખણાએલા દરીઆઇ ચોરનો વારેસ આઓ હતો ; તેઆરે એક મોંગોલનો પાદશાહ ઉતર તરફથી હુમલો કરતો હતો, હેવી જોખમ ભરેલી બાબદમાં કોંગહીની બાહાદુરી અને કાબેલીઅતને પરશીધ થાવાનો વખત મલીઓ હતો, મોંગોલ લોકોની સાંબે તે પોતે જાઇને તેઓને જલદીથી શીકસતેહ કીધા, અને પેલા હાકેમોને પરથમમાં, કિ બીજાથી જુદા પાડીઆ, પછે પોતાનાં સરદારો મોકલીને એક પછી એકને જેર કીધા ; અને તેથી વૂસાનકવેને ભુનનાન તરફ નાહાસી જાવું પડીઉં, કે જાંહાં તે પોતાનાં મોહોતે મરણ પાંમીઓ, એ પરમાંણે તેણે લદીથી હાવો ત્યારે મોહોટો બલવો બેસાડી દીધો, તેથી કરીને આખા રાજમાં તેની કીરતી વખાણાવા લાગી.

ઇલૂથ અથવા કાલમક લોકોનાં સરદાર કલદાખાન સાથેની લડાઇ એથી વધારે લાંબી અને બખેડા ભરેલી હતી. તે એક લોભી અને કજીઆખોર સરદાર હતો, કે જે નબલા કાલકા લોકોને ખરાબ કરીને પોતાને મોહોટો કરવાને ચાહતો હતો. કાંગહી શાહંશાહે જોઇઉં કે જો તે પોતાનાં કસદમાં કાવીઓતો, ચીનનાં નાંકા ઉપર એક ભારી શતરૂ થાઇ પડશે. કાંગહીએ કેટલીએક લડાઇઓ કીધાપછે, શતરૂને નમતો કીધો, એટલુંજ નહી પણ કાલકા લોકોનેબી પોતાને તાબે કરી લીધા. તે પોતે પોતાનાં

લશકરને માથે સરદારી ચલાવતો હતો, અને પોતાનો ફરસદનો વખત ગણીત શાસતર શીખવામાં કાહાડતો હતો. રુશીઆન લોકો કે જેઓએ પોતાનો તાબૂકો આમૂર નદી સુધી ચલાવીઓ હતો, તેઓની પાસેથી તેણે પોતાનાં એલચીઓની સાથે લશકર મોકલીને કરારબંદી કરાવી લીધી. તેને ચીગચીગ કુંગનાં વારેસે અરજ કરીને, પોતાનો ફારમોસાનો તાબૂકો સવાધીન કીધો. કલદાખાને જે જઘડો ઉઠાવીઓ હતો, તેની વચે પડીઆથી કાંગહીએ મોંગોલીઆની બાબદમાં પોતાની ચહડતી કીધી હતી. એ પરમાંણે પોતાનાં શતરૂઓ ઉપર સંઘલી તરફથી ફતેહ મેલવીઆથી, તે રાજની હુકૂમત સુધારવા ભણી પોતાની સંઘલી મેહનત કરવા લાગો. તેણે હાંનલીનની મદદે સાનાં પંડીતો કે જેઓ પોતાની કાબેલીઅતનો દાખલો બતલાવી સકીઆ નહી, તેઓને હાંકી કાહાડીઆ. તેનાં હોકમથી ચીનની એક મોહોટી ફરહંગ તઈઆર થાઇ, અને તેણે હેવુંજ એક પુસતક મોનચૂ જુબાનમાં પણ તઈઆર કરાવીહૂં હતું. તેજ એખલો એક ધણી હતો, કે જેણે યુરોપીઆન લોકોનાં હુનર હાંસેલ કરવાનો કસદ કીધો છે, અને તેને ધરમની અસલી રીત ઉપર વલગી રેહેવાની ચાલ છોડવવાનાં ઘણાએક ઉપાએઓ કીધા, પણ માઠા લાએગથી તેમાં તે પૂરતી રીતે ફાવીઓ નહી. તે પોતાનાં આખેરનાં દાહાડામાં પોતાનો છોકરો કે જેને તખતનો વારેસ ઠરાવીઓ હતો, તેની ચાલ ઉપરથી ઘણો દલગીર થાએઓ હતો. તેણે સાહાઠ વરસ સુધી ચીનની પાદશાહી કીધી, અને તેનાં જેવો કોઇ બીજો શાહેનશાહ ચીનનાં તખત ઉપર બેસા

જીઓ નથી. તેનાં વડાવાનો લકબ રીગાતસ્રૂ જીનહવાંગા
તી હતો.

તેની પછે હવૂંગચીંગ જે સને ૧૬૨૩માં તખતે બેઠો, તેણે શાહશાહી મરતબો ગેરવાજબી રીતે મેલવીઓ હતો; કાંકે તેનો ભાઇ કે જેને તખતનો વારેસ ઠરાવીઓ હતો, તે પોતાનો બાપ જે વખતે મરણ પામીઓ, તે વખતે તાતારીમાં ગીએલો હતો. તેણે પોતાની સતા બેસાડવાને સારૂં, પોતાનાં અતબગાનાં સગાઓ ઉપર અનઘટતી રીતે દોશ લાવીને તેઓને દેશનીકાલ કીધા, કાંકે તેઓ જબરદસતીથી મેલવેલા મરતબામાં શામેલ થવા આવે નહીં. તોપણ તેનો એક ભાઇ કે જેની ઉપર તે પોતાનો ઘણોજ ચાહ રાખતો હતો, તેને હમેશા પોતાની પાસે રાખીને રાજની હકૂમતમાં શામેલ કીધો હતો. તે તેનાં મરણ પામીઆથી ઘણોજ દલગીર થાઓ, અને પોતાનો મોહોટો ગમ દેખડાવાને સારૂં તેની લોથને થણુંએક શુધી બાહેર રખાવી, અને તેઆર પછે એક પરતી ચાર મેલની ગોર બંધાવીને તેમાં તેને મુકી.

હવૂંગચીંગે પરથમમાં કરીસતી ધરમનો જે કાંઇએક પેલાવ થાએઓ હતો, તેને તે ધરમનાં ઉપાધીઆઓનાં કાવતરાં અને ફીતૂરને લીધે બંદ કરીને, ઘણાંક મીશનેરીઓને કંનતાન તરફ કાહાડી મેલીઆ. તે રાજકારભારની બાબદમાં ઘણીજ મેહેનત કરતો હતો, અને જોકે તેનું રાજ તેર વરસ શુધી ચાલીઊં, તોપણ રાજમાં અથવા રાજની હદ ઉપર કસો બખેડો ઉઠી ઉભો થાએઓ નહીં. તે પોતાનું નાંમ ઘણું સરસ ફરમાનો જાહેર કરીને મેલવવા ચાહતો હતો. એ સઘલા ફરમાંનો મોહોટી ખુબી ભરેલાં આલમ પ

ડેછે, તોપણ તેઓમાં લખીઆ પુરમાંણે તેની નેકીનો શુમાર બરોબર આવતો નથી. તેનાં રાજમાં કેટલીક આફત આવી પડતી હતી. તે હમેશાં દુખી થાકેલા-લોકોની મદદ કરતો હતો, અને તેઓની મુશીબતનો દોશ પોતાની ઉપર લેતો હતો. એ રીતે પોતા ઉપર દોશ લેવાને અસલથી ચાલતું આવ્યુંછે; અને ચીનાંઈ ગરંથમાં હેવા માઠા વખતને સારૂ શાહેંશાહને પઢવા શેકી બંદગી લખેલીઓછે. તે મરણ પાંમીઆ પછે સને ૧૭૩૫ માં તેને વડાવાનો લકબ શીત શુંગ હીઆન હવાંગતી કરીને મલેઓછે.

કીઅનલુંગ જે તેની વગર પરણેલી ઓરતને પેટનો છોકરો હતો; તે તેની પછે તખતે બેઠો. તે પરથમમાંજ મોહોટાઈ ભરેલા વીચારોથી ભરપૂર હતો.

ઈલુથ લોકો જોકે વારેવાર શીકસતેહ થાઆછે, તોપણ તેઓ હજુર શુધી એક જોરાવર ગનેઆત હતી, અને તુરકસતાન તથા ઈલીનાં પરાંતોમાં જાઈને વસેલા હતા. તેઓનાં બે સરદારોએ પોતાનાં કજીઆનો ચૂકાદો કરવાને સારૂં કીઅનલુંગને લવાદી આપી, પણ તેઓને તરતજ માલમ પડીઉંકે એ રીતે કીધાથી તેઓ તેનાં કબજામાંઆવી ગીઆછે. તેઓએ ચીનાંઈ લશકર જે આઈઊં હતું, તેને હાંકી કાહાડવાનાં ઘણાંબી ઉપાઓ કીધા, પણ તે સંઘલા વેરથ ગીઆ, અને જેઆરે કરરાઈ ભરેલા માનચુનાં સરદારોનાં હાત હેઠલ તેઓનાં ઘણાંએક લોકો કતલ થાઈ ગીઆં, તેઆરે તેઓ વગર હરકતે તાબે થાએઆ. હેવીજ કજાં મહંમદી ગનેઆતનાં લોકો, કે જેઓ પડોશમાં રેહેતા હતા, તેઓ ઉપરબી આવી પડી. કાલમક

લોકો ઉપર જે લઈ ભરેલી મુસીબત આવી પડતી હતી, તેથી કરીને તેઓનાં બે સરદારો જેઓને જોકે ઝીઆનલુંગે વધારી આ હતા, તોપણ તેઓઈ બલવાની નીશાન ઉઠી ઉભી કીધી. પણ તેઓ દગાલબાજીથી જેર થાઈ ગીઆ, અને માનચુ લોકો નો અમલ ખૂન અને જપતી કરીઆથી વધી પડીઓ. અ ને તેઓનાં પરાંતને તાબે કરીને તેનું નાંમ ઇલી નાંમે તે નાં પાએતખત શેહેર ઉપરથી રાખીઊ.

એ ખૂન ભરેલી ફતેહ થાએઆથી ઝીઆનલુંગને બીજા વધારે મોહોટા કાંમો ઉપર હાત નાખવાની હીમત આ વી. હીંદોસતાનનાં મુલકમાંથી મોહોટો દરવ મલેછે, એ વું શાંભલીઆ ઉપરથી તેણે બરહમાનાં મુલકની ફતેહ ક રવાનો કસદ કીધો. તેનું તે તરફ મોકલેલું પેહેલું લશકર તા રાજ થાઈ ગીઊ. અને બીજું લશકર જે વખણાઈલા સરદાર અકવેની તાબેદારી હેઠલ મોકલીઊ હતું, તેબી બેહેરમ તી ભરેલી કરારબંદી કીધાથી પાછું સલામત આઈઊં. તેની થોડુંએક પછે નવા ફતેહ કીધેલાં પરાંતોમાંનાં મુસલ માન લોકો પાછા બલવો કરી ઉઠી ઉભા થાઆ, અને પો તાનાં છુટકારાને સાહું જીવ ઉપર આવીને લડાઈ કરવા લા ગા. પણ તેઓ પોતાનાં ઘણાએક શતરૂઓથી આખેર થા ઈને ઘાતકીપણાથી મારીઆ ગીઆ.

જોકે ઝીઆનલુંગો બરહમામાં મોહોટી શીખસા ખાધી હતી, તોપણ તેપરીથી કોચીનચીનનાં શાહજાદાઓ વચેનાં કજીઆ માં દાખેલ થાઓ, અને એક પોજને તખતનાં ખરા વારેશ ને મુકરર કરવા સાહું તથા તે મુલકને પૂરૂં જેર કરવાનો પાએઓ નાખવાને સાહુ મોકલાવી. પણ તાંહાંનાં લોકો ઈ

ફેદમ ઊઠીઊભાં થાઈને, ચીનાંઈ લશકરને સંઘળું કતલ કરી નાખીઊં.

પણ તીબેતનાં મુલકમાં શાહ્શાહ પોતાની સતા બેસાડ વામાં સારીપઠે ફતેહરૂપ થએોછે, કાંકે, એ મુલકને ગોર કા લોકો લૂટી લંઈ ગીઆ હતા, અને શાહ્શાહ પોતાને દલાઈ લામાનો આસરો આપનાર જાંણીને, તેણે તાબરતો બ તે લૂટારાઓ પાસેથી સંઘલી લૂટ છીનવી લેવાને સારૂ એક ફોજને મોકલી. એ પરમાંણે તે મુલકનાં ઊપાધીઆ ઓ ઊપર એહ્શાનનો દાવો કરીને, તેણે તે રાજની હુકૂમત પોતાની ઇછા પરમાંણે મુકરર કીધી, અને મુલકને પોતા ની તાબેદારી હેઠલ લાએઓ, કે જે હાલતમાં તે આજનાં દાહાડા શ્રુધી રેહેલુંછે.

તેણે પારકા મુલકમાં ફતેહ મેલવીઆ છતાંબી તેની પો તાની પરજાનાં લોકો વારેવાર બલવો કરીને સાંબે થાતાં હતાં. સઝીયૂએનનાં સંસથાનમાંનાં બાજે તુરકાન અથવાં તીબેતની ગનેઆતનાં લોકો ઘણાંજ ફીતનાંખોર હતા, અને તેઓ જોકે થોડા લોકો હતા, તોપણ તેઓએ પો તાની આખેર શ્રુધી પોતાનો સંભાલ કીધો. તેથી શાહ્શા હે તેઓનાં સરદાર ઊપર પોતાનું વેર ઘણી લઅેલ રેસી રીતે લીધું. શાનતુંગનાં સંસથાનમાં એક ઊપાધીઆ એ ઘણો લએ ભરેલો બલવો ઊઠાવીઓ હતો. અને જો તે બલવાખોરોએ પોતાનાં છુપાં ફીતૂરો ચલાવામાં જેવી ચોક સાઈ રાખી હતી, તેવીજ તે કામ પાર ઊતારવામાં રાખી હતેતો, પાએતખત સેહેર તેઓને હાંત આવત, અને રાજ ઊલટ પાલટ થાત. પણ કાંઈ અજબી જીત મેલવીઆ પ

છે, તેઓ, પોતાનો વખત ખૂશીમાં પડીને કાહાડીઆથી, તે
ઓ વીખરાઇ જાઇને પાએમાલ મલી ગીઆ. શાનસીનાં
સંસથાનમાં પીહલીઇન કીઆઓ (સફેદ કમલનાં ફુલનો
ફીરકો) એ નાંમે એક ધરમ આચારી ફીરકાનાં લોકો સ
રકારની સાંભે બાહાદુરીથી લડતા હતા. તેઓએ શુરાપણા
થી પોતાનો સંભાલ કીધો, અને જાંહાંશુધી તેઓનાં બેકુ
સરદારો લડાંઇનાં મેદાનમાં નીચે પડીઆ, તાંહાં શુધી તે
ઓ હટીઆ નહી. તોપણ કારમોસામાંનો બલવો ઘણોજ
ભએ ભરેલો હતો. અને તેને નરમ પાડવામાં શાહંશાહનાં
સંઘલા ઉપાએઓ નકામા ગીઆ. એ સરકશ બલવાખો
રોને નમતા કરવામાં ઘણોએક ખજાંનો અને માણસોનાં
જીવની નુકસાની થાઇ, તેથી કરીને કીઇનલુંગ પોતાનાં
આખેરનાં દાહાડામાં ઘણો ગમગીન થાએઓ. કૈચ્યૂ, સ
ગીચૂએન, અને હુનાનમાં મીઆઓતજી લોકો ઉપરં જે
ચીનાંઇ માનદરીનો ઘણો જુલમ કરતા હતા, તેથી કરીને
તેઓ પોતાનાં પાહાડોનાં કીલા ઉપરથી ઉતરી આવીને, ચી
નાં લોકો ઉપર લૂટફાટ ભરેલી લડાઇ ચલાવા લાગા. એ લ
ડાઇ કીઇનલુંગ શાહંશાહ મરણ પાંમીઓ તોભી ચાલતી
હતી; અને મીઆઓતજી લોકો પાછા હટીને પોતાની ખો
ઓમાં ભરાઇ બેસતા હતા, અને જોકે પીકીંગનાં અખબા
રમાં તેઓને તદન તારાજ થાઇ ગીઆની ખબર નીકલતી
હતી, તોપણ તેઓ પોતાનાં વડાઇખોરા સતરુઓ સાંભે
શુરાપણાંથી ઉભા રેહેતા હતા ✿

કીઇનલુંગે પોતાની સાહાઠ વરસની લાંબી મુદતનાં રા
જમાં ઘણી મોહોટી નાંમદારી મેલવી હતી. તે પોતાનાં શા

તકુઓ ઉપર ઘણોજ ફરૂર હતો, અને ઘણીએક લડાઈઓ પોતાની ફતેહમંદીને ખાતર કીધી હતી; તે પોતાનાં લશ્કરને માથે કદી દીસતોતો નહી, પણ પોતાનાં સરદારોને ફતેહ કરવાને સારૂં મોકલતો હતો, અને જો તેમાં તેઓએ ખતા ખાધીતો તેઓને ગારદન મરાવતો હતો. તેણે માનચૂ લોકોનાં હથીઆરની દેહેસત પડોસનાં જંગાલી લોકોમાં ઘણી બેસાડી મુકી હતી, અને પોતાનાં રાજની હદનો મોહોટો ફેલાવ કીધો હતો. તેનાં રાજને વલંદા, અંગરેજ, અને ફરંગી લોકોએ પેગામ મોકલીને માંન આપીઊંછે. તેણે રૂશીઆનનાં મુલક સાથે લડાઈ ચલાવાને શરૂ કીધું હતું, પણ ચીનનાં સારાં લાએગાને લીધે તથા તે મુલકનાં વેપારની બાબત થકી પાછું સંધલું શુલેહ ભરેલી રીતે સમાધાની ઉપર આવી ગીઊં.

તે ચાલાક, મજબૂત, અને અક્લેમાંની પાદશાહ હતો; અને મુલકને શુધારવાને સારૂં હમેશાં સંસથાનોમો સેર કરતો હતો, પણ તેણે કદી ઇઆંગતજીકીઆંગ નદી પાર કીધી નથી. હેવું કેહેછે કે તેણે તરણ વાર લોકો ઉપરનું મેહેશુલ માફ કીધુંછે. તેનાં બંદોબસતથી માનચૂની સરકારને મોહોટી પાએદારી આઈછે; અને તેણે લાખોલાખ ચીનાંઓ ઉપર ઘણી મજબૂતીથી અમલ ચલાવીઓછે, તે હેવી રીતે કે સરકસ લોકો પોતાની ફરીઆદ જાહેર કરી સકંતતા નહી. જોકે તે ચાલૂ લડાઈમાં ગુતેલો હતો, તોપણ તે નજમ તથા નસર નવીસ હતો, અને તેણે પાએતખત શેહેરમાં એક ભારે મોહોટો કેતાબનો જથો મેલવીઓ હતો. તેણે પોતાનાં છોકરા કીઆકીગને પોતાનું તખત સોપીઊં, અને તે

બારપછી તે ૪ વરશે મરણ પાંમીઓ. તેનો વડાવાનો બેતાબ કાઓતશુંગ હવાંગતીછે. તેણે વારેવાર પોતાનાં જાએનશીનો પસંદ કીધા હતા, પણ તેઓનાં મરણ પાંમીઆથી તે ઘણો દલગીર થઈઓછે. અંતે તેની છેલી મરજી કીઆકીંગ ઉપર થાઈ, પણ તેની કાબેલીઅત ઉપરથી જે ઉમેદ રાખતા હતા, તે જુજવીજ બર આવી *

કીઆનલુગાંની મજબૂતી ભરેલી હકૂમતમાં જે બલવાઓ દબાઈ રેહીઆ હતા, તે હવે બાહેર નીકલી આઈઆ. પણ કીઆંકીંગ નબલો અને બેલગામ પાદશાહ હતો, તેથી કરીને તેણે તે બલવાખોરોને લાંચ રસવતથી નરમ પાડીઆ, અને તેઓનાં સરદારોને લશકરી ઓહોદા આપીઆ. તેને શાહશાહી મરતબો આપીઆથી તેનાં ભાઈઓને માઠું લાગું હતું, તેથી તેઓએ અંતે મેહેલમાં બલવો ફીસાદ ઉઠી ઉભો કીધો. અને જો તેની મદદે તેનાં માતર થોડાઈક અમલદારો અને સગાઓ ઉતાવલે આવી પોહોંચતે નહીતો, તેમાં તેનો જાંન બંચવો ઘણો મુશકેલ હતો. હેવી વાત ઉપરથી તે ઘણો દલગીર થાએઓ, અને પોતાનો શક કાહાડી નાંખવાને સારૂં પોતાનાં ઘણાં નજદીકનાં સગાઓને કરૂરાઈ ભરેલી રીતે હલાક કીધાં *

કોસતાઓ ઉપર દરીઆઈ ચોરો કેટલાએક વરશ સુધી મોહોટી ખરાબી કરતા, અને તેઓ એટલાતો વધી પડીઆ હતા, કે તેઓને બેસાડી મુકવાનાં સંઘલા કસદો વેરથ જાતાં હતાં. એ દુશટ લોકો સમુદર પરનાં બંદરોમાંનાં ગરીબ લોકો ઉપર ભએ ભરેલી કરૂરાઈ કરતા હતા, અને જે માનદરીનો તેઓનાં હાતમાં આવતા હતા, તેઓને ઘણાજ

હુલાક કરતા હતા. તેઓને અંતે જરનાં જોરથી નમતા કીધા ; અને તેઓનાં અગાઊનાં સરદારની વીધવા જે તેઓ ઉપર અમલ ચલાવતી હતી, તેને મોહોટા માનથી રાખીને, તેઓનાં અમલદારોને વાંહાણખાતાનાં કાફલા ઉપર મુકરર કીધા ; પણ થોડાએક કમબખતોને ઇનસાફને માંન આપવા સાઉં કતલ કરાવીઆ. એ ઓરત જે હજુર શુધી જીવતીછે, તે સીવાએ ચોકસ કરીને બીજી કોઇ ઓરતે સમુદર ઉપર લડાઇનાં કાફલાની સરદારી ચલાવી નથી ❀

જુલમે એક વરશબી રાજનાં હરેક ભાગામાં બલવો ફીસાદ ઉઠીઆ વગર ખાલી જતુંતું નહી. ચીહલી, હોનાન, અને શાનટંગ એ સંસથાનોમાં ચોરોની ટોલીઓ સરકારની સંથલી સતાની સાંબે ઉઠી રેહેતી હતી. તેઓએ એકવાર ખોલી રીતે હુમલો કરીને મેહેલ હાંત કરવાનો કસદ કીધો હતો, અને શાહંશાહ પોતે ભારે જોખમમાં આવી પડીઓ હતો, પણ તેનાં છોકરાઓમાંનો એક છોકરો જે હમણાનો શાહંશાહ થાએ, તેણે પોતે તે ચોરો ઉપર બાર ગાહારીઆં, અને તેની હીમત જોઇને, બીજાઓબી તેની મદદે દોડી પોહોંચીઆ ❀

એ બેહોરમતી ભરેલા હુમલામાંબી શાહંશાહી કુટંબમાંનાં કેટલાએક ધણીઓ દાખલ હતા. તેથી કીઆકીગાને મોહોટું દરદ ઉપજીઉં, અને પોતાની આબરૂનો બચાવ કરવા સાઉં કેટલાએક ફાએદા ભરેલા કાએદાઓ જાહેર કીધા. તેણે રાજની હુકૂમતની ખબરદારી બીજાઓને સોંપી હતી, અને પોતાનો ઘણોખરો વખત બાજીગરો અને

બેસીઆ ઓરતો સાથે બેસીને ગુજારતો હતો *

કીઆકીંગ પોતે હરેક બલવો ફીસાદ નરમ પાડવાને ગીઓ નથી, તોજોકે એકપછી એક સંસથાનનાં લોકો હથીઆરબંદ સાંબે થતાં હતાં. તે પોતાનાં પડોસીઓ સાથે સુલેહ રાખતો હતો, અને તેનાં બાપે જે મુલકો ફતેહ કીધાં હતાં, તેનો સંભાલ કરતો હતો. તેનાં આખા રાજમાં તેણે એકુબી નાંમદારી ભરેલું કાંમ કીધું નથી. જેઆરે મુલક ઉપર કાંઇ આફત આવી પડતી હતી, તેઆરે તે લોકો ઉપરની સીખસા અને મેહેસુલ માફ કરતો હતો, અને ઘણાં જ મેહેરબાંની ભરેલા સબદો લોકોમાં જાહેર કરતો હતો. તોપણ તેનાં રાજમાં લાંચ રસવતની રીત ઘણી ચાલતી હતી, અને તેથી કરીને તેનાં ઘણાખરાં હોકમ નાંમાંઓ નકામાં થાઇ પડતાં હતાં. તેની અંધેર હુકૂમતથી રાજનો કારભાર ઘણો બીગડી ગીઓ હતો; અને એવી હાલતમાં તે સને ૧૮૨૧ માં તાઓકુઆંગને રાજ આપી ગીઓ *

તાઓકુવાંગ (અકલનો પરતાબ) કે જેણે પોતાનાં શાહેનશાહી બાપનો મોહોટો બચાવ કીધો હતો, તેથી કરીને તેને તેનાં બાપે પોતાનો જાંનેનશીન મુકરર કીધો. તેણે તખત ઉપર બેસતી વખતે આંએ નીચે લખેલું ફરમાંન જાહેર કીધું હતું *

"આપણો નેક બુજુરગાવાર કાંગહી, અને પોતાનાં જમાનાંને જેબનો આપનાર શાહેનશાહ ઇઊંગચીંગ, અને મોહોટા મરતબાનો કીઅનલુંગ, એ સંઘલાઓ જે ખૂબી તથા દલેરી ભરેલા હતા, તેઓએ રાજનો પરતાબ ઘણો વધારી ઓછે, અને સંઘલું સુલેહ ભરેલી સંમાધાનીમાં લાવી મુકી

છુંછે. અને હમણાનાં મરનાર શાહંશાહે ચોવીશ વરશ શુધી મોહોટી ખબરદારી અને કોશેશથી રાજ ચલાવીછુંછે. તે ઘણીજ સારી રીતનાં ધારાઓ ઉપર મોહોટી મેહેનતથી ક સદ કરતો હતો, અને તે ઉપરથી તેનું રાજ નાંમદારી અ ને ખૂબી ભરેલું હતું; કાંકે રાજ દરબારમાં બંદોબસત, સ માધાની, અને ખૂશાલી ચાલતી હતી" *

તાઓકુવાંગે પરથમમાં પોતાનાં રાજની નાંમદારી જાહે ર કરવાને સારૂં તકસીરવારોને છોડી મુકીઆ, અને વીદીઆર થીઓ અને લશકરી ઉમેદવારોને તથા ગામખાતાનાં અ મલદારોને મોહોટે દરજે ચહડાવીઆ. તેનાં રાજનાં પે હેલાં વરશો સમાધાની ભરેલાં હતાં, પણ તેઆર પ છે જલદીથી લોકો ઉપરની આપતથી અને તુરકસ તાંનમાંનાં ઘણાં ભએભરેલા બલવાથી શાંહંશાહનું જોર સ બાગારૂં થાઈઉં. તેણે બલવો ફ્રીસાદ લાંચ આપીને નરમ પ ડવાની રીત રાખી હતી. અને તુરકસતાંનનાં સરદારોને લો ભમા નાખીને પોતાનાં હાત હેઠલ કરી લીધા, અને તેઓનાં લશકરને સોનાં રૂપાની ગોલીથી તારાજ કરી નાખીઉં. અને જેઆરે તેઓમાં એકવાર અનબનાવ ચાલીઓ, એટ લે તેઓની નાહાની નાહાંની ટોલકીઓને કેદ પકડીને નીરદઆલુપણાથી સાફ કરી નાંખી. તેઓનાં સરદા રો અને મદદ આપનારાઓ એ સંઘલા ચીનાં લોકોનાં હા તમાં આવી પડીઆ, અને ચીનાંઈ સરદારો ફતેહની નો બત સાથે પાએતખત શેહેરમાં દાખલ થાએઆં. હેવીજ રીતે મીઆઔતજી લોકો સાથે અથવા ફારમોસામાં અથ વા બીજા સંસથાનોમાં અમલ ચાલતો હતો; અને એ પ

રમાંણે કીધાથી ચીનાંઈ સરકાર હમેશાં પોતાની મતલબ સાંધેછે. ઘણું શ્રુધી લાંબી શ્રુલેહ ચાલીઆથી સીપાહીઓ લશકરકશીનાં કાંમને નાલાએક જેવા થાઈ પડીઆછે. જમાબંદીની બાબદમાં મોહોટી ખામીને લીધે મોહોટી લશકરી ફોજ રાખવાને મુશકેલ પડેછે, અને લાંચ રશવતની ચાલૂ રીત ઉપરથી અમલદારો હજારો હજાર સીપાહીઓ, જેઓ ખાલી નાંમનાજ હોએછે, તેઓનો મુસારો લીએછે. મુલકની બાબદની હકૂમતમાં તાઓકુવાંગે કાંઈ ફેહાજોગ કાંમ કીધું નથી; પણ હમણાંની સરકારની ઘણીજ મોહોટી દાનાંઈ એજછેકે હરેક રીતે સંભાલું જેમ ચાલેચ તેમ સમાધાનીથી રાખવું *

તાઓકુવાંગનાં ઉતર અને નઈરૂત કોણામાં બે જોરાવર પડોસીઓ રૂશીઆન અને અંગરેજ લોકોછે, કે જેઓને તે મોહોટી ચીનતા ભરેલી નજરે જોએછે. પણ તેણે પાકું તેઓને નમવું જોઈએચ કાંકે તેઓની જોરાવર અને મજબૂત હકુમતથી પડોસની ગનેઆતોનાં લોકો દબી ગીઆંછે; અગર નહીતો તે લોકો આગલથીજ ચીનનાં પસચમ તરફનાં સંનસથાનોને ખરાબ કરી નાખતે *

શાહંશાહ લોકોને ઘણે માલમ પડતો નથી, તે હેવી રીતે કે તેનાં અમીરોનાં જોઆંમાંથી જુજવીજ આવેછે, અને તેથી કરીને તેનાં સારા નરસા ગુણ વીશે કાંઈ આપણને જુજવીજ માલમ પડેછે. તે દુખદાઈક અથવા જુલમગાર નથી; પણ તેનાં અમલદારો લાલચુ અને કાવતરાંખોરાછે. તેની ઉમર શ્રુમારે પાહશટ વરસનીછે; તે ઉંચો અને પાતલોછે, અને તેનાં ચેહેરાનો રંગ સાંમલોછે. તેનો વડો છોકરો જે માંતર

બાર વરસનોછે, તે ઉપરથી એવું જણાંએછે કે તેનાં મરણ પાંમીઆ પછે રાજનો કારભાર નાએબોનાં હાતમાં આવી પડશે ॰

જેઆરથી હાઓકુવાંગ તખતે બેઠોછે, તેઆરથી દુનીઆમાં ઘણુ ઉથલ પાથલ થાએલુંછે ; પણ ચીનનો મુલક જેમનો તેમજ રહેલોછે. તોપણ તે મુલકની હુકુમતની હમણાંની હાલત ઉપરથી, તથા બીજા મુલકોમાં ચાલતું સુધરાએનાં ફેલાવ ઉપરથી તથા બાહેરનાં મુલકોનાં અમલ ચલાવનારાઓ લગાલગ તેની પાસે આવી લાગીઆથી, આપણે વગર હરકતે કહી સકીએછે કે ચીનનાં મુલકમાંબી સંઘલું ફેરફાર થાએ જાશે ॰

આએ પુસતકમાં ચીનાંઈ તવારીખનો પૂરો સારાઉંસ લખવાની જગા મલી આવતી નથી ; પણ ટુંકામાં કહીજીએછે કે એ ઘણાજ પૂરાતન લોકોની એવી તવારીખછે, કે જે અસલ થીતે હમણાં સુધી લગાલગ એકસાન જોઆમાં આવેછે ॰

પેહેલા દફતરનું સમાપત॰

આએ પુસતકમાં જે જે ભુલચુકો છાપતી વખતે રેહી ગો ઇછે, તેની ટીપ નીચે સુધારીને છાપીછે✽

સફા✽	સતર✽	અશુધ✽	શુધ✽
૧	૭	હમો	હમોએ
,,	,,	વાંચનારાએને	વાંચનારાઓને
૬	૧૮	સીગાપોર જાવા	સીંગાપોર, જાવા
૯	૧૫	વધા ા	વધારો
૧૦	૫	વધારો	વધારો
૧૫		સફાનેમથાળે ચીનનો અહવાલ	ચીનનાં આખાં રાજ્યો ખોલાશો
,,	૨૦	આવેલાંછે	આવેલાછે
૧૬		સેફાને મથાળે ચીનનો અહવાલ	ચીનનાં આખાં રાજ્નો ખોલાશો
,,	૬	ગીએલુંછે	ગીએલીછે
,,	૧૫-૧૬	અને તેમાં, એ ઊપરથી માણસની	અને તેમાં માણસની
૧૭	૫	પણ ફરમાનો	પણ ધમકીભરેલાં ફરમાનો
,,	૬	પણ.	અને
૧૮	૪	સંસથાને	સંસથાનોને
૧૯	૨૫	ચાલા	ચાલ
૨૧	૧૮	ગજા	ગતજી
,,	૨૦-૨૧-૨૨	સથાનો જે ઈઊનનાન, ક વેસુ, કુવાંગસી, કુવાં ગાટંગ, અને તોકીઅ નછે, તોઓ હીમાલી આ પાહાડોની એક દગાલ જે ઊતર તરફ થી ચાલેલીછે તેથી જુદાં પડેછે	સથાનો ઈઊનનાન, કવે સુ, કુવાંગસી, કુવાંગટં ગ, અને ફોકીઈનછે, તે ઓ હીમાલા પાહાડોની એક દગાલથી ઊતર ત રફનાં સંસથાનોથી જુ દાં પડેછે
૨૨	૨૩-૨૪-૨૫	અને તેનો દખણ તરફનો ભાગ ઊતર તરફનાં ભા ગમાંથી જે પાહાડોની હાર ચાલેલીછે તેથી ક રીને જુડો પડેછે	તેનો દખણ તરફનો ભાગ ઊતર તરફનાં ભાગ સા થે પાહાડોની એક હાર થી જુદો પડેછે
૨૫	૧૫	વચે કોબીનાં	વચે અને કોબીનાં
૨૯	૫	સવરગવાશી	સવરગી

ભુલચુકો.

સફા	સતર	અશુધ	શુધ
૩૧	૧૮	પરગણામાં	સંસથાનમાં—અને એ પ્રમાણે બીજે કેટલેએક ઠેકાણે (સફે ૬૫ સુધા)"સંસથાન"ને બદલે "પરગણું" આવેલુંછે તાંહાં "સંસથાન" વાંચવું.
,,	૨૫	થ	થાં
૩૨	૨૩	હીએ	હીઆ
૩૮	૧	વહાંગહો	હવાંગહો
૪૦	૫	વહાંગહો	હવાંગહો
૪૨	૧૯	જુલેમ બેરાબર	જુલમે બરોબર
૫૮	૪	બીજા	બીજો
૬૨	૧૧	બ[illegible]વતા	બનાવતા
૭૪	૧૭	કુબલએ	કુબલાએ
૭૯	૩	લગભગ તેટલુંજ સમ ચોરસછે	લગભગ સમચોરસછે
,,	૪	ઘોરે	ઘોર
,,	૧૧	ગ પાક	ગ—પાક
૮૬	૧૯	ભાગાંનાં	ભાગમાં
૯૭	૨૪	પીતાનં	પોતાનાં
૧૦૯	૧૬	તરફ	તરફનાં
૧૧૦	૨	દેવ	દેવા
,,	૨૫	જળડીથી	જલદીથી
૧૧૬	૮	એ	એક
૧૧૯	૯	માતર પણ પગવાટ	માતર પગવાટ
૧૨૫	૧૯	૧૮૦૦૦૦૦૦૦	૧૮૦૦,૦૦૦
,,	,,	૧૪૪૭૭	૧૪૪૭૭૦
૧૨૬	૪	ભગેના	ભાગોનાં
૧૨૮	૧૩	હર	હાર
૧૩૧	૨૫	પાણી પર તરતો	ઝુલતો
૧૩[illegible]	૨૦	[illegible]સાનનાં	સુસાનનાં
૧૩૭	૯	સીઆમ	સીઆમ,
૧૪૨	[illegible]	ઘણાએક	ઘણાએક
૧૪૬	૧૬	તે [illegible]ાકે	તે એ [illegible]ા!

ભુલચુકો.

સફા	સતર	અશુધ	શુધ
૧૬૫	૧૯	સરજામાં	સજામાં
૧૬૬	૧૩	ગણેઆત	ગનેઆત
૧૭૦	૬	સારૂં.	સારૂં
,,	૨૫	શ્રમ	શ્રમા
૧૭૨	૧૫	જવા	જેવા
૧૮૧	૨૨	કુવંગટંગનાં	કુવાંગટંગના
૧૮૩	૧૭	ત	તા
,,	૧૮	તઆર	તેઆર
,,	૧૯	પોંહોંચાડવે	પોંહોંચાડવાને
૧૮૪	૭	કાઊસંગ	કાઊસાંગ
,,	૧૬	સેનું	સોનું
,,	૨૦	નંલંઓ	નાંબાંઓ
૧૮૫	૧૯	નોનનો	[illegible]નો
,,	૨૩	સકરીને	સ કરીને
૧૮૮	૮	કાંમકાં	કામમાં
૧૯૨	૨	હત;	હતા;
૨૦૩	૧૦	ગરી	ગારી
૨૧૪	૯	પીકીંગની	પીકીંગ
૨૨૮	૫	શારમોસાનો	શારમોસાની
૨૩૧	૫	ડોએક	ડેએક
,,	૬	હાતનાં	હાતમાં
૨૩૪	૨૧	ઊતર	ઊપર
૨૫૫	૧૩	શુખથી	શુખેથી
,,	૨૪	વકેપ	વાકેપ
૨૫૭	૨૫	રવા	વાર
૨૫૮	૧૨	આમલમાં	અમલમાં
૨૬૫	૧૯	માતખરે	મોતેખર
૨૭૦	૧૬	ચીતાઓખી	ચીનાઓખી
૨૮૪	૨૦	કોનોરનો	કોકોનોરનો
૨૮૫	૧૩	કરવીઆં	કરાવીઆ
૨૯૮	૨૨	તેને	તેનો
૩૦૦	૨	રાજાની	રાજની
૩૦૧	૧૫	અને	અને
,,	૨૩	સુખી	સુખીઅ

ભુલચુક.

સફા	સતર	અસુધ	સુધ
૩૦૪	૨૩	હેરેવાને	રેહેવાને
૩૦૫	૬	પીકીગ	પીકીંગ
,,	૧૨	હ્ડને	હ્ટને
૩૧૩	૨૫	તસાંપુ નદી	તસાંપુ—નદી
૩૨૦	૧૩	આલું	આપૂ
૩૨૧	૮	સખલા તઅને	સખલાત અને
૩૨૩	૧૬	શારો	સારાં
૩૩૦	૧૨	ગરૂરથી	ગરૂરીથી
૩૩૨	૨૦	પુનો	પુધનો
૩૩૩	૮	કુશીખા	કુશીખાંન
૩૪૭	૨૩	તેઓએ	તે આએ
૩૪૮	૧૦	ઓએઆં	આએઆં
૩૫૨	૨૧	થલા	થવા
૩૫૪	૨૧	પા[illegible]ઓ	પાડીઆ
૩૬૫	૨૪	સંપજતી	સંપજથી
૩૬૬	૧	પેહેલા	પેહેલ
૩૬૭	૧૧	થાઓ	થાઓ.
,,	૧૩	પીગતી	પીંગતી
૩૭૦	૨૧	હીંદોસતાનનાંસ મુદર માંનાં	હીંદોસતાનનાં સમુદરમાંનાં
,,	૨૨	હતો,	હતો.
૩૭૧	૫	અને રીતે	અનેં એ રીતે
,,	૧૦	ખલે	ખેલ
૩૮૦	૧૮	ત	તે
૩૮૧	૧૦	સરૂં	સારૂં
૩૮૨	૧૩	નાંમીઓ	નામીઓ
૩૮૫	૧૧	મલમ	માલમ
,,	૨૪	૧૨માં	૧૨શમાં
૩૮૮	૧૧	હાલતા	હાલત
૩૯૫	૬	હીકમત	હીંમત
૩૯૯	૨૧	ધારાઓ	ધરાઓ
૪૧૧	૨૪	લોકોની ઊચે	લોકો નીઊચે
૪૧૩	૧૭	ઊંગાડી	ઊઘાડી
૪૧૯	૧૬	લદીથી,	જલદીથી